MAHABHARATNU CHINTAN (Gujarati Edition)

SWAMI SACHHIDANAND

VISIT...

LANZAROTE Caliente.COM

મહાભાર

‘મહાભારત’નું ચિંતન

[આદિપર્વ, સભાપર્વ, વનપર્વ, વિરાટપર્વ, ઉધોગપર્વ, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સ્ત્રીપર્વ, શાન્તિપર્વ, અનુશાસનપર્વ આશ્રમવાસિકપર્વ મૌસલપર્વ - ઇત્યાદિ]

સ્વામી સચ્ચિદાનંદ

MAHABHARATNUN CHINTAN
by Swami Sachchidanand
Published by Gurjar Prakashan, Ahmedabad-380 006

First Published: 2010
This ePub edition: 2014
ISBN: 978-81-8461-852-5

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

અર્પણ

શ્રી જિતેન્દ્રકુમાર ઈશ્વરલાલ પટેલ
‘(તિરુપતિ’-વીસનગર)ને
સપ્રેમ અર્પણ...

સ્વામી સચ્ચિદાનંદ

ભૂમિકા

આ પુસ્તક 'મહાભારત'નો ભાષાનુવાદ નથી તેમ જ ભાવાનુવાદ પણ નથી. આ તો 'મહાભારત'ની મૂળ કથાના આધારે રજૂ થયેલું ચિંતન છે. 'મહાભારત' મહાગ્રંથ છે, કલેવરની દૃષ્ટિએ, વિષયવસ્તુની દૃષ્ટિએ અને જ્ઞાન-વિજ્ઞાનની પણ દૃષ્ટિએ. 'મહાભારત'ને જે દૃષ્ટિએ જુઓ, પ્રત્યેક દૃષ્ટિએ તેમાં મહાનતા જ મહાનતા દેખાશે. વિચારોથી દૃષ્ટિકોણ બનતો હોય છે. જે વિચારો પ્રજાને, રાષ્ટ્રને અને રાજકર્તાઓને મહાન બનાવે તે દૃષ્ટિકોણને ઉત્તમ સમજવો જોઈએ. જે દૃષ્ટિકોણ કલ્પનાપૂર્ણ, અવાસ્તવિક હશે તે ગમે તેટલો રૂપાળો હશે તોપણ તેનાથી પ્રજા કે રાષ્ટ્ર કદી મહાન થઈ શકશે નહિ. ઋષિયુગ પછી ભારતને આવા કાલ્પનિક રૂપાળા દૃષ્ટિકોણનો રોગ લાગુ પડ્યો છે, જેણે પ્રજા અને રાષ્ટ્રને પારાવાર નુકસાન કર્યું છે, કરી રહ્યા છે.

'મહાભારત' સ્પષ્ટ છે. તે ગોળગોળ નથી ફેરવતું. જીવન પ્રશ્નોથી ભરેલું છે. તેને છોડીને ભાગવાનું નથી. પ્રશ્નો ઉકેલવાના છે. પ્રશ્નો આપણે પોતે ઊભા કરીએ છીએ, પરિસ્થિતિ ઊભા કરે છે, લોકો ઊભા કરે છે—પણ પ્રશ્નો ઊભા થાય છે ખરા. હવે તેનાથી ભાગીને શાંતિ મેળવવી છે કે પછી તેને ઉકેલીને શાંતિ મેળવવી છે? પહેલો માર્ગ કાયરતાનો અને નિષ્ફળ છે. પ્રશ્નોથી ભાગીને શાંતિ મેળવી શકાય જ નહિ, ઉકેલીને જ શાંતિ મેળવી શકાય. પ્રશ્નોનો ઉકેલ પરાક્રમથી થતો હોય છે. 'મહાભારત' પરાક્રમનો ગ્રંથ છે. તેમાં વણી લેવાયેલાં પાત્રો પરાક્રમી —મહાપરાક્રમી છે. પરાક્રમ ધર્મપૂર્વકનું અને અધર્મપૂર્વકનું પણ હોય છે. બન્ને ધારાઓનાં પાત્રો 'મહાભારત'માં જોવા મળે છે. ધર્મની ધારા પ્રમાણે ચાલનારાં પરાક્રમી પાત્રો સતત દુ:ખી થતાં રહે છે. અધર્મની ધારા પ્રમાણે ચાલનારાં પાત્રો સુખી નથી થતાં, પણ પરાક્રમનો ઉપયોગ બીજાને દુ:ખી કરવામાં કરે છે. સંઘર્ષ બન્ને તરફ છે. સંઘર્ષ હોય ત્યાં શાંતિ ના હોય. પાંડવોને શાંતિ નથી, તેમ જ કૌરવોને પણ શાંતિ નથી. ખરેખર તો શાંતિનો સતત ઉપદેશ સ્વીકારનારા અને શાંતિની સાધના કરનારા પરાક્રમી નથી હોતા. અશાંતિથી ભાગીને તે શાંતિ મેળવતા હોય છે. ખરેખર તો અશાંતિની સામે બાથ ભીડીને અશાંતિના મૂળનો ઉચ્છેદ કરનારા સાચી શાંતિ મેળવતા હોય છે. 'મહાભારત' આ બીજો રસ્તો બતાવે છે.

સંઘર્ષ માટે એકલું પરાક્રમ પર્યાપ્ત નથી હોતું. તેની સાથે બીજાં ઘણાં તત્ત્વો જરૂરી છે, જેને બતાવવા 'મહાભારતે' પાત્રોની રચના કરી છે. પ્રત્યેક પાત્ર પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે. શકુનિ જેવું લુચ્ચું પાત્ર ના હોય તો 'મહાભારત' રચાય નહિ. ધૃતરાષ્ટ્ર ખરાબ માણસ નથી પણ તેને પુત્રમોહ પ્રબળ છે. પુત્રમોહમાં તે આંધળો છે, જે અંતે કુળનું નિકંદન કરાવી મૂકે છે. કર્ણ મહાન છે, પણ ખોટા પક્ષમાં ભળી ગયો છે. તેનું બધું સામર્થ્ય અધર્મને જિતાડવામાં લગાવી દીધું છે. ભીષ્મ-દ્રોણ-કૃપાચાર્ય—બધા જ મહાન છે, છતાં કુપક્ષનું પોષણ કરવાથી તેમની મહાનતા અનર્થકારી થઈ ગઈ છે. ગાંધારી મહાન છે પણ તેનું કશું ઊપજતું નથી. પતિની ખોટી વાતની પણ હાએ હા કરે છે, તેથી અનર્થોને રોકી શકતી નથી.

પાંડવો મહાન છે. સૌનું પોતપોતાનું અલગઅલગ વ્યક્તિત્વ છે, છતાં સાથે રહે છે, કદી સાથ છોડતા નથી, કારણ કે વડીલ યુધિષ્ઠિરની બધા મર્યાદા રાખે છે. દ્રૌપદી મહાન છે, પણ સ્ત્રીસ્વભાવથી ઉપર ઊઠી શકતી નથી. તે જ પાંડવોનું પ્રેરકબળ છે.

આ બધાં પાત્રોમાં સૌથી મહાન અને અલગ તરી આવતું પાત્ર શ્રીકૃષ્ણનું છે. તેનામાં બધા ગુણો ભેગા થયા છે. દુખિયારા પાંડવોને તારનારા, જિતાડનારા શ્રીકૃષ્ણ જ છે. શકુનિનો તે પ્રબળ

જવાબ છે, પણ લુચ્ચાઈથી નહિ, કુશળતાથી. આદિથી અંત સુધી શ્રીકૃષ્ણનું જીવન પરાક્રમથી ભરેલું છે—પણ માત્ર પરાક્રમ નહિ, મુત્સદ્દીગીરી પણ ભારોભાર. તેથી તો તે વિજયી થતા રહ્યા છે. તે કલ્પનાવાદી નથી, વાસ્તવવાદી છે. એ જ સફળતાનું કારણ છે.

'મહાભારત'માં ઢગલાબંધ કથાઓ છે. સીધેસીધી તો પાંડવ-કૌરવોની કથા છે, પણ વચ્ચેવચ્ચે આનુષંગિક કથાઓ ઘણી છે. તેમાં 'રામાયણ'- 'ભાગવત' પણ છે. પણ મેં જાણી-કરીને આનુષંગિક કથાઓ છોડી દીધી છે, કલેવર ન વધી જાય તે માટે. મારો હેતુ કથાઓ સંભળાવવાનો નથી, પણ કથાઓના માધ્યમથી ચિંતન આપવાનો છે, તેથી હું મૂળ કથાને વળગી રહ્યો છું. બાકીની કથાઓને છોડી દીધી છે. મૂળ કથાને પણ મેં અત્યંત સંક્ષિપ્ત રૂપ આપ્યું છે, કારણ કે તે તો બધાં જાણે જ છે. પણ તે કથાને આધાર બનાવીને વર્તમાન પરિપ્રેક્ષ્યનું ચિંતન આપવાનો પ્રયત્ન કર્યો છે.

'મહાભારત'નું પોતાનું પણ ગજબનું ચિંતન છે જ. જરાક તક મળતાં જ તે ધર્મ, અર્થ, કામ, મોક્ષ—બધાની વ્યાખ્યા, વર્ણન કરવા લાગી જાય છે. તેની પાસે અખૂટ ભંડાર છે. શ્લોકોના શ્લોકો રચ્યા જ કરે છે. વિદ્વાનો માટે અખૂટ મસાલો ભર્યો પડ્યો છે. તેનો લાભ તો 'મહાભારત'નો મૂળ ગ્રંથ સાંગોપાંગ વાંચનારને જ જણાય. આ ગ્રંથ તો માત્ર નવી પેઢીને 'મહાભારત'ની સીધી કથા જાણવા મળે અને વર્તમાન સંદર્ભમાં તેની ઉપયોગિતા જણાય તે માટે જ છે.

મારા ચિંતનનો મૂળ અને સ્પષ્ટ હેતુ પ્રજાને બળવાન બનાવવાનો છે. ધર્મ અને અધ્યાત્મના રૂપાળા નામે ગુરુ-લોકો પ્રજાને જીવનથી ભગાડી રહ્યા છે. જેમજેમ લોકો વધુ ને વધુ ધ્યાન કરતા થશે તેમતેમ તેમની સંઘર્ષ-શક્તિ ઘટતી જશે. સંઘર્ષશક્તિને ઘટાડીને શાંતિ મેળવવી તે આત્મહત્યા બરાબર કહેવાય. 'મહાભારત' સંઘર્ષનો ગ્રંથ છે. ધર્મ અને ન્યાય માટે સંઘર્ષ કરવો જરૂરી છે. તો જ પ્રજા બળવાન બને. સાચો ધર્મ અને સાચું અધ્યાત્મ વ્યક્તિ કે પ્રજાને સંઘર્ષવિમુખ થવાની પ્રેરણા નથી આપતાં.

એક પ્રશ્ન એવો પણ થાય કે સંઘર્ષની પ્રેરણાથી પ્રજા લડતી-ઝઘડતી ન થઈ જાય? આ ભય સાચો છે. પણ જો ધર્મની સાથે સંઘર્ષની પ્રેરણા હોય તો તેવું ન બને. સૌથી વધુ ચકલાં લડતાં હોય છે અને સૌથી ઓછું સિંહ લડતા હોય છે. ચકલાં તણખલાં માટે અંદરોઅંદર લડતાં રહેતાં હોય છે. પ્રજાનું પણ આવું જ છે. ચકલાં જેવી પ્રજા અંદરોઅંદર લડ્યા કરતી હોય છે અને શિકારીઓની શિકાર થયા કરતી હોય છે. વિશ્વની બહાદુર પ્રજાને જોજો, તેમાં ધીરતા-વીરતા અને ગંભીરતા પણ હોય છે.

પ્રસ્તુત પુસ્તક ચિંતનપ્રધાન છે, કથાપ્રધાન નથી. તે તત્ત્વને ધ્યાનમાં રાખીને વાચકો અધ્યયન કરે એવી મારી વિનંતી છે. કથાના વિવાદાસ્પદ ભાગોને મેં છંછેડ્યા નથી, કારણ કે તે હેતુ જ નથી. 'મહાભારત'નું યુદ્ધ થયું હતું કે નહિ, તેનાં પાત્રો ઐતિહાસિક છે કે મિથ છે—આવી બાબતોનું વિશ્લેષણ કરવા આ પુસ્તક રચાયું નથી. તે જે હોય તે, પણ તેના દ્વારા પ્રજાને ફરીથી બેઠી કરી શકાય છે. તેની પ્રેરણા આજે પણ પૂરેપૂરી પ્રસ્તુત છે. કદાચ આ પુસ્તક વાંચીને ઘણાને મૂળ 'મહાભારત' પૂરેપૂરું વાંચવાનું મન થાય તો તે સારી વાત કહેવાય. 'રામાયણ'-'મહાભારત' આપણાં 'હદીસ' છે. લોકોએ જરૂર વાંચવાં જોઈએ; પણ પલાયનવાદી ગ્રંથોથી લોકો મુક્ત થાય તે જરૂરી છે. પલાયનવાદના થોડાક નમૂના જોવા ઠીક રહેશે.

1. "સંસારમાં ક્યાંય કશો સાર નથી." તો પછી ક્યાં સાર છે? જ્યાં છે તે કોઈએ જોયો છે?

ખરેખર તો સંસારમાં જ સાર છે, બીજે ક્યાંય નથી. બીજી બધી કલ્પનાઓ છે. આ વાસ્તવિકતા છે.

2. "સંસાર તો નશ્વર છે, ક્ષણિક છે." એ જ બરાબર છે. જો સંસાર નશ્વર ન હોય ને નિત્ય હોય તો તેનો કશો વિકાસ જ ન થાય.

3. "સંસારમાં ક્યાંય સુખનો છાંટોય નથી." તો પછી ક્યાં સુખનો ઢગલો છે? ઉપર? કોણીએ ચોટાડેલો ગોળ ખાવા કરતાં હથેળીનો ગોળ શું ખોટો? અને કોણીનો ગોળ ખાવા માટે હથેળીનો ગોળ શા માટે ફેંકી દેવો? હમણાં હથેળીનો ગોળ તો ખાઓ, પછી કોણીનો ગોળ ખાવો હોય તો ખાજો ને! કોણ રોકે છે?

4. સંસાર માત્ર દુ:ખ-દુ:ખ જ છે. સંસારમાં રચ્યાપચ્યા થઈ જવું તે તો મહામૂર્ખતા છે.

5. "આત્મા જ સુખરૂપ છે, આનંદરૂપ છે. સંસાર તો મિથ્યા અને દુ:ખરૂપ છે. આત્મા જ સત્ય છે, બાકીનું બધું મિથ્યા છે."

જો ખરેખર આવું જ હોય તો હવે સંસારના વિકાસની કે રાષ્ટ્રની આઝાદીની કશી કિંમત રહેતી નથી. મિથ્યાનો વળી વિકાસ કેવો? આઝાદી હોય કે ગુલામી હોય, સ્વપ્નના પદાર્થોને શું લાગેવળગે છે?

આવી અનેક રીતે અધ્યાત્મના નામે લોકોને જીવનની વાસ્તવિકતાથી ભગાડીને કાલ્પનિકતા તરફ લઈ જવામાં આવે છે. આવા અધ્યાત્મમાં રાષ્ટ્ર માટે, પ્રજા માટે, વિકાસ માટે કે માનવતા માટે કશું કરવાની પ્રેરણા જ નથી રહેતી. આત્મા-આત્મા કરતા રહો અથવા "અહં બ્રહ્માસ્મિ" બોલતા રહો, તેથી કોઈ પ્રશ્ન ઉકેલાતો નથી. જીવનશક્તિ વેડફાઈ જાય છે. પ્રજા અને રાષ્ટ્રને આવી ધારણાઓથી બચાવવી જરૂરી છે. આ કામ 'મહાભારત' સારી રીતે કરી શકે છે.

'મહાભારત'કારની પાસે અદ્ભુત કવિત્વશક્તિ છે. નાનો સરખો વિષય હાથમાં આવે કે તે તરત જ ઢગલાબંધ શ્લોકો રચી નાખે છે. અને શ્લોકો પણ કેવા? વાંચતા જ રહી જાઓ. મમળાવતા જ રહી જાઓ! 'મહાભારત'માંથી માત્ર સૂક્તિભર્યા શ્લોકો ભેગા કરવામાં આવે તો એક મોટો દળદાર ગ્રંથ થઈ જાય તેટલી સૂક્તિઓ તેની પાસે છે. સૂક્તિઓ સ્વાનુભવ અને પ્રતિભામાંથી આવતી હોય છે. જે ઘરેઘરનું સત્ય છે તેને કવિ એક વાક્યમાં કે એક શ્લોકમાં નિબદ્ધ કરી દે છે, જે અમર થઈ જાય છે.

આપણી દુર્દશાનાં અનેક કારણોમાંનું એક કારણ 'મહાભારત'નું ભુલાઈ જવું છે. લોકજીવનમાંથી તેને પ્રયત્નપૂર્વક દૂર કરી દેવાયું. તેની જગ્યાએ ભક્તિધારામાં વેવલી ભક્તિ આવી અને જ્ઞાનધારામાં રજ્જુ ને સર્પ, ઘટાકાશ અને મઠાકાશ આવ્યા. પ્રજાનું મહાપતન કરાવવામાં મિથ્યાચિંતન મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. તેનું પરિણામ એ આવ્યું કે આપણે આપણા રાષ્ટ્રરક્ષાના, ધર્મરક્ષાના, સંસ્કૃતિરક્ષાના, માનવતાના પ્રશ્નોને ઉકેલી ન શક્યા. બહારના લોકો આ પ્રશ્નો ઉકેલવા આવ્યા. નવાઈ તો જુઓ કે આપણે આપણા અધ:પતનને પણ ગૌરવની વસ્તુ માનીને નશામાં ઝૂમતા રહ્યા—આજે પણ ઝૂમીએ છીએ. આત્મશ્લાઘા આપણો મહારોગ થઈ ગઈ છે.

"હમ મહાન હૈં" એવું કહેવાની જગ્યાએ "હમ બીમાર હૈં" કહેવું જોઈએ, જેથી દવા થાય. દવા થાય તો દરદ મટે. આ પુસ્તક મહાન બનાવવાનો દાવો નથી કરતું પણ બીમારી હોવાનો પોકાર

પાડે છે. હવે 'મહાભારત'ની સપ્તાહો કરાવો, કારણ કે પ્રજાને વેવલી બનાવવાની જગ્યાએ પરાક્રમી બનાવવાની જરૂર છે. આશા છે, આ પુસ્તકની થોડીક પણ સાર્થકતા થશે જ. લોકો પાછા ઋષિઓ તરફ વળે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું સંતુલન- ભર્યું જીવન જીવે, એ જ અપેક્ષા.

ભાઈશ્રી પ્રફુલ્લભાઈ મહેતાએ મહેનત કરીને આ પુસ્તકનું પ્રૂફરીડિંગ તથા જોડણીનું કામ કર્યું છે. તેમનો આભાર.

પ્રો. ચિમનભાઈ ત્રિવેદીએ ઉત્તમ સલાહ-સૂચનો કર્યાં છે. તેમનો આભાર.

ગૂર્જરવાળા શ્રી મનુભાઈ શાહે તત્પરતા બતાવી ને આને પ્રગટ કર્યું. તેમનો આભાર.

સૌથી મોટો આભાર તો પરમેશ્વરનો જ મનાય. તેની જ પ્રેરણાથી આ ચિંતન થઈ શક્યું છે. મારી ઓકાત બહુ જ થોડી છે, પણ તે જ્યારે સ્ફૂર્તિ આપે છે ત્યારે જ ચિંતનનું ઝરણું ફૂટે છે. એટલા માટે તો આ પુસ્તકને "મહાભારતનું ચિંતન" નામ આપ્યું છે.

ક્ષતિઓ અને દોષો તો ઘણાં રહી ગયાં હશે, પણ સુજ્ઞ વાચકો તેને સહી લેશે અથવા જણાવશે તો સુધારવા યોગ્ય હશે તેને આભાર સાથે સુધારવા પ્રયત્ન થશે.

આભાર.

સ્વામી સચ્ચિદાનંદ
13-7-10

શ્રી ભક્તિનિકેતન આશ્રમ
પેટલાદ-દંતાલી
જિ. આણંદ-384450
ગુજરાત
02697-252480

આદિપર્વ

1. શકુંતલાનો જન્મ

મહર્ષિ વેદવ્યાસજીએ 'મહાભારત'ની કથા શરૂ કરતાં પહેલાં તેની ઘણી મોટી માંડણી કરી છે. આપણે સીધી જ કથા શરૂ કરી દેવાની છે, કારણ કે આપણે તો કથાનો સાર જ કહેવો છે, મહાગ્રંથ રચવો નથી. સારનું કલેવર નાનું હોય.

ઋષિઓમાં સમર્થ એવા વિશ્વામિત્ર તપ કરે છે. તપનો હેતુ ઇન્દ્રનું સિંહાસન મેળવવાનો છે. સિંહાસન શત્રુ વિનાનું હોતું નથી, પછી તે રાજસિંહાસન હોય કે ધર્મસિંહાસન હોય. સિંહાસન ઉપર બેસવાનું સૌને મન થાય છે. પોતાનું સિંહાસન બચાવવા ઇન્દ્રે દાવપેચ શરૂ કર્યા. દાવપેચ વિનાનું સિંહાસન હોય જ નહિ. જેને દાવપેચ આવડે તે જ સિંહાસન પ્રાપ્ત કરી શકે અને પ્રાપ્ત કર્યા પછી જેને દાવપેચ રમતાં અને કાપતાં આવડે તે જ લાંબો સમય તેના પર બેસી શકે. આને રાજરમત કહેવાય. જેને આવી રમતો ન આવડે તે રાજા ન થઈ શકે. કદાચ થાય તો ટકી ન શકે. કદાચ ટકે તો કોઈનું રમકડું-માત્ર થઈને ટકી શકે.

બધા દાવપેચોમાં છેલ્લો દાવપેચ અપ્સરાનો છે. સિંહાસનધારીઓની સેનામાં અપ્સરાઓની પણ સેના હોવી જરૂરી છે. જે કામ એક અપ્સરા કરે તે હજાર સૈનિકો ન કરી શકે. ઇન્દ્રે પોતાની અપ્સરા-સેનામાંથી મેનકા નામની અપ્સરાને વિશ્વામિત્રને તપોભંગ કરવા મોકલી. અપ્સરા એ કે જેને તપ કરતાં તો નથી આવડતું, પણ ભલભલાના તપનો ભંગ કરતાં આવડે છે. રાજાના ભાથામાં આ પણ એક શસ્ત્ર છે.

ભારતીય ધર્મમાં બ્રહ્મચર્ય વિના તપની કોઈ કલ્પના જ ન કરી શકે. વિશ્વામિત્ર ચુસ્ત રીતે બ્રહ્મચર્ય પાળીને તપ કરી રહ્યા છે. મહાન બ્રહ્મચારીઓની મહાન કથાઓ હોય છે, પણ તે માત્ર કથાઓ જ હોય છે, પ્રચારકથાઓ હોય છે. તેમાં વાસ્તવિકતા નથી હોતી. ભોળા અને શ્રદ્ધાળુ લોકોને મુગ્ધ કરવા આ કથાઓ મહત્ત્વનું કામ કરતી હોય છે. વાસ્તવિકતા વિનાનું બધું જ મુગ્ધ હોય છે.

મેનકા વિશ્વામિત્રની આગળ પ્રકટી અને વિશ્વામિત્રના તપનો ભંગ થઈ ગયો. પાળ તૂટી ગઈ. કઠોર બ્રહ્મચર્યની સાથેની તપસ્યાની આ મૂર્ખામી અને મજબૂરી હતી. મૂર્ખામી એટલા માટે કે તેણે કુદરતી વ્યવસ્થા સામે બાથ ભીડી હતી અને મજબૂરી એટલા માટે કે અનિચ્છાએ પણ તપોભંગ થવું પડ્યું હતું. જે લોકો કુદરતી વ્યવસ્થા સામે સતત વિરોધી માર્ગે ચાલે છે તે મૂર્ખામી કરે છે, તે હારવા જ લાગે છે. કુદરત કદી હારતી નથી. કુદરત-વિરોધી જીવન જ હારતું હોય છે. જે તપસ્યા કુદરતી વ્યવસ્થાના સથવારે થતી હોય છે તેમાં કુદરત માતા બનીને તપસ્વીને સાથ આપતી હોય છે, રક્ષા કરતી હોય છે, સિદ્ધિએ પહોંચાડતી હોય છે, કારણ કે કુદરત માયા પણ છે અને માતા પણ છે. વિરોધીઓ માટે તે માયા છે અને સહયોગીઓ માટે તે માતા છે. કુદરતની વ્યવસ્થાનો સતત વિરોધ અંતે હારીને મજબૂર થઈને કુદરતી માર્ગે આવી જતો હોય છે.

વિશ્વામિત્ર હાર્યા, મજબૂર થયા અને મેનકા જીતી ગઈ. પણ બધા વિશ્વામિત્રો અને બધી મેનકાઓની કથાઓ પ્રસિદ્ધ થતી નથી. જે પ્રસિદ્ધ થાય છે તે પ્રચાર હોય છે. પ્રચારમાં પરમતથ્ય નથી હોતું. પ્રચાર લગભગ જાહેરખબરો જેવો હોય છે. જે પ્રચારની માયાજાળમાંથી છૂટે તે જ પરમતત્ત્વને પામે.

મેનકાનો વિજય અને વિશ્વામિત્રનો પરાજય એકાદ ક્ષણ પૂરતો જ ન હતો, તે પરિણામદાયી પણ હતો. પરિણામ હતું "શકુંતલા."

હવે શકુંતલાનું શું કરવું?

બહુ મોટા આબરૂદાર માણસો ગુપ્ત ભોગો તો ભોગવી શકે છે, પણ તેનાં "શકુંતલા" જેવાં પરિણામ સ્વીકારી નથી શકતા. ખરેખર તો મોટી પ્રતિષ્ઠા અને કડવું સત્ય સાથે રહી શકતાં નથી. પ્રતિષ્ઠાને અસત્યનો નહિ, સત્યનો ભય સદાય રહેલો હોય છે. સત્ય પ્રગટી ન જાય તેનું ટેન્શન તેમને શાંતિ પામવા દેતું નથી. પણ કુદરતે પુરુષને એક બહુ મોટી સગવડ આપી છે. ભોગજન્ય પરિણામ તેને ચોટતું નથી. તે છુટ્ટો ને છુટ્ટો જ રહી શકે છે. ત્યજી દીધેલા બાળકની માતાને લોકો શોધે છે, બાપને નહિ. વિશ્વામિત્ર સરળતાથી છૂટી પડ્યા, પણ મેનકા સ્ત્રી હતી, તે કેમ છૂટે? હા, તે પણ પ્રસૂતિ પછી છૂટી પડી. તેણે શકુંતલાને ત્યજી દીધી. વિશ્વામિત્રે મેનકાને અને મેનકાએ શકુંતલાને ત્યજી દીધી. જ્યાં ધર્મમાન્ય કે સમાજમાન્ય કામાચાર નથી હોતો અને મોટી પ્રતિષ્ઠા હોય છે ત્યાં આવું જ થતું હોય છે. પશુ-પક્ષીઓમાં કોઈ શકુંતલા નથી થતી, કારણ કે એક તો કામાચારમાં પ્રતિષ્ઠા આડે આવતી નથી. અને બીજું, ત્યાં ધર્મમાન્યતા કે લોકમાન્યતા નથી હોતી, માત્ર ને માત્ર કુદરત-માન્યતા જ હોય છે.

ત્યજી દીધેલી શકુંતલાને પક્ષીઓએ રક્ષણ આપ્યું. 'ચેં-ચેં-ચેં' કરીને હિંસક પ્રાણીઓને દૂર રાખ્યાં. તેમનો ચેંકારો સાંભળીને નજીકના આશ્રમમાંથી ઋષિ દોડી આવ્યા. નક્કી કાંઈક ગડબડ છે. આ પક્ષીઓ આટલો બધો ચેંકારો કદી કરતાં નથી, આજે કેમ કરતાં હશે? ઋષિએ આવીને જોયું તો શકુંતલા બૂમો પાડી રહી છે, "મા... મા... મા... મને મૂકીને ક્યાં જતી રહી?" પણ મા તો અપ્સરા છે. અપ્સરા તેને કહેવાય જેનામાં રૂપ અને જુવાની તો ભરપૂર ખીલ્યાં છે, વેતરે આવેલી ગાયની માફક તે સાંઢ માટે આંધળી થાય છે, પણ તેનામાં માતૃત્વ ખીલ્યું નથી—અરે, માતૃત્વ હોતું જ નથી. કુદરતી વ્યવસ્થા છે: કામાંગની ખિલવણીની સાથેસાથે માદામાં માતૃત્વની પણ ખિલવણી થાય છે, તે એટલી હદે કે માતૃત્વ ધારણ કરતાંની સાથે જ માદા નરને નજીક આવવા દેતી નથી. જાઓ, જોઈ આવો ગાયોના ધણને. વેતરે આવેલી જે ગાય સાંઢ માટે ખીલો તોડાવતી હતી તે જ માતૃત્વ સ્થાપિત થયા પછી સાંઢથી દૂર ખસી જાય છે. હવે તું નહિ, હું ને મારું બાળક. બસ, પત્ની થવાની ધન્યતા કરતાં માતા થવાની ધન્યતા જેને ઘણી મોટી લાગે તે જ માતૃત્વની અધિકારિણી થઈ શકે. અપ્સરાઓ કામિની તો થઈ શકે, માતા ના થઈ શકે. અપ્સરા એટલે રૂપ અને ભોગપ્રધાન સ્ત્રીઓ. તે પોતાના રૂપ અને ભોગોને સાચવવા માતૃત્વથી દૂર રહે છે. મા બન્યા વિના જ વધુમાં વધુ ભોગો ભોગવી લેવાની લાલસા એ અપ્સરાવૃત્તિ છે. આવી અપ્સરાઓ અંતે કૅન્સરનો શિકાર થઈ જાય તો નવાઈ નહિ, કારણ કે તેમનાં સ્તનો સ્તનપાનના કામમાં આવ્યાં જ નહિ. કુદરતી વ્યવસ્થાથી વિરુદ્ધ જીવન જીવતી રહી. મારી જુવાની ટકી રહે અને હું વધુમાં વધુ ભોગો ભોગવતી રહું.

માતૃત્વ વિનાની મેનકા તો શકુંતલાને ત્યજીને ચાલતી થઈ. પેલી તરફ વિશ્વામિત્ર ફરી પાછા તપમાં બેસી ગયા, પણ કણ્વઋષિ શકુંતલા પાસે પહોંચી ગયા. 'મા...મા'ની હૃદયવિદારક ચીસો પાડતી શકુંતલાને મા તો ન મળી પણ બાપ મળી ગયો. ઋષિએ તેને છાતીસરસી ચાંપી, "બેટા... બેટા... હું તારો બાપ છું. છાની રહે." પક્ષીઓએ રક્ષણ કર્યું એટલે ઋષિએ તેનું નામ "શકુંતલા" પાડ્યું. ઋષિ શકુંતલાને આશ્રમમાં લઈ આવ્યા અને ઋષિપત્નીએ તેને સ્વીકારી લીધી, ઋષિપરિવારે પણ સ્વીકારી લીધી. કદાચ આ પ્રથમ મિશનરીઓનો આશ્રમ હશે! હા, આ ઋષિમાર્ગ કહેવાય.

પોતાની પ્રતિષ્ઠા ઝાંખી થશે તેવા ભયથી અથવા આ બલાને શું કરવી છે તેમ માનીને દૂર ભાગનારા ભવ્યાતિભવ્ય આશ્રમો બનાવીને બેઠા હોય તોપણ તે સ્મશાનભૂમિ ઉપર જીવનારાં જીવતાં મડદાં જ કહેવાય, જે લોકભયથી આવી ત્યજાયેલી બાળકીને શરણ આપી શકતા નથી. બનાવટી પ્રતિષ્ઠામાં જીવનારા નથી તો સત્ય બોલી શકતા કે નથી સત્ય આચરી શકતા. તેમનો ભવ્યાતિભવ્ય આડંબર કાગળનાં ફૂલ જેવો છે, જેમાં છાંટોય સુગંધ નથી, પ્રદર્શન-માત્ર છે. અહીં પ્રદર્શનપ્રેમીઓનાં ટોળેટોળાં ઊભરાઈ રહ્યાં છે. આ ટોળાં જોઈને મોહિત ન થતા. અહીં સત્ય અને ધર્મ રહી શકે જ નહિ, પછી વિજય ક્યાંથી હોય?

આ જ શકુંતલા ભવિષ્યના ‘મહાભારત’ની માતા થવાની છે તેવી ખબર ઋષિને નહિ હોય.

21-6-10

*

2. દુષ્યંતની કથા

કણ્વઋષિના આશ્રમમાં શરણ પ્રાપ્ત કરીને શકુંતલા ધન્ય થઈ ગઈ. સ્ત્રીને શરણ જોઈએ. શરણ વિનાની સ્ત્રી સુખી નથી હોતી. ગાય ધણમાં રક્ષિત રહે તેમ સ્ત્રી પણ પરિવારમાં રક્ષિત રહે. પરિવારની વાડ વિનાની સ્ત્રીની દશા પેલી બકરી જેવી થતી હોય છે, જે એકલીઅટૂલી પડી ગઈ છે અને જેની પાછળ અનેક વરુઓ પડી ગયાં છે. હવે તે કેટલા દિવસ બચવાની હતી?

જોતજોતાંમાં શકુંતલા મોટી થઈ ગઈ. ઋષિને ભાન પણ ન રહ્યું. હજી તો તેને કીકલી જ સમજતા હતા. વશમાં ન રહે તેને જોબન કહેવાય. જોબન વશમાંથી ગમે ત્યાં છટકી જાય. તેના પહેલાં તેને યોગ્ય ખીલે બાંધી દેવામાં આવે તો જોબન જીવન બની જાય. જે લોકો સમય રહેતાં જોબનને ખીલે નથી બાંધી શકતા તે મહા અનર્થોને આમંત્રણ આપતા રહે છે.

એક વાર શિકાર કરવા નીકળેલો દુષ્યંતરાજા કણ્વઋષિના આશ્રમમાં પાણી પીવા માટે આવી ચઢ્યો. શકુંતલા અને દુષ્યંત ભાન ભૂલ્યાં અને એકરૂપ થઈ ગયાં. ઋષિ તો હાજર જ ન હતા. સ્ત્રીઓની જુવાની સાચવવાની વસ્તુ છે, પછી તે બહેન હોય, દીકરી હોય, પત્ની હોય કે ગમે તે હોય. આ વખતે તે મુગ્ધા હોય છે, ભાન નથી હોતું. તે પોતે પોતાના વશમાં નથી હોતી. તેની પરવશતાનો લાભ કે ગેરલાભ ક્યારે કોણ લઈ જાય તે કહેવાય નહિ. આમાં સારાં માણસો પણ અપવાદ નથી હોતાં. માણસો સારાં હોય પણ વાસના સારી હોતી નથી. તે તો આંધળી અને આંધી જેવી હોય છે. ક્યારે કોને ક્યાં ઉડાડી મૂકે તે કહેવાય નહિ. એટલે પરિવારના પ્રૌઢજનોએ પોતાનાં જુવાન સ્ત્રીપાત્રોની હંમેશાં રક્ષા કરવી ઘટે. ખાડામાં પડવાની છૂટને સ્વતંત્રતા ન કહેવાય અને ખાડામાં પડતાં અટકાવનારાં બંધનોને ગુલામી ન કહેવાય. પશુ માટે ખીલો મંગળકારી છે. ખીલે બંધાયેલું પશુ ખાણ અને રક્ષા પ્રાપ્ત કરે છે તેમ જ જુવાની પણ જો સમય રહેતાં ખીલે બંધાઈ જાય તો રક્ષા અને સુખ મેળવે છે. ખીલે ન બંધાવું એ સ્વતંત્રતા નથી પણ હરાયાપણું છે. ઘરનાં—પરિવારનાં વડીલો પોતાનાં આશ્રિતોનો ખીલો છે. તેમની આજ્ઞામાં રહેવું તે ગુલામી નથી પણ સુરક્ષાકવચ છે.

મુગ્ધ શકુંતલાની આનાકાની હોવા છતાં કામાતુર દુષ્યંતે તેને સમજાવીને તત્કાળ ગાંધર્વલગ્ન કરી લીધાં, એટલું જ નહિ, તેની સાથે કામસુખ પણ ભોગવી લીધું. શકુંતલાએ શરત મૂકી કે જે મારો પુત્ર થાય તેને જ તમારે યુવરાજપદ આપવું. રાજાએ બધી શરતોનો સ્વીકાર પણ કરી લીધો. કામાતુર વ્યક્તિનાં વાણી અને વચન વિશ્વાસપાત્ર નથી હોતાં, કારણ કે તે શું બોલે છે તેનું તેને ભાન જ નથી હોતું. કામાવેગ વ્યક્તિને ભાનહીન બનાવે છે.

શકુંતલાને લેવા માટે રાજસન્માનવાળાં માણસો રથ-પાલખી વગેરે મોકલીશ તેવું વચન આપીને રાજા વિદાય થયો. થોડી જ વારમાં કણ્વઋષિ આશ્રમમાં આવી ગયા. હવે શકુંતલા બદલાઈ ગઈ હતી. હવે તે કુમારિકા રહી ન હતી. તેણે પોતાનું કૌમાર્ય રાજાને અર્પણ કરી દીધું હતું. ભારતમાં કુમારિકા પૂજાય છે, કુમારિકાનાં શુકન લેવાય છે. અધાર્મિક રીતે ખંડિત કૌમાર્યને અત્યંત હીન મનાય છે. આવી હીનતાનો શિકાર શકુંતલા આજે થઈ હતી. તેનો અપરાધભાવ તેને કોરી ખાતો હતો. દુષ્યંતના કામાવેગમાં તે પણ દોડી હતી અને ન થવાનું થઈ ગયું હતું, તેથી તેને અપરાધભાવ થઈ રહ્યો હતો. તે કણ્વની સામે આંખ ઉપાડી શકતી ન હતી, તે કશું બોલી પણ શકતી ન હતી. રોજની માફક 'પિતાજી' કહીને તે નજીક પણ જઈ શકતી ન હતી.

તે દિઙ્મૂઢ જેવી જમીન તાકીને ચૂપચાપ ઊભી રહી ગઈ. જ્યાં સુધી વ્યક્તિમાં કુમાર્ગનો અપરાધભાવ રહે ત્યાં સુધી જ તે કુમાર્ગથી નિવૃત્ત થવાની ક્ષમતા રાખી શકે છે. કુમાર્ગનું પણ બિન્દાસ્ત થઈને સેવન કરનાર જો તેનું પણ ગૌરવ લેતો થઈ જાય તો તે સુધરી ન શકે. તે કુમાર્ગથી બચી ન શકે ન કોઈ તેને બચાવી શકે.

બોડી લેંગ્વેજ (દેહભાષા) સમજનારા ઋષિ સમજી ગયા કે કાંઈક અનહોની થઈ ગઈ છે. ધીરેધીરે તે જ શકુંતલાની પાસે ગયા અને માથે હાથ ફેરવતાં-ફેરવતાં પ્રેમથી પૂછવા લાગ્યા કે "કેમ, આજે આવું વલણ કેમ થઈ ગયું છે?"

વડીલો અને સંતાનો વચ્ચે પણ એ આત્મીયતાનો નિખાલસ સંબંધ હોય તો ઘણા અનર્થોથી બચી શકાતું હોય છે. શકુંતલાએ જે થયું હતું તે બધું જ અથથી ઇતિ સુધીનું કહી સંભળાવ્યું, કશું જ છુપાવ્યું નહિ. તેણે દુષ્યંત સાથે ગાંધર્વલગ્ન કરી લીધાં છે તે પણ કહી દીધું. શકુંતલાને હડધૂત ન કરી. તેમણે મનોમન માની લીધું કે શકુંતલાની કેટલીયે રજો-ઋતુઓ પસાર થઈ ગઈ છે પણ મેં તેની તરફ ધ્યાન ન આપ્યું. શાસ્ત્રની મર્યાદા છે કે ત્રણ ઋતુકાળ પસાર થવા છતાં જો પિતા કન્યાનાં લગ્ન ન કરે તો કન્યાને પતિનું વરણ કરી લેવાની છૂટ હોય છે. પોતાના પક્ષની ભૂલને સ્વીકારનાર વડીલ પરિવારને સાચવી શકતો હોય છે. માત્ર આશ્રિતોની ભૂલોનાં જ ગાણાં ગાનારાં વડીલો પરિવારને છિન્નભિન્ન કરી નાખતાં હોય છે.

કણ્વઋષિએ શકુંતલાના દુષ્યંત સાથેના ગાંધર્વવિવાહને સ્વીકૃતિ આપી. જે ઘટનાથી પરિવારમાં ખૂનામરકી થઈ શકતી હતી તે જ ઘટનાને કણ્વની ઉદારતા અને ડહાપણે આનંદનો વિષય બનાવી દીધી.

હવે શકુંતલા વડીલપક્ષથી તો નિશ્ચિંત થઈ ગઈ, પણ દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા પણ રાજાના તરફથી કોઈ પાલખી તો આવતી નથી. ગુજરાતીમાં જેને આણું કહે છે અને હિન્દીમાં જેને 'ગૌના' કહે છે તે તો થતું જ નથી. વિવાહિત કન્યાને લગ્ન કરતાં પણ વધારે ઉત્સુકતા આણાની રહે છે. લગ્નથી બંધાઈ તો ગયાં, પણ હવે પતિ તરફથી આણું આવતું જ નથી. શું થયું હશે? મારો તિરસ્કાર તો નહિ થયો હોય ને?—આવી શંકા-કુશંકામાં તે ચિંતાની અશાંતિ ભોગવતી રહે છે. એમાં પણ શકુંતલા તો સગર્ભા થઈ ગઈ હતી. જો આણું ન આવે તો આ ગર્ભનું શું? એ તો સારું છે કે તેણે બધી વાત પિતાને કરી દીધી છે અને સમજુ પિતાએ બધું સ્વીકારી લીધું છે, નહિ તો શું થાય?

શકુંતલા રોજ કપાળ ઉપર હાથની છાજલી બનાવીને દૂરદૂરથી આવતી પોતાના માટેની પાલખીની રાહ જોતી રહી, પણ પાલખી ન આવી તે ન જ આવી. શકુંતલા નિરાશ થઈ જતી. સમય ક્યાં ઊભો રહે છે? સમય પૂરો થતાં જ શકુંતલાને પ્રસૂતિ થઈ. પુત્રરત્નનો જન્મ થયો, પણ તેનું મુખ જોનારો પિતા ક્યાં? શું થયું હશે? છતા પતિએ અને છતા પિતાએ કોઈ સ્ત્રી કે કોઈ પુત્ર અનાથ થઈને જીવે કે ઊછરે તો તે મહાદુ:ખદાયી થઈ જાય. પણ હા, આવેગની એક નાની ભૂલ પણ આવા મહા અનર્થો કરી શકે છે અને તે માત્ર સ્ત્રીઓ માટે જ. આ જે બાળક જન્મ્યો હતો તેનું નામ ભરત રાખવામાં આવ્યું. આ ભરત જ કૌરવ-પાંડવોનો આદિ-પિતા બન્યો.

ભરત યુવાન થઈ ગયો. પણ શકુંતલાને લેવા પાલખી ન આવી. શકુંતલાએ આટલાં વર્ષો કેવી રીતે વિતાવ્યાં હશે? વિધવા થવું સારું, પણ છતા પતિએ ત્યક્તા થવું મહાદુ:ખદાયી. પણ ભૂલ તો પોતાની પણ હતી જ. જે કન્યાઓ ઉતાવળમાં પોતાનું શિયળ અજાણ્યા અવિશ્વાસુ પુરુષ

પાસે લૂંટાવી દેતી હોય છે અને વડીલોને અંધારામાં રાખે છે તેમની આવી જ દશા થતી હોય છે.

શકુંતલા થાકી ગઈ હતી, તો તેના પાલકપિતા પણ પુત્રીની દશાથી થાકી ગયા હતા. હવે ક્યાં સુધી આ દીકરીને ઘરમાં રાખવી! અંતે એક દિવસ થોડા શિષ્યોને સાથે મોકલીને શકુંતલા તથા ભરતને દુષ્યંતના દરબારમાં મોકલી દીધાં.

રાજા તો માનવા જ તૈયાર ન હતો કે આ મારી પત્ની છે અને આ મારો પુત્ર છે. હવે તો ધરતી જગ્યા આપે તો સમાઈ જવા જેવી સ્થિતિ શકુંતલાની થઈ. તેણે બહુ આજીજી-વિનંતી કરી, પણ રાજાએ તો ચોખ્ખું કહી દીધું કે તું મારા ગળે પડે છે. હું તને ઓળખતો પણ નથી. ચાલી જા અહીંથી. પણ એવામાં આકાશવાણી થઈ. તેણે બધી સ્પષ્ટતા કરી. રાજાના મનનું સમાધાન થયું. રાજાએ શકુંતલાનો સ્વીકાર કર્યો. ભરત યુવરાજ થયો. દુ:ખાન્ત કથા સુખાન્ત થઈ ગઈ.

22-6-10

*

3. કૌરવ-પાંડવોની વંશાવલી

જેનો વંશ હોય તેની વંશાવલી પણ હોય જ. બની શકે તો પ્રત્યેક વ્યક્તિએ પોતાની વંશાવલીનું જ્ઞાન જરૂર પ્રાપ્ત કરવું જોઈએ. કૌરવ-પાંડવોનો મૂળવંશ પુરુવંશ છે. પુરુવંશમાં જન્મેલા દુષ્યંતથી કૌરવપાંડવો સુધીની વંશાવલી જાણવાનું સારું રહેશે. 'મહાભારત'માં આ બધી વંશાવલી પત્નીઓ સાથેની છે તે બતાવે છે કે તે કાળમાં બાળક માત્ર પિતાથી જ નહિ, માતાથી પણ ઓળખાતો હતો.

દુષ્યંત અને શકુંતલાથી ભરત થયો, જેના નામ ઉપરથી આ દેશનું નામ ભારત પડ્યું.

ભરતને ત્રણ રાણીઓ હતી અને નવ પુત્રો હતા, પણ એકે પુત્રથી ભરતને સંતોષ ન હતો. પુત્ર ન હોવાના દુઃખ કરતાં પણ કુપુત્ર હોવાનું દુઃખ અનેકગણું વધારે હોય છે. ત્રણે રાણીઓ ભરત ઉપર કુપિત થઈ અને આવેશમાં તેમણે નવે પુત્રોને મારી નાખ્યા. છેવટે ભારદ્વાજ ઋષિના આશીર્વાદથી ભરતને 'ભુમન્યુ' નામનો પુત્ર થયો. ભુમન્યુને યુવરાજ બનાવવામાં આવ્યો.

ભુમન્યુને પુષ્કરિણી નામની રાણીથી ઘણા પુત્રો થયા, પણ તેમાં સુહોત્ર નામનો પુત્ર રાજાને વધુ પસંદ આવ્યો. તે યુવરાજ થયો.

રાજા સુહોત્રને રાણી એકવાકીના દ્વારા ઘણા પુત્રો થયા. તેમાંથી અજમીઢને યુવરાજ બનાવ્યો. રાજા સુહોત્રે ભારતની સીમા દૂરદૂર સુધી ફેલાવી. રાષ્ટ્રને ધનધાન્યથી સમૃદ્ધ કર્યું. તેનો વૈભવ લોકોત્તર હતો.

અજમીઢને ત્રણ રાણીઓ હતી, જેમાંથી ધૂમિનીથી ઋક્ષ, નીલથી દુષ્યંત અને પરમેષ્ઠી કેશિનીથી જહ્નુ, વ્રજન અને રૂપિણ પુત્રો થયા. આમાંથી દુષ્યંત અને પરમેષ્ઠીના વંશજો પાંચાલ કહેવાયા. (દ્રૌપદી પાંચાલી હતી.)

જ્યારે ઋક્ષપુત્ર સંવરણ રાજા હતા ત્યારે પ્રજાની કત્લેઆમ થઈ હતી. પ્રજાનો ઘણો ભાગ મારી નખાયો હતો. પૂરો દેશ ભૂખ-તરસ અને આપત્તિઓથી નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયો હતો. પાંચાલનરેશે આક્રમણ કરીને સંવરણના રાષ્ટ્રને ખેદાનમેદાન કરી નાખ્યું હતું. સંવરણ હારી ગયો હતો તેથી પરિવાર સાથે સંવરણ રાજ્ય છોડીને ભાગી ગયો હતો. ભાગીને તે સિંધુનદીના કિનારે રહેવા લાગ્યો હતો. અત્યંત દીન-હીન દશામાં રહેતા સંવરણને વશિષ્ઠ- ઋષિ મળ્યા, જેમ ચંદ્રગુપ્તને ચાણક્ય મળ્યા હતા. વશિષ્ઠઋષિએ રાજાને આશ્વાસન આપ્યું અને ફરી પાછું મોટું રાજ્ય તેને કરી આપ્યું. રાજાએ વશિષ્ઠ ઋષિને પુરોહિત—પ્રધાનમંત્રી બનાવ્યા.

રાજા સંવરણ ચક્રવર્તી મહારાજા વશિષ્ઠના પ્રતાપે થયા. તેમને તપતી નામની રાણી હતી. તેના દ્વારા તેમને કુરુ નામના પુત્રનો જન્મ થયો.

કુરુ યુવરાજ થયા. તેમના નામે દેશનું નામ કુરુ જાંગાલ પડ્યું. કુરુને વાહિની રાણી હતી. તેના દ્વારા તેમને પાંચ પુત્રો થયા. આ પાંચ પુત્રોના વંશમાં પ્રતીપ થયા. પ્રતીપને ત્રણ પુત્રોમાં શાન્તનુ થયા. આ શાન્તનુ મહાન ચક્રવર્તી રાજા થયા. શાન્તનુની માતાનું નામ સુનંદા હતું.

શાન્તનુએ ભાગીરથી ગંગા સાથે લગ્ન કર્યાં અને દેવવ્રત—ભીષ્મ પુત્ર થયો.

શાન્તનુરાજાએ બીજી રાણી કરી જેનું નામ સત્યવતી (મત્સ્યગંધા) હતું. તેના થકી બે પુત્રો

થયા: વિચિત્રવીર્ય અને ચિત્રાંગદ. આમાંથી ચિત્રાંગદ તો યુવાવસ્થામાં જ મૃત્યુ પામ્યા. રહી ગયા વિચિત્રવીર્ય.

વિચિત્રવીર્યે અંબિકા અને અંબાલિકા સાથે લગ્ન કર્યાં. બન્ને રાણીઓ કાશીરાજની કન્યાઓ હતી.

વિચિત્રવીર્યનું પણ મૃત્યુ થઈ ગયું, પણ તેમને સંતાન ન હતું તેથી માતા સત્યવતીને ચિંતા થઈ કે હવે તો આ દુષ્યંતનો વંશ જ સમાપ્ત થઈ જશે. પોતાનો વંશ ચાલુ રાખવા માટે તેમણે પોતાના પુત્ર વ્યાસજીને બોલાવી બન્ને રાણીઓ સાથે નિયોગ કરાવ્યો, જેથી ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરની ઉત્પત્તિ થઈ.

મોટા પુત્ર ધૃતરાષ્ટ્રને ગાંધારી સાથે પરણાવ્યા અને તેમને સો પુત્રો થયા જેમાં ચાર પ્રધાન હતા: (1) દુર્યોધન, (2) દુ:શાસન (3) વિકર્ણ અને (4) ચિત્રસેન.

પાંડુને બે રાણીઓ હતી: કુન્તી અને માદ્રી. પાંડુએ કામક્રીડામાં રત મૃગની હત્યા કરી અને તેને શાપ લાગ્યો,. જેથી તે કામક્રીડા કરવામાં અસફળ થઈ ગયો, તેથી બન્ને રાણીઓ સાથે તે સહવાસ કરી શકતો નહિ. કુંતીએ મંત્ર દ્વારા ત્રણ પુત્રો યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનની ઉત્પત્તિ કરી અને માદ્રીએ સહદેવ અને નકુલની ઉત્પત્તિ કરી.

એક વાર માદ્રીએ ખૂબ સારા શણગાર કર્યા હતા. તેને જોઈને પાંડુરાજા કામાતુર થઈ ગયા. તેમણે જેવો માદ્રીનો સ્પર્શ કર્યો કે તરત જ શાપવશ મૃત્યુ પામી ગયા. માદ્રી રાણી પતિની સાથે સતી થઈ ગઈ.

કુન્તી વિધવા થઈ ગઈ અને પાંડવો પિતા વિનાના અનાથ થઈ ગયા. મુનિઓ આ છયે માણસોને હસ્તિનાપુર લઈ આવ્યા અને ભીષ્મ તથા વિદુરજીને સોંપી દીધાં. હવે પાંડવો ધૃતરાષ્ટ્રના ઘરમાં રહેવા લાગ્યા. આ વાત ધૃતરાષ્ટ્ર-પુત્ર દુર્યોધનને ગમી નહિ. પોતાના ઘરમાં કાકાના અનાથ દીકરાઓ રહેવા આવે તે દુર્યોધનથી સહન થતું નહિ.

અહીંથી કૌરવ-પાંડવોનો વિરોધ અને વૈરભાવ શરૂ થયા. પાંડવો વધુ સમય હસ્તિનાપુર રહી શક્યા નહિ. ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનની ચાલાકીથી તેમને વારણાવત જવું પડ્યું. ત્યાં લાક્ષાગૃહમાં તેમને જીવતા બાળી મૂકવાનું ષડ્યંત્ર રચાયું હતું, પણ વિદુરની સલાહથી બચી ગયા.

વારણાવતથી પાંડવો છુપાતા-છુપાતા હિડિમ્બાવન પહોંચ્યા. અહીં હિડિમ્બ રાક્ષસનો ત્રાસ હતો. તેને મારીને તેની બહેન હિડિમ્બા સાથે ભીમે લગ્ન કર્યાં. તે પછી તેઓ એક ચક્રાનગરી પહોંચ્યા. ત્યાં બકાસુરનો ત્રાસ હતો. ભીમે તેને મારી નાખ્યો અને એક ચક્રાનગરીને નિર્ભય બનાવી.

ત્યાંથી પાંડવો પાંચાલનગરમાં પહોંચ્યા. અહીં સ્વયંવરમાં દ્રૌપદીને જીતીને પાછા હસ્તિનાપુર આવી ગયા. દ્રૌપદીથી તેમને પાંચ પુત્રો થયા.

યુધિષ્ઠિરે શિબિદેશના રાજા ગોવાસનની પુત્રી દેવિકાને સ્વયંવરમાં જીતી લીધી. તેના થકી એક પુત્ર થયો, જેનું નામ યૌધેય પાડવામાં આવ્યું.

ભીમસેને કાશીરાજની કન્યા બલન્ધરા સાથે લગ્ન કર્યાં અને સર્વગ નામનો પુત્ર પ્રાપ્ત કર્યો.

અર્જુને દ્વારકાના વાસુદેવની બહેન સુભદ્રા સાથે લગ્ન કર્યાં અને અભિમન્યુ નામનો પુત્ર ઉત્પન્ન

કર્યો.

નકુલે ચેદીદેશના રાજાની પુત્રી કરેણુમતી સાથે લગ્ન કરી 'નિરમિત્ર' નામનો પુત્ર પ્રાપ્ત કર્યો.

સહદેવે ભદ્રદેશની રાજકુમારી વિજયા સાથે લગ્ન કરી સુહોત્ર નામનો પુત્ર પ્રાપ્ત કર્યો.

આ રીતે પાંડવોના અગિયાર પુત્રો થયા, પણ આમાંથી માત્ર અભિમન્યુનો જ વંશ ચાલ્યો.

અભિમન્યુએ વિરાટદેશના રાજાની કુંવરી ઉત્તરા સાથે લગ્ન કર્યાં, જેનું નામ પરીક્ષિત પડ્યું.

પરીક્ષિતે માદ્રવતી સાથે લગ્ન કર્યાં અને તેનો પુત્ર જનમેજય થયો, જેને 'મહાભારત' સંભળાવવામાં આવી રહ્યું છે.

જનમેજયની રાણી વપુષ્ટમાથી બે પુત્રો થયા: શતાનિક અને શંકુકર્ણ. શતાનિકનો પુત્ર અશ્વમેધદત્ત. આ રીતે કૌરવો તથા પાંડવોની વંશાવલી કહેવામાં આવી.

22-6-10

*

4. ભીષ્મનો જન્મ

હવે 'મહાભારત'ની કથાનું મૂળ શરૂ કરીએ. એક વાર પ્રતીપરાજા ગંગાકિનારે શાંતિથી સંધ્યાવંદન કરી રહ્યા હતા. સૂર્યના ધીમા પ્રકાશમાં તેમની કાયા સુવર્ણ જેવી ચમકી રહી હતી. ગંગાજીની નજર તેમના ઉપર પડી અને તે મુગ્ધ થઈ ગઈ. સ્ત્રીઓ ક્યારે કોના ઉપર મુગ્ધ થઈ જાય તે કહી શકાય નહિ. ખાસ કરીને જ્યારે મદઝરતી યુવાની પાર થતી હોય અને જો તેને યોગ્ય પુરુષ ન મળ્યો હોય તો તેની પુરુષભૂખ અતિતીવ્ર થઈ જાય છે. ભાન-જ્ઞાન અને મુગ્ધાવસ્થા એકસાથે ન રહી શકે. ગંગા જેવી પવિત્ર સ્ત્રી જે રોજ હજારોને પવિત્ર કરે છે તેની આવી સ્થિતિ હોય તો સામાન્ય સ્ત્રીઓની તો વાત જ શી કરવી? પવિત્રતાને પણ મુગ્ધતા તો હોય જ છે. મુગ્ધતા એ કુદરતી છે. તેમાંથી સ્ત્રી પત્નીત્વની પ્રાપ્તિ કરે છે. મુગ્ધતા વિનાની સ્ત્રી પત્ની થાય તોપણ તે પતિને પ્રેમ ન આપી શકે. તે ડાહી તો હોઈ શકે, પણ પ્રેમાળ ન હોઈ શકે. કોરા ડહાપણથી જીવન પુષ્ટ થતું નથી, પ્રેમથી પુષ્ટ થાય છે. કેટલીક વાર પ્રેમની સાથે ડહાપણ ન પણ હોય, તો અનર્થો પેદા થઈ શકે છે. આ રીતે ડહાપણ વિનાની પણ અતિ પ્રેમાળ સ્ત્રી પતિ માટે અનર્થ પેદા કરી શકે છે. ડહાપણ અને પ્રેમનો સુમેળ તો અત્યંત દુર્લભ તત્ત્વ કહેવાય. એટલે તો ઓછું ડહાપણ અને પ્રચુર પ્રેમવાળી પત્ની મળી હોય તો પુરુષે તેને સાચવવી—સંભાળવી જોઈએ. પણ જો પ્રેમ વિના પ્રચુર ડહાપણવાળી પત્ની મળી હોય તો પતિએ ગુલામી કરવાની તૈયારી રાખવી જોઈએ. કોરું ડહાપણ માત્ર સ્વાર્થનો જ વિચાર કરે છે. સ્ત્રી માટે સૌથી મોટો સ્વાર્થ પોતાનું ધાર્યું થાય તે જ હોય છે. મારી ઇચ્છા પ્રમાણે જ બધું ચાલે તેવી વૃત્તિવાળી પત્ની પતિને કહ્યાગરો કંથ બનાવી મૂકે. કહ્યાગરા કંથમાં અને જીહજૂરિયામાં કશો ફરક નથી હોતો.

જુવાનીથી ધમધમતી ચંચળ સ્ત્રીની તમામ વૃત્તિઓ વાસનાકેન્દ્રિત હોય છે. બધાં ગણિતો અને બધાં સમીકરણો આ કેન્દ્રથી શરૂ થાય છે અને આ કેન્દ્રમાં પૂરાં થાય છે. તેમાં અર્થો પણ છે અને અનર્થો પણ છે. અનર્થોથી બચવા-બચાવવા માટે પરમેશ્વરે સ્ત્રીને એક મહાન ગુણનું પ્રદાન કર્યું છે. તે છે "લજ્જા." લજ્જા સ્ત્રીની સર્વોચ્ચ શોભા છે અને લજ્જાહીનતા સ્ત્રી માટે સર્વાધિક કલંક છે. જો સંસ્કૃતિને બચાવવી હોય તો સ્ત્રીને નિર્લજ્જ થતી અટકાવો. સ્ત્રીની નિર્લજ્જતા ધર્મ અને સંસ્કૃતિનો સર્વનાશ કરી મૂકતી હોય છે.

રૂપયૌવનના મદથી મદમસ્ત થયેલી ગંગા ભાન ભૂલીને સંધ્યા કરતા પેલા પ્રતીપરાજાની જમણી જાંઘ ઉપર જઈને બેસી ગઈ. '(મહાભારત', આદિપર્વ, અધ્યાય 97મો, 2-3 શ્લોક.) વાસનાના ક્ષેત્રમાં પુરુષ હંમેશાં આક્રમક હોય છે. સ્ત્રી વાસનાગ્રસ્ત હોય તોપણ લજ્જાના કારણે નિષ્ક્રિય હોય છે. તેની લજ્જા અને તેના કારણે નિષ્ક્રિયતા તેને હજારગણી આકર્ષક કરી મૂકે છે, પણ જો સ્ત્રી નિર્લજ્જ થઈને પુરુષના રોલમાં આવી જાય અર્થાત્ તે આક્રમક થઈ જાય તો પુરુષને પૌરુષહીન બનાવી દે, પુરુષ ડઘાઈ જાય.

રાજા પ્રતીપ ચોંકી ગયા: અરે, આ શું? આ રૂપાળી સ્ત્રી એકદમ આવીને મારી જમણી જાંઘ ઉપર કેમ બેસી ગઈ? મસ્તિષ્કનું સંતુલન ખોયા વિના રાજા પ્રતીપે પૂછ્યું કે "તમે કોણ છો અને શી ઇચ્છા છે?"

ગંગા બોલી, "રાજન્! મારો સ્વીકાર કરો! હું તમને અત્યંત પ્રેમ કરું છું. તમારા વિના મારાથી રહી શકાતું નથી. તમને જોતાં જ હું વિચલિત થઈ ગઈ છું અને તમારા ખોળામાં આવીને બેસી

ગઈ છું.

હું કામાગ્નિથી બળી રહી છું. સામેથી આવેલી સ્ત્રીનો ત્યાગ કરાય નહિ તેવી શાસ્ત્રમર્યાદા છે. એટલે મારો ત્યાગ ન કરો, મારો સ્વીકાર કરો. હું તમને બહુ સુખ આપીશ."

રાજા પ્રતીપ જરાય વિચલિત ન થયા. સામે ચાલીને કામાતુર સ્ત્રીથી બચવું અત્યંત કઠિન કામ હોય છે. જો તેની ઇચ્છાને આધીન ન થાઓ તો તે છંછેડાયેલી નાગણની માફક પુરુષ ઉપર કલંકનો ડંખ મારતાં પણ વાર નથી કરતી. લોકો બન્ને તરફ સ્ત્રીનો જ પક્ષ લે છે. પુરુષ ગમે તેટલો નિર્દોષ હોય તોપણ તેને જ દોષી ઠેરવે છે. આબરૂદાર માણસો કોઈ આતંકવાદીથી ડરવા કરતાં આવી સ્ત્રીથી વધુ ડરતા હોય છે. પેલો તો માત્ર જાનથી જ મારી નાખતો હોય છે, પણ આવી આક્રમક સ્ત્રી તો જાન અને આબરૂ બન્નેથી મારી નાખતી હોય છે. પણ પ્રતીપ મક્કમ છે. તેમણે શાંતિથી ધુત્કાર્યા વિના જમણી જાંઘ ઉપર બેઠેલી ગંગાને કહ્યું કે "જો, આ જમણી જાંઘ ઉપર તો પુત્ર-પુત્રી અને પુત્રવધૂને જ બેસવાનો અધિકાર છે. પત્ની તો ડાબી જાંઘ ઉપર જ બેસી શકે. એટલે તું મારી પત્ની ન થઈ શકે. હા, જો તારી ઇચ્છા હોય તો મારી પુત્રવધૂ થઈ શકે. મારે શાન્તનુ નામનો યુવાન પુત્ર છે. તું તેની પત્ની થઈ જા તો તારું કલ્યાણ થઈ જશે."

ઘણી રકઝક પછી ગંગાએ રાજા પ્રતીપનો પ્રસ્તાવ સ્વીકાર કરી લીધો અને કહ્યું કે "ભલે, ત્યારે હું તમારા પુત્રની પત્ની થઈશ. તમે તમારા પુત્ર શાન્તનુને સમજાવો." રાજા પ્રતીપ માંડ છૂટ્યા. જે રૂપાળી સ્ત્રીઓ પાછળ કેટલાય ભમરા જેવા પુરુષો ફર્યા કરતા હોય છે અને નાચતા રહે છે તે જ રૂપાળી સ્ત્રી સામે ચાલીને ન્યોછાવર થવા આવે છતાં મચક ન આપે તે રાજા પ્રતીપ કોઈ બ્રહ્મચારી મુનિ નથી પણ પત્નીવાળો સદ્ગૃહસ્થ છે. તેનો ગૃહસ્થાશ્રમધર્મ તેનું રક્ષણ કરે છે. જે આક્રમણ સામે વિશ્વામિત્ર જેવા અનેક ઋષિમુનિઓ ટકી ન શક્યા તે આક્રમણ સામે રાજા પ્રતીપ અડગ રહ્યા, કારણ કે તે તૃપ્ત હતા, ભૂખ્યા ન હતા. પેલા ભૂખ્યા હતા. તીવ્ર ભૂખ ભોગો સામે ટકી શકતી નથી, તૃપ્તિ જ ટકી શકે છે.

ગંગા વીલે મોઢે પાછી ચાલી ગઈ. પણ તે દિવસથી તે રાજા પ્રતીપના પુત્ર શાન્તનુને શોધતી રહી.

રાજા પ્રતીપે પોતાના પુત્ર શાન્તનુને એકાંતમાં બેસાડીને સમજાવ્યો કે જો ગંગા નામની કોઈ રૂપાળી સ્ત્રી તારું વરણ કરવા આવે તો તેને સ્વીકારી લેજે. મેં તેને વચન આપ્યું છે. તું પૂરું કરજે.

બન્યું એવું કે એક વાર શોધતી-શોધતી ગંગા શાન્તનુની સમીપ આવી ગઈ. શાન્તનુ પણ મહા તેજસ્વી હતો. તેને જોતાં જ ગંગા મુગ્ધ થઈ ગઈ. બીજી તરફ પિતાજીની આજ્ઞા હોવાથી શાન્તનુ પણ ગંગા પ્રત્યે આકર્ષાયો. બન્ને નજીક આવ્યાં. વાત આગળ ચાલી. બન્ને લગ્ન કરવા તૈયાર થઈ ગયાં. પણ ગંગાએ એક શરત કરી કે લગ્ન પછી તમારે કોઈ પણ બાબતમાં મને રોકવી નહિ. હું જે કરું તે કરવા દેવું. શાન્તનુએ સ્વીકાર કર્યો.

જે લોકો પત્નીની શરતે લગ્ન કરતા હોય છે તે ભાગ્યે જ સુખી થતા હોય છે. સ્ત્રીઓની જોહુકમી પુરુષોને અધમૂઆ કરી દેતી હોય છે. પુરુષો બિચારા થઈને જીવન જીવતા જોવા મળે તો તેમની દયા ખાજો. તે દયાને પાત્ર હોય છે.

ગંગાએ એક પછી એક એમ સાત પુત્રો પેદા કર્યા. જેવો પુત્ર જન્મે કે તરત જ તે તેને ગંગાજીમાં પધરાવી દે. શાન્તનુ જોતો જ રહી જાય. શરત પ્રમાણે કશું બોલી ન શકે. "મારા જ દેખતાં

મારા પુત્રોનો આવી રીતે નાશ થાય તે તો અસહ્ય કહેવાય.” હવે શાન્તનુને શરતી વિવાહ કરવાની ભૂલ સમજાઈ. પણ હવે શું થાય?

જ્યારે આઠમો પુત્ર જન્મ્યો અને ગંગા તેને પણ ગંગાજીમાં ફેંકવા તૈયાર થઈ ગઈ, ત્યારે રાજાથી રહેવાયું નહિ. તે આડા ફરી વળ્યા. “બસ કર! બસ કર! હવે તો બસ કર!” એમ કહીને તેમણે પુત્રને પડાવી લીધો.

ગંગા ખડખડાટ હસી પડી. “રાજા, તમે શરત તોડી નાખી. હવે હું વિદાય થાઉં છું.” એમ કહીને પેલું નવજાત બાળક રાજાને સોંપીને ગંગા સડસડાટ ચાલતી થઈ ગઈ. સ્વકેન્દ્રિત સ્ત્રી ગમે ત્યારે પતિનો ત્યાગ કરીને ચાલી જતી હોય છે. અરે, આમનું શું થશે તેવો વિચાર તેને આવતો નથી. તેનું જે થવું હોય તે થાય, મારે મારી ઇચ્છા પ્રમાણે જ જીવન જીવવું છે. હું આ ચાલી.

રાજાએ પેલા બાળકનું નામ ગંગાદત્ત—દેવદત્ત રાખ્યું, પણ પાછળથી તેની પ્રસિદ્ધિ ભીષ્મ નામથી થઈ.

22-6-10

*

5. ભીષ્મને ઇચ્છામૃત્યુનું વરદાન

સંસારમાં સૌથી અઘરું કાર્ય દામ્પત્યને જમાવવાનું છે. દામ્પત્ય જામે તો જ પતિ-પત્ની સુખી થાય. જો દામ્પત્ય જામે જ નહિ તો ગમે તેટલાં ભૌતિક સુખ-સગવડો હોય તોપણ પતિ-પત્ની સુખી ન થઈ શકે. દામ્પત્ય માત્ર પત્નીથી જ જામતું હોય છે. કદી પણ કોઈ પુરુષ દામ્પત્ય જમાવી શકતો નથી. તે તો દામ્પત્યસુખને ભોગવી શકે છે, જમાવી શકતો નથી. પત્ની પ્રેમ, ડહાપણ અને સહનશક્તિથી દામ્પત્ય જમાવતી હોય છે. આ ત્રણે ગુણોમાં પ્રેમ સર્વોપરી ગુણ છે. કોઈનું ભરપૂર જામેલું દામ્પત્ય ઓચિંતું તૂટી જાય કે વીખરાઈ જાય તો તેનો અનહદ આઘાત લાગે. દામ્પત્યભંગના ચાર પ્રકાર છે:

1. બેમાંથી એકનું મૃત્યુ થવાથી.

2. વિખૂટાં પડવાથી.

3. બેમાંથી એકને કલંક લાગવાથી કે લગાડવાથી.

4. પરિવારોના વિખવાદથી.

મૃત્યુ અવશ્યંભાવી છે જ. આગળ કે પાછળ સૌને જવાનું જ છે. ખૂબ જામેલા દામ્પત્યમાંથી એક પાત્ર જ્યારે વિદાય થઈ જાય છે ત્યારે રહી ગયેલા પાત્રને ભારે આઘાત અને વેદના થતી હોય છે. કદાચ આવા જ આઘાત અને અસહ્ય વેદનામાંથી સતી થવાનું બનતું હશે. જોકે પાછળથી આ તત્ત્વ સામાજિક ધાર્મિક અને માન-મોભાનું બની ગયું એટલે એ ક્રૂર સામાજિક પ્રથા થઈ ગઈ, જેને બંધ કરવી કે રોકવી જરૂરી છે. પણ લોકોએ એ પણ સમજવું જોઈએ કે પ્રગાઢ પ્રેમમાં એક પ્રેમી બીજાના વિના જીવી શકતો જ નથી. વિયોગનો આઘાત તેના માટે એટલો પ્રબળ હોય છે કે પોતાના માટે પ્રાણત્યાગ અનિવાર્ય થઈ જાય છે. અર્થપ્રધાન કે વાસનાપ્રધાન જીવન જીવનારાં કદી પણ આવાં યુગલોની દશા સમજી શકતાં નથી. આવાં પ્રેમી યુગલો ઘણી વાર જ્યારે કોઈ ઉપાય ન રહે ત્યારે સાથે મળીને એકબીજાને બાથ ભીડીને આત્મહત્યા કરી બેસતાં હોય છે. તેમની પીડાને પામર માણસો સમજી શકતા નથી. પણ પ્રગાઢ પ્રેમમાં એકબીજા વિના જીવી શકાતું નથી તે હકીકત છે.

વૃદ્ધાવસ્થાના કારણે જ્યારે બેમાંથી એકની વિદાય થાય છે ત્યારે રહી ગયેલું બીજું પાત્ર ભાંગી પડે છે. ઝૂરી-ઝૂરીને તે દિવસો વિતાવે છે. સ્ત્રી સૌની સામે રડી શકે છે, પુરુષ રડી શકતો નથી. તે મનમાં ને મનમાં રડતો રહે છે. આ કુદરતી રીતે દામ્પત્ય-ભંગ છે. આવાં માણસોને સહાનુભૂતિની જરૂર હોય છે.

2. સંસારમાં અનિચ્છાએ પણ દામ્પત્યથી વિખૂટાં પડવાના પ્રસંગ આવતા હોય છે. પુરુષની નોકરી જ એવી છે કે તેને લાંબો સમય વિખૂટા પડવું પડે. પુરુષને પરદેશ ધંધા માટે જવાનું થાય છે અને ત્યાં વર્ષો લાગી રહે છે તેથી વિખૂટા પડવાનું થાય છે. તેના વિયોગમાં પત્ની ઝૂરતી રહે છે. મોટા ભાગે આવો વિયોગ કાં તો સૈનિકો વગેરે દેશભક્તોને કે પછી આર્થિક હેતુઓ પૂરા કરનારા લોકો માટે થતો હોય છે. સૈનિક જેવી નોકરીમાં તો પત્નીને સાથે ન લઈ જવાય, ન રાખી શકાય, પણ આર્થિક લક્ષ્યો માટે દૂર જનારાએ શક્ય હોય તો પત્નીને સાથે જરૂર રાખવી. દુષ્કાળપીડિત ગરીબો જ્યારે દેશ છોડીને રોજી-રોટી માટે પરદેશ જાય છે ત્યારે પતિ-પત્ની સાથે

જાય છે, કારણ કે બન્ને મજૂરી કરે છે. તે લોકો ભૂખનું દુ:ખ તો વેઠે છે, પણ દામ્પત્ય-વિચ્છિન્નતાનું દુ:ખ નથી ભોગવતાં. ભૂખ્યાં તો ભૂખ્યાં પણ બન્ને સાથે રહે છે. રોડની બાજુમાં ઉઘાડા આકાશ નીચે પડેલાં આવાં દંપતીને જોજો, તે પેટભૂખ્યાં તો હશે, પ્રેમભૂખ્યાં નથી. લોકોને કોણ સમજાવે કે પેટભૂખ કરતાં પ્રેમભૂખ વધુ પીડા દેનારી હોય છે. બની શકે ત્યાં સુધી નોકરીધંધા માટે દેશ-વિદેશ લાંબો સમય રહેનારા લોકોએ પતિ-પત્નીએ સાથે જ ફરવું. કોઈ ઉપાય ન હોય તો વાત જુદી છે.

3. દામ્પત્યભંગનું ત્રીજું કારણ અત્યંત પીડાદાયક છે અને તે છે કલંક લાગવાથી, તે પણ નિર્દોષને કલંક લાગવાથી. જેટલી સંસ્કૃતિ ઊંચી અને ભવ્ય હશે તેટલાં જ કલંકોનાં કારણો વધારે હશે. સીતાજીને કલંક લાગ્યું કે લગાડ્યું અને દામ્પત્યભંગ થઈ ગયો. પતિના વિયોગ કરતાં પણ કલંકનું દુ:ખ અતિશય થાય છે. પણ જીવનમાં નિર્દોષ માણસોને પણ આવું થતું હોય છે. અહીં સીતાજીની મહાનતા એ અર્થમાં છે કે કલંકિત થઈને ત્યક્તા થવા છતાં પણ તેમનો પતિપ્રેમ ઓછો થયો નથી. કદી પણ તેમના મનમાં પતિદ્રોહ ન થયો. તે રામની મજબૂરી જાણે છે અને એટલે તેમને નહિ, પરિસ્થિતિને દોષ આપે છે. આને કાળનો માર કહેવાય. બૂરો સમય પણ આવતો હોય છે. માણસનું કશું નથી ચાલતું. સમય બળવાન થઈ જાય છે અને ન કરવાનું કરી બતાવે છે. “કાલાય તસ્મૈ નમ:।”

4. ભારતમાં સ્ત્રી-પુરુષનાં જ લગ્ન નથી થતાં, બે પરિવારનાં પણ લગ્ન થાય છે. ઘણી વાર પતિ-પત્ની બન્નેનો સારો મેળ હોય, પણ બે પરિવારોનો મેળભંગ થઈ ગયો હોય તો તેનું પરિણામ પતિ-પત્નીને ભોગવવું પડે છે. કાં તો પત્નીને તેનાં પિયરિયાં પાછી બોલાવી લે છે, કાં પછી પરિવારના દબાણથી પત્નીને સાસરેથી તગેડી મૂકવામાં આવે છે. બન્ને પરિસ્થિતિમાં લાંબો સમય દામ્પત્યભંગ થઈ જાય છે. કેટલીક વાર સારા માણસો વચ્ચે પડીને સમાધાન કરાવી આપે છે, તો કેટલીક વાર સારા સમાધાન કરાવનારા ન મળવાથી જીવનભર બન્ને પીડા અને સંતાપભર્યું અગ્નિજીવન જીવતાં રહે છે.

શાન્તનુનો દામ્પત્યભંગ થયો છે. દામ્પત્ય ખૂબ જામ્યું હતું, પણ લગ્ન શરતપૂર્વકનાં હતાં તેથી શરતો પૂરી કરવી બહુ કષ્ટદાયી હતી. શાન્તનુએ શરતો પૂરી કરવા ઘણાં દુ:ખો સહન કર્યાં. પણ પછી હદ આવી ગઈ. ગંગા જ્યારે આઠમા પુત્રને પણ ગંગાજીમાં ફેંકી દેવા તૈયાર થઈ ગઈ ત્યારે શાન્તનુથી રહેવાયું નહિ, તેણે ગંગાને રોકી. ગંગા રોકાઈ તો ખરી, પણ “લે તારો છોકરો” કહીને છોકરાને શાન્તનુને સોંપીને સડસડાટ ચાલી નીકળી. શાન્તનુએ તેને ઘણી રોકી, પણ તે ન રોકાઈ. ઘણી વાર કોમળ શરીરમાં પણ પથ્થરનું દિલ જડાઈ ગયું હોય છે, જે દેખાતું નથી પણ પ્રસંગ આવ્યે જ અનુભવાતું હોય છે.

શાન્તનુની સામે બે વિકટ પ્રશ્નો ઊભા થયા: (1) જામેલા દામ્પત્યનો ભંગ થવાથી પત્નીવિયોગનો આઘાત અને બીજું નવજાત શિશુને ઉછેરવાનું દુ:ખ. શિશુ-ઉછેર તો માતા જ કરી શકે, પિતા નહિ. પણ કઠોર હૃદયની માતા તો શિશુને પછાડીને ચાલતી થઈ. હવે પિતાએ જ આ કાર્ય કરવાનું રહે છે. શાન્તનુએ તે કાર્ય પણ કર્યું. ગંગાદત્ત અર્થાત્ દેવદત્ત જુવાન થઈ ગયો. હવે શાન્તનુનો ચિંતાભાર ઓછો થઈ ગયો. જે લોકો માતાના અભાવમાં પિતા દ્વારા ઉછેરાઈને મોટા થયા હોય છે તેમણે કદી પણ પિતાની લાગણી દૂભવવી નહિ. તેના ઉછેરમાં તેણે કેટલાં દુ:ખો સહ્યાં છે તેની તેને ખબર નથી.

ભરયુવાવસ્થામાં પતિવિયોગ કે પત્નીવિયોગ થાય તો બે દુ:ખો ત્રાસ આપે . લાગણીઓનું અને

2. આવેગોનું. બન્ને વચ્ચે જો પ્રગાઢ લાગણીઓ હશે તો વિયોગમાં લાગણીઓની પીડા થયા જ કરશે. લાગણીઓ ઝુરાવે છે, લાગણીહીનતા ઝુરાવતી નથી. લાગણીહીનતા પથ્થરોને જ હોય છે. આવા પથ્થરો લાગણીભરી પત્નીને ઠોકર મારીને મોક્ષ માટે ગૃહત્યાગ કરી બેસે, તો કદાચ તેમને મોક્ષ મળતો હશે, પણ રહી ગયેલી પત્ની માટે તો નરક જ રહી ગયું કહેવાય. કોઈને નરક આપીને કોઈ મોક્ષ મેળવે તે કેમ સ્વીકારી શકાય?

ગંગાને ચાલ્યા ગયાને વર્ષો વીતી ગયાં છે. હવે શાન્તનુની લાગણીઓ મંદ થઈ ગઈ છે. સમય સમયનું કામ કરે છે, પણ લાગણીઓ મંદ થતાં જ આવેગો વધી ગયા છે. લાગણીઓ આવેગોને ઓછા કરે છે. શોકાકુલ વ્યક્તિના આવેગો શાંત રહે છે. શોક દૂર થતાં જ આવેગો માથું ઊચકવા લાગે છે. કદાચ આટલા જ માટે આપણે ત્યાં વિધવાઓને લાંબો સમય શોક પાળવાની વ્યવસ્થા થઈ હશે. પતિવિયોગે રોતી-કકળતી સ્ત્રીને આવેગો હેરાન જ ન કરે. હા, રોતી-કકળતી ન હોય તો જ હેરાન કરે.

શાન્તનુના આવેગો હવે ભડકવા લાગ્યા છે. એક વાર તે આમતેમ ફરી રહ્યો હતો ત્યાં તેને તીવ્ર સુગંધ આવવા લાગી. સુગંધ એટલી બધી માદક હતી કે તે સુગંધ તરફ ખેંચાતો જ ગયો. શૃંગારમાં સુગંધ પણ મહત્ત્વનો શૃંગાર છે. આપણે ત્યાં પ્રાચીનકાળમાં અત્તર હતું, સેન્ટ નહિ. અત્તરનું પૂમડું ખોસીને જ્યારે કોઈ સભા-સોસાયટીમાં જાય ત્યારે તેની મીઠી સુગંધ લોકોનાં મનને આપોઆપ ખેંચી લે. જે મીઠાશ અત્તરમાં છે તે સેન્ટમાં નથી, પણ તોય સુગંધ તો આપે જ.

સુગંધથી આકર્ષાતો શાન્તનુ ચાલતો-ચાલતો જમુનાકિનારે એક માછીમારના ઝૂંપડે પહોંચી ગયો. જુએ છે તો એક વૃદ્ધ માછીમાર અને તેની યુવાન કન્યા ઊભાં છે. બન્નેનો મેળ જામતો ન હતો. માછીમાર કાળો કદરૂપો છે, તો કન્યા તો ગોરી અને રૂપરૂપનો અંબાર છે. આ કન્યાના જ શરીરમાંથી પેલી સુગંધ આવી રહી હતી. શરીર દુર્ગંધ મારતો ઉકરડો છે તેવું વૈરાગ્યવાળા સાધુઓ કહે છે, પણ શરીર સુગંધનો બગીચો પણ છે તેની તેમને ખબર નથી હોતી. સૂંઘી જુઓ કોઈ આરોગ્યવાળા શિશુને, અદ્ભુત સુગંધ આવશે—એવી સુગંધ કે આજ સુધી આવી સુગંધવાળું અત્તર કોઈ બનાવી નથી શક્યું. એટલે તો બધાં તેને રમાડે છે, છાતી સાથે ચાંપે છે. આરોગ્ય સચવાય તો આ સુગંધ યુવાવસ્થામાં પણ રહે છે. હા, જેનું આરોગ્ય બગડ્યું હોય તેની સુગંધ દુર્ગંધમાં બદલાઈ જતી હોય છે. સુગંધ ન હોય અને માત્ર દુર્ગંધ જ હોય તો કોઈ કોઈને કદી ગાઢ આલિંગન આપે જ નહિ. જ્યારે તન-મનમાં પ્રેમ પ્રગટે છે ત્યારે આખા શરીરના હોર્મોન બદલાઈ જાય છે. આ પ્રેમ-હોર્મોન જ સુગંધ પ્રસરાવે છે. જે આવા હોર્મોનથી વંચિત રહે છે તેમનું શરીર દુર્ગંધ મારતું થઈ જાય છે.

શાન્તનુ પેલી કન્યા, જેનું નામ મત્સ્યગંધા હતું પણ ઋષિના આશીર્વાદથી યોજનગંધા થઈ ગઈ છે તેને જોતો જ રહી ગયો. તેને ગંગા યાદ આવી ગઈ. આ તો ગંગા કરતાં પણ ચઢી જાય તેવી છે. તેણે ઝટ દઈને પેલા નિષાદરાજ પાસે કન્યાનો હાથ માગી લીધો. હાથ માગવો અને પછી હસ્તમેળાપ કરવો એ લગ્નની પ્રક્રિયા છે. હાથ જ કેમ મગાય છે? પગ, માથું કે બીજાં અંગ કેમ મગાતાં નથી? એટલા માટે કે આ કન્યાની ક્રિયાશક્તિ હવે મને આપો. હાથ ક્રિયાનું પ્રતીક છે. અને હસ્તમેળાપ થયો એટલે કન્યાની ક્રિયાશક્તિ વરની ક્રિયાશક્તિમાં સમર્પિત થઈ ગઈ, ભળી ગઈ. બન્નેની ક્રિયાઓ એક થઈ ગઈ. આને દામ્પત્ય કહેવાય. જો ક્રિયાઓ ભળે નહિ અને જુદીજુદી રહે તો દામ્પત્ય જામે જ નહિ.

રાજા શાન્તનુના પ્રસ્તાવથી નિષાદ ચમક્યો. તેને ખાતરી જ હતી કે પોતાની પુત્રી જ્યારે-ત્યારે રાજરાણી થવાની જ છે, કારણ કે તેનાં રૂપગુણ તેવાં છે. પણ તેણે શાન્તનુ સામે એક શરત મૂકી. ફરી પાછી શરત આવી. કન્યાપક્ષની શરતો સાથે લગ્ન કરાય નહિ. કરો તો બહુ સહન કરવાનું થાય. પણ ગરજ હોય કે મોહ હોય તો શરતો માનવી જ પડતી હોય છે. શરત હતી: "મારી દીકરીના પેટે જે બાળક જન્મે તે જ યુવરાજ થાય." રાજાઓને ઘણી રાણીઓ રહેતી. ઘણીમાંથી પ્રત્યેક પોતાના પુત્રને યુવરાજ બનાવવા રાજકારણ રમતી અને ભારે ખટપટો થતી. ખૂનામરકી પણ થઈ જતી. તેથી પ્રથમથી જ શરત કરેલી સારી. અભણ નિષાદ પણ પુત્રીના હિતની વાત સમજે છે. નિષાદની વાત સાંભળીને શાન્તનુ પાછો પડી ગયો. યુવરાજ તો મોજૂદ છે જ—દેવવ્રત. તેનો હક્ક ડુબાવી શકાય નહિ. બીજાં-ત્રીજાં લગ્ન કરનાર પુરુષે પૂર્વ-બાળકોના હક્કને ભૂલવો ન જોઈએ.

નિરાશ થઈને શાન્તનુ પાછો રાજધાની આવી ગયો, પણ પેલી યોજન-ગંધા સત્યવતીને હૃદયમાં બેસાડતો આવ્યો. હૃદયના ઊંડાણમાં બેઠેલી વસ્તુને કેમે કરીને દૂર કરી શકાતી નથી, કારણ કે આ લાગણીનું આસન છે. લાગણીનાં મૂળને કેમે કરીને ખોદી શકાતાં નથી. શાન્તનુના હૃદયના ઊંડાણમાં સત્યવતી બેસી ગઈ હતી, કેમે કરીને દૂર થતી ન હતી. તેથી શાન્તનુ ઉદાસ અને હતાશ રહેવા લાગ્યો. તેનું શરીર પીળું પડી ગયું. આહાર-નિદ્રા ઘટી ગયાં. તે હતોત્સાહ થઈને મડદા જેવો જીવવા લાગ્યો. પિતાની આવી દશા જોઈને યુવાન પુત્ર ભીષ્મને ચિંતા થઈ. મંત્રી વગેરેને પૂછપરછ કરી કારણ જાણવાનો પ્રયત્ન કર્યો, પણ સંતોષકારક ઉત્તર ન મળ્યો. એટલે અંતે ભીષ્મે જાતે જ શાન્તનુને પૂછ્યું કે "પિતાજી, તમારી આવી દશા કેમ થઈ છે?" શાન્તનુએ નિખાલસ ભાવથી જવાબ આપ્યો કે "મારે તું એક જ પુત્ર છે. માનો કે ન કરે નારાયણ અને તને કાંઈક થઈ જાય તો મારા રાજપાટ અને વંશનું શું થાય?" ડાહ્યા માણસને પાછલી જિંદગીમાં વારસદારની ચિંતા સતાવતી રહે છે. વારસો ઘણો હોય અને કોઈ વારસદાર જ ન હોય તો ઘણા અનર્થો થઈ શકે છે. સગાં-સંબંધી બધાં ષડ્યંત્રો કરવા લાગે છે, ઘણી વાર તો હત્યા પણ કરી નાખે છે. એટલે વારસદાર તો જોઈએ જ. તેમાં પણ જેને ઘણો મોટો વારસો હોય તેને એક નહિ ઘણા વારસદારો જોઈએ, જેથી એક નહિ તો બીજો વારસો સંભાળી શકે.

શાન્તનુ બોલ્યો: "એટલે, બેટા, હું ફરીથી લગ્ન કરવા ઇચ્છું છું, જેથી મને ઘણા વારસદારો મળી શકે." પિતા-પુત્ર વચ્ચે આવી નિખાલસતા ભાગ્યે જ જોવા મળતી હોય છે. નિખાલસતા એ જ સત્યનો મૂલાધાર છે. ત્યાંથી જ ધર્મ પ્રગટે છે. ભીષ્મે પિતાને બીજાં લગ્ન કરવાની સંમતિ આપી. પણ કન્યાપક્ષની શરત સાંભળીને તે જરા ગંભીર થઈ ગયો: "એમ છે તો હું જાતે જ નિષાદરાજ પાસે જાઉં છું." ભીષ્મ નિષાદરાજ પાસે પહોંચી ગયો અને પિતાજી માટે કન્યાની માગણી કરી. પિતા તો પુત્ર માટે કન્યાની માગણી કરે તેવું તો થાય જ છે, પણ અહીં તો પુત્ર પિતા માટે કન્યાની માગણી કરે છે.

નિષાદરાજે ફરીથી પોતાની શરત દોહરાવી. ભીષ્મે કહ્યું કે "ચિંતા ન કરો. સત્યવતીમાતાનો પુત્ર જ ગાદીનો વારસ થશે. હું મારો હક્ક જતો કરું છું."

ભીષ્મની પ્રતિજ્ઞાથી સૌએ હર્ષધ્વનિ કર્યો, પણ નિષાદ ચૂપ રહ્યો. તેણે કહ્યું કે "માન્યું કે તમે રાજગાદીનો ત્યાગ કર્યો, પણ જો તમારા પુત્રો થશે તો તે તો મારા દૌહિત્ર પાસેથી રાજ્ય પડાવી લેશે. અમને ખારવાઓને કોઈ સહન નહિ કરે. બધા વિરોધી થઈ જશે."

વાત પણ સાચી છે. ભારતમાં જ્ઞાતિવાદ પ્રબળ છે. ઊતરતી જ્ઞાતિની કન્યાને તથા તેનાં

બાળકોને ઉચ્ચ જ્ઞાતિવાળા સહન નથી કરી શકતા. તેથી ઊતરતી કન્યા ઉચ્ચજ્ઞાતિમાં પરણી હોય તોપણ તેનાં સંતાનોને તો સહન કરવું જ પડતું હોય છે.

ભીષ્મને લાગ્યું કે નિષાદની ચિંતા વાસ્તવિક છે, ખોટી નથી. મારાં સંતાનો સરદારોનો સાથ લઈને સત્યવતીના વારસદારોને તગડી મૂકે તો નવાઈ નહિ. એટલે તરત જ ભીષ્મ ઊભા થઈ ગયા.

સૂર્યની સામે જોઈને ઊંચા હાથ કરીને તેમણે પ્રતિજ્ઞા કરી કે “હું જીવનભર બ્રહ્મચારી રહીશ, અર્થાત્ હું લગ્ન જ નહિ કરું, જેથી મારે સંતાન થાય જ નહિ. બોલો, હવે તો કશો વાંધો નથી ને?” સૌએ હર્ષની તાળીઓ વગાડી. નિષાદે પોતાની કન્યા સત્યવતીને ભીષ્મને સોંપી દીધી અને કહ્યું કે “જાઓ, તમારા પિતાજી સાથે હવે ખુશીથી લગ્ન કરાવો.”

ભીષ્મ કન્યાને લઈને હસ્તિનાપુર આવી ગયા અને સત્યવતીનાં લગ્ન શાન્તનુ સાથે કરાવી દીધાં. ધન્ય છે પુત્રને જેણે પિતાનાં લગ્ન કરાવી દીધાં. પિતા શાન્તનુ ગદ્ગદ થઈ ગયા. તેમણે ભીષ્મને આશીર્વાદ આપ્યો કે હવે તું “ઇચ્છામૃત્યુ” થઈ જઈશ, અર્થાત્ તારી ઇચ્છા હશે ત્યારે જ તારું મૃત્યુ થશે, તે વિના નહિ.

23-6-10

*

6. વિચિત્રવીર્યનો રાજ્યાભિષેક

લગ્નનાં બે પાત્રો હોય છે: એક નર અને બીજી નારી. આ બન્નેના બે પ્રકાર છે. એક એકહસ્ત અને બીજું અનેકહસ્ત. એકહસ્ત એટલે જેમનાં નાની ઉંમરમાં જ લગ્ન થયાં છે અને જ્યારે પતિ-પત્ની તરીકે એકબીજાના સંપર્કમાં આવે છે ત્યારે તે બન્ને કોરા કાગળ જેવાં હોય છે. અર્થાત્ તેમને કામાચારનો કશો અનુભવ નથી હોતો. બન્નેનું કૌમાર્ય અખંડિત હોય છે. આવાં અનુભવ વિનાનાં પતિ-પત્નીને અનુભવોની પક્વતા થતાં વાર લાગે છે. તેમનું અજ્ઞાન કે અધકચરું જ્ઞાન કેટલીક વાર પ્રશ્નો પણ ઊભા કરે છે. પણ આવાં એકહસ્ત કે પ્રથમહસ્ત યુગલો એકબીજામાં વધુ સંતુષ્ટ રહી શકે છે, જો ધાર્મિક ભાવનાથી ઓતપ્રોત હોય તો.

જે લોકો ઘણી મોટી ઉંમર સુધી લગ્ન કરતા નથી અને જ્યાં વિજાતીય સંપર્કો ઘણા હોય, જેમ કે શિક્ષણસંસ્થાઓ—કોલેજો, આરોગ્યસંસ્થાઓ, ફૅક્ટરીઓ, કાર્યાલયો વગેરેમાં શિક્ષણ કે નોકરી-ધંધો કરતાં હોય છે તે ભાગ્યે જ એકહસ્ત રહી શકતાં હોય છે. તે દ્વિતીયહસ્ત (સેકન્ડહૅન્ડ) કે બહુહસ્ત થઈ જતાં હોય છે. આવા લોકો જ્યારે લગ્ન કરે છે ત્યારે પૂર્વાનુભવોથી ઘણી સરળતા રહે છે, પણ આવા લોકો પરસ્પર ભાગ્યે જ સંતુષ્ટ થઈ શકતાં હોય છે. ઘણી વાનગીઓ ચાખનારાનું મન જેમ નવીનવી વાનગીઓમાં ફરતું રહે છે તેવું આમનું પણ થઈ શકે છે. આમાં અપવાદ પણ હોઈ શકે છે. તેમાં પણ જો પુરુષમાં પૌરુષની ન્યૂનતા હોય તો બહુહસ્ત પત્નીને સંતોષ થવો કઠિન છે. તે ધન્ય છે જે જીવનભર એકહસ્ત જ રહ્યાં છે. ઘણી વાનગીઓનો અનુભવ ન હોવાથી તેમને જે વાનગી મળી છે તે ગમે તેવી હોય તોપણ તેમને તેમાં સંતોષ રહી શકે છે, પણ ધાર્મિક વૃત્તિ હોય તો. આ ક્ષેત્રમાં પુરુષ કરતાં સ્ત્રીની એકહસ્તતા વધુ મહત્ત્વની છે, કારણ કે તેને માત્ર પત્ની જ નથી બનવાનું હોતું, તેને મા પણ થવાનું હોય છે. તેણે માત્ર પતિને જ મોઢું બતાવવાનું નથી હોતું, સંતાનોને પણ મોઢું બતાવવાનું હોય. એટલે આપણે ત્યાં "પતિવ્રતા"-ધર્મ છે, "પત્નીવ્રતા"-ધર્મની વાત નથી. કોઈ આનો ઊંધો અર્થ ન સમજે કે પતિને બધી છૂટ છે. પતિને પણ પૂરેપૂરી મર્યાદા અને નિયંત્રણ હોય જ છે.

ભીષ્મ સત્યવતીને રથમાં બેસાડીને લઈ આવ્યા. સત્યવતી એકહસ્ત નથી. તેમને પરાશર ઋષિથી વ્યાસ નામનો પુત્ર છે. પણ તેને કૃષ્ણદ્વીપમાં ત્યજી દીધો છે—ત્યજી દેવો પડ્યો છે. ઋષિના આશીર્વાદથી તે યોજનગંધા થઈ છે, નહિ તો તે મત્સ્યગંધા હતી. પણ ઋષિએ તેને તેનું કૌમાર્ય પણ પાછું સ્થાપિત કરી દીધું છે. જે કુમારીનું પોતાને કારણે નહિ પણ અન્યને કારણે કૌમાર્ય સ્ખલિત થયું હોય તેને જો મુઠ્ઠીમાં બંધ કરી દીધું હોય અર્થાત્ બાંધી મુઠ્ઠી રાખી હોય તો તે લાખની થઈ જતી હોય છે. કેટલીયે સત્યવતીઓ અને કેટલીયે કુંતીઓનું કૌમાર્ય સ્ખલિત થયું હોય છે, પણ બાંધી મુઠ્ઠી લાખની રહી ગઈ હોય તો તે પુન: કૌમાર્યની પ્રાપ્તિ કહેવાય. ભદ્રસમાજમાં આવું થાય તો તે ભદ્રતા જ કહેવાય. કોઈની લાખની મુઠ્ઠી ખોલી નાખવી અને તે પણ કોઈ કુંવારી કન્યાની, તો તે મહા અભદ્રતા જ કહેવાય. કોઈનું જીવન બરબાદ કરી નાખવું તે તેની હત્યા કરવા કરતાં પણ વધુ મોટું પાપ ગણાય.

શાન્તનુ રાજાને જાણવા મળ્યું કે કાળા ખારવાને ત્યાં આટલી રૂપાળી કન્યા ક્યાંથી આવી? ખરેખર તો નિષાદરાજ તેનો પાલક પિતા છે. ખરો પિતા તો ચેદીરાજ વસુ છે. આ રાજકુમારી તેને માછલાં પકડતાં માછલીના પેટમાંથી મળી આવી હતી. તેથી તે રાજકુમારી આટલી રૂપાળી હતી. રાજા શાન્તનુ પ્રસન્ન થયા. પોતાની જ્ઞાતિ કે વર્ણમાં સમાનગુણધર્મા સાથે લગ્ન કરવાનો

આનંદ શાન્તનુને મળ્યો. બન્નેનાં શાસ્ત્રીય વિધિથી લગ્ન થઈ ગયાં. શાન્તનુ કન્યાને વધૂ બનાવીને રાજમહેલમાં લઈ ગયો. સત્યવતીએ ગંગાનું સ્થાન લઈ લીધું. શાન્તનુનું ખાલીપણું ભરાઈ ગયું. બન્ને એકબીજામાં ઓતપ્રોત થઈ ગયાં.

સમય આવતાં સત્યવતીને એક પુત્ર થયો જેનું નામ ચિત્રાંગદ પાડવામાં આવ્યું. સમય વીતતાં બીજો પુત્ર પણ જન્મ્યો, જેને વિચિત્રવીર્ય નામ અપાયું. આમ ચિત્રાંગદ અને વિચિત્રવીર્યથી સત્યવતીનો ખોળો ભરાઈ ગયો. ખોળો ભરાયેલી સ્ત્રી ધન્યતા અનુભવે છે. ખાલી ખોળાવાળી સ્ત્રી સતત સંતાપ અનુભવતી રહે છે. એટલે તો આપણે ખોળો ભરવાનો ઉત્સવ ઊજવીએ છીએ. જેનો ખોળો જ નથી ભરાયો તે કયો ઉત્સવ ઊજવે? તે તો આવો ઉત્સવ જોઈ-જોઈને મનોમન બળતી રહે.

હાશ, હવે જીવનનું ખરું સુખ મળ્યું. મનોહારી આજ્ઞાકારી પત્ની અને કિલકિલાટ કરતાં બે બાળકો! શાન્તનુ ધન્યધન્ય થઈ ગયો, પણ શાન્તનુ લાંબું જીવ્યો નહિ. હજી તો ચિત્રાંગદ કિશોર જ હતો અને શાન્તનુનું મૃત્યુ થઈ ગયું. સત્યવતી ઉપર વીજળી તૂટી પડી. પતિવ્રતા સ્ત્રી, કાચી ઉંમરે પતિ ખોઈ બેસે તો તેથી વધુ શું દુ:ખ હોય? સત્યવતી વિધવા થઈ ગઈ. વૈધવ્યનું દુ:ખ તો તે ભોગવતી જ હતી તેવામાં મોટા પુત્ર ચિત્રાંગદનું પણ તે જ નામધારી ગાંધર્વ સાથેના યુદ્ધમાં મૃત્યુ થઈ ગયું. હાહાકાર થઈ ગયો. હવે તો સત્યવતી અને વિચિત્રવીર્ય બે જ રહી ગયાં. હા, દેવવ્રત તો હતો જ. વિચિત્રવીર્ય હજી બાળક જ હતો. તોપણ દેવવ્રતે—ભીષ્મે તેને પ્રતિજ્ઞા પ્રમાણે ગાદીએ બેસાડ્યો અને તેના નામે રાજ્યનો વહીવટ કરવા લાગ્યા.

હવે હસ્તિનાપુરનો બાળસમ્રાટ વિચિત્રવીર્ય હતો. તેના રક્ષક અને પાલક ભીષ્મ હતા.

23-6-10

*

7. વિચિત્રવીર્યનું મૃત્યુ

ભારતમાં વયસ્ક સંતાનોનાં લગ્નની ચિંતા વડીલો કરે છે. કેટલાંક બાળકો બહુ સરળતાથી પરણી જતાં હોય છે અને કેટલાંકને તકલીફ થતી હોય છે. ભારતમાં લગ્ન વર્ણ, જ્ઞાતિ, સમાજ અને કુળ આધારિત થતાં હોય છે. બધાંના સરખા રિવાજ નથી હોતા. જે સમાજમાં કુરિવાજો ઘણા હોય ત્યાં સરળતાથી લગ્નો થઈ શકતાં નથી. આને સમાજદુ:ખ કહેવાય. કુરિવાજો- વાળો સમાજ પોતાના આશ્રિતોને કુરિવાજ દ્વારા દુ:ખી કરતો હોય છે.

સત્યવતી ભલે ચેદીરાજની કન્યા હોય, પણ લોકપ્રસિદ્ધિથી તો તે માછીમારની કન્યા જ હતી. "રાજાને ગમી તે રાણી અને લાકડાં વીણતાં આણી" તેવી કહેવત પ્રમાણે સુગંધમુગ્ધ શાન્તનુ તેને લઈ આવ્યો અને પરણ્યો, પણ પ્રજામાં અને ખાસ કરીને સમાન કક્ષાના રાજા-મહારાજાઓમાં અંદરખાને તો કચવાટ ચાલતો જ હતો. ઊતરતી જ્ઞાતિની કન્યા કે ઊતરતી જ્ઞાતિનો વર સ્વીકારવાથી તેનાં સંતાનોને તેનાં પરિણામ ભોગવવાં પડતાં હોય છે. જ્ઞાતિ એ જ્ઞાતિ જ છે અને મોટા ભાગે તે જુનવાણી જ હોય છે.

સત્યવતી અને ભીષ્મને ચિંતા હતી કે વિચિત્રવીર્યને ક્યાં પરણાવવો? કોઈ માગું તો આવતું નથી, પણ થોડા જ સમયમાં ચિંતાનો અંત આવે તેવા સમાચાર જાણવા મળ્યા.

કાશીના મહારાજને ત્રણ કન્યાઓ હતી: અંબા, અંબિકા અને અંબાલિકા. આ ત્રણે કન્યાનો સ્વયંવર આયોજિત થયો. ત્યારે સ્વયંવરથી પણ કન્યાનાં લગ્ન થતાં હતાં. ભીષ્મ એકલા જ રથ લઈને કાશી પહોંચી ગયા. સ્વયંવરની સભામાં દેશ-વિદેશના અનેક રાજા-મહારાજાઓ કન્યાઓને પ્રાપ્ત કરવા આવ્યા હતા. સૌની નજર ભીષ્મ ઉપર પડી. સૌ ખડખડાટ હસી પડ્યા. ભીષ્મના વાળ સફેદ થઈ ગયા હતા. હવે તે વૃદ્ધ દેખાવા લાગ્યા હતા. વળી તેમણે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી તે લોકો જાણતા હતા. આવા ધર્માત્મા ભીષ્મને આ શું સૂઝ્યું કે તેઓ સ્વયંવરમાં આવ્યા! છી… છી… છી… ધિક્કાર છે! લોકો હાંસી ઉડાવવા લાગ્યા.

બને ત્યાં સુધી વ્યક્તિએ ઉચ્ચ આદર્શોભર્યું જીવન જીવવું, પણ કદી પણ તેનો ઢંઢેરો ન વગાડવો. અતિ ઊંચા આદર્શોનો ઢંઢેરો વગાડનારા પ્રત્યે લોકો ખાસ પ્રકારનું મૂલ્ય નિર્ધારિત કરી બેસતા હોય છે. તેમાં જરા પણ ન્યૂનતા આવે તો લોકો હાંસી ઉડાવવાનો આનંદ લેતા હોય છે. લોકોને કોઈના મૂલ્યનિષ્ઠ જીવન પ્રત્યે આનંદ વ્યક્ત કરતાં તેની મૂલ્યહીનતાની હાંસી ઉડાવવામાં અધિક આનંદ આવતો હોય છે. એટલે વ્યક્તિએ અતિ આદર્શવાદી ન થવું. કદાચ થવું હોય તો ઢોલ ન વગાડવો. મધ્યમ આદર્શો સારા, જે જીવનભર પાળી શકાય. હું કદી પણ અસત્ય બોલતો જ નથી તેવો ઢોલ વગાડવા કરતાં હું યથાસંભવ સત્ય બોલવાનો પ્રયત્ન કરું છું તેવું બોલવું વધુ કલ્યાણકારી બને છે.

સભામાં પોતાની હાંસી થતી જોઈને ભીષ્મ કોપાયમાન થયા. તેમણે સભાના બધા રાજાઓને લલકાર્યા: "આવી જાઓ! જુઓ, તમારા દેખતાં-દેખતાં આ ત્રણે કન્યાઓનું હું અપહરણ કરું છું અને લઈ જાઉં છું. તાકાત હોય તો મને રોકો!"

આમ લલકારીને ભીષ્મે ત્રણે કન્યાઓને રથ ઉપર ચઢાવી રથ મારી મૂક્યો.

“એ જાય… એ જાય…” એમ લોકો બોલતા રહ્યા અને ભીષ્મ કાશી બહાર નીકળી ગયા. અવાચક થઈ ગયેલા રાજાઓ હોશમાં આવ્યા અને બધા પાછળ પડ્યા. આગળ જતાં ભારે યુદ્ધ થયું, પણ ભીષ્મે બધાને હરાવી દીધા. પછી એકલો શાલ્વદેશનો રાજા લડવા આવ્યો. તેને પણ ભીષ્મે હરાવીને મૂર્છિત કર્યો અને કન્યાઓને લઈને હસ્તિનાપુર આવી ગયા. આજે ભલે આવી ઘટનાઓ આપણે માન્ય ના કરીએ, પણ તે સમયમાં આઠ પ્રકારના વિવાહમાં કન્યાનું અપહરણ કરીને વિવાહ કરવાનું પણ માન્ય હતું. ખાસ કરીને ક્ષત્રિયો આવા વિવાહનું ગૌરવ લેતા.

ભીષ્મે ત્રણે કન્યાઓ સત્યવતીને બતાવી. સત્યવતી પ્રસન્ન થયાં. બ્રાહ્મણોને બોલાવ્યા અને લગ્નવિધિની તૈયારી થવા લાગી. ત્યાં મોટી કન્યા અંબાએ કહ્યું કે “ભીષ્મ, સાંભળો, હું તો ઘણા સમય પહેલાં જ શાલ્વરાજાને વરી ચૂકી છું અને તેમણે પણ મારું વરણ સ્વીકાર્યું છે. તો હવે પરણેલીને ન પરણાવાય. મને મારા પતિ શાલ્વની પાસે જવા દો. મને જબરજસ્તી ન પરણાવો.”

અંબાની વાત બધા બ્રાહ્મણોએ સાંભળી અને તેને લગ્નમંડપથી દૂર કરી દીધી. આ જીવનમૂલ્યોમાંનું એક મૂલ્ય છે: કુંવારીને પરણાય, પરણેલીને ન પરણાય. પાપ લાગે. અંબાની વાત આગળ કહીશું.

અંબિકા અને અંબાલિકાની સાથે વિચિત્રવીર્ય ભોગોમાં આસક્ત થઈ ગયો. ગળાડૂબ ડૂબી ગયો. ભોગો સંયમથી ભોગવાય તો ઔષધ થઈ શકે છે, બલ અને પુષ્ટિ આપે છે, પણ જો ભોગો, ભાન ભૂલીને અકરાંતિયા થઈને ભોગવાય તો ભોગો રોગોને નોતરે છે. વિચિત્રવીર્ય અકરાંતિયો થઈ ગયો. ભૂખ્યો સિંહ જેમ શિકાર ઉપર તૂટી પડે તેમ તે બન્ને પત્નીઓ ઉપર તૂટી પડ્યો. દિવસ જુએ ના રાત, જ્યારે જુઓ ત્યારે ભોગ-ભોગ ને ભોગ. બધા ભોગોમાં સૌથી પ્રબળ ભોગ સ્ત્રીસમાગમ છે, તેથી તો તેને સંભોગ કહેવાય છે. સંભોગના અતિરેકે વિચિત્રવીર્યને ક્ષયરોગ લાગુ કરી દીધો અને ભરયુવાનીમાં જ તે મૃત્યુને શરણ થઈ ગયો.

સત્યવતીએ પતિ ખોયો, ચિત્રાંગદ ખોયો, હવે વિચિત્રવીર્યને પણ ખોયો. ત્રણ વિધવાઓથી રાજમહેલ શૂન્ય થઈ ગયો. શું કરવું? આનું નામ તો જીવન છે. બધું આપણા હાથમાં નથી. ન થવાનું થઈ જાય અને થવાનું હોય તે રહી જાય.

ભીષ્મે વિચિત્રવીર્યની અંતિમવિધિ કરી અને રાજમહેલ ડૂસકાં ભરવા લાગ્યો. વૈભવનું સુખ માણસ દ્વારા ભોગવાતું હોય છે. જો માણસ જ ન હોય કે મૂકીને ચાલ્યો જાય તો કોરો વૈભવ કરડવા દોડે. પહેલાં માણસ ને પછી વૈભવ. પણ માણસને લાવવો ક્યાંથી? એક તો સારો માણસ મળતો નથી અને કદાચ મળે તો ટકતો નથી. હવે ડૂસકાં ભરવા સિવાય કરવું શું? અને મહેલો તો ડૂસકાં ભરવા માટે જ બંધાતા હોય છે.

23-6-10

*

8. પાંડુ-ધૃતરાષ્ટ્રનો જન્મ

સંસારના ઘણા મહત્ત્વપર્ણ પ્રશ્નોમાં સર્વાધિક મહત્ત્વનો પ્રશ્ન છે “વારસદાર”નો. જેની પાસે પ્રચુર સંપત્તિ કે રાજપાટ હોય અને વારસદાર ન હોય તો તેની પાછલી જિંદગી ચિંતામાં જ વ્યતીત થાય. વારસદાર મેળવવા માટે તો લગ્નસંસ્થા છે. વિવાહ કરીને પતિ-પત્ની કામસેવન કરે એટલે સંતાન થાય. પણ બધાંને સંતાન થાય જ તેવું બનતું નથી. કેટલાંકને સંતાન ન પણ થાય. ખાસ કરીને અતિશ્રીમંતો કે રાજા-મહારાજાઓની ફળદ્રુપતા ઘણી ઓછી હોય છે, તેથી તે સંતાનવિહોણું જીવન જીવતા હોય છે. પોતાનાં સીધેસીધાં બાળકો ન હોય તેમના માટે દત્તક લેવાની પ્રથા આજે છે, પણ ત્યારે તેવી પ્રથા નહિ હોય. પ્રથાઓ બદલાતી રહે છે. ત્યારે નિયોગપ્રથા હતી. નિયોગ એટલે પોતાના જ પરિવારની કોઈ સક્ષમ વ્યક્તિ દ્વારા વિધવા થયેલી સ્ત્રીમાં વીર્યાધાન કરાવીને સંતાન પેદા કરવું તે. આજે ભલે આ પ્રથા પ્રત્યે આપણને ચીડ ચઢે, પણ ત્યારે આ પ્રથા સર્વસામાન્ય હતી, લોકમાન્ય હતી. પ્રથાઓ સનાતન નથી હોતી, બદલતી રહે છે.

વિચિત્રવીર્યના અવસાન પછી સત્યવતીની સામે વિકરાળ પ્રશ્ન હતો કે હવે રાજગાદી કોણ સંભાળશે? વારસદાર તો કોઈ રહ્યો નહિ. સત્યવતીએ ભીષ્મને રાજગાદી સંભાળી લેવા આગ્રહ કર્યો, પણ ભીષ્મે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે રાજગાદીનો અસ્વીકાર કરી દીધો.

સત્યવતીએ ભીષ્મની આગળ દિયરવટું વાળવાનો પ્રસ્તાવ મૂક્યો, અર્થાત્ ભાઈના મૃત્યુ પછી ભાઈનો ભાઈ તેની પત્નીને પરણે અને સંતાન ઉત્પન્ન કરે. ભીષ્મે આ વાત પણ સ્વીકારી નહિ, કારણ કે પોતે બ્રહ્મચારી હતા.

સત્યવતીએ ત્રીજો પ્રસ્તાવ મૂક્યો કે તું બન્ને ભાભીઓ સાથે નિયોગ કર. નિયોગ એ લગ્ન નથી. માત્ર ગર્ભાધાન પૂરતો જ વિધવા ભાભી સાથે સંબંધ રાખ. ગર્ભાધાન કરવાનું, પછી સંબંધ બંધ કરી દેવાનો. જે બાળક થાય તે વિધવાના પતિનું જ કહેવાય, દિયર વગેરેનું નહિ. આ રીતે નિયોગ દ્વારા વંશવૃદ્ધિ કે વારસદારની પ્રાપ્તિ કરવાની ત્યારે ધર્મસમ્મત પ્રથા હતી. ભીષ્મે આવું કરવાની પણ ના પાડી દીધી, કારણ કે કોઈ પણ ભોગે તે પોતાના બ્રહ્મચર્યને ખંડિત થવા દેવા તૈયાર ન હતા. છેવટે થાકીને સત્યવતીએ કહ્યું કે એમ કર કે મારો પૂર્વપુત્ર વ્યાસ છે તેને લઈ આવ. તે પવિત્ર બ્રાહ્મણ છે, મારો પુત્ર છે, એટલે આ વિધવા થયેલી બન્ને રાણીઓનો જેઠ પણ થાય.

સત્યવતીની ઇચ્છા અને આજ્ઞા પ્રમાણે ભીષ્મ વ્યાસજીને લઈ આવ્યા. સત્યવતીએ બન્ને વિધવા વહુઓને સમજાવી અને સર્વપ્રથમ અંબિકાને નિયોગ માટે વ્યાસજી પાસે જવાનું કહ્યું.

કામાચારમાં સ્ત્રી-પુરુષનું મુખ્ય આકર્ષણ એકબીજાનું રૂપ અને ગંધ હોય છે. જે દૃષ્ટિને ગમે તે મનને ગમે. જેમ દુર્ગંધ મારતું ભોજન ખાવાની રુચિ જ ન થાય, ઊલટી થવા લાગે, તેમ વ્યાસજી કાળા—કુરૂપ હતા. તેમના શરીરમાંથી દુર્ગંધ આવતી હતી. તેમનું શરીર અને ચહેરો ભયંકર લાગતાં હતાં. આંખો તો જાણે ધગધગતા અગ્નિના ગોળા જ જોઈ લો. આવું કુત્સિત રૂપ અને દુર્ગંધ જોઈને અંબિકાથી આંખો મીંચાઈ ગઈ. ઘણી લાચાર સ્ત્રીઓને અનિચ્છનીય સંભોગને પણ આધીન થવું પડતું હોય છે. લાચારી શું નથી કરાવતી? સાસુના દબાણથી આવેલી અંબિકાથી આંખો મીંચાઈ ગઈ, તેથી તેને જે પુત્ર થયો તે જન્મથી જ આંધળો થયો,

જેને ધૃતરાષ્ટ્ર કહેવાયો. આંધળો દીકરો કાંઈ ખરો વારસદાર ન થઈ શકે. એટલે વ્યાસજીને બીજી વિધવા અંબાલિકામાં નિયોગ કરવાનો આગ્રહ કર્યો.

આ વખતે એવું બન્યું કે વ્યાસજીનું ભયંકર રૂપ જોઈને અંબાલિકા પીળી પડી ગઈ. આ કારણે તેને પાંડુરોગવાળો પીળો પુત્ર થયો. જેનામાં લાલ રક્તકણો ઓછા હોય, હીમોગ્લોબીન ઓછું હોય તે પીળો દેખાય. આવો માણસ અર્ધનપુંસક જેવો હોય. તેનાથી પણ રાજ કરી શકાય નહિ. હવે શું કરવું?

સત્યવતીએ ફરીથી વ્યાસજીને બોલાવ્યા. ગમે તે ભોગે તે વારસદાર મેળવવા માગતી હતી. તેણે ફરીથી અંબિકાને નિયોગ માટે તૈયાર કરી. પણ વ્યાસજીના જુગુપ્સિત રૂપથી આંખ મીંચી દીધેલી એટલે આંધળા ધૃતરાષ્ટ્રને જન્મ આપનારી અંબિકા હવે વ્યાસજી પાસે જવા તૈયાર ન હતી. પણ તેનાથી સાસુમાને ના કહેવાઈ નહિ. તેણે એક રસ્તો ખોળી કાઢ્યો. સ્ત્રીઓ રસ્તો ખોળી કાઢવામાં બહુ કુશળ હોય છે. પોતાની અપ્સરા જેવી દાસીને પોતાનાં વસ્ત્રો અને શણગાર કરાવીને વ્યાસજી પાસે મોકલી દીધી. વ્યાસજી પ્રસન્ન થયા. તેને વિદુર નામનો મહાજ્ઞાની પુત્ર થયો.

આ રીતે બે વિધવા રાણીઓ અને દાસીમાં વ્યાસજીએ નિયોગપદ્ધતિથી ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા, પણ મૂળ પ્રશ્ન તો ઉકેલાયો નહિ. ધૃતરાષ્ટ્ર આંધળા હોવાથી રાજા ન થઈ શકે. વિદુર દાસીપુત્ર હોવાથી રાજા ન થઈ શકે. હવે રહ્યા એકમાત્ર પાંડુ. પાંડુ પણ પૂરી રીતે રાજા થવાને લાયક નથી, કારણ કે પીળા હોવાથી તેજસ્વી નથી. તેજોહીન વ્યક્તિ રાજા ન થઈ શકે. રાજામાં પર્સનાલીટી હોવી જરૂરી છે. આવી સ્થિતિ હોવા છતાં પણ પાંડુને નિમિત્ત બનાવીને ભીષ્મજી રાજ્યકારોબાર કરતા રહ્યા.

23-6-10

*

9. ધૃતરાષ્ટ્ર-ગાંધારીનાં લગ્ન

સંસાર અનંત છે. તેનો છેડો નથી. કોઈ વ્યક્તિ પોતાનો છેડો ઇચ્છતી નથી. જ્યારે વંશ ઉચ્છિન્ન થઈ જાય છે ત્યારે તેનો છેડો આવી જાય છે. સૌ કોઈ પોતાનો વંશ ચાલુ રાખવા માગે છે. તેના માટે તો તે લગ્ન કરે છે. નર-નારીના સંયોગથી વંશ ચાલતો હોય છે. નર-નારીનો સંયોગ સૌથી પ્રબળ કામાચારથી થતો હોય છે. કામાચાર એટલી પ્રબળ આંધી છે કે જો તેને નિયંત્રિત કરવામાં ન આવે તો હજારો ઘરનાં છાપરાં ઉડાડી મૂકે છે. એટલે તેને નિયંત્રિત કરવા લગ્નસંસ્થાની રચના થઈ. નર-નારી-માત્રને લગ્નેચ્છા કુદરત-સહજ થતી જ હોય છે. પહેલાં શાન્તનુએ ગંગા સાથે શરત સાથે લગ્ન કર્યાં, પણ ગંગાએ જીવનભરનો સાથ નિભાવ્યો નહિ. તે અધવચ્ચેથી જ પતિને છોડીને ચાલી ગઈ. શાન્તનુએ બીજાં લગ્ન સત્યવતી સાથે કર્યાં, તે પણ શરતપૂર્વક કર્યાં. પહેલી ભૂલને ફરી પાછી દોહરાવી, જેના પરિણામે તેણે પોતાના મહાન પુત્ર ભીષ્મનું રાજકીય બલિદાન આપવું પડ્યું. શાન્તનુ લાંબું જીવ્યા નહિ. બે પુત્રોને મૂકીને વિદાય થઈ ગયા. ભીષ્મે બન્ને ભાઈઓને પરણાવ્યા પણ તે પણ વારસદાર આપી શક્યા નહિ. બન્ને અકાળે જ મૃત્યુ પામ્યા. સત્યવતીએ વંશનો છેડો ન આવી જાય તે માટે પોતાના ગુપ્ત પુત્ર વ્યાસજીને બોલાવી નિયોગપદ્ધતિથી ત્રણ પુત્રો પ્રાપ્ત કર્યા: ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર. પણ હવે ફરી પાછો છેડો આવી જાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. ધૃતરાષ્ટ્ર મોટો છે પણ આંધળો છે. તેને કોણ કન્યા આપે? વ્યક્તિ આંધળી હોય કે બીજી રીતે વિકલાંગ હોય તેથી તેની કામેચ્છા સમાપ્ત થઈ જતી નથી. સ્વસ્થ વ્યક્તિ જેટલી જ કામવૃત્તિ વિકલાંગોને પણ હોય છે. તેથી તેને પણ લગ્નની ઇચ્છા તો થતી જ હોય છે. કામને દબાવી શકાતો નથી. જબરજસ્તી દબાવવાના રસ્તે ચાલવાથી કામ ફણીધર નાગની માફક ડંખ મારતો રહે છે. વ્યક્તિ પોતે જ પોતાના ડંખથી પીડાય છે અને મરે છે. મોક્ષમાર્ગ માટે જો ચારિત્ર્ય અનિવાર્ય હોય તોપણ વ્યક્તિએ લગ્ન કરવાં જોઈએ, કારણ ચારિત્ર્યની પ્રાપ્તિ લગ્નથી જ થતી હોય છે. જીવનભર એકાકી રહેનાર નર કે નારી ચારિત્ર્ય પ્રાપ્ત કરી શકતાં નથી. ચારિત્ર્ય તો સ્ત્રી દ્વારા પુરુષને અને પુરુષ દ્વારા સ્ત્રીને મળતું હોય છે. આ ઋષિમાર્ગ છે. આ માર્ગમાં સ્ત્રી ત્યાજ્ય નથી, ગ્રાહ્ય છે. તે મોક્ષમાર્ગમાં પણ પૂરેપૂરી સહાયક છે, અવરોધક નથી. જે લોકો મોક્ષમાર્ગમાં સ્ત્રીને અવરોધક માનીને તેનો ત્યાગ કરે છે કે કરાવે છે તે કુદરતને દુશ્મન બનાવીને સામા પૂરે તરવા માગે છે. તે સફળ નથી થઈ શકતા. પણ જે સ્ત્રીને મોક્ષમાર્ગમાં પણ સહાયક માનીને સાથે ચલાવે છે તેમના માટે સ્ત્રી નાવ બની શકે છે—તારનારી, ડૂબાડનારી નહિ. પણ હા, જો તે સુપાત્ર હોય તો. કુપાત્રતા તો બન્ને પક્ષે દુ:ખદાયી થઈ જતી હોય છે.

મોટો ધૃતરાષ્ટ્ર હવે યુવાન થયો છે. હવે તેનાં લગ્ન થઈ જવાં જોઈએ. પણ આંધળાને કોણ કન્યા આપે? કઈ કન્યા તેનું વરણ કરે? મોટો પ્રશ્ન છે. પણ ભારતમાં માત્ર નર-નારી જ પરણતાં નથી, કુળ, પ્રતિષ્ઠા, પૈસો પણ પરણે છે. માનો કે વર વિકલાંગ છે. કોઈ ચિંતા નહિ. તમારું કુળ તો ઊંચું છે ને? તમારી પ્રતિષ્ઠા તો ઊંચી છે ને? અને સૌથી વધુ તો તમારી પાસે પૈસો તો મબલખ છે ને? કન્યાનો બાપ દોડતો આવશે, કારણ કે તે માત્ર વરને જ શોધતો નથી હોતો, બીજું ઘણું શોધતો હોય છે.

આર્યોનો મૂળ પ્રદેશ તો અફઘાનિસ્તાન. તેનો એક ભાગ તેને ગંધાર (કંદહાર) કહેવાય. વિશુદ્ધ આર્યો અહીં વસતા હતા. આ વૈદિક આર્યો કાળે કરીને બૌદ્ધધર્મી થયા. બૌદ્ધોએ અહીં ઘણી જાહોજલાલી ભોગવી. હજારો ગુફાઓ અને હજારો ભવ્યાતિભવ્ય બુદ્ધપ્રતિમાઓ તેનું પ્રમાણ

છે. પણ બૌદ્ધો ઇસ્લામની આંધી આગળ ટકી ન શક્યા. જોતજોતાંમાં આર્યો—બૌદ્ધો મુસલમાન થઈ ગયા—હા, કટ્ટર મુસલમાન થઈ ગયા. આજે તેમની ધાર્મિક કટ્ટરતા વિશ્વભરને આતંકિત કરી રહી છે. આતંકિત કરવા માટે પણ શૌર્ય જોઈએ અને તેનું શમન કરવા માટે પણ શૌર્ય જોઈએ. જેની પાસે શૌર્ય જ ન હોય તે એકે કામ ન કરી શકે. તે બેઠાંબેઠાં ચરખો કાંતે.

ગંધારદેશનો રાજા સુબલ. તેને એક પુત્રી ગાંધારી હતી. શુભ લક્ષણો-વાળી કન્યાનું માગું કરવામાં આવ્યું. ગંધારરાજ સુબલે સહર્ષ સ્વીકારી લીધું. ભલે જમાઈ આંધળો હોય, પણ તેનાં બાળકો તો હસ્તિનાપુરના રાજા થશે. વડીલો લગ્નસંબંધ જોડવામાં બીજી-ત્રીજી પેઢીનો વિચાર કરતા હોય છે. કદાચ પહેલી પેઢીને સહન કરવું પડે તો કરે, પણ આગળની પેઢીનો તો ઉદ્ધાર થઈ જાય—આવી ગણતરીથી રાજાએ સંબંધ માન્ય રાખી લીધો.

ત્યારે લગ્નવ્યવસ્થા બે રીતે ચાલતી . સ્વયંવરથી અને 2. વડીલોની ઇચ્છાથી. ગાંધારીનાં લગ્ન પિતાની ઇચ્છાથી થયાં, પુત્રીનો કોઈ અવાજ નહિ. પુત્રી ગાંધારી પણ કેટલી મહાન કે જેવી તેને ખબર પડી કે મારા પતિ આંધળા છે, તરત જ તેણે રેશમી વસ્ત્ર મંગાવીને, તેની ગડીઓ કરીને પાટો આંખો ઉપર બાંધી દીધો: “મારા પતિની માફક હું પણ આંધળી જ રહીશ.” કોઈ મહાન સાધ્વી કરતાં પણ આ મોટો ત્યાગ હતો. કોઈ મહાન તપસ્વિની કરતાં પણ આ મોટું તપ હતું. દુર્ભાગ્ય તો જુઓ સંસારીઓનું કે આવા મહાન તપને પણ કોઈ તપ માનવા તૈયાર નથી હોતું! અરે, તેની નોંધ પણ નથી લેતું. તમે એક દિવસ તો આંખે પાટા બાંધીને જીવી જુઓ તો ખબર પડે!

ગાંધારીનો ભાઈ શકુનિ. તેની ગણતરી પણ ગાંધારીના સંતાન હસ્તિનાપુરના રાજા બને તેવી હતી, તેથી તેણે ગાંધારીને સામે ચાલીને ધૃતરાષ્ટ્રને સોંપી દીધી. હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્ર અને ગાંધારીનાં ધાર્મિક વિધિથી લગ્ન થયાં. વિકલાંગ અને સકલાંગનો મેળ થયો.

*

10. કર્ણ

કન્યાના જન્મથી જ ચિંતાનો વિષય થઈ જાય છે. સાચવેલી કન્યા જ સુરક્ષિત રહે છે. જે માતા-પિતા પોતાની કન્યાને સાચવી શકતાં નથી તે પોતાની સાથે કન્યાનું ભવિષ્ય પણ બગાડી મૂકતાં હોય છે. કન્યા એક પક્ષિણી જેવી ગભરુ હોય છે. તેના ઉપર શકરા-બાજ જેવા શિકારી પુરુષો ફર્યા કરતા હોય છે. તેમનાથી આ ગભરુ કન્યાને સાચવવી અત્યંત જરૂરી છે.

કન્યાને જ્યારે મદનજ્વરની શરૂઆત થાય છે ત્યારે તે મુગ્ધા થઈ જાય છે. તે પોતે જ પોતાના વશમાં નથી રહેતી. છતી આંખે આંધળી થઈને તે ક્યારે કયા કૂવામાં ભૂસકો મારી બેસે તે કહી શકાય નહિ. તેથી તેની મુગ્ધાવસ્થાને સાચવવી અત્યંત જરૂરી છે. ઉત્તમ તો એ છે કે મુગ્ધાવસ્થા આવતાં જ તેને ખીલે બાંધી દેવાય, જેથી તેની વિહ્વળતા એકકેન્દ્રી થઈ જાય. પણ જો બન્નેમાંથી એક પણ રીતે કન્યાને સચવાઈ ન હોય તો તે અનર્થો સર્જી શકે છે. યાદ રહે, તે પોતે જ પોતાના વશમાં નથી હોતી.

ભગવાન કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવ. તેમના પિતા શૂરસેન હતા. તેમને એક કન્યા હતી. નામ હતું "પૃથા." શૂરસેનના ફોઈના દીકરાનું નામ કુન્તિભોજ. શૂરસેને કુન્તિભોજને વચન આપેલું કે મારે જે પ્રથમ સંતાન થશે તે હું તમને ભેટમાં આપી દઈશ. શૂરસેનને પ્રથમ સંતાન-રૂપે કન્યા થઈ જે તેમણે કુન્તિભોજને અર્પણ કરી દીધી. કુન્તિભોજ એ કન્યાને પોતાની દીકરી બરાબર ઉછેરતા રહ્યા—એમ જ કહો ને, તે બાપદીકરી થઈ ગયાં.

કુન્તિભોજને ત્યાં અતિથિઓ બહુ આવે. ઉદાર અને સદ્ગુણી લોકોને ત્યાં અતિથિઓ ખેંચાઈ આવતા હોય છે. આ બધાની દેખરેખ અને વ્યવસ્થા કરવાનું કામ કુન્તિભોજે કુન્તીને સોંપ્યું હતું. સંતાનોનું સાચું ઘડતર કરવા ઇચ્છતાં માતાપિતાઓએ પોતાનાં બાળકોને પ્રથમથી જ સેવાપ્રવૃત્તિમાં લગાડતાં રહેવું.

એક વાર દુર્વાસા નામના મહાપ્રતાપી પણ ઉગ્ર સ્વભાવના ઋષિ આવ્યા. ઉગ્ર વ્યક્તિની સેવા કરવી એ લોઢાના ચણા ચાવવા બરાબર કહેવાય. પણ ઉગ્રતા હંમેશાં ઉદારતાના ગુણ સાથે હોય છે. ઉગ્રતા સહન કરે તે ઉદારતાનાં ફળ પણ પ્રાપ્ત કરે.

કુન્તીએ દુર્વાસાની ઘણી સેવા કરી. દુર્વાસા પ્રસન્ન થયા. તેમણે કુન્તીનું ભવિષ્ય જોયું. તે તો વિચારમૂઢ થઈ ગયા. અરે, આ કન્યાને તો પૌરુષહીન પતિ પ્રાપ્ત થવાનો છે! પતિની સર્વપ્રથમ યોગ્યતા તેનું પૌરુષ છે. તે જ ન હોય અને બાકી બધું હોય તો મડદા સાથે લગ્ન કર્યાં કહેવાય. પણ ભાવિ પ્રબળ છે. તેને રોકી શકાશે નહિ. દુર્વાસાએ છ મંત્રો આપ્યા અને કહ્યું કે "આ મંત્રોની આરાધના કરીશ તો તને તે દેવ પ્રસન્ન થઈને એકએક પુત્ર આપશે. તારા પતિને શાપ હોવાથી તે તો પુત્રોત્પત્તિ કરી શકશે નહિ. માટે લે, આ મંત્રો રાખી લે અને જરૂર પડે ત્યારે આરાધના કરીને પુત્રો મેળવી લેજે." દુર્વાસા વિદાય થયા.

પુરુષોની તુલનામાં સ્ત્રીઓમાં ગંભીરતા ઓછી હોય, કારણ કે તેમનામાં લાગણીઓની પ્રચુરતા હોય. લાગણીઓ અને ગંભીરતા એકસાથે ન રહી શકે. કદાચ તેથી જ તેમને ચંચળવૃત્તિ કહેવાઈ હશે. દુર્વાસાના ગયા પછી કુન્તીને મંત્ર સંબંધી તાલાવેલી અને ઉત્કંઠા જાગી. મંત્રો સાચા હશે કે કેમ? શું હશે? કેમ હશે?—વગેરે તર્કવિતર્ક થવા લાગ્યા. તેને થયું કે લાવ ને, એક મંત્રનો પ્રયોગ કરી જોઉં, શું થાય છે! કુન્તીએ વિધિ પ્રમાણે સૂર્યના મંત્રની આરાધના કરી.

થોડી જ વારમાં સૂર્યદેવ પ્રગટ થયા. કુન્તીએ હાથ જોડીને નમસ્કાર કર્યા. સૂર્યે પોતાના આવવાનો હેતુ બતાવ્યો, "તને બાળક આપવા હું આવ્યો છું." કુન્તી ગભરાઈ ગઈ. હવે તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે સૂર્યને પાછા ચાલ્યા જવા ઘણી આજીજી કરી, ક્ષમા માગી. 'મહાભારત'નું એક વાક્ય સૌએ યાદ રાખવા જેવું છે. કુન્તી કહે છે કે:

યોષિતો હિ સદા રક્ષ્યા:
સ્વાપરાદ્ધાપિ નિત્યશ:॥

અર્થાત્ સ્ત્રીઓથી અપરાધ થઈ જાય તોપણ મહાપુરુષો હમેશાં તેમનું રક્ષણ કરે છે.

પણ સૂર્ય ન માન્યા અને જે થવાનું હતું તે થયું. સૂર્યે કવચ-કુંડળ સાથે મહાબળવાન પરાક્રમી ઉદાર પુત્ર ઉત્પન્ન થશે તેવો આશીર્વાદ આપ્યો. કુન્તીને તરત જ બાળક પ્રાપ્ત થઈ ગયું.

ગાય-ભેંસ-હરણી કે બકરી જેવી માદાઓ ગમે તે નરથી બાળક પેદા થાય તો જરાય ચિંતા કરતી નથી કે ગભરાતી નથી, કારણ કે તેમને સંસ્કૃતિ નથી હોતી. તે બિન્દાસ્ત થઈને બાળઉછેર કરે છે. પણ સ્ત્રી તેવું નથી કરી શકતી. જેમજેમ સંસ્કૃતિ ભવ્ય થતી જાય તેમતેમ લોકાપવાદ વધતા જાય. લોકાપવાદ ખોટા હોય તોપણ જીવતી સ્ત્રીને મારી નાખતા હોય છે. પણ આ બધું સ્ત્રીઓને જ ભોગવવાનું હોય છે, કારણ કે સંસ્કૃતિનો બધો ભાર સ્ત્રીઓએ જ ઉપાડવાનો હોય છે. હવે શું કરવું? શું મોઢું બતાવવું? ક્યાં જવું? કશું સૂઝતું નથી. ઉતાવળમાં ને ઉતાવળમાં કુન્તીએ નવજાત શિશુને લાકડાની પેટીમાં મૂક્યું અને પેટી નદીમાં તરતી મૂકી દીધી. હજારો કુન્તીઓ અને હજારો કર્ણોનું આજે પણ આવું જ થતું રહે છે. આફ્રિકામાં આવું નથી થતું. ત્યાં કુંવારી માતાને કલંક નથી લાગતું. સૌ સ્વીકારી લે છે, વધુ પ્રેમથી સ્વીકારે છે. માતા કે બાળકને કશી આંચ આવતી નથી. પૂરા ગૌરવથી જીવન જીવે છે, કારણ કે હજી ત્યાં ભવ્ય સંસ્કૃતિ આવી નથી.

નદીના પ્રવાહની સાથે પેટી તરતી-તરતી આગળ નીકળી ગઈ. જન્મતાં જ જેને પ્રભુશરણ થઈ જવું પડ્યું છે.... જોઈએ હવે શું થાય છે?

એક અધિરથ નામનો સારથિ અને તેની પત્ની રાધા, સંતાન વિનાનાં, સંતાન માટે તડપી રહ્યાં હતાં. અધિરથ નદીકિનારે સ્નાન કરી રહ્યો હતો ત્યાં તેની દૃષ્ટિ પેલી પેટી ઉપર પડી. ઝટ દઈને તેણે પેટીને પકડી લીધી. કિનારે લાવીને જોયું તો એક મહાતેજસ્વી શિશુ સૂર્યની માફક ચમકી રહ્યું છે. રાધા તો ગાંડીગાંડી થઈ ગઈ. બન્નેનાં નસીબ ઊઘડી ગયાં. ભગવાને પ્રસૂતિની પીડા વેઠ્યા વિના જ ઘરબેઠાં બાળક આપી દીધું. બાળકને કવચ-કુંડળ હોવાથી તેનું નામ "વસુષેણ" પાડ્યું. જોતજોતાંમાં બાળક મોટું થઈ ગયું. તે પુત્ર અસ્ત્ર-શસ્ત્ર વગેરે વિદ્યામાં નિપુણ થઈ ગયો. તેનો ઉદાર સ્વભાવ ચારે તરફ વખણાવા લાગ્યો.

સૂર્યની નજર ગુપ્ત રીતે હમેશાં કર્ણ ઉપર પડી રહેતી. ભલે લોકભયથી તે પ્રગટ પિતા ન થઈ શકે, પણ પિતા હતો તે તો નક્કી જ છે. આવાં પિતાઓ અને માતાઓ પોતાના ત્યજી દીધેલા બાળકને છૂપી આંખથી જોતાં રહેતાં હોય છે. લોહીની લાગણીની પ્રચંડ પ્રબળતાને રોકી ન શકાય.

એક વાર બ્રાહ્મણના વેશમાં સૂર્ય કર્ણના સ્વપ્નમાં આવ્યો અને તેને સાવધાન કર્યો કે "જો, ઇન્દ્ર તારી પાસે બ્રાહ્મણ થઈને આવશે અને કવચ-કુંડળ માગી જશે. જોજે, આપતો નહિ."

કર્ણે કહ્યું કે "કોઈ બ્રાહ્મણ મારે આંગણે આવે અને ખાલી હાથે પાછો જાય તેવું બને જ નહિ."

એવું જ બન્યું. બ્રાહ્મણવેશી ઇન્દ્ર આવ્યો અને કવચ-કુંડળ માગીને કાપીને લઈ ગયો. કર્ણે હસતાં-હસતાં આપી દીધાં. બદલામાં ઇન્દ્રે કર્ણને અજેય બરછી આપી. કવચ-કુંડળ કાપવાના કારણે તેનું નામ "વૈકર્તન" પડ્યું. આ રીતે વસુષેણ, કર્ણ, વૈકર્તન નામો પડ્યાં, પણ તેની ખરી પ્રસિદ્ધિ તો કર્ણ નામથી જ થઈ અને તે પણ "દાનવીર કર્ણ."

24-6-10

*

11. પાંડુનાં કુંતી અને માદ્રી સાથે લગ્ન

સુહાગરાતનો અર્થ થાય છે તે રાત્રે કન્યા પોતાનું સુરક્ષિત સાચવેલું કૌમાર્ય પતિને અર્પિત કરી દે. કૌમાર્ય હોય ત્યાં સુધી તે કન્યા કહેવાય. કૌમાર્ય જતાં જ તે કન્યા મટીને સ્ત્રી થઈ જાય છે. કૌમાર્ય જો પતિને અર્પિત થયું હોય તો તે સોહાગિણી થાય છે. પણ બધી સ્ત્રીઓ સોહાગિણી નથી હોતી. સત્યવતી અને કુન્તીનું કૌમાર્ય સુહાગરાત પહેલાં જ ખંડિત થઈ ગયું છે. બન્ને યોગાનુયોગ સાસુ-વહુ છે. પણ બન્ને ભાગ્યશાળી એટલા માટે છે કે બન્નેને કોઈ હલકટ શિકારી મળ્યો નથી, તેથી તેમનું કૌમાર્ય લોકદૃષ્ટિએ અખંડિત છે, અર્થાત્ તેમનું બ્લૅકમેઈલિંગ થયું નથી, તેથી વિવાહિત જીવનને વાંધો આવ્યો નથી. બધી સ્ત્રીઓ આવી ભાગ્યશાળી નથી હોતી. હલકટ શિકારીઓના ફંદામાં ફસાનાર કન્યા પોતાનું કૌમાર્ય તો ગુમાવે છે, સાથેસાથે પૂરું જીવન પણ ગુમાવી બેસે છે. સત્યવતી અને કુન્તી ક્ષતયોનિ હોવા છતાં પણ લોકદૃષ્ટિએ કુમારી જ રહી. વડીલોથી રક્ષિત અને પોતાનાથી રક્ષિત ભાગ્યશાળી કન્યાઓ પતિને સુહાગરાતે પોતાનું અણમોલ કૌમાર્ય અર્પણ કરીને ધન્યધન્ય થઈ જતી હોય છે, જેનો બદલો પતિ જીવનભર પ્રેમ આપીને વાળતો રહે છે.

રાજા કુન્તિભોજે જોયું કે પોતાની પાલિત પુત્રી કુન્તી હવે યુવાન થઈ ગઈ છે. હવે તેને યોગ્ય પતિ સાથે પરણાવી દેવી જોઈએ. આ માતા-પિતાનું કર્તવ્ય જ કહેવાય. તેમણે સેંકડો રાજા-મહારાજાઓને બોલાવીને સ્વયંવર કર્યો. તેમાં કુન્તીને પતિની પસંદગીની પૂરી છૂટ હતી. વરમાળા લઈને તે રાજા-મહારાજા વચ્ચે ફરવા લાગી. તેમાં તેને હસ્તિનાપુરના પાંડુરાજા ગમી ગયા. તેણે પાંડુરાજાને વરમાળા આરોપી દીધી. તેને ક્યાં ખબર હતી કે જેને તે વરમાળા આરોપિત કરી રહી છે તે દાઢ વિનાનો સિંહ છે. દેખાય તો છે પડછંદ સિંહ જેવો, પણ તેને દાઢો જ નથી. પૌરુષ વિનાનો પુરુષ ગમે તેટલો પડછંદ હોય તોપણ તે દાઢ વિનાના સિંહ જેવો છે. તેનો શિકાર તે ન ખાઈ શકે, બીજાં ખાઈ જાય. અમેરિકામાં લગ્ન કરતાં પહેલાં વર-કન્યાના બધા ટેસ્ટ લેવાય છે, જેમાં પૌરુષનો ટેસ્ટ પણ ખરો, જેથી લગ્ન પછી સ્ત્રીને પસ્તાવાનું ન થાય. ખરેખર તો આવા પુરુષે લગ્નથી દૂર જ રહેવું જોઈએ, કારણ કે કદાચ ગમે તેમ કરીને લગ્ન તો કરી લીધાં, હવે પત્નીને શું મોઢું બતાવશે? પત્ની કરતાં પણ વધારે દુઃખ આવા પતિને થતું રહેશે. એક સમય હતો જ્યારે ખાનદાન સ્ત્રી કશું બોલતી નહિ, બધું નિભાવી લેતી, પણ તેથી તો તેનું જીવન જ બરબાદ થઈ જતું અને પુરુષની આત્મહીનતા તેને મારી નાખતી.

કુન્તીએ પાંડુને વરમાળા પહેરાવી દીધી. કુન્તિભોજે ધામધૂમથી બન્નેનાં લગ્ન કરી દીધાં. બન્ને પક્ષે એકએક તત્ત્વ છુપાવ્યું છે. કુન્તીએ સૂર્ય સાથેનો સંબંધ અને પુત્રની વાત છુપાવી છે, તો પાંડુએ પૌરુષહીનતાની વાત છુપાવી છે. સંસારમાં કેટલું બધું છુપાવાય છે! જો બધું જ ખુલ્લું કરી દેવામાં આવે તો સંસાર કેવો થઈ જાય! હા, પશુ-પક્ષીઓ કશું જ છુપાવતાં નથી, કારણ કે તેમનો સંસાર સંસ્કૃતિ વિનાનો છે, પરિણામે ખુલ્લો છે. તેથી તેમને પાપ નથી લાગતું કે પ્રાયશ્ચિત્ત પણ નથી કરવું પડતું.

24-6-10

માદ્રી સાથે લગ્નઃ

પૂરા વિશ્વની પ્રજા એકસરખી નથી સૌનાં અલગઅલગ રીતિ-રિવાજો છે. રીતિ-રિવાજો મળીને

જીવનપદ્ધતિ નક્કી કરતાં હોય છે. બધી જીવનપદ્ધતિઓ સરખી સુખદાયી કે દુઃખદાયી નથી હોતી. જે વધુમાં વધુ સુખદાયી પદ્ધતિ હોય છે તેને ઉત્તમ ગણવી જોઈએ. આ જીવનપદ્ધતિઓમાં ધર્મ અને સંસ્કૃતિ પણ પોતાનો પ્રભાવ રાખતાં હોય છે.

ભીષ્મને થયું કે હજી પાંડુને એક બીજી પત્ની પરણાવવી જોઈએ. ત્યારે વિશ્વવ્યાપી બહુપત્નીત્વનો રિવાજ હતો. એટલે પાંડુ માટે બીજી પત્નીની શોધમાં નીકળી પડ્યા. તેઓ મદ્રદેશ પહોંચ્યા. મદ્રદેશને બહાલિક દેશ પણ કહેવાય છે. ત્યાં શલ્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની બહેન માદ્રીનાં રૂપગુણનાં ઘણાં વખાણ સાંભળ્યાં હતાં તેથી ભીષ્મ ત્યાં ગયા હતા. શલ્યે ભીષ્મનો ખૂબ આદર-સત્કાર કર્યો. ભીષ્મે પાંડુ માટે માદ્રીની માગણી કરી જે શલ્યે સ્વીકારી, પણ સાથેસાથે પોતાનાં રીતિરિવાજની પણ વાત કરી. મદ્રલોકો કન્યાવિક્રય કરતા હતા, અર્થાત્ ધન લઈને પછી જ કન્યા આપતા હતા. વરવિક્રય અને કન્યાવિક્રય આ બે લગ્નવ્યવસ્થાનાં પ્રાચીન દૂષણો લાગે છે. આ દૂષણોના કારણે અનેક વર-કન્યાઓ દુઃખી થતાં રહ્યાં છે અને અનેક પરણ્યા વિના જ મરી ગયાં છે. આ માનવકૃત દુઃખવ્યવસ્થા છે, ઈશ્વરકૃત નથી. મોટા ભાગે માનવકૃત વ્યવસ્થાથી ઇષ્ટ થોડાં પણ અનિષ્ટો વધુ થતાં રહ્યાં છે. મોટા ભાગે આવી કુવ્યવસ્થા પ્રજાના ઊંચા વર્ગથી આવતી હોય છે. ઊંચો વર્ગ પૂરી પ્રજાને દોરે છે, તેથી તેની સારી-ખોટી વ્યવસ્થા સૌને સુખદુઃખ આપતી રહે છે.

ભીષ્મે શલ્યની ઇચ્છા પૂરી કરી. શલ્યની માગણી કરતાં પણ વધારે ધન આપ્યું. શલ્યે પોતાની બહેન માદ્રીને ભીષ્મને સોંપી દીધી. માદ્રીને લઈને ભીષ્મ હસ્તિનાપુર આવ્યા અને ધાર્મિક વિધિ પ્રમાણે ધૂમધામથી લગ્ન કર્યાં. પાંડુ એક નહિ બે પત્નીઓના પતિ થયા. પાંડુરાજા બન્ને પત્નીઓને લઈને હસ્તિનાપુરથી દૂર વનમાં રહેવા ચાલ્યા ગયા. કદાચ ગૃહસ્થાશ્રમના પ્રથમ દિવસથી જ તેમણે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી લીધો હશે. ઘણો સમય તેઓ વનમાં રહ્યા. પાંડુ અને પાંડુ-પત્નીઓનું દુઃખ કોઈ જાણતું નથી. પણ હવે કરવું શું?

પાંડુ યુદ્ધ કરીને દિગ્વિજય કરવા નીકળી પડ્યા. તે પત્નીઓથી દૂર રહેવા માગતા હતા. યુદ્ધનું નિમિત્ત વધુ ઠીક લાગ્યું. તેમણે દશાર્ણદેશ ઉપર આક્રમણ કરી દીધું અને દેશને જીતી લીધો. પછી મગધદેશ ઉપર ચઢાઈ કરી. રાજગૃહીમાં અભિમાની રાજાએ ત્રાસ ફેલાવી હાહાકાર મચાવ્યો હતો. તેનો વધ કરીને નાના રાજાઓ તથા પ્રજાને દુઃખમુક્ત કરી પછી મિથિલાદેશ ઉપર ચઢાઈ કરી. ત્યાં વિદેહવંશના ક્ષત્રિયો રાજ્ય કરતા હતા તેમને પરાસ્ત કર્યા. પછી કાશી, સુહ્મ તથા પુંડ્રદેશને જીત્યા ચારે તરફ પાંડુની ધાક વાગવા લાગી. ઘણા રાજાઓ યુદ્ધ કર્યા વિના જ શરણે આવ્યા. આ રીતે પોતાના વિશાળ સામ્રાજ્યને વધુ વિશાળ કરીને પાછા હસ્તિનાપુર આવી ગયા.

જો તમારે રાષ્ટ્રને મહારાષ્ટ્ર બનાવવું હોય તો આક્રમણો કરવાં જ પડે. યુદ્ધો દ્વારા સંધિઓ કરીને રાષ્ટ્રને મહાન બનાવી શકાય. રાષ્ટ્રના સીમાડા દૂર-દૂર સુધી ફેલાવીને રાષ્ટ્રને સુરક્ષિત કરી શકાય. જે રાજા આક્રમણ નથી કરી શકતો તે પોતાના રાષ્ટ્રની રક્ષા પણ નથી કરી શકતો. આક્રમણ માત્ર પ્રજાને રંજાડવા કે રાજાઓને પરાસ્ત કરવા જ નથી થતાં, એક વિશાળ વ્યવસ્થા સ્થાપિત કરવા માટે પણ થાય છે, ધર્મની સ્થાપના માટે પણ થાય છે.

વિજયી રાજા જ પ્રજામાં અહોભાવ પેદા કરી શકતો હોય છે. વિજય વિનાનો વારંવાર પરાજિત થનારો રાજા પ્રજાનો અને મિત્રોનો અહોભાવ ખોઈ બેસતો હોય છે. અહોભાવ વિનાની મહાનતા ન હોય. પાંડુ મહાન છે કારણ કે તેણે ઘણા વિજયો મેળવ્યા છે. પણ તે ઘરમાં હારી

ગયો છે. તેની બન્ને પત્નીઓ આગળ તે અહોભાવ પ્રાપ્ત કરી શક્યો નથી. પણ પત્નીઓ ખાનદાન હોવાથી આ વાત કોઈ જાણતું નથી.

ઘરનો પરાજય બહુ દુ:ખદાયી હોય છે. ન કહી શકાય ન સહી શકાય તેવી કરુણ દશા થઈ જતી હોય છે. એટલે તો પાંડુ પત્નીઓ સાથે વનમાં રહેવા ચાલ્યો ગયો છે. ઘણી વાર દૂર એકાંતવાસ કોઈ આરાધના માટે નહિ પણ આંતરિક પીડાને સહી લેવા માટે પણ લોકો કરતા હોય છે. હા, નામ પડે આરાધનાનું.

વનમાં પાંડુ રોજ શિકાર રમવા જાય છે જેથી હિંસક અને હાનિકારક પશુઓથી વનવાસીઓ મુક્ત થાય છે. આ રાજાનો ધર્મ છે. જેમ આતતાયી આતંકવાદીઓથી પ્રજાને મુક્ત કરવી તેમ જ હિંસક પ્રાણીઓ અને હાનિકારક પ્રાણીઓ વધી ન જાય, તે રંજાડતાં ન થઈ જાય તે માટે પણ શિકાર કરવો જરૂરી માન્યો છે.

24-6-10

*

12. વિદુરનાં લગ્ન

જ્યાં સુધી પરિવારનાં બધાં યુવાન પાત્રોનાં લગ્ન ન થઈ જાય ત્યાં સુધી વડીલને શાંતિ ન થાય. ચિંતા અને શાંતિ સાથે ન રહે. જવાબદારીઓ કદી પણ ચિંતા વિનાની ન હોય. જવાબદારી વિનાનું જીવન એ જીવન જ નથી. જવાબદારીઓથી ભાગી છૂટવું તે વૈરાગ્ય નથી, પલાયનવાદ છે. ઋષિમાર્ગમાં પલાયનવાદને સ્થાન નથી. જવાબદારીઓ પૂરી કરવા ઘણી વાર સંઘર્ષ જરૂરી થઈ જાય છે. સંઘર્ષ પરાક્રમ વિના કરી શકાય નહિ. પરાક્રમની ઉપાસના એ જીવનની ઉપાસના છે. પરાક્રમથી દૂર ભાગવું તે જીવનની હત્યા કરવા બરાબર છે.

ભીષ્મ બ્રહ્મચારી છે. બાળબચ્ચાં નથી તેમ છતાં પરિવારના વડીલ હોવાથી બધાંની જવાબદારીનો ભાર ઉપાડીને ચાલે છે. તેમણે ધાર્યું હોત તો “મારે શું?” કહીને જવાબદારીઓથી છટકી શક્યા હોત, જેમ ગૃહત્યાગીઓ છટકતા હોય છે. જવાબદારીઓથી છટકવું એ ત્યાગ ન કહેવાય, કાયરતા કહેવાય. ભીષ્મ કાયર નથી. તેમણે પરાક્રમ કરીને ચિત્રાંગદ અને વિચિત્રવીર્યને પરણાવ્યા. તેમણે પરાક્રમ કરીને ધૃતરાષ્ટ્ર તથા પાંડુને પરણાવ્યા. પણ હજી એક યુવાન બાકી રહી જાય છે. તે છે વિદુર. વિદુર મહાજ્ઞાની છે, પણ તે ક્ષત્રિય નથી. જોકે ધૃતરાષ્ટ્ર અને પાંડુની માફક તેના પિતા પણ વ્યાસ જ છે. વ્યાસ ક્ષત્રિય નથી, પરાશર-ઋષિના પુત્ર છે. પરાશર બ્રાહ્મણ છે. તેમ છતાં સામાન્ય લોકમાનસમાં તો ધૃતરાષ્ટ્ર અને પાંડુના પિતા વિચિત્રવીર્ય છે. નિયોગમાં બીજ સ્થાપનારનો વંશ નથી મનાતો. મૂળ પિતા જ પિતા મનાય છે. પણ તો પછી વિદુરનું શું? વિદુરને શૂદ્ર કેમ કહેવાય છે? કારણ કે અંબિકાએ પોતાની જગ્યાએ દાસીને મોકલી દીધી હતી તેથી. માતૃવંશના પ્રભાવથી તેમના ઉપર શૂદ્રની છાપ લાગી ગઈ છે. વર્ણવ્યવસ્થાના કારણે લગ્નવ્યવસ્થા ગૂંચવાડાભરી અને ઘણી વાર અન્યાયભરી પણ થઈ જતી લાગે છે.

ભીષ્મની સામે હવે મોટો પ્રશ્ન હતો કે વિદુરને ક્યાં પરણાવવા? ક્ષત્રિય કન્યા તો મળશે નહિ. આંતરજ્ઞાતીય લગ્ન કરનારા લોકોએ માત્ર પોતાનો જ નહિ, પોતાનાં બાળકોનો પણ વિચાર કરવો જરૂરી છે. તમે તો ગમે તેમ પાર પાડી દેશો, પણ પછી તમારાં બાળકોનું શું? સમકક્ષ કન્યા કે વર ન મળવાથી ક્રમેક્રમે ઊતરતા જવું પડશે, જે કોઈને ના ગમે.

ભીષ્મ વિદુરની ચિંતામાં પડી ગયા. શોધતાં-શોધતાં તેમની નજર દેવક રાજા ઉપર પડી. દેવક રાજાને ત્યાં શૂદ્ર સ્ત્રીમાં બ્રાહ્મણ દ્વારા ઉત્પાદિત એક કન્યા હતી, ભીષ્મે તેનું વરણ કરી લીધું. આ રીતે વિદુરનાં પણ લગ્ન થઈ ગયાં. કન્યા અત્યંત ભક્તિભાવવાળી, શીલ-ગુણ-સંપન્ન અને પતિવ્રતા હતી. આગળ જતાં તેને વિદુરાણીથી ઓળખવામાં આવી છે. ઊતરતી જ્ઞાતિની બધી કન્યાઓ પણ ઊતરતી હોય છે અને શ્રેષ્ઠ જ્ઞાતિની બધી કન્યાઓ શ્રેષ્ઠ હોય છે તેવું હોતું નથી. ઊતરતી જ્ઞાતિમાં પણ રત્ન અને શ્રેષ્ઠ જ્ઞાતિમાં પણ પથ્થર પાકતાં હોય છે. વિદુર પરણ્યા તો ખરા, તેમની ફળદ્રુપતા એટલી બધી હતી કે જોતજોતાંમાં તે અનેક પુત્રોના પિતા થઈ ગયા. હા, ધૃતરાષ્ટ્ર અને પાંડુ હજી પિતા થયા ન હતા.

24-6-10

*

13. ગાંધારીના પુત્રો

'મહાભારત' વિશુદ્ધ ઇતિહાસનો ગ્રંથ નથી, તેમ છતાં તેમાં ઇતિહાસનાં થોડાંક તત્ત્વો પણ છે જ. 'મહાભારત' સાહિત્યનો ગ્રંથ છે, કાવ્ય છે, મહાકાવ્ય છે, એટલે તેમાં બધા રસો નિષ્પન્ન કરવામાં આવ્યા છે. તેની કથાઓમાં મિથ-તત્ત્વની ભરમાર છે, એટલે વાચકે કોરી તાર્કિક બુદ્ધિથી 'મહાભારત'ને વાંચવાનું નથી. તેમાં પૌરાણિકતા છે, ધર્મશાસ્ત્ર છે, રાજનીતિ છે, દર્શનો છે—બધું જ છે. આ બધાનો લાભ લેવા ઇચ્છતા માણસે 'મહાભારત'ને તેની દૃષ્ટિએ વાંચવાનું છે.

જીવન પ્રશ્નોથી ભરેલું રહે છે. પ્રશ્નોનો ઉકેલ કરતા રહેવું એ જ જીવનસાધના છે. પ્રશ્નો કદી પણ પૂરા થતા જ નથી. એક પૂરો થાય ત્યાં બીજા બે પ્રશ્નો ઊભા થઈ જાય. ભીષ્મે પોતાના પુત્ર સમાન ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનાં લગ્ન તો કરી દીધાં, હવે પ્રશ્ન સંતાનપ્રાપ્તિનો છે. લગ્ન કર્યાં હોય અને સંતાન ન હોય તો લગ્નની પૂર્ણતા ન અનુભવાય.

એક વાર એવું થયું કે વ્યાસજી લાંબો પ્રવાસ કરીને થાકીને ધૃતરાષ્ટ્રને ત્યાં આવ્યા. થાકેલો દુ:ખી માણસ સેવાશુશ્રૂષાની અપેક્ષા રાખતો હોય છે. ગાંધારી તો તેમની પુત્રવધૂ જ કહેવાય. સસરાની સેવાશુશ્રૂષા કરવી એ પુત્રવધૂનો ધર્મ જ કહેવાય. ગાંધારીએ વ્યાસજીની ખૂબ સેવા કરી. તેમને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું અને પછી ગરમ-ગરમ સ્વાદિષ્ટ ભોજન જમાડ્યું. વડીલો, વૃદ્ધો અને અતિથિઓ હૃદયથી પ્રસન્ન થાય તો આપોઆપ આશીર્વાદ આપે. પ્રસન્ન થયેલા વ્યાસજીએ ગાંધારીને વર માગવાનું કહ્યું. વ્યાસજી તપસ્વી હોવાથી તેમનાં વરદાન કદી નિષ્ફળ જતાં નથી. આ સમયે કુન્તીને એક પુત્ર થઈ ચૂક્યો હતો—યુધિષ્ઠિર, તેથી ગાંધારી ઈર્ષ્યાથી પીડાતી હતી. જેઠાણીને પુત્ર ન થાય અને દેરાણીને પુત્ર થઈ જાય તો તે પણ ઈર્ષ્યાનું કારણ બને છે. ગાંધારી કુન્તીની ઈર્ષ્યામાં બળી રહી હતી. સ્ત્રીઓમાં લાગણીઓની પ્રધાનતા અને પ્રમુખતા રહે છે. તેમાં પણ નકારાત્મક લાગણીઓ વધુ રહે છે. નકારાત્મક એટલે ઈર્ષ્યા, દ્વેષ, વૈર, ઘૃણા વગેરે. આ કારણે સુખી ઘરની સ્ત્રીઓ પણ આવાં કારણોથી દુ:ખી રહેતી હોય છે અને પૂરા ઘરને દુ:ખી કરતી હોય છે. ગાંધારીએ ઈર્ષ્યાવશ વ્યાસજી પાસે સો પુત્રો માગી લીધા. તેનો હેતુ એ હતો કે તારે એક પુત્ર, તો મારે સો પુત્ર! લે, હવે કોણ મોટું?

વ્યાસજીએ 'તથાસ્તુ' કહી વિદાય લીધી. દુર્બુદ્ધિ કે કુદાનતથી માગેલું વરદાન સુખદાયી ન થઈ શકે. ગાંધારી સગર્ભા થઈ ગઈ. પણ આ શું? બે વર્ષ વીતવા છતાં પ્રસૂતિ થતી નથી! ગર્ભધારણ થવો એ સ્ત્રી માટે માતૃત્વની પ્રથમ નિશાની છે, પણ ગર્ભધારણ પછી પૂરેપૂરા માતૃત્વની પ્રાપ્તિ સુધી ઘણાં વિઘ્નો અને કષ્ટો સ્ત્રીએ ઉઠાવવાં પડતાં હોય છે. છેલ્લું કષ્ટ—મહાકષ્ટ પ્રસવપીડા છે. ગાંધારીને પ્રસવ જ નથી થતો. હવે શું કરવું? એક દિવસ કુન્તીના ખોળામાં યુધિષ્ઠિરને જોતાં જ તે ઈર્ષ્યા-અગ્નિમાં બળી ઊઠી. તેણે વજ્ર જેવું સાધન લઈને પોતાના પેટ ઉપર જોરથી પ્રહાર કર્યો, જેથી તેને એક કઠોર પથ્થર જેવા માંસપિંડની પ્રસૂતિ થઈ ગઈ. બાળકની જગ્યાએ પથ્થર જેવા માંસપિંડને જોઈને તેને ઘૃણા થઈ. તે માંસપિંડને ફેંકી જ દેવાની હતી ત્યાં વ્યાસજી આવી ગયા. ગાંધારી વ્યાસજી સાથે ઝઘડો કરવા લાગી: "આવું વરદાન તમે આપ્યું? મારી મજાક ઉડાવી..." વગેરે ઠપકાભર્યાં વાક્યો બોલવા લાગી. તે માનમર્યાદા ભૂલી ગઈ. પણ વ્યાસજી શાંત રહ્યા. તીવ્ર લાગણીપ્રધાન સ્ત્રીઓ આવેગમાં જીભ ઉપર નિયંત્રણ રાખી શકતી નથી. તે ન બોલવાનું પણ બોલી દેતી હોય છે, તેથી તેમના ઉપર

વડીલોનું નિયંત્રણ જરૂરી થઈ જાય છે.

વ્યાસજીએ ધીરજ અને શક્તિથી ગાંધારીનાં વાક્યો સહન કર્યાં, પછી કહ્યું, “ગાંધારી, મારું વરદાન કદી નિષ્ફળ ન જાય. જા, એક સો માટીના ઘડા લઈ આવ.” ઘડા આવ્યા. પેલા પિંડને ઠંડા પાણીથી ધોવામાં આવ્યો. તેના એકસો એક ટુકડા થઈ ગયા. એ બધા ટુકડાઓને એકએક ઘડામાં મૂકી દેવાયા. તેમાં ઘી ભર્યું અને ફરીથી બે વર્ષ સુધી તેની વિધિ બતાવી. બરાબર બે વર્ષ પછી સૌથી પ્રથમ મૂકેલા ઘડાનું ઢાંકણ ખોલવામાં આવ્યું તો તેમાંથી એક બાળક નીકળ્યું, જેને દુર્યોધન નામ અપાયું. દુર્યોધનના જન્મ વખતે ચારે તરફ અશુભ અવાજો થવા લાગ્યા, તેથી સૌ ભયભીત થઈ ગયાં. એક વાર તો બ્રાહ્મણોએ સલાહ આપી કે આ બાળક કુળઘાતી થવાનો છે, માટે તેનો ત્યાગ કરી દો. પણ પુત્રમોહી ધૃતરાષ્ટ્ર માન્યો નહિ. આ પહેલાં યુધિષ્ઠિર જન્મી ચૂક્યો હતો, તેથી જ્યેષ્ઠ પુત્ર તે થયો કહેવાય, અર્થાત્ રાજગાદીનો તે વારસદાર ગણાય. અહીંથી આંતરકલહ શરૂ થઈ ગયો.

જ્યારે ગાંધારી સગર્ભાવસ્થામાં હતી ત્યારે ધૃતરાષ્ટ્રની સેવામાં એક વૈશ્યજ્ઞાતિની સ્ત્રી રહી હતી. ધૃતરાષ્ટ્રના અંશથી તેને એક પુત્ર થયો તેનું નામ ‘યુયુત્સુ’ પાડવામાં આવ્યું, જે મહાબળવાન સેનાપતિ નીવડ્યો.

જ્યારે વ્યાસજી સો ઘડાઓમાં ગર્ભના સો અંશ મૂકી રહ્યા હતા ત્યારે ગાંધારીને વિચાર આવ્યો કે પુત્રો તો ખરા, પણ પુત્રી વિના બધું સૂનું, માટે એક પુત્રી પણ જોઈએ. પુત્રીને પરણાવવાનો લહાવો ગજબનો હોય છે. સ્ત્રીઓને પુત્ર કરતાં પણ જમાઈ વધુ વહાલો હોય છે. એક તરફ પૌત્રો હોય તો બીજી તરફ દૌહિત્રો પણ હોવા જોઈએ. વારતહેવારે ભાણેજાં ઘરે આવે તો કેવું સારું લાગે!

વ્યાસજી ગાંધારીના ભાવ જાણી ગયા. મહાત્મા અંતર્યામી હોય છે. તેમણે કહ્યું, “ગાંધારી, સો ઘડા ભરાઈ ગયા. હજી એક ટુકડો વધ્યો છે. એક ઘડો મંગાવ.” વધુ એક ઘડો આવ્યો, જેમાં પેલો વધેલો ટુકડો મૂકવામાં આવ્યો. તેમાંથી દુ:શલા નામની કન્યાનો જન્મ થયો.

આ રીતે ધૃતરાષ્ટ્રને એકસો ને બે સંતાનો થયાં. સો કૌરવો, એક દુ:શલા અને એક વૈશ્ય સ્ત્રીથી થયેલો યુયુત્સુ.

25-6-10

*

14. પાંડુને મૃગનો શાપ

યાદ રહે, 'મહાભારત'ની રચના વૈશંપાયન-ઋષિ દ્વારા જનમેજય રાજાને સંભળાવવા નિમિત્તે કરવામાં આવી છે. મહાવિનાશકારી યુદ્ધ પૂરું થયા પછી અર્જુનપુત્ર અભિમન્યુની પત્ની ઉત્તરાથી પરીક્ષિત રાજા થયો અને તેના પછી જનમેજય રાજા થયો. આ જનમેજયને પોતાના પૂર્વજોનો ઇતિહાસ સાંભળવાની ઇચ્છા થઈ તેથી ઋષિ વૈશંપાયન પાસેથી પૂરી 'મહાભારત'ની કથા તેણે સાંભળી. આ રીતે વૈશંપાયન વક્તા થયા છે અને જનમેજય શ્રોતા થયા છે. જનમેજયને વચ્ચેવચ્ચે વારંવાર જિજ્ઞાસા થાય છે તેથી તે પ્રશ્ન પૂછે છે અને વૈશંપાયન ઉત્તર આપે છે. આ રીતે કથા આગળ ને આગળ વધતી રહે છે. હવે જનમેજયનો પ્રશ્ન સાંભળો.

"જીવ-જંતુ-માત્ર જન્મ લે છે ત્યારે તેમનામાં કુદરતસહજ કેટલીક શક્તિઓ આપોઆપ આવી જાય છે, જેમાં પૌરુષશક્તિ પણ ખરી. ઈશ્વરીય રચના તો જુઓ કે ભૂખ-તરસ-નિદ્રા વગેરે જન્મતાં જ આવી જાય છે, પણ કામશક્તિ જન્મતાં જ નથી પ્રગટતી. નિશ્ચિત ઉંમર થતાં જ તે શક્તિ પ્રગટવા લાગે છે, અમુક વર્ષો સુધી રહે છે, ખીલે છે અને પછી ક્રમેક્રમે શાંત થવા લાગે છે. માનો કે ભૂખ-તરસની માફક કામશક્તિ પણ જન્મતાં જ પ્રગટી હોત તો શું થાત? કલ્પના-માત્રથી ધ્રુજારી છૂટે છે. જન્મથી કામશક્તિ પ્રગટતાં જેટલો સમય લાગે છે તેથી પાંચેકગણું પ્રાણીનું આયુષ્ય હોય છે. જેમ કે ગાય-ભેંસ વગેરે ત્રીજા વર્ષે વેતરે આવે તો તે પંદરેક વર્ષ જીવી શકે. તેથી વધારે જીવે તો તે નફામાં કહેવાય. માણસને સોળ વર્ષ લાગે તો એંસી વર્ષનું આયુષ્ય કહેવાય. આમાં વધઘટ થઈ શકે. હવે પ્રશ્ન એ છે કે યુવાવસ્થા શરૂ થતાં જ સૌને કામશક્તિ પ્રગટે છે, તો પછી પાંડુરાજાને આ શક્તિ કેમ ન પ્રગટી? શું તે જન્મજાત કામશક્તિથી હીન હતા કે પછી કોઈ કારણસર તે તેવી શક્તિથી વંચિત થઈ ગયા હતા?"

જનમેજયનો આ પ્રશ્ન બહુ મહત્ત્વનો છે. હવે વૈશંપાયન-ઋષિ જવાબ આપે છે. એક વાર પાંડુરાજા વનમાં વિચરી રહ્યા હતા ત્યાં તેમણે મૃગોનું મોટું ઝુંડ જોયું. જ્યાં હિંસક પ્રાણીઓ ના હોય ત્યાં અહિંસક ઘાસાહારી પ્રાણીઓ ઘણાં વધી જાય, કારણ કે તેમની ફળદ્રૂપતા ઘણી વધારે હોય છે. ઘાસાહારી પ્રાણીઓ જો માપથી વધી જાય તો ખેતીને ભારે નુકસાન કરે, ખેતી બધી ખાઈ જાય, તેથી ખેડૂતો અને રાષ્ટ્ર અન્ન વિનાનાં થઈને દુ:ખી થાય. તેથી રાજાનું કર્તવ્ય છે કે આવાં ખેતી વગેરેને નુકસાન પહોંચાડનારાં પશુઓનો શિકાર કરીને ખેડૂતોને તથા રાષ્ટ્રને દુ:ખમુક્ત કરે. ત્યારે લગભગ બધી પ્રજા માંસાહારી હતી, તેથી પ્રજાની આવશ્યકતા પણ શિકાર દ્વારા પૂરી કરી શકાય. આ ઋષિમાર્ગ છે. ઋષિઓ પણ કોઈ-કોઈ વાર આવી શિકારપ્રવૃત્તિ કરતા હતા.

અગસ્ત્યસત્રમાસીન્ શ્ચકાર મૃગયા ઋષિ:॥

(આદિપર્વ, 117/14)

રાજાએ જોયું કે દૂર એકાંતમાં એક હૃષ્ટ-પુષ્ટ મૃગ મૃગીની સાથે મૈથુન કરી રહ્યો છે. બન્ને એકબીજામાં તન્મય થઈ ગયાં હતાં. તાંત્રિકો મૈથુનાવસ્થાને સમાધિ માને છે, અર્થાત્ ત્યારે બે નર-માદા એકબીજામાં એટલાં તદ્રૂપ થઈ ગયાં હોય છે કે મન આપોઆપ સમાધિમય થઈ જાય છે. પેલી યોગસમાધિ તો જલદી કોઈને લાગતી નથી, કદાચ લાગે તોપણ ઘણી સાધના પછી માંડ થોડો સમય લાગે અને તે પણ નકારાત્મક લાગે, અર્થાત્ ઇચ્છાહીનતા હોવાથી દુ:ખનો અભાવ અનુભવાય; જ્યારે આ સમાધિ કુદરત-સહજ હોવાથી કશી જ સાધના વિના

આપોઆપ લાગી જાય. વળી અહીં દુ:ખનો અભાવ નહિ પણ સુખની પ્રચુરતા અનુભવાય, એટલે કે હકારાત્મક સમાધિ લાગે. સંસારનાં બધાં જ સુખો કરતાં સમાગમ-સુખ સૌથી વધુ આકર્ષક છે. તેથી તો પશુઓ અને મનુષ્યો પણ ન કરવાનું સાહસ કરીને, લડી-ઝઘડીને, ખૂનામરકી કરીને પણ આ સુખ મેળવવા તત્પર રહેતાં હોય છે. ઈશ્વરે બહુ કૃપા કરીને પશુ-પક્ષીઓ માટે ઋતુકાળ બાંધી આપ્યો, તેથી તે કાળ સિવાય બધાં શાંત રહે છે, પણ માણસને આવો કોઈ કાળ બાંધ્યો ન હોવાથી માણસ બારે મહિના વ્યાકુળ રહે છે. જો આવી વ્યાકુળતા ન હોત તો સૃષ્ટિ જ ન હોત. એટલે સૃષ્ટિનું મૂળ કામ છે. કામ મહાઊર્જા છે. કામવાળી પ્રજા ઊર્જાવાન હોય છે. તે જ વિશ્વ ઉપર રાજ કરતી હોય છે. કામહીન પ્રજા પરાક્રમહીન થઈ જતી હોય છે. તે રાજ કરી શકતી નથી. ધર્મનું કામ આ ઊર્જાનો નાશ કરવાનું નથી પણ તેને મર્યાદામાં બાંધવાનું છે. ધસમસતા પૂરને નષ્ટ કરવાથી પૃથ્વી સૂકી થઈ જશે. તેને બંધ બાંધીને, રોકીને નહેરો દ્વારા દૂરદૂર ભૂમિ ઉપર વહેવડાવવામાં આવે તો ધરતી લીલીછમ થઈ જાય. આવું જ કામ ઊર્જાનું પણ છે. તેને મર્યાદાની જરૂર છે, વિનાશની નહિ. આ ઋષિમાર્ગ છે.

પાંડુરાજાએ જોયું કે મૃગ અને મૃગી તન્મય થઈને મૈથુન કરી રહ્યાં છે. તેને શું કુબુદ્ધિ સૂઝી કે ધનુષ્ય ઉપર બાણ ચઢાવીને માર્યું. બાણ મૃગને વાગ્યું અને તે મૈથુન પડતું મૂકીને તરફડવા લાગ્યો. રાજાને એમ કે દોડતો શિકાર કદાચ છટકી જાય. આ તો તન્મય થઈને ઊભેલો શિકાર છે. છટકવાનું કારણ જ નથી, તેથી બાણ માર્યું.

રાજા મૃગની નજીક ગયો. તે બે પીડાઓથી પીડાઈ રહ્યો હતો. એક તો કાળજામાં વાગેલા બાણની પીડા હતી અને બીજી મૈથુનભંગની પીડા હતી. પ્રેમભંગ અને મૈથુનભંગની અસહ્ય પીડા પેલા બાણની પીડા કરતાં પણ વધુ દુ:ખ આપી રહી હતી.

મૃગ અને રાજા વચ્ચે સંવાદ થયો. મૃગે કહ્યું કે “તારે મને મારી નાખવો હતો તો મારી નાખવો હતો, પણ મારો મૈથુનયોગ તો પૂરો થવા દેવો હતો. મૈથુન પણ યોગ છે. અધવચ્ચે તેનો ભંગ કરવાથી મહાપાપ લાગે છે. એટલે, હે રાજા, તું મહાપાપી છે. તેં મહાપાપ કર્યું છે. જા, હું તને શાપ આપું છું કે હવે કદી પણ તું મૈથુનસુખ ભોગવી શકીશ નહિ. કદાચ ભોગવવા પ્રયત્ન કરીશ તો તારા પ્રાણ ચાલ્યા જશે. તું મરી જઈશ.”

આટલું કહીને મૃગે પ્રાણ છોડી દીધા. રાજા કરુણા અને ભયથી તેની લાશ જોતો રહ્યો. રાજાને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે તો કાંઈ થઈ શકે તેમ ન હતું.

હે જનમેજય, આ શાપના કારણે રાજા રતિસુખ ભોગવી શકતો ન હતો, તેથી તે સંતાન પેદા કરી શકતો ન હતો.

25-6-10

*

15. પુત્રપ્રાપ્તિ માટે કુન્તીને આગ્રહ

પ્રવૃત્તિનું પ્રેરકબળ ગુણો છે. ગુણો એટલે સત્ત્વ, રજ અને તમ નહિ, પણ ગુણો એટલે દયા, કરુણા, ઉદારતા, લોભ, ઈર્ષ્યા, દ્વેષ વગેરે ગુણો છે. આ બધા ગુણો વ્યક્તિમાત્રમાં જન્મજાત હોય છે. કોઈમાં કોઈ ગુણ વધારે તો કોઈમાં કોઈ ગુણ ઓછો હોય છે. આ ગુણોમાં વધઘટ થયા કરતી રહે છે, તેથી પ્રવૃત્તિમાં ફેરફાર થયા કરે છે. કોઈ ગુણમાં સ્થાયીભાવ નથી હોતો. ઊભરાની માફક આવે અને ચાલ્યો જાય અથવા ઊતરી જાય. જેમ કે ક્રોધનો ઊભરો આવ્યો અને સમય વીતતાં ઊતરી ગયો. આવી રીતે દયાનો ઊભરો આવ્યો અને પછી ઊતરી ગયો. આ ગુણોનું સંયુક્ત રૂપ વ્યક્તિનો સ્વભાવ બનાવે છે. કોઈ ઉદાર, દયાળુ, ક્રોધી, લોભી, લાલચી વગેરે.

આવો જ એક ગુણ વૈરાગ્ય છે. બધાને વૈરાગ્ય ગુણ નથી હોતો. વૈરાગ્ય ન હોય એને રાગ હોય, રાગ હોય તેને આસક્તિ હોય. જેના પ્રત્યે રાગ હોય તેનાથી વિપરીત પ્રત્યે દ્વેષ હોય. રાગ ઊતરીને દ્વેષ પણ થઈ શકે છે. તે બહુ દુઃખદાયી હોય છે. પ્રથમ રાગ અને પછી દ્વેષ બહુ જ દુઃખદાયી થઈ જતો હોય છે. રાગ પછી વૈરાગ્ય પણ થાય, અર્થાત્ રાગ ઊતરી જાય. જેના ઉપરથી રાગ ઊતરી જાય તેના પ્રત્યે આસક્તિ ન રહે. આસક્તિ ન હોય તો આકર્ષણ પણ ન હોય. આકર્ષણ ન હોય તો જીવન જ ન હોય.

ગૃહત્યાગ કે સંસારત્યાગનું મૂળ કારણ વૈરાગ્ય છે. તીવ્ર વૈરાગ્ય થાય તે સંસારમાં રહી જ ન શકે. તીવ્ર વૈરાગ્ય થવાનું કારણ પ્રેમનો આઘાત, વિશ્વાસઘાત કે નિષ્ફળતા હોય છે. સામાન્ય વૈરાગ્યનું કારણ દયા, કરુણા, દુઃખાનુભૂતિ, જીવનની અસારતા, ક્ષણિકતા, નશ્વરતા વગેરેનો અનુભવ કે સતત ઉપદેશ સાંભળવો તે હોય છે. સામાન્ય વૈરાગ્ય સ્થાયી નથી હોતો, સમય જતાં ઊતરી જઈ શકે છે. ખાસ કરીને પાછલી જિંદગીમાં વૈરાગ્ય ઊતરી જતો હોય છે, કારણ કે વાસ્તવિકતાથી ભિન્ન જીવન લાંબો સમય જીવી શકાય નહિ. વૈરાગ્યજન્ય જીવન સ્થાયી નથી હોતું, કારણ કે વૈરાગ્ય જ સ્થાયી નથી હોતો. વૈરાગ્યથી થયેલા ત્યાગને સ્થાયી બનાવવા કડક—અતિકડક નિયમો બનાવવા પડે છે. વૈરાગ્ય ઊતરી ગયા પછી કે વૈરાગ્ય ઢીલો થયા પછી આ કડક નિયમો ગમતા નથી, પણ લોકનિંદા, ધર્મ-ભયથી પાળવા પડે છે. તેથી ત્યાગી જીવન મડદાલ થઈ જાય છે. તીવ્ર ત્યાગીઓને જોજો, મોટા ભાગે બધા મડદા જેવા દેખાશે, કારણ કે તેઓ દબાઈને-ચુમાઈને જીવન જીવે છે. કેટલી વાર વગર વૈરાગ્યે પણ ત્યાગી બનાવી દેવાય છે. નાનાં બાળકો, યુવક-યુવતીઓ વગેરેને ફોસલાવી-પટાવીને ત્યાગી બનાવી દેવાય છે—આ જુલમ છે, પાપ છે. પણ ધર્મ અને મોક્ષના નામે આવાં ઘણાં પાપો થતાં રહે છે.

અતિ ગૂંગળાયેલા કે ચુમાયેલા ત્યાગીઓમાંથી કેટલાક વાડને છીંડાં પાડે છે. મોટા ભાગે કઠોર અને કડક નિયમો પાળનારાં જૂથોમાં આવું છીંડાં પાડવાનું મોટા પ્રમાણમાં થતું રહે છે. પણ બધું ચાલ્યા કરે છે. આ દબાયેલા-ચુમાયેલા લોકોનો ઉદ્ધાર કરવો એ પણ ધર્મકાર્ય છે. તેમને ફોસલાવી, પટાવી, ભરમાવીને ત્યાગી જીવનમાં ખેંચી લઈ જનારા પાપી નહિ, મહાપાપી છે. તેમના પંજામાં આવા લોકોને પડતા બચાવવા અને કદાચ પડ્યા હોય તો છોડાવવાની પ્રવૃત્તિ લોકહિતની છે.

પાંડુએ મૃગ અને મૃગીને મૈથુનાવસ્થામાં મારી નાખ્યાં. તેમનું આક્રંદ અને છેવટે પૌરુષહીન થઈ જવાનો શાપ સાંભળીને પાંડુરાજાને ભારે પસ્તાવો થયો: અરેરે! મારાથી આ શું થઈ ગયું?

સૌથી વધુ પીડા તો હવે તેનાથી ભોગો ભોગવી શકાશે નહિ તેની થઈ. વ્યક્તિમાં સર્વોચ્ચ સામર્થ્ય ભોગસામર્થ્ય છે. તે જ ન હોય તો જીવન નીરસ થઈ જાય. પરાણે થયેલા બ્રહ્મચારીઓ લાચારી ભોગવે. તેમનામાં શૌર્ય-પરાક્રમ ગુણો ન પ્રગટે. આવા લાચાર બ્રહ્મચારીઓ સિકંદર ન થાય, વાસ્કો ડી ગામા ન થાય. બહુબહુ તો પેટ ભરે અને મોક્ષની વાતો કરે, પ્રજાને ગુમરાહ કરે, કારણ કે લોકોને કર્તવ્ય છોડાવીને મોક્ષના નામે ગુમરાહ કરે. જ્યારે આવાં ટોળાં વધી જાય ત્યારે રાષ્ટ્ર અને પ્રજાનું પતન થાય. રાષ્ટ્ર કર્મઠ, કર્તવ્યનિષ્ઠ, જ્ઞાની-વિજ્ઞાની અને પરાક્રમીઓથી મહાન બનતું હોય છે. પાંડુને સૌથી મોટો ધક્કો તો એ લાગ્યો હતો કે હવે હું દાંત વિનાનો સિંહ થઈ ગયો છું. હું શિકાર તો કરી શકીશ, પણ મારો શિકાર હું જાતે ખાઈ નહિ શકું, બીજાં ખાઈ જશે, કારણ કે હવે મારી પાસે દાંત રહ્યા નથી. તેણે સંન્યાસ લેવાનો નિર્ણય કરી લીધો. હવે હું સંન્યાસી થઈ જઈશ. સંન્યાસી જીવન માત્ર મોક્ષ માટે જ નથી, જીવનના અનેક ન ઉકેલાતા પ્રશ્નોનો તેમાં ઉકેલ પણ છે. બધા જ કાંઈ મોક્ષ માટે સંન્યાસી નથી થતા. કેટલાક તો પ્રશ્નોથી હારી-થાકીને પ્રશ્નોથી છૂટવા માટે પણ સંન્યાસી થઈ જતા હોય છે. રાજા પાંડુનું વાક્ય જુઓ:

> નાહં સુકૃપણે માર્ગે સ્વવીર્યક્ષયશોચિતે।
> સ્વધર્માત્ સતતાપેતે ચરેયં વીર્યવર્જિતઃ॥

(આદિપર્વ, 117-21)

હું હવે સંતાનોત્પાદનશક્તિથી હીન થઈ ગયો છું. હું વીર્યહીન થઈને સંસારમાં જીવી શકું નહિ.

પાંડુએ પોતાની બન્ને પત્નીઓને પોતાની લાચારી બતાવી અને સંન્યાસ લેવાની અનુમતિ માગી. એવું લાગે છે કે ગ્રંથકર્તા પ્રાચીન અક્ષમતાને શાપના નિમિત્તે ઢાંકી રહ્યા છે. આ દોષ તો ગર્ભાધાન વખતે જ સ્થાપિત થઈ ગયો હતો.

બન્ને પત્નીઓ શાણી હતી. તે પતિની લાચારી જાણતી હતી. ગમે તેવો તોય પાંડુ અમારો પતિ છે. જે થવાનું હતું તે થઈ ગયું. પણ હવે આને બચાવવો જોઈએ, સાથ આપવો જોઈએ. સામાન્ય પત્નીઓ તો ઇચ્છે કે "સારું છે કે આ અહીંથી કાયમ માટે જાય, જેથી અમારો માર્ગ ખૂલી જાય. શાસ્ત્રમાં સંન્યાસ લેનારની પત્નીને પુનર્લગ્ન કરી લેવાની છૂટ છે. આ છૂટનો લાભ આપોઆપ લઈ શકાય." પણ ના, આ બન્ને જાતવાન પત્નીઓ છે. તેમણે પાંડુને રોક્યો અને કહ્યું કે:

"એવું કરો કે તમે સંન્યાસ ગ્રહણ ન કરો પણ વાનપ્રસ્થ થઈ જાઓ. વાનપ્રસ્થી પત્નીઓને સાથે રાખી શકે છે. અમે બન્ને સાથે રહીશું અને સેવા કરીશું. તમે તપ કરજો, જેમ ઋષિઓ કરે છે."

પાંડુએ પત્નીઓની વાત માન્ય કરી. તેણે બધા દાગીના ઉતારી દીધા અને અનુચરોને આપીને હસ્તિનાપુર મોકલી દીધા: જાઓ, કહેજો કે પાંડુ વાનપ્રસ્થી થઈને તપ કરી રહ્યા છે. અનુચરોએ બધા દાગીના, રથ વગેરે હસ્તિનાપુરમાં આવીને ધૃતરાષ્ટ્રને સોંપી દીધા. સર્વત્ર હાહાકાર થઈ ગયો.

પાંડુરાજા બન્ને પત્નીઓ સાથે નાગશત પર્વત ઉપર ચાલ્યા ગયા. ત્યાંથી ચૈત્રરથવનમાં ગયા. ત્યાંથી કાલકૂટ અને હિમાલય-પર્વતને પાર કરીને છેક ગન્ધમાદન-પર્વત પહોંચી ગયા. ત્યાંથી આગળ હંસકૂટ-પર્વતને પાર કરીને શતશૃંગ-સરોવર પહોંચી તપસ્યા કરવા લાગ્યા. બન્ને પત્નીઓ સેવા કરવા લાગી.

ત્યાગી-તપસ્વીએ કદી પણ પોતાના વતનમાં ન રહેવું. જૂના રાગ-દ્વેષ અશાંતિ પેદા કરતા હોય છે અને જૂના લોકો નવા રૂપને આદરથી જોઈ શકતા નથી.

એક વાર એવું બન્યું કે શતશૃંગ-સરોવરના કિનારે પાંડુ તપ કરી રહ્યા હતા ત્યાં અમાવાસ્યાના દિવસે ઋષિમુનિઓનો મોટો સમૂહ નીકળ્યો. જિજ્ઞાસાવશ પાંડુએ "ક્યાં જાઓ છો?" એમ પૂછ્યું. ઋષિઓએ કહ્યું કે "અમે બધા બ્રહ્મલોકમાં બ્રહ્માજીનાં દર્શન કરવા જઈ રહ્યા છીએ. ત્યાં ઘણા મહાત્માઓ, પિતરો વગેરે ભેગા થવાના છે. તે બધાનાં દર્શન થશે તેવી અમારી અભિલાષા છે."

ઋષિમુનિઓની વાત સાંભળીને પાંડુરાજા પણ સાથે જવા તૈયાર થઈ ગયા. સંતદર્શન, વીરદર્શન, મોરલ-દર્શન, સેવાદર્શન, ત્યાગદર્શનની તક ચૂકવી ન જોઈએ. કેટલીક વાર દર્શનમાત્રથી ઉચ્ચ પ્રેરણા મળતી હોય છે.

પાંડુએ પોતાની સંતાનહીનતાની પીડા ઋષિઓને સંભળાવી. માનસિક પીડાને દબાવવી બહુ કઠિન હોય છે. યોગ્ય પાત્ર અને યોગ્ય સમય મળતાં જ તે પ્રગટ થઈ જતી હોય છે. તેથી મનને રાહત થાય છે. ઋષિઓએ પાંડુને આશ્વાસન આપ્યું કે "તારે પુત્રો થવાના જ છે. તું ચિંતા ન કર."

ઋષિઓના આશ્વાસનથી પાંડુરાજાને ઘણી શાંતિ થઈ. તેણે બ્રહ્મલોકમાં જવાનું બંધ રાખ્યું અને શાસ્ત્રમાં પુત્રોત્પત્તિના પ્રકાર જોવા લાગ્યો. તેમાં પતિની અક્ષમતા હોય તો બીજા પ્રિય પુરુષ દ્વારા પણ પુત્રપ્રાપ્તિ કરી શકાય છે, જેને નિયોગ કહેવાય છે, જે નિયોગથી પાંડુની ઉત્પત્તિ થઈ હતી. પાંડુએ આ ધર્મશાસ્ત્ર કુન્તીને બતાવ્યું અને તેને અન્ય પુરુષ દ્વારા સંતાન ઉત્પન્ન કરી લેવા પ્રેરણા આપી. "મારા કરતાં પણ વધુ ઉત્તમ શ્રેષ્ઠ પુરુષને શોધીને પુત્રપ્રાપ્તિ કરી લે" તેવો આગ્રહ કર્યો.

25-6-10



16. પાંડવોની ઉત્પત્તિ

સંસ્કૃતિ અને રીતિરિવાજ બદલાતાં રહે છે, તેથી જીવનનાં મૂલ્યો પણ બદલાતાં રહે છે. આજનાં મૂલ્યો જુદાં છે. હજારો વર્ષ પહેલાંનાં મૂલ્યો જુદાં હતાં. ત્યારે પતિના દોષથી વાંઝિયા રહેવાના કારણે પતિની ઇચ્છા અને આજ્ઞાથી પત્ની અન્ય પુરુષ દ્વારા ગર્ભવતી થઈ શકતી, તેથી ધાર્મિક કે સામાજિક કોઈ દોષ લાગતો નહિ. પણ આ કામ પતિની આજ્ઞાથી અથવા ઘરના વડીલની આજ્ઞાથી ગુપ્ત રીતે નહિ પણ ખુલ્લી રીતે થતું.

પાંડુ પોતાનો દોષ જાણે છે. તે સ્વીકારે પણ છે. તેમ છતાં બન્ને પત્નીઓ તેને પૂરેપૂરી વફાદાર છે. પણ પાંડુ પોતાનો વંશ ઉચ્છિન્ન કરવા માગતો નથી, તેથી તેણે કુન્તીને કોઈ શ્રેષ્ઠ દેવપુરુષનો આશ્રય લેવા સમજાવી, પણ કુન્તી ન માની. તેને વંધ્યાપણું ગમતું તો ન હતું, પણ તેને પરપુરુષથી સંતાનપ્રાપ્તિ પણ ગમતી ન હતી. તે વંધ્યા રહી જવા તૈયાર હતી, પણ પરપુરુષનું સેવન તેને માન્ય ન હતું.

પાંડુરાજાએ યુક્તિ-પ્રયુક્તિથી ખૂબ સમજાવી. છેવટમાં તેણે આજ્ઞા આપી. પતિની આજ્ઞાને માન્ય રાખીને કુન્તી તૈયાર થઈ ગઈ. તેને દુર્વાસાના આપેલા આશીર્વાદ અને મંત્ર યાદ આવ્યા. એક મંત્રથી તે કર્ણને જન્મ આપી ચૂકી હતી જેની કોઈને ખબર ન હતી. એ જ પુત્ર આજે કર્ણ નામથી સારથિને ત્યાં ઊછરી રહ્યો છે, પણ ખુદ કુન્તીને પણ તેની ખબર નથી. તેણે કદી તપાસ જ ન કરી કે પેટીમાં મૂકીને જળમાં પધરાવી દીધેલા બાળકનું શું થયું. જો તે તપાસ કરત તો પકડાઈ જાત.

પતિની આજ્ઞાથી કુન્તીએ ધર્મને પ્રાર્થના કરી, આવાહન કર્યું. ત્યારે ગાંધારીની ગર્ભાવસ્થાને એક વર્ષ થઈ ચૂક્યું હતું. કુન્તીની ઉપાસનાથી ધર્મદેવતા પ્રગટ થયા અને કુન્તીની મન:કામના પૂર્ણ કરી વિદાય થયા. ધર્મદેવ દ્વારા કુન્તીને એક મહાન પુત્રની પ્રાપ્તિ થઈ જેનું નામ ‘યુધિષ્ઠિર’ પાડવામાં આવ્યું. યુધિષ્ઠિર, ધર્મદેવના અંશથી જન્મ્યો હોવાથી તેને ધર્મરાજ પણ કહેવાય છે. ધર્મનો આધાર સત્ય જ હોય છે તેથી તે જીવનભર સત્યવાદી રહ્યા. ધર્મરાજ યુધિષ્ઠિરને પ્રાપ્ત કરીને પાંડુ ખુશખુશ થઈ ગયા.

હવે તેમને અતિબળવાન પુત્રની ઇચ્છા જાગી. પુત્ર એવો બળવાન હોવો જોઈએ કે જેનાથી શત્રુઓ ડરતા રહે. પાંડુના આગ્રહથી કુન્તીએ વાયુદેવનું આવાહન કર્યું. વાયુ બળનું પ્રતીક છે. વાયુદેવ પ્રગટ થયા અને કુન્તીની ઇચ્છા પૂરી કરી. તેમને જે પુત્ર થયો તે અત્યંત બળવાન હતો. હજી તો તેને દશ જ દિવસ થયા હતા અને કુન્તી મંદિરમાંથી દર્શન કરીને જઈ રહી હતી ત્યાં એક વાઘે તેના ઉપર ઝપટ મારી. કુન્તીના ખોળામાંથી ભીમ નીચે પડી ગયો. તેના વજનથી પર્વતની શિલા ચૂરચૂર થઈ ગઈ. આવો વજ્ર જેવો ભીમ હતો. બરાબર આ જ દિવસે હસ્તિનાપુરમાં દુર્યોધનની ઉત્પત્તિ થઈ હતી, અર્થાત્ બન્ને સમવયસ્ક હતા.

પાંડુરાજાએ ફરીથી તપ કર્યું અને ઇન્દ્રને પ્રસન્ન કર્યા. કુન્તીએ ઇન્દ્રનું આવાહન કર્યું. ઇન્દ્ર આવ્યા અને અર્જુનનો જન્મ થયો. ત્યારે ફાલ્ગુન-મહિનો હોવાથી તેને ‘ફાલ્ગુન’ નામથી પણ બોલાવાય છે. કુન્તીને ત્રણ પુત્રો થયા. અહીં ‘મહાભારત’નો એક બહુ જ મહત્ત્વનો શ્લોક લખાયો છે જે આજે ઘણો પ્રસ્તુત છે. પાંડુ, કુન્તીને ચોથો પુત્ર ઉત્પન્ન કરવાનું કહેવા માગે છે, પણ કુન્તી શું કહે છે?

નાતશ્ચતુર્થં પ્રસવમા પત્સ્વપિ વદન્ત્યુત।
અતઃ પરં સ્વૈરિણી સ્યાત્ બન્ધકી પંચમે ભવેત્॥

(આદિપર્વ, 122-77)

અર્થાત્ સ્ત્રીએ ત્રણ પુત્રોથી વધારે પુત્રો ઉત્પન્ન કરવા જોઈએ નહિ. ચોથું સંતાન ઉત્પન્ન કરનાર સ્ત્રીને સ્વૈરિણી કહેવાય અને પાંચમું સંતાન ઉત્પન્ન કરનારને તો કુલટા જ કહેવાય. એટલે ત્રણ સંતાનો બસ થઈ ગયાં.

તે સમયે પણ સંતતિનિયમનની વાતો જાણીને નવાઈ જ લાગે. પણ સંતાન વિશે આટલી બધી જાગૃતિ ત્યારે પણ હશે જ, તેવું આ શ્લોકથી સમજાય છે.

હવે માદ્રીનો વારો આવે છે. સંયુક્ત પરિવારમાં સ્ત્રીઓમાં પરસ્પર સંતાનોની પણ સ્પર્ધા હોય છે. જો એકાદ સ્ત્રીને સંતાન ન હોય કે માત્ર કન્યાઓ જ હોય તો તે બીજી સ્ત્રીઓનાં સંતાન જોઈને ઘણી ઈર્ષ્યા કરતી થઈ જાય, તે એટલે સુધી કે જો એક સ્ત્રીનું બાળક ઘણું ભણનારું, મેધાવી નીકળે અને પોતાનું બાળક મેધાહીન નીકળે તોપણ ઈર્ષ્યા થાય. માદ્રીએ પાંડુને કહ્યું અને પાંડુએ કુન્તીને કહીને તેનો પણ ખોળો ભરાય તેવું કરવાનું કહ્યું. કુન્તીએ તેને મંત્ર આપ્યો. માદ્રીએ અશ્વિનીકુમારોની આરાધના કરી. તેથી બે અશ્વિનીકુમારો આવ્યા. માદ્રીને બે જોડકાં બાળકો થયાં, જેમનાં નામ નકુલ અને સહદેવ રાખવામાં આવ્યાં.

આ પાંચે પુત્રોની ઉંમરમાં એકએક વર્ષનો ફરક હતો. સમય પ્રમાણે પાંચેના બધા સંસ્કારો કરાવ્યા, જેથી તે શિક્ષા આદિના અધિકાર પ્રાપ્ત કરી શકે.

26-6-10

*

17. પાંડુ અને માદ્રીનું મૃત્યુ

સૌથી પ્રબળ કામાવેગ છે. પ્રાણીમાત્ર આ આવેગમાં તણાય છે. તણાવાનો અર્થ એ છે કે ઇચ્છા ન હોય તોપણ આ આવેગનું પૂર પ્રાણીને ખેંચી લઈ જાય છે. કોઈ કહે કે આવો આવેગ મને આવતો જ નથી, તો તેનાથી વધારે બીજું કોઈ અસત્ય નથી. કામશક્તિ વિનાના વ્યંઢળો પણ આવા આવેગથી મુક્ત નથી હોતા. તેને પ્રગટ થવાનાં બીજાં દ્વારો પણ છે જ. માનો કે કોઈનું ગુપ્તાંગ—શિશ્ન શક્તિહીન છે, તો શું થયું! કામાવેગ મળદ્વારથી પણ પ્રગટ થઈ શકે છે. આવા લોકો સ્ત્રીપાત્ર થઈને આવેગ પૂર્ણ કરવા ફાંફાં મારતા રહે છે. કામ હાજરાહજૂર દેવ છે, એટલે ઋષિઓએ તેનું નામ ‘સ્મર’ રાખ્યું છે. સ્મૃતિમાત્રથી જે ઉત્પન્ન થઈ જાય તેને સ્મર કહેવાય. એટલે કોઈ પણ શાણી વ્યક્તિએ આજીવન બ્રહ્મચર્યનું વ્રત લેવું ન જોઈએ. વ્રત લેનારની ગમે તેટલી ઊંચી ભાવના હોય તોપણ કામ તેને જંપીને બેસવા નહિ દે. તે તેને હચમચાવતો રહેશે અને કોઈ ને કોઈ રીતે તેને પાડી જ દેશે. હા, જેણે મહત્ત્વનાં કાર્યો કરવાં હોય તેણે અપરિણીત રહેવાનું વ્રત લેવું, જેથી પત્નીની જવાબદારી વિના તે મહત્ત્વનાં કાર્યો કરી શકે.

પાંડવો ચૌદેક વર્ષના થઈ ગયા છે ત્યારની વાત છે. પાંડુરાજા વનમાં વિચરણ કરી રહ્યા છે. માદ્રી પણ સાથે થઈ ગઈ. આજે તેણે પૂરેપૂરા શણગાર કર્યા હતા. વાતાવરણમાં પણ માદકતા હતી. કામાતુર સ્ત્રી પોતાના શરીરમાંથી કામગંધ અને કામકિરણ ફેલાવતી રહે છે. તેથી તે પોતાના લક્ષ્યને સંદેશો મોકલે છે. પાંડુરાજાનું મન વિકારી થયું. શાપનો ત્રાસ જાણવા છતાં પણ મન માન્યું નહિ અને બન્નેએ એકબીજાને પ્રોત્સાહન આપ્યું. શાપનો તાપ વીજળીની માફક ત્રાટક્યો. તત્કાળ પાંડુનું મૃત્યુ થઈ ગયું. કેટલાક મહાવીર લોકો યુદ્ધ કરતાં-કરતાં મૃત્યુ પામતા હોય છે, કેટલાક ભક્તજનો ભજન-સાધના કરતાં-કરતાં મૃત્યુ પામતા હોય છે, કેટલાક અકસ્માતમાં મૃત્યુ પામતા હોય છે, કેટલાક કૅન્સર જેવા મહારોગમાં રિબાઈ-રિબાઈને મૃત્યુ પામતા હોય છે, તો કેટલાક વિષયભોગો ભોગવતાં-ભોગવતાં મૃત્યુ પામતા હોય છે. કોનું મૃત્યુ કેવું થશે તે કહી શકાય નહિ. પાંડુ વિષયભોગના આવેગમાં મૃત્યુ પામ્યા. હવે શું કરવું? માદ્રીને અપરાધભાવ થયો. આ મારે કારણે જ થયું. હું શણગાર સજીને એકાંતમાં આવી તેથી તે ઉશ્કેરાયા અને આવું થયું. લોકો મને શું કહેશે? માદ્રી વિલાપ કરવા લાગી. તેનો વિલાપ સાંભળીને કુન્તી વગેરે દોડી આવ્યાં. માદ્રીએ બાળકોને દૂર રાખવા કહ્યું, કારણ કે જે દૃશ્ય હતું તે બાળકોને બતાવવા જેવું ન હતું.

પાંડુના મૃતકને જોઈને કુન્તી પણ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. પતિવ્રતા પત્નીનું સર્વસ્વ તેનો પતિ છે. તેના અકાળમૃત્યુથી તેને ભારે આઘાત લાગતો હોય છે. આનું નામ તો સંસાર છે. શોક વિનાનો સંસાર કેવો? પ્રિયતા હોય ત્યાં વિયોગ હોય, વિયોગ હોય ત્યાં શોક હોય. ચારે તરફ હાહાકાર થઈ ગયો.

પાંડુના અગ્નિસંસ્કાર કરવાનું કામ શરૂ થયું. હવે પાંડુ સાથે ચિતામાં બેસીને સતી થવા માટે કુન્તી અને માદ્રીમાં હોડ લાગી. ઘણી રકઝક પછી પાંચે પુત્રોની જવાબદારી કુન્તીને સોંપીને માદ્રી ચિતા ઉપર ચઢી ગઈ. જોતજોતાંમાં અગ્નિદેવે પતિ-પત્ની બન્નેને સ્વર્ગલોકમાં પહોંચાડી દીધાં. હવે અહીં કોઈ શાપ નથી. અધૂરી મન:કામના અહીં પૂરી થઈ શકશે. માણસ તર્કોથી જીવન નથી જીવતો, ભાવનાઓથી જીવે છે. અને કલ્પનાપૂર્ણ ભાવનાઓ વધુ મીઠી લાગે છે.

મૃગ અને મૃગીનો શાપ ફળ્યો.

26-6-10

*

18. કુન્તી તથા પાંડવો હસ્તિનાપુરમાં

સૌનો નાથ ભગવાન છે તોપણ સ્ત્રીઓ અને બાળકો કોઈના નાથપણામાં જીવતાં હોય છે. જો કોઈ નાથ ન હોય તો તે અનાથ થઈ જતાં હોય છે. પતિના મરવાથી પત્ની અનાથ થઈ જતી હોય છે, પણ પત્નીના મરવાથી પતિ અનાથ નથી થઈ જતો. હા, વિધુર થઈ જાય ખરો. વિધુરતા મહા દુ:ખદાયી થઈ શકે છે, જો મરનાર પત્ની સુલક્ષણી હોય તો, પણ જો તે કુલક્ષણી હોય તો વિધુરતા આશીર્વાદરૂપ થઈ શકે છે. પણ વૈધવ્યનું દુ:ખ તો અનેકગણું વધારે છે, કારણ કે પતિ એ માત્ર પતિ જ નથી, તે નાથ પણ છે. એટલે તો સ્ત્રીઓ પ્રાણનાથ કહીને બોલાવે છે. નાથ વિનાનું જીવન એટલે સુકાની વિનાની નૌકા, ડ્રાઇવર વિનાની ગાડી. સંસારની નાવ આર્થિક, સામાજિક, ધાર્મિક અને શારીરિક—બધી રીતે પતિને આધીન હંકારાતી હોય છે. પતિના મૃત્યુથી આ બધાં માળખાં ભાંગી પડે છે. સ્ત્રી અને તેમાં પણ જો એ યુવાન હોય તો તેનું સર્વસ્વ વેરવિખેર થઈ જાય છે. પતિની ખોટ કદી પણ પુરાતી જ નથી. એકલી ગભરુ સ્ત્રી કેવી રીતે જીવન જીવી શકે! વિધવાના વિલાપને કોણ સમજી શક્યું છે? તેના ઉપર કઠોરથી કઠોર નિયંત્રણો લાદીને અને મહેણાં મારીને દાઝ્યા ઉપર ડામ દેનારી સંસ્કૃતિનું શું કહેવું? જે લોકો વિધવાને જીવનભર રિબાવવા કરતાં તેના પુનર્વિવાહ કરી આપે છે તે મહાન છે. તેમની સંસ્કૃતિ પણ મહાન છે. કેટલાક ધર્મો અને સમાજોમાં તો પુરુષના અવસાન પછી કળ વળી જાય એટલે તરત જ તેના પરિવારમાંથી જ કોઈ પુરુષ વિધવાને અપનાવીને તેને સધવાપણું આપી દે છે. તે આવકાર્ય તત્ત્વ ગણાવું જોઈએ.

અનાથ કુન્તી અને પાંડવોને લઈને ઋષિઓ હસ્તિનાપુર પહોંચ્યા અને બધાંને ભીષ્મને સોંપી દીધાં. પરિવારમાં ગમે તેટલો કલહ થયો હોય કે થતો હોય તોપણ વિકટ પરિસ્થિતિ આવતાં પરિવાર જ શરણ-સ્થલ થતો હોય છે. ડાહ્યા માણસે વધુ પડતું કડવું બોલીને બગાડવું ન જોઈએ. બોલેલું આડું આવતું હોય છે. ભવિષ્યમાં આપત્તિ આવવાની જ છે તેમ સમજીને એક શરણ- સ્થલ જરૂર સુરક્ષિત રાખવું જોઈએ.

ઋષિમુનિઓ કુન્તી, પાંડવો અને પાંડુ તથા માદ્રીનાં અસ્થિ લઈને હસ્તિનાપુર પહોંચી ગયા. સમાચાર જાણીને આખું નગર દર્શન કરવા ઊભરાયું. સ્વયં ધૃતરાષ્ટ્ર—વિદુર—ભીષ્મ—ગાંધારી—દુર્યોધન વગેરે પણ આવ્યાં. તમારા આગમનથી જ્યાં ઉમળકો ન દેખાય ત્યાં સ્વમાની પુરુષે જવું નહિ. ઉમળકો લાગણીઓમાંથી આવતો હોય છે. લાગણીહીન વ્યક્તિ કે પરિવાર ગમે તેટલી સમૃદ્ધ કે શક્તિશાળી હોય તોપણ સ્વમાની વ્યક્તિને ત્યાં સુખ નથી મળતું.

કૌરવોએ ફરીથી પાંડુ તથા માદ્રીનાં અસ્થિનો દાહ વિધિવત્ કર્યો.

પાંડુ તથા ધૃતરાષ્ટ્રના બે પરિવારો એકસાથે રહેવા લાગ્યા.

26-6-10

*

19. ભીમને વિષ આપવું

સંયુક્ત કુટુંબ અથવા મોટો પરિવાર એકસાથે રહે તો થોડીઘણી ખટપટો તો થતી જ હોય છે. જો ઘરમાં કોઈ વડીલ હોય અને તેની મર્યાદામાં બધાં રહેતાં હોય તો જ સંયુક્ત પરિવાર લાંબો સમય રહી શકે. જ્યાં વડીલોનાં માન-સન્માન-મર્યાદા ન રહેતાં હોય ત્યાં સંપ અને એકતા રહી શકે નહિ. વડીલો પણ પક્ષપાત-રહિત સમભાવ રાખનારા હોય તો જ મર્યાદા રખાવી શકે. જો વડીલો ભેદભાવ કરનારા હોય તો તેમનું માન રહે નહિ. આવી જ રીતે પરિવારનાં બાળકો-યુવાનો—ખાસ કરીને સ્ત્રીવર્ગ ઉચ્ચ સંસ્કારી અને ખાનદાન હોય તો જ તે મર્યાદામાં રહી શકે. પુત્રો કરતાં પુત્રવધૂઓની ખાનદાની પરિવારની એકતામાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે.

પાંડુ તથા માદ્રીની બધી વિધિ પૂરી કર્યા પછી વ્યાસજી સત્યવતી પાસે એકાંતમાં આવ્યા. વ્યાસજીને દૂરનું ભવિષ્ય દેખાય છે, તેથી તેમણે હિતબુદ્ધિથી સત્યવતીને કહ્યું કે "જો, સાંભળ, હવે દુર્યોધનનું રાજ થવાનું છે. તે હાહાકાર મચાવશે. ધર્મ-મર્યાદા નષ્ટ થઈ જશે. પ્રજા દુઃખીદુઃખી થઈ જશે, માટે જો તારે તેવા દિવસ જોવા ન હોય તો અંબાલિકાને લઈને વનમાં ચાલી જા." સલાહ આપીને વ્યાસજી વિદાય થઈ ગયા. ડાહ્યા માણસે એક સાચો સલાહકાર રાખવો જોઈએ, જે સત્ય અને હિતની સલાહ આપે.

સત્યવતીએ અંબાલિકાને બોલાવી વનમાં જવાની વાત કરી તો તે તૈયાર થઈ ગઈ. પણ તેણે અંબિકાને પણ બોલાવી. તે પણ તૈયાર થઈ ગઈ. સાસુ-વહુઓ ત્રણે વનમાં ચાલ્યાં ગયાં. ત્યારે વન સૌનું આશ્રયસ્થાન હતું. હવે રાજપરિવાર વડીલ સ્ત્રીઓ વિનાનો થઈ ગયો.

કૌરવો અને પાંડવો યુવાન થઈ ગયા છે. બધા આખો દિવસ ધિંગામસ્તી કરે છે રમતો રમ્યા કરે છે. દુર્યોધન અને ભીમને બનતું નથી. ઘણી વાર ભીમ દુર્યોધનને માર મારે છે, તેથી દુર્યોધનને ભીમ પ્રત્યે દ્વેષ થઈ ગયો છે. દ્વેષ જ્યારે સ્થાયી થઈ જાય ત્યારે વૈરનું રૂપ ધારણ કરે. પણ વૈરી દુર્બળ હોય અર્થાત્ પહોંચી શકે તેવો ન હોય તો ષડ્યંત્ર રચવા લાગે. વીરપુરુષો સામી છાતીએ લડે, કાયરો ષડ્યંત્રો રચે, પાછળથી વાર કરે. દુર્યોધને જોયું કે તે ભીમને પહોંચી શકે તેમ નથી, એટલે તેણે ષડ્યંત્રો રચવા માંડ્યાં. કૌરવ-પાંડવો વન-ઉપવનમાં આનંદોત્સવ કરવા ગયા હતા ત્યાંના જમણવારમાં દુર્યોધને ભીમની થાળીમાં ઝેર ભેળવી દીધું. ઝેરથી અજ્ઞાત ભીમ આનંદથી બધું જમી ગયો. પછી તેને ઘેન ચઢ્યું અને સૂઈ ગયો. દુર્યોધનને તો આટલું જ જોઈતું હતું. તેણે ભીમને બેભાનાવસ્થામાં મુશ્કેટાટ બાંધીને ગંગાની ઊંચી ભેખડ ઉપરથી નીચે ફેંકી દીધો. "હાશ, હવે છૂટ્યા! હવે શાંતિ થઈ!"

ભીમ તો પાણીમાં છેક નીચે નાગલોકમાં પહોંચી ગયો. સેંકડો નાગ ભેગા થઈ ગયા અને બધા તેને ડંખ મારવા લાગ્યા. નાગોના ડંખથી પેલું ઝેર ઊતરી ગયું. "ઝેર ઝેરને કાપે" તે ન્યાય પ્રમાણે ભીમ ભાનમાં આવ્યો. તેણે બધાં બંધન કાપી નાખ્યાં અને નાગો સાથે યુદ્ધ કરવા લાગ્યો. નાગો દોડીને નાગરાજ આર્યક પાસે ગયા. આ આર્યક તો ભીમના સગા નીકળ્યા. આર્યકે ભીમને છાતીએ લગાવીને ધન્યવાદ આપ્યા, એટલું જ નહિ, નાગલોકમાં આવેલા અમૃતકુંડમાંથી રસ પીવાનું આમંત્રણ આપ્યું. આ રસ પીવાથી હાથી જેટલું બળ આવે છે. ભીમ તો જે મંડ્યો કે આઠ કુંડનો રસ પી ગયો. હાશ, હવે આઠ હાથી જેટલું બળ ભીમમાં આવી ગયું. ઘણી વાર અનિષ્ટ પણ ઇષ્ટ થઈ જતું હોય છે. ભીમને મારી નાખવા દુર્યોધને ઝેર પિવડાવીને જળમાં ફેંક્યો હતો, પણ ભીમ તો મર્યો નહિ, ઉપરથી આઠ હાથી જેટલું બળ

લઈને પાછો ફર્યો. આ બાજુ ભીમના ગાયબ થઈ જવાથી કુન્તી તથા પાંડવો ચિંતાતુર થઈ ગયાં. તેમણે ચારે તરફ શોધ કરી, પણ ક્યાંય ભીમ મળ્યો નહિ. સૌને દુર્યોધનના ષડ્યંત્રની શંકા થઈ, કારણ કે દુર્યોધનનો દ્વેષ જાણીતો હતો. કુન્તી અને પાંડવો ભીમ ન મળવાથી નિરાશ થઈને શોકમુદ્રામાં ચૂપચાપ બેઠાં હતાં. આઠ હાથીઓ જેટલું બળ પ્રાપ્ત કરીને આઠમા દિવસે ભીમ માતા પાસે પ્રગટ થયો. બધાં રાજીરાજી થઈ ગયાં. ભીમસેને પોતાના ઉપર જે વીતી હતી તે બધું કહી સંભળાવ્યું. પણ યુધિષ્ઠિરે બધાંને સાવધાન કર્યાં અને કહ્યું કે હવે આ વાત ભૂલી જાઓ. આપણે દુર્યોધનને કશો દોષ દેવો નથી. જે થયું તે થયું. સંયુક્ત પરિવારમાં ગમ ખાવો જરૂરી છે. ગમ ખાઓ તો જ પરિવાર ટકે. પાંડવો ગમ ખાઈ ગયા.

ભીમને હટ્ટોકટ્ટો પાછો આવેલો જોઈને દુર્યોધન વધુ ચિઢાયો. તેણે ફરીથી ભીમને મહાભયંકર કાલકૂટ નામનું ઝેર ભોજનમાં આપી દીધું. ભીમ ખાઈ ગયો, એટલું જ નહિ, ઝેરને પચાવી પણ ગયો, કારણ કે તેના પેટમાં ‘વૃક’ નામનો અગ્નિ હતો જે બધું પચાવી નાખતો હતો. તેથી તો તેનું નામ ‘વૃકોદર’ પડ્યું હતું.

ધૃતરાષ્ટ્રે છોકરાઓનો ઉત્પાત જોઈને નક્કી કર્યું કે હવે આમને કોઈ આચાર્ય પાસે વિદ્યાધ્યયન માટે મૂકી દેવા જોઈએ. તેણે કૃપાચાર્ય નામના મહાજ્ઞાની આચાર્ય પાસે પાંડવો તથા કૌરવોને ભણવા માટે મૂકી દીધા. કૃપાચાર્ય બધાને ધનુર્વિદ્યા ભણાવવા લાગ્યા.

26-6-10

*

20. કૃપાચાર્ય

'મહાભારત'નાં બધાં પાત્રો પૂર્ણરૂપથી ઐતિહાસિક નથી લાગતાં તોપણ કેટલાંક પાત્રો સાથે ઇતિહાસના અંશ જોડાયેલા લાગે છે. તેમની ઉત્પત્તિ પ્રકૃતિસહજ નથી હોતી તેથી, પણ ઐતિહાસિકતામાં સંદેહ થાય છે. આવું જ એક પાત્ર કૃપાચાર્યનું છે.

કથા આવી છે:

ગૌતમઋષિના ગોત્રમાં શરદ્વાન નામના ઋષિ થયા. આ ઋષિનું મન વેદાધ્યાયનમાં લાગતું નહિ પણ અસ્ત્રશસ્ત્રોમાં વધુ લાગતું, તેથી તે વેદાધ્યયનની જગ્યાએ ધનુર્વેદનું અધ્યયન કરવા લાગ્યા. બુદ્ધિ-પ્રતિભાની સાથે રુચિ પણ સંકળાયેલી રહે છે. બધા પ્રતિભાશાળીઓની રુચિ એકસરખી નથી હોતી, તેથી જેની જ્યાં રુચિ હોય તેને ત્યાં નિયોજવી હિતકારી કહી શકાય. શરદ્વાન ધનુર્વેદ ભણવા લાગ્યા અને નાના પ્રકારનાં અસ્ત્રશસ્ત્રોનું નિર્માણ કરવા તથા પ્રચલન કરવા લાગ્યા. તેમની પ્રગતિથી સ્વર્ગનો રાજા ઇન્દ્ર ગભરાયો. ઇન્દ્રનું સિંહાસન હંમેશાં ડોલતું રહે છે. સિંહાસન ડોલાવનારને તપોભ્રષ્ટ કરવા માટે ઇન્દ્રની પાસે હંમેશાં રામબાણ ઉપાય અપ્સરા રહે છે. ઇન્દ્રે 'જાનપદી' નામની એક અપ્સરાને શરદ્વાનને તપોભંગ કરવા મોકલી. જાનપદી શરદ્વાનની સમીપમાં જઈને હાવભાવ-નૃત્ય-ગાન વગેરે દ્વારા કામણ કરવા લાગી. સ્ત્રીની કામણશક્તિ ભલભલા પુરુષને ડોલાવી દેતી હોય છે, તેથી આવી કામણગારી સ્ત્રીથી ડાહ્યા પુરુષો દૂર રહેતા હોય છે. વનમાં જઈને તપ કરવા પાછળ આ પણ એક હેતુ રહેલો હોય છે. જાનપદીના હાવભાવથી મુનિ વિચલિત થઈ ગયા. તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. લાંબો સમય બ્રહ્મચર્ય પાળનારા અને સ્ત્રીઓથી દૂર ભાગનારા પુરુષોનું વીર્ય જલદી સ્ખલિત થઈ જતું હોય છે, કારણ કે વપરાયા વિનાનું વીર્ય તેના કોશમાં ચિક્કાર ભરેલું હોય છે. જરા-જેટલો વિકાર થતાં જ તે સ્ખલિત થઈ જતું હોય છે. જેમનો કોશ ખાલી હોય છે તેમને પણ વિકાર તો થાય છે, પણ સ્ખલન નથી થતું. ભરેલો ઘડો તરત જ છલકાય, ખાલી ઘડો શું છલકાય?

શરદ્વાન વિચલિત તો થયા પણ માત્ર માનસિક રીતે, શરીરને મર્યાદામાં રાખી શક્યા. પણ મનની અસર શરીર ઉપર થઈ ગઈ. ઋષિ તો ત્યાંથી ચાલતા થયા. કોઈથી ન ડરનારા બ્રહ્મચારીઓ કામિનીઓથી બહુ ડરતા રહે છે, તેથી તેમણે આશ્રમ છોડીને ચાલતી પકડી. હવે અહીં રહેવું સુરક્ષિત નથી. ઋષિ તો ચાલ્યા ગયા, પણ તેમનું વીર્ય ત્યાં પડ્યું રહ્યું. તેના બે ભાગ થઈ ગયા, જેમાંથી એક બાળક થયો અને બીજી કન્યા થઈ ગઈ. યોગાનુયોગ તે જ દિવસે રાજા શાન્તનુ વનમાં શિકાર કરવા આવ્યા હતા. તેમણે આ બાળક તથા કન્યાને જોયાં અને ઘરે લઈ આવ્યા. બન્નેનાં નામ કૃપા અને કૃપી રાખ્યાં. કૃપાથી ઊછર્યાં હતાં તેથી આવું નામ રાખ્યું. બન્ને મોટાં થવા લાગ્યાં.

શરદ્વાનને ખબર પડી કે પોતાનાં બે બાળકો શાન્તનુ રાજાને ત્યાં ઊછરીને મોટાં થઈ રહ્યાં છે. એક દિવસ ગુપ્ત રીતે આવીને તેમણે પોતાનું ગોત્ર અને ધનુર્વેદની બધી વિદ્યા આપી દીધી. તે કારણે કૃપાચાર્ય ધનુર્વેદના મહાન આચાર્ય થઈ ગયા.

પાંડવો અને કૌરવો તેમના હાથે બધી વિદ્યા ભણવા લાગ્યા. દૂરદૂરથી અનેક રાજકુમારો શિક્ષા લેવા કૃપાચાર્યની પાસે આવતા રહ્યા. જરા ધનુર્વેદને સમજવા જેવો છે. તેના ચાર ભેદ છે: મુક્ત, અમુક્ત, મુક્તામુક્ત અને મંત્રમુક્ત.

(1) જે અસ્ત્ર છોડી શકાય તેને મુક્ત કહેવાય. જેમ કે ધનુષ્ય-બાણ.

(2) જે શસ્ત્ર હાથમાં રાખીને લડી શકાય તેને અમુક્ત કહેવાય. જેમ કે તલવાર વગેરે.

(3) જે શસ્ત્રને છોડી પણ શકાય અને સમેટી પણ શકાય તેને મુક્તામુક્ત કહેવાય છે. જેમ કે ભાલો વગેરે.

(4) જે શસ્ત્ર મંત્રના પ્રભાવથી કામ કરે તેને મંત્રશસ્ત્ર કહેવાય. જેમ કે અગ્ન્યસ્ત્ર વગેરે.

ફરી પાછા ધનુર્વેદના ચાર ભેદ છે:

1. શસ્ત્ર, 2. અસ્ત્ર, 3. પ્રત્યસ્ત્ર અને 4. પરમાસ્ત્ર.

ફરી પાછા ચાર ભેદ કહ્યા છે:

1. આદાન, 2. સંધાન, 3. વિમોક્ષ અને 4. સંહાર.

ઋષિઓ શસ્ત્રવિદ્યામાં નિપુણ જ નહિ, શસ્ત્રપ્રેમી પણ હતા. ઋષિયુગ અસ્ત થયો અને શ્રમણયુગ શરૂ થયો તે પછી શસ્ત્રવિમુખતા વધવા લાગી. અહિંસાપ્રધાન ધર્મથી લોકો શસ્ત્ર છોડવા લાગ્યા જે કારણે પ્રજા વધુ ને વધુ શસ્ત્રવિમુખ અને પછી શસ્ત્રવિરોધી થતી ગઈ, જેના પરિણામે શૌર્ય અને વીરતા ઘટવા લાગ્યાં. વિદેશી અને વિધર્મી આક્રાન્તાઓને ફાવતું જડ્યું. દેશને બહુ સરળતાથી ગુલામ બનાવી દીધો. ફરીથી ઋષિયુગ આવે તો જ પ્રજાને શસ્ત્રપ્રેમી બનાવી શકાય. તો જ આક્રાન્તાઓથી દેશને બચાવી શકાય.

26-6-10

*

21. દ્રોણાચાર્ય

કૃપાચાર્ય મહાન છે, તોપણ વિદ્યાની પૂર્ણતા થતી નથી. પ્રાથમિક શિક્ષણ પછી માધ્યમિક અને તે પછી સ્નાતક કક્ષાનું શિક્ષણ ચાલતું રહે છે. ભીષ્મે જોયું કે પોતાના વંશમાં કેટલાક અત્યંત પ્રતિભાશાળી પુત્રો છે. તેમને હજી આગળ વિદ્યાભ્યાસ કરાવવો જોઈએ. તેમણે કેટલાક પુત્રોને તારવીને જુદા કર્યા. ઉચ્ચશિક્ષણ બધાને ન અપાય, માત્ર મેધાવી હોય તેમને જ અપાય. અનામતના જોરે મેધાહીન લોકોને પણ જો શિક્ષણસંસ્થાઓમાં ભરતી કરાય તો શિક્ષણનો સ્તર નીચો ઊતરી આવે. શિક્ષણનો સ્તર એ રાષ્ટ્રનો સ્તર છે. પૂરું રાષ્ટ્ર નીચે ઊતરી જાય. તેથી પ્રાથમિક શિક્ષણ સૌના માટે, પણ ઉચ્ચ શિક્ષણ માત્ર મેધાવીઓ માટે તેવો નિયમ ભીષ્મે રાખીને વીણીવીણીને પ્રચંડ મેધાવીઓને અલગ કર્યા. તેમના માટે તેમણે એક ભારદ્વાજગોત્રીય ઋષિ દ્રોણને શોધી કાઢ્યા. દ્રોણ મહાન વિદ્વાન અને ધનુર્વિદ્યામાં પૂર્ણ નિપુણ હતા. તેમણે પોતાના શિષ્યોને ધનુર્વિદ્યાની નિપુણતા આપી. રાજકુમારો રખડતા ન હોય. રખડતા હોય તે મવાલી થાય. રાજકુમારો તો સતત વિદ્યાસાધનામાં લાગ્યા રહે. તો જ કુશળતા પ્રાપ્ત થઈ શકે.

જનમેજયને દ્રોણ વિશે જિજ્ઞાસા જાગી છે: દ્રોણ કોણ હતા, ઉત્પત્તિ ક્યાંથી થઈ, વગેરે. વૈશંપાયન ઋષિ વિસ્તારથી ઉત્તર આપે છે:

ભારદ્વાજઋષિ ગંગાદ્વારમાં રહેતા હતા. એક વાર તેઓ ગંગાસ્નાન કરવા ગયા. ત્યાં તેમણે પાતળાં પારદર્શી વસ્ત્ર પહેરેલી અપ્સરા જોઈ. તેને જોતાં જ ભારદ્વાજઋષિમાં કામવિકાર ઉત્પન્ન થઈ ગયો. ભદ્ર સ્ત્રીઓ કદી પણ લોકોનો મનોભાવ વિકારી થાય તેવો પહેરવેશ પહેરતી નથી. પણ આ તો ધુતારી અપ્સરા છે. તેનું તો કામ જ છે વિકાર જગાડવાનું. તેના દેહપ્રદર્શનથી ઋષિ વિકારી થયા અને તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. આ વીર્યને યજ્ઞના દ્રોણમાં સંઘરી લીધું, તેમાંથી જે પુત્ર થયો તે દ્રોણ કહેવાયો.

ભારદ્વાજ મહાન અસ્ત્રવેત્તા હતા. તેમણે અગ્નિવેશ નામના શિષ્યને પોતાની વિદ્યા ભણાવી હતી. અગ્નિવેશે ગુરુપુત્ર દ્રોણને શરણ આપ્યું.

ભારદ્વાજઋષિને ત્યાં જ્યારે દ્રોણનો જન્મ થયો હતો ત્યારે પૃષત્ નામના રાજાને ત્યાં પણ દ્રુપદ નામના પુત્રનો જન્મ થયો હતો. દ્રોણ અને દ્રુપદ બન્ને મિત્રો થઈ ગયા હતા અને સાથે જ રમતા-ખેલતા હતા.

પૃષત્-રાજાના મૃત્યુ પછી દ્રુપદ રાજા થઈ ગયો. દ્રોણ તો તપસ્વી જ રહ્યા. દ્રોણે કૃપાચાર્યની બહેન કૃપીની સાથે લગ્ન કર્યાં. તેમને અશ્વાત્થામા નામનો મહાન પુત્ર થયો.

એક વાર દ્રોણ વધુ વિદ્યા ભણવા માટે પરશુરામજી પાસે ગયા અને પરશુરામને પ્રસન્ન કરીને અસ્ત્ર-શસ્ત્રની બધી વિદ્યા પ્રાપ્ત કરી લીધી. ધનુર્વેદના પ્રકાંડ પંડિત થયા પછી દ્રોણ પોતાના બાળમિત્ર દ્રુપદના દરબારમાં ગયા અને પોતાની જૂની મૈત્રી યાદ કરાવીને દ્રુપદને મિત્ર તરીકે બોલાવ્યો. પણ દ્રુપદને આ ગમ્યું નહિ. પ્રત્યેક રાજા કૃષ્ણ નથી હોતો જે બાળસખા દરિદ્ર સુદામાનાં ચરણોમાં બેસી પંખો નાખે. ડાહ્યા માણસે કદી પણ જૂની મૈત્રીનો સંબંધ લઈને મોટા થઈ ગયેલા મિત્ર પાસે જવું નહિ. મોટા લોકો નાના માણસોના સંબંધથી શરમાતા હોય છે. તેમનો સંબંધ તેમને અપમાનજનક લાગતો હોય છે. તેથી આવી હીનતાથી પીડાતા મોટા માણસથી દૂર જ રહેવું. ભલે ગરીબી વેઠી લેવી, પણ તેમની પાસે ન જવું. પણ દ્રોણ તો મોટી

આશાએ મિત્ર માનીને દ્રુપદ પાસે ગયા. દ્રુપદે તેમનું અપમાન કરીને કાઢી મૂક્યા. દ્રોણને ભારે દુ:ખ થયું. તેમનામાં વૈરભાવ જાગૃત થયો. જૂના મિત્રો કે પરિચિતોનું માત્ર દરિદ્રતાના કારણે અપમાન ન કરાય. તેમને વિનય-વિવેકથી સમજાવીને વિદાય કરાય.

દ્રોણ હસ્તિનાપુર પહોંચી ગયા અને કૃપાચાર્યને ત્યાં ગુપ્ત રીતે રહેવા લાગ્યા.

એક વાર એવું બન્યું કે પાંડવો અને કૌરવો મોઈ-દંડો રમત રમતા હતા. રમતાં-રમતાં તેમની મોઈ જળ વિનાના ઊંડા કૂવામાં પડી ગઈ. ઘણા પ્રયત્નો પછી પણ તેઓ મોઈને બહાર કાઢી શક્યા નહિ. દ્રોણે આ દૃશ્ય જોયું. દ્રોણે પોતાની ધનુર્વિદ્યાના પ્રતાપથી મોઈ અને પોતાની વીંટી બન્નેને બહાર કાઢી આપ્યાં, તેથી રાજકુમારો પ્રસન્ન થઈ ગયા. દ્રોણની કીર્તિ ભીષ્મ સુધી પહોંચી અને કુશળ જ્ઞાતા ભીષ્મે દ્રોણને રાજકુમારોને શસ્ત્રવિદ્યા ભણાવવા રાખી લીધા.

દ્રોણને પોતાનો ભૂતકાળ યાદ આવ્યો. જ્યારે તેમણે કૃપી સાથે લગ્ન કર્યાં હતાં અને અશ્વત્થામા નામનો પુત્ર થયો હતો ત્યારે તે અતિદરિદ્ર હતા. પ્રાચીનકાળમાં બ્રાહ્મણોની દરિદ્રતા સાથે ગાઢ મૈત્રી રહેતી. વિદ્વાન ખરા, પણ દરિદ્ર પણ ખરા.

એક વાર એવું બન્યું કે બધા ઋષિકુમારો ગાયનું દૂધ પીતા હતા, અશ્વત્થામા દૂધ માટે રોતો હતો. ઋષિકુમારો તેને દૂધ બતાવીબતાવીને લલચાવતા હતા પણ આપતા ન હતા. આ દૃશ્ય જોઈને દ્રોણનું હૃદય વ્યથિત થઈ ગયું. વ્યક્તિ પોતાનું દુ:ખ તો સહન કરી શકે છે, પણ પોતાનાં આશ્રિતોનું દુ:ખ સહન કરી શકતી નથી. સ્વમાની પણ દરિદ્ર માણસે કદી પણ શ્રીમંતોના મહોલ્લામાં રહેવું નહિ. શ્રીમંતોનો ઘૃણાભર્યો વ્યવહાર તેને મારી નાખશે. તેણે પોતાની સમકક્ષ લોકોના મહોલ્લામાં રહેવું.

અશ્વત્થામાને દૂધ પિવડાવવા માટે દ્રોણ ગાયની શોધમાં નીકળી પડ્યા. પણ કોઈએ તેમને ગૌદાન કર્યું નહિ. ગાય લીધા વિના જ્યારે તે પાછા ફર્યા ત્યારે ફરી પાછું એ જ દૃશ્ય જોયું. ઋષિકુમારો અશ્વત્થામાને લલચાવી રહ્યા છે અને અશ્વત્થામા દૂધ માટે ટળવળી રહ્યો છે. દ્રોણનું કાળજું ફાટી ગયું: ધિક્કાર છે મારી ગરીબીને! અશ્વત્થામાનું મન મનાવવા કૃપી આટામાં પાણી મેળવીને દૂધ જેવું બનાવી અશ્વત્થામાને દૂધ કરીને આપે છે. આવાં દૃશ્યો કાળજાં કંપાવનારાં બની જાય છે.

આ દરિદ્રતાના દુ:ખમાંથી છૂટવા માટે તે દ્રુપદરાજાને ત્યાં ગયા. દ્રુપદે દુ:ખ તો દૂર ન કર્યું પણ અપમાનિત કરીને દ્રોણને કાઢી મૂક્યા. દરિદ્રતાની સાથે જ ઘૃણા-અપમાન-તિરસ્કાર સંકળાયેલાં હોય છે. દરિદ્ર માણસે કદી પણ ધનવાન મિત્ર કે સગા પાસે જવું નહિ.

દ્રોણની આપવીતી કથા સાંભળીને ભીષ્મનું હૃદય હચમચી ઊઠ્યું. તેમણે દ્રોણને આશરો આપ્યો અને દરિદ્રતા દૂર કરી. હવે દ્રોણ રાજકુમારોના આચાર્ય હતા. પ્રભાવશાળી હોવાથી રાજકારોબારમાં પણ તે માન્ય હતા. દિવસો બદલાઈ ગયા.

26-6-10

*

22. દ્રોણની વિદ્યાપીઠ અને એકલવ્ય

સામ્યવાદની ઉત્પત્તિ પહેલાં જે રાજવ્યવસ્થા, ધર્મવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા હતી તે સૌને માટે એકસમાન ન હતી. સામ્યવાદમાં પણ સૌના માટે પૂરેપૂરી વ્યાવહારિક સમાનતા થઈ શકી કે કેમ તે પ્રશ્ન જ રહ્યો છે, તોપણ વૈચારિક સમાનતાનો પાયો તો રહ્યો જ કહેવાય. વૈચારિકતા અને વ્યાવહારિકતાને એકરૂપ બનાવવી સરળ નથી હોતી. વ્યાવહારિકતામાંથી વૈચારિકતા પ્રગટે તો એકરૂપતા શક્ય બને છે. પણ જો પહેલાં વૈચારિકતા અને પછી વ્યાવહારિકતાનો ક્રમ રહે તો તેમાં એકરૂપતા કરવી કઠિન થઈ જાય છે. કેટલાક વિચારો આચારોથી મેળ ખાતા નથી હોતા. ત્યારે વિસંવાદ થાય છે. વિસંવાદ લાંબો સમય ચાલતો નથી.

શિક્ષણના ક્ષેત્રમાં સામાન્ય પ્રજા અને રાજપુત્રોને એકસાથે ભણાવાતા નહિ. રાજપુત્રો માટે ભણવાની અલગ વ્યવસ્થા રહેતી. જે ભવિષ્યમાં રાજા-મહારાજા થવાના હોય તેમનાં માનમર્યાદા અલગ હોય, તેમનું ઘડતર પણ જુદું હોય, તેથી તેમની અલગ વ્યવસ્થા કરાતી હશે.

ભીષ્મજીએ પણ આવી જ રાજપુત્રો માટેની અલગ પાઠશાળા બનાવી, જેના અધ્યક્ષ દ્રોણને બનાવ્યા. દ્રોણને રહેવા માટે ભવ્ય ભવન આપ્યું તથા જીવનની બધી ઉચ્ચ સગવડો કરી આપી. હવે તેમનો પુત્ર અશ્વત્થામા દૂધ માટે ટળવળતો ન હતો. સુખ-સગવડભર્યું જીવન સૌને ગમે છે. તેનાથી સુખની સાથે ગૌરવ પણ મળે છે.

દ્રોણની વિદ્યાપીઠમાં ચારે તરફના રાજકુમારો વિદ્યા ભણવા આવતા હતા. ઉચ્ચ લોકો પોતાની ઉચ્ચતા જાળવવા અને સ્થાપિત કરવા પોતાનાં સંતાનોને ઉચ્ચ વિદ્યાપીઠોમાં ભણાવતા હોય છે.

આપણે બોલવા ખાતર ભલે ગમે તેમ સમાનતાના આદર્શોની વાતો બોલીએ, પણ વ્યાવહારિક જીવનમાં કાંઈક પક્ષપાત રહી જ જતો હોય છે. દ્રોણ મહાન છે તોપણ પોતાના પુત્રને કેટલીક વિદ્યાઓ વધારે ભણાવે છે, જે બીજાને નથી ભણાવતા. આ વાત અર્જુનના ધ્યાનમાં આવી ગઈ. દ્રોણ બધા શિષ્યોને પાણી ભરવા માટે કમંડળ લઈને મોકલતા. કમંડળમાં પાણી ભરાતાં વાર લાગે, તેથી તે થોડા મોડા આવતા. દ્રોણ પોતાના પુત્ર અશ્વત્થામાને પહોળા મોઢાવાળો ઘડો લઈને પાણી ભરવા મોકલતા જેથી તે વહેલો પાણી લઈને આવી જતો. આ સમયે અન્ય કોઈ શિષ્ય ન રહેતો હોવાથી દ્રોણ પોતાના પુત્રને ધનુર્વેદની ગુપ્ત વિદ્યાઓ ભણાવી દેતા. અર્જુનને ખ્યાલ આવી જતાં તેણે પણ જલદીજલદી અશ્વત્થામાની સાથે જ જળ લઈને આવી જવાની યુક્તિ શોધી કાઢી. આથી તે પણ તેવી ગુપ્ત વિદ્યાઓ ભણવા લાગ્યો. સામૂહિક જીવનમાં ખાસ કરીને સામૂહિક ભોજનશાળાઓમાં આવો પક્ષપાત રહેતો જ હોય છે. ન રહેતો હોય ત્યાં દેવ રહે છે તેમ માનવું.

એક વાર નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય પણ ધનુર્વેદ ભણવા માટે વિદ્યાપીઠમાં આવી પહોંચ્યો. પણ તે રાજકુમાર ન હોવાથી દ્રોણે તેને પ્રવેશ આપ્યો નહિ. બીજી તરફ તેના દીદાર પણ સભ્યતાભર્યા ન હતા. તે ચીંથરેહાલ હતો, વસ્ત્રો મેલાં હતાં, વાળ અસ્તવ્યસ્ત હતા, ચહેરો કાળો હતો, લંગોટી-માત્ર પહેરી હતી, શરીરમાંથી કાંઈક દુર્ગંધ પણ આવતી હતી, કારણ કે તે રોજ સ્નાન ન કરતો, પાંચ-દશ-પંદર દિવસે અનુકૂળતા મળે ત્યારે સ્નાન કરતો—આવા દીદાર હોવાથી તે રાજકુમારો સાથે મૅચ થઈ શકતો ન હતો. તમારે જે સમાજ કે સોસાયટીમાં રહેવું હોય તેને અનુરૂપ વસ્ત્રાદિ પણ રાખવાં જોઈએ. જો રાખી ન શકો તો ભળી ન શકો. ભળી ન

શકવામાં તમે પોતે પણ દોષી કહેવાઓ. દ્રોણે વિદ્યાપીઠમાં પ્રવેશ ન આપવાથી તે નિરાશ ન થયો. તેની દ્રોણ પ્રત્યે અતૂટ અને અપાર શ્રદ્ધા હતી. પોતાનું ધાર્યું થાય ત્યાં સુધી જ શ્રદ્ધા રાખનારા શિષ્યો ભરોસાપાત્ર નથી હોતા. તેમનો સંબંધ લાંબો સમય રહેતો નથી. પ્રેમ અને શ્રદ્ધાનો સંબંધ તૂટવાથી ભારે દુ:ખ થાય છે. જ્ઞાની પુરુષે આવા સ્વલક્ષી શિષ્યોને દૂર રાખવા. આવાં ટોળાં જોઈને ફુલાવું નહિ. આ ચોમાસાનાં નાળાં છે. વરસાદ બંધ થતાં જ સુકાઈ જવાનાં છે.

જે લોકો પોતાનું ધાર્યું નહિ પણ ગુરુજીનું ધાર્યું થાય તેવા પ્રયત્નો કરતા હોય છે, તે સાચા શિષ્યો છે. તેમનો સંબંધ લાંબો ટકતો હોય છે. થોડા હોય તોપણ તે ગુરુજીને ધન્ય કરી દેતા હોય છે.

એકલવ્યને પ્રવેશ ન મળવા છતાં તેણે આક્રોશ વ્યક્ત ન કર્યો. તેની શ્રદ્ધા ઓછી ન થઈ. તે જાણતો હતો કે હું રાજકુમાર નથી અને મારો દેખાવ પણ આ બધામાં મેળ ખાતો નથી, એટલે કદાચ દ્રોણગુરુએ મને પ્રવેશ ન આપ્યો, તો કોઈ વાંધો નહિ. તે થોડે દૂર ગયો. એક પર્ણકુટી બનાવી, સાથેસાથે દ્રોણગુરુની પ્રતિમા પણ બનાવી. પ્રતિમાને ગુરુ માનીને તે ધનુર્વિદ્યા ભણવા લાગ્યો. દિનપ્રતિદિન તે વધુ ને વધુ જ્ઞાની થતો ગયો. કેટલાક લોકો સ્વયંભૂ હોય છે, અર્થાત્ ગુરુ વિના પણ આપબળે વિદ્યા ભણતા હોય છે. એકલવ્ય સ્વયંભૂ હતો.

એક વાર રાજપુત્રો શિકાર કરવા નીકળ્યા. સાથે એક કૂતરો પણ હતો. આ કૂતરો ફરતો-ફરતો એકલવ્યની કુટિયા પાસે પહોંચી ગયો અને જોરજોરથી ભસવા લાગ્યો. તેના ભસવાથી એકલવ્યને વિક્ષેપ થવા લાગ્યો. ભોગ, ભજન-ધ્યાન અને ભણતરમાં વિક્ષેપ ન કરાય. કૂતરાને ભસતો બંધ કરવા એકલવ્યે એવી રીતે સાત બાણ માર્યાં કે તે કૂતરાના મોઢામાં જરા પણ લોહી કાઢ્યા વિના, કશો જ ઘસરકો કર્યા વિના પેસી ગયાં. હવે કૂતરો ભસતો બંધ થઈ ગયો. તે દોડીને રાજકુમારો પાસે આવ્યો. મોઢામાં બાણ જોઈને સૌને નવાઈ લાગી. આવો તે મહાન બાણાવળી કોણ હશે? તેની શોધ કરતાં-કરતાં રાજકુમારો એકલવ્ય પાસે પહોંચી ગયા. દ્રોણ પણ આવ્યા. તેમને પણ નવાઈ લાગી. “આવી વિદ્યા તો હું પણ નથી જાણતો! કોણ હશે આનો ગુરુ?” દ્રોણે પ્રશ્ન પૂછ્યો કે “તારો ગુરુ કોણ છે?” એકલવ્યે જવાબ આપ્યો, “મારા ગુરુ દ્રોણ છે. જુઓ આ પ્રતિમા.” તેણે બધી વાત કહી સંભળાવી. દ્રોણ પ્રસન્ન થયા. પણ અર્જુને આવીને કાનમાં કહ્યું કે “તમે મને વરદાન આપ્યું છે કે તારા જેવો કોઈ બાણાવળી નહિ થાય તેનું શું? આ તો મારા કરતાં પણ વધુ મહાન બાણાવળી છે!” દ્રોણને ભાન થયું.

ઘણી વાર મહાપુરુષો પણ ભૂલો કરતા હોય છે. મહાનની ભૂલો પણ મહાન હોય છે. દ્રોણે એકલવ્યને વિદ્યાપીઠમાં પ્રવેશ ન આપ્યો તે તો જાણે ઠીક, પણ અર્જુન પ્રત્યેના મોહમાં એકલવ્ય પાસેથી ગુરુદક્ષિણાનું નિમિત્ત કરીને જમણા હાથનો અંગૂઠો માગી લીધો તે મહાન ભૂલ કહેવાય. આવું માગવાને કદી પણ ન્યાયોચિત ઠેરવી ન શકાય, ધાર્મિક પણ ન કહેવાય.

જરાય વિચાર કર્યા વિના જ એકલવ્યે તરત જ પોતાના હાથે પોતાનો જમણા હાથનો અંગૂઠો કાપી આપ્યો. ઇતિહાસ કદી દ્રોણને ક્ષમા નહિ કરે. ખરેખર તો એકલવ્યની સર્વોચ્ચ પ્રતિભાને બિરદાવવી જોઈતી હતી. અર્જુનની સાથે એકલવ્યનો સરવાળો કરીને બે મહાન યોદ્ધાઓ પકવવાના હતા. પણ અર્જુન-મોહમાં આટલો મોટો અનર્થ થઈ ગયો. ધૃતરાષ્ટ્રે જેમ પુત્રમોહમાં આખું યુદ્ધ કરાવી દીધું તેવું જ કહેવાય. હવે એકલવ્યની પેઢીઓ બદલો લે તો દોષ કોનો? પ્રાયશ્ચિત્ત થવું જોઈએ.

ત્યારે ગદાયુદ્ધમાં ભીમ અને દુર્યોધન નિપુણ હતા, પણ મહાબલી ભીમ દુર્યોધનને ખૂબ ફટકારતો રહેતો. બન્ને વચ્ચે દ્વેષભાવ પણ હતો.

એક વાર શિષ્યોની પરીક્ષા લેવા દ્રોણે એક વૃક્ષ ઉપર એક પક્ષીને લક્ષ્ય બનાવીને મૂક્યું અને પછી એક પછી એક સૌને લક્ષ્યવેધ કરવા કહ્યું. માત્ર અર્જુન જ પક્ષીની આંખનો લક્ષ્યવેધ કરવામાં સફળ થયો, તેથી દ્રોણે પ્રસન્ન થઈને તેને આશીર્વાદ આપ્યા.

એક વાર દ્રોણગુરુ શિષ્યો સહિત ગંગાસ્નાન કરવા ગયા. ત્યાં ભયંકર મગરમચ્છે તેમનો પગ પકડી લીધો અને જળમાં ખેંચવા લાગ્યો. બૂમાબૂમ થઈ ગઈ. અર્જુન જરાય ગભરાયો નહિ. તેણે તરત જ બાણ ચલાવીને મગરને વીંધી નાખ્યો. ગુરુજી મુક્ત થયા અને પ્રસન્ન થયા. તેમણે ‘બ્રહ્મશિરા’ નામનું અસ્ત્ર અર્જુનને આપ્યું અને કહ્યું, “ત્રણે લોકમાં આવું અસ્ત્ર કોઈની પાસે નથી.” સર્વોચ્ચ શસ્ત્રો રાખનારનો વિજય સરળ થઈ જતો હોય છે. અર્જુને દ્રોણને વંદન કર્યાં.

27-6-10

*

23. રાજકુમારોની શસ્ત્રપરીક્ષા

પરીક્ષા વિનાનું શિક્ષણ ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા જેવું થઈ જાય. સોના અને પિત્તળનો ભેદ પરીક્ષાથી જ થઈ શકે, માત્ર રંગથી નહિ. માણસોમાં પણ માત્ર માણસ હોવામાત્રથી બધા અર્જુન ન થઈ શકે. જો બધા જ અર્જુન થઈ જાય તો વિદ્યાપીઠોની જરૂર જ ન રહે. પ્રતિભા, ગુણો અને ક્રિયાની કદર થવી જ જોઈએ. સૌથી મોટો દ્રોહ પ્રતિભાદ્રોહ છે. જે રાષ્ટ્ર કે પ્રજા પ્રતિભાનો દ્રોહ કરશે તેનું પતન થઈ જશે. પ્રતિભા જ રાષ્ટ્રનું મસ્તિષ્ક છે. મસ્તિષ્ક જ રાષ્ટ્રને તથા પ્રજાને મહાનતા આપતું હોય છે. એટલે પ્રતિભાની પૂજા થવી જ જોઈએ. ઋષિમુનિઓ પ્રતિભાથી પૂજાય છે. કદી પણ પ્રતિભાની હત્યા ન થવી જોઈએ. જે ભૂલ દ્રોણે કરી તે કોઈએ ન કરવી જોઈએ.

> અનાહૂતોપસૃષ્ટાનામનાહૂતોપજલ્પિનામ્।
> યે લોકસ્તાન્ હતઃ કર્ણ મયાત્વં પ્રતિપત્સ્યતે॥

અર્થાત્ જે વગર બોલાવ્યો સભામાં જાય છે અને જે વગર કહ્યે બોલવા લાગે છે તેવા સ્વમાનહીન અવિવેકી માણસને જે અધમસ્થાન મળે છે તે હું આજે તને આપીશ.

બન્ને યોદ્ધાઓ ગર્વથી અને વેગપૂર્વક સામસામે આવી ગયા. એવામાં કૃપાચાર્ય વચ્ચે આવી ગયા અને કહેવા લાગ્યા કે "રાજકુમારો કદી પણ નીચ કુળના માણસો સાથે યુદ્ધ નથી કરતા, એટલે, કર્ણ, પ્રથમ તમારું કુળ વગેરે બતાવો. તમે ક્યાંના રાજવી છો? જો રાજા ન હો તો પરીક્ષામાં ભાગ ન લઈ શકો." કૃપાચાર્યે બન્નેને રોકી દીધા અને કર્ણ શરમથી નીચું જોવા લાગ્યો. તે રાધાપુત્ર હતો, શૂદ્ર હતો, ક્ષત્રિય ન હતો, તેથી પૂરેપૂરું સામર્થ્ય હોવા છતાં તેને હમેશાં સહન કરવું પડતું હતું. ભારતીય સંસ્કૃતિ વર્ણપ્રધાન નિર્ણયો કરે છે, કર્મપ્રધાન નહિ. તેથી એકલવ્યને પરિણામ ભોગવવું પડ્યું હતું. હવે કર્ણનો વારો છે.

બરાબર આ જ સમયે દુર્યોધન ઊભો થયો અને ગર્જના કરીને કહ્યું કે "કર્ણ યુદ્ધ કરશે, બેસી નહિ જાય, કારણ કે તે રાજા છે. હું તેને અંગદેશનો રાજા બનાવું છું." આમ કહીને દુર્યોધને સભા વચ્ચે તેને રાજતિલક કરીને અંગદેશનો રાજા ઘોષિત કરી દીધો. સભા વચ્ચે નીચું જોયેલો કર્ણ હવે ઊંચું જોતો થયો. હવે તેને રાજપદ પ્રાપ્ત થવાથી માન-ગૌરવ-હક્ક મળી ગયાં હતાં. તેણે ખરા સમયે પોતાની આબરૂ બચાવનાર દુર્યોધનનો આભાર માન્યો અને કહ્યું કે "તમે મારી પાસેથી જે જોઈએ તે માગી લો, હું તમારો ઉપકાર કદી ભૂલીશ નહિ."

દુર્યોધને કહ્યું કે "મારે માત્ર કદી ન તૂટે તેવી મૈત્રી જ જોઈએ છે, બીજું કાંઈ નહિ." કર્ણે 'તથાસ્તુ' કહ્યું. મિત્રો ઘણા હોય છે, પણ મૈત્રી અલ્પજીવી હોય છે. જ્યારે મૈત્રી તૂટે છે ત્યારે તે શત્રુતામાં બદલાઈ જતી હોય છે. ઇતિહાસ સાક્ષી છે કે કપરામાં કપરા પ્રસંગોમાં પણ કર્ણે દુર્યોધનની મૈત્રી નિભાવી, પૂરેપૂરી વફાદારીથી મૈત્રી નિભાવી.

જ્યારે કર્ણને સિંહાસન ઉપર બેસાડીને તેનો અભિષેક કરી તેને અંગદેશનો રાજા બનાવવામાં આવ્યો ત્યારે અત્યંત લાગણીનું દૃશ્ય ઉપસ્થિત થઈ ગયું. સભામાં બેઠેલો કર્ણનો પાલક પિતા અધિરથ સારથિ કર્ણ પાસે દોડી આવ્યો. પોતે આટલી ઊતરતી જ્ઞાતિમાં જન્મ્યો હોવા છતાં પરાક્રમ અને દુર્યોધનની કૃપાથી પોતાનો પુત્ર અંગદેશનો રાજા થઈ ગયો છે તે તેના માટે સ્વપ્ન જેવી વાત લાગતી હતી. અધિરથ જેવો કર્ણની પાસે ગયો કે તરત જ કર્ણ સિંહાસન પરથી

ઊભો થઈ ગયો અને પોતાના પિતા અધિરથનાં ચરણોમાં પડીને નમસ્કાર કરવા લાગ્યો. આ કર્ણની કુલીનતા કહેવાય. તેને ખબર નથી કે અધિરથ મારો પાલક પિતા છે. ખરો પિતા તો આકાશમાં સૂર્ય ચમકી રહ્યો છે તે છે અને ખરી માતા તો પેલી રાણીઓ વચ્ચે બેઠેલી કુન્તી છે. સંસાર તો ઢાંકેલો જ સારો. ઉઘાડો સંસાર સૌંદર્ય ખોઈ બેસે છે. અધિરથે પુત્ર કર્ણને બાથમાં ભીડી દીધો. તેનાં હર્ષાશ્રુ માતાં ન હતાં.

હવે ભીમને ફાવતું જડ્યું. તેને ખ્યાલ આવી ગયો કે કર્ણ સુતપુત્ર છે, તેથી તે સભામાં આવીને કર્ણને મહેણાં મારવા લાગ્યો, "તું સુતપુત્ર છે. તું તો અમારે હાથે મરવાને પણ યોગ્ય નથી, પછી લડવાની તો વાત જ શી?" દુર્યોધન પણ વચ્ચે આવી કર્ણનો પક્ષ લેવા લાગ્યો. એવામાં સૂર્યાસ્ત થઈ જવાથી સભા વીખરાઈ ગઈ. સૌ કોઈ જુદીજુદી વાતો કરવા લાગ્યા. કોઈએ અર્જુનનો પક્ષ લીધો તો કોઈએ કર્ણનો પક્ષ લીધો.

આ રીતે વિખવાદ કરીને સભા સમાપ્ત થઈ ગઈ. દુર્યોધનને મિત્ર મળ્યો અને પાંડવોને દુશ્મન મળ્યો. જો પાંડવોએ સરવાળો કર્યો હોત તો અર્જુન સાથે એકલવ્ય અને તેની સાથે કર્ણ એમ ત્રણ બાણાવળીઓનો સરવાળો થાત. પણ એવું ન થઈ શક્યું. બાદબાકીનું ગણિત આપણા કોઠે પડી ગયું છે. પતન અને પરાજયનું એ મહત્ત્વનું કારણ બની ગયું છે. કોણ સરવાળાનું ગણિત શિખવાડે?

27-6-10

*

24. દ્રોણની ગુરુદક્ષિણા

જો શક્તિશાળી વ્યક્તિનું અપમાન કરવામાં આવે તો તેથી વૈર બંધાય છે. કદાચ વ્યક્તિ શક્તિશાળી ન હોય અને સામાન્ય હોય તોપણ તે તમારી નિંદા તો કરે જ. ફરીફરીને નિંદા કરવાથી તમારી યશહાનિ થાય અને વિરોધી વાતાવરણ નિર્મિત થાય. વાતાવરણ વ્યક્તિને ભારે લાભ અને હાનિ પહોંચાડતું હોય છે. એટલે શાણા પુરુષો સામાન્ય વ્યક્તિનું પણ અપમાન કરતા નથી. પણ જો વ્યક્તિ બળવાન હોય તો-તો પછી કહેવું જ શું? અપમાનિત બળવાન વ્યક્તિ વૈર બાંધે છે. વૈર સમયની રાહ જુએ છે અને સમય આવતાં જ વિગ્રહ થઈ જાય છે. વિગ્રહ વિનાશ નોતરે છે. ભારતમાં મોટા ભાગનાં યુદ્ધ અવમાનના દ્વારા થયાં છે, જે ઈમોશનલ કહેવાય.

દ્રોણ, ધનુર્વેદના જ્ઞાતા થઈને ઘોર દરિદ્ર દશામાં મિત્ર દ્રુપદરાજાને ત્યાં ઘણી આશાએ ગયા હતા. પણ દ્રુપદને એક દરિદ્ર બ્રાહ્મણ સાથેની મિત્રતા શરમજનક લાગી. દ્રુપદે દ્રોણનું અપમાન કરીને વિદાય કરી દીધા. આ અપમાનથી દ્રોણ બહુ વ્યથિત થયા. સ્વમાની વ્યક્તિ અપમાનથી જેટલી વ્યથિત થાય તેટલી બીજી કોઈ રીતે વ્યથિત થતી નથી. દ્રોણ ઘણું ફર્યા અને છેવટે ભીષ્મના શરણે ગયા. હસ્તિનાપુરમાં ભીષ્મે રાજકુમારો માટે વિદ્યાપીઠની સ્થાપના કરી હતી ત્યાં દ્રોણને કુલપતિ બનાવી દીધા. દ્રોણ દરિદ્ર હતા પણ અશક્ત ન હતા, સશક્ત હતા. તેમની પાસે ધનુર્વિદ્યાની મહાન શક્તિ હતી જેની કદર અને ઉપયોગ દ્રુપદ કરી શક્યો ન હતો. હવે તે શક્તિનો પૂરેપૂરો ઉપયોગ ભીષ્મ કરી રહ્યા છે. અશક્ત દરિદ્ર અને સશક્ત દરિદ્ર વચ્ચેનો ભેદ સમજવો જોઈએ. કેટલીક વાર સશક્ત વ્યક્તિ પણ થોડા કાળ માટે દરિદ્ર થઈ જતી હોય છે.

દ્રોણને અપમાન ભુલાયું ન હતું. ખરેખર તો વ્યક્તિ બધું ભૂલી શકે, સભા વચ્ચે થયેલું અપમાન ભૂલી શકે નહિ. રાજપુત્રોની પરીક્ષા પૂરી થઈ, સત્ર પૂરું થયું. હવે ગુરુદક્ષિણાની વારી હતી. ગુરુદક્ષિણા વિના ઋણમુક્તિ ન થઈ શકે. એટલે સૌ રાજકુમારોએ દ્રોણને ગુરુદક્ષિણા માગવા કહ્યું. દ્રોણે કહ્યું "જાઓ, દ્રુપદરાજાને જીવતો પકડી લાવો. એ જ મારી ગુરુદક્ષિણા છે."

બધા રાજકુમારો સેના સાથે પાંચાલદેશ ઉપર ચઢી ગયા. ઓચિંતાના હુમલાથી દ્રુપદ ગભરાયો. તે તૈયાર થાય તે પહેલાં તો કૌરવોની સેના નગરમાં પેસી ગઈ અને ભયંકર વિનાશ કરવા લાગી. આક્રમણ કરનારી સેના નિર્દોષ પ્રજાના વિનાશની ચિંતા નથી કરતી, એટલે કુશળ રાજાએ હંમેશાં શત્રુની ભૂમિ ઉપર જ યુદ્ધ કરવું. પોતાની ભૂમિને યુદ્ધક્ષેત્ર થતી બચાવવી જોઈએ.

રાજા દ્રુપદ પણ પોતાના યોદ્ધાઓ અને સેનાપતિઓ સાથે સામો થયો. બન્ને વચ્ચે ઘોર યુદ્ધ થયું, પણ દ્રુપદ ભારે પડી રહ્યો હતો. કૌરવ સેના તેને જીતી શકતી ન હતી. વળી પાંડવો નગરથી દૂર યુદ્ધ કર્યા વિના જ ઊભા હતા. તેમને ખબર હતી કે કૌરવસેના દ્રુપદને પકડી શકવાની નથી. ઘણા સમય સુધી યુદ્ધ થયા પછી પણ જ્યારે દ્રુપદ પકડાયો નહિ અને કૌરવોનો કચ્ચરઘાણ નીકળવા લાગ્યો ત્યારે અર્જુને યુદ્ધમાં ઝુકાવ્યું. ભીમ અને અર્જુન વગેરે દ્રુપદસેના ઉપર તૂટી પડ્યા. હવે કચ્ચરઘાણ દ્રુપદસેનાનો નીકળવા માંડ્યો. ભીમની ગદા અને અર્જુનનાં બાણ ચારે તરફ હાહાકાર મચાવવા લાગ્યાં. યુદ્ધમાં સ્ફૂર્તિ મહત્ત્વનો ગુણ છે. સ્ફૂર્તિ વિનાનો ઢીલો-ઢંડો સેનાપતિ મોટી સેના હોય તોપણ હારી જતો હોય છે. અર્જુને ભારે સ્ફૂર્તિ બતાવી

અને છેક દ્રુપદ પાસે પહોંચી ગયો. જોતજોતાંમાં તેણે દ્રુપદને જીવતો પકડી લીધો. સેના દ્રુપદની નગરીનો વિધ્વંસ કરી લૂંટી રહી હતી તેને રોકી દીધી. હારેલો રાજા માત્ર હારતો જ નથી, પોતાના રાજ્યને પણ લૂંટાવી મૂકે છે. અર્જુનની કુલીનતા જ કહેવાય. તેણે પરાજિત રાજાની નગરી તથા રાણીઓ વગેરેને હાથ અડાડ્યો નહિ.

પકડાયેલા દ્રુપદને લઈને અર્જુન દ્રોણ પાસે આવ્યો અને ગુરુદક્ષિણા પૂરી કરી. હવે દ્રોણ ઉચ્ચ આસન ઉપર હતા અને દ્રુપદ સામે ધરતી ઉપર બંદી-દશામાં હતો. દ્રોણે કહ્યું કે "દ્રુપદ! કેમ, હવે મિત્ર ખરો કે નહિ?"

દ્રુપદ લજ્જાથી નીચું જોઈ ગયો. દ્રોણે એક વાક્ય કહ્યું તે પ્રત્યેક બ્રાહ્મણે યાદ રાખવા જેવું છે.

"ક્ષમિણો બ્રાહ્મણા વયમ્।"

અર્થાત્ "અમે બ્રાહ્મણો હંમેશાં ક્ષમાશીલ જ હોઈએ છીએ. તારો ગર્વ ઉતારવા અને અપમાનનો બદલો લેવા જ મારે તને બંદી બનાવવો પડ્યો. હું ધારું તો અત્યારે તારો શિરચ્છેદ કરી શકું છું. પણ ના, એવું નહિ કરું. મારી ઇચ્છા તો માત્ર તારું અડધું રાજ્ય જ પડાવી લેવાની છે, જેથી હું પણ રાજા થાઉં અને 'રાજાની મૈત્રી રાજા સાથે હોય, દરિદ્ર બ્રાહ્મણ સાથે નહિ' એવી તારી ગર્વોક્તિનો જવાબ આપી શકું."

દ્રોણે પાંચાલદેશના બે ભાગ કર્યા. ગંગાની દક્ષિણનો પ્રદેશ દ્રુપદને આપ્યો અને ઉત્તરનો પ્રદેશ પોતે રાખ્યો. દ્રુપદે આ સંધિ માન્ય રાખી, પછી દ્રુપદનું માન-સન્માન કરીને તેને વિદાય કર્યો.

અર્જુને અહિચ્છત્રાનગરી દ્રોણને ભેટ આપી. હવે તો દ્રોણ પણ રાજા થયા.

27-6-10

*

25. યુધિષ્ઠિરને યુવરાજપદ

જેની પાસે ઘણી સંપત્તિ છે પણ વારસદાર નથી તે પાછલી જિંદગીમાં દુ:ખી થતો હોય છે, પણ જેની પાસે વિપુલ સંપત્તિની સાથે ઘણા વારસદારો હોય છે તે ગૂંચવાઈ જતો હોય છે. ઘણામાંથી કોને પસંદ કરવો તે અઘરું કામ થઈ જતું હોય છે. પસંદ કરેલાને બાકીના લોકો સ્વીકારશે કે કેમ તે પણ મોટો પ્રશ્ન થતો હોય છે. પોતાની પસંદગી જ મહત્ત્વની નથી, લોકસ્વીકૃતિ પણ મહત્ત્વની છે. રાજ્યવ્યવસ્થામાં સરદારો અને દરબારો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. આ બધાની સ્વીકૃતિ વિના પસંદ કરેલો વારસદાર સારી રીતે રાજ્ય કરી શકે નહિ.

પસંદગીની બાબતમાં એક અલિખિત નિયમ ચાલ્યો આવે છે કે જે જ્યેષ્ઠ પુત્ર હોય તે જ યુવરાજ બને. આ સીનિયોરીટી વ્યવસ્થાથી ઘણી ગૂંચો ઉકેલાઈ જાય છે.

ધૃતરાષ્ટ્રને 105 વારસદારો છે. તેમાં સૌથી જ્યેષ્ઠ યુધિષ્ઠિર છે. એટલે યુવરાજપદનો હક્કદાર યુધિષ્ઠિર જ કહેવાય. ધૃતરાષ્ટ્રે ભીષ્મ, દ્રોણ વગેરે વડીલોની સલાહ લીધી. યુધિષ્ઠિરની છાપ સૌનાં મનમાં ઉત્તમ હતી, તેથી સૌએ યુધિષ્ઠિરને યુવરાજ બનાવવાની સંમતિ આપી.

સરદારો, વડીલો અને મંત્રીઓ બે રીતે વિચારતા હોય છે. (1) યુવરાજ રાષ્ટ્ર માટે કેવો રહેશે અને (2) યુવરાજ અમારા માટે કેવો રહેશે. રાષ્ટ્રહિત કરતાં જ્યારે પોતાના હિતને વધુ મહત્ત્વ અપાય ત્યારે યોગ્ય વ્યક્તિની જગ્યાએ અયોગ્ય વ્યક્તિની પસંદગી થઈ જાય. દરબારો, ભાયાતો, મંત્રીઓ તો ઇચ્છતા હોય છે કે યુવરાજ અમારી કઠપૂતળી જેવો હોય. અમે કહીએ તેમ જ કરે. આવા દૃષ્ટિકોણથી ખરેખર યોગ્ય વ્યક્તિ ચૂંટી શકાય નહિ.

ધૃતરાષ્ટ્રે ભીષ્મ-દ્રોણ વગેરે સૌ મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓની સલાહથી યુધિષ્ઠિરને યુવરાજપદ ઉપર નિયુક્ત કર્યો. યુધિષ્ઠિરનાં શીલ-સ્વભાવ વગેરે એવાં હતાં કે તે સૌને પ્રિય હતો. ઓછામાં ઓછું તે કોઈનો વિરોધી ન હતો. જે પોતાના ઉગ્ર સ્વભાવથી ઘણાનો વિરોધી થઈ જતો હોય છે, તેને લોકો ચૂંટતા નથી. રાજનેતા ધીર-ગંભીર, પરાક્રમી અને મિલનસાર સ્વભાવનો હોવો જોઈએ.

જ્યારે યુધિષ્ઠિરને યુવરાજ તરીકે નિયુક્ત કરાયો ત્યારે આપોઆપ પાંચ પાંડવોનું મહત્ત્વ વધી ગયું. મુખ્ય વ્યક્તિ પોતાના યૂથને સાથે રાખતો હોય છે. પોતાના યૂથ વિના વહીવટ સારી રીતે કરી શકાય નહિ. પાંચે ભાઈઓનું યૂથ મળીને સારી રીતે રાજવહીવટ કરવા લાગ્યું.

રાજા જ્યારે મંત્રીમંડળની રચના કરે ત્યારે સંતુલન જાળવવું જરૂરી છે. સૌને યથાયોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ. પ્રથમ પસંદગી યોગ્યતાની જ હોય, પણ યોગ્યતાની સાથે જુદાજુદા વર્ગો, પ્રાંતો વગેરેને પણ પ્રતિનિધિત્વ આપવું જોઈએ, જેથી સૌની આત્મીયતા રહે. જો સંતુલન ન રખાયું હોય તો જે વર્ગ વંચિત રહી ગયો હોય તે ખટપટો કરતો થઈ જાય. તેથી વિદ્રોહ કે અશાંતિ થઈ શકે છે.

કુશળ રાજાનાં ત્રણ લક્ષણો છે: (1) પ્રજામાં કાયદાની સ્થાપના કરીને સૌને સુરક્ષાની ખાતરી કરાવવી. (2) રાષ્ટ્રની સમૃદ્ધિ વધારવા ધંધા-ઉદ્યોગને પ્રોત્સાહિત કરીને મબલખ મૂડીરોકાણ કરાવવું. અને (3) જે રાષ્ટ્રોથી દેશને ખતરો હોય તેમના ઉપર નિયંત્રણ કરવું. આ ત્રણ ન કરી શકનાર યોગ્ય રાજા કહેવાય નહિ.

યુધિષ્ઠિરે સૌનો સાથ લઈને યૂનાન, સૌવીર, દક્ષિણદેશ વગેરે આજુબાજુના અને દૂરના અનેક દેશો ઉપર ચઢાઈ કરીને ભારતની સીમા દૂર-દૂર સુધી પ્રસરાવી. ચારે તરફ યુધિષ્ઠિરનો જયજયકાર થવા લાગ્યો. પ્રજા પણ યુધિષ્ઠિરનાં વખાણ કરવા લાગી. ઘણાં વર્ષો પછી પ્રજાને આવું સુરાષ્ટ્ર મળ્યું હતું. પણ વખાણ કદી ઈર્ષ્યા વિનાનાં નથી હોતાં. વખાણ સાંભળનારા બધા રાજી નથી થતા હોતા. કેટલાકને આગ પણ લાગતી હોય છે. આને ઈર્ષ્યાગ્નિ કહેવાય છે. ઈર્ષ્યામાંથી દ્વેષ અને દ્વેષમાંથી દુર્ભાવના પેદા થતી હોય છે.

ધૃતરાષ્ટ્રનું પણ આવું જ થયું. બધા લોકો પાંડવોનાં વખાણ કરે છે, પોતાના પુત્રો કૌરવોનાં તો કોઈ વખાણ જ નથી કરતા, તેથી તેને પાંડવો પ્રત્યે દ્વેષ થવા લાગ્યો.

28-6-10

*

26. ષડ્યંત્ર-રચના

પ્રવૃત્તિનું મુખ્ય પ્રેરકબળ રાગ-દ્વેષ છે. રાગ-દ્વેષ હોય જ નહિ તો પ્રવૃત્તિ મંદ પડી જાય અથવા શિથિલ થઈ જાય. રાગદ્વેષનો સંપૂર્ણ ત્યાગ શક્ય નથી, જરૂરી પણ નથી. જીવનમાં યોગ્ય માત્રામાં રાગ-દ્વેષ હોવા જરૂરી છે. જો તમે સદ્ગુણો અને શીલવાન વ્યક્તિ પ્રત્યે રાગ રાખો છો તો તે યોગ્ય જ છે. રાગ જ શુદ્ધ થઈને અનુરાગ બનતો હોય છે. રાગ જ શુદ્ધ થઈને પ્રેમ બનતો હોય છે. વિશુદ્ધ પ્રેમ એ જ જીવનનો સર્વોચ્ચ વિકાસ છે. રાગહીન થવું અર્થાત્ વીતરાગ થવું અર્થાત્ લાગણીહીન થવું એ જીવનનો વિકાસ નથી, અવરોધ છે. અવરોધાયેલું જીવન પ્રસન્નતા ન આપે. તે પથ્થર જેવું લાગણીહીન અને જડ થઈ જાય. એટલે યોગ્ય જગ્યાએ યોગ્ય માત્રામાં રાગ હોવો જરૂરી છે.

દ્વેષ પણ જરૂરી છે, પણ તેની જગ્યાએ. આતતાયી, અત્યાચારી, વ્યભિચારી, દેશદ્રોહી, ગદ્દાર, કુકર્મી, બળાત્કારી વગેરે લોકો પ્રત્યે દ્વેષ રાખવો જરૂરી છે. તેવા દ્વેષથી વ્યક્તિ તેવા દોષોથી દૂર રહે છે અને બચી શકે છે. પણ ખોટી જગ્યાએ રાગ કર્યો હોય કે ખોટી જગ્યાએ દ્વેષ કર્યો હોય તો તે હાનિકારક થઈ શકે છે.

પાંડવોની સિદ્ધિઓનાં વખાણ સાંભળીને ધૃતરાષ્ટ્રને તેમના પ્રત્યે રાગ થવો જોઈએ, પણ તેની જગ્યાએ તેને દ્વેષ થવા લાગ્યો, કારણ કે પાંડવો ધૃતરાષ્ટ્રના સગા પુત્રો ન હતા. જે સગા પુત્રો હતા તેમનાં તો કોઈ વખાણ કરતું જ ન હતું. આમ થવાથી ધીરેધીરે તેનું મન પાંડવો પ્રત્યે દ્વેષ વધારવા લાગ્યું.

ઈર્ષ્યા-દ્વેષ અને શાંતિ સાથે રહી શકે નહિ. ધૃતરાષ્ટ્ર અશાંત રહેવા લાગ્યો. અશાંતિ પણ પ્રવૃત્તિ કરાવતી હોય છે. અશાંત માણસ ચૂપચાપ બેસી શકે નહિ. હા, તે સારી અને નરસી બન્ને પ્રકારની પ્રવૃત્તિઓ કરાવતી હોય છે.

જ્યારે ધૃતરાષ્ટ્ર બહુ જ અશાંત થઈ ગયા ત્યારે તેમણે કણિક નામના મંત્રીને બોલાવ્યો. ડાહ્યા માણસે એક સાચો અને સારો સલાહકાર જરૂર રાખવો. પણ ખોટા માણસને ખોટો સલાહકાર જ અનુકૂળ આવે અને તે જ ટકે, તેને સારો ન ગમે.

વ્યક્તિએ પોતાની હૈયાવરાળ કાઢવાની પણ એકાદ જગ્યા રાખવી. નહિ તો ભેગી થયેલી વરાળ વિસ્ફોટ (હાર્ટ-એટૅક) કરી શકે છે. પણ હૈયાવરાળ કાઢવાની જગ્યા જો સુહૃદ ન હોય તો મહાઅનર્થ થઈ શકે છે.

ધૃતરાષ્ટ્રે કણિકને બોલાવીને બધી પરિસ્થિતિ સંભળાવી તથા પાંડવોની ઉન્નતિ અને પ્રસિદ્ધિથી તથા પોતાના પુત્રોની ઉપેક્ષાથી થનારી વેદનાની વાત કરી. કણિકે તેને કૂટનીતિનો ઉપદેશ આપ્યો. કૂટનીતિ એટલે કુચક્રો રચીને કોઈને પાડી દેવાની છળનીતિ. ધૃતરાષ્ટ્રને કણિકને વાત ગમી ગઈ. હવે પાંડવોને કેમ કરીને પદભ્રષ્ટ કરવા તેના ઉપાયો તે વિચારવા લાગ્યો. કુચક્રો ચાલુ થઈ ગયાં. એક ઉપાય મળી ગયો. ગમે તેમ સમજાવીને પાંડવોને વારણાવત મોકલી દેવા. વારણાવતમાં લાક્ષાગૃહ બનાવી તેમાં તેમને બાળી મૂકવા. આપણું નામ પણ નહિ આવે, કામ થઈ જશે. પછી આપણે નિષ્કંટક રાજ કરી શકીશું. ષડ્યંત્ર રચાઈ ગયું.

28-6-10

*

27. લાક્ષાગૃહથી બચવું

રાજનીતિ અને કૂટનીતિ એમ બે પ્રકારની નીતિઓ છે. રાજનીતિથી રાજ ચાલે. રાજનીતિ વિના રાજ કરી શકાય નહિ. કૂટનીતિ ષડ્યંત્રો રચવા માટે છે. દગો-ફટકો, પાછળથી ઘા કરવો, વિશ્વાસઘાત કરવો વગેરે કૂટનીતિ છે. કૂટનીતિનાં ષડ્યંત્રોને નિષ્ફળ બનાવતાં આવડે તે જ રાજ કરી શકે અને તે જ ખલનાયકો સામે ટકી શકે. ખલનાયકો વિનાના નાયકો હોતા નથી. ધર્મ નાયકોના પક્ષમાં હોય છે, પણ ધર્મ પણ કુશળ નીતિની અપેક્ષા રાખે છે. ભોળા કે ભોટ માણસો રાજ ન કરી શકે. કુશળતા અનિવાર્ય છે.

કૌરવોએ સંતલસ કરીને ફરવાનું બહાનું કરીને પાંડવોને વારણાવત મોકલી ત્યાં લાક્ષાગૃહ બનાવી તેમાં જ તેમને જીવતા બાળી મૂકીને પછી શોક મનાવવો, ધ્રુસકે ને ધ્રુસકે રડવું, જેથી કોઈને કશી શંકા ન થાય—એવું ષડ્યંત્ર રચી દીધું.

આ માટે એવી યોજના બનાવી કે પહેલાં પુરોચન વારણાવત જાય અને ત્યાં લાક્ષાગૃહનું ભવ્ય નિર્માણ કરે—એવો મહેલ કે અગ્નિનો તણખો પડતાં જ ભડકી ઊઠે અને પછી ગમેતેમ કરો તોપણ બુઝાય નહિ. પુરોચન વારણાવત પહોંચી ગયો અને કામે લાગી ગયો.

બધી તૈયારી થઈ ગઈ. પછી પાંડવોને વારણાવત મોકલવાની તૈયારી ચાલી. પણ ચતુર વિદુરને ષડ્યંત્રની ગંધ આવી ગઈ હતી, તેથી વિદુરે પાંડવોને મ્લેચ્છભાષામાં જે કહેવાનું હતું તે કહી દીધું. રાજાએ અનેક ભાષાઓ જાણવી જોઈએ, જેથી ગુપ્ત વાતો કરી શકાય. અંતે પાંડવો વારણાવત પહોંચી ગયા અને ખૂબ વાજતેગાજતે પુરોચને તેમનું સામૈયું કરી લાક્ષાગૃહમાં ઉતારો આપ્યો.

કપટી માણસના અતિરેકભર્યા આદર-સત્કારથી શાણી વ્યક્તિએ મુગ્ધ ન થવું. ષડ્યંત્રથી પરિચિત થઈ ગયેલા યુધિષ્ઠિરે બધા ભાઈઓને ભોળા થઈને કશું જ જાણતા નથી તેમ સમજીને રહેવું, જેથી પુરોચન હોશિયાર ન થઈ જાય. એવામાં એક દિવસ મહેલના એક ભાગમાં ધરતી ધમધમવા લાગી. થોડી જ વારમાં એક માણસ બહાર નીકળ્યો. વિદુરજીની યોજના પ્રમાણે તે સુરંગ બનાવતો-બનાવતો મહેલ સુધી પહોંચી ગયો હતો. જો મહેલમાં આગ લાગે તો આ સુરંગ દ્વારા પાંડવોએ ભાગી છૂટવું તેવી વિદુરજીની યોજના હતી. કૂટનીતિનાં કુચક્રોને નિષ્ફળ બનાવવા હાથ ઉપર હાથ રાખીને બેસી ન રહેવાય. પૂરી ક્ષમતા અને કુશળતાથી કામે લાગી જવાય. હાશ! ચાલો, રસ્તો તો થઈ ગયો!

લાક્ષાગૃહમાં રહેતાં-રહેતાં પાંડવોને એક વર્ષ વીતી ગયું. પુરોચન નિશ્ચિન્ત થઈ ગયો. એક વાર કુન્તીએ બ્રહ્મભોજનનું આયોજન કર્યું. ઘણા બ્રાહ્મણો સપરિવાર આવ્યા અને જમીને, રમીને સાંજ પડતાં પોતપોતાને ઘરે ચાલ્યા ગયા. પણ દૈવયોગે એક સ્ત્રી પોતાના પાંચ પુત્રો સાથે રાત રહી ગઈ. તે જંગલી સ્ત્રી હતી. તેણે અને તેના પુત્રોએ ખૂબ દારૂ પીધો અને પછી બેભાન થઈને સૂઈ ગયાં. એક ઓરડામાં પુરોચન પણ સૂતો હતો. તેવા સમયમાં જોરથી આંધી ચાલવા લાગી. ઓચિંતી મહેલમાં આગ લાગી ગઈ. જોતજોતાંમાં અગ્નિ પૂરા મહેલમાં ફેલાઈ ગયો. ભીમે બધા ભાઈઓને ખભા ઉપર બેસાડીને પેલી સુરંગના રસ્તે ભાગવા માંડ્યું. સુરંગનો છેડો ગંગાકિનારે નીકળ્યો. વિદુરજીએ ત્યાં નાવ તૈયાર રખાવી હતી તેમાં બેસીને બધાં ગંગા પાર પહોંચી ગયાં. નાવને ડુબાડી દીધી જેથી કોઈને ભાગી જવાની ખબર ન પડી જાય. ધૂ-ધૂ-ધૂ કરતો લાક્ષાગૃહ

મહેલ બળી રહ્યો હતો. પાંડવો વનમાં ચાલ્યા ગયા. કદાચ વન લખાવીને આવ્યા હશે.

વારણાવતનગરના લોકો ભેગા થઈ ગયા, પણ કોઈ કશું કરી શકે તેમ નહતું. સૌ લાચાર હતા. બીજી બાજુ દુર્યોધન, ધૃતરાષ્ટ્ર વગેરેને ખબર પડી. તે તો મનમાં ને મનમાં રાજી થયા. અધૂરામાં પૂરું પેલી જંગલી બાઈ અને તેના પાંચ પુત્રોની ન ઓળખાય તેવી લાશો મળી જે પાંડવો તથા કુંતીની જ છે તેવું માની લેવાયું. પછી તો મૃતકવિધિ કરવામાં આવી. કૌરવો તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા જેથી કોઈને કશી શંકા ન થાય. આનું નામ સંસાર છે. અંદર હસે ને ઉપર રડે. એકમાત્ર વિદુર બધા ભેદ જાણે છે. તે ચૂપ છે. સૌની સાથે તે પણ રોકકળ કરે છે. સંસારમાં રહેવું હોય તેણે લોલેલોલ કરવું પડે. કૌરવોએ કેટલાય દિવસ સુધી શોક મનાવ્યો. મિષ્ટાન્ન રંધાય નહિ, ખવાય નહિ—આ લોકાચાર કહેવાય.

ભીષ્મજી મહાક્રંદન કરતા હતા. તેમને દૂર એક તરફ લઈ જઈને વિદુરજીએ બધી ખાનગી વાત કરી દીધી કે “પાંડવો મરાયા નથી, જીવતા છે. હવે કેટલોક સમય વનમાં ગુપ્ત વિચરણ કરીને સમય આવ્યે પ્રગટ થશે.”

વિદુરની વાતથી ભીષ્મજીને સંતોષ થયો, પણ વાત ગુપ્ત રાખવાનું નક્કી થયું.

28-6-10

*

28. હિડિમ્બાવિવાહ

જીવન ઘટનાઓના ક્રમથી આગળ વધતું હોય છે. બધી ઘટનાઓ આપણી ઇચ્છા પ્રમાણે ઘટતી નથી. કેટલીક ન ધારેલી ઓચિંતાની ઘટી જતી હોય છે. કેટલીક ઉપરથી નીચે અને નીચેથી ઉપર કરી દેનારી પણ હોય છે. જીવન સર્પ-સીડીના ખેલ જેવું છે.

જે પાંડવો હસ્તિનાપુરમાં યુવરાજ બનીને રાજા-મહારાજાની સાહ્યબી ભોગવતા હતા તે હવે લાક્ષાગૃહના મૃત્યુમાંથી જેમતેમ બચીને વનમાં ભટકી રહ્યા છે. દુર્યોધનના ભયથી તેઓ ગાઢ વનમાં પ્રવેશી ગયા. હવે તો ચલાતું પણ નથી. માતા કુન્તી થાકી ગયાં છે. ભીમે તેમને ઉપાડી લીધાં, પણ દિશાની સમજ પડતી નથી. ચારે તરફ બધું સરખું જ દેખાય છે. એવામાં માતાજીને તરસ લાગી. નજીકના તળાવમાં ભીમ ગયો, સ્નાન કર્યું, પણ પાણી શામાં લઈ જવું? પાત્ર તો છે નહિ. તેણે પોતાની ચાદર પલાળી અને તેવી ચાદર લાવીને માતાજીને પાણી પિવડાવ્યું. બધાં થાક્યાં હતાં એટલે સૌ સૂઈ ગયાં. જમીન ઊબડ-ખાબડ હતી તોપણ બધાં ઘસઘસાટ સૂઈ ગયાં હતાં. હા, ભીમ જાગતો હતો, કારણ કે વન હિંસક પ્રાણીઓથી તથા રાક્ષસોથી ભરપૂર હતું. સાવધાન રહેવાની જરૂર હતી. જેમ આફ્રિકામાં હમણાં સુધી નગ્ન જાતિઓ રહેતી હતી તેમ ભારતમાં પણ ત્યારે જંગલોમાં આવી અનેક જાતિઓ રહેતી હતી. તે શિકારી હતી, માંસાહારી હતી. નરમાંસ તેમને બહુ પ્રિય લાગતું હતું.

પાંડવો જ્યાં સૂતા હતા તે વૃક્ષથી થોડે જ દૂર શાલવૃક્ષ હતું. ત્યાં હિડમ્બ નામનો રાક્ષસ પોતાની બહેન હિડિમ્બા સાથે રહેતો હતો. તેણે જોયું કે નજીકના વૃક્ષ નીચે થોડાંક માણસો આવેલાં છે. ઘણા દિવસો પછી આજે માણસનું માંસ ખાવાનું મળશે તેમ સમજીને તે આનંદિત થઈ ઊઠ્યો. પોતાની બહેન હિડિમ્બાને કહ્યું કે "જા-જા, જલદી જા! પેલાં માણસોને મારીને મારી પાસે લાવ. મારે જલદીજલદી તેમનું માંસ ખાવું છે."

હિડિમ્બા પાંડવોની નજીક પહોંચી ગઈ. પણ આ શું? ભીમસેનને જોતાં જ તે મોહિત થઈ ગઈ. અત્યારે તેની મુગ્ધાવસ્થા ચાલી રહી હતી. આવી સ્થિતિમાં સ્ત્રીને પુરુષની તીવ્ર ઝંખના જાગતી હોય છે. જો પુરુષ તેની પાસે ન આવે તો મુગ્ધ સ્ત્રી સામે ચાલીને પુરુષની પાસે પહોંચી જતી હોય છે અને હાવભાવ દ્વારા પુરુષને આકર્ષિત કરતી હોય છે.

તે ભીમને જોતી જ રહી ગઈ. અહા! કેટલો બળવાન અને હૃષ્ટપુષ્ટ દેખાય છે! હું આવો જ પુરુષ શોધતી હતી. દૂબળા-પાતળા, રેંજી-પેંજીથી કાંઈ મને સંતોષ ન થાય. તે તો મારી આગળ કુરકુરિયા જેવા લાગે. આ પુરુષ ખરેખર અલમસ્ત છે. તે લાંબો સમય ભોગસુખ આપી શકે તેવો છે.

બધી સ્ત્રીઓ સરખી નથી હોતી. સૌ-સૌની અલગઅલગ પસંદગી હોય છે. ગુણિયલ સ્ત્રી ગુણોને જુએ છે. શીલવતી સ્ત્રી શીલને જુએ છે. વીર સ્ત્રી વીરતાને જુએ છે. ધનપ્રેમી સ્ત્રી ધનને જુએ છે. રૂપપ્રેમી સ્ત્રી રૂપને જુએ છે. તેવી જ રીતે ભોગપ્રધાન સ્ત્રી ભોગને જુએ છે. કોણ મને કેટલા ભોગ આપી શકશે તે જ તેનું ગણિત હોય છે. જો તેને મનમાન્યા ભોગ મળતા હોય તો બધાં દુ:ખો ભોગવવા તે તૈયાર થઈ જતી હોય છે. ભોગપ્રધાન સ્ત્રીને જો દેવ જેવો પુરુષ મળે પણ તેનામાં ઓછું ભોગ-સામર્થ્ય હોય તો આવી સ્ત્રી બીજાને શોધી લેતાં વાર નથી કરતી. તેની અતૃપ્ત આંખો આખો દિવસ ચકળવકળ પોતાના શિકારને શોધ્યા કરતી હોય છે. જરાક મોકો

મળતાં જ તે પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. તેને પ્રેમ-બેમ હોતો નથી, માત્ર ને માત્ર ભોગલાલસા જ હોય છે. સામાન્ય માણસને તે તુચ્છ મગતરું ગણીને તિરસ્કાર કરતી રહેતી હોય છે. ભગવાન બચાવે આવી ભોગભૂખી સ્ત્રીથી.

હિડિમ્બા જેમજેમ ભીમના શરીરને જોતી ગઈ તેમતેમ વધુ ને વધુ તેનું શરીર ગરમ થતું ગયું. હવે તે પોતાના વશમાં ન રહી. તેણે તરત જ ભીમની આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકી દીધો. તે વધુ નજીક આવે તેના પહેલાં ભીમ ખસી ગયો. ભીમે કહ્યું કે “ભામિની, હજી મારા મોટા ભાઈ કુંવારા છે. મોટા ભાઈને પડતા મૂકીને નાનો ભાઈ લગ્ન કરે તો તેને ‘પરિવેત્તા’ કહેવાય, અર્થાત્ નિંદનીય કહેવાય. મારાથી તેવું ન થઈ શકે.” ભીમને મર્યાદાનું ભાન છે. હજી તે ભાન ભૂલ્યો નથી. સ્ત્રીની તુલનામાં પુરુષને ઓછી મુગ્ધાવસ્થા હોય છે, કારણ કે તેનું લાગણીપ્રધાન નહિ બુદ્ધિપ્રધાન જીવન હોય છે. એટલે જેટલો વિશ્વાસ આ બાબતમાં પુરુષ ઉપર મૂકી શકાય તેટલો સ્ત્રી ઉપર ન મૂકી શકાય. તેમાં તેનો દોષ નથી, તેની લાગણીપ્રધાનતાનો દોષ છે. સ્ત્રીની મુગ્ધાવસ્થામાં એક રક્ષક શસ્ત્ર ભગવાને તેને આપ્યું છે અને તે છે “લજ્જા અને ભય.” લજ્જા તેનું રક્ષણ કરે છે. પણ જો સ્ત્રી નિર્લજ્જ થઈ જાય તો-તો ભગવાન જ બચાવે.

ભીમ અને હિડિમ્બાની વાતો ચાલતી હતી ત્યાં તો “કેમ મોડું થયું?” એમ માનીને ક્રોધમાં લાલઘૂમ થયેલો હિડિમ્બ રાક્ષસ ચઢી આવ્યો. તેણે હિડિમ્બાને ભીમ સાથે પ્રેમાલાપ કરતી જોઈ અને તેનો ગુસ્સો વધી ગયો. તે હિડિમ્બાને મારવા દોડ્યો. ભારતનો ભાઈ બહેનને સમય આવ્યે સાડી લઈ આપે, પણ તેને પ્રેમ કરતી ન જોઈ શકે. તેણે ક્યાં પ્રેમ કરવો તે ભાઈ નક્કી કરે, બહેન પોતે નહિ. રાક્ષસને ઝપટતો જોઈને ભીમ આડો આવ્યો અને તેણે હિડિમ્બને લલકાર્યો. બન્ને વચ્ચે ઘોર યુદ્ધ થયું અને ભીમે હિડિમ્બાસુરને મારી નાખ્યો. રાક્ષસના વધથી હિડિમ્બા સુખી અને દુ:ખી થઈ. સુખી એટલા માટે કે હવે તે પોતાનું ધાર્યું કરી શકશે. દુ:ખી એટલા માટે કે ગમે તેવો તોય ભાઈ હતો ને! લોહીની સગાઈ પ્રબળ હોય છે.

એટલામાં સૂતેલા ભાઈઓ અને માતા કુન્તા જાગી ગયાં અને સાચી પરિસ્થિતિ સમજી ગયાં: આ હિડિમ્બાવન છે અને આ દેવી તેની રક્ષિકા છે. તેના ભાઈએ હત્યા કરવા મોકલી હતી પણ મોડું થવાથી તે પોતે જ આવી ગયો અને હિડિમ્બાને મારી નાખવા પ્રયત્નશીલ થઈ ગયો. તેથી ભીમ ક્રુદ્ધ થયો, બન્ને વચ્ચે યુદ્ધ થયું અને રાક્ષસ માર્યો ગયો. હવે હિડિમ્બા ભીમ સાથે લગ્ન કરવા ઇચ્છે છે, વગેરે જાણ્યું.

હિડિમ્બા ભીમસેનને મનથી વરી ચૂકી હતી. એટલે પાંચ પાંડવો અને કુન્તાજીની વિદાય સાથે તે પણ ચાલી નીકળી. ભીમને આ ન ગમ્યું. તેણે હિડિમ્બાને મારવા લીધી, પણ કુન્તી અને યુધિષ્ઠિરે વચ્ચે પડીને તેને બચાવી. પછી લાંબો વાર્તાલાપ અને કેટલીક શરતો કરીને ભીમ-હિડિમ્બાનાં ગાંધર્વલગ્ન કરાવી દીધાં.

લગ્ન પછી ભીમ-હિડિમ્બા ખૂબ આનંદ-પ્રમોદ કરવા લાગ્યાં અને તેમને એક મહા બળવાન પુત્ર થયો, જેનું નામ ઘટોત્કચ રાખવામાં આવ્યું. શરત પ્રમાણે એક પુત્રરત્ન આપીને ભીમ હિડિમ્બાથી અલગ થઈને પાંડવોની સાથે ચાલી નીકળ્યો. ઘટોત્કચ પણ જરૂર પડે ત્યારે મદદ કરીશ એવું કહીને ઉત્તર દિશા તરફ ચાલતો થયો. આ આંતરવર્ણ, આંતરજાતીય લગ્ન હતાં. જો આ પરંપરા ચાલુ રહી હોત તો ભારતમાં સરવાળાનું ગણિત થયું હોત. પણ આ રીતિ આગળ ન ચાલી.

28-6-10

*

29. બકાસુર-વધ

મહાપુરુષોનો સંગ બે રીતે થતો હોય છે. કાં તો સ્વયં મહાપુરુષ પાસે જવાથી કે પછી મહાપુરુષ જ સામે ચાલીને પાસે આવવાથી. બન્ને મહાન છે.

પાંડવો એક વનમાંથી બીજા વનમાં વિચરી રહ્યા છે. હવે તેમણે જટા વધારી લીધી છે તથા વલ્કલ પહેરી લીધાં છે તેથી મુનિ જેવા દેખાય છે. એક દિવસ ઓચિંતાં તેમને વેદવ્યાસજીનાં દર્શન થઈ ગયાં. બધાં ખુશખુશ થઈ ગયાં. વ્યાસજીએ બધી વાત સાંભળી હતી. તેમની લાગણી પાંડવો તરફ હતી, તેથી એકચક્રાનગરીમાં બધાંને લઈ ગયા અને એક ભિક્ષાવૃત્તિ કરનાર બ્રાહ્મણના ત્યાં ઉતારો આપ્યો. બને ત્યાં સુધી ભિક્ષાવૃત્તિથી જીવનાર દરિદ્ર માણસને ત્યાં મહેમાન થવું નહિ. કદાચ થવું જ પડે તો પ્રથમ તેના ઘરમાં અનાજ-પાણી ભરાવીને થવું. કદાચ તેવી શક્તિ ન હોય અર્થાત્ પોતે પણ દરિદ્ર હોય તો ખુશીથી દારિદ્ર્ય-આતિથ્ય ભોગવવું.

પાંડવોને ભિક્ષુકને ત્યાં જોઈને લોકોને નવાઈ લાગે છે. આ બ્રાહ્મણો ભિક્ષુક જેવા દેખાતા નથી. જરૂર કોઈ પરિસ્થિતિવશ ભિક્ષુક થયા લાગે છે. નગરીના લોકો તેમને સારી અને ઘણી ભિક્ષા આપવા લાગ્યા. બધી ભિક્ષા કુન્તી આગળ મુકાતી. કુન્તી સગવડ પ્રમાણે સૌને વહેંચી દેતી, પણ ભીમને ખૂબ વધારે આપતી, કારણ કે તે વૃકોદર હતો. વનમાં તો પાંડવો કંદમૂળ, ફળ તથા શિકાર દ્વારા નિર્વાહ કરતા, પણ અહીં નગરમાં જીવનનિર્વાહનું કોઈ સાધન ન હતું, તેથી ભિક્ષાવૃત્તિ કરવી પડતી.

એક દિવસ જેના ઘરમાં ઊતર્યાં હતાં તે બ્રાહ્મણનો પૂરો પરિવાર રોકકળ કરવા લાગ્યો. પાંડવો બહાર ગયા હતા અને કુંતીજી એકલાં જ ઘરમાં હતાં. રોકકળ લાંબી ચાલી તેથી કુન્તી પાસે ગયાં અને કારણ પૂછવા લાગ્યાં, તો ખબર પડી કે અહીંથી બે કોસ દૂર એક ગુફામાં એક બક નામનો રાક્ષસ રહે છે. તેના આહાર માટે નગરમાંથી રોજ એક માણસ મોકલવું પડે છે. આવતી કાલે બ્રાહ્મણના ઘરનો વારો છે. એટલે રાક્ષસનો આહાર થવા પતિ-પત્ની, પુત્રી અને પુત્ર પોતે આગળ જવા રકઝક કરી રહ્યાં છે. પતિ કહે કે હું જાઉં, પત્ની કહે કે હું જાઉં; પુત્રી કહે કે હું જાઉં અને નાનો પુત્ર કહે કે હું જાઉં. આમ રકઝક ચાલી રહી છે. પરિવાર ભલે દરિદ્ર હોય, પણ જો લાગણીની દરિદ્રતા ન હોય તો તે લાગણીહીન સમૃદ્ધ પરિવાર કરતાં પણ વધુ સમૃદ્ધ છે. ધનની સમૃદ્ધિ કરતાં લાગણીની સમૃદ્ધિ ઘણી મહાન છે.

છેવટે કુન્તીએ સૌને આશ્વાસન આપ્યું કે તમારે કોઈને કાલે રાક્ષસ પાસે જવાનું નથી. તમારી જગ્યાએ મારો ભીમ જશે અને રાક્ષસને પૂરો કરી નગરનું દુઃખ કાયમ માટે દૂર કરશે. પછી તો યુધિષ્ઠિર સાથે વિચારવિમર્શ કરીને ભીમને રાક્ષસ પાસે મોકલવાનું નક્કી થયું.

બીજા દિવસે સવારે ગાડું ભરીને ચોખા, બે પાડા વગેરે લઈને ભીમ રાક્ષસ પાસે પહોંચ્યો અને તેની ખાદ્ય સામગ્રી તેના જ દેખતાં ચટ્ટ કરી ગયો. આથી રાક્ષસ કુપિત થયો. બન્ને વચ્ચે મહાયુદ્ધ થયું. અંતે ભીમે રાક્ષસને પછાડીને મારી નાખ્યો. આ સમાચાર વાયુવેગે નગરમાં પ્રસરી ગયા. લોકોનાં ટોળેટોળાં ભીમને જોવા આવી ગયાં. મરેલા રાક્ષસને જોઈને સૌ તેને પથ્થરો મારવા લાગ્યાં. ગુંડાગીરી પરાક્રમથી સમાપ્ત થતી હોય છે, હોમ-હવન કે ધ્યાન-ધારણાથી નહિ. ગુંડાગીરીથી પ્રજાને મુક્ત કરાવવી તે જ મોટું ધર્મરક્ષણ છે, જે પરાક્રમથી થાય

છે. મહાહિંસકની હિંસા કરવી એ હિંસા નહિ પુણ્ય કહેવાય. ભીમ પુણ્યાત્મા છે.

28-6-10

*

30. દ્રૌપદી-સ્વયંવર

ભીમના પરાક્રમથી બકાસુરનો વધ થતાંની સાથે જ બધા રાક્ષસો નગરમાંથી ભાગી ગયા. લોકોને શાંતિ થઈ ગઈ. પરાક્રમથી શાંતિ થતી હોય છે.

જ્યાં પાંડવો ઊતર્યા હતા ત્યાં ભિક્ષુક બ્રાહ્મણના ઘરે એક દિવસ એક બ્રાહ્મણ રહેવા આવ્યો. તેની પાસે કથાઓનો ભંડાર હતો. તેની પાસે અવનવી સેંકડો કથાઓ હતી જે તે અવારનવાર જ્યાં જતો ત્યાંના લોકોને સંભળાવતો. લોકો તલ્લીન થઈને તેની કથાઓ સાંભળતા. આવા લોકો લોકગાયક કે લોકકથાવાચક કહેવાતા હોય છે. વ્યક્તિ અને સમાજના ઘડતરમાં તેમનું પણ મહત્ત્વપૂર્ણ પ્રદાન રહેતું હોય છે.

બ્રાહ્મણે કહ્યું કે દ્રુપદદેશના રાજાને એક કુંવરી છે જેનું નામ દ્રૌપદી છે, તેનો સ્વયંવર થવાની તૈયારી ચાલી રહી છે, દેશ-વિદેશના ઘણા રાજકુમારો આવી રહ્યા છે, વગેરે. ખરેખર આ સ્વયંવર-ઉત્સવ જોવા જેવો થવાનો છે. ધૃષ્ટદ્યુમ્ન અને દ્રૌપદીની ઉત્પત્તિ યજ્ઞમાંથી થઈ હતી તે વાત પણ સંભળાવી. દ્રુપદ અને દ્રોણાચાર્ય બચપણમાં મિત્ર હતા પણ રાજા થયા પછી દ્રુપદે દ્રોણનું અપમાન કર્યું તેથી મૈત્રી શત્રુતામાં બદલાઈ ગઈ. હવે દ્રુપદ ઇચ્છે છે કે મારો પુત્ર ધૃષ્ટદ્યુમ્ન દ્રોણની હત્યા કરી મને શાંતિ આપે. દ્રૌપદીનું ખરું નામ તો કૃષ્ણા હતું. કૃષ્ણા એટલે તપાવેલા સોનાના જેવા વર્ણવાળી. એવું કહેવાય છે કે પૂર્વજન્મમાં તે ઋષિપુત્રી હતી. ઉંમર થવા છતાં પણ તેનો વિવાહ થતો ન હતો તેથી તે બહુ દુ:ખી થતી હતી. તેણે શિવની આરાધના કરી. શિવ પ્રસન્ન થયા અને વરદાન માગવા કહ્યું. તેણે પાંચ વાર “પતિ આપો”, “પતિ આપો” એમ કહ્યું તેથી શિવે કહ્યું કે જા, આવતા જન્મે તને પાંચ પતિઓ પ્રાપ્ત થશે. કન્યા બોલી, “ના-ના, મારે તો એક જ પતિ જોઈએ છે.” પણ શિવે કહ્યું કે “હવે મારું બોલેલું મિથ્યા થશે નહિ. તારે પાંચ પતિઓ જરૂર થશે.” એ જ કન્યા હવે દ્રૌપદી થઈ છે અને દ્રુપદરાજા તેનો સ્વયંવર કરી રહ્યા છે.

પાંડવો પાંચાલદેશ તરફ ચાલી નીકળ્યા. માર્ગમાં ગંગાજીમાં ગાંધર્વ પોતાની પત્નીઓ સાથે જળક્રીડા કરી રહ્યો હતો તેની સાથે યુદ્ધ થયું અને પછી મૈત્રી પણ થઈ. ગાંધર્વની સલાહથી પાંડવોએ ધૌમ્યને પુરોહિત બનાવ્યા અને ચાલતાં-ચાલતાં દ્રુપદરાજાની નગરીમાં પહોંચી ગયા.

પ્રાચીનકાળમાં અનેક પ્રકારથી લગ્નો થતાં હતાં, જેમાં પિતા કન્યાને ગમે તેની સાથે પરણાવી શકતો. બીજો પ્રકાર સ્વયંવરનો હતો, જેમાં કન્યા કે કન્યાના પિતા સ્વયંવર રચતા. આ પણ બે પ્રકારનો હતો. કન્યાની ઇચ્છા રાખનારા મંડપમાં આવે, એકત્રિત થાય, પછી કન્યા વરમાળા લઈને નીકળે અને યોગ્ય લાગે તેને વરમાળા આરોપિત કરી દે. બીજો પ્રકાર એ હતો કે કન્યા કે કન્યાના પિતા શરતપૂર્વક સ્વયંવર રચતા, “જે આ શરત પૂરી કરે તેને કન્યા વરમાળા પહેરાવે.” શરત ઘણી આકરી હોય તો કઠિનાઈ થાય. અહીં દ્રુપદરાજાએ ઘણી આકરી શરત રાખી હતી. જળ ભરેલા હોજમાં એક સ્તંભ ઉપર ત્રાજવાં બાંધ્યાં હતાં. તે ત્રાજવાંમાં બે પગ રાખીને બૅલેન્સ સાચવીને જળમાં ઉપર ફરતા ચક્રના છિદ્રમાંથી તેની ઉપર ફરતી માછલીને વીંધી નાખવાનું લક્ષ્ય હતું. આવું કઠિન લક્ષ્ય એટલા માટે દ્રુપદે રાખ્યું હતું કે તેની ઇચ્છા દ્રૌપદીને અર્જુનને પરણાવવાની હતી. પણ અર્જુન તો ગુપ્તવાસમાં હતો, તેથી કદાચ આ સ્વયંવરમાં આવે અને જ્યારે બીજા રાજકુમાર લક્ષ્યવેધ ન કરી શકે તો અર્જુન કરી બતાવે. તેની ખાતરી હતી કે આ કામ માત્ર અર્જુન જ કરી શકશે, એટલે તે જરૂર આવશે. આવી આશાએ તેણે સ્વયંવરની

રચના કરી હતી.

આ તરફ ભિક્ષુક બ્રાહ્મણના વેશમાં પાંડવો અને કુન્તી દ્રુપદની રાજધાનીમાં આવી પહોંચ્યાં હતાં, પણ ઉતારો ક્યાં કરવો? રાજા-મહારાજાઓ તો રાજ્યના મહેમાન હોવાથી ભવ્ય ઉતારામાં ઊતર્યા હતા, પણ આ તો આમંત્રણ વિનાના ભિક્ષુક બ્રાહ્મણો હતા તેથી ઊતરવાની જગ્યા ન હતી. પ્રાચીનકાળમાં "સૌનો ઉતારો પ્રજાપતિને ત્યાં" એ કહેવત પ્રમાણે તે નગરના કુંભારને ત્યાં પહોંચી ગયા. કુંભારનું ઘર ધર્મશાળા જેવું મનાતું. કુંભારે સૌને આવકાર આપ્યો અને ઉતારો આપ્યો. નગર કે ગામમાં કેટલાક લોકોનાં ઘરો ધર્મશાળા જેવાં હોય છે. તેમને ત્યાં કોઈને પણ જગ્યા મળે. કદાચ એટલે ગુજરાતમાં ધર્મસ્થાનોને "જગ્યા" કહેવાય છે. જ્યાં સૌને જગ્યા મળે તેને જગ્યા કહેવાય. કેટલાંક ધર્મસ્થાનો અતિભવ્ય હોય, પણ જગ્યા આપતાં પહેલાં બે વસ્તુની ચકાસણી કરે. પહેલાં કપાળ જુએ. પોતાનો માણસ છે કે કેમ? બીજો તો નથી ને? અને પછી જુએ કે ગાય દૂઝણી છે કે વસૂકી ગયેલી છે. દૂઝણીને જગ્યા મળે. વસૂકી ગયેલી ગાયને જગ્યા ન મળે. કદાચ મળે તોપણ છેલ્લી કક્ષાની મળે. બિચારા ગરીબની તો વાત જ શી કરવી? ધાર્મિક સ્થાન તો ભવ્યાતિભવ્ય છે, પણ રહેનારા ભવ્ય નથી. તે ધનના દાસ છે. તેથી ભવ્ય આલીશાન જગ્યા પણ ફિક્કી લાગતી હોય છે. કુંભારનું ઘર ભવ્ય નથી, પણ સૌને ઉતારો મળતો હોવાથી ભવ્યાતિભવ્ય છે. કદાચ આવાં જ ઘરો માટે નરસિંહ મહેતાએ ગાયું હશે:

ઊંચી મેડી તે મારા સંતની રે…

સંતનું ઝૂંપડું પણ ઊંચું છે, કારણ કે સૌને જગ્યા મળે છે.

પાંડવો તો સ્વયંવરમાં પહોંચી ગયા અને રાજકુમારોથી દૂર સામાન્ય પ્રજા વચ્ચે ચૂપચાપ બેસી ગયા. શ્રીકૃષ્ણ પણ સ્વયંવર જોવા આવ્યા છે. તેમની દૃષ્ટિ પાંડવો ઉપર પડી ને ઓળખી ગયા, પણ ચૂપ રહ્યા. બલરામને ઇશારો કરીને બતાવ્યા. મનમાં ને મનમાં હસ્યા.

દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન સભા વચ્ચે આવ્યો અને જાહેરાત કરી કે મારી બહેન દ્રૌપદીની શી-શી શરતો છે. વાતાવરણમાં ઉશ્કેરાટ છવાઈ ગયો. સૌ રાજકુમાર ઇચ્છે છે કે રાજકુમારી તેને મળે. પ્રાચીનકાળથી સ્ત્રી માટે પુરુષો જેટલા લાલાયિત રહ્યા છે તેટલા બીજા કોઈ વિષય માટે રહ્યા નથી. તેથી સ્ત્રીઓની જ કથાઓ રચાતી રહી છે. 'મહાભારતે' આ પ્રસંગે આવેલા રાજકુમારોની નામાવલી બનાવી છે જે ગજબની છે. બીજું તો ઠીક, સંતાનોનાં નામ રાખવા માટે બહુ ઉપયોગી થઈ શકે તેવી છે.

પછી તો એક પછી એક મહાબળવાન રાજકુમારો મત્સ્યવેધ કરવા માટે આવવા લાગ્યા. એક પછી એક અનેક રાજાઓ મત્સ્યવેધ કરવા આવ્યા, પણ એકે સફળ ન રહ્યો. તેથી કર્ણ આવ્યો. કર્ણ જરૂર મત્સ્યવેધ કરશે તેવી સૌને આશા જાગી, પણ જેવો તે જળકુંડ પાસે પહોંચ્યો કે તરત જ દ્રૌપદી ઊભી થઈ ગઈ અને બોલી કે "હું સુતપુત્રને વરીશ નહિ." કર્ણ સુતપુત્ર હતો, ક્ષત્રિય ન હતો. કર્ણ લજ્જિત થઈ ગયો. જાતિ, જ્ઞાતિ, વર્ણ અને કુળના નામે કેટકેટલા કર્ણોનાં અપમાન થયાં હશે! જેનાં અપમાન થયાં હશે તે બધા શત્રુઓ જ થયા હશે. શત્રુ વધારનારી વ્યવસ્થા સારી કે મિત્ર વધારનારી વ્યવસ્થા સારી? આ વખતે કર્ણે જે વાક્ય કહ્યું છે તે સૌએ યાદ રાખવા જેવું છે:

"દૈવાયત્તં મજ્જન્મ મદાધીને તુ પૌરુષમ્।"

અર્થાત્ મારો જન્મ તો દૈવને આધીન હતો, પણ પૌરુષ તો મારે આધીન છે. જો તમે પૌરુષને પ્રધાનતા આપતા હો તો હું પૌરુષ બતાવવા તૈયાર છું. પણ તમે તો જન્મને પ્રધાનતા આપો છો. નિરાશ અને અપમાનિત થઈને કર્ણ બેસી ગયો. કર્ણનું આ અપમાન તેનાથી ભુલાયું નહિ. આવું જ અપમાન દ્રૌપદીએ દુર્યોધનનું પણ કર્યું હતું. ખરેખર તો આવી જાહેરાત પોતાના મુખે કરવાની ન હોય, રાજપુરોહિતના મુખે કરાવવાની હોય. રાજા કે રાજપરિવારે સીધી જ જાહેરાતો ન કરવી જોઈએ, કર્મચારીઓ દ્વારા જાહેરાતો કરાવવી જોઈએ, જેથી કદાચ કાંઈક અઘટિત થઈ જાય તોપણ તેનો દોષ રાજાને ન આવે. કર્મચારીની ભૂલ થઈ ગઈ તેમ કહી શકાય.

પછી તો જરાસંધ, શલ્ય, દુર્યોધન વગેરે અનેક રાજાઓ આવ્યા અને નિષ્ફળ થઈને પાછા ફરી ગયા. જે સ્ત્રી માટે ઘણા પુરુષોમાં હોડ લાગી હોય તેને પરણનારો શાંતિથી રહી શકે નહિ, કારણ કે હારેલા લોકો ઉત્પાત મચાવતા રહે.

અંતે અર્જુન ઊભો થયો. સૌને નવાઈ લાગી કે અરે, બ્રાહ્મણ મત્સ્યવેધ કરશે? સભામાં આવેલા બ્રાહ્મણો વિરોધી થઈ ગયા. આનાથી કશું થઈ શકવાનું નથી. નાહક બ્રાહ્મણોનું નામ ડુબાડશે. અર્જુનને રોકવાનો પ્રયત્ન કર્યો. તો કેટલાક આશાવાદી બ્રાહ્મણો પ્રસન્ન થયા. તેમણે તેનું પ્રોત્સાહન કર્યું: આગળ વધો. અમે તમારી સાથે છીએ. વિવાદાસ્પદ વિકટ કાર્યોમાં બે પક્ષો રહેવાના જ. મક્કમ વ્યક્તિ વિચલિત થયા વિના પોતાના પક્ષને મહત્ત્વ આપતી હોય છે.

અર્જુન કોલાહલ વચ્ચે જળકુંડ પાસે પહોંચી ગયો. જરાય અભિમાન વિના તેણે ધનુષ્યની પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. મનમાં ને મનમાં ભગવાન શિવજીને વંદન કર્યું અને પછી બહુ ઝડપથી પ્રત્યંચા ચઢાવી દીધી. આ પ્રથમ કસોટી હતી જે પૂરી થઈ ગઈ. પછી પાંચ બાણોને લઈને સડસડાટ સ્તંભ ઉપર ચઢી ગયો. બન્ને ત્રાજવાંમાં સંતુલનપૂર્વક પગ રાખીને જળમાં જોઈને તેણે બાણ છોડ્યું. અલાતચક્રમાંથી પાર થઈને તેણે માછલીને વીંધી નાખી. ચારે તરફ જયજયકાર થઈ ગયો.

દ્રુપદરાજા અને ધૃષ્ટદ્યુમ્ન દ્રૌપદીને લઈ આવ્યા. દ્રૌપદીએ અર્જુનના ગળામાં વરમાળા પહેરાવી દીધી. પેલા આશાવાદી બ્રાહ્મણો ભારે ઉત્સાહમાં આવી ગયા અને નિરાશાવાદી પણ આનંદમાં આવી ગયા. વિજય અને સફળતાનો પક્ષ આપોઆપ વધી જતો હોય છે. ભિક્ષુક ભૂદેવનો જયજયકાર થવા લાગ્યો.

મહાન કાર્યો વિઘ્ન વિનાનાં નથી હોતાં. જ્યારે રાજકુમારોએ જાણ્યું કે દ્રુપદ પોતાની કન્યાને એક બ્રાહ્મણને આપવા તૈયાર થયો છે ત્યારે બધા ક્ષત્રિય રાજકુમારો દ્રુપદને તથા અર્જુનને મારી નાખી દ્રૌપદીને ઉપાડી જવા ધસી આવ્યા. આવા સમયે ભલા ભીમ ચૂપ રહેતો હશે? તે તરત જ અર્જુનની સમીપમાં આવીને ઊભો થઈ ગયો. આપત્તિમાં સાથે ઊભો રહે તે ભાઈ કહેવાય.

ઘોર ઘમાસાણ જામ્યું. ભીમે બધા રાજકુમારોને હરાવી દીધા. અર્જુન પણ સામો થયો. શ્રીકૃષ્ણે વચ્ચે પડીને બધા રાજકુમારોને સમજાવી પોતપોતાના ઉતારા ઉપર મોકલી દીધા.

આ બાજુ હજી પાંડવો કેમ નહિ આવ્યા હોય તેવી શંકા કરતી કુન્તી ચિંતામગ્ન થઈ રહી હતી. પ્રેમ ચિંતા વિનાનો ન હોય, પ્રેમ પ્રતીક્ષા વિનાનો પણ ન હોય. પ્રતીક્ષામાં વિલંબ ચિંતાનું કારણ થઈ શકે છે. દ્રૌપદીને લઈને ભીમ-અર્જુન કુંભારના ઘરમાં પ્રવિષ્ટ થયા ત્યારે કુન્તીમાતા રસોડામાં હતાં, પોતાના રમૂજી સ્વભાવ પ્રમાણે ભીમે કહ્યું કે “માતાજી અમે ભિક્ષા લઈ

આવ્યા છીએ." માતાજીએ રસોડામાંથી જ જવાબ આપ્યો કે "ભલે, પાંચે ભાઈઓ વહેંચીને વાપરજો." જ્યારે કુન્તીજી બહાર આવ્યાં અને જોયું કે આ તો પત્ની લઈ આવ્યા છે, ત્યારે બોલવા ઉપર પસ્તાવો થયો.

કુન્તીએ યુધિષ્ઠિરને પોતાની ભૂલ બતાવી, પણ યુધિષ્ઠિરે તેનું સમાધાન કરી દીધું.

બીજી તરફ શ્રીકૃષ્ણને ખબર પડી કે પાંડવો તો કુંભારના ઘરે ઊતર્યા છે. તે મળવા આવ્યા. એકબીજાને મળ્યા અને કુશળ-સમાચાર જાણ્યા. બધો વૃતાન્ત જાણીને કોઈ પાંડવોને ઓળખી ન જાય એટલા માટે શ્રીકૃષ્ણ પોતાના શિબિરમાં ચાલ્યા ગયા.

ધૃષ્ટદ્યુમ્નને કાંઈક ગંધ આવી ગઈ. તેણે કુંભારના ઘરની ચારે તરફ ચોકીદારો બેસાડી દીધા.

સાંજે પાંડવો ભિક્ષા લઈ આવ્યા અને દ્રૌપદીને કહ્યું કે પહેલાં દેવતા, પછી બ્રાહ્મણ, પછી આશ્રિત—એમ બધાને જમાડીને પછી જે વધે તેના છ ભાગ કરો અને પછી આપણે જમીએ. જુઓ તો ખરા, રાજકુમારી દ્રૌપદી પત્ની થયા પછી પહેલા જ દિવસથી ભિક્ષાવૃત્તિનું અન્ન ખાવા તૈયાર થઈ ગઈ! જરાય કચવાટ વિના તેણે દેવોને, બ્રાહ્મણોને, આશ્રિતોને જમાડીને, પછી પાંડવો અને કુન્તીમાતાને જમાડીને સૌથી છેલ્લે પોતે જમવાનું શરૂ કર્યું. આવી પત્ની જ ખરી પત્ની થઈ શકે. પિતાના ઐશ્વર્યને વાગોળ્યા કરે, બબડ્યા કરે, સાસરા-પક્ષને તુચ્છકારે તે કદી પણ પત્ની ન થઈ શકે, તે પનોતી થઈ શકે. પેલી પનોતી બહુબહુ તો સાત વર્ષે ઊતરી જાય, પણ આ પનોતી તો મૃત્યુ પછી જ ઊતરે. ખબર પડી!

રાત પડી. નાના ભાઈ સહદેવે કુશાસનની પથારી કરી. પાંડવો દક્ષિણ તરફ માથું રાખીને, માતાજી માથાના ઉપરી ભાગમાં અને દ્રૌપદી ચરણોમાં પથારી કરીને સૂઈ ગયાં. ભૌતિક અગવડો અને ભૌતિક દુ:ખો વચ્ચે પણ સાચો પ્રેમ અને આદર્શવાદી વ્યક્તિઓ આનંદ અને સંતોષથી રહી શકે છે.

દ્રૌપદીનો ભાઈ ધૃષ્ટદ્યુમ્ન બધી વાતો જાણી ગયો હતો. તેને ખબર પડી ગઈ કે આ ભિક્ષુક બ્રાહ્મણો બીજું કોઈ નહિ પાંડવો જ છે. તેણે આવીને દ્રુપદરાજાને બધી વાત કહી સંભળાવી. પાંડવોની સાચી વાત જાણીને તથા પોતાનો જમાઈ ભિક્ષુક બ્રાહ્મણ નહિ પણ અર્જુન જ છે તે જાણીને દ્રુપદરાજા તો ખુશખુશ થઈ ગયો. તેણે પોતાના પુરોહિતને કુંભારના ઘરે મોકલ્યો. પાંડવોને પૂરાં માનસન્માન સાથે દ્રુપદરાજાના મહેલમાં લઈ આવવામાં આવ્યા. ત્યાં ભવ્ય આસનો ઉપર બેસાડીને સૌને જમાડ્યા. પછી દ્રુપદે યુધિષ્ઠિરને વર્ણ વગેરે પૂછ્યું તો યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે:

"દ્રુપદ, અમે બ્રાહ્મણો નથી, ક્ષત્રિય છીએ... પાંડુના પુત્ર છીએ" વગેરે બધી વિસ્તારથી વાત કરી. સાંભળીને દ્રુપદ બહુ જ પ્રસન્ન થયો.

યુધિષ્ઠિરે જ્યારે વાત કરી કે ભલે સ્વયંવર અર્જુને જીત્યો, પણ કુન્તીમાતાના વચન પ્રમાણે દ્રૌપદી અમારી પાંચેની પત્ની થશે, ત્યારે ભારે ગૂંચવાડો ઊભો થયો. હવે શું કરવું? આવું તે વળી થતું હશે? તેવામાં ત્યાં મહર્ષિ વ્યાસજી આવી પહોંચ્યા. વ્યાસજીએ બધાંનું સમાધાન કરાવીને પૂર્વજન્મમાં દ્રૌપદીએ શિવજી પાસે પાંચ વાર પતિની યાચના કરેલી તેથી હવે તેને પાંચ પતિઓ થશે તેવું સમાધાન કરાવ્યું. અંતમાં સૌએ સંમત થઈને દ્રૌપદી સાથે પાંચે પાંડવોનાં લગ્ન કરાવ્યાં. પુરાણો, 'રામાયણ', 'મહાભારત'માં કેટલીક અનહોની કથાઓ આવે છે, જે ઐતિહાસિક નથી લાગતી પણ મિથ લાગે છે, તોપણ તે કથાઓની પકડ લોકમાનસ ઉપર

જબરજસ્ત છે. દ્રૌપદીની કથા સાંભળીને કોઈ સ્ત્રીએ પાંચ પતિઓ કરવાનું અનુકરણ કર્યું હોય તેવું સાંભળ્યું નથી. અનુકરણ તો સીતાજીનું જ થાય છે. મહાસતીઓમાં દ્રૌપદીનું પણ નામસ્મરણ કરાય છે.

પશ્ચિમમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે લગ્ન થાય છે. ભારતમાં પરિવાર-પરિવાર વચ્ચે લગ્ન થાય છે. કન્યા વધૂ બનીને જ્યારે સાસરે આવે છે ત્યારે તેણે માત્ર પતિને જ સાચવવાનો નથી હોતો, પૂરા પરિવારને સાચવવાનો હોય છે. તે વધૂ જ નહિ, પુત્રવધૂ પણ થાય છે, દેરાણી-જેઠાણી પણ થાય છે, નણંદ-ભાભી પણ થાય છે. તેના નવા કેટલાય સંબંધો તૈયાર થાય છે. આ બધા સંબંધો સુખદાયી અને દુ:ખદાયી પણ થઈ શકતા હોય છે.

લગ્ન પછી સર્વપ્રથમ દ્રૌપદીએ કુન્તીજીના ચરણસ્પર્શ કરી આશીર્વાદ મેળવ્યા. કુન્તીએ ખૂબ ઉપદેશ આપ્યો. સાસુઓનું કામ જ ઉપદેશ આપવાનું હોય છે.

લગ્નમાં એક સારો રિવાજ ચાંલ્લો કરવાનો પણ છે. જૂના લોકો તેને "હાથગૈણું" કહેતા. અર્થાત્ લગ્નના ખર્ચામાં પડેલા માણસનું હાથગ્રહણું કરવા થોડીથોડી રકમ તેને આપતા, જેથી ખરચો નીકળી જાય.

લોકો ભેટ-સોગાદ આપે—આપવી જ જોઈએ. શ્રીકૃષ્ણે એટલી ભેટ-સોગાદો મોકલી કે નવું ઘર તૈયાર થઈ જાય. આ રીતે દ્રૌપદી અને પાંડવો આનંદથી રહેવા લાગ્યાં.

28-6-10

*

31. પાંડવો હસ્તિનાપુરમાં

શત્રુ વિનાનું જીવન કોઈકને જ હોય છે. શત્રુ હોય તેને શાંતિ ન હોય. ઝઘડા વિનાનો સંસાર પણ ભાગ્યે જ હોય. કેટલીક વાર ઝઘડા હોય પણ શત્રુતા ન હોય. બાળકો ઝઘડા કરે પણ શત્રુતા ન કરે. આવું જ પતિ-પત્નીના ઝઘડામાં બને. તેમાં ઝઘડા હોય, શત્રુતા ન હોય. શત્રુતા ડંખથી થતી હોય છે. ડંખ ન હોય તો ઝઘડાની અસર લાંબી ન રહે. પણ ડંખ લાગી જાય અને તે પણ ઊંડો લાગી જાય તો તેનું ઝેર પ્રજળે, તે વૈર બંધાવે અને શત્રુતાની હોળી ધગધગતી રહે.

અમુક વ્યક્તિઓ અને અમુક કોમો ડંખ વિનાની હોય છે. તે ઝઘડા તો કરે પણ ડંખ ન રાખે. ડંખ ન રાખનારા સુખી થતા હોય છે, કારણ કે તેમની શક્તિ શત્રુતામાં વેડફાતી નથી. પણ ડંખ ન રાખનારાનો ઇતિહાસ નથી હોતો. ઇતિહાસ તો ડંખીલી પ્રજાનો જ હોય છે. ડંખીલી પ્રજા સમાધાનકારી નથી હોતી. તે બદલો લેવામાં માને છે, ભલે બરબાદ થઈ જાય, ખતમ થઈ જાય. જે કોમોમાં બહારવટિયા નથી થયા, જેમના પાળિયા નથી, જેમની સ્ત્રીઓ સતી નથી થઈ, તે કોમો ભલે પૈસેટકે સુખી હોય, પણ તેમનો ઇતિહાસ ન હોય. તે સમાધાનકારી અને ઝૂકી જનારી કોમો હોવાથી મક્કમતા વિનાની થઈ જતી હોય છે. જરા જેટલું પ્રેશર કે દબાણ થતાં જ તે પલટી ખાઈ જતી હોય છે. પલટીબાજોનો ઇતિહાસ ન હોય. આવા લોકોના હાથમાં રાજસત્તા આવે તો તે સારું રાજ ન કરી શકે, કારણ કે રાજ ન્યાય અને પરાક્રમથી થતું હોય છે. પલટીબાજો ન્યાયપ્રિય નથી હોતા, તે પક્ષપાતપ્રિય હોય છે. તે પરાક્રમી નથી હોતા, કારણ કે મક્કમતા વિના પરાક્રમ ન આવે. પરાક્રમ વિનાની રાજવ્યવસ્થા ગુંડા પેદા થવા દે. જરૂર પડે તો ગુંડાઓ સાથે પણ મૈત્રી બાંધી દે. કાંઈ ભરોસો ન કરાય. મક્કમતા વિનાના અને આદર્શ વિનાના લોકો આપોઆપ ભ્રષ્ટાચારી થઈ જતા હોય છે. તેમના રાજ્યમાં પ્રજા સુખી ન થઈ શકે.

કૌરવો ડંખીલા છે. પાંડવો સાથેની શત્રુતા તેમને શાંત રહેવા દેતી નથી. કોઈ પણ ભોગે પાંડવોનો વિનાશ કરવો એ તેમનું લક્ષ્ય છે. લાક્ષાગૃહ દ્વારા તેમનો નાશ થઈ ગયો છે તેવું તે માનતા હતા. તેમણે તો અંતિમવિધિ પણ કરી નાખી હતી, ત્યારે આજે અહીં ફરીથી તે પ્રગટ થયા, એટલું જ નહિ, દ્રૌપદીને પણ વર્યા. આ બધું કેવી રીતે સહન થઈ શકે! શત્રુપક્ષની ઉન્નતિ સહન થતી નથી, તેથી બળતરા થયા કરે છે. ધીરોદાત્ત નાયક શત્રુને બાળવા માટે કશું જ કરતો નથી, માત્ર પોતાની ઉન્નતિ જ કરતો રહે છે. આટલું શત્રુને બાળવા માટે ઘણું થઈ જાય છે.

કૌરવો બળી રહ્યા છે, લાક્ષાગૃહમાં નહિ, ઈર્ષ્યાગૃહમાં. બધા ભેગા થયા અને હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. દુષ્ટ લોકોની મંડળી જ્યારે ભેગી થાય ત્યારે કુચક્રોની રચના થવા લાગે. શકુનિએ સલાહ આપી કે આપણે સૌ મળીને દ્રુપદરાજાની નગરીનો નાશ કરી નાખીએ. કેટલાકે તેની સલાહને યોગ્ય ગણાવી, પણ ભૂરિશ્રવાએ બધાને સાવધાન કર્યા કે “મત્સ્યવેધમાં તો આપણી ફજેતી થઈ છે, હવે જો યુદ્ધ કરશો અને પાંડવો દ્રુપદના પક્ષમાં આવી જશે તો વધુ ફજેતી થશે. માટે કશું કર્યા વિના જ જે થયું છે તેને સ્વીકારીને પાછા હસ્તિનાપુર ચાલ્યા જઈએ.” કેટલાકને આ સલાહ પણ ગમી. આમ જાતજાતની ચર્ચા કરીને બધા હસ્તિનાપુર પહોંચી ગયા.

હસ્તિનાપુર પહોંચ્યા પછી પણ શાંત ન રહ્યા. પાંડવોનો કેમ નાશ કરવો એ જ વિચારો ચાલતા રહ્યા. અંતે ભીષ્મ, દ્રોણ, વિદુર અને કર્ણ જેવા વરિષ્ઠ મંત્રીઓ વિચાર કરે અને જે યોગ્ય હોય તે જણાવે.

અત્યંત મહત્ત્વના વિષય ઉપર એક વ્યક્તિનો નિર્ણય અનર્થકારી પણ થઈ શકે છે. એટલે મંત્રીમંડળ ને પીઢ મંત્રીઓ સંયુક્ત રીતે મળીને નિર્ણય કરે તે યોગ્ય કહેવાય.

આ પીઢ મંત્રીઓની મીટિંગમાં સર્વપ્રથમ ભીષ્મે પોતાનો મત વ્યક્ત કર્યો કે “પાંડવોને અડધું રાજ્ય આપીને આપણે મૈત્રી કરી લેવી જોઈએ. આ રાજ્ય શાંતનુનું છે. તેના વારસદાર તરીકે પાંડુપુત્રો પણ અડધા ભાગીદાર છે. ખરેખર તો પહેલાં એ જ રાજ ભોગવતા હતા, પણ છળકપટ કરીને તમે તેમને વારણાવત મોકલી નાશ કરાવવાનો પ્રયત્ન કર્યો. તમે અપરાધી કહેવાઓ. તમારા કાર્યથી મને શરમ આવે છે. માટે હવે જ્યારે તેઓ હેમખેમ પ્રગટ થયા છે ત્યારે સામે ચાલીને તેમનું પૂરેપૂરું રાજ્ય આપી દેવું જોઈએ. પણ જો પૂરું ન અપાય તો અડધું તો રાજ્ય જરૂર આપી દેવું જોઈએ, જેથી તમે અને તેઓ મહારાજા થઈને ગૌરવપૂર્વક જીવન જીવી શકો.”

ભીષ્મ પછી દ્રોણાચાર્યે પણ પાંડવોને ઉપહાર મોકલીને સમાધાન કરી લેવાની ઇચ્છા બતાવી. પણ કર્ણની સલાહ વિપરીત થઈ. તેણે પાંડવોનો નાશ કરવાનો પક્ષ લીધો. તેના પક્ષનો દ્રોણે ઘોર વિરોધ કર્યો.

હવે વિદુરજીની વારી હતી. વિદુર મહા રાજનીતિજ્ઞ છે. વિદુરજીએ યુક્તિ-પ્રયુક્તિથી ધૃતરાષ્ટ્રને, ભીષ્મ અને દ્રોણનો પક્ષ સમજાવ્યો. કર્ણનો પક્ષ દ્વેષપૂર્ણ અને વિનાશકારી છે, માટે પાંડવો સાથે મૈત્રી કરી પોતાના પરિવારને અખંડિત રાખવાની સલાહ આપી.

મોટા પરિવારો જ્યારે તૂટતા કે સંધાતા હોય છે ત્યારે વચ્ચેનો માણસ મહત્ત્વની ભૂમિકા ભજવતો હોય છે. અહીં વચ્ચેનો માણસ વિદુરજી છે. તે પરિવારોને જોડવાનું કામ કરે છે. તેમના સમજાવવાથી ધૃતરાષ્ટ્રે વિદુરને ભેટસોગાદો લઈને દ્રુપદનગરીએ મોકલ્યા. યાદ રહે, સંધિ કરાવનાર કદી ખાલી હાથે ન જાય. ભેટ-સોગાદની મોટી અસર થતી હોય છે. સામા પક્ષનું મન જીતવું તે સૌથી મહત્ત્વનું તત્ત્વ છે. તેને ગમતી કે ઉપયોગી વસ્તુઓ આપવાથી તેનું મન જીતવામાં સફળતા મળી શકે છે.

વિદુર દ્રુપદ વગેરે સૌને મળ્યા, પાંડવોને મળ્યા, દ્રૌપદી અને કુન્તીને મળ્યા. જ્યારે બે પરિવારોમાં સમાધાન કે વિચ્છેદ કરવો હોય ત્યારે સ્ત્રીવર્ગ મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે. સ્ત્રીવર્ગની ઉપેક્ષા સારી નહિ. જો તે નારાજ હોય તો પુરુષોના નિર્ણયોને તે કાર્યાન્વિત થવા દેતી નથી. આવી જ રીતે સ્ત્રીવર્ગને બહુ આગળ કરી દેવી તે પણ સારું નહિ. તે લાગણીપ્રધાનતાથી કેટલીક ટૂંકી દૃષ્ટિવાળા નિર્ણયો પણ કરી દેતી હોય છે.

બધાંને સમજાવીને સમાધાન કરીને વિદુરજી પાંડવો, કુન્તી અને દ્રૌપદીને હસ્તિનાપુર લઈ આવ્યા. હસ્તિનાપુરની પ્રજા પાંડવોના આગમનથી હર્ષઘેલી થઈ ગઈ. ચારે તરફ પાંડવોનો જયજયકાર થવા લાગ્યો. કેટલીક વાર વ્યક્તિની લોકચાહના પણ વિરોધીઓને પ્રબળ વિરોધી બનાવવામાં નિમિત્ત બનતી હોય છે. કૌરવોથી આ લોકચાહના સહન થતી ન હતી. “અમારો જયજયકાર કેમ થતો નથી?” તેવી લઘુતાગ્રંથિ તેમને પીડતી રહે છે.

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, ગાંધારી વગેરે સૌ કોઈ મળ્યાં અને પાંડવોને કાયમી શાંતિ મળે તે માટે

ખાંડવપ્રસ્થ-વિભાગ આપી દીધો, અર્થાત્ રાજ્યના બે ભાગ કરીને એક ભાગ (હસ્તિનાપુર) દુર્યોધનને અને બીજો ખાંડવપ્રસ્થ પાંડવોને સોંપી દીધો. જો પરિવારો સાથે ન રહી શકતા હોય તો તેમને અલગઅલગ કરીને પણ પ્રેમથી રાખી શકાય છે. ધૃતરાષ્ટ્રે બધી સંપત્તિના બે ભાગ કરી પાંડવોને એક ભાગ આપી દીધો, એટલું જ નહિ, આ નવા રાજ્યના રાજા તરીકે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક પણ કરાવી દીધો. પાંડવો ધૃતરાષ્ટ્રની આજ્ઞા પ્રાપ્ત કરીને પછી ખાંડવપ્રસ્થ તરફ ચાલી નીકળ્યા. આ પ્રદેશ વનપ્રદેશ હતો. ત્યાં નવી રાજધાની 'ઇન્દ્રપ્રસ્થ'ની ભવ્ય રચના કરી. ઇન્દ્રપ્રસ્થ એટલું સુંદર અને ભવ્ય નગર બન્યું કે લોકો તેને જોવા માટે આવવા લાગ્યા. એક તરફ નગરની ભવ્યતા અને સુંદરતા હતી, તો બીજી તરફ રાજવ્યવસ્થાની ભવ્યતા હતી. બધાં સુખોમાં રાજસુખ ઘણું મહત્ત્વનું હોય છે. પૂરી પ્રજાને રાજા જ સુખી કરી શકતો હોય છે. યુધિષ્ઠિરની રાજવ્યવસ્થાથી પૂરી પ્રજા સંતુષ્ટ થઈને સુખપૂર્વક રહેવા લાગી.

29-6-10

*

32. અર્જુનનો નિયમભંગ અને વનવાસ

સુખનું મૂળ સુવ્યવસ્થા છે. વ્યવસ્થા નિયમોથી થતી હોય છે. નિયમો અને તેના પાલન વિના વ્યવસ્થા રાખી શકાય નહિ. પૂરું બ્રહ્માંડ વ્યવસ્થિત છે. કણેકણ કોઈ અગમ્ય અને અગોચર વ્યવસ્થા પ્રમાણે કામ કરી રહ્યો છે. કોઈ-કોઈ વાર તેમાં થોડીક ચૂક થતી હશે કે પરિણામ-સ્વરૂપ ધરતીકંપ, જ્વાળામુખી, સુનામી, આંધી વગેરે ન જાણે કેટકેટલું ક્ષણભર માટે આવીને બધું હચમચાવી જાય છે. માનો કે ધરતીકંપ બેપાંચ મિનિટની જગ્યાએ બેપાંચ દિવસો સુધી ચાલુ રહે તો? અરે, વર્ષો સુધી ચાલુ રહે તો શું થાય? અડધા કલાક માટે આંધી આવે છે અને બધું ઉજ્જડ કરી જાય છે. પણ માનો કે સતત દિવસો—મહિનાઓ અને વર્ષો સુધી આંધી ચાલુ રહે તો શું થાય? વ્યવસ્થાની મહત્તા બતાવવા માટે કોઈ-કોઈ વાર ક્ષણભર માટે આવા વિક્ષેપો આવી જાય છે જે આપણને સમજાવે છે કે કુદરતની પણ પોતાની એક વ્યવસ્થા છે, તેમાં જરા-જેટલો ફેરફાર પણ તેમને હચમચાવી નાખે છે.

શરીર એક પૂર્ણ વ્યવસ્થા છે. બધું જ પોતપોતાની જગ્યાએ યોગ્ય જ છે. જરાક ફેરફાર કરીને વિચારી તો જુઓ. શરીરની પૂરી વ્યવસ્થા તો ડોક્ટરો પણ નથી જાણતા. રક્તનાં ગ્રુપ કોણે કેમ બનાવ્યાં છે? રક્તનું પ્રેશર માપ 60 અને 130 કોણે નક્કી કર્યું છે? આમાં જરાક ફેરફાર થાય તો શરીરની શી દશા થાય? જન્મવું, પછી વધવું અને પછી અટકી જવું. કોણે આ શરીરને 17-18 વર્ષની ઉંમરે વધતું અટકાવી દીધું? ન અટકે અને વધ-વધ જ કરે તો? શરીરનો કણેકણ વ્યવસ્થિત છે અને વ્યવસ્થિત રીતે કામ કરે છે. આ તો થઈ કુદરતી અથવા ઈશ્વરીય વ્યવસ્થા. પોથાંનાં પોથાં લખીએ તોપણ તેનો પાર ન આવે. પણ એક માનવીય વ્યવસ્થા પણ છે, જે જરૂરી છે. જેમ કે લગ્નસંસ્થા, પતિ-પત્નીના નિયમો, રાજકીય, સામાજિક નિયમો વગેરે નિયમોથી રાજ્ય તથા સમાજ ચાલે છે. જો બધા નિયમોનું પાલન છોડી દે અને મન ફાવે તેમ કરવા લાગે તો ઘોર અવ્યવસ્થા થઈ જાય, એટલે માનવીય નિયમો પણ જીવન માટે જરૂરી હોય છે. હા, એટલું ધ્યાન રહે કે આ નિયમો જડ ન હોવા જોઈએ. જડ નિયમો જીવનને જડ બનાવતા હોય છે. તેને માનવાની જરૂર નથી, પણ જે નિયમોથી જીવન વ્યવસ્થિત ચાલે તેવા નિયમો તો બનાવવા અને પાળવા જરૂરી છે. જેને એક પતિ અને એક પત્ની હોય છે તેના માટે પણ નિયમો હોય છે. તો પાંડવોને તો પાંચ ભાઈઓ વચ્ચે એક જ પત્ની છે. નિયમ વિના કેમ ચાલી શકે? પત્ની માટે અંદરઅંદર લડી મરે. આવું ન થાય તે માટે નારદજી આવ્યા અને પાંડવોને બોલાવીને, બેસાડીને વિગતથી બધી વાત સમજાવી. સુંદ અને ઉપસુંદ બે ભાઈઓ તિલોત્તમા નામની સ્ત્રી માટે કેવી રીતે અંદરઅંદર લડી મર્યા તે પણ સમજાવ્યું. પછી નિયમ બનાવવામાં આવ્યો કે—પ્રત્યેક ભાઈની સાથે દ્રૌપદી એકએક વર્ષ રહેશે. આ સમયગાળામાં બીજો કોઈ પણ ભાઈ પતિ-પત્નીના એકાંતમાં ડોકિયું પણ કરી શકશે નહિ. કદાચ કરશે તો તેને બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળીને વન ભોગવવું પડશે. આવો નિયમ બનાવ્યો. આ એક વર્ષના નિયમની શરૂઆત સિનિયોરીટી પ્રમાણે થશે, અર્થાત્ યુધિષ્ઠિરથી થશે. આવા બધા નિયમોની વ્યવસ્થા કરીને નારદ ચાલતા થયા. આ નિયમોથી જ શાસ્ત્ર બનતું હોય છે.

એક દિવસ એવું બન્યું કે યુધિષ્ઠિર એકાંતમાં દ્રૌપદીની સાથે પ્રેમાલાપ અને કામક્રીડા કરી રહ્યા હતા. બરાબર તે જ સમયે એક બ્રાહ્મણ બૂમો પાડતો આવ્યો, "બચાવો! બચાવો! મારી ગાયોને કસાઈ લઈ જાય છે! બચાવો!" અર્જુને આ બૂમો સાંભળી. પણ તેનાં શસ્ત્રો યુધિષ્ઠિરવાળા ઓરડામાં હતાં. ત્યાં જવાય એવું ન હતું, કારણ કે દ્રૌપદી અને યુધિષ્ઠિર

પ્રેમાલાપમાં મસ્ત હતાં. બ્રાહ્મણે ફરીફરીને બૂમો પાડવા માંડી અને આક્રોશ પણ વ્યક્ત કરવા લાગ્યો. હવે શું કરવું? અર્જુનને લાગ્યું કે ગાયોને બચાવવી જોઈએ, બાકી જે થવાનું હોય તે થાય. તેણે યુધિષ્ઠિરની રજા માગી અને ઘરમાં પ્રવેશ કર્યો. પોતાનાં ધનુષ્ય-બાણ લીધાં અને રથ ઉપર બેસીને કસાઈઓની પાછળ પડી ગયો. કસાઈઓને મારીને—જીતીને ગાયોને લઈને તે પાછો પણ આવી ગયો. પ્રત્યેક ગામમાં કે નગરમાં એકાદ શૂરવીર પુરુષ રહેતો હોય છે. આપત્તિમાં લોકો તેની સહાયતા માટે દોડતા હોય છે. પેલો મદદ કરીને ધન્ય થતો હોય છે. જ્યાં આવો શૂરવીર નથી હોતો ત્યાં ગુંડાઓ વધી જતા હોય છે જે પ્રજાને ત્રાસ આપતા હોય છે.

બ્રાહ્મણ તો ગાયો લઈને આશીર્વાદ આપીને ચાલતો થયો, પણ અર્જુનની સામે નિયમભંગ કરવાનો પ્રશ્ન ઊભો થયો.

નિયમો સ્વયં પળાય તો જ તે શ્રેષ્ઠ પરિણામદાયી થતા હોય છે. નિયમો જો સત્તાના જોરે પળાવવામાં આવે તો તે મધ્યમફળદાયી થતા હોય છે. પણ જો નિયમો સત્તા દ્વારા પણ પળાવી ન શકાય તો અવ્યવસ્થા અને સ્વચ્છંદ વ્યાપી જતાં હોય છે, જે સર્વનાશ તરફ વ્યક્તિ કે પ્રજાને લઈ જતાં હોય છે.

અર્જુન સ્વયં નિયમ પાળવા માગે છે, કારણ કે તે અભિજાત છે. તેણે બાર વર્ષ માટે વનમાં જવાની તૈયારી કરી, પણ યુધિષ્ઠિરે તેને રોક્યો, સમજાવ્યો, "તારી ધારણા ખોટી ન હતી. તું ગાયોની રક્ષા માટે ઘરમાં આજ્ઞા લઈને આવ્યો હતો. મોટા ભાઈએ નાના ભાઈની મર્યાદા રાખવાની હોય, નાના ભાઈએ મોટા ભાઈની નહિ." પ્રાચીનકાળમાં જ્યારે વડીલો ઘરમાં પ્રવેશતા ત્યારે ખોંખારો ખાઈને પ્રવેશતા, જેથી નારીવર્ગ સાવધાન થઈને મર્યાદા પ્રમાણે વ્યવસ્થિત થઈ જતો. પણ નાનો વર્ગ ઘરમાં પ્રવેશતો ત્યારે તેણે ખોંખારો ખાવાની જરૂર નહિ, કારણ કે તેની મર્યાદા ન હોય. યુધિષ્ઠિર વગેરેએ ઘણું સમજાવવા છતાં અર્જુન માન્યો નહિ.

નિયમભંગના ઘણા અપવાદો કાઢી શકાતા હોય છે. વાડમાં છીંડાં પાડે તેમ નિયમોમાં પણ છીંડાં પાડીને લોકો મનમાન્યું કરતા હોય છે. આ રીતે નિયમોની મજાક ઉડાવાતી હોય છે. એક ઉદાહરણ પર્યાપ્ત થશે. એક સાધુ લક્ષ્મીને હાથ નહિ અડાડવાનો નિયમ લઈને જીવતા હતા. પછી જણાયું કે લક્ષ્મી તો જીવન માટે જરૂરી છે. પણ નિયમનું શું? તેમણે રસ્તો કાઢી લીધો. તે પોતાની ચાદરના ખૂણામાં લક્ષ્મીને બંધાવી દેતા. "દેખો, હમ પૈસે કો છૂતે નહિ હૈં. યહાં બાંધ દો"—એમ કહીને વસ્ત્રને છેડે પૈસા બંધાવી દેતા. બીજા કેટલાક પોતે તો લક્ષ્મીને અડતા નથી, પણ સાથેવાળા માણસને અડકાવે છે. આટલા માટે જ આવો એકાદ માણસ સાથે રહેતો હોય છે.

આ નિયમમાં છીંડાં પાડવાનું થયું. ખરેખર તો જે જીવનભર પાળી ન શકાય, જે અવ્યાવહારિક હોય, જે પરિણામશૂન્ય હોય તેવા નિયમો લેવા જોઈએ નહિ.

નારદે પાંડવોને જે નિયમ આપ્યો હતો તે યોગ્ય અને જરૂરી હતો. તેના વિના દ્રૌપદી માટે રોજ ઝઘડા થવાની શક્યતા હતી. આ નિયમનો ભંગ અર્જુનથી પરહિત માટે થયો તે પણ યોગ્ય જ હતું. તોપણ તેણે છીંડું પાડ્યા વિના દંડ ભોગવવાની તૈયારી બતાવી એ તેની મહાનતા હતી. મોટા પુરુષો જ્યારે કડક રીતે નિયમો પાળતા હોય છે ત્યારે જ નાના માણસોને નિયમો પાળવાની પ્રેરણા મળતી હોય છે.

30-6-10

*

33. અર્જુનનું તીર્થાટન

માણસ મોટો હોય કે નાનો હોય, જીવનની વ્યસ્તતા તો સૌને રહેવાની. નાનો માણસ જીવનભર આજીવિકામાં અને બાળબચ્ચાંના પ્રશ્નોમાં વ્યસ્ત રહેતો હોય છે. પ્રશ્નો તેને છોડતા જ નથી. એક પૂરો થયો ન થયો ત્યાં બીજા બે પ્રશ્નો ઊભા થઈ જતા હોય છે. ભલે તે નાનો હોય અને નાના પ્રશ્નોમાં વ્યસ્ત રહેતો હોય, પણ વ્યસ્ત તો રહે જ છે. એક રીતે સારું પણ છે. વ્યસ્તતા વિનાનો માણસ નવરો હોય છે અને "નવરો બેઠો નખ્ખોદ વાળે" કહેવત પ્રમાણે તે અનર્થો કર્યા કરતો હોય છે. લોકો ઓછામાં ઓછા નવરા રહે તેવી જીવનવ્યવસ્થા વધુ હિતકારી થઈ શકતી હોય છે. હા, તેમની વ્યસ્તતા ઉત્પાદક હોવી જોઈએ.

મોટા પુરુષો આજીવિકા કે બાળબચ્ચાંના રોજિંદા પ્રશ્નોમાં વ્યસ્ત નથી રહેતા. તે પ્રશ્નો તેમના માટે ગૌણ હોય છે. પણ રાષ્ટ્રવ્યાપી, સમાજલક્ષી, માનવતાલક્ષી મોટા પ્રશ્નોમાં તે ગળાબૂડ ડૂબેલા રહેતા હોય છે. તેથી તેમને પણ કશી ફુરસદ નથી હોતી. કેટલાંક કાર્યો ફુરસદમાં જ કરી શકાતાં હોય છે. જેમ કે લેખનકાર્ય. બાળગંગાધર તિલકજીને જેલ થઈ. હવે ફુરસદ જ ફુરસદ થઈ ગઈ. આ ફુરસદનો સદુપયોગ તેમણે લેખનમાં કર્યો. લોકોને "ગીતારહસ્ય" જેવો દળદાર ગ્રંથ મળ્યો.

ફુરસદ જ હોય અને કશું જ કામ ન સૂઝતું હોય તો ઈશ્વરનામસ્મરણ કરે. આથી વધુ કોઈ ઉત્તમ કાર્ય મારી દૃષ્ટિએ નથી. બેડો પાર થઈ જાય. પણ જો તીર્થયાત્રાની સાથે નામજાપ કરે તો-તો પછી કહેવું જ શું? હા, તીર્થયાત્રા પગપાળી હોય તો વધુ સારું.

અર્જુનને ફુરસદ મળી ગઈ. બાર વર્ષ સુધી વન ભોગવવાનું છે. એવું લાગે છે કે તેનું અડધું જીવન વનમાં જ વીત્યું છે.

અર્જુન વન જવા તૈયાર થઈ ગયો. સૌની ના હોવા છતાં નિયમપાલનની મક્કમતાથી તે સુખો છોડીને દુ:ખો તરફ આગળ વધ્યો. તેની સાથે કેટલાય ઋષિમુનિ-બ્રાહ્મણો પણ તૈયાર થઈ ગયા. કેટલાક લોકો કેટલાક લોકોની સાથે ચાલી નીકળવા તૈયાર જ રહેતા હોય છે. ફરતા-ફરતા તે હરિદ્વાર પહોંચ્યા. કેટલોક સમય આ રમણીય અને પવિત્ર તીર્થમાં રહ્યા.

એક વાર તે ગંગાજીમાં સ્નાન કરી રહ્યા હતા ત્યાં નાગકન્યા ઉલૂપી તેને જળમાં ખેંચી લઈ ગઈ. જેનું વ્યક્તિત્વ આકર્ષક હોય, જે જુવાન અને રૂપાળો હોય તેવા પુરુષને જ્યાં જાય ત્યાં એકાદ મુગ્ધકન્યા મળી રહેતી હોય છે. ખરેખર તો મુગ્ધાઓ મનગમતો પુરુષ શોધતી હોય છે. તેનું મન ઠરે તેવો પુરુષ મળે તો તે તેને પ્રાપ્ત કરવા કામે લાગી જતી હોય છે. મદભર્યું યૌવન પાર પાડવું બહુ જ કઠિન કાર્ય છે. યૌવન આવતાં પહેલાં જ જો કન્યાને ખીલે બાંધી દેવાય અર્થાત્ તેની સગાઈ કરી દેવાય તો પછી તેની વ્યાકુળતા શાંત થઈ જતી હોય છે.

નાગકન્યા ઉલૂપી અર્જુનને નાગલોકમાં લઈ ગઈ અને પોતાની સાથે લગ્ન કરવા આગ્રહ કર્યો. પણ અર્જુને પોતાના બાર વર્ષના વનવાસની તથા બ્રહ્મચર્યના નિયમની વાત કરી. ઉલૂપીએ તેનું સમાધાન કર્યું કે બ્રહ્મચર્ય તો દ્રૌપદીના સહવાસથી દૂર રહેવા માટે હતું, મારા માટે નહિ. અર્જુનને તેની વાત ગળે ઊતરી. નાગરાજે અર્જુનને સમજાવ્યો કે મારા કુળમાં માત્ર એક જ સંતાન થાય છે. કોઈને પણ બીજું સંતાન થતું નથી. મને આ કન્યા થઈ છે. હું તેને પુત્ર જ માનું છું. તમે તેનું વરણ કરો, પણ જે સંતાન થાય તે મારું થશે, કારણ કે મારે વારસદારની જરૂર

છે. નાગરાજ અને ઉલૂપીના આગ્રહ આગળ અર્જુને ઝૂકવું પડ્યું. ઉલૂપી અને અર્જુન એકાકાર થઈ ગયાં. કેટલીક ઘટનાઓ અણચિંતવી અને આકસ્મિક હોય છે. તેને 'દૈવેચ્છા' કહેવાય છે.

ઉલૂપીથી એક પુત્ર થયો, જેનું નામ "ઈરાવાન" પડ્યું. અત્યંત રૂપાળો અને સારાં લક્ષણોવાળો પુત્ર સોંપીને અર્જુન વિદાય થઈ ગયો.

હવે હિમાલયનાં તીર્થો કરીને તે પૂર્વદિશા તરફ વળ્યો. નૈમિષારણ્ય, નન્દા, અપરનંદા, કૌશિકી (કોસી) મહાનદી, ગયાતીર્થ વગેરે પાર કરીને તે છેક કલિંગદેશ પહોંચી ગયો. અર્જુનને બાર વર્ષ વિતાવવાં છે એટલે તીર્થાટન કરવાનો સારો યોગ મળ્યો છે.

કલિંગદેશથી બધા બ્રાહ્મણો વગેરે પાછા વળી ગયા. અહીં તેણે વિશાળ સમુદ્રનાં દર્શન કર્યાં. અહીંથી વિચરણ કરતાં-કરતાં તે મણિપુર પહોંચ્યો.

મણિપુરમાં મહારાજા ચિત્રવાહનનું રાજ્ય ચાલતું હતું. તેમનાં દર્શન કર્યાં. યાત્રાપ્રવાસીએ તીર્થોની સાથે તીર્થોમાં વસતા મહાપુરુષોનાં પણ દર્શન જરૂર કરવાં જોઈએ. લગભગ પ્રત્યેક તીર્થમાં કોઈ ને કોઈ ઉચ્ચ કક્ષાના મહાપુરુષ રહેતા જ હોય છે. તેમને શોધી કાઢવા જોઈએ. પંડ્યા-પૂજારીની માફક તે સામે ચાલીને ભટકાઈ જતા નથી.

મણિપુરમાં મહારાજા ચિત્રવાહનને એક કન્યા હતી ચિત્રાંગદા. અર્જુનને તે ગમી ગઈ. તેણે મહારાજા પાસે ચિત્રાંગદાનો હાથ માગ્યો. વનવાસની સાથે બ્રહ્મચર્યના નિયમમાં ઉલૂપીએ બાંધછોડ કરાવી જ દીધી હતી, તેથી હવે રસ્તો સાફ થઈ ગયો હતો. માણસે બધા નિયમો લેવા, પણ લાંબા સમયના બ્રહ્મચર્યનો નિયમ ન લેવો. આવેશ અને ઊભરામાં આ નિયમ લેવો તો સરળ છે, પણ કુદરતવિરોધી હોવાથી લાંબો સમય પાળી શકાતો નથી. જે લોકો કઠોરથી કઠોર નિયમોની વાડ બાંધે છે તે પણ કુદરત આગળ જખ મારે છે. કડક રીતે સ્ત્રીઓને દૂર રાખવાથી સ્ત્રીભોગોથી તો રોકી શકાય છે, પણ પુરુષભોગો રોકી શકાતા નથી. સ્ત્રીભોગ વિનાના પુરુષો પુરુષભોગ, પશુભોગ કે પછી સ્વભોગ તરફ વળી જતા હોય છે. આ તો ઊલમાંથી ચૂલમાં પડવાનું થયું કહેવાય. કુદરત કોઈને પણ છોડતી નથી. સારું તો એ છે કે કુદરતને વિરોધી બનાવવા કરતાં તેને મિત્ર બનાવાય.

વર્ણ, જાતિ, કુળ વગેરે જાણીને ચિત્રવાહને પોતાની કન્યા ચિત્રાંગદાનાં લગ્ન અર્જુન સાથે કરી દીધાં. પણ જે પુત્ર થાય તે આપીને જવાની શરત પણ કરી. અર્જુન મણિપુરમાં ત્રણ વર્ષ રહ્યો. પુત્ર આપીને ચિત્રવાહન અને ચિત્રાંગદાની રજા લઈને પાછો તીર્થાટન કરવા નીકળી પડ્યો. ચિત્રાંગદાથી જે પુત્ર થયો તેનું નામ 'બભ્રુવાહન' રાખવામાં આવ્યું.

30-6-10

*

34. અર્જુનની બાર વર્ષની તીર્થયાત્રા અને ઇન્દ્રપ્રસ્થ પરત

રાષ્ટ્રની એકતાનાં મુખ્ય ચાર કારણો છે . ધર્મ, 2. સંસ્કૃતિ 3. ભાષા અને 4. તીર્થો.

ધર્મની દૃષ્ટિએ ભારત બહુધર્મી દેશ થઈ ગયો છે. બહુધર્મિતા બે પ્રકારની છે: (1) આંતરધર્મ અને (2) આંતરરાષ્ટ્રીય ધર્મ. આંતરધર્મ તે છે જે અહીં જ ઉત્પન્ન થયો હોય, જેનાં મૂળ અહીં જ હોય અને ફળ-ફૂલ-પાંદડાં પણ અહીં જ હોય. જેમ કે હિન્દુ-જૈન-બૌદ્ધ વગેરે. બીજો આંતરરાષ્ટ્રીય ધર્મ હોય છે, જે બહારથી આવ્યો હોય છે, જેનાં મૂળ અને ફળ-ફૂલ-પાંદડાં પણ બહાર હોય છે. જેમ કે ઈસ્લામ-ખ્રિસ્તી વગેરે. આંતરધર્મમાં પ્રયત્નપૂર્વક એકતા કરાવવી પડે છે, સહજ રીતે નહિ. તેમાં પણ જે આક્રમક ધર્મો હોય છે તે એકતા કરી શકતા નથી, કરે તો તે અલ્પજીવી હોય છે. તેમનાથી રાષ્ટ્રને હંમેશાં વિખવાદ અને વિભાજનનો ખતરો રહેતો હોય છે. જેમજેમ આંતરરાષ્ટ્રીય ધર્મનું પ્રમાણ વધતું જાય તેમતેમ રાષ્ટ્રીય ખતરો પણ વધતો જાય, જ્યારે આંતરિક ધર્મોથી આવો ભય ઓછો રહે છે અથવા નથી રહેતો. ઓછામાં ઓછું તે ધાર્મિક વિભાજન તો નથી કરાવતા.

સંસ્કૃતિ એકતાનું, આત્મીયતાનું બીજું કારણ છે. ભારત જેમ બહુધર્મી દેશ છે તેમ બહુ-સંસ્કૃતિ દેશ પણ છે. અહીં એક જ ધર્મમાં સેંકડો જુદીજુદી સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવે છે. સંસ્કૃતિની દૃષ્ટિએ મુસ્લિમો તથા ખ્રિસ્તીઓ હિન્દુઓની સમીપમાં છે—હા, ધર્મથી દૂર છે. ભારતીય સંસ્કૃતિમાં ભારે સહિષ્ણુતા છે તેથી સૌ સાથે રહી શકે છે.

ભાષાની દૃષ્ટિએ પણ આ દેશ બહુભાષી છે. અસંખ્ય ભાષાઓ, બોલીઓ અહીં પ્રચલિત છે. પ્રાચીનકાળમાં વિદ્વાનોની ભાષા સંસ્કૃત હતી, જેથી ભારતભરના વિદ્વાનો એકબીજાથી જોડાયેલા રહેતા હતા. પછી ફારસી-ઉર્દૂ આવી. તે પૂરા ભારતના વિદ્વાનોની ભાષા ના થઈ શકી —હા, કેટલાક ભાગની રાજભાષા થઈ શકી. રાજભાષાનો પ્રભાવ રાજા હોય ત્યાં સુધી જ રહેતો હોય છે. ખરી લોકભાષા તે છે જેનો પ્રભાવ લાંબો સમય રહેતો હોય છે.

છેવટમાં એકતાનાં પ્રતીક તીર્થો હોય છે. હિન્દુ ધર્મનાં તીર્થો ભારતના આ છેડેથી પેલા છેડા સુધી ફેલાયેલાં છે. છેક માનસરોવર-કૈલાસથી કન્યાકુમારી સુધી અને હિંગળાજથી કામાક્ષ્યા સુધી જ્યાં જુઓ ત્યાં તીર્થો જ તીર્થો છે.

આ તીર્થોનું ભ્રમણ કરવા ભારતવાસીઓ (હિન્દુઓ) આ છેડેથી પેલા છેડા સુધી શ્રદ્ધાપૂર્વક ફરતાં રહે છે, તેથી આત્મીયતા અને એકતા વધે છે.

અર્જુન છેક પૂર્વમાં મણિપુર સુધી પહોંચ્યો, પરણ્યો, પુત્ર બભ્રુવાહન પેદા કર્યો અને હવે છેક પશ્ચિમમાં રૈવતક પર્વત—દ્વારકા સુધી પહોંચી રહ્યો છે. કલ્પના કરો તે સમયની. માર્ગો નહિ, સગવડો નહિ, હજારો વિઘ્નો, તેમ છતાં અર્જુન છેક પ્રભાસતીર્થ પહોંચી જ ગયો.

તીર્થોની રચના સમજવા જેવી છે. તીર્થો મોટા ભાગે સાકાર ઈશ્વર- વિગ્રહોનાં હોય છે. નિરાકારનાં તીર્થો હોતાં નથી, કારણ કે નિરાકારની કોઈ ઘટના કે ઇતિહાસ હોતાં નથી. સાકારના મુખ્ય ત્રણ ભેદ છે: શિવ, વિષ્ણુ અને શક્તિ. મોટા ભાગનાં તીર્થો આ ત્રણમાંથી કોઈ એકને નિમિત્ત બનાવીને રચાયાં હોય છે. આ ત્રણેનો અભેદ થાય તે માટે ત્રણેને લગભગ

સાથે જ રખાય છે. જેમ કે હિમાલયમાં બદરીનાથ વિષ્ણુ છે, તો કેદારનાથ શિવ છે. (ગંગોત્રી-જન્મોત્રી દેવીઓ છે.) અહીં પશ્ચિમમાં દ્વારિકામાં શ્રીકૃષ્ણ વિષ્ણુ છે, તો પ્રભાસક્ષેત્રમાં સોમનાથ મહાદેવ છે. આવું જ લગભગ બધે જ છે, જેથી શિવ-વિષ્ણુ-ભક્તો યાત્રા કરે તો બધે વંદન કરી એકતા કરતા હોય. શૈવો અને શાક્તો ચુસ્ત નથી હોતા. કેટલાક વૈષ્ણવોને પ્રયત્નપૂર્વક ચુસ્ત બનાવાયા છે. તેઓ પણ દર્શન તો બધે કરે છે. કોઈ-કોઈ અતિચુસ્ત કદાચ ન પણ કરે, તો તે રોગિષ્ઠ છે. પહેલાં તો ધર્મમાં સાંપ્રદાયિકતા એક નાનો રોગ છે. સંપ્રદાયમાં પણ ચુસ્તતા આવે એટલે તે મહારોગ થઈ જાય અને પછી જો સંપ્રદાયમાં કટ્ટરતા આવી જાય તો-તો અસાધ્ય સન્નિપાત જ આવ્યો કહેવાય. આવું કામ ગુરુલોકો કરાવતા હોય છે. દોષ ગુરુઓનો છે.

જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી કે અર્જુન પ્રભાસક્ષેત્રમાં આવી ગયો છે, ત્યારે પોતે પણ પ્રભાસક્ષેત્રમાં આવી ગયા. અતિપ્રેમી સામે ચાલીને મળતો હોય છે. અહંકારી ઘરમાં જ બેસી રહેતો હોય છે. પ્રભાસક્ષેત્રમાં નર-નારાયણ ઋષિપર્વત ઉપર બન્ને મિત્રો બેસી ગયા. અર્જુને પોતાના પ્રવાસની બધી લાંબી વાતો કહી સંભળાવી. બન્ને મિત્રો રાત્રે અહીં જ સૂઈ ગયા.

સવારે આગ્રહ કરીને શ્રીકૃષ્ણ અર્જુનને દ્વારિકા લઈ ગયા. અર્જુનને નિહાળવા દ્વારિકાની પ્રજા ઘેલી થઈ હતી. ત્યારે દ્વારિકામાં મુખ્ય ત્રણ વંશો રહેતા હતા: ભોજ, વૃષ્ણિ અને અંધક. વિશ્વભરમાં ભલે વર્ણ ન હોય પણ જાતિ અને વંશ તો બધે જ હોય છે. વંશ એટલે કે કોઈ પ્રતાપી આદિપુરુષ દ્વારા ચલાવેલો વેલો, સંગીતકારો જેને ઘરાના કહે છે. પ્રત્યેક વંશની કાંઈક ખાસિયત પણ રહેતી હોય છે. એવું લાગે છે કે વંશ જુદા હોવા છતાં પણ રોટી-બેટી-વ્યવહાર ચાલતો હતો. શ્રીકૃષ્ણ વૃષ્ણિવંશના છે. આ યદુવંશના પેટાવંશો છે.

એક વાર એવું બન્યું કે રૈવતક-પર્વત ઉપર વૃષ્ણિ અને અંધકવંશના યાદવોનો મેળો ભરાયો હતો. લોકમેળા પ્રાચીનકાળથી થતા આવ્યા છે. કેટલાક મેળા પૂરી પ્રજાના હોય છે, તો કેટલાક પેટાજ્ઞાતિઓ પૂરતા સીમિત હોય છે. લોકમેળામાં પણ શહીદ થયેલા શૂરા-પૂરા વીરો કે વીરાંગનાઓ માટે જે મેળા ભરાય તે ખૂબ પ્રેરણાદાયી થઈ જતા હોય છે.

લોકમેળામાં સ્ત્રીઓનું પ્રમાણ હંમેશાં વધારે હોય છે. સ્ત્રીઓને શણગાર સજવા, કોઈ જોયા કરે તેવી જગ્યાએ મહાલવા—રમવા જવું બહુ ગમતું હોય છે. આવા સમયે તેઓ વિશેષ ભાવુક થઈ જતી હોય છે. ભાવુકતા પ્રેમાકર્ષણનું કારણ થઈ શકે છે. કોઈ મનનો માણીગર મળી જાય તો પછી કહેવું જ શું? અત્યારે પણ આદિવાસીઓના અમુક મેળા આવા હેતુ માટે ભરાતા હોય છે. કોઈ યુવાન કોઈ યુવતીનો હાથ પકડીને લઈ જાય તો તે ગમે છે. તે પતિ-પત્ની થઈ જાય છે. કોઈ વિરોધ કે મારામારી નથી થતી. કોઈ યુવતીનો હાથ પકડનાર કોઈ યુવાન ન મળે તો તે દુઃખી થાય છે. મારામાં કાંઈક કચાશ હશે તેમ માને છે.

આજે વરકન્યા-પસંદગીનો મેળો પણ ભરાવા લાગ્યો છે. તેનો હેતુ પણ અપરિચિતોને નજીક લાવી પરિચય વધારવાનો અને પછી ગોઠવાઈ જવાનો હોય છે.

મેળામાં શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા પણ શણગાર સજીને સખીઓ સાથે આવી છે. સ્ત્રીઓના શણગાર અને તે પણ કુંવારી સ્ત્રીના વધુ પડતા શણગાર પુરુષો માટે અલિખિત આમંત્રણપત્રિકા થઈ જતા હોય છે. ખૂબ શણગાર સજ્યા હોય અને કોઈ સામું પણ ના જુએ તો તેથી સ્ત્રી દુઃખી થાય. કદાચ આ જ કારણસર વિધવા માટે શણગારનો નિષેધ હશે. તેને કોઈને આમંત્રણ મોકલવાનું નથી હોતું. તેમ છતાં પણ જો વિધવા નિતનવા શણગાર સજે તો

તેને આમંત્રિત કરવા માગે છે. તેને વહેલી તકે પરણાવી દેવી જોઈએ. એમાં જ સૌનું કલ્યાણ છે.

સુભદ્રાને જોતાં જ અર્જુન મોહિત થઈ ગયો. એવું લાગે છે કે તે સમયમાં ઘણા લોકો લગને-લગને કુંવારા જેવા હતા. તે સુભદ્રાને એકીટશે તાકી જ રહ્યો. શ્રીકૃષ્ણ ચતુર છે. તે પોતાની બહેન પ્રત્યે અર્જુનના ભાવને કળી ગયા, પણ નારાજ ન થયા. શ્રીકૃષ્ણે કહ્યું, "અર્જુન, આ મારી સગી બહેન છે. તારે જો લગ્ન કરવાં હોય તો હું પિતાજી આગળ પ્રસ્તાવ મૂકું." કેટલો ઉદાર સમય હશે! એક સગો ભાઈ સગી બહેનના પ્રેમીનો સ્વીકાર કરી લે!

અર્જુને સ્વીકૃતિ આપી પછી શ્રીકૃષ્ણે જ કહ્યું, "એક રસ્તો સ્વયંવરનો છે. સુભદ્રા તને સ્વયંવરમાં માળા પહેરાવે." પણ થોડી જ વારમાં શ્રીકૃષ્ણે વલણ બદલી નાખ્યું. કારણ જાણવા જેવું છે. શ્રીકૃષ્ણ કહે છે કે:

> સ્વયંવરં ક્ષત્રિયાણાં વિવાહ: પુરુષર્ષભ।
> સ ચ સંશયિત: પાર્થ સ્વભાવસ્યાનિમિત્તત:॥

અર્થાત્ સ્વયંવરવિવાહ ક્ષત્રિયો માટે ઉત્તમ છે, પણ સ્ત્રીઓના સ્વભાવની અસ્થિરતાના કારણે સંશયભર્યો છે. ક્યારે વિચારો બદલાઈ જાય તે કહેવાય નહિ. કદાચ બીજાને વરમાળા આરોપિત કરી દે તો! તેના કરતાં બળપૂર્વક તેનું અપહરણ કરવું જ વધુ ઠીક લાગે છે. આ શ્રીકૃષ્ણ કહે છે. પોતે જ પોતાની બહેનનું અપહરણ કરાવવા તંત્ર ગોઠવી રહ્યા છે.

"પ્રેમપૂર્વક કન્યાને વરવાની લાંબી પ્રક્રિયા છે. પહેલાં ધીરેધીરે પ્રેમ કરો, આગળ વધો અને પછી ગાંધર્વલગ્ન કરીને એક થાઓ. પણ તેમાં ઘણો સમય લાગે, એટલે હરણ કરવું જ ઠીક રહેશે." શ્રીકૃષ્ણે કહ્યું.

યુધિષ્ઠિરે પણ આ યોજનાનું સમર્થન કર્યું. હવે તૈયારીઓ થવા લાગી.

એક દિવસ શસ્ત્ર સજીને રથ ઉપર બેસીને અર્જુન શિકાર રમવા રૈવતક- પર્વત ઉપર ગયો. સુભદ્રા પણ રૈવતક-પર્વતથી પાછી ફરી રહી હતી. અર્જુને સારો મોકો જોઈને સુભદ્રાને પોતાના રથ ઉપર બેસાડી દીધી અને રથને પુરપાટ મારી દીધો. આ દૃશ્ય જોઈને-સાંભળીને સર્વત્ર હાહાકાર થઈ ગયો. બધા સૈનિકો દ્વારકા દોડી ગયા અને વૃષ્ણિ, અંધક, ભોજ વંશના બધા યોદ્ધાઓ ખાવું-પીવું છોડીને જેના હાથમાં જે શસ્ત્ર આવ્યું તે લઈને અર્જુનને મારવા દોડ્યા.

શ્રીકૃષ્ણ ચૂપચાપ બેઠા હતા.

બલરામજીના ક્રોધનો પાર નથી. સુભદ્રા તો બલરામની પણ બહેન છે. એક બહારનો મહેમાન સૌના દેખતાં (પ્રેમથી નહિ) બળપૂર્વક પોતાની બહેનને ઉપાડી જાય તે કોને ગમે?

શ્રીકૃષ્ણ બોલ્યા—"મોટાભાઈ, અર્જુને જે કર્યું તે ઠીક જ કર્યું છે. આપણું અપમાન કર્યું નથી, પણ તેણે ક્ષાત્રધર્મને અનુકૂળ કર્યું છે. માટે હવે આપણે તેની સાથે યુદ્ધ નહિ પણ મેળ કરવો હિતાવહ છે. અર્જુન અને સુભદ્રાનાં લગ્ન આપણે સ્વીકારી લઈએ અને દ્વારકામાં લગ્ન રચીએ." શ્રીકૃષ્ણે ઘણી યુક્તિ-પ્રયુક્તિથી બલરામ અને યાદવોને આ વાત સમજાવી. પ્રવાહની સાથે વહેનારા તો હજારો હોય છે, પણ પ્રવાહની વિરુદ્ધ જઈને જે હિતકારી હોય તે વાત મક્કમતાથી મૂકનારા કોઈ એકાદ જ હોય છે. શ્રીકૃષ્ણ તેમાંના એક છે. તેમની વાત યાદવોએ સમજી અને સ્વીકારી. અર્જુન અને સુભદ્રાને પાછાં દ્વારકા લાવ્યા અને ધૂમધામથી પરણાવ્યાં. ઘણી વાર બે

કુળો, બે પરિવારો કે બે વ્યક્તિઓ કલહના કારણે વિનાશના કાંઠે પહોંચી ગયાં હોય છે. પણ આવા સમયે જો કોઈ ડાહ્યો-શાણો માણસ બન્ને પક્ષોને સમજાવીને સાચા રસ્તે લઈ આવે તો અનર્થ ટળી શકે છે. અર્જુન અને યાદવો વચ્ચેનો અનર્થ શ્રીકૃષ્ણના પ્રતાપે ટળી ગયો.

વિવાહ પછી અર્જુન એક વર્ષ સુધી દ્વારકામાં રહ્યો. ત્યાં સુધીમાં પ્રાયશ્ચિત્તનાં બાર વર્ષ પૂરાં થઈ ગયાં. હવે અર્જુન સુભદ્રાને લઈને ખાંડવપ્રસ્થમાં પહોંચી ગયો. બારબાર વર્ષે બધા ભાઈઓ, માતા, મંત્રીઓ વગેરે મળ્યાં. સૌના હર્ષનો પાર ન રહ્યો. જેને ઘણો પ્રેમ જોઈતો હોય તેણે સમયે-સમયે દૂર જઈને નજીક આવવું. જે સતત નજીક જ રહ્યા કરે છે તે પ્રેમ તો કદાચ મેળવી શકે પણ પ્રેમનો ઊભરો ન અનુભવી શકે.

બધાંને મળીને અર્જુન દ્રૌપદી પાસે ગયો. દ્રૌપદી મોઢું ચઢાવીને લાલઘૂમ થઈને છીંકો નાખી રહી હતી. બીજી પત્ની સુભદ્રાને તે સહન કરી શકતી ન હતી. પતિના સુખમાં કોઈ ભાગ પડાવે તે કોઈ પત્નીને ગમે નહિ. બહુપત્નીત્વનો રિવાજ સ્ત્રીઓની સંમતિથી પ્રચલિત થયો ન હતો. પુરુષોએ પોતાના જોરે આ રિવાજ સ્થાપિત કરી દીધો હતો. સ્ત્રીઓ ઉપર એક રીતે આ જુલ્મ જ હતો. સૌથી મોટું સુખ પતિસુખ કહેવાય છે (જો હોય તો). તેમાં કોઈ ભાગ પડાવે અથવા કહો કે પૂરેપૂરું લઈ લે તે શોક્ય કોને ગમે? પણ ધર્મ, સમાજ અને રાજકારણે મળીને આવી વ્યવસ્થા કરી હતી. ત્યારે સ્ત્રી પણ એક ભોગ્ય વસ્તુ હતી. જેમ શ્રીમંત માણસ બેચાર ઘોડીઓ રાખે—મરજી પડે ત્યારે લાલ ઉપર ચઢે, મરજી પડે ત્યારે કાળી ઉપર ચઢે. ઘણી ઘોડીઓ રાખવી એ ગૌરવ હતું. તેવું જ પત્નીઓનું પણ હતું.

દ્રૌપદી ખૂબ રિસાઈ. અર્જુને નમ્રતાપૂર્વક તેની ક્ષમા માગી. પોતાની ભૂલ હોવા છતાં પણ પુરુષ પોતાની વાત મનાવવા જ્યારે સ્ત્રી ઉપર જોહુકમી કરે છે ત્યારે વાત વધુ બગડે છે, પણ જો નમ્રતાથી ભૂલ સ્વીકારીને ક્ષમા માગી લે તો બગડેલી વાત સુધરી શકે છે. પત્ની ભલે રિસાઈ હોય, પણ તેની લાગણીઓ તો અખંડ હોય છે. એટલે રીસ ઊતરી શકે છે. આ ઝઘડો છે, શત્રુતા નથી.

અર્જુને સુભદ્રાને દ્રૌપદીની પાસે મોકલી. સુભદ્રાએ દ્રૌપદીના ચરણસ્પર્શ કરી નમસ્કાર કર્યા અને કહ્યું કે “હું તમારી દાસી છું, દુશ્મન નથી.” સુભદ્રાના નમ્રતાભર્યા વ્યવહારે દ્રૌપદીનું મન જીતી લીધું. દ્રૌપદીએ ઊભા થઈને સુભદ્રાનો સ્વીકાર કર્યો. પરિવારોમાં કલહ થવાનું માત્ર ભોગોમાં ભાગ પડાવવાનું જ કારણ નથી હોતું, તે સિવાય ઘરનું વડીલપણું તથા સત્તાપ્રાપ્તિ પણ કારણ હોય છે.

સુભદ્રા અને દ્રૌપદીમાં મેળ થઈ ગયો. હા, મેળ કરાવતાં આવડે તો જ મેળ થાય. પછી તો ઇન્દ્રપ્રસ્થમાં બધાં સગાં-સંબંધી મળવા આવ્યાં. શ્રીકૃષ્ણ પણ ઘણો મોટો દહેજ લઈને આવ્યા. બધાનો યથાયોગ્ય સત્કાર થયો.

હવે બધાં ઇન્દ્રપ્રસ્થમાં શાંતિથી રહેવા લાગ્યાં. પાંચે પાંડવોને દ્રૌપદીથી એકએક પુત્ર થયો, જેમનાં નામ આ પ્રમાણે છે . પ્રતિવિન્ધ્ય, 2. સુતસોમ, 3. શ્રુતકર્મા, 4. શતાનિક અને 5. શ્રુતસેન. અર્જુનને સુભદ્રાથી અભિમન્યુ નામે પુત્ર પણ થયો.

લગ્નજીવનની ચરમસિદ્ધિ સંતાનપ્રાપ્તિ છે. પાંડવપરિવાર આવી સિદ્ધિથી સમૃદ્ધ થઈને ઇન્દ્રપ્રસ્થમાં સુખપૂર્વક રહેવા લાગ્યો.

2-7-10

*

35. ખાંડવવનનો દાહ

ભારતના મુખ્ય ત્રણ ધર્મો હિન્દુ, જૈન અને બૌદ્ધ. તેમાં હિન્દુધર્મ યજ્ઞપ્રધાન થયો, જૈનધર્મ તપપ્રધાન થયો અને બૌદ્ધધર્મ ધ્યાનપ્રધાન થયો લાગે છે. જૈન અને બૌદ્ધોને શ્રમણ પણ કહેવાય છે. બન્ને અહિંસાપ્રધાન હોવાથી અને યજ્ઞોમાં હિંસા પ્રચલિત થઈ ગઈ હોવાથી શ્રમણોને ત્યાં યજ્ઞ-યાગાદિથી કર્મકાંડો નથી થતાં. હિન્દુ પરંપરામાં સમય આવતાં યજ્ઞની જગ્યાએ ભક્તિ, ઉપાસના, સેવા વગેરે સાધનાઓ પ્રચલિત થઈ ગઈ. ભક્તિમાર્ગમાં યજ્ઞોનો પ્રભાવ નથી. સેવામાર્ગમાં પણ ઈશ્વરની સેવા અને પછી જનસેવાનો પ્રભાવ અને મહત્ત્વ વધ્યાં છે તોપણ હજી નાનામોટા યજ્ઞો થતા જ રહે છે. પુરોહિતોને આજીવિકા મળે છે અને યજમાનોને પ્રતિષ્ઠા મળે છે, પણ તેના દ્વારા કોઈ મહત્ત્વનો જીવનપ્રશ્ન ઉકેલાતો દેખાતો નથી.

આવું જ જૈન તપસ્યાનું છે. તે પરલોકલક્ષી છે. કદાચ પરલોક સુધરતો હશે, પણ તેથી આ લોકના પ્રશ્નો ઉકેલાતા નથી. બૌદ્ધોના ધ્યાનથી કદાચ ધ્યાન કરનારને શાંતિ મળતી હશે, પણ તેથી સંઘર્ષશક્તિનો ક્ષય થાય છે. શાંતિપ્રિય લોકો અન્યાય-અત્યાચાર સામે બાથ ભીડી શકતા નથી. શાંતિ અને સંઘર્ષ સાથે ન રહી શકે. આમ, ત્રણ ધારાઓ આ લોકના જીવનધારાના મહત્ત્વના પ્રશ્નો ઉકેલવા તરફ પૂરતું ધ્યાન ન આપનારી થઈ ગઈ લાગે છે.

‘મહાભારત’માં એક વિચિત્ર યજ્ઞની કથા આવી રીતે આવી છે.

ઇન્દ્રપ્રસ્થમાં યુધિષ્ઠિરનું રાજ્ય બરાબર જામ્યું છે. દુકાનને, પેઢીને, સંસ્થાને, દામ્પત્યને અને રાજ્યને જામતાં સમય લાગતો હોય છે. આ બધાં જામેલાં જ સુખ આપતાં હોય છે. ચારે તરફ યુધિષ્ઠિરનો જયજયકાર થઈ રહ્યો છે. પ્રજાનું પ્રમાણપત્ર રાજા માટે સૌથી મોટી સિદ્ધિ ગણાય.

એક વાર અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે “બહુ ગરમી પડે છે. ચાલો, યમુનાજીમાં જઈને સ્નાન કરીએ.” ત્યારે પંખા કે A.C.ની શોધ નહિ થઈ હોય, તેથી આર્યો ત્રણ-ત્રણ વાર સ્નાન કરતા હશે. અર્જુન અને શ્રીકૃષ્ણ પરિવારની બધી સ્ત્રીઓ સાથે યમુનાતટે પહોંચી ગયા. ઘરમાં પુરાઈ રહેતી સ્ત્રીઓ બહાર હરવાફરવા ઉત્સુક રહેતી હોય છે. ડાહ્યા પુરુષોએ સમય-સમય ઉપર તેમને બહાર ભ્રમણ કરાવવા જરૂર લઈ જવી. જળ જોઈને સ્ત્રીઓ ગાંડીગાંડી થઈ જાય. બધાંએ ખૂબ જળક્રીડા કરી. ચારે તરફ આનંદઆનંદ થઈ રહ્યો હતો તેવામાં એક બ્રાહ્મણદેવતા ત્યાં આવી પહોંચ્યા. મહાતેજસ્વી બ્રાહ્મણને જોઈને શ્રીકૃષ્ણ અને અર્જુને ઊભા થઈને નમસ્કાર કર્યા.

બ્રાહ્મણે કહ્યું કે “મારે ભોજન કરવું છે, પણ મારા ભોજનની માત્રા ઘણી વધારે છે. આજ સુધી મને કોઈ તૃપ્ત કરી શક્યો નથી. શું તમે મને તૃપ્ત કરશો?”

અર્જુને હા પાડી, “ખુશીથી જેટલું જમાય તેટલું જમો. અહીં અન્નપૂર્ણા ભરપૂર છે.” જેનો ખૂબ વધારે ખોરાક હોય અને ઓચિંતા કોઈને ત્યાં જમવા-ટાણે પહોંચી ગયા હોય તો તેણે શરૂઆતમાં જ પોતાના આહારની સ્પષ્ટતા કરી દેવી સારી, જેથી યજમાનને પહેલેથી વ્યવસ્થા કરી લેવાની તક મળે.

બ્રાહ્મણે સ્પષ્ટતા કરી. મારો આહાર અન્નાદિનો નથી. હું અગ્નિદેવતા છું. મારે તો આ પૂરા ખાંડવવનને જ ખાઈ જવું છે. ઇન્દ્ર તેની રક્ષા કરે છે. તે મને ખાવા દેતો નથી. તેનો મિત્ર તક્ષક

આ વનમાં રહે છે તેથી તે પણ ઇન્દ્રની રક્ષા કરે છે. બોલો, મને ખાંડવવન ખાવા દેશો?"

બ્રાહ્મણની વાત સાંભળીને અર્જુનને નવાઈ લાગી. તેણે કહ્યું કે "આ પૂરું વન ખાવાની તમને કેમ ઇચ્છા થઈ? આમાં તો લાખો પ્રાણીઓ રહે છે. તે બધાં બળીને ભસ્મ થઈ જશે."

અગ્નિદેવતા કહે છે કે "જે થવાનું હોય તે થાય, પણ મને આ ખાંડવવન ખાવા દો."

તેનું કારણ બતાવતાં અગ્નિએ કહ્યું કે "પૂર્વે એક શ્વતકિ નામનો રાજા થયો હતો. તેણે ઘણાઘણા યજ્ઞો કર્યા હતા. તે સતત યજ્ઞો જ કર્યા કરતો, તેથી ઋત્વિજો ખિન્ન થઈ ગયા. બધાના ચહેરા ધુમાડાથી શ્યામ થઈ ગયા, તેથી તે યજ્ઞ છોડીને ચાલ્યા ગયા. રાજાએ બીજા ઋત્વિજો બોલાવ્યા અને જેમતેમ કરીને યજ્ઞ પૂરો કર્યો.

ફરી રાજાને સો વર્ષો સુધી ચાલનારો યજ્ઞ કરવાની ઇચ્છા થઈ, પણ ઋત્વિજો મળ્યા નહિ. તેથી રાજા કૈલાસમાં ભગવાન શિવ પાસે ગયો અને શિવજીને યજ્ઞ કરવા આવવા મનાવ્યા. પણ શિવજીએ શરત કરી કે બાર વર્ષ સુધી અખંડ ઘૃતધારા દ્વારા અગ્નિદેવને તૃપ્ત કરવામાં આવે તો જ યજ્ઞ કરવા આવું. ધારા જરાય તૂટવી ન જોઈએ."

રાજાએ શરત સ્વીકારી. શિવજી દુર્વાસાને લઈને યજ્ઞ કરાવવા આવી ગયા. બાર વર્ષ સુધી નિરંતર ઘૃતધારા પડતી રહી. યજ્ઞ થયો. પણ જેમ ઘણું ખાવાથી અજીર્ણ થાય તેમ અગ્નિદેવને પણ અજીર્ણ થઈ ગયું. પાચનશક્તિ મંદ પડી ગઈ. શરીર ફિક્કું પડી ગયું. ભોજન ઉપર અરુચિ થઈ ગઈ. અગ્નિદેવ બ્રહ્માજી પાસે ગયા અને દુ:ખની વાત કહી. બ્રહ્માજીએ કહ્યું, સતત બાર વર્ષો સુધી ભારે પદાર્થ ઘી ખા-ખા કરવાથી આવું થયું છે. હવે ખાંડવવનનો દાહ કરો તો ફરીથી પાચનશક્તિ જાગૃત થાય."

બ્રહ્માજીની વાત સાંભળીને અગ્નિદેવ ખાંડવવનમાં પહોંચી ગયા અને ચારે તરફથી અગ્નિ લગાડી દીધો. ખાંડવવન તો ધૂ-ધૂ કરતું બળવા લાગ્યું. બળતા વનને બચાવવા ઇન્દ્રે ભારે પ્રયત્નો કર્યા. તેણે બારે મેઘ વન ઉપર વરસવા માટે મોકલી દીધા, પણ અગ્નિદેવનાં આપેલાં અસ્ત્રશસ્ત્રોથી અર્જુને બધું અટકાવી દીધું. દેવો અને કૃષ્ણ-અર્જુન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. યુદ્ધમાં ભારે પરાજયથી દેવો બધા યુદ્ધ-વિમુખ થઈ ગયા. ઇન્દ્ર પણ શરણે આવી ગયો.

આ રીતે અગ્નિદેવને હવે કોઈ અડચણ રહી નહિ. તે મન મૂકીને ખાંડવવનને દગ્ધ કરવા લાગ્યા. હવે તેમને પૂરો આહાર મળ્યો અને તૃપ્તિ થઈ. આ રીતે સતત પંદર દિવસ સુધી ખાંડવવન ધગધગતું રહ્યું.

ઇન્દ્રે પ્રસન્ન થઈને અર્જુનને દિવ્યાસ્ત્રનું પ્રદાન કર્યું—એવાં અસ્ત્ર-શસ્ત્રો આપ્યાં કે ધરતી ઉપર કોઈની પાસે ના હોય. આવાં શસ્ત્રોથી અર્જુન દિગ્વિજય કરી શકે.

ધર્મ, સંસ્કૃતિ અને ચિંતન ત્રણે મળીને પ્રજાની સામૂહિક રુચિ ઉત્પન્ન કરતાં હોય છે. પ્રજાને શસ્ત્રવિમુખ બનાવી હોય તો તે કદી શસ્ત્રો ન માગે, શસ્ત્રોનો ત્યાગ કરે. કેટલાક ધર્મોએ આવું જ કર્યું. પ્રજાને શસ્ત્રવિમુખ કરી દીધી. શસ્ત્રવિમુખ પ્રજા વીરતાહીન થઈ ગઈ, જેથી તે ગુલામ થઈ ગઈ. મોક્ષ લેવા નીકળેલી પ્રજા ગુલામી વહોરી બેઠી. 'મહાભારત' આવી રુચિ પેદા નથી કરતું. તે શસ્ત્રનો મહિમા જાણે છે, તેથી ડગલે ને પગલે શસ્ત્રોની ચર્ચા આવે છે. અહીં કોઈ ઋષિમુનિ માળા કે કંઠી લઈને નથી ફરતા, અસ્ત્રશસ્ત્ર લઈને ફરે છે, લોકોને શસ્ત્રવિદ્યા ભણાવે છે, યોદ્ધાઓ બનાવે છે. આ ઋષિમાર્ગ છે, શ્રમણમાર્ગ નથી. અર્જુને અનેક અસ્ત્રશસ્ત્રો પ્રાપ્ત

કર્યાં. ધર્મ અને શાંતિની સ્થાપના ઉપદેશોથી નહિ, પરાક્રમથી થતી હોય છે. પરાક્રમ કરવા માટે શસ્ત્ર જરૂરી છે. અહીં આદિપર્વ પૂર્ણ થાય છે.

2-7-10

*

સભાપર્વ

36. મયદાનવની અદ્ભુત રચના

પ્રજાની અસ્મિતા અને ગૌરવ ત્રણ રીતે પ્રગટ થતાં હોય છે: (1) ત્યાગ-બલિદાનની ગાથાઓથી, (2) મહાન વિજયોથી અને (3) ભવ્ય આલીશાન સ્થાપત્યોથી.

જે પ્રજા ત્યાગ-બલિદાનની કથા વિનાની હોય તેને શું ગૌરવ હોય? ધર્મ, સંસ્કૃતિ કે રાષ્ટ્ર માટે જે લોકો ફાંસીએ ચઢ્યા હોય, આદર્શો સામે મચક ન આપી હોય તેવા લોકો અને તેમના વારસદારોનું ગૌરવ હોય, તેમના પાળિયા પૂજાય.

જે લોકોએ સિકંદર કે નેપોલિયનની માફક દૂરદૂર સુધી વિશ્વવિજય કર્યો હોય તેમનું ગૌરવ હોય. જે પોતાના જ દેશને સાચવી ન શકે. દુશ્મનોના પગ તળે અનેક વાર પદદલિત થયો હોય તે શાનું ગૌરવ લે?

જેમની પાસે હજારો વર્ષ જૂનાં ભવ્યાતિભવ્ય સ્થાપત્યો હોય, જેવાં કે પિરામીડ, નાઈલનાં મંદિરો, રોમન કોલેસિયમ વગેરે તે પ્રજા પોતાનાં સ્થાપત્યોનું ગૌરવ લે. જેની પાસે આવાં સ્થાપત્યો ન હોય તે શાનું ગૌરવ લે?

ઉપરનાં ત્રણે તત્ત્વો એકબીજાનાં પૂરક છે. મોગલોએ દૂરદૂર સુધી વિજયો તો મેળવ્યા, પણ સાથેસાથે તેમણે ભવ્ય ઇમારતો અને બાગ-બગીચા પણ બંધાવ્યાં. ભારતની સ્થાપત્ય-ઓળખ તાજમહેલ છે. તાજમહેલ જોવા માટે પ્રતિવર્ષ વિશ્વભરમાંથી લાખો પ્રવાસીઓ આવે છે. તાજમહેલની સાથે શાહજહાં અને તેની પ્રેમગાથા અમર થઈ ગયાં. અજન્ટા-ઈલોરાની બૌદ્ધગુફાઓ, સ્તૂપો વગેરે દર્શનીય છે અને દેશને ભવ્યતા આપે છે, તાજમહેલ પ્રેમગાથાનું પ્રતીક છે, તો ગુફાઓ અને સ્તૂપો ત્યાગનું પ્રતીક છે. તાજમહેલ કહે છે કે જીવન પ્રેમ કરવા જેવી વસ્તુ છે, તો ગુફાઓ કહે છે કે જીવન ત્યાગ કરવા જેવી વસ્તુ છે. જીવનમાં કશો સાર નથી. બધું ક્ષણિક અને નાશવાન છે. ભિક્ષુ થઈ જાઓ.

આવી જ રીતે પાલિતાણા અને દેલવાડાનાં દહેરાં, રાણકપુરનાં ઝુમ્મરો વગેરે કોતરકામના બેનમૂન નમૂના છે. તેમને જોવા અને સમજવા વિશ્વભરમાંથી કલાશિલ્પીઓ આવે છે અને જોતા જ રહી જાય છે. કેવાં ટાંકણાં હશે, કેવી હથોડીઓ હશે, કેવા કલાકારો હશે—વિચારતા જ રહી જાય છે!

આપણા યજ્ઞોનાં કશાં સ્મારક સ્થાપત્યો નથી. બાકી આપણે આ બધા કરતાં વધુ લક્ષ્મી વાપરી છે. પરલોકમાં વસતા ઇન્દ્રાદિ દેવોને પ્રસન્ન કરવા “ઇદં ઇન્દ્રાય સ્વાહા” કહીકહીને કરોડો નહિ અબજો આહુતિઓ આપી છે, પણ હા, કશાનું નિર્માણ કર્યું નથી. કદાચ કર્યું હોય તો તેનાં ખંડેરો (પિરામીડ જેવાં) ક્યાંય દેખાતાં નથી. ગૌરવની વાતો-માત્ર કરવાથી ગૌરવ ન મળી જાય.

ત્યાગ-બલિદાન, વિશ્વવિજય અને ભવ્યાતિભવ્ય સ્થાપત્યો તરફ પ્રજાને વાળવાનું કામ—પ્રેરકબળ ધર્મ અને ચિંતન આપે છે. એક નિર્માણયુગ આવતો હોય છે, જ્યારે બધાનું નિર્માણ જ નિર્માણ થયા કરે છે. એક વિધ્વંસયુગ આવે છે, જ્યારે બધું ભસ્મીભૂત થયા કરે છે. નિર્માણકાળમાં જે કશાનું નિર્માણ નથી કરતા તે તક ખોઈ બેસે છે. નિર્માણની તકો કાયમ રહેતી નથી. પાંડવોની પણ અત્યારે નિર્માણ-તક આવી છે. ઇન્દ્રપ્રસ્થનગરી નવી વસી છે. હવે

નગરીના પ્રમાણમાં એક ભવ્ય મહાલયની રચના કરવાનું વિચાર્યું.

ખાંડવવનદાહમાં કેટલીક વસ્તુઓ બચાવી લેવાઈ હતી તેમાં એક હતો મયદાનવ. મયદાનવ વિશ્વકર્મા હતો. યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરનાર મોટા ભાગે બધું લૂંટીને બાળી મૂકતા હોય છે, પણ શાણા લોકો કેટલુંક બચાવી લે છે. તેમાં સ્થપતિઓ અને વૈજ્ઞાનિકોને ખાસ બચાવવા જોઈએ. મોગલો બધાને મારી નાખતા, પણ સ્થપતિઓ અને કારીગરોને ના મારતા, તેમને તાશ્કંદ લઈ જતા, જ્યાં તેઓ ભવ્ય ઇમારતોનું નિર્માણ કરતા. હારેલા જર્મનીમાંથી મિત્રરાષ્ટ્રો વૈજ્ઞાનિકોને પોતાને દેશ લઈ ગયા, જેમાં આઈન્સ્ટાઈન પણ ખરો. આ વૈજ્ઞાનિકોએ મિત્રરાષ્ટ્રોને, ખાસ કરીને અમેરિકાને ન્યાલ કરી દીધો. સ્થપતિ અને વૈજ્ઞાનિકો રાષ્ટ્રના પુન: નિર્માણમાં અને તેને સર્વોચ્ચ શક્તિશાળી બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. જે દેશને પોતાના જ વૈજ્ઞાનિકોની કદર ન હોય તે દેશના વૈજ્ઞાનિકો જ્યાં કદર થતી હોય ત્યાં ખેંચાઈ જતા હોય છે.

ખાંડવવનમાં એક મયદાનવ પણ રહેતો હતો. તે બહુ મોટો સ્થપતિ હતો. પોતાની પ્રાણરક્ષા કરી તેના બદલામાં તે અર્જુનની પાસે આવીને પોતાને કાંઈક બનાવી આપવાની મંજૂરી આપવા પ્રાર્થના કરી. અર્જુને મયને શ્રીકૃષ્ણ પાસે મોકલ્યો, “જાઓ, શ્રીકૃષ્ણ કહે તે કરો.” શ્રીકૃષ્ણે મયને કહ્યું કે યુધિષ્ઠિર માટે એક એવા સભાભવનનું નિર્માણ કરો કે લોકો જોતા જ રહી જાય.” મયદાનવે ઇન્દ્રપ્રસ્થમાં ચારે તરફ તપાસ કરીને સારામાં સારી જમીન હતી ત્યાં દશ હજાર હાથ લાંબી અને દશ હજાર હાથ પહોળી જમીન પસંદ કરી, ત્યાં ખાતમુહૂર્ત અર્થાત્ શિલાન્યાસ કરાવી દીધો. જેને ભવ્ય ભવન બાંધવું હોય તેણે સર્વપ્રથમ વિશાળ જમીનનું રોકાણ કરવું. કદી પણ થોડી જમીનથી સંતોષ કરી લેવો નહિ. આવનારાં સો વર્ષનો વિચાર કરીને ચારે તરફ વિસ્તૃત જમીન રોકવી. મયે તેમ જ કર્યું.

વ્યક્તિ તથા રાષ્ટ્રનું મૂલ્ય તેનાં ભવન તથા રાજમહેલોથી પણ થતું હોય છે. ખાસ કરીને કન્યાનો પિતા વરનું મકાન જોતો હોય છે, પછી બીજી વાત. એટલે જ્યારે પણ ભવન બનાવવાનું થાય ત્યારે શક્તિ પ્રમાણે ભવ્ય જ બનાવવું.

મયદાનવે વિસ્તૃત અને ભવ્યાતિભવ્ય મહેલનું નિર્માણ કરી દીધું. તેની ઊંચાઈ વાદળોથી વાતો કરતી હતી. તેમાં એક જળકુંડ એવો પણ બનાવ્યો હતો કે જળ હોવા છતાં સ્થળ જેવો દેખાતો હતો. ઘણા લોકો તેમાં ભ્રમથી પડી જતા હતા. લોકોને આનંદ આવતો હતો. લોકોને સૌથી વધુ હર્ષ કોઈના ઓચિંતા પડવાથી થતો હોય છે.

મહેલની ચારે તરફ વૃક્ષો, સરોવરો વગેરે પણ હતાં. યોગ્ય સમયે યુધિષ્ઠિરે વાસ્તુવિધિ કરાવીને, બ્રાહ્મણોને સારી રીતે જમાડીને દક્ષિણા આપીને મહેલમાં પ્રવેશ કર્યો. નવું મકાન હોય કે ભવન હોય, પ્રવેશ કરનાર વ્યક્તિ તથા તેના પરિવારને અનહદ આનંદ અને ગૌરવ થતાં હોય છે.

મયદાનવ કાર્ય પૂર્ણ કરીને કદાચ મેક્સિકો-દેશ ચાલ્યો ગયો, જ્યાં તેણે માયા સંસ્કૃતિનું બીજ રોપ્યું.

પાંડવો જે ભવ્ય ભવનમાં રહેતા હતા ત્યાં રોજ મોટા-મોટા ઋષિમુનિઓ, મહારાજાઓ, રાજકુમારો, સરદારો અને શ્રેષ્ઠીઓ આવવા લાગ્યા. ભવનની ભવ્યતાથી બધા અંજાઈ જતા અને અમારે પણ આવું ભવન હોય તો કેવું સારું—તેવી કલ્પના કરતા હતા. સંપત્તિ લલચાવનારી હોય છે. તેથી તો વિકાસ થતો હોય છે. “તેના જેવું હું પણ કરું” એવી ઇચ્છાનું નિર્માણ કરાવતી હોય છે. જો બધા જ સંતોષી થઈ જાય તો વિકાસ ન થઈ શકે. વિકાસનું મૂળ

સુખેચ્છા છે. સુખ સગવડોને આધીન હોવાથી લોકો રોજ નવી-નવી સગવડો શોધ્યા કરતા હોય છે. આ જ વિકાસનું મૂળ છે. લોકોને વિકાસહીન—દરિદ્ર બનાવવા હોય તો તેમની સુખેચ્છાને મારી નાખો. તેમને અતિ સંતોષી બનાવી દો. બસ, પ્રજા આપોઆપ મરી જશે. દરિદ્રતા જ મૃત્યુ છે.

એક વાર મહામુનિ નારદ પણ ધર્મરાજાનો મહેલ જોવા આવી પહોંચ્યા. સંપત્તિ અને વૈભવની સાથે જો સંસ્કાર અને સજ્જનતા પણ ભળે તો સોનામાં સુગંધ ભળી કહેવાય. સંપત્તિ અને વૈભવ પ્રાપ્ત કરીને છકી જનારા થોડા જ સમયમાં વિનષ્ટ થઈ જતા હોય છે. તેવા અહંકારીઓનો યશ નથી હોતો.

નારદજીને આવતા જોઈને મહારાજ યુધિષ્ઠિર ઊભા થઈ ગયા અને સામે ચાલીને તેમનું સ્વાગત કર્યું. તેમને ઊંચા આસન ઉપર બેસાડી પોતે જિજ્ઞાસુની માફક સામે બેઠા. પછી તો નારદજી ખીલી ઊઠ્યા. તેમણે લાંબા સમય સુધી રાજાનાં લક્ષણ, રાજવ્યવસ્થા અને પ્રજાના સંબંધ વિશે અનેક તત્ત્વો ઊંડાણથી સમજાવ્યાં.

છેવટમાં યુધિષ્ઠિરને શંકા થઈ કે આવો મહેલ બીજા કોઈએ બનાવ્યો છે કે કેમ? તેની શંકાનું નિવારણ કરતાં પરિવ્રાજક નારદે ઇન્દ્રના મહેલનું, યમરાજાના મહેલનું, વરુણના મહેલનું, કુબેરના મહેલનું, બ્રહ્માજીના મહેલનું—એમ ઘણા મહેલોનું વર્ણન કર્યું, જે યુધિષ્ઠિરે ધ્યાનથી સાંભળ્યું.

વૈભવી વ્યક્તિ જો વૈભવને જીરવી ન શકે તો તે બીજાના વૈભવની વાતો આનંદથી સાંભળી ન શકે. ખુશામતખોરો તેને ચઢાવી-ચઢાવીને વધુ અહંકારી બનાવી દેતા હોય છે, જેના પરિણામે અંતે તેનો વિનાશ થઈ જતો હોય છે. વૈભવ મેળવવો એ પાપ નથી, પણ તેમાં છકી જવું એ પાપ છે. જો ના છકવું હોય તો હરિશરણ અને સત્સંગ કરતા રહેવું. તે જ બચાવે છે.

અંતમાં નારદે કહ્યું કે ઘણા મહેલો છે, પણ આજે મેં જે તારો મહેલ જોયો તેવો બીજો કોઈ નથી. પ્રશંસા સૌને ગમે છે. સાચી પ્રશંસા પાપ નથી, પણ ખુશામત પાપ છે. ખુશામતમાં સચ્ચાઈ નથી હોતી, તેમ છતાં પામર વ્યક્તિને બહુ ગમે છે. તે ભાન ભુલાવે છે અને પતન કરાવે છે.

નારદજીએ પોતાના સાથી ઋષિઓ સાથે યુધિષ્ઠિરની વિદાય લીધી અને દ્વારકા તરફ ચાલી નીકળ્યા.

2-7-10

*

37. જરાસંધ-વધ

પ્રત્યેક સમયમાં એક મહાન કાર્ય માન્ય હોય છે. આ મહાન કાર્ય કરવાથી મહત્તા પ્રાપ્ત થતી હોય છે. સંપત્તિ અને સત્તા આવ્યા પછી વ્યક્તિને યશની ભૂખ જાગતી હોય છે. યશ મેળવવાનું નિમિત્ત તે-તે સમયનું મહાકાર્ય હોય છે. જેમ કે યજ્ઞ કરવાથી, સ્તૂપ બાંધવાથી, દેરાસરો બાંધવાથી, બ્રહ્મભોજન-ચોરાશી કરવાથી, વિદ્યાસંસ્થા અને હોસ્પિટલો બાંધવાથી—આવાં જુદાંજુદાં કાર્યો સમયસમય પર પ્રજામાન્ય થતાં હોય છે. પ્રજામાન્ય મહાકાર્યો તરફ પ્રજા વળતી હોય છે અને તે પ્રમાણેનાં કાર્યો કરતી હોય છે.

ત્યારે મહાકાર્ય યજ્ઞ હતું. રાજામહારાજાઓ રાજસૂય અને અશ્વમેધ જેવા અતિ ખર્ચીલા યજ્ઞો કરતા. રાષ્ટ્રની લક્ષ્મી આવા યજ્ઞોમાં ખર્ચાતી અને યજ્ઞોથી વૃષ્ટિ, સંપત્તિ, સુરક્ષા વગેરે બધું પ્રાપ્ત થાય છે તેમ મનાતું. જ્યારે પૂરી પ્રજા કોઈ કાર્યને શ્રદ્ધાથી માન્ય કરતી હોય ત્યારે કોઈ તેનો વિરોધ ન કરી શકે, કદાચ કરે તો ફેંકાઈ જાય, તેથી ચૂપ રહે.

યુધિષ્ઠિરને પણ આવો જ કોઈ ભવ્ય યજ્ઞ કરવાનું મન થયું. તેણે નગરના બધા વડીલો, વૃદ્ધો, ભાઈઓ વગેરે સૌની સલાહ લીધી. આવા સારા કામમાં કોણ વિરોધ કરે? સૌએ હા પાડી. ડાહ્યો માણસ જ્યારે મહત્ત્વનું કાર્ય કરવાનો થાય ત્યારે શુભેચ્છકોની પ્રથમ સલાહ લે, તેથી કાર્ય કરવાની સરળતા થઈ જાય. છેવટે તેણે શ્રીકૃષ્ણની સલાહને સર્વોચ્ચ મહત્ત્વ આપ્યું. પ્રત્યેક શાણી વ્યક્તિએ એક વિશ્વાસપાત્ર ડાહ્યા માણસને સલાહકાર તરીકે જરૂર રાખવો જોઈએ.

શ્રીકૃષ્ણની સલાહ લેવા માટે તેણે એક દૂતને દ્વારકા મોકલ્યો. દૂતની વાત સાંભળીને શ્રીકૃષ્ણ પોતે જ ઇન્દ્રપ્રસ્થ આવી ગયા. યુધિષ્ઠિરે તેમને પ્રાર્થના કરી કે જેમાં મારું હિત હોય તેવી સાચી સલાહ મને આપજો.

શ્રીકૃષ્ણે કહ્યું કે “યુધિષ્ઠિર, તમે ભલે યજ્ઞ કરો, પણ જ્યાં સુધી જરાસંધ જીવતો હશે ત્યાં સુધી તે તમારું કાર્ય પાર પાડવા દેશે નહિ. તેણે કેટલાયે રાજાઓને બંધક બનાવી દીધા છે. કેટલાકને મારી નાખ્યા છે. તેના ભયથી કેટલાક ભાગી ગયા છે. અમે યાદવો પણ તેના ભયથી દ્વારકા ચાલ્યા ગયા છીએ. એટલે સર્વપ્રથમ જરાસંધનો નિકાલ કરો, પછી યજ્ઞ કરો. જરાસંધે સોમાંથી છ્યાસી રાજાઓને કેદ કરી લીધા છે. માત્ર ચૌદ જ બાકી છે. તે પણ કેદ થઈ જશે તો પછી તે જ સમ્રાટ થઈ જશે.”

શ્રીકૃષ્ણની વાતો સાંભળીને યુધિષ્ઠિર નિરુત્સાહ થઈ ગયા. તેમને યુદ્ધ ગમતું નથી. તે યુદ્ધનેતા નથી. પણ અર્જુને શ્રીકૃષ્ણની વાતને વધાવી લીધી. અંતે તે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા.

શ્રીકૃષ્ણ, ભીમ અને અર્જુન ત્રણે મળીને જરાસંધનો પ્રશ્ન ઉકેલવા માટે ચાલી નીકળ્યા અને મગધદેશ પહોંચી ગયા. અહીં ગૌતમઋષિ રહેતા હતા. તેમણે શૂદ્રજાતિની કન્યા સાથે લગ્ન કરીને કાક્ષીવાન વગેરે પુત્રો પેદા કર્યા હતા. ત્યાં ઘણા આશ્રમો હતા. લોકો ચૈત્યક પર્વતની પૂજા કરતા હતા. ત્રણે વીરો બધું પાર કરતા-કરતા છેક જરાસંધની સભામાં પહોંચી ગયા. જરાસંધે ઊભા થઈને સ્વાગત કર્યું અને બ્રાહ્મણવેશમાં તમે કોણ છો તેવો પ્રશ્ન કર્યો.

લાંબી ચર્ચા કર્યા પછી શ્રીકૃષ્ણે કહ્યું કે “તમે ઘણા ક્ષત્રિયોને કેદ કરી રાખ્યા છે તેમને

છોડાવવા તથા તમને દંડ દેવા અમે આવ્યા છીએ.” શ્રીકૃષ્ણે જરાસંધના બધા અપરાધો ગણાવી દીધા અને હવે દંડ ભોગવવા તૈયાર થવાનું કહ્યું. શ્રીકૃષ્ણના કહેવાથી જરાસંધે ભીમ સાથે યુદ્ધ કરવાનું નક્કી કર્યું. બન્ને એક વિશાળ અખાડામાં પહોંચી ગયા. નગરના લોકો મલ્લયુદ્ધ જોવા ભેગા થઈ ગયા. બન્નેએ હાથ મેળવીને એકબીજાનું સ્વાગત કર્યું, પછી બન્ને એકબીજા સાથે પૂરી શક્તિથી ભીડી ગયા. લાંબો સમય મલ્લયુદ્ધ ચાલતું રહ્યું, પણ અંતે ભીમસેને જરાસંધના એક પગ ઉપર પગ મૂકીને તેને ઊભો ચીરી નાખ્યો. તેના શરીરના બન્ને ટુકડાઓને જુદીજુદી દિશાઓમાં ફેંકી દીધા. આવું વારંવાર કરવું પડ્યું. અંતે જરાસંધ હણાયો.

શ્રીકૃષ્ણ, અર્જુન અને ભીમ ત્રણે જણા જરાસંધે રાજાઓને જ્યાં બંધક બનાવ્યા હતા ત્યાં પહોંચી ગયા અને બધા રાજાઓને મુક્ત કરી દીધા. મુક્ત થયેલા રાજાઓના આનંદનો પાર ન હતો. તે બધા પોતપોતાને દેશ ચાલ્યા ગયા.

જરાસંધનો પુત્ર સહદેવ શ્રીકૃષ્ણ પાસે આવ્યો અને પિતાના અપરાધ માટે ક્ષમા માગી ઘણી ભેટો ધરી. શ્રીકૃષ્ણે તેને ગાદી ઉપર બેસાડી મહારાજા બનાવ્યો. આ રીતે સફળતાપૂર્વક જરાસંધને મારીને, રાજાઓને મુક્ત કરીને શ્રીકૃષ્ણ વગેરે પાછા ઇન્દ્રપ્રસ્થ આવી ગયા. હવે રાજસૂય-યજ્ઞનો રસ્તો ચોખ્ખો થઈ ગયો છે તેમ સમજીને યુધિષ્ઠિરને આનંદ થયો.

3-7-10

*

38. દિગ્વિજય

જ્યારે તમારે રાષ્ટ્રને મહારાષ્ટ્ર બનાવવું હોય ત્યારે તમારે ચારે તરફ આક્રમણ કરવાં જોઈએ. એક પ્રશ્ન એવો થાય કે શા માટે આવાં યુદ્ધો કરવાં જોઈએ? પોતાના નાના-મોટા રાજ્યમાં સંતોષ માનીને શાંતિથી રહેવું શું ખોટું કહેવાય? આવી આદર્શ ધારણા ઘણા લોકો કરતા હોય છે, પણ તે સમજતા નથી કે નાનાં-નાનાં રજવાડાં કદી પણ શાંતિથી રહી શકતાં નથી, નાના-મોટાં નિમિત્તો બનાવીને તે બધાં સતત લડ્યા કરતાં હોય છે. જો તેમના ઉપર નિયંત્રણ કરનાર એક સમ્રાટ હોય તો જ બધાં શાંતિથી રહી શકે. અંગ્રેજોના ભારત આવતાં પહેલાં આ દેશનાં સેંકડો રજવાડાં અંદરોઅંદર સતત યુદ્ધો કર્યા કરતાં હતાં, કારણ કે કોઈ સમ્રાટ ન હતો. અંગ્રેજોએ લગભગ સો વર્ષ સુધી 33 મોટાં યુદ્ધો કરીને દેશ ઉપર એકચક્રી સત્તા સ્થાપિત કરી. લોર્ડ વેલેસ્લીની સંધિથી બધાં રજવાડાં અંગ્રેજી સત્તા સાથે જોડાયાં. પછી અંગ્રેજ સરકાર સૌની રક્ષક થઈ ગઈ. પછીનાં સો વર્ષ યુદ્ધો ન થયાં, કારણ કે એક પ્રબળ નિયંત્રક સત્તા આવી ગઈ હતી. જો આવી પ્રચંડ શક્તિ નિયંત્રક ન હોય તો યુદ્ધોને ટાળી શકાય નહિ. એટલે રાજાઓ ઉપર એક સમ્રાટની જરૂર રહેતી હોય છે.

રાજસૂય-યજ્ઞ કરનારે ચારે દિશાઓમાં પોતાનું સમ્રાટપણું સ્થાપિત કરવું પડતું હોય છે. પાંડવોના ચારે ભાઈઓ ચાર દિશાઓમાં દિગ્વિજય કરવા નીકળી પડ્યા. અર્જુન ઉત્તરમાં ગયો, ભીમ પૂર્વમાં ગયો, સહદેવ દક્ષિણમાં ગયો અને નકુલ પશ્ચિમમાં ગયો.

પહેલાં અર્જુનની વાત કરીએ. 'મહાભારત' ગ્રંથમાં ઉત્તરદિશાના જે દેશો બતાવ્યા છે તે દાદ માગી લે તેવા છે. ત્યારે નકશા નહિ હોય, તેમ છતાં ક્રમવાર બધા દેશો બતાવાયા છે. સર્વપ્રથમ અર્જુન પુલિન્દ-દેશ ગયો અને રાજાઓને વશ કર્યા. આ યુદ્ધો મારી નાખવા માટેનાં નહિ પણ વશ કરવા માટે હતાં. રાજા સમ્રાટપણું સ્વીકારે એટલે બસ. તેનું રાજ્ય સલામત. સુમંડલના રાજાને સાથીદાર બનાવ્યો. પછી શાક્લદ્વીપના રાજા પ્રતિવિન્ધ્ય ઉપર વિજય પ્રાપ્ત કર્યો. ત્યાંથી પ્રાગ્જ્યોતિષપુર ઉપર વિજય પ્રાપ્ત કર્યો. ત્યાંનો રાજા ભગદત્ત હતો. તેણે આઠ દિવસ સુધી સતત યુદ્ધ કર્યું. તેના સૈનિકોમાં કિરાત તથા ચીની લોકો પણ હતા. અંતે બન્નેમાં સંધિ થઈ અને ઘણી ભેટો લઈને અર્જુન આગળ વધ્યો. હવે કુબેરના દેશ તરફ ગયો. કુબેર છેક કૈલાસમાં રહેતો હતો. ત્યાંના બધા રાજાઓને અર્જુને જીતી લીધા. પછી ઉલૂકવાસી રાજા બૃહન્તરને જીતી લીધો અને તેનું રાજ્ય તેને જ પાછું સોંપી દીધું.

આ દિગ્વિજય એવો હોય છે કે જેમજેમ તમે યુદ્ધો જીતતા જાઓ તેમતેમ તમારી શક્તિ વધતી જાય. હારેલો અને મિત્ર બનેલો રાજા તમારી સાથે જોડાઈ જાય. આ રીતે તમે વધુ ને વધુ શક્તિશાળી થતા જાઓ.

પછી સેનબિન્દુ ઉપર આક્રમણ કરીને રાજાને ગાદીભ્રષ્ટ કરી દીધો. તે પછી નજીકના અનેક રાજાઓને વશ કરી લીધા. પછી દેવપ્રસ્થ દેશ જીતીને પૌરવ રાજા વિશ્વગશ્વપરને જીતી લીધો. (આ દેશ સિકંદરવાળા પુરુરાજાનો લાગે છે.) પછી કાશ્મીરના રાજા લોહિતને જીતી લીધો. ત્યાંથી અભિસારીનગરીને જીતીને ઉરગાવાસી રાજા રોચમાનને જીતી લીધો. હવે ચિત્રાયુધ રાજાને જીતી સિંહપુરનગર કબજે કરી લીધું. પછી ચોલદેશની સેનાને જીતી લીધી. પછી બાહલિક રાજ્ય જીતી લીધું. પછી કામ્બોજના દરદોને જીતી લીધા. (આ કમ્બોજ એટલે કમ્બોડિયા નહિ.) આવા અનેક દેશોને જીતીને પછી ઋષિકદેશ(હૃષીકેશ)ના રાજા સાથે ભયંકર

સંગ્રામ કર્યો અને વિજય મેળવ્યો. પછી નિલ્કૂટ-પ્રદેશના રાજાઓને જીતી લીધા. પછી કિન્નર (કિન્નોર-લાહોલ-સ્પિતિ) દેશ જીતી રાજાને પાછો આપ્યો. પછી હાટકદેશ જીત્યો. પછી છેક માનસરોવર સુધી પહોંચી ગયો. પછી ગાંધર્વદેશ જીત્યો. પછી હેમકૂટ પ્રદેશ જીત્યો. પછી હરિવર્ષ, નિષધ પર્વત જીતીને ઇલાવૃત પહોંચ્યો. પછી ગિરિ મહામેરુ પહોંચ્યો. પછી જમ્બુદ્વીપ પહોંચ્યો. ત્યાંથી ગંધમાદન પર્વત ઉપર પહોંચ્યો. અહીંથી તે પૂર્વ દિશા તરફ વળ્યો. મેરુ અને મન્દરાચલ પર્વત વચ્ચે આવેલ શૈલોદા નદીના કિનારે રહેતા લોકોને જીતી લીધા. પછી ભદ્રાશ્વવર્ષમાં પ્રવેશ કર્યો. પછી હિરણ્યકવર્ષમાં પ્રવેશ કર્યો. ત્યાંથી કુરુવર્ષ ગયો અને તે દેશને જીતી લીધો. આ રીતે આ બધાં નાનાં-મોટાં રજવાડાં ત્યારે અસ્તિત્વમાં હશે. તેની ભૂગોળ શોધનો વિષય છે. પણ આ બધા પ્રદેશો જીતીને અર્જુન પાછો ઇન્દ્રપ્રસ્થ આવી ગયો.

ભીમસેન દિગ્વિજય કરવા માટે પૂર્વ દિશા તરફ ગયો હતો. તેણે જીતેલા દેશોની યાદી જ માત્ર પર્યાપ્ત થશે:

પાંચાલ, અહિચ્છત્ર, ગંડક, વિદેહ (મિથિલા), રોચમાન, પુલિન્દ, ચેદીદેશ, કોસલદેશ, અયોધ્યા, હિમાલયની તળેટીનો દેશ, ભલ્લાટ તથા શુક્તિમાન પર્વત, કાશીદેશ, રાજરાજેશ્વર, મત્સ્ય, મહાબલી, મલદ, અનઘ અને અભયદેશ, પશુપતિનાથ, મદધાર, સોમદ્વીપ, વત્સભૂમિ, મલ્લદેશ, ભોગવાન પર્વત, શર્મક તથા વર્મક દેશ, વિદેહ, શકો, બર્બર, સાતકિરાત રાજ્યો જીતીને પછી તે મગધદેશ તરફ ચાલ્યો ગયો.

પછી જરાસંધ-પુત્ર સહદેવ, કર્ણ, મોદાગિરિ, પુંડ્રક, કોસીનદી, બંગદેશ, સમુદ્ર સુધીના દેશો, લૌહિત્ય વગેરે દેશો જીતીને પાછો ઇન્દ્રપ્રસ્થ આવી ગયો.

આવી જ રીતે નકુલ પણ પશ્ચિમના રોહીતક પર્વત (રોહતક), શિબિ, ત્રિગર્ત, અમ્બષ્ઠ, માલવ, પંચકર્પટ, માધ્યમિક, પુષ્કરારણ્ય, સરસ્વતીનદી, શૂદ્ર, આભીર, પંચનદ (પંજાબ), અમર પર્વત, ઉત્તર જ્યોતિષ, છિપકટ, દ્વારપાલપુરી, રામઠ, હાર, હૂણ, શાક્લદેશ, મદ્રદેશ, મ્લેચ્છ, પહ્લવ, બર્બર, કિરાત, યવન, શક વગેરે દેશો જીતીને દશ હજાર હાથી ઉપર રત્નો વગેરે લાદીને ઇન્દ્રપ્રસ્થ આવી ગયો.

3-7-10

*

39. શિશુપાલ-વધ

સૌથી મોટો યોગ વ્યવહારયોગ છે. જો તમને વ્યવહારયોગ પૂરેપૂરો આવડે તો જીવન ઘણાં અનિષ્ટોથી બચી જતું હોય છે. પણ જો વ્યવહારયોગ ન આવડે તો જીવનમાં ડગલે ને પગલે અનિષ્ટો આવતાં રહેશે. વ્યવહારની સૌથી મોટી કસોટી સંબંધોને સાચવવામાં રહી છે. માણસ જેમજેમ મોટો થતો જાય તેમતેમ તેના સંબંધો વધતા જાય. વધેલા સંબંધો જો સચવાય નહિ તો સંબંધભંગ થતો હોય છે, જે કદાચ શત્રુતા સુધીનાં પરિણામ લાવતો હોય છે. સંબંધ બગાડવાથી થનારી શત્રુતા ઘણી દુ:ખદાયી થઈ શકે છે.

વ્યવહારની કસોટી અવસર છે. વ્યક્તિના જીવનમાં નાના-મોટા અવસરો આવતા રહેતા હોય છે. અવસરોને પાર પાડવા એ સૌથી અઘરું કાર્ય ગણાય છે. અવસરોમાં સૌથી મોટામાં મોટો અવસર યજ્ઞ—મહાયજ્ઞ છે. આ માત્ર ધાર્મિક જ અવસર નથી, વ્યાવહારિક પણ છે. દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો, પણ પોતાના જમાઈ શિવજીને નિમંત્રણ ન મોકલ્યું. મહા અનર્થ થઈ ગયો. યજ્ઞનો તો ધ્વંસ થયો જ, દક્ષની હત્યા પણ થઈ ગઈ. એટલે સૌથી અઘરો અવસર યજ્ઞ કહેવાય છે.

આવો યજ્ઞ યુધિષ્ઠિર કરી રહ્યા છે. પૈસાની કિંમત નથી, આયોજનની કિંમત છે. દેશ-વિદેશથી જ્યાં હજારો મહેમાનો આવવાના હોય ત્યાં થોડીક ભૂલ પણ અનર્થ કરી શકે છે.

યજ્ઞની શરૂઆત દીક્ષાથી થતી હોય છે. યજમાન સંકલ્પપૂર્વક દીક્ષા ગ્રહણ કરે. યુધિષ્ઠિરનું હુલામણું નામ અજાતશત્રુ હતું. તેનો કોઈ શત્રુ ન હતો. જે બોલીને બગાડતો નથી તેના શત્રુઓ નથી હોતા અથવા ઓછા હોય છે. ખરા શત્રુઓ તો જીભ ઉપર વસતા હોય છે. સ્પષ્ટવક્તા વિરોધીઓ વિનાના નથી હોતા.

રાજસૂયયજ્ઞ માટે ધનભંડાર, અન્નભંડાર, સામગ્રીભંડાર, સેવકોની સંખ્યા, જળભંડાર, દૂધ-ઘી-ભંડાર, પુરોહિતો, મંડપો, આવાસો, સ્નાનાગારો, શૌચાલયો, રક્ષકો, શયનાગારો, દુકાનો વગેરે હજારો પ્રકારની વ્યવસ્થા કરવી જરૂરી હતી તે કરી. યુધિષ્ઠિરે સૌપ્રથમ બધા આયોજનનો ભાર શ્રીકૃષ્ણને સોંપી દીધો. રાજા રાજ્ય નથી ચલાવતો, પ્રધાનમંત્રી ચલાવે છે. જો પ્રધાનમંત્રી સારો મળે તો રાજા નિશ્ચિંત થઈ જાય. યુધિષ્ઠિરને શ્રીકૃષ્ણ સર્વેસર્વા મળ્યા હતા તેથી કામ સરળ થઈ ગયું હતું. બધા માણસોની ક્ષમતા સરખી નથી હોતી. એક વ્યક્તિ પાનનો ગલ્લો પણ ચલાવી શકતી નથી, જ્યારે બીજો સેંકડો મોટીમોટી પેઢીઓ, ફૅક્ટરીઓ ચલાવે છે. શ્રીકૃષ્ણમાં અમાપ ક્ષમતા છે.

મહાન વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણો વેદમંત્રોના ગાન સાથે પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા છે. શ્રીકૃષ્ણે વિશેષ રૂપથી નકુલને હસ્તિનાપુર મોકલીને કૌરવોને, ખાસ કરીને દુર્યોધનને માનપૂર્વક બોલાવ્યા. વિરોધીઓને વધુ સાચવવા જોઈએ. વિરોધીઓ વિક્ષેપ કરવાની તક શોધ્યા કરતા હોય છે. નાની તક પણ મોટો વિક્ષેપ કરી શકતી હોય છે.

આવા મોટા આયોજનમાં આમંત્રિતો કરતાં અનામંત્રિતો વધારે આવતા હોય છે. ગામગામથી ભજનમંડળીઓ, સ્ત્રીઓ, બાળકોનાં ટોળેટોળાં ઊમટવા લાગ્યાં. આ બધાંને ચા-પાણી-નાસ્તો, જમવાનું, વિશ્રામ વગેરે બધી વ્યવસ્થા કરી હતી. મોટું આયોજન રસોડાથી શોભતું હોય છે. જો ઉદાર હોય તો બાકીના દોષો ઢંકાઈ જતા હોય છે. પણ જો રસોડું કંજૂસ હોય તો બધું

ધૂળધાણી થઈ જતું હોય છે. કોઈ પણ વ્યક્તિ ભૂખીતરસી ન જાય તેની વ્યવસ્થા પાકી હોવી જોઈએ. ભૂખ્યા અને અપમાનિત કે ઉપેક્ષિત થયેલા માણસો અસંતુષ્ટ થઈને નિંદા કરતા હોય છે.

આવા સમયે ચોર-ઉચક્કા, ગજવાં કાપનારા પણ ઊતરી પડતા હોય છે. તેમનાથી લોકોને બચાવવા જરૂરી છે. આવા સમયે કામુક-લુચ્ચા-લફંગા લોકો પણ આવતા હોય છે. તેમનાથી પણ ભદ્ર મહિલાઓ, કુમારિકાઓ વગેરેને સુરક્ષિત રાખવી જરૂરી હોય છે.

સૌથી મહત્ત્વની વાત અધિકારો અને કર્મોની વહેંચણીની હોય છે. જે-તે જગ્યાએ જે-તે યોગ્ય વ્યક્તિને નિયુક્ત કરવી એ સફળતાની પ્રથમ નિશાની છે.

દુઃશાસનને ભોજનવિભાગ સોંપ્યો. અશ્વત્થામાને સત્કારવિભાગ સોંપ્યો. સંજયને રાજસત્કારનો કાર્યભાર સોંપ્યો. પૂરી દૃષ્ટિ રાખવાનું કામ ભીષ્મ અને દ્રોણને સોંપ્યું.

કૃપાચાર્યને રત્નોનો વિભાગ સોંપ્યો. વિદુરજીને ધનનો વિભાગ સોંપ્યો. દુર્યોધનને કર વસૂલવાનો વિભાગ સોંપ્યો. શ્રીકૃષ્ણે બ્રાહ્મણો તથા મહેમાનોનાં ચરણ ધોવાનું કામ લીધું. ધન્ય છે શ્રીકૃષ્ણને, જેમણે પગ ધોવાનું કામ સ્વીકાર્યું.

જેને યોગ્ય અને ભરપૂર કાર્યકર્તાઓ મળતા હોય છે તેનું જ મહાકાર્ય પૂર્ણ થતું હોય છે. આવા પ્રસંગે જેને કામ ન સોંપ્યું હોય તે નારાજ થઈ શકે છે અથવા મનગમતું ન સોંપ્યું હોય તે પણ નારાજ થઈ શકે છે. આવાં મહાન કાર્યોમાં સર્વપ્રથમ આમંત્રિત ગણમાન્ય અતિથિઓનો સત્કાર થતો હોય છે. આમાં પણ વિવેકની જરૂર પડતી હોય છે. કોનું સ્વાગત પહેલું અને કોનું પછી કરવું તે ક્રમ સાચવવો જરૂરી હોય છે. લોકો ભૂખ-તરસ તો સહન કરી શકતા હોય છે, પણ ઊતરતું માન કે અપમાન સહન કરી શકતા નથી, તેથી પણ વધારે પોતાના વિરોધીનું બહુમાન પણ સહન કરી શકતા નથી. અહીં પણ એવું જ થયું. સૌની ઇચ્છાથી પહેલું સ્વાગત શ્રીકૃષ્ણનું થયું. પણ શિશુપાલ આ સ્વાગત સહન કરી શક્યો નહિ. તેણે સભામાં વિરોધ શરૂ કર્યો. ભદ્રલોકો બોલીને બગાડતા નથી હોતા, ના ગમે તો ઊઠીને ચૂપચાપ ચાલ્યા જતા હોય છે. પશ્ચિમમાં આને સભાત્યાગ કહે છે. આ પણ બહુ વિરોધ કહેવાય, પણ શિશુપાલ તો લગામ વિનાની ભાષા બોલવા લાગ્યો.

આવા સમયે વિરોધીઓ વિકલ્પો રજૂ કરતા હોય છે. શ્રીકૃષ્ણ કરતાં તો ભીષ્મ, દ્રોણ, પરશુરામ, અશ્વત્થામા, અરે શ્રીકૃષ્ણના પિતા વસુદેવની પ્રથમ પૂજા કરવી હતી. આ તો મહા-અનર્થ થઈ ગયો કહેવાય. લોકો કહે છે: “જર, જમીન અને જોરુ એ કજિયાનાં છોરુ”, પણ ખરો કજિયો તો માન-અપમાનથી થતો હોય છે. અહીં શ્રીકૃષ્ણનું માન સહન થતું ન હોવાથી શિશુપાલ વિરોધ કરી રહ્યો છે.

યુધિષ્ઠિર, ભીષ્મ વગેરેએ શિશુપાલને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ શિશુપાલ જરા પણ શાંત ન થયો. ઊલટાનું તેણે ભીષ્મની નિંદા કરવા માંડી. શિશુપાલના અપમાનિત વલણથી ભીમને ક્રોધ ચઢ્યો. આવા સમયે ક્રોધ કરનાર એકાદ વ્યક્તિ પણ જોઈએ. બધા ઠંડા હોય તો દુષ્ટાત્મા ફાવી જાય. પણ ભીષ્મે ભીમને સમજાવી શાંત કરી દીધો, પણ શિશુપાલ શાંત ન થયો. તે વધુ ને વધુ મર્યાદા પાર કરવા મંડ્યો. અંતે ભીષ્મે શ્રીકૃષ્ણને યુદ્ધ કરવા પ્રેરણા આપી. એક સારા પ્રસંગે એક દુષ્ટ માણસ આખા પ્રસંગને બગાડવા બેઠો હોય અને સમજાવ્યા છતાં સમજતો ન હોય ત્યારે છેવટનો ઉપાય કરી લેવો જરૂરી થઈ જતો હોય છે.

શિશુપાલ પોતે જ યુદ્ધ કરવા કૂદી પડ્યો. બધા રાજાઓએ શિશુપાલના વ્યવહારની નિંદા કરી. મુત્સદ્દી પુરુષ જ્યારે કોઈનો નાશ કરવા માગે છે ત્યારે પ્રથમ તેની વિરુદ્ધ જનમત પેદા કરે છે. જનમત મહત્ત્વનું કાર્ય છે. ભીષ્મના કહેવા છતાં પણ કૃષ્ણ યુદ્ધમાં કેમ ઊતરતા નથી તેવી આશંકા ઘણા રાજાઓને થવા લાગી ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે શિશુપાલની માતાએ મારી પાસે વચન માગ્યું હતું કે સો અપરાધ થાય ત્યાં સુધી તમે શિશુપાલને ક્ષમા કરજો. હવે તેના સો અપરાધ પૂરા થઈ ગયા છે. આવું કહીને શ્રીકૃષ્ણે એક જ ઝટકે શિશુપાલનું મસ્તક ઉડાવી દીધું. ઘણું સહન કરીને સામો પ્રહાર કરવામાં આવે તો લોકો પોતાના પક્ષમાં થઈ જતા હોય છે.

શ્રીકૃષ્ણના કહેવા પ્રમાણે શિશુપાલની અંત્યેષ્ટિ કરી દીધી અને તેની ગાદીએ તેના પુત્રને બેસાડી દીધો. રાજસૂયયજ્ઞની શરૂઆતમાં જ આ રીતે એક મહાઅનર્થ થઈ ગયો, અર્થાત્ શિશુપાલની હત્યા થઈ ગઈ. પણ તેથી યજ્ઞનું કાર્ય અટક્યું નહિ. કાર્ય તો ચાલતું જ રહ્યું.

યજ્ઞનું કાર્ય પૂર્ણ થયું. બધા બ્રાહ્મણોને દાનદક્ષિણા આપી વિદાય કર્યા, આગન્તુક આમંત્રિત રાજામહારાજાઓને પણ પૂરા માન સાથે વિદાય કર્યા. સૌના જવાથી ઇન્દ્રપ્રસ્થ ખાલી-ખાલી થઈ ગયું. ઘર-નગર બધું ભર્યુંભર્યું સારું લાગે, ખાલીખાલી ખાવા દોડે. કાર્ય પૂરું થવાથી યુધિષ્ઠિરને શાંતિ થઈ.

3-7-10

*

40. મયદાનવનો મહેલ અને વૈર

ઐશ્વર્ય, રૂપ અને જુવાની ઢાંકેલાં જ સુરક્ષિત રહે છે. અને જે સુરક્ષિત રહે તે જ સુખ આપે. જો આ બધાને ખુલ્લાં કરી દેવાય તો લોકની નજરે ચઢે. જે વસ્તુ નજરે ચઢે તેને નજર લાગે. જેને નજર લાગે તે બીમાર પડે. બીમાર માણસને સુખ-શાંતિ ન હોય. પાંડવોનું આવું જ થયું. ઘરકંકાસથી તેઓ હસ્તિનાપુર છોડીને વારણાવત ગયા. ત્યાં લાક્ષાગૃહમાંથી બચીને વનમાં ગયા. વનમાંથી ફરી પાછા હસ્તિનાપુર આવ્યા. વડીલોની દરમ્યાનગીરીથી કૌરવોએ ત્યાં ભવ્ય ઇન્દ્રપ્રસ્થનગરની રચના કરાવી. તેટલેથી સંતોષ ન થતાં તેમણે કીર્તિ વધારનારો રાજસૂયયજ્ઞ કર્યો, જેમાં કરોડો રૂપિયા ખર્ચાયા. ચારે તરફ પાંડવોનો જયજયકાર થવા લાગ્યો. કેટલાક ખર્ચાઓ કીર્તિ વધારનારા, દબદબો બતાવનારા હોય છે. આ સિવાય તેનું બીજું પરિણામ નથી હોતું. પણ પાંડવોને હજી પણ પોતાનો દબદબો વધારવો હતો. દુર્યોધન કરતાં પોતે સવાયા છે તેવું બતાવવું હતું, તેથી મયદાનવ પાસે અદ્ભુત મહેલનું નિર્માણ કરાવડાવ્યું.

સંપત્તિનું રૂપાંતરણ જ્યારે વૈભવમાં થાય છે અને વૈભવ જ્યારે પ્રદર્શનનું રૂપ ધારણ કરે છે ત્યારે તેમાંથી અનિષ્ટ પણ ઊભું થતું હોય છે. બધાને પારકો વૈભવ ગમતો હોતો નથી. કેટલાક વિરોધીઓને તે કાંટાની માફક ખૂંચવા લાગે છે. એટલે વૈભવ ભોગવવો તે ઠીક છે, પણ તેનું પ્રદર્શન કરવું ઠીક ન કહેવાય. પણ છીછરા માણસો વૈભવનું પ્રદર્શન કર્યા વિના રહી શકતા નથી, કારણ કે તે વૈભવને પચાવી શકતા નથી. મયદાનવે જે મહેલ બનાવેલો તે દેખાવમાં તો સુંદર અને ભવ્ય હતો જ, પણ તેમાં કેટલીક ન સમજાય તેવી સ્થાપત્યકળા પણ હતી. કેટલીક જગ્યાએ જળનો હોજ દેખાય, પણ ખરેખર ત્યાં હોજની ફર્શ જ હોય, તો કેટલીક જગ્યા એવી પણ બનાવી હતી કે જ્યાં ફર્શ દેખાય, પણ ત્યાં જળ-ભરેલો હોજ હોય. આવી અનેક કરામતો આ મહેલમાં મયદાનવે મૂકી હતી.

એક દિવસ દુર્યોધન મહેલમાં આમતેમ ફરી રહ્યો હતો ત્યાં તેણે જળથી ભરેલો હોજ જોયો. તરત જ તેણે પોતાનાં વસ્ત્રો ઊંચાં કર્યાં અને ચાલવા માંડ્યું, પણ ત્યાં જળ ન હોવાથી ભોંઠો પડ્યો. લોકો ખડખડાટ હસી પડ્યા. દુર્યોધન છોભીલો પડી ગયો. ફરી આગળ ચાલ્યો તો સ્થળ હોવાથી ગતિપૂર્વક ચાલવા લાગ્યો. પણ ખરેખર તો ત્યાં પાણીની વાવડી હતી. ધડામ દઈને તે વાવડીમાં પડ્યો. બધાં કપડાં પલળી ગયાં. લોકોએ ફરીથી મજાક ઉડાવી. દુર્યોધન વધુ શરમિંદો થઈ ગયો.

એક જગ્યાએ બહાર નીકળવાનો દરવાજો જોયો પણ ધડામ દઈને માથું ભટકાયું. તે દરવાજો નહિ પણ દીવાલ હતી. ફરીથી તે શરમિંદો થયો. લોકો તો જોરજોરથી મજાક કરતા જ હતા. ફરી એક જગ્યાએ દરવાજો ઉઘાડવા પ્રયત્ન કર્યો. ત્યાં દરવાજો હતો જ નહિ. ધક્કો દેવાથી તે ગબડી પડ્યો.

આમ વારંવાર તે અપમાનિત થતો રહ્યો તેથી બહુ દુઃખી થયો. “પાંડવોએ મારી મજાક કરવા માટે જ મને અહીં બોલાવ્યો છે” તેવું માનીને દુઃખી થઈને હસ્તિનાપુર ચાલ્યો ગયો, પણ પાંડવો પ્રત્યે ઈર્ષ્યા અને દુર્ભાવના પણ લેતો ગયો. મહાપુરુષો પોતાના વૈભવનું પ્રદર્શન કરતા નથી; પણ કદાચ કરવું પડે તો કોઈને ઈર્ષ્યા ન થાય અથવા કોઈ ઝાંખો ન પડે તેની કાળજી રાખીને કરતા હોય છે. વૈભવનો પણ નશો ચઢતો હોય છે. જે ભાન ભુલાવે તેને નશો કહેવાય. તેની ઠઠ્ઠામશ્કરી કરવાથી પાંડવોને તો આનંદ આવ્યો, પણ દુર્યોધનનો દ્વેષભાવ વધી ગયો.

હસ્તિનાપુર ગયા પછી તે ઉદાસ રહેવા લાગ્યો. પાંડવો કરતાં પણ હું વધારે વૈભવ મેળવું એ સ્પર્ધા કહેવાય, તે આવકાર્ય ગણાય, પણ પાંડવોનો વૈભવ નષ્ટ કરીને તેમને ભીખ માગતા કરી દઉં તેવી ધારણા દ્વેષ કહેવાય. તેમાંથી અનર્થો પેદા થતા હોય છે.

દુર્યોધનને મામો શકુનિ મળી ગયો. શકુનિ ખટપટિયા પ્રકૃતિનો માણસ હતો. ખટપટ કર્યા વિના તેને ચેન ન પડતું. વ્યક્તિની પ્રકૃતિ તેના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. દુર્યોધન પાંડવો પ્રત્યેની ઈર્ષ્યાથી બળી રહ્યો છે. તેણે શકુનિને મનના બધા ભાવો કહી દીધા અને છેવટમાં કહ્યું કે "પાંડવોનો વૈભવ અને કીર્તિ મારાથી જોયાં જતાં નથી. એટલે હવે મારે તો આત્મહત્યા જ કરી લેવી જોઈએ."

આવા સમયમાં વ્યક્તિને આશ્વાસન અને સાચી સલાહની જરૂર હોય છે. શકુનિએ આશ્વાસનની સાથે ખોટી સલાહ આપવા માંડી, જે દુર્યોધનને ગમવા માંડી. વ્યક્તિને ગમતું વાક્ય અમૃત જેવું લાગે છે, પછી ભલે તે વિનાશકારી વિષભર્યું જ કેમ ન હોય! વ્યક્તિને સાચું પણ ન ગમતું કડવું વાક્ય ઝેર જેવું લાગે છે, જેથી તેવું બોલનારને તે દૂર કરી દે છે. આવી વ્યક્તિ ખુશામતખોરોથી વીંટળાયેલી રહે છે અને વિનષ્ટ થઈ જાય છે.

શકુનિએ પોતાની ધૂતવિદ્યાની કળાની વાત કરી અને તેના દ્વારા પાંડવોની સંપત્તિનો નાશ કરી દેવાશે તેની ખાતરી આપી.

દુશ્મનને શસ્ત્ર વિના જ મારી નાખવો હોય તો તેને વ્યસનના રવાડે ચઢાવી દો. સ્વયં પોતે પૈસા ખર્ચીને પણ તેને વ્યસનની શરૂઆત કરાવો, પછી છોડી દો. ગાઢ વ્યસની પછી પોતે જ પાયમાલ થઈ જશે.

દુશ્મનનો વિનાશ જલદીજલદી કરવો હોય તો તેને જુગારના રવાડે ચઢાવી દો. થોડા જ સમયમાં તે બરબાદ થઈ જશે.

દુશ્મનને તેથી પણ વહેલો કમોતે મારી નાખવો હોય તો પરસ્ત્રીના રવાડે ચઢાવી દો. જરૂર પડે તો તેને પ્રોત્સાહન પૂરું પાડવા સ્ત્રીઓની સગવડ કરી આપો. થોડા જ સમયમાં તેની હત્યા થઈ જશે.

આવા વિનાશના રવાડે ચઢાવનારાને કુસંગી કહેવાય છે. શકુનિ મહા કુસંગી છે અને દુર્યોધન અત્યારે ઈર્ષ્યાવશ આંધળો થઈ ગયો છે. તેને એક જ લક્ષ્ય દેખાય છે: પાંડવોનો વૈભવ કેમ નષ્ટ કરી દેવો? શકુનિની વાત તેને મીઠી લાગી.

દુર્યોધને પિતાજી ધૃતરાષ્ટ્રની આજ્ઞા લેવી ઉચિત સમજી, તેથી તે ધૃતરાષ્ટ્ર પાસે ગયો અને બધી વાત કરી. ધૃતરાષ્ટ્રને પણ વાત ગમી. પોતાના પુત્ર કરતાં ભત્રીજાઓ વધુ વૈભવશાળી જીવન જીવે અને તેમનો પ્રભાવ વધે તે ધૃતરાષ્ટ્રને પણ ગમતું ન હતું. તોપણ તેણે વિદુરની સલાહ લેવાનું યોગ્ય ગણ્યું. રાજાએ જ નહિ, પ્રત્યેક મોટા માણસે એક સાચો સલાહકાર જરૂર રાખવો જોઈએ.

વિદુરનું નામ સાંભળતાં જ દુર્યોધન ચમક્યો. તેને ખબર હતી કે આવી બાબતમાં વિદુર કદી સહમત થાય નહિ, તેથી વિદુરની સલાહ ન લેતાં પોતાને શકુનિની સલાહ પ્રમાણે ધૂત રમવાની છૂટ આપવાનું કહ્યું. અને જો વિદુરની સલાહ લેશો તો હું આત્મહત્યા કરીશ તેવી ધમકી પણ આપી દીધી. ધૃતરાષ્ટ્ર દુર્યોધનના પ્રભાવમાં આવી ગયા અને તેમણે યુધિષ્ઠિરના ભવ્ય મહેલ

જેવો જ હસ્તિનાપુરમાં પણ ભવ્ય મહેલ બનાવવાનો આદેશ આપી દીધો.

ધૃતરાષ્ટ્રે વિદુરને રથ લઈને ઇન્દ્રપ્રસ્થ મોકલ્યા અને કહ્યું કે પાંડવોને ખબર ન પડે તેવી રીતે તેમને આમંત્રણ આપીને અહીં લઈ આવો. વિદુરજીને ધૃતરાષ્ટ્રની વાત ગમી નહિ, પણ આજ્ઞાનું પાલન કરવું જ જોઈએ તેમ છતાં તે ભીષ્મની પાસે ગયા અને આવનારી આપત્તિની વાત કરી. ભીષ્મ પણ વિદુરજી સાથે સંમત થયા. પણ ધૃતરાષ્ટ્રની આજ્ઞા હોવાથી અંતે વિદુરજીને ઇન્દ્રપ્રસ્થ જવું પડ્યું. ત્યાં જઈને તેઓ યુધિષ્ઠિરને મળ્યા અને હસ્તિનાપુરમાં દુર્યોધને બનાવેલા નવા મહેલને જોવાના નિમિત્તે આમંત્રણ આપ્યું અને સપરિવાર આવવા આગ્રહ કર્યો. વિદુરજી પાછા હસ્તિનાપુર આવી ગયા.

કેટલીક ઘટનાઓ દૈવપ્રેરિત હોય છે, જેને રોકવા પ્રયત્નો થાય તોપણ રોકી શકાતી નથી. અંતે યુધિષ્ઠિર તથા પાંડવો પણ સપરિવાર બધા આવી પહોંચ્યા. સૌની યથાયોગ્ય મહેમાનગતિ કરવામાં આવી.

4-7-10

*

41. જુગારમાં પરાજય

કેટલીક પ્રવૃત્તિઓ 'ચોસ' ઊભો કરે છે. ચોસ એટલે તમે જાણો કે આ પ્રવૃત્તિ સારી નથી તેમ છતાં તમે તેને છોડી ન શકો. ઊલટાનું વધુ ને વધુ તેમાં ચુસાતા જાઓ, ખેંચાતા જાઓ. કદાચ ચૂસવાથી ચોસ શબ્દ બન્યો હશે. શિશુ જેમ ચૂસણિયાને ચૂસ્યા કરે છે, છોડી નથી શકતું. કદાચ કોઈ પડાવી લે તો રોકકળ કરી મૂકે છે. આવી જ રીતે વ્યસન, વિષયવાસના અને જુગાર ચોસ ઊભો કરે છે. આમાં પ્રવેશ તો છે પણ એક્ઝીટ નથી. એક વાર 'એન્ટર' થયા પછી બહાર કાઢે તો ભગવાન જ બહાર કાઢે. આ ત્રણમાં વિષયવાસના ઉપર તો કુદરતે જ અટકી જવાની વ્યવસ્થા મૂકી છે, અર્થાત્ ઉંમર થતાં જ ઇન્દ્રિયો શિથિલ થઈ જાય અને અંતે નિષ્ક્રિય થઈ જાય. માનસિક નિવૃત્તિ વિનાની શારીરિક નિષ્ક્રિયતા સંતાપદાયી થઈ જતી હોય છે. જુવાનીમાં જે બેફામ દોડતો હોય છે, તે વૃદ્ધાવસ્થામાં સામાન્ય ચાલવાની શક્તિ પણ ગુમાવી દેતો હોય છે. પહેલવાનોની વૃદ્ધાવસ્થા બહુ દુ:ખદાયી હોય છે. જે માપનું ચાલે છે તે જીવનભર ચાલે છે. જીવન દોડવા માટે નથી તેમ જ અટકી જવા માટે પણ નથી, જીવન તો મધ્યમગતિથી ચાલવા માટે છે.

વ્યસનને વૃદ્ધાવસ્થા નથી હોતી, બલકે એમ કહો કે શરીરની વૃદ્ધાવસ્થામાં વ્યસનની જુવાની ખીલી ઊઠે છે, જે શરીરને પાયમાલ, ધનને બરબાદ અને મનને સંતાપથી ભરી દે છે. જે વ્યસનથી બચ્યો તે મહા અનર્થોથી બચ્યો.

જુગાર પણ ચોસ પેદા કરે છે. હારવું કોઈને પણ ગમતું નથી. પણ જુગારમાં જીત થોડી અને હાર વધુ થતી હોય છે. હારમાંથી બોધપાઠ ન લેવાય તેને જુગાર કહેવાય. હવે આ વખતે તો જરૂર જીતીશ તેવી પ્રબળ લાલસા તેને વધુ ને વધુ ઊંડા કળણમાં ઉતારે છે. અંતે વિનાશક કે મહાવિનાશક પરિણામ આવીને ઊભું રહે છે. પરિણામ માત્ર વ્યક્તિને નહિ, પૂરા પરિવારને ભોગવવાનું થતું હોય છે. અહીં એવું જ થયું.

શકુનિએ જુગાર રમવા માટે ગુપ્ત રીતે બધી વ્યવસ્થા કરી દીધી હતી. આપણે માનીએ કે ન માનીએ, જુગાર—સટ્ટો પ્રાચીનકાળથી લોકજીવનમાં, ખાસ કરીને રાજજીવનમાં પ્રચલિત હતો. તેમાં પણ રાજજીવનમાં તે સવિશેષ પ્રચલિત હતો. નવરા લોકો અને જેની પાસે પરસેવા વિનાની, વગર હક્કની કમાણી હોય તેવા લોકોનું મન વ્યસન અને જુગાર તરફ વળી જતું હોય છે. જો તેમને રોકનારું કોઈ ન હોય તો તે બેફામ થઈ જતા હોય છે.

એક બીજો મત પણ છે. જુગાર રમવાથી બુદ્ધિ ખીલે છે. સોગઠાં ચલાવવાં એ પણ તત્કાળ નિર્ણય અને બુદ્ધિનું કામ છે. રાજામહારાજાઓ શત્રુઓની ચાલ અને પોતાની પ્રતિચાલ શીખવા-જાણવા માટે પણ સોગઠાંબાજી કરતા હોય છે. જે હોય તે, પણ તેમાંથી ઘણી વાર ઘણાં અનિષ્ટો થાય જ છે.

પરદેશમાં લગભગ પ્રત્યેક મોટા શહેરમાં કેસીનો હોય છે. મકાઉ ટાપુ અને લાસ વેગાસ તો જુગારધામ જ કહી શકાય. પણ ત્યાં પૂરેપૂરી પ્રામાણિકતા પણ હોય છે. છેતરપિંડી કે ચાલબાજી નથી હોતી. પ્રતિદિન કરોડોની ઊથલપાથલ થતી રહે છે.

વાદ-સંવાદ, વાર્તાલાપ કરતાં-કરતાં અંતે જુગાર શરૂ થઈ જ ગયો. દુર્યોધને પોતાના વતી મામા શકુનિને જુગાર રમવા બેસાડ્યો. યુધિષ્ઠિર પોતે જ જુગાર રમવા બેસી ગયા. તેમણે પોતાનો

બહુમૂલ્ય રત્નજડિત હાર દાવ ઉપર મૂક્યો. દુર્યોધને પણ એવો જ કિંમતી હાર સામે મૂક્યો. શકુનિએ પાસા હાથમાં લીધા અને પાસા ફેંક્યા. તે બોલી ઊઠ્યો, “લ્યો હું જીતી ગયો! જુઓ, પાસા મારા પક્ષમાં છે!”

યુધિષ્ઠિરને શંકા થઈ. કાંઈક ચાલાકી દેખાય છે. તોપણ તેણે ફરી વાર જુગાર રમવાનું ચાલુ રાખ્યું. પોતાની પાસે જેટલું સોનું તથા દાગીના હતા તે બધું દાવ ઉપર લગાવી દીધું. સામે દુર્યોધને પણ તેટલું જ ધન દાવમાં લગાવી દીધું.

શકુનિએ પાસા નાખ્યા અને દાવ જીતી ગયો.

યુધિષ્ઠિરનો ચોસ વધી ગયો. તેણે મૂલ્યવાન રથ અને ઘોડા પણ દાવમાં મૂકી દીધા. શકુનિએ ફરીથી પાસા ફેંક્યા અને દાવ જીતી લીધો.

હવે યુધિષ્ઠિરનો ચોસ વધુ વધી ગયો. તેણે પોતાની સાથેની એક લાખ તરુણીઓ આભૂષણ સહિત દાવ ઉપર મૂકી દીધી. પણ શકુનિએ આ વખતે પણ દાવ જીતી લીધો.

યુધિષ્ઠિરે એક લાખ દાસોને દાવ ઉપર મૂક્યા, પણ શકુનિ જીતી ગયો.

યુધિષ્ઠિરે ફરી એક હજાર હાથી દાવ ઉપર મૂક્યા, પણ શકુનિ જીતી ગયો.

યુધિષ્ઠિરે ફરી એક હજાર રથ મૂક્યા અને હાર્યો.

ફરી અશ્વો મૂક્યા અને હારી ગયો.

ફરી સાઠ હજાર યોદ્ધાઓ દાવ ઉપર મૂક્યા પણ હારી ગયો. શકુનિ જીતતો જ ગયો.

ફરી યુધિષ્ઠિરે ચારસો પેટી તાંબું વગેરે હતું તે મૂક્યું, પણ શકુનિ જીતી ગયો.

હજી સુધી યુધિષ્ઠિર એક પણ વાર જીતી શક્યો નથી.

વિદુરજીથી આ અનર્થ સહન ન થયો. તેમણે ધૃતરાષ્ટ્રને તત્કાળ જુગાર અટકાવી દેવા વિનંતી કરી અને ભવિષ્યમાં બહુ મોટો અનર્થ થશે તેવી ધમકી પણ ઉચ્ચારી.

વિદુરની વાત સાંભળીને ધૃતરાષ્ટ્ર તો કાંઈ ન બોલ્યા, પણ દુર્યોધન ઉશ્કેરાઈ ગયો. તેણે વિદુરને આડે ન આવવા અને ચૂપ રહેવા કહ્યું. પણ વિદુરે દુર્યોધનને ચેતવણી આપી કે આ મહાઅનર્થને હવે તો રોકો! પણ દુર્યોધન માન્યો નહિ. તેની ઇચ્છા તો પાંડવોને વૈભવશૂન્ય ભિખારી કરી દેવાની હતી, જે છળકપટથી શકુનિ પાર પાડી રહ્યો હતો. સંપત્તિ અને વૈભવને ધૂર્ત - છળકપટી માણસોથી સાચવતાં આવડે તો જ સચવાય છે. ભોળા માણસો ધૂર્તોની ચાલને સમજી શકતા નથી તેથી ફસાઈ જાય છે. યુધિષ્ઠિર ફસાઈ ગયો હતો. નવાઈ તો જુઓ કે વિદુરજી દુર્યોધનને તો જુગાર રોકવાનું સમજાવે છે, પણ યુધિષ્ઠિરને ઊભા થઈ જવાનું સમજાવતા નથી. જુગાર યુદ્ધ જેવો છે. હારીને ઊભા ન થવાય, જીતીને જ ઊભા થવાય. અને આ વખતે તો હું જીતવાનો જ છું તેવી ધારણા તીવ્ર થતી રહે છે.

યુધિષ્ઠિર એક પછી એક પોતાની સર્વ સંપત્તિ મૂકતો ગયો અને હારતો ગયો. છેવટમાં નકુલ, સહદેવ, અર્જુન અને ભીમને પણ દાવમાં લગાવી દીધા અને હારી ગયો. હાર્યો જુગારી બમણું રમે એ પ્રમાણે યુધિષ્ઠિરને જુગાર રમવાનું ઝનૂન ચઢ્યું હતું.

હવે કાંઈ જ રમવાનું બાકી રહ્યું ન હતું. પણ શકુનિએ તેને ઉશ્કેર્યો: હજી દ્રૌપદી તો બાકી છે. દ્રૌપદીને જુગાર ઉપર મૂકી જાણીને ભીષ્મ, દ્રોણ, વિદુર વગેરે વૃદ્ધ વડીલો હાહાકાર પોકારી ઊઠ્યા, પણ કોઈનું કશું ચાલ્યું નહિ.

શકુનિએ પાસા નાખ્યા અને જીતી ગયો. હવે યુધિષ્ઠિર પાસે કશું બાકી બચ્યું ન હતું. શકુનિની યોજના સફળ રહી. "સત્યમેવ જયતે"ની જગ્યાએ "અસત્યમેવ જયતે" સિદ્ધ થયું.

5-7-10

*

42. જુગારમાં હાર: વસ્ત્રાહરણ અને મુક્તિ

જીવનનાં મૂલ્યો શાશ્વત નથી હોતાં તેમ જ પૂરા વિશ્વમાં બધા સમાજોમાં એકસરખાં નથી હોતાં. સમય-સમય ઉપર તેમાં પરિવર્તન થતું રહે છે. એક સમય હતો જ્યારે છડેચોક જુગાર રમાતો હતો અને જુગારમાં પત્નીને પણ મુકાતી હશે. તેથી તો તે સભામાન્ય ઘટના ઘટી હશે. નિયોગ થતો હશે અને નિયોગથી વંશવેલો રખાતો હશે. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરથી ઉત્પન્ન થયેલા પુત્રો છે, છતાં પ્રતિષ્ઠાપૂર્વક માન્ય છે. પાંડવો મંત્રપુત્રો છે અને તે પણ એક પ્રકારનો નિયોગ જ કહેવાય, તોપણ તેમની પ્રતિષ્ઠાને કશી આંચ આવતી નથી. દ્રૌપદીને પાંચ પતિઓ છે, બધાં સાથે રહે છે અને વિચરે છે. ત્યારે આવાં લગ્નો પણ માન્ય રહેતાં હશે. જેમ અત્યારે હિમાલયના એમ્સાર-બાબર પ્રદેશમાં બહુ-પતિત્વ પ્રથા ચાલે છે. આવું ઘણુંબધું તેવે સમયમાં માન્ય રહેતું હોય છે, પણ સમય જતાં તે અમાન્ય જ નહિ, ઘૃણિત પાપ પણ થઈ જતું હોય છે.

હસ્તિનાપુરમાં ષડ્યંત્ર રચીને શકુનિ અને દુર્યોધને મળીને પાંડવોને બોલાવ્યા અને પછી જુગાર રમવા પ્રેરિત કર્યા. જુગાર રમતાં-રમતાં યુધિષ્ઠિર સર્વસ્વ હારી ગયા. છેવટે દ્રૌપદી પણ હાર્યા. આટલું કર્યા પછી પણ તે ધર્મરાજ અને સત્યવાદી કહેવાય છે.

કૌરવોને પાંડવો પ્રત્યે જૂનો દ્વેષ છે. જૂનો દ્વેષ જલદી મટતો નથી. કદાચ કોઈ સમાધાન કરાવે તો થોડો સમય દબાઈ જાય, પણ સમય આવતાં જ ફરીને છતો થઈ જતો હોય છે. લાક્ષાગૃહના ષડ્યંત્રમાંથી બચી નીકળેલા પાંડવોનો કેમ કરીને નાશ કરવો તેના વેંતમાં કૌરવો મચી રહ્યા છે. તેમાં તે પ્રગટ થયા અને અડધું રાજ્ય આપવાનું થયું. પાંડવોએ જોતજોતાંમાં ઇન્દ્રપ્રસ્થને આબાદ કરી દીધું અને તેમની યશોગાથા ચારે તરફ ફેલાવા લાગી. કીર્તિ વધારનારો રાજસૂયયજ્ઞ કર્યો અને મયદાનવે અદ્ભુત મહેલ બનાવ્યો ત્યાં સુધી તો જાણે ઠીક, પણ આ મહેલમાં દુર્યોધનની ઠેકડી ઉડાડવામાં આવી અને “આંધળાના દીકરા પણ આંધળા જ હોય” એવું કડવું મહેણું દ્રૌપદીએ માર્યું. દુર્યોધન માટે આ બધું અસહ્ય થઈ ગયું. દ્વેષ વૈરમાં અને વૈર દાઝમાં બદલાઈ ગયાં. દુર્યોધનને શકુનિ મળ્યો. હાથચાલાકીથી જુગારમાં સર્વસ્વ પડાવી લીધું. દ્રૌપદી પણ પડાવી લીધી. દુર્યોધનને ખરી દાઝ દ્રૌપદી ઉપર છે. સ્ત્રીઓ વાણીને કાબૂમાં રાખી શકતી નથી. દ્વેષના ઊભરામાં ન બોલવાનું બોલી દેતી હોય છે. ખાસ કરીને પતિની શક્તિને સ્ત્રી પચાવી શકતી નથી, તેથી પતિ કરતાં તેનો રુઆબ વધી જતો હોય છે. તેનો રુઆબ જ તેનો શત્રુ થઈ જતો હોય છે. દ્રૌપદીનું આવું જ થયું છે. પતિનો ગમે તેટલો કન્ટ્રોલ હોય તોપણ આવેશ કે આવેગના ઊભરામાં સ્ત્રી વાણીનો કંટ્રોલ છોડી દેતી હોય છે, તો પછી જેને પતિ કે વડીલનો કન્ટ્રોલ જ ન હોય તે આવેશ-આવેગમાં શું ન બોલે?

દુર્યોધને વિદુરને આજ્ઞા કરી, “જાઓ, એ કુલટાને અહીં લઈ આવો અને દાસીઓ ભેગી તેને ઝાડુ-પોતાં-વાસણ ઘસાવો. હવે તે અમારી દાસી છે.”

વિદુરે દુર્યોધનને સાવધાન કર્યો, “તું અગ્નિ સાથે ખેલ ખેલી રહ્યો છે. આ આગ તને ખાખ કરી નાખશે. બસ કર! બસ કર! યુધિષ્ઠિરના હારી ગયા પછી ન્યાયની દૃષ્ટિએ તેનો અધિકાર દ્રૌપદી ઉપર રહ્યો જ નથી. પછી તે પોતાની મિલકત સમજીને દાવ ઉપર મૂકી શકે જ નહિ. આ બધું ખોટું થયું છે. પણ ખોટું કરવા માટે જ બધું ખોટું કરાયું છે.”

દુર્યોધને પ્રતિકામી નામના સુતને દ્રૌપદીને લઈ આવવા મોકલ્યો, પણ દ્રૌપદી ન આવી. તેણે

સભાના વડીલોને પ્રશ્ન પુછાવ્યો કે "હારેલો માણસ મને કેવી રીતે દાવમાં રમી શકે?"

પ્રતિકામી પાછો આવ્યો અને ભીષ્મ, દ્રોણ વગેરે વડીલોને દ્રૌપદીનો પ્રશ્ન પૂછ્યો. પણ સૌએ નીચું જોયું. કોઈ કશું બોલ્યું નહિ. "સત્યમેવ જયતે" ત્યારે જ સફળ થતું હોય છે, જ્યારે પ્રજા અને મહાપુરુષો સત્યની પડખે થતા હોય છે. સત્યથી દૂર ભાગનારી પ્રજા અને મૂર્ધન્ય પુરુષો જ્યાં હોય ત્યાં "સત્યમેવ જયતે" ન થઈ શકે.

દુર્યોધને પ્રતિકામીને ફરી આજ્ઞા કરી કે "જા, તેને અહીં લઈ આવ. જે પૂછવું હોય તે સભામાં પૂછે." પણ પ્રતિકામી જવાની હિંમત કરી શક્યો નહિ. જ્યારે બે સત્તાઓ વચ્ચે ઘર્ષણ ચાલતું હોય છે ત્યારે રાજાના અધિકારીઓ બન્નેથી ગભરાતા હોય છે: કાલે આની સત્તા આવશે તો? પ્રતિકામીની શિથિલતા જોઈને દુર્યોધને દુ:શાસનને આદેશ આપ્યો, "જા, તેને લઈ આવ. જેવી હોય ને જે હાલતમાં હોય, તેને સભામાં લઈ આવ."

દુ:શાસન તો આ તકની રાહ જ જોતો હતો. કેટલાંક કૂતરાં માત્ર ભસવા માટે હોય છે, કેટલાંક કરડવા માટે હોય છે, કેટલાંક માત્ર ગંદકી કરવા માટે હોય છે. શાસન ચલાવવું હોય તેણે કૂતરાં પાળવાં જોઈએ. જે લોકો કશા કામમાં નથી આવતા તે ખાઈ-પીને માત્ર ગંદકી જ કરનારા હોય છે. જે લોકો સમય આવ્યે શત્રુપક્ષ તરફ ભસી જાણે છે. તેવા પણ જોઈએ. પણ કેટલાક માત્ર ભસતા જ નથી, કરડી પણ જાણે છે. તેવા પણ જોઈએ.

દુ:શાસન ધમધમ કરતો દ્રૌપદીના ઉતારે પહોંચી ગયો. મહેલનું વાતાવરણ બગડી ચૂક્યું હતું. ક્ષણવાર પહેલાં જે દ્રૌપદી મહારાણી થઈને ફૂલની માફક પૂજાતી હતી તે જ દ્રૌપદી હવે ભયંકર પરિસ્થિતિ થઈ જતાં ગભરાયેલી ચિંતામગ્ન થઈને બેઠી છે. તે રજસ્વલા થઈ છે તેથી એક જ વસ્ત્ર પહેરીને બેઠી છે. ત્યાં તો દુ:શાસન આવી પહોંચ્યો અને દ્રૌપદીને કહેવા લાગ્યો કે "હવે તું જિતાઈ ગઈ છે અને અમારી દાસી છે. ચાલ, ઊઠ." દ્રૌપદી તેનો આશય સમજી ગઈ. તે દોડીને ધૃતરાષ્ટ્રની પત્નીઓ જ્યાં બેઠી હતી ત્યાં પોતાના રક્ષણ માટે ભાગી, પણ દુ:શાસને અધવચ્ચે જ તેના કેશ પકડી લીધા અને સભા તરફ ખેંચવા લાગ્યો. સંસ્કૃતિનું માપ સ્ત્રીઓ પ્રત્યેના વ્યવહારથી કાઢી શકાય. વ્યક્તિની ખાનદાનીનું માપ પણ સ્ત્રીઓ પ્રત્યેની ભદ્રતાથી કાઢી શકાય. અભદ્ર અને હલકા લોકો જ્યારે પોતાની સત્તા વધી જાય ત્યારે સર્વપ્રથમ પોતાનો હાથ પરાયા ધન ઉપર દોડાવે અને પછી તરત જ પરાયી સ્ત્રી ઉપર નજર બગાડે. સંસ્કૃતિ કે ખાનદાનીને માપવાના આ બે જ મુદ્દા છે. ધર્મના અસ્તિત્વની ખાતરી પણ આ બે જ રીતે થતી હોય છે. જે રાજ્યમાં પ્રજા આર્થિક રીતે સુરક્ષિત હોય તે રાજ્ય વ્યવસ્થિત છે. જે રાજ્યમાં સ્ત્રીઓ સુરક્ષિત હોય તે પણ વ્યવસ્થિત ધાર્મિક રાજ્ય કહેવાય. જ્યાં ધન અને સ્ત્રીની સલામતી ન હોય ત્યાં ધાર્મિકતા હોય જ નહિ. ભલે ને હજારો ધર્મસ્થાનો હોય, હજારો ધર્માચાર્યો હોય અને હજારો કર્મકાંડો થતાં હોય, આ બધા દ્વારા ધર્મના અસ્તિત્વનું માપ કાઢી શકાય નહિ.

રજોપ્રવાહથી જેનાં અંગ ખરડાયેલાં છે તેવી દ્રૌપદીએ પોતાની સ્થિતિ બતાવી દૂર રહેવા સમજાવ્યો. પણ દુ:શાસન તો ક્રોધમાં આંધળો થયો હતો. તે માન્યો નહિ, દ્રૌપદી તરફડતી રહી. કૌરવોની સ્ત્રીઓ જોતી રહી. કોઈ બચાવવા ન આવ્યું.

સ્ત્રી પ્રબળા છે, પણ સક્ષમ પુરુષનો સાથ કે ઓથ હોય તો, નહિ તો તે અબળા છે. પુરુષના રક્ષણ વિનાની સ્ત્રી ક્યારે કયા દુષ્ટના હાથે ચૂંથાઈ જાય તે કહી શકાય નહિ. દ્રૌપદીનો ભીમ લાચાર છે. હવે દ્રૌપદી અનાથ છે, અબળા છે. આટલી લાચારી અને આવી અવદશા તેણે

જીવનમાં કદી જોઈ ન હતી. દ્રૌપદીની સભા વચ્ચે આવી દશા જોઈને કર્ણ પ્રસન્ન થયો. તેણે દુઃશાસનને શાબાશી આપી, "આ એ જ દ્રૌપદી છે, જેણે સભા વચ્ચે મને દાસીપુત્ર કહીને અપમાનિત કર્યો હતો. હવે લેતી જા! તું ગુલામડી થઈ ગઈ!"

સત્તાના મદમાં પ્રાચીનકાળમાં બોલાયેલા કટુ શબ્દો કેવા શત્રુઓ ઊભા કરતા હોય છે તેનો અનુભવ દ્રૌપદીને થયો. તેણે પાંડવોની દીન દશા જોઈ. ભીમથી આ સહન ન થયું. તે ઊભો થવાની તૈયારીમાં હતો ત્યાં અર્જુને તેને દબાવીને શાંત કર્યો. ખરેખર પાંડવો અત્યારે નમાલા થઈ ગયા હતા. કોઈ દુષ્ટ દુરાચારી આતતાયી કોઈની પત્નીની આબરૂ લૂંટે તો લૂંટે, પણ પતિની સામે જ કે માતા-પિતાની સામે જ જો આવી ક્રિયા થાય તો તે અધર્મની ચરમ સીમા જ કહેવાય. અત્યારે દુર્યોધનની સભામાં અધર્મ ચરમસીમાએ પહોંચી ગયો હતો.

ક્રોધાગ્નિમાં સળગતો ભીમ બોલ્યો, "મોટાભાઈ, જે ધનવૈભવ હતો તેમાં અમે પણ ભાગીદાર હતા. તેને તમે દાવમાં મૂક્યો તોપણ મારે કશું કહેવું નથી, પણ તમે દ્રૌપદીને દાવમાં કેમ મૂકી? આ અસહ્ય છે. દોષ તમારો જ છે. જુગાર રમનારા તમારા બન્ને હાથોને હું બાળી નાખીશ! સહદેવ! અગ્નિ લઈ આવ!"

"બાહૂ તે સંપ્રધક્ષ્યામિ સહદેવ અગ્નિમાનયા"

(સભાપર્વ 57-67)

એવામાં કૌરવોમાંથી એક વિકર્ણ નામનો કૌરવ ઊભો થયો. દુષ્ટોમાં પણ એક સજ્જન હોય છે. જેમ લંકામાં વિભીષણ તેમ કૌરવોમાં વિકર્ણ.

વિકર્ણે કોઈની પણ પરવા કર્યા વિના જે સત્ય હતું તે કહ્યું. તેણે દ્રૌપદીનો પક્ષ લીધો અને ઘણી દલીલો સાથે સભાને સમજાવ્યું કે આ અન્યાય અને ઘોર અધર્મ થઈ રહ્યો છે.

સભામાં ભીષ્મ વગેરે શસ્ત્રશૂર તો છે, વાક્શૂર નથી. શસ્ત્રશૂરતા કરતાં પણ વાક્શૂરતા ઘણી મહાન છે. સભા વચ્ચે કોઈની પ્રશંસા કરવી સરળ કામ છે, પણ સભા વચ્ચે પાપીની નિંદા કરવી બહુ કઠિન કામ છે. જીવનમાં નિંદા પણ જરૂરી છે. જે ખોટું થઈ રહ્યું છે તેની નિંદા થવી જ જોઈએ. નિંદા થવાથી ખોટું કામ અટકી શકે છે. પણ નિંદા કરવા માટે પણ છાતી જોઈએ. એક અબળાની આબરૂ સભા વચ્ચે લૂંટાઈ રહી છે તેવા સમયે પણ કોઈ ઊભો થઈને પાપીઓની નિંદા ન કરે તો તે નમાલાપણું જ કહેવાય. જે લોકો ભયંકર દુષ્કર્મોથી પણ નિંદા નથી કરતા તે સાધુ કે સંત નથી હોતા, નમાલા હોય છે. પાપીઓના પ્રહારથી બચવા માટે તે મોઢું સીવી લેતા હોય છે. આને સંતવૃત્તિ ન કહેવાય. આ નરી નામર્દાનગી જ કહેવાય. ધન્ય છે વિકર્ણને! કૌરવોનો ભાઈ હોવા છતાં પરવા કર્યા વિના કૌરવોના પાપનો તેણે વિરોધ કર્યો.

કર્ણે વિકર્ણને દબાવ્યો, "તું કુલાંગર છે. પોતાના જ પક્ષને તોડી રહ્યો છે. તું પગમાં કુહાડી મારી રહ્યો છે. ધિક્કાર છે તને!"

ઘણી વાર સત્યનો પક્ષ લેવાથી સ્વજનોથી વિમુખ થવું પડતું હોય છે. અરે, સ્વજનો જ વિરોધી થઈ જતા હોય છે. પણ સત્યનો ત્યાગ કરીને સ્વજનોનો મેળ કરી રાખવો તે પણ અધમતા જ કહેવાય. ચૂપ રહેનાર પણ પાપનો ભાગીદાર કહેવાય. દ્રૌપદીની આવી દશા મૂંગા મોઢે જોયા કરનાર પણ પાપના ભાગીદાર જ કહેવાય.

હવે દુઃશાસનની હિંમત વધી ગઈ, કારણ કે કોઈ રોકનાર ન હતું. તેણે દ્રૌપદીનું પહેરેલું એક વસ્ત્ર જોરથી ખેંચવા માંડ્યું. દ્રૌપદીએ જોયું કે હવે અહીં રક્ષા કરે તેવું મારું કોઈ નથી. પતિ

જેવા પતિ લાચાર-મૂઢ થઈને નીચું ઘાલીને બેઠા છે. ભીષ્મ-દ્રોણ-કૃપાચાર્ય વગેરે પણ ચૂપ છે. હવે મારી આશા એકમાત્ર મારા ભાઈ ઉપર છે. મારો ભાઈ, દ્વારિકામાં બેઠો છે. તે જરૂર મારી રક્ષા કરશે.

સ્ત્રી આગળ અને પાછળ બન્ને તરફથી રક્ષિત હોવી જોઈએ. આગળ પતિથી અને પાછળ ભાઈઓથી. તેને પિયરનું પણ બળ મળ્યું હોવું જોઈએ. પતિ વિનાની સ્ત્રી જો ભાઈઓથી રક્ષિત હોય તો તે અબળા નથી થઈ જતી. જે સ્ત્રી પતિ અને ભાઈઓ બધાથી સંબંધ બગાડે છે તે રક્ષાકવચ વિનાની એકાકી થઈ જાય છે. તેને ગમે ત્યારે કોઈ પણ ચૂંથી શકે છે.

દ્રૌપદીએ આર્તનાદ કર્યો, “ગોવિંદ! ગોવિંદ! દોડો! દોડો! આ કૌરવો તમારી ધર્મની બહેનની લાજ લૂંટી રહ્યા છે! જલદી દોડો! મોડું થશે તો હું તો મોઢું બતાવવાને લાયક નહિ રહું, પણ તમે પણ મોઢું બતાવવાને લાયક નહિ રહો! દોડો… દોડો… બચાવો…”

આર્તનાદ દ્વારકા સુધી પહોંચ્યો. શ્રીકૃષ્ણ પથારીમાંથી ઝબકીને જાગ્યા અને ચાખડીઓ પહેર્યા વિના જ હસ્તિનાપુર પહોંચી ગયા. સભાએ જોયું કે એક પછી એક નવીનવી સાડીઓ દ્રૌપદીના શરીર ઉપરથી નીકળી રહી છે. કોઈ છેડો જ નથી! સભામાં કોલાહલ થઈ ગયો. હજારો ઉપદેશો કરતાં એક ચમત્કાર વધુ પ્રભાવશાળી થતો હોય છે. ભીમથી સહન ન થયું. તેણે પ્રતિજ્ઞા કરી:

“સાંભળો, સભાજનો, સાંભળો! હું પ્રતિજ્ઞા કરું છું કે યુદ્ધમાં આ દુ:શાસનની છાતી ચીરીને તેનું ખળખળતું લોહી હું પીશ ત્યારે જ મને શાંતિ થશે!” દ્રૌપદીની સાડીઓની ધારા જોઈને તથા ભીમની ભીષણ પ્રતિજ્ઞા સાંભળીને સભાનું વલણ બદલાઈ ગયું. બધા દુ:શાસન અને દુર્યોધનને ધિક્કારવા લાગ્યા. લોકમતનો પૂરો પ્રભાવ હોય છે, પણ તેનો નેતા હોય તો.

સભામાં ભયંકર કોલાહલ મચી ગયો. દુ:શાસને સાડી ખેંચવાનું બંધ કર્યું. હજી પણ દુર્યોધનની દુર્વૃત્તિ મટી ન હતી. તેણે પોતાની ડાબી જાંઘ ઉઘાડી કરી દ્રૌપદીને બેસવાનું કહ્યું. તેની નિર્લજ્જતા ચરમસીમાએ પહોંચી ગઈ હતી. ભીમે યુદ્ધમાં ગદા વડે તેની જાંઘ તોડી નાખવાની પ્રતિજ્ઞા કરી.

દ્રૌપદીએ વારંવાર પ્રાર્થના કરવા છતાં દ્રૌપદીના પ્રશ્નનો કોઈએ જવાબ ન આપ્યો. વિદુરે આંધળા ધૃતરાષ્ટ્રને બધી વાત સમજાવી અને કહ્યું કે બાજી બગડી ચૂકી છે. હવે તમે સુધારી લો. રાષ્ટ્રમાં ડાહ્યા મુત્સદ્દી પુરુષ હોય તો તે બગડેલી બાજીને સુધારી લેતા હોય છે.

ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને સાન્ત્વના આપી અને તેનું સન્માન કર્યું. પછી વરદાન માગવા કહ્યું. દ્રૌપદીએ યુધિષ્ઠિર તથા પાંડવોને દાસપણામાંથી મુક્ત કરવાનું વરદાન માગ્યું. એક પછી એક પાંચે પતિઓની મુક્તિ માગી. ધૃતરાષ્ટ્રે પાંચે પાંડવોને દાસપણાથી મુક્ત કર્યા, એટલું જ નહિ, તેમનું જીતેલું રાજપાટ, ધનાદિ—બધું પાછું આપી દીધું. આ રીતે પાંચે ભાઈઓ દ્રૌપદી વગેરે પાછાં ઇન્દ્રપ્રસ્થ જવા નીકળી ગયાં.

5-7-10

*

43. પાંડવોનો બાર વર્ષનો વનવાસ

વૈરભાવથી રચાયેલાં ષડ્યંત્રો કદી પૂરાં થતાં નથી. જે શત્રુતા ખરાબી વિનાની હોય છે, તેનું સમાધાન થઈ શકે છે. તે સમાધાનથી શાંતિ સ્થાપિત થઈ શકે છે. પણ જે શત્રુતા વૈરભાવથી —ખરાબ દાનતથી થઈ હોય છે તેનું સમાધાન થતું નથી, કદાચ થાય તો ટકતું નથી. દાનત મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે.

ધૃતરાષ્ટ્રની ઉદારતાથી પાંડવો ગુલામીથી મુક્ત થયા અને તેમનું રાજ્યાદિ બધું પાછું મળી ગયું. તે બધા ઇન્દ્રપ્રસ્થ પણ જવા નીકળી ગયા. પણ ધૃતરાષ્ટ્રનો નિર્ણય દુર્યોધન, કર્ણ વગેરેને ગમ્યો નહિ. તેમણે તરત જ મીટિંગ કરી અને હાથમાં આવેલો શિકાર છટકી ગયો તે બદલ ધૃતરાષ્ટ્રને દોષ દેવા લાગ્યા, “આ ડોસાએ બધી જીતેલી બાજી બગાડી નાખી!” દુર્યોધન ફરી પાછો ધૃતરાષ્ટ્ર પાસે ગયો અને બાજીને ધૂળધાણી કરી નાખવા માટે ધૃતરાષ્ટ્રને ઠપકો આપવા લાગ્યો. ધૃતરાષ્ટ્ર ફરીથી પુત્રમોહમાં આવી ગયો અને કહ્યું કે હજી પણ તારી ઇચ્છા પાંડવોને જુગાર રમાડીને હરાવવાની હોય તો જા, તેમને પાછા બોલાવી લાવ અને ફરીથી જુગાર રમ. મારા તરફથી તને છૂટ છે.

ધૃતરાષ્ટ્રના આ પ્રસ્તાવનો દ્રોણ, વિદુર વગેરે બધા આચાર્યો તથા મંત્રીઓએ વિરોધ કર્યો અને કહ્યું કે “માંડ સમાધાન થયું છે. હવે શાંતિથી રહો અને શાંતિથી રહેવા દો.” પણ ધૃતરાષ્ટ્ર માન્યો નહિ. તેણે પાંડવોને ફરીથી પાછા બોલાવવાનો આદેશ આપી દીધો.

ધૃતરાષ્ટ્રના આદેશનો ગાંધારીએ પણ વિરોધ કર્યો, પણ ધૃતરાષ્ટ્ર ન માન્યો. તેણે દૂત પ્રતિકામીને ઇન્દ્રપ્રસ્થના માર્ગે રથ લઈને દોડાવ્યો અને જલદી પાંડવોને પાછા લઈ આવવા આદેશ કર્યો. પ્રતિકામીએ યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રનો આદેશ અને સંદેશો કહી સંભળાવ્યો: તમે બધા પાછા વળો અને ફરીથી જુગાર ખેલો તેવું ધૃતરાષ્ટ્ર ઇચ્છે છે.

યુધિષ્ઠિરને પણ શું સૂઝ્યું કે જૂની ઘટનાથી કશો બોધપાઠ લીધા વિના ધૃતરાષ્ટ્રની આજ્ઞાનું પાલન કરવું એ મારો ધર્મ છે તેમ કહીને પાછા હસ્તિનાપુર આવી ગયા. આને શું કહેવું? વિનાશકાળે વિપરીત બુદ્ધિ જ કહેવાય.

ફરીથી જુગારનું ચોકઠું તૈયાર થઈ ગયું. હવે શકુનિએ શરત મૂકી કે આ વખતે માત્ર એક જ વાર દાવ ખેલાશે. શરત એ છે કે જો અમે હારી જઈશું તો મૃગચર્મ પહેરીને સર્વસ્વ તમને સોંપીને બાર વર્ષ સુધી વનમાં વિચરણ કરીશું અને તેરમું વર્ષ ગુપ્ત રીતે વિતાવીશું, પણ જો તમે હારશો તો દ્રૌપદી સહિત તમારે બાર વર્ષ વનમાં વિચરવું પડશે અને તેરમું વર્ષ ગુપ્ત રીતે વિતાવવું પડશે. જો પ્રકટ થઈ જશો તો ફરીથી બાર વર્ષનું વન ભોગવવું પડશે. જો બધું બરાબર પાર પડી જશે તો પછી તમને તમારું રાજ્ય પાછું મળી જશે.”

શકુનિની આ શરત સાંભળીને તથા ફરીથી જુગાર રમાવાનો છે તેવું સાંભળીને સભામાં હાહાકાર થઈ ગયો. મહાન લોકોએ વિરોધ કર્યો, પણ કોઈનું કશું ચાલ્યું નહિ…

ફરીથી જુગાર રમાયો અને યુધિષ્ઠિર હારી ગયા. દુર્યોધન જીતી ગયો. શરત પ્રમાણે પાંડવોએ વલ્કલ—મૃગચર્મ ધારણ કર્યાં. કિંમતી વસ્ત્રો અને આભૂષણો ત્યાં જ મૂકી દીધાં. એક ક્ષણમાં શુંનું શું થઈ ગયું! જ્યારે પાંડવો વલ્કલ ધારણ કરીને સભાભવનમાંથી બહાર નીકળતા હતા

ત્યારે દુર્યોધન અને દુ:શાસને તેમની ઠેકડી ઉડાડી.

પોતાની ઠેકડી ઊડતી જોઈને ભીમે આવેશમાં ફરીથી દુર્યોધનને મારવાની પ્રતિજ્ઞા કરી. અર્જુને તેને રોકતાં કહ્યું કે "બુદ્ધિમાન પુરુષ આગળથી બધું બોલી દેતા નથી. હજી તેર વર્ષમાં શું-શું થશે તેની કોને ખબર છે? એટલે શાંત રહે."

તેમ છતાં ચારે ભાઈઓ ભીષણ પ્રતિજ્ઞા કરી ધૃતરાષ્ટ્રની પાસે ગયા. ધૃતરાષ્ટ્રને નમન કર્યું. કુન્તીમાતાને વિદુરજીએ પોતાને ત્યાં રાખવાનો પ્રસ્તાવ કર્યો. વિદાય થતી વખતે પાંડવો—ખાસ કરીને યુધિષ્ઠિર સૌને પગે લાગ્યા. નમસ્કાર કરીને વિદાય સુધારી શકાય છે. અહંકારી વ્યક્તિ નમસ્કાર નથી કરી શકતી, તેથી વિદાય બગાડે છે. ગમે તેવો ઝઘડો થયો હોય પણ જે વ્યક્તિ વિદાય વખતે માનમર્યાદા—નમસ્કાર કરીને વિદાય થાય છે તે ફરીથી આગમનના તંતુ મૂકતો જાય છે. જીવન છે, ફરીથી પાછા પણ આવવું પડે. કાંઈ કહેવાય નહિ. પણ આગમન-તંતુ મૂકતો જનાર માનપૂર્વક પાછો ફરી શકે છે.

પણ જે લોકો ઘોર અપમાન કરીને નીચ વ્યવહાર કરીને વિદાય થતા હોય છે તેમનો પગ ફરીથી આવવા માટે ઊપડતો નથી. તે આવવા માગે તોપણ એમનો દુર્વ્યવહાર આડો આવે છે.

પાંડવોના વનવાસથી આખું હસ્તિનાપુર શોકાતુર, દુ:ખી અને વ્યાકુળ થઈ ગયું છે. વ્યક્તિની એક સર્વોચ્ચ મૂડી 'લોકચાહના' હોય છે, જે ઉદાર સ્વભાવથી તથા લોકહિતનાં કાર્યો કરતા રહેવાથી મળતી હોય છે. તેનો અનુભવ વિદાય વખતે અને મહાપ્રસ્થાન વખતે મળતો હોય છે. બધા ધનવાનો લોકચાહના નથી મેળવી શકતા. ધનથી સમૃદ્ધ પણ લોકચાહનાથી કંગાળ ધનપતિઓ દયાને પાત્ર હોય છે. ઘણું કમાઈને પણ તે કંગાળ જ રહી જતા હોય છે.

આખું હસ્તિનાપુર પાંડવોને વિદાય આપવા ઊમટી પડ્યું. સહદેવે પોતાના ચહેરા ઉપર ધૂળ લગાવી દીધી હતી અને નકુલે તો પૂરું શરીર જ માટીથી પોતી દીધું હતું, જેથી જલદી ઓળખઈ ન જવાય. જે નિમિત્તે (જુગાર રમવાથી) તેમને વન જવું પડ્યું હતું તે નિમિત્ત તો સારું ન કહેવાય.

દ્રૌપદી રજસ્વલા હતી. તેણે એક જ સાડી પહેરી હતી જેમાં રક્તના દાગ દેખાતા હતા. વાતાવરણ આક્રોશ, દુ:ખ અને શોકમગ્ન થઈ ગયું હતું.

ધૃતરાષ્ટ્ર અને વિદુર વાતો કરતા હતા ત્યાં ઓચિંતા મહર્ષિ નારદજી આવી પહોંચ્યા. નારદને આવવાનું આમંત્રણ ન હોય. આવતાં જ તેમણે ત્રાડ નાખી અને ધૃતરાષ્ટ્રને કહ્યું કે:

"જોજે, કૌરવોના આ કુકર્મથી ચૌદ વર્ષ પૂરાં થતાં કૌરવવંશનો નાશ થઈ જશે! કોઈ શ્રાદ્ધ નાખનારો પણ નહિ રહે!" આટલું કહીને તરત જ વિદાય થઈ ગયા.

ધૃતરાષ્ટ્ર ચિંતાતુર થઈ ગયા. પ્રથમ વિદુર પાસેથી અને પછી સંજય પાસેથી લોકચર્ચા સાંભળી તે વધુ ને વધુ ભયભીત અને ચિંતાતુર થઈ ગયો.

દ્રૌપદી સહિત પાંડવો તો દૂર નીકળી ગયા હતા.

પહેલાં રામ વનમાં ગયા હતા, કૈકયી અને મંથરાના કારણે. હવે પાંડવો વન જઈ રહ્યા છે, શકુનિ, દુર્યોધન અને સ્વયં પોતાને કારણે.

(સભાપર્વ પૂર્ણ)

*

વનપર્વ

44. પાંડવોનું વનપ્રસ્થાન

વનમાં જવાનો અર્થ છે જીવનથી ફેંકાઈ જવું. ઘણી તપસ્યા અને પુરુષાર્થ પછી કોઈ વ્યક્તિનું જીવન લોકમય, રાષ્ટ્રમય, પરિવારમય થઈ ગયું હોય, ચારે તરફ તેનો જયજયકાર થઈ રહ્યો હોય અને ઓચિંતી કોઈ એવી ઘટના ઘટી જાય કે તે લોકોથી, રાષ્ટ્રથી, પરિવારથી ફેંકાઈ જાય. બધાં તેને તરછોડી દે. તરછોડાવું બહુ દુ:ખદાયી છે. પહેલાં ખૂબ નજીક આવવું, માન-પાન-સન્માન પામવું અને પછી તરછોડાઈ જવું તે આઘાતજનક બીના બની જતી હોય છે. આમાં પણ પ્રેમથી તરછોડાવું એ સૌથી વધુ આઘાતજનક ઘટના બની જાય છે. તેની કળ જ ન વળે. પતિ દ્વારા પત્ની કે પત્ની દ્વારા પતિની આવી ઘટના આત્મહત્યા સુધી પણ દોરી જઈ શકે છે. લોકોએ સીતાજીને કલંક લગાવ્યું અને શ્રીરામે તેમને વનમાં તરછોડી દીધાં. કેટલો મોટો વજ્રાઘાત થયો હશે! લોકોના કલંક વખતે સીતાજીને શ્રીરામની હૂંફ અને ઓથની જરૂર હતી, પણ તેની જગ્યાએ વન મળ્યું. લોકોનો તો ભરોસો ન કરાય. લોકપ્રવાહને બદલતાં વાર ન લાગે. પણ રામનો—પતિનો તો ભરોસો કરાય ને! પતિનો ભરોસો ન કરાય તો પછી કોનો કરાય? આ જાકારો મરણથી પણ વધુ દુ:ખદાયી થઈ ગયો.

પિંગળાએ ભર્તૃહરિને તરછોડી દીધા. ખૂબ ભરોસો કર્યો. પત્નીનો ભરોસો કર્યા વિના જીવન જિવાય જ કેવી રીતે? ભરપૂર પ્રેમ અને સર્વસ્વ આપી દેવા છતાં પણ પત્ની બેવફા થઈ જાય તો શું કરવું? કઈ જમીન ઉપર ઊભા રહેવું? જીવન જીવવાની જમીન જ ખસી ગઈ. હવે જીવનનો શો અર્થ રહ્યો? આવા લોકો બાવા ન થાય તો બીજું શું થાય? કેટલાય લોકોએ મોક્ષ મેળવવા માટે શીલવતી સુશીલ પત્નીને તરછોડી દીધી. સત્યાનાશ જાઓ આ મોક્ષનું! કેટકેટલાંનાં ઘર ઉજ્જડ કરી નાખ્યાં! ઘર ઉજ્જડ કર્યા વિના મોક્ષ મળતો હોય તો ઠીક છે, નહિ તો આ બંધન જ સારું છે. કોઈને તરછોડાવું તો નથી પડતું.

અહલ્યા શિલા થઈ ગઈ. ઇન્દ્રની વાસનાએ તેની આવી દશા કરી નાખી. શિલા એટલે સમાજજીવન, સમાજ-પ્રતિષ્ઠાથી ફેંકાઈ જવું. કાલે અહલ્યા કરોડની હતી, હવે કોડીની થઈ ગઈ. કોઈ ભાવે નથી પૂછતું. કાલે તો જયજયકાર થતો હતો. ઊંચી સંસ્કૃતિ અને ઊંચાં મૂલ્યો હજારો અહલ્યાઓને શિલા બનાવી દેતી હોય છે. પશુ-પક્ષીઓમાં કોઈ શિલા નથી થતું, કારણ કે ઊંચાં મૂલ્યો જ નથી. કુદરત-સહજ સામાન્ય મૂલ્યોવાળું જીવન છે. કોઈ સતી કે મહાસતી હોય તો શિલા થાય ને? બધી સામાન્ય સ્ત્રીઓ છે. જેવી છે તેવી પ્રગટ થઈ શકે છે. અમેરિકાના પ્રમુખની માતા પાંચ વાર પરણી હતી, છતાં તેને કે તેના પુત્રને સમાજથી તરછોડાવું પડ્યું ન હતું. ક્યાંય સતીપણાનો દાવો ન હતો. જે છે, જેવું છે તેવું બતાવીને પણ માનપૂર્વક જીવી શકાય છે. કેટલાક લોકો આને રસાતળમાં જવું માને છે. કદાચ તેવું હોય પણ ખરું. પણ શિલા થવા કરતાં કે વનમાં જઈને ધરતીમાં સમાઈ જવા કરતાં તો સારું જ કહેવાય. ખબર નહિ.

પાંડવો ધોરી જીવનથી ફેંકાઈ ગયા, એટલે તેવા જીવનને વનવાસ કહી શકાય. ઘણા લોકોનાં જીવનમાં આવો વનવાસ આવતો હોય છે. બે-પાંચ-દશ વર્ષ સુધી તે ધોરી જીવનથી ફેંકાઈ જતા હોય છે. પછી કદાચ ફરીથી તારો ચમકે તો ચમકે, કોઈ ખાતરી નહિ.

સાંભળો, રાજા જનમેજય વૈશંપાયન ઋષિ પાસેથી કથા સાંભળી રહ્યા છે.

હસ્તિનાપુરના વર્ધમાનદ્વારથી ઉત્તરદિશા તરફ પાંડવો વનમાં જવા નીકળી પડ્યા. આખું નગર ઊમટી પડ્યું છે. તે બધાને માંડમાંડ સમજાવીને પાછા વાળ્યા. પાંડવો પ્રત્યે સૌને પ્રેમ છે, કૌરવો પ્રત્યે ઘૃણા છે. પાંડવો ગંગાજી પાર કરી પ્રમાણકોટિ નામક વડની પાસે પહોંચી ગયા. પ્રથમ રાત્રી આ વડની નીચે જ વિતાવવાની હતી. ઘણા બ્રાહ્મણો મળવા આવ્યા. તેમની વિદ્વત્તાથી પાંડવો પ્રસન્ન થયા. સમય આવે ત્યારે વડની નીચે પણ સૂઈ શકે, કશી ફરિયાદ કે શિકાયત ન કરે તેને સ્થિતપ્રજ્ઞ કહેવાય. બ્રાહ્મણો સાથે ખૂબ સત્સંગ કર્યો. દુ:ખના દિવસોમાં સત્સંગ-અમૃત મળી જાય તો દુ:ખના દિવસો હળવા થઈ જાય.

સવારે પાંડવોની સાથે બ્રાહ્મણો પણ વન તરફ ચાલવા લાગ્યા. મોટો પ્રશ્ન હવે યોગક્ષેમ અર્થાત્ આહારનો હતો. બધાંને ખવડાવવું શું? માણસ ગમે તેટલો ત્યાગી—વૈરાગી કે આદર્શવાદી હોય, પણ ભૂખ-તરસ કોઈને પણ છોડતી નથી. આહારની બાબતમાં જે વ્યક્તિ સ્વાવલંબી ન હોય, પરાવલંબી હોય તે સ્વમાનપૂર્વક જીવન જીવી શકે નહિ. વ્યક્તિએ એવી જીવનપદ્ધતિ સ્વીકારવી જોઈએ જેમાં પરાન્નભોજી ન થઈ જવાય. પરાન્નભોજી અર્ધગુલામીભર્યું જીવન જીવતા હોય છે.

ધૌમ્યઋષિની સલાહ પ્રમાણે યુધિષ્ઠિરે સૂર્યની તપસ્યા કરી. ઘોર તપસ્યા પછી સૂર્યનારાયણ પ્રગટ થયા અને બ્રાહ્મણ વગેરે અતિથિઓને જમાડવા માટે તેમણે એક પાત્ર યુધિષ્ઠિરને આપ્યું અને કહ્યું કે આ પાત્ર બાર વર્ષ સુધી (જ્યાં સુધી વનવાસ હશે ત્યાં સુધી) રોજ તમને બધાંને ભરપૂર ભોજનસામગ્રી આપશે. પણ દ્રૌપદીના જમી લીધા પછી તે તે દિવસ પૂરતું બંધ થઈ જશે.”

યુધિષ્ઠિરે અક્ષયપાત્ર ગ્રહણ કર્યું. અને પ્રથમ દિવસે જ તેમણે રસોઈ બનાવી. પ્રથમ બ્રાહ્મણોને જમાડ્યા, પછી પાંડવો જમ્યા અને સૌથી છેલ્લે દ્રૌપદી જમી. દ્રૌપદીના જમ્યા પછી પાત્રમાંથી રસોઈ સમાપ્ત થઈ જતી હતી.

પાંડવો ફરતા-ફરતા ‘કામ્યકવન’માં પહોંચી ગયા. પેલી તરફ હસ્તિનાપુરમાં વિદુરજીથી રહેવાયું નહિ તેથી ધૃતરાષ્ટ્રને કઠોર શબ્દોમાં શિખામણ આપી, પણ ધૃતરાષ્ટ્રને વિદુરની શિખામણ ગમી નહિ. તે નારાજ થઈને પોતાના મહેલમાં ચાલ્યો ગયો. વિદુરજી વેગવાળો રથ લઈને પાંડવોની પાછળપાછળ કામ્યકવનમાં પહોંચી ગયા. વિદુરજી અને પાંડવો વચ્ચે ઘણો સત્સંગ થયો. વિદુરે કહ્યું કે ધૃતરાષ્ટ્રે મારો ત્યાગ કર્યો છે એટલે હવે હું તમારી સાથે જ રહીશ. સત્યવક્તાના સંબંધો ભાગ્યે જ ચિરંજીવી હોય છે. કડવાં વાક્યો લોકોને ગમતાં નથી તેથી સંબંધ બગડતા હોય છે. પણ સત્યવક્તા અને સ્પષ્ટવક્તાએ સંબંધની પરવા કર્યા વિના સત્યતા અને સ્પષ્ટતાની પરવા કરવી.

વિદુરના ચાલ્યા ગયા પછી ધૃતરાષ્ટ્રને પોતાની ભૂલ સમજાઈ. “ખોટું થઈ ગયું” એવું ભાન થતાં જ તેણે સંજયને વિદુરજીને પાછા લઈ આવવા માટે મોકલ્યો. બુદ્ધિમાન રાજાએ પ્રધાનમંત્રી જેવા મહત્ત્વના પદે બેઠેલા માણસ સાથે સંબંધ બગાડાય નહિ, કારણ કે તે બધા ગુપ્ત ભેદો જાણતો હોવાથી ઘણો અનર્થ કરી શકે છે. મહત્ત્વના માણસને મનાવીને પણ સાથે જ રાખવો.

સંજય વિદુરજીને સમજાવીને પાછા લઈ આવ્યો. વિદુર અને ધૃતરાષ્ટ્ર મળ્યા અને ભેટ્યા. બગડેલી બાજી સુધરી ગઈ. બાજી સુધારી લેતાં આવડે તે રાજનેતા કહેવાય.

આ તરફ કૌરવોમાં વૈરવૃત્તિ હજી પણ જીવંત હતી. સર્વસ્વ છોડીને પાંડવો વનમાં ચાલ્યા ગયા

હોવા છતાં પણ દુર્યોધન વગેરેને ભય છે કે તે પાછા જીવતા આવશે તો? એટલે જ વનમાં જ તેમની હત્યા થઈ જાય તો કાયમના કાંટા નીકળી જાય. આવું વિચારીને બધા મળીને વનમાં પાંડવોની હત્યા કરાવી નાખવાનું ષડ્યંત્ર રચવા લાગ્યા. દુર્યોધન, દુ:શાસન, શકુનિ, કર્ણ વગેરે રથ ઉપર આરૂઢ થઈને પાંડવોની હત્યા કરવા નીકળી પડ્યા. પણ વ્યાસજી તેમને જતાં જોઈ ગયા. તે મર્મને સમજી ગયા.

વ્યાસજી તરત જ ધૃતરાષ્ટ્ર પાસે ગયા અને અનેક રીતે તેમણે ધૃતરાષ્ટ્રને સમજાવ્યો કે તમારા પુત્રોને રોકો. તે પાંડવોની હત્યા કરવા વનમાં જઇ રહ્યા છે. તેમને રોકો. ધૃતરાષ્ટ્રને વ્યાસજીની વાત ગમી. એટલામાં તો ત્યાં મહર્ષિ મૈત્રેય આવી પહોંચ્યા. તે પાંડવોની પાસેથી જ આવ્યા હતા. તેમણે ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન વગેરે સૌને ઘણી રીતે સમજાવ્યા, પણ દુર્યોધને જોરજોરથી પોતાની જાંઘ ઉપર થપાટો મારી જેનો અર્થ હતો 'યુદ્ધ.'

દુર્યોધનનો આવો અસભ્યતાપૂર્ણ વ્યવહાર જોઈને મૈત્રેયઋષિ કુપિત થયા અને તેમણે શાપ આપ્યો કે "જે જાંઘને તું મારી સામે ઠોકી રહ્યો છે તે જાંઘને ભીમ ગદા દ્વારા તોડી નાખશે!"

શાપ આપીને ઋષિ ચાલતા થયા. કેટલાક લોકોને આશીર્વાદ લેતાં આવડતા હોય છે, તો કેટલાક સામે ચાલીને પોતાની હલકી પ્રવૃત્તિ અને વ્યવહારથી શાપ લેતા ફરતા હોય છે.

7-7-10

*

45. કિર્મીક-વધ અને વાસુદેવનું આગમન

'મહાભારત', 'રામાયણ' અને પુરાણોમાં રાક્ષસોની કથાઓ વારંવાર આવે છે. ખરેખર તો બધા નાયકોમાં પરાક્રમો રાક્ષસો સામે રહ્યાં છે. પ્રાય: રાક્ષસો વનમાં રહેતા હોય છે અને ભયંકર કૃત્ય કરનારા હોય છે. કેટલાક ઘોર તપસ્યા કરીને વરદાન મેળવનારા પણ હોય છે. વનમાં વાનપ્રસ્થી અને તપસ્વી મુનિઓ પણ રહેતા હોય છે. પણ રાક્ષસોના ત્રાસથી તેઓ 'ત્રાહિ મામ્' પોકારતા હોય છે. રાક્ષસો, તપસ્વીઓ અને હિંસક પ્રાણીઓ એકસાથે રહેતાં હોવાથી સૌકોઈ તપસ્વીઓની તપસ્યામાં વિઘ્નરૂપ થતા હોય છે. તેમ છતાં ઋષિમુનિઓ વનમાં રહેતા હોય છે. અત્યારે પણ લગભગ આવી જ દશા થવા લાગી છે. પ્રત્યેક નગરમાં લગભગ એકાદ મહોલ્લો તો રાક્ષસવૃત્તિના માણસોનો બની ગયો હોય છે. લોકો ત્યાં જતાં પણ ડરે છે. કોઈ ભડવીર રાજનેતા શાસક બને છે અને આવા મહોલ્લાના ત્રાસથી પ્રજાને છોડાવે છે. આ પરાક્રમનું કામ છે. પરાક્રમ વિના જીવી શકાય નહિ. જે પરાક્રમી નથી હોતા તે દબાઈને જીવન જીવવા મજબૂર થઈ જતા હોય છે ને સ્વરક્ષિત જીવન જીવી શકતા નથી, રાજરક્ષિત જીવન જ જીવે છે. રાજા રક્ષા કરે તો જ જીવન જિવાય, નહિ તો સ્થલાંતર કરી ભાગી છૂટે. આવી ભાગતી પ્રજા પોતાનાં ઘર, પોતાના મહોલ્લા—અરે, પોતાની સ્ત્રીઓને પણ સાચવી શકતી નથી, કારણ કે તે પરાક્રમ વિનાની હોય છે.

ત્રણ દિવસથી કામ્યક-વનમાં વિચરતા-વિચરતા પાંડવો ગાઢ વનમાં પહોંચી ગયા. ત્યાં એક કિર્મીર નામનો રાક્ષસ રહેતો હતો. તે બકાસુરનો ભાઈ હતો. ભીમે બકાસુરને એકચક્રાનગરીમાં મારી નાખીને પૂરી નગરીને સુરક્ષા અને શાંતિ આપી હતી. પોતાના ભાઈ બકાસુરના વધના સમાચાર જાણીને કિર્મીર ભીમને શોધતો હતો. રાક્ષસો સંત નથી હોતા કે ક્ષમા આપે. તે તો બદલો જરૂર લેતા હોય છે. યોગાનુયોગ આજે ભીમ તેના વનમાં આવી પહોંચ્યો છે—આ સમાચારથી તે રાજીરાજી થઈ ગયો હતો. શત્રુ સામે ચાલીને મરવા આવ્યા છે. આજે ભાઈનો બદલો જરૂર લઈશ તેવું નક્કી કરીને તે પાંડવોની સામે પહોંચી ગયો. તેનું વિકરાળ સ્વરૂપ જોઈને દ્રૌપદી ગભરાઈ ગઈ. સ્ત્રીઓ સ્વરક્ષિત નથી હોતી, પણ રક્ષિત હોય છે. તેમની સાથે કોઈ ને કોઈ રક્ષક હોવો જરૂરી છે. ભીમે દ્રૌપદીની દશા જોઈ, સામે કિર્મીક રાક્ષસને પણ જોયો. પહેલાં બન્ને વચ્ચે બોલાચાલી થઈ, પછી બન્ને ભીડી ગયા. ભીમે વૃક્ષોને ઉખાડી-ઉખાડીને તેના ઉપર પ્રહાર કર્યા. તેને ઊંચકી-ઊંચકીને ભૂમિ ઉપર પછાડ્યો અને અંતે એ વૈત્રકીવનમાં તેના પ્રાણ હરી લીધા. રાક્ષસોને મારવા એ પાપ નથી, હિંસા પણ નથી. જેના દ્વારા અનેક નિર્દોષોની હત્યાઓ થતી હોય તેના વધથી પાપ અટકે છે, હિંસા અટકે છે. એકના મરવાથી અનેક બચે છે, અનેક નિર્ભય થઈને જીવન જીવે છે. એ પુણ્ય જ કહેવાય.

કિર્મીકનો વધ કરીને વૈત્રકીવનને ઋષિમુનિઓ માટે નિર્ભય બનાવીને પાંડવો આગળ ચાલ્યા.

હવે દ્વૈતવન આવ્યું. પાંડવોને થયું કે હવે થોડો સમય અહીં રહેવું જોઈએ. વ્યક્તિએ કોઈ પણ સ્થળે રહેતાં પહેલાં ત્રણ સગવડો જોવી જોઈએ.

1. શું તે સુરક્ષિત જગ્યા છે? બાળબચ્ચાંને એકલાં મૂકીને પણ બહાર જઈ શકાય છે?

2. શું ત્યાં ધાર્મિક, સંસ્કારી વાતાવરણ છે.

3. શું ત્યાંની આબોહવા સારી છે?

આ ત્રણ સગવડો હોય ત્યાં રહેવાથી માણસો સુખી થાય છે. જ્યાં જરાય સુરક્ષા ન હોય, જ્યાં નાસ્તિકો અને કુસંસ્કારી લોકો રહેતા હોય, જ્યાં રોગચાળાવાળી આબોહવા હોય ત્યાં કદી રહેવું નહિ.

દ્વૈતવનમાં સર્વપ્રથમ ભીમે બધા કાંટાઓને કાઢી નાખ્યા, અર્થાત્ રાક્ષસવૃત્તિના લોકોને ભગાડી મૂક્યા. દ્વૈતવન નિષ્કંટક થઈ ગયું. હવે શાંતિથી રહી શકાય. શાંતિ નાક પકડવાથી નથી મળતી, પરાક્રમથી મળતી હોય છે. ગુંડા જેવી પ્રજા વચ્ચે શાંતિથી રહેવાય નહિ. કાં તો ગુંડાઓને ગુંડાગીરીથી મુક્ત કરો, કાં પછી તેમને ભગાડી મૂકો. તો જ શાંતિથી રહી શકાય. ગૃહસ્થોને સૌથી મોટી ચિંતા સ્ત્રીવર્ગની રહે છે. અને ગુંડાઓની પહેલી નજર સ્ત્રીવર્ગ ઉપર રહેતી હોય છે. જે લોકો નજરના ચોખ્ખા હોય તેમને સજ્જન કહેવાય. તેમની પાડોશમાં રહેનારા સુખી થાય. જે લોકો નજરના મેલા હોય તેમને લુચ્ચા કહેવાય. લુચ્ચાઓના પાડોશી થઈને સુખી ન થવાય.

ભીમે વનને નિષ્કંટક કરી દીધું. હવે દ્રૌપદી નિર્ભય થઈ ગઈ. વનમાં રહેનારા તપસ્વીઓ પણ સુરક્ષિત થઈ ગયા. ભીમનાં પરાક્રમો જાણીને ધૃતરાષ્ટ્ર દુઃખી થાય છે. તે જાણે છે કે એક દિવસ તે બદલો જરૂર લેશે.

દુઃખાવસ્થા અને રુગ્ણાવસ્થામાં માણસને પોતાના મિત્રોની પરખ થતી હોય છે. પાંડવોના વનના સમાચાર જાણીને દ્વારકાના ભોજ, વૃષ્ણિ અને અંધક વંશના યાદવો ચિંતિત થઈ ગયા. તે બધા પાંડવોને મળવા વનમાં પહોંચી ગયા. દુઃખાવસ્થામાં મળવા આવનારથી દુઃખી માણસને આશ્વાસન મળતું હોય છે. હું એકલો નથી, મારી સાથે પણ કોઈક છે—આવું આશ્વાસન વ્યક્તિને જીવવાની હિંમત આપે છે.

ભગવાન વાસુદેવની ચારે તરફ બધા બેસી ગયા. અત્યંત દુઃખથી વાસુદેવે કહ્યું કે “દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણનું લોહી હવે આ ધરતી પીવાની છે. આ લોકોને મારી નાખવા એ જ ધર્મ છે.”

સ્ત્રીઓ મનના ભાવોને રોકી શકતી નથી. દ્રૌપદી ભગવાન કૃષ્ણને જોતાં જ ભાવવિભોર થઈ ગઈ. તેણે કહ્યું કે “તમે બધા જીવતા છો તેમ છતાં કૌરવો મને દાસી બનાવીને ભોગવવા માગતા હતા.” તે તો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. તેના હૈયામાં ઘણી વરાળ ભરી હતી તે બહાર કાઢવાનો આજે મોકો મળ્યો હતો. માણસને હૈયાવરાળ ઠાલવવાનું સાચું સ્થાન મળે તો હૃદય હળવું થાય. હૃદય હળવું થાય તો કદી એટૅક ન આવે. દ્રૌપદી શ્રીકૃષ્ણ પાસે હૈયાવરાળ ઠાલવી રહી છે:

“હે કેશવ, આ ભીમસેનના બળને ધિક્કાર છે! આ અર્જુનના ગાંડીવને ધિક્કાર છે! નકુલ અને સહદેવને ધિક્કાર છે! ખરા સમયે કોઈ કામમાં ન આવ્યા. હું અબળા દુઃશાસનના હાથે સભા વચ્ચે ચૂંથાતી રહી અને આ બધા ચૂપચાપ નમાલા થઈને જોતા રહ્યા. મારે કોઈ પતિ નથી, કોઈ ભાઈ નથી, તમે પણ નથી. કોઈએ મારું રક્ષણ ન કર્યું!”

શ્રીકૃષ્ણ ચૂપચાપ દ્રૌપદીનો સાચો આક્રોશ સાંભળતા રહ્યા. જ્યારે તેની બધી વરાળ નીકળી ગઈ ત્યારે તે ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

શ્રીકૃષ્ણે વાત્સલ્યભાવથી તેના માથા ઉપર હાથ ફેરવતાં-ફેરવતાં કહ્યું, “દ્રૌપદી! રડ નહિ. કૌરવોનાં આ દુષ્કર્મોનો ગણીગણીને બદલો લેવાશે. કૌરવોને ધૂળ ચાટતા કરી દેવાશે. તારી

નજરે તું આ બધું જોઈશ. શાંત થા.”

વીર સ્ત્રી બદલો લેવડાવે છે. ભલે જે થવાનું હોય તે થાય, પણ કુકર્મીને બોધપાઠ તો મળવો જ જોઈએ. તે પોતે જાતે બદલો ન લઈ શકે તો પતિ, ભાઈ કે પરિવારને ઉશ્કેરીને, રડીને, કકળીને પણ બદલો લેવડાવે છે. તેમાંથી ઇતિહાસ નિર્મિત થાય છે.

ડરપોક સ્ત્રી ચૂપ રહે છે. કદાચ બદલો લેવા પતિ તૈયાર થયો હોય તો-પણ તેને રોકે છે. કદાચ તેને મારી નાખશે તો હું વિધવા થઈશ. બાળકો અનાથ થઈ જશે—આવી ગણતરીથી તે પતિને, ભાઈ વગેરેને રોકે છે. તેથી અત્યાચારીને ફાવતું જડે છે. તેને વધુ ને વધુ અત્યાચાર કરવાનો પાનો પાનો ચઢે છે.

ડરપોક સ્ત્રી પતિને પણ ડરપોક બનાવે છે. આવા લોકોનો ઇતિહાસ નથી હોતો, કારણ કે બલિદાન નથી હોતાં. બલિદાન વિના પાળિયા કેવા? કાયરો, અહિંસા ક્ષમા અને વીતરાગ થવાની વાતો કરીને ઠંડા થઈ જાય છે.

દ્રૌપદી વૈરના અગ્નિમાં બળી રહી છે. તેણે પોતાના વેરવિખેર થયેલા વાળ શ્રીકૃષ્ણને બતાવ્યા અને કહ્યું કે “જ્યાં સુધી દુઃશાસનના ધગધગતા લોહીમાં આ વાળ નહિ ધોઉં ત્યાં સુધી હું તેમાં તેલ નાખવાની નથી.”

શ્રીકૃષ્ણે ગર્જના કરીને પ્રતિજ્ઞા કરી કે “દ્રૌપદી, તારી ઇચ્છા પૂરી થશે. ચિંતા ન કર. તું જ રાજરાણી થવાની. ભલે આકાશ ફાટી પડે, હિમાલય વિદીર્ણ થઈ જાય, પૃથ્વીના ટુકડેટુકડા થઈ જાય, પણ મારી વાત કદી મિથ્યા થવાની નથી.”

6-7-10

*

46. વનમાં વિચરણ

અનિષ્ટો કદી થાય જ નહિ તેવું બને નહિ. મહાપુરુષોથી પણ અનિષ્ટ થઈ જતાં હોય છે. પણ આવા સમયે જો અનિષ્ટોને રોકનાર કે આગળ વધતાં અટકાવનાર મળી રહે તો ઘણા અનર્થો ટાળી શકાય છે. જુગાર મહાઅનિષ્ટ છે તે સૌ જાણે છે. તેમ છતાં યુધિષ્ઠિર જુગાર રમ્યા— રમ્યા, એટલું જ નહિ, માપ બહારનો જુગાર રમ્યા. જુગારમાં મૂકવાનું મૂક્યું અને પછી પસ્તાયા. હવે તેનાં અત્યંત માઠાં પરિણામ ભોગવી રહ્યાં છે. જો આવા સમયમાં શ્રીકૃષ્ણ નજીકમાં હોત તો આ અનિષ્ટ થવા દેત નહિ. જ્યાં શંકાસ્પદ પરિસ્થિતિ હોય ત્યાં એકાદ પ્રભાવશાળી વ્યક્તિ જરૂર સાથે રાખવી જોઈએ.

પછી તો શ્રીકૃષ્ણે જુગારમાં થનારા દોષોનું લાંબું વર્ણન કર્યું, જેથી લોકો ફરીથી તે દોષો તરફ વળે નહિ.

શ્રીકૃષ્ણે શિશુપાલનો વધ કરી નાખ્યો છે, તેવા સમાચાર જાણીને તેના મિત્ર શાલ્વે જાણ્યું કે અત્યારે દ્વારકામાં શ્રીકૃષ્ણ ઉપસ્થિત નથી. આ તકનો લાભ લઈને તેણે વિમાન દ્વારા દ્વારિકા ઉપર ચઢાઈ કરી દીધી. રાજાની અનુપસ્થિતિ રાજધાનીને ભયમાં મૂકી શકતી હોય છે. એટલે રાજાએ બને ત્યાં સુધી રાજધાની છોડવી નહિ, પણ કદાચ જરૂરી કામ હોય તો શત્રુઓને ખબર ન પડે તેવી રીતે છોડવી. સાથેસાથે પૂરેપૂરો રક્ષાપ્રબંધ પણ કરીને જવું.

શાલ્વના ઓચિંતા આક્રમણથી લોકો ગભરાયા, પણ તરત જ સામનો કરતા થઈ ગયા. વૃષ્ણિ તથા અંધક વંશના યાદવોએ દ્વારકામાં આવનારા બધા પુલો તોડાવી નાખ્યા જેથી શત્રુઓ દ્વારકા સુધી આવી જ ન શકે.

બન્ને સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ થયું. સામ્બ અને પ્રધુમ્ન જેવા યાદવ સેનાપતિઓએ શાલ્વની સેનાને અનેક વ્યૂહો દ્વારા હરાવી દીધી. પછી તો શાલ્વ સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ સાથે યુદ્ધે ચઢ્યો. બન્ને વચ્ચે લાંબો સમય સુધી ઘનઘોર યુદ્ધ થયું. અંતે શ્રીકૃષ્ણે શાલ્વનો વધ કરી દીધો. આ બધી વાત શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહી સંભળાવી. શૌર્ય અને પરાક્રમભરી વીરરસવાળી કથાઓ સાંભળવાની લોકોને બહુ ગમતી હોય છે. પછી તો બધા રાજાઓ યુધિષ્ઠિરની વિદાય લઈને પોતપોતાની રાજધાની તરફ પાછા વળી ગયા. શ્રીકૃષ્ણ પણ દ્વારિકા તરફ ચાલી નીકળ્યા. રાજાઓના આવવાથી બધું ભર્યું-ભર્યું લાગતું હતું, પણ જ્યારે બધા ચાલ્યા ગયા તો ખાલીખાલી લાગવા લાગ્યું. ઘર તો ભર્યુંભર્યું જ સારું લાગે. ખાલી ઘરમાં રહેનાર એકાકી વ્યક્તિને ખાલીપણાનો રોગ હેરાન કરતો હોય છે. ઘરના ખાલીપણા કરતાં પણ હૃદયનો ખાલીપો વધુ દુઃખદાયી થઈ જતો હોય છે.

પાંડવો સાથે મળીને દ્વૈતવનમાં એક વિશાળ સરોવર તરફ ચાલી નીકળ્યા અને એક વિશાળ વૃક્ષની નીચે આસન જમાવી દીધું. હવે બાર વર્ષ વનમાં જ વિતાવવાનાં હતાં. જીવનમાં અનિચ્છાએ પણ જે કાંઈ આવી મળે તે સ્વીકારી લેવું અને તેને અનુકૂળ થઈને જીવવું. પાંડવોએ વનવાસ સ્વીકારી લીધો હતો. નગરવાસ—તેમાં પણ રાજવાસ અને વનવાસમાં આકાશપાતાળનું અંતર છે. તેમ છતાં જો મન મક્કમ હોય તો બધું સહજ થઈ શકે છે.

એક વાર માર્કંડેયઋષિ મળવા આવ્યા. સારા અને ઉત્તમ પુરુષો જ્યાં રહેતા હોય ત્યાં સારા પુરુષો આપોઆપ ખેંચાઈ આવતા હોય છે. માર્કંડેયઋષિએ યુધિષ્ઠિર સાથે ઘણો સત્સંગ કર્યો

અને પછી વિદાય થયા. દુ:ખના દિવસોમાં સત્સંગ મોટો આધાર બની જાય છે.

પાંડવોના વનવાસથી બ્રાહ્મણો પણ વનમાં આવીને રહેવા લાગ્યા. ચિંતન-મનન-વિદ્વત્તા અને દીર્ઘદૃષ્ટિવાળા બ્રાહ્મણો રાજા-મહારાજાઓને હંમેશાં શુભ પ્રેરણા આપતા રહ્યા છે.

દ્રૌપદીથી યુધિષ્ઠિર અને પાંડવોની આ દુર્દશા જોઈ જતી નથી. પ્રેમાળ પત્ની પોતે તો દુ:ખ ભોગવી જાણે છે, પણ પતિનાં દુ:ખો જોઈ શકતી નથી. તેથી દ્રૌપદીએ જૂનાં સુખો અને વર્તમાનનાં દુ:ખો યાદ કરીને તુલના કરીને સંતાપ કરવા માંડ્યો. પહેલાં કેવું હતું અને હવે કેવું થઈ ગયું તે વાતને વાગોળી-વાગોળીને વિલાપ કરવા લાગી. વર્તમાનનાં દુ:ખો જૂનાં સુખોને વધુ યાદ કરાવે છે. જૂનાં સુખો યાદ કર્યા કરવાથી વર્તમાનનાં દુ:ખોનો પ્રભાવ વધી જતો હોય છે. છેવટે દ્રૌપદી યુધિષ્ઠિરને કૌરવો સાથે યુદ્ધ કરી લેવા દબાણ કરે છે. પણ યુધિષ્ઠિર ઠંડા હિમ જેવા થઈને દ્રૌપદીનો બળાપો સાંભળી રહે છે. જે પુરુષ સ્ત્રીઓનો ચઢાવેલો ચઢી જતો નથી તે ઘણા અનર્થોથી બચી જતો હોય છે. યુધિષ્ઠિરનો આગ્રહ પ્રતિજ્ઞાપાલન ઉપર છે. ગમે તેટલાં દુ:ખ પડે તોપણ પ્રતિજ્ઞાનું તો પાલન કરવું જ જોઈએ તેવું તેમનું માનવું છે.

હવે ભીમસેનનો વારો આવે છે. દ્રૌપદીની માફક ભીમ પણ યુધિષ્ઠિરને યુદ્ધ કરી લેવા ઉશ્કેરે છે. જેણે સાથે રહેવું હોય તેણે એકબીજાની વાત શાંતિથી સાંભળવી જોઈએ, અભિપ્રાયોનો આદર કરવો જોઈએ અને યોગ્ય હોય તો સ્વીકારવા પણ જોઈએ. યુદ્ધ કરીને કૌરવોનો નાશ કરીને આ દશામાંથી છૂટવું જોઈએ તેવું ભીમનું કથન પણ યુધિષ્ઠિરને માન્ય નથી. તે પોતાની વાત સમજાવે છે, “આપણે જુગાર રમ્યા હતા, જુગારમાં હાર્યા હતા, પછી શરતો ઉપર વનમાં આવ્યા છીએ. દોષ આપણો છે. હવે આપણાથી સત્ય અને ધર્મનો ત્યાગ કરાય નહિ.”

સહવાસી માણસો નવરાં હોય અને મનમાં ઘણા પ્રશ્નો વલોવાતા હોય ત્યારે ચર્ચા તો થવાની જ. ત્યાંથી પાછા કામ્યકવનમાં આવીને પાંડવો રહેવા લાગ્યા.

7-7-10

*

47. ઇન્દ્રની મુલાકાત

જીવનકથા કદી પૂરી નથી થતી. મૃત્યુ જ તેનું પૂર્ણવિરામ થઈ શકે. જોકે ઘણા લોકોની કથા તો મૃત્યુ પછી પણ ચાલતી રહે છે, જો તેમની પાસે યશનો ઢગલો વધુ હોય તો. યશ કવિ-પ્રચલિત હોય છે. જો કવિ મળે તો જ તેનો વિસ્તાર તથા પ્રચાર થાય, પણ જો કવિ ન મળે તો યશ સુકાઈ જાય. બધાને કવિ મળતા નથી. કવિનું મળવું એ પણ મોટું ભાગ્ય જ કહેવાય. અને કદાચ કથા તો દુ:ખોની જ હોય, સુખોની કથા ન હોય. હોય તો નીરસ હોય. પાંડવો દુ:ખી છે તેથી તેમની કથા છે. વન-વનમાં ભટકી રહ્યા છે. સમય કાઢવો કેવી રીતે? શું કરવું? બેકારીના દિવસો બહુ લાંબા હોય છે. ખેંચ્યાય ન ખૂટે. આ તો સારું છે કે પાંડવો છ જણા છે. સમૂહ છે તેથી સમય વીતી જાય છે. સ્ત્રી હોય એટલે સમય ગતિવાળો થઈ જાય. સ્ત્રી હસે કે રોકકળ કરે, જે કરે તે, પણ પુરુષને વ્યસ્ત રાખે. વ્યસ્તતા સમયને ગતિશીલ બનાવી દે છે. પણ જો પુરુષ એકલો જ હોય તો સમય ગતિહીન થઈ જાય. સ્ત્રી એકલી હોય તોપણ સમય ગતિહીન થઈ જાય. પુરુષ હોય તો જ સ્ત્રી ખીલે છે. એકલી સ્ત્રી ખીલતી નથી, તેથી સમય ખૂટતો નથી.

અર્જુનને થયું કે હવે નવરા બેઠા શું કરવું? ચાલ ઇન્દ્રકીલ પર્વતની યાત્રા કરું. ત્યાં ઇન્દ્ર રહે છે તેમને મળું. તેમની પાસેથી ઘણી વિદ્યાઓ શીખવાની છે. પ્રત્યેક વ્યક્તિએ જીવનભર વિદ્યાર્થી રહેવું જોઈએ. શીખતા જ રહો, શીખતા જ રહો. જ્ઞાન અનંત અને અખૂટ છે.

ભાઈઓની રજા લઈને ગાંડીવ-ધનુષ્ય હાથમાં લઈને અર્જુન તો ચાલી નીકળ્યો. એક જ દિવસમાં તે પુણ્યપર્વત ઉપર પહોંચી ગયો. ત્યાંથી ગંધમાદન-પર્વત ઉપર પહોંચ્યો. એમ ચાલ-ચાલ કરતાં-કરતાં અંતે તે ઇન્દ્રકીલ પર્વત ઉપર પહોંચી ગયો. તે આગળ જતો હતો ત્યાં તો "ઊભો રહે! ઊભો રહે!" એવો અવાજ આવ્યો.

અવાજ સાંભળીને અર્જુન ઊભો રહી ગયો. તેણે જોયું તો વૃક્ષના મૂળમાં એક તપસ્વી મહાત્મા બેઠા હતા. અર્જુને તેમને પ્રણામ કર્યા. પૂજ્ય પુરુષોને પ્રણામ કરનારને આશીર્વાદ મળતા હોય છે. અને જેને આશીર્વાદ મળે તેનું કાર્ય સફળ થતું હોય છે. મહાત્માએ કહ્યું કે "આ પ્રદેશ તપસ્વી બ્રાહ્મણોનો છે. અહીં કદી યુદ્ધ થતું નથી, એટલે શસ્ત્રોની જરૂર પડતી નથી. તો પછી તમે શસ્ત્ર ધારણ કેમ કર્યું છે? ધનુષ્ય-બાણને અહીં જ છોડી દે અને પછી આગળ જા." પેલા મહાત્માએ વારંવાર શસ્ત્ર છોડી દેવાનો આગ્રહ કર્યો, પણ અર્જુને શસ્ત્રત્યાગ કર્યો નહિ. ખરેખર કેટલાંય સ્થળો કલહ વિનાનાં હોય છે. જ્યાં સાત્ત્વિક લોકો રહેતા હોય ત્યાં કલહ ન હોય, કદાચ હોય તો થોડો હોય, ડંખ વિનાનો હોય. સવારે લડે અને સાંજે ભેગા થઈ જાય. આવી જગ્યાએ શસ્ત્રોની જરૂર ન રહે.

કેટલીક જગ્યાઓ કલહપ્રિય લોકોની હોય છે. આખો દિવસ લડાઈ-ઝઘડા થયા જ કરતા હોય છે. ત્યાં અપરાધનું પ્રમાણ ઘણું વધારે હોય છે. પહેલાં તો આવી જગ્યામાં રહેવું નહિ અને કદાચ રહેવું પડે તો શસ્ત્રધારી થઈને રહેવું, જેથી સ્વરક્ષણ અને સ્વજનોનું રક્ષણ કરી શકાય.

અર્જુને શસ્ત્રત્યાગ ન કર્યો તેથી પેલા મહાત્મા પોતાના અસલી રૂપમાં પ્રગટ થયા. તે ઇન્દ્ર હતા. તે પ્રસન્ન થયા. તેમણે કહ્યું, "અર્જુન, ક્ષત્રિયે કદી પણ શસ્ત્રત્યાગ કરવો જોઈએ નહિ. શસ્ત્ર એ ક્ષત્રિયનું અંગ છે. તારી મક્કમતાથી હું પ્રસન્ન થયો છું. વરદાન માગ!" ભારતમાં બે ધારાઓ પ્રચલિત થઈ છે: શસ્ત્રત્યાગ કરાવનારાઓની અને શસ્ત્ર ધારણ કરાવનારાઓની.

શસ્ત્રત્યાગીઓથી રાષ્ટ્ર મજબૂત નથી થયું, દુર્બળ જ થયું છે. ધર્મરક્ષા માટે પણ શસ્ત્ર ધારણ કરવું જરૂરી છે. 'મહાભારત'નો આદર્શ શસ્ત્રો છે, શસ્ત્રત્યાગ નથી. અર્જુનની શસ્ત્રત્યાગ નહિ કરવાની મક્કમતાથી ઇન્દ્ર પ્રસન્ન થયા અને વરદાન માગવાનું કહ્યું.

અર્જુને કહ્યું, "બધી શસ્ત્રવિદ્યા મને આપો." ઇન્દ્રે તેને બીજું કાંઈ માગવાની પ્રેરણા અને લાલચ આપી, પણ અર્જુન તો મક્કમ જ રહ્યો, "મારે તો મારા ભાઈઓ અને મારી પત્નીનો બદલો લેવો છે, એટલે શસ્ત્રવિદ્યા જરૂરી છે."

જો અર્જુનને કોઈ શસ્ત્રત્યાગી મુનિ મળ્યા હોત તો તેના વિચારો જુદા હોત. તે પણ શસ્ત્રત્યાગી —અરે, શસ્ત્રો પ્રત્યે ઘૃણા કરનારો થઈ ગયો હોત. તો પછી દ્રૌપદીના અપમાનનું શું? કશું નહિ, એવું તો ચાલ્યા કરે. સહન કરી લેવાનું, ક્ષમા કરી દેવાની. પણ ક્ષમા માગે તો ક્ષમા કરાય ને? ના-ના, વગર માગ્યે પણ ક્ષમા કરી દેવાની, કારણ કે આપણે પ્રતિરોધ કરવો નથી, બદલો લેવો નથી. કજિયાનું મોઢું કાળું—સમજીને સહન કરી લેવાનું છે. આવી પણ વિચારધારા ભારતમાં પ્રચલિત છે. પણ અર્જુન આવી વિચારધારાથી અલગ છે: "બદલો લેવો જ છે, તેથી અસ્ત્ર-શસ્ત્રો જરૂરી છે."

અર્જુનની મક્કમતા જોઈને ઇન્દ્રે કહ્યું કે "પહેલાં તું શિવજીની આરાધના કર. શિવજી પ્રસન્ન થાય પછી મારી પાસે આવજે."

આપણે ત્યાં બધી વિદ્યાઓના આચાર્ય ભગવાન શિવ છે. પ્રથમ તેમની આરાધના કર્યા પછી જ કોઈ પણ વિદ્યામાં પ્રગતિ થતી હોય છે.

અર્જુન શિવજીને પ્રસન્ન કરવા તપસ્યા-હેતુ હિમાલય તરફ ચાલી નીકળ્યો. હિમાલયમાં એક સુંદર જગ્યાએ રહીને તે ઘોર તપ કરવા લાગ્યો. તેની તપસ્યાથી ઋષિમુનિઓ બધા સ્તબ્ધ થઈ ગયા અને મહાદેવજી પાસે કૈલાસ જઈને બધો વૃત્તાંત નિવેદિત કર્યો. મહાદેવે કહ્યું, "ચિંતા ન કરો. અર્જુનનો હેતુ હું જાણું છું." અર્જુનની પાસે મહાદેવજી પહોંચી ગયા, પણ કિરાતવેશમાં હોવાથી અર્જુન ઓળખી શક્યો નહિ. મહાદેવજીની સાથે ભૂતપિશાચાદિની સાથે હજારો સ્ત્રીઓ પણ હતી. આવા વિચિત્રવેશધારી શિવજીને ઓળખી ન શકવાથી અર્જુને પડકાર કરી ગાંડીવ હાથમાં લઈ લીધું. મહાદેવજી નિકટ આવે તેના પહેલાં એક મૂક નામનો રાક્ષસ ભૂંડનું રૂપ ધારણ કરીને ચઢી આવ્યો. કિરાતરૂપી શિવજી અને અર્જુન બન્નેએ એકીસાથે તેના ઉપર બાણ છોડ્યાં. મૂક ધરાશાયી થઈ ગયો. પછી કિરાત અને અર્જુનનો વિવાદ થયો કે આ રાક્ષસ કોના બાણથી મર્યો? છેવટે બન્નેમાં ભયંકર યુદ્ધ થયું. અર્જુને જેટલાં બાણ અને જેટલાં શસ્ત્રો છોડ્યાં તે બધાં કિરાતે શોષી લીધાં. છેવટે અર્જુન થાક્યો અને હાર્યો, શિવને શરણે ગયો. તેને ખાતરી થઈ ગઈ કે આ કિરાત બીજું કોઈ નહિ પણ શિવ જ છે. તેણે ખૂબ પ્રાર્થના કરી. શિવજી પ્રસન્ન થયા અને અર્જુનને વરદાન માગવા કહ્યું. અર્જુને કહ્યું કે "મને પાશુપતાસ્ત્ર આપો." શિવજીએ પ્રસન્ન થઈને અર્જુનને પાશુપતાસ્ત્ર આપ્યું. પછી પાશુપતાસ્ત્રની બધી વિધિ સમજાવી. આ રીતે ભગવાન શિવની પાસેથી મહાન અસ્ત્ર લઈને અર્જુન આગળ વધ્યો અને દિક્પાલો, કુબેર વગેરે ઘણા દેવોને મળ્યો. આ બધા દેવો પોતપોતાનાં વિમાનો રાખતા હતા. તેમની પાસેથી પણ દંડાસ્ત્ર ગ્રહણ કર્યું.

જેણે યુદ્ધ કરવું હોય તેણે અનેક પ્રકારનાં અસ્ત્રશસ્ત્રો વિકસાવવાં તથા ગ્રહણ કરવાં જોઈએ. વિશ્વ ઉપર શસ્ત્રધારીઓ જ રાજ કરતા આવ્યા છે અને આગળ પણ આ જ નિયમ ચાલવાનો છે, એટલે મહાન રાષ્ટ્રે તો હંમેશાં નવાંનવાં શસ્ત્રો વિકસાવવાં જ જોઈએ.

*

48. ઉર્વશી-વિજય

એકાકી પુરુષ કામવાસનાથી સુરક્ષિત નથી હોતો. એકાકી સ્ત્રી પણ કામવાસનાથી સુરક્ષિત નથી હોતી. ભલે કોઈ બ્રહ્મચારી કે બ્રહ્મચારિણી લેબલ લગાવે, લેબલ લગાવવાથી બ્રહ્મચર્ય પળાઈ જતું નથી. આ ક્ષેત્રમાં જેટલી ગડબડ ચાલે છે તેટલી બીજા કોઈ ક્ષેત્રમાં નહિ ચાલતી હોય. જે વસ્તુ શક્ય જ નથી તેને શક્ય કરવાના પ્રયત્નોમાં લાખો-કરોડો માણસોને રમત સમજીને લગાડી દેવામાં આવે તે લોકો માટે હિતકારી ન થઈ શકે.

અર્જુન એકલો જ વિચરી રહ્યો છે. વિચરતાં-વિચરતાં તે સ્વર્ગમાં પહોંચી ગયો. ખરેખર તો ઇન્દ્રે જ પોતાનો રથ લઈને માતલિ નામના સારથિને તેને લેવા માટે મોકલ્યો હતો.

સ્વર્ગ એટલે સુખોનો ઢગલો. સુખો સૌને ગમે છે, દુઃખો કોઈને ગમતાં નથી. સુખો સગવડોથી મળતાં હોય છે. સગવડો વૈભવથી મળતી હોય છે. દરિદ્રોને સગવડો નથી હોતી. સ્વર્ગમાં ચારે તરફ વૈભવ જ વૈભવ દેખાય છે. વૈભવનાં સુખો મનની શાંતિને આધીન ભોગવાય છે. મનની શાંતિ સમાધાનને આધીન હોય છે. જે-જે ક્ષેત્રમાં સમાધાન ન થાય તે-તે ક્ષેત્રમાં અશાંતિ ઉત્પન્ન થાય. સુખ અને શાંતિ ક્ષેત્રવાર હોય છે. તેમાં કદી પણ સમગ્રતા નથી હોતી. અર્થાત્ સંપૂર્ણ અને માત્ર સુખ અથવા સંપૂર્ણ અને માત્ર શાંતિ નથી હોતી. ક્ષેત્રવાર હોય છે. માનો કે પત્નીનું સુખ છે પણ પુત્રનું નથી. પત્નીનું સુખ આજે છે પણ કાલે નથી. આવી જ રીતે નોકરી-ધંધો-મકાન-વ્યવહાર-સગાંવહાલાં વગેરે અનંત ક્ષેત્રો હોય છે. આમાંનાં કેટલાંક ક્ષેત્રોમાં માણસ સુખી હોય છે, તો કેટલાંક ક્ષેત્રોમાં દુઃખી હોય છે, તે પણ કાલિક એટલે કે અમુક કાળ પૂરતું જ. પરિવર્તન થયા કરે. આ બધાં ક્ષેત્રીય સુખોની ઉપેક્ષા કરીને શાશ્વત સુખો, અખંડ સુખોની વાતો એ માત્ર વાતો જ છે. તેની પાછળ પડનારા થાકી જતા હોય છે, કશું મળતું નથી. આવું કશું હોય તો મળે ને? જે છે તે અહીં જ છે. જેણે અહીં જીવન જીવવું હોય તેણે સુખ-દુઃખ બન્ને ભોગવવાની તૈયારી રાખીને જ જીવન જીવવાનું. શાંતિ-અશાંતિ પણ અવારનવાર આવનારી વસ્તુ છે, સતત રહેનારી વસ્તુ નથી. ખરેખર તો અશાંતિ જ શાંતિની કદર કરાવે છે. જેણે અશાંતિ અનુભવી જ નથી તેને શાંતિની શી કદર હોય! જેટલી અશાંતિ વધારે તેટલી જ શાંતિની કદર પણ વધારે. જે લોકો મોટી જવાબદારીવાળું જીવન જીવતા હોય છે તેમને ટેન્શન વધારે હોય છે. મોટી અને પડકાર-રૂપ જવાબદારી ટેન્શન વિનાની હોય જ નહિ. ટેન્શન અને શાંતિ સાથે ન રહી શકે. એટલે જવાબદારીઓમાંથી છૂટવાથી ટેન્શન ઓછું થાય. ટેન્શન ઓછું થાય એટલે અશાંતિ ઓછી થાય તેવું ગણિત રચાય છે. આ પલાયનમાર્ગ છે. ત્યાગ-વૈરાગ્યના ઓઠા નીચે ઘણા લોકો આ માર્ગે ચાલી નીકળે છે. ખરેખર તો ટેન્શન સહન કરી લેવાની ક્ષમતા વધારવી એ પણ સાધના છે. ટેન્શન કે અશાંતિથી ભાગો નહિ, તેને સહન કરો, પચાવો. પછી ખરી શાંતિ મળશે.

અર્જુન વૈભવભર્યા સ્વર્ગમાં પહોંચી ગયો અને ઇન્દ્રનો મહેમાન થયો. ઇન્દ્ર અર્જુનનો પિતા છે. બાપને ઘરે દીકરો રહે તો પછી શી કમી હોય? પણ અર્જુન અહીં શસ્ત્રવિદ્યા શીખવા આવ્યો છે, માત્ર મોજશોખ કરવા નહિ. મોજશોખની બધી સગવડો હોવા છતાં પણ જે મોજશોખમાં ન લલચાય તે જ વિદ્યાધ્યયન કરી શકે. અર્જુને બધી શસ્ત્રવિદ્યા શીખી લીધી. અર્જુન લગભગ પાંચ વર્ષ સુધી સ્વર્ગમાં રહ્યો. ઇન્દ્રની ઇચ્છા હતી કે તે ગીત-સંગીત પણ શીખી લે. અર્જુને તે વિદ્યા પણ શીખી લીધી. હવે ઇન્દ્રની ઇચ્છા તેને સ્ત્રીવિદ્યાપારંગત કરવાની થઈ. તેણે ગાંધર્વ

ચિત્રસેનને પ્રેરણા આપીને ઉર્વશી નામની અપ્સરાને તૈયાર કરી. તે અર્જુનને સ્ત્રીવિદ્યાનિપુણ બનાવે તેવી તેની ઇચ્છા હતી. આપણને નવાઈ લાગે, પણ ત્યારે કામવિદ્યા અને તે પણ સક્રિય રીતે આપવાની પદ્ધતિ હશે અથવા એમ કહો કે સ્વર્ગમાં આવી પદ્ધતિ હશે. એક બાપ પોતાના દીકરા માટે અપ્સરાની વ્યવસ્થા કરાવે તે નવાઈ જેવું જ લાગે. પણ ઇન્દ્રે તેવું કર્યું છે.

ઉર્વશી સજીધજીને તૈયાર થઈને અર્જુનના ઉતારે પહોંચી ગઈ. આજે ઉર્વશી પણ પોતાને ધન્ય માનતી હતી કે અર્જુન જેવા ભડવીર પુરુષની સેવા કરવાનો તેને મોકો મળ્યો હતો. અપ્સરાઓને પતિ નથી હોતા. પતિ વિનાની હોવા છતાં તે બ્રહ્મચારિણી પણ નથી હોતી. સ્વર્ગમાં તેમનું કામ જ પુરુષોની સાથે રમવા-રમાડવાનું હોય છે. તે બહુપુરુષભોગ્યા હોય છે, તેથી કામશાસ્ત્રની ગહન નિપુણતા તેમનામાં હોય છે. અર્જુનને તે કામશાસ્ત્રની વિદ્યા ભણાવવા આવી છે.

ઉર્વશીને પોતાને ત્યાં આવેલી જોઈને અર્જુનને વિકાર થવાની જગ્યાએ વૈરાગ્ય થવા લાગ્યો. સ્ત્રી વિકારનું મૂળ છે તે તો બધા કહે છે અને જાણે છે, પણ સ્ત્રી વૈરાગ્યનું પણ મૂળ છે તેની ખબર ઘણાને નથી હોતી. તેથી તે સ્ત્રીથી બચવા ભાગતા રહે છે. જેમજેમ તેઓ ભાગે છે તેમતેમ છાયાની માફક સ્ત્રી તેમની પાછળ પડી રહે છે, શાંતિથી જંપીને રહેવા દેતી નથી. છાયાને પાછળ છોડીને ભાગતો માણસ જ્યારે પાછું વાળીને જુએ છે તો છાયા તો પાછળ-પાછળ જ દોડતી આવતી દેખાય છે. સ્ત્રીથી ભાગવાથી ભગાતું નથી.

સ્ત્રીથી છૂટવાની એક બીજી રીત છે. તેની સામે જાઓ. ખરા બપોરે જ્યારે સૂર્ય મધ્યાહ્નમાં તપી રહ્યો હોય ત્યારે જોજો, છાયા ગાયબ થઈ જશે. સ્ત્રીના ધોમધોમ તાપમાં સ્ત્રી પ્રત્યેની વાસના આપોઆપ ગાયબ થઈ જશે. સૌથી મોટો પ્રેમ સ્ત્રીનો છે તે વાત સાચી, તેથી તો દુનિયા સ્ત્રી તરફ દોડે છે. પણ સૌથી મોટો ત્રાસ પણ સ્ત્રીનો જ છે. હા, ખરા બપોરે અનુભવો તો સ્ત્રી એટલો ત્રાસ આપે છે કે તેટલો ત્રાસ નરકમાં પણ નહિ થતો હોય. તેથી તેવો અનુભવ કરનાર માટે સ્ત્રી સાક્ષાત્ હડહડતું નરક થઈ જાય છે. તેના તરફ જોવાનું પણ મન ન થાય. કોઈ દાઝેલા પુરુષને પૂછી જોજો, બિચારા રાડ પાડી ગયા હોય છે, તેનાથી છૂટવા મથી રહ્યા હોય છે. સ્ત્રીનું આ બીજું વિકરાળ રૂપ જોઈ લેનાર ભર્તૃહરિ જેવાને સ્ત્રીનું મુખ જોવાનું બંધ નથી કરવું પડતું. તેને આપોઆપ ચીતરી ચઢે છે, ઊલટી થાય છે, અંગેઅંગમાં પાચ-પરુ-મળ-મૂત્ર દેખાય છે. પણ હા, આ માત્ર બપોર હોય ત્યાં સુધી જ અનુભવાય છે. સૂર્ય જરાક નમતો થાય કે તરત જ છાયા પ્રગટ થઈ જાય.

અર્જુન અત્યારે ભરબપોરે છે. ઉર્વશીને જોતાં જ તે લજ્જિત થઈ ગયો. “માતાજી… માતાજી…” કરીને પગમાં પડી ગયો. ઉર્વશીને નવાઈ લાગી, આંચકો લાગ્યો. આવો પુરુષ તો સ્વર્ગમાં પહેલી વાર જ જોયો. જે રૂપ અને જુવાની માટે લોકો મોટામોટા યજ્ઞો કરીને અહીં આવે છે તે રૂપ અને જુવાની સામે ચાલીને તેને પ્રાપ્ત થયાં છે, પણ તે તો “માતાજી-માતાજી” કરી રહ્યો છે. હું અહીં માતાજી થવા આવી છું? ઉર્વશીને ગુસ્સો ચઢવા લાગ્યો.

પુરુષ કરતાં સ્ત્રીને આઠગણો કામ હોય છે તેવું નીતિકાર કહે છે. “કામશ્ચાષ્ટગણ: સ્મૃત:।” કામાતુર પુરુષ ભયંકર થઈ જાય છે. કામાતુર સાંઢ કે કૂતરાની આડે પડનાર વ્યક્તિ ઉપર ઘણી વાર આ પ્રાણીઓ પણ હુમલો કરી દેતાં હોય છે. પણ કામાતુર સ્ત્રી તો તેથી પણ વધુ ભયંકર થઈ જતી હોય છે. તે પ્રત્યક્ષ હુમલો ન કરે કદાચ તોપણ તેના મનમાં ઘોર ધિક્કારભાવ જાગી જાય છે જે સમય આવ્યે ઘોર પરિણામ લાવતો હોય છે. નિષ્ફળ સ્ત્રી આબરૂદાર પુરુષ ઉપર

ગમે તેવો આરોપ મૂકીને તેને કોડીનો કરી શકે છે. આબરૂદારને કોડીનો કરી નાખવો તે તેની હત્યા કરતાં પણ વધુ ભયંકર સજા કહેવાય.

કામાતુર ઉર્વશીએ અર્જુનને મનાવવા-પટાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ અર્જુન માન્યો નહિ. તેનો મધ્યાહ્નકાળ ચાલતો હતો. અંતે ઉર્વશી છંછેડાઈ ગઈ. તેણે અર્જુનને શાપ આપ્યો. ત્યારે સ્ત્રી અને પુરુષો ક્રોધાવેશમાં શાપ આપી શકતાં હશે, એટલે અપમાનનો બદલો તરત જ લઈ લેતાં. સારું છે કે અત્યારે આવો શાપ આપવાની શક્તિ સ્ત્રી-પુરુષોમાં રહી નથી, નહિ તો શું થાત તે કહેવું કઠિન છે.

છંછેડાયેલી વાઘણ જેવી ઉર્વશી બોલી, “જા, નપુંસક થઈ જા! હીજડા જેવા લહેકા કરીકરીને તાબોટા પાડી-પાડીને રખડતો રહેજે.”

અર્જુન ઉર્વશીના પગમાં પડી ગયો, “ક્ષમા કરો! ક્ષમા કરો!” કોઈ પણ પુરુષને નપુંસક થવું ગમે નહિ. તે કાં તો પૂર્ણ પુરુષ થાય કે પછી પૂર્ણ સ્ત્રી થાય. નહિ પુરુષમાં કે નહિ સ્ત્રીમાં રહીને જીવન જિવાય કેવી રીતે? જીવન કામ-સામર્થ્યથી જિવાય છે. જો એ જ ન હોય તો જીવન મડદું થઈ જાય. આવાં ઘણાં મડદાં અત્યંત દુ:ખી થઈને ગ્લાનિ સાથે હરતાં-ફરતાં જોઈ શકાય છે. સૌથી વધુ ધન કામશક્તિ વધારનારી દવાઓ પાછળ ખર્ચાય છે. તે જ બતાવે છે કેટલી મોટી ઘરાકી હશે?

અર્જુને ઘણી ક્ષમા માગી અને ઉર્વશીનો ક્રોધ શાંત થયો, પછી તેણે પોતાના શાપને એક વર્ષ પૂરતો સીમિત કરી દીધો. હવે તેરમું વર્ષ ગુપ્તકાળનું શરૂ થવાનું છે તે કાળમાં અર્જુન કિન્નર થઈને નૃત્ય-સંગીત ગાતાં-વગાડતાં વિતાવશે.

‘મહાભારત’કાર અધ્યાયની સમાપ્તિમાં આવું લખે છે:

> ઇદં ય: શૃણુપાદ વૃત્તં નિત્યં પાંડુસુ તસ્ય વૈ।
> નતસ્ય કામ: કામેષુ પાપકેષુ પ્રવર્તતે॥

(વનપર્વ, 46-62)

અર્થાત્ જે કોઈ આ પાંડુપુત્રનું કથાનક સાંભળશે તેના મનમાં પાપપૂર્ણ કુમાર્ગગામી વિષયભોગની વાસના પ્રગટશે નહિ.

7-7-10

*

49. અર્જુનની સ્વર્ગમાં સાધના

જીવનમાં ચાર વ્યવહાર બહુ મહત્ત્વ ધરાવે છે:

1. લોકવ્યવહાર

2. ધર્મવ્યવહાર

3. રાજવ્યવહાર અને

4. સમાજવ્યવહાર

આ ચારે વ્યવહારો દ્વારા જગતની વ્યવસ્થા ચાલતી હોય છે.

1. લોકો પોતપોતાનાં રીતિઓ, રિવાજો, રૂઢિઓ અને આચારો દ્વારા વ્યવહાર નક્કી કરતા હોય છે. તેમાં ફેરફાર થાય તો લોકો સહન નથી કરતા. અંધાધૂંધી વ્યાપી જાય છે. કેટલીક વાર લોકવ્યવહાર હાનિકારક પણ થઈ જતો હોય છે, જેને લોકસુધારકો આંદોલનો કરીને, પ્રજાને જાગૃત કરીને સુધારતા હોય છે.

2. પ્રત્યેક ધર્મ અનુયાયીઓને એક વ્યવહાર આપતો હોય છે. જેમ કે સ્નાનાદિની વ્યવસ્થા, ભોજનાદિની વ્યવસ્થા, પતિ-પત્ની-બાળકો વગેરેની વ્યવસ્થા, સ્વર્ગ-નર્કની વ્યવસ્થા, યજ્ઞયાગાદિ કર્મકાંડોની વ્યવસ્થા, લગ્ન અને મરણોત્તર ક્રિયાઓની વ્યવસ્થા. આવી બધી અનેક વ્યવસ્થાઓ ધર્મ દ્વારા પ્રાપ્ત થતી હોય છે. આ વ્યવસ્થાઓ પણ દેશ-કાળ-પરિસ્થિતિ પ્રમાણે સુધારવાની જરૂર પડતી હોવાથી ધર્મસુધારકો લોકજાગૃતિ દ્વારા વ્યવસ્થા સુધારતા હોય છે. સુધરેલી વ્યવસ્થા જ લોકહિતકારિણી થઈ શકતી હોય છે.

3. રાજવ્યવસ્થા રાજા દ્વારા પ્રચલિત થતી હોય છે. પૂંજીવાદી, સામ્યવાદી, સમાજવાદી, એકહથ્થુ-સત્તા-વાદી, લોકચૂંટણીવાદી વગેરે અનેક પ્રકારની વ્યવસ્થા રાજા દ્વારા પ્રસ્થાપિત થતી હોય છે. તેમાં પણ લાભદાયી અને હાનિદાયક વ્યવસ્થા રહેતી હોય છે, જે સમયસમય ઉપર રાજક્રાંતિ દ્વારા પરિવર્તિત થતી રહેતી હોય છે.

4. આવી જ રીતે પ્રત્યેક સમાજની પોતપોતાની વ્યવસ્થા હોય છે, જેમાં લગ્નવ્યવસ્થા, વિધવાવ્યવસ્થા, દહેજવ્યવસ્થા વગેરે અનેક વ્યવસ્થાઓ પ્રસ્થાપિત હોય છે. આમાં પણ જ્યારે કોઈ વ્યવસ્થા હાનિકારક થવા લાગે છે ત્યારે સમાજસુધારકો પેદા થાય છે અને અનિષ્ટકારી વ્યવસ્થાને સુધારી ઇષ્ટ વ્યવસ્થાને સ્થાપિત કરતા હોય છે.

આ ચાર સિવાય પણ બીજી ઘણી વ્યવસ્થાઓથી લોકજીવન ચાલતું હોય છે.

એક વાર એવું બન્યું કે મહર્ષિ લોમશ સ્વર્ગમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે ઇન્દ્રને તથા અર્જુનને એક જ સિંહાસન ઉપર બેઠેલા જોયા. તેમને નવાઈ લાગી. ઇન્દ્ર સ્વર્ગનો રાજા છે. તેની સાથે એક જ સિંહાસન ઉપર કોઈ બેસી શકે નહિ, તો પછી આ સાથે કોણ બેઠો છે? લોમશ-ઋષિની જિજ્ઞાસાને જાણીને ઇન્દ્રે સમાધાન કર્યું કે આ અર્જુન પૂર્વે "નર-નારાયણ" નામના ઋષિ હતા. તે નર છે અને શ્રીકૃષ્ણ નારાયણ છે. તે બન્નેની જોડી અવારનવાર પૃથ્વી ઉપર અવતરિત થતી રહે છે. તેથી તે મહાન છે. તેમનો આશ્રમ બદરીમાં છે. અસુરોનો સંહાર કરવા

તેઓ અવતીર્ણ થયા છે.

હે મુને! તમે ભૂલોકમાં જાઓ અને કામ્યકવનમાં યુધિષ્ઠિરને મળો અને કહો કે અર્જુન સ્વર્ગલોકમાં છે અને અસ્ત્રવિદ્યા શીખીને જલદી પાછા આવી જશે. તે અર્જુનની રાહ જોતા હશે.

ઇન્દ્રની ઇચ્છા પ્રમાણે લોમશ-ઋષિ કામ્યકવનમાં આવ્યા અને યુધિષ્ઠિરને બધા કુશળ-સમાચાર આપ્યા. સૌને શાંતિ થઈ. સૌ રાજી થયાં. પ્રિય સ્વજનના લાંબા વિયોગ પછી તેના સમાચાર જાણવાની ઉત્કંઠા વધી જાય છે. તે જ્યારે પૂરી થાય છે ત્યારે અનહદ આનંદ થાય છે.

બીજી બાજુ ધૃતરાષ્ટ્રને પણ અહર્નિશ ચિંતા રહે છે. એક તરફ પાંડવોની શત્રુતા છે, તો બીજી તરફ દુર્યોધનાદિ પુત્રોની દુષ્કૃત્યતા છે. શત્રુતા ચિંતા વિનાની હોય જ નહિ અને દુષ્કૃત્યો દુષ્પરિણામ વિનાનાં ન હોય. બન્ને તરફથી ચિંતા થઈ રહી છે. તેમાં પણ જ્યારથી વ્યાસજીએ સમાચાર આપ્યા છે કે અર્જુન સ્વર્ગલોકમાં શસ્ત્રવિદ્યા શીખવા ગયો છે, ત્યારથી તો ધૃતરાષ્ટ્રની ઊંઘ જ ઊડી ગઈ છે.

શત્રુ રાજાઓની હિલચાલ ઉપર ક્ષણેક્ષણની નજર રાખતા હોય છે. તેમાં પણ જ્યારે તે શસ્ત્રપ્રાપ્તિ કે શસ્ત્રસંધિ કરીને વધુ શક્તિશાળી બની જાય ત્યારે તો પાર વિનાની ચિંતા થાય જ —હા, જાગૃત હોય તો. ઊંઘતા રાજાને ચિંતા નથી હોતી, વિનાશ હોય છે.

ધૃતરાષ્ટ્રને મન હળવું કરવાની જગ્યા સંજય છે. સમય-સમય ઉપર તે સંજયને બોલાવીને હૃદયની વ્યથા ઠાલવે છે. આજે પણ તેણે પોતાના હૃદયની વ્યથા ઠાલવી, ખાસ કરીને દુર્યોધનાદિ પુત્રોનાં દુષ્કૃત્યોની. સંજય આશ્વાસન આપે છે. સંજય સમાચારનું માધ્યમ છે. બધા સમાચારોનું સંકલન કરીને તે રોજેરોજના સમાચારો ધૃતરાષ્ટ્રને સંભળાવે છે. રાજાએ દેશ-વિદેશના સમાચારોથી હંમેશાં અવગત રહેવું જોઈએ. સમાચારોથી અવગત ન રહેનાર રાજા કે ધર્મગુરુ વર્તમાનના પ્રશ્નોને સમજી શકતા નથી. જે વર્તમાનને સમજી શકતા નથી હોતા, તેમની પાસે વર્તમાન પ્રશ્નોનો ઉકેલ પણ હોતો નથી. બધા સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્રને ભવિષ્યમાં થનારા ઘોર યુદ્ધના ભણકારા સંભળાવા લાગ્યા.

આ તરફ ભીમસેન થોડી વ્યગ્રતાની સાથે યુધિષ્ઠિરની સાથે સંવાદ કરે છે. જો અર્જુન નહિ હોય તો આપણું શું થશે? કૌરવો આપણને શાંતિથી જીવવા નહિ દે. માટે અત્યારે જ યુદ્ધ કરીને કૌરવોનો સંહાર કરી નાખવો જોઈએ, એવો ભીમનો અભિપ્રાય છે. યુધિષ્ઠિર ભીમની ઉગ્રતાને શાંતિથી સાંભળે છે અને પછી કહે છે કે મારાથી સત્યનો ત્યાગ કરી શકાય નહિ. આપણે જુગારમાં હાર્યા છીએ અને શરત પ્રમાણે વન ભોગવીએ છીએ, તેમાંથી વિચલિત થવાય નહિ. વ્યક્તિને સત્ય અને પ્રતિજ્ઞાથી વિચલિત થવાના પ્રસંગો આવતા હોય છે. તેમાં જે મક્કમ રહી શકે તે જ સત્યવાદી થઈ શકતી હોય છે.

યુધિષ્ઠિરે નળ-દમયંતીનું વિસ્તૃત કથાનક સંભળાવ્યું, જેમાં નળે સત્ય માટે મહાદુ:ખો સહન કર્યાં તથા દમયંતીએ પણ અસહ્ય દુ:ખો ભોગવ્યાં તે બધી કથા કરી: બૃહદશ્વઋષિ દ્વારા ધૂતવિદ્યા અને અશ્વવિદ્યાની પ્રાપ્તિ થવી અને બૃહદશ્વઋષિનું પોતાના આશ્રમમાં ચાલ્યા જવું.

અર્જુન વિના પાંડવો ઉદાસ થઈ રહ્યા છે ત્યાં દેવર્ષિ નારદ આવી પહોંચ્યા. નારદ માહિતીનો ભંડાર છે. તેમણે પૂરા ભારતનાં બધાં તીર્થોની વિસ્તારથી કથા સંભળાવી. દુ:ખના દિવસોમાં ધર્મકથા સાંભળવાથી શાંતિ મળે છે, દુ:ખ હળવાં થાય છે.

*

50. પાંડવો યાત્રા કરવા નીકળ્યા

કદી પૂર્ણકામ થવાની ઇચ્છા ન કરવી જોઈએ. જેમને હવે કોઈ ઇચ્છા જ બાકી નથી રહી, તેમના જીવનનો કશો અર્થ રહેતો નથી. અધૂરી ઇચ્છાઓ જીવનને આગળ ધપાવે છે. જીવન સતત આગળ ને આગળ ધપતું રહેવું જોઈએ. જીવનથી કદી કંટાળવું કે ત્રસ્ત થવું ન જોઈએ. દુ:ખના દિવસોમાં માણસ જીવનથી ત્રાસી જતો હોય છે. તેને જીવન ભારરૂપ અને વ્યર્થ લાગે છે. તે જીવનથી છુટકારો મેળવવા ઇચ્છે છે. કુદરતે પોતે જ જીવનથી છુટકારાની વ્યવસ્થા કરી છે. અને તે છે મૃત્યુ. પણ મૃત્યુ પહેલાં મરી જવું અર્થાત્ નિરાશ કે હતાશ થઈ જવું તે અકાળમૃત્યુ છે. તેમ જ પૂર્ણકામ થઈને ઇચ્છારહિત જીવન જીવવું તે પણ મડદા-જીવન કહેવાય. જીવન માટે ઇચ્છા જરૂરી છે. ધર્મનું કામ ઇચ્છાને સદિચ્છામાં રૂપાંતરિત કરવાનું છે. સદિચ્છા સ્વ-પર બન્ને માટે સુખદાયી થતી હોય છે. ઇચ્છાહીનતાનો પ્રચાર ન કરવો જોઈએ, શુભેચ્છાનો પ્રચાર કરવો જોઈએ. જો સમાધિ લાગવાથી ઇચ્છાહીનતા આવતી હોય તો તેના કરતાં વગર સમાધિએ શુભેચ્છા પ્રાપ્ત થાય તેવી સાધના કરવી સારી કહેવાય. ઇચ્છાહીન વ્યક્તિ લોકોને કશું આપતી નથી, પણ શુભેચ્છાવાળી વ્યક્તિ સમાજને, લોકોને, રાષ્ટ્રને ઢગલાબંધ આપે છે.

પાંડવોને એક જ ઇચ્છા થઈ રહી છે: “અર્જુન ક્યારે મળશે?” દ્રૌપદી સહિત બધા ભાઈઓ અર્જુનની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે. ઇચ્છાહીન વ્યક્તિ લાગણીહીન થઈ જાય છે. તે કોઈની રાહ જોતી નથી, કારણ કે તેને કોઈના પ્રત્યે લાગણી જ નથી. આવી શુષ્ક વ્યક્તિ કરતાં લાગણીભરી તીવ્ર ઝંખનાવાળી વ્યક્તિ સારી, જેનામાં જીવન ધબકતું હોય છે. દ્રૌપદી અને પાંડવો અર્જુનની તીવ્રતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે. તેવામાં લોમશ-ઋષિ તેમની પાસે આવી પહોંચ્યા. મહાકવિ કાલિદાસનો મેઘ સંદેશો લઈને પહોંચે તેમ લોમશ-ઋષિ પણ અર્જુનના સમાચાર લઈને પહોંચી ગયા. તેમણે વિસ્તારથી ઇન્દ્ર-અર્જુનની બધી વાતો સંભળાવી. લોમશ-ઋષિની વાતો સાંભળીને બધાને સંતોષ થયો. પોતાના પ્રિયજનના સમાચાર અને તે પણ પ્રગતિના સમાચાર કોને ન ગમે?

પાંડવોને બાર-તેર વર્ષ વનમાં વિતાવવાનાં છે તે ક્યાં કેવી રીતે વિતાવવાં તે મહાપ્રશ્નનો ઉકેલ અર્જુને લોમશ-ઋષિના દ્વારા મોકલ્યો છે: “તમે તીર્થયાત્રા કરો. ભારતમાં હજારો તીર્થો છે. તેમાં ભ્રમણ કરો. એક તરફ સમય પસાર થશે, તો બીજી તરફ જ્ઞાનવૃદ્ધિ પણ થશે.”

લોમશ-ઋષિની વાત યુધિષ્ઠિરને ગમી. તેમણે લોમશ-ઋષિની સાથે જ તીર્થયાત્રા કરવા જવાની તૈયારી શરૂ કરી દીધી. પાંડવોની સાથે રહેનારા ઘણા લોકો પણ તીર્થયાત્રા કરવા તૈયાર થઈ ગયા, પણ લોમશ-ઋષિની સલાહ પ્રમાણે થોડા જ લોકોને સાથે લીધા. બાકીના કેટલાકને સૌ-સૌના ઘરે જવાનું કહ્યું. તીર્થયાત્રામાં નહિ આવવાની આજ્ઞા આટલા માણસો માટે કરવામાં આવી:

1. જે ભિક્ષાભોજી બ્રાહ્મણ હોય, સંન્યાસી હોય, ભૂખતરસ સહન ન કરી શકતા હોય, જે થાકી જતા હોય, શરદીથી પીડાતા તે બધા ઘરે જતા રહે.

2. જે બ્રાહ્મણો મિષ્ટાન્નની ઇચ્છા રાખતા હોય, જે પક્વાન્ન, ચટણી વગેરે ચટાકેદાર વાનગીઓ ખાવાની ઇચ્છા રાખતા હોય, જે અખાદ્ય વસ્તુઓ ખાતા હોય તે પાછા વળી જાય.

3. જે લોકો ઘણાં સુખ-સગવડ ભોગવવા માગતા હોય, જે લોકો માત્ર આનંદ-પ્રમોદ કરવા જ યાત્રા કરવા માગતા હોય તે બધા પાછા વળી જાય.

આ રીતે ઘણા લોકોને સમજાવીને યુધિષ્ઠિરે હસ્તિનાપુર મોકલી દીધા. યાત્રા પણ તપ છે. તપ કષ્ટ વિનાનું નથી હોતું. ઇચ્છાપૂર્વક જે કષ્ટો ભોગવી શકે તે જ યાત્રા કરી શકે.

યુધિષ્ઠિરે કામ્યકવનના બધા બ્રાહ્મણો, ઋષિઓ વગેરે સૌને નમસ્કાર કર્યા. એક રીતે વિદાયસમારંભ થઈ ગયો. સૌના આશીર્વાદ લઈને પાંડવો, દ્રૌપદી અને લોમશ-ઋષિ યાત્રા કરવા નીકળી પડ્યાં.

8-7-10

*

51. અગસ્ત્યની કથા

લગ્નજીવનના અનેક હેતુઓમાંનો એક મહત્ત્વનો ધાર્મિક હેતુ "પિતૃઓનો ઉદ્ધાર" પણ છે. ધાર્મિક રીતે એવી માન્યતા છે કે જેને સંતાન ન હોય તેના પિતૃઓનું તર્પણ ન થવાથી તેમનો ઉદ્ધાર થતો નથી. લૌકિક રીતે પણ સંતાન વિનાનાં દંપતી સુખી નથી હોતાં. તે પાછલી ઉંમરમાં સંતાન માટે તરસતાં હોય છે. સંતાનસુખ વિનાનું દામ્પત્ય પ્રાણ વિનાના શરીર જેવું—મડદા જેવું થઈ જતું હોય છે.

લગ્ન કર્યા પછી પણ જેને સંતાન ન થતાં હોય તેમાં તેમનો દોષ ન ગણાય. પણ કેટલાંક સ્ત્રી-પુરુષો મોક્ષ માટે કે સિદ્ધિઓ માટે લગ્ન નથી કરતાં અને જીવનભર બ્રહ્મચર્યનું પાલન કરવાની હઠ લઈને બેઠાં હોય છે તેમનું શું? ઋષિમાર્ગમાં એ પથભ્રષ્ટ છે. આવી રીતે મોક્ષ મળે નહિ. કદાચ મળે તોપણ પિતૃઓનું શું? પિતૃઓની તો સદ્ગતિ ન થઈ ને? એટલે ઋષિમાર્ગમાં માત્ર વિષયભોગ માટે જ નહિ પણ કર્તવ્યપરાયણ થવા માટે તથા પિતૃઓના ઉદ્ધાર માટે પણ લગ્ન કરવાં અનિવાર્ય છે. ઋષિની આજ્ઞા છે:

"પ્રજાતન્તું મા વ્યવછેત્સિ।"

પ્રજાના તંતુને તોડીશ નહિ, અર્થાત્ લગ્ન કરીને પ્રજા ઉત્પન્ન કરજે.

પાંડવો અનેક તીર્થો કરતા-કરતા ગયા પહોંચ્યા અને ગયાથી નજીકમાં અગસ્ત્ય-ઋષિનો આશ્રમ મણિમતીનગરીમાં હતો ત્યાં રહેવા લાગ્યા. અગસ્ત્ય-ઋષિ એક વાર ક્યાંક જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં તેમણે જોયું કે એક ખાડામાં તેમના પિતૃઓ ઊંધા માથે લટકી રહ્યા હતા. તે બહુ જ દુ:ખી હતા. તેમને જોઈને અગસ્ત્ય-ઋષિએ પૂછ્યું કે "તમે કોણ છો અને અહીં ઊંધા માથે કેમ લટકી રહ્યા છો?"

પિતૃઓએ જવાબ આપ્યો કે "અમે તમારા પિતૃઓ છીએ. તમે લગ્ન ન કર્યાં અને સંતાનતંતુ તૂટી ગયો તેથી અમારી આવી દશા થઈ છે. સંતાનલોપ મહાપાપ છે." પિતૃઓની વાત સાંભળીને અગસ્ત્ય-ઋષિ વિચારમાં પડી ગયા: "હવે શું કરું?"

પિતૃઓએ કહ્યું, "બેટા, તું લગ્ન કર અને સંતાન પેદા કર. તો જ આ નરકમાંથી અમારો ઉદ્ધાર થાય અને સાથેસાથે તારો પણ ઉદ્ધાર થાય."

અગસ્ત્ય-ઋષિએ કહ્યું કે "જો એમ હોય તો હવે જરૂર લગ્ન કરીશ અને સંતાન પેદા કરીને તમારો ઉદ્ધાર કરીશ."

પિતૃઓને વચન આપીને અગસ્ત્ય-ઋષિ કન્યાની શોધમાં નીકળી પડ્યા. લગ્નેચ્છા થવા-માત્રથી લગ્ન થઈ જતાં નથી. પુરુષને કન્યા જોઈએ અને કન્યાને પુરુષ જોઈએ. આ બધું રસ્તામાં પડ્યું નથી હોતું.

અગસ્ત્ય-ઋષિની સામે ત્રણ મહત્ત્વના પ્રશ્નો હતા.

1. તે ત્યાગી જીવન જીવતા હતા. ત્યાગીમાંથી ભોગી જીવન તરફ વળે તો લોકોમાં હાહાકાર થઈ જાય. લોકમાન્યતાની ઉપેક્ષા કરી શકાય નહિ.

2. ઋષિની હવે ઉંમર થઈ ગઈ હતી. પ્રૌઢ ઉંમરમાં તેમને પરણવા કઈ કન્યા તૈયાર થાય? વળી તેમનાં રંગરૂપ પણ એવાં હતાં કે કોઈ કન્યાને પસંદ ન પડે.

3. ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે આજીવિકા જોઈએ. ઋષિ પાસે કશી આજીવિકા ન હતી. કન્યા એટલે જાયા. તેની માગણીઓ પૂર્ણવિરામ વિનાની હોય. ક્યાંથી બધું લાવી આપવું?

આ ત્રણ વિકરાળ પ્રશ્નોને કારણે માત્ર અગસ્ત્ય-ઋષિ જ નહિ, બીજા કેટલાય ત્યાગીઓ ત્યાગી જીવન છોડીને લગ્નજીવન જીવવા ઇચ્છતા હોય તો-પણ ઇચ્છા પૂરી કરી શકતા નથી.

લોકવ્યવસ્થા પણ એવી છે કે કોઈ ભોગી ત્યાગી થઈ જાય તો લોકો વાહવાહ કરે. (ભલે તેની પત્નીની દુર્દશા થાય.) પણ જો કોઈ ત્યાગી ભોગી થઈ જાય તો ફિટકાર વર્ષાવે, એટલે અનિચ્છાએ પણ ચીલાચાલુ ઘરેડમાં ઘાંચીના બળદની માફક પેલાને જીવન જીવવું પડે. પણ કેટલાક હિંમતવાળા, બાહોશ માણસો પણ હોય છે. તે લોકઘરેડની પરવા કર્યા વિના "જેને જે કહેવું હોય તે કહે" એવી દૃઢતા ધારણ કરીને ઘરેડ તોડીને ક્રાંતિ કરતા હોય છે. અગસ્ત્ય-ઋષિ તેમાંના હતા.

કન્યાની શોધ માટે ઘણું ફર્યા પણ કન્યા ન મળી તેથી નિરાશ થઈને તેમણે પોતે જ એક સુંદર કન્યાની રચના કરી. આ કન્યાને રાજાને સોંપી દીધી. રાજાને કોઈ સંતાન ન હોવાથી તે રાજી થયો. રાજાએ કન્યાનું નામ "લોપામુદ્રા" પાડ્યું.

જોતજોતાંમાં લોપામુદ્રા જુવાન થઈ ગઈ. રાજાએ તેના માટે ઘણા મુરતિયા જોયા પણ કોઈએ લોપામુદ્રાને પસંદ ન કરી. રાજા અને લોપામુદ્રા બન્ને દુ:ખી રહેવા લાગ્યાં. કન્યા પોતાની ઇચ્છાથી કુંવારી રહે તો ગૌરવ અનુભવે, પણ ઇચ્છા હોવા છતાં, પ્રયત્નો પછી પણ જો કોઈ તેને પસંદ જ ન કરે અને કુંવારી રહેવું પડે તો તે ગ્લાનિ અને સંતાપ પેદા કરે. કન્યા મનમાં ને મનમાં બળતી રહે. "મારામાં શું ખૂટે છે કે કોઈ મને પસંદ નથી કરતું?"—આવી વેદના કેટલીક વાર તેને આત્મહત્યા સુધી દોરી જઈ શકે છે. કદાચ કોઈ કન્યા કુરૂપ, કૂબડી કે કાળી-કલૂટી હોય અને કોઈ પસંદ ન કરે તો સમજાય, પણ લોપામુદ્રા તો રૂપરૂપનો અંબાર અને ગુણનો ભંડાર હતી, તેમ છતાં તેને કેમ કોઈ પસંદ નહિ કરતું હોય?

જ્યારે અગસ્ત્ય-ઋષિને ખબર પડી કે લોપામુદ્રા જુવાન થઈ ગઈ છે પણ કોઈ તેનું વરણ કરતું નથી એટલે તે પોતે રાજાને ત્યાં પહોંચી ગયા અને રાજાની પાસે કન્યાનો હાથ માગ્યો.

"આ કન્યાનું હું વરણ કરીશ." ઋષિ બોલ્યા.

રાજા અને રાજપરિવાર વિચારમાં પડી ગયા: ક્યાં આ ઋષિ અને ક્યાં ફૂલ જેવી મારી કન્યા? ના-ના, આવું ન થઈ શકે. પણ બીજી બાજુ ઋષિનો પ્રભાવ પણ હતો. કદાચ ના પાડવાથી તે શાપ આપી દેશે તો? રાજા ચિંતામગ્ન થઈ ગયો.

લોપામુદ્રાએ રાજાની દશા વિચારીને કહ્યું, "પિતાજી, તમે ચિંતા ન કરો. મને ઋષિની સેવામાં સમર્પિત કરી દો. હું ખુશીથી તેમની સેવા કરીશ."

કેટલીક વાર મહાન કન્યા પોતાના સુખના ભોગે માતા-પિતા-પરિવારની ઇચ્છાને માન આપીને અથવા તેમના હિત માટે લગ્ન કરવાની હા પાડતી હોય છે. આ મોટો ત્યાગ કહેવાય. આ પરિવાર માટેનો ત્યાગ કહેવાય.

રાજાએ લોપામુદ્રાની વાત સ્વીકારીને ઋષિ સાથે તેનાં લગ્ન કરી દીધાં. ઋષિ તો કન્યાને લઈને પોતાના આશ્રમે પહોંચી ગયા.

લોકો ન સંભળાય તેવી વાતો કરવા લાગ્યા. લોકનિંદા અને લોકાપવાદ બહુ દુ:ખદાયી હોય છે. પણ જેણે ક્રાંતિ કરવી હોય તેણે આવાં દુ:ખો સહન કરવાં જ પડે.

પહેલા જ દિવસે ઋષિએ લોપાને આભૂષણો અને કિંમતી વેશભૂષા ઉતારીને વલ્કલ ધારણ કરવા જણાવ્યું. લોપામુદ્રાએ તરત જ પતિની આજ્ઞાનો સ્વીકાર કર્યો. તેણે બધો ત્યાગ કરીને વલ્કલ ધારણ કરી લીધાં. વસ્ત્રો કે આભૂષણોમાં સુખ નથી હોતું, પતિપ્રેમમાં સુખ હોય છે. પતિપ્રેમ વિનાનાં સોનેરી વસ્ત્રાભૂષણો છાંટોય સુખ ન આપે.

લોપામુદ્રા વેશથી તો ઋષિપત્ની થઈ ગઈ, પણ તેના મનમાં જૂનો વૈભવ ભુલાયો નહતો. રહીરહીને તેને રાજમહેલનો વૈભવ યાદ આવતો હતો. આમે સ્ત્રીઓ વૈભવપ્રેમી હોય છે. અહીં ઋષિની પાસે તો કશું જ ન હતું. જે હેતુ માટે ઋષિએ લગ્ન કરેલાં તે હેતુ પૂરો કરવા જ્યારે લોપામુદ્રા ઋતુસ્નાતા થઈ ત્યારે તેને બોલાવી. પણ લોપામુદ્રાએ કહ્યું કે “જ્યાં સુધી રાજવૈભવ જેવો વૈભવ તમે નહિ લાવો ત્યાં સુધી હું તમારી ઇચ્છા પૂરી નહિ કરું.”

ઋષિ ચિંતામાં પડી ગયા. રાજવૈભવ લાવવો ક્યાંથી? ડાહ્યા માણસે કદી પણ પોતાનાથી અતિ ધનવાનની કન્યા સાથે લગ્ન કરવાં નહિ. ધનવાન પુત્રી ગરીબ પતિને તુચ્છ માનીને તેની ઉપેક્ષા કરશે. પોતાના બાપની જાહોજલાલીની વાતો કરીને પોતાનું કાળજું બાળ્યા કરશે. તેના કરતાં કોઈ ગરીબની કન્યાને પરણવું સારું, નહિ તો પછી કુંવારા જ રહી જવું સારું.

લોપામુદ્રા હઠે ભરાઈ: “જાઓ, વૈભવ લઈ આવો. ત્યાં સુધી સ્પર્શ કરવા નહિ દઉં.” હવે મુનિને ભાન થયું કે લગ્ન કરીને ભૂલ થઈ ગઈ છે. આના કરતાં તો કુંવારા જ સારા હતા. પણ હવે શું થાય? સંતાન તો જોઈએ જ છે.

ઋષિ ધન-વૈભવની શોધમાં નીકળી પડ્યા. ધનવૈભવ ક્યાં રસ્તામાં પડ્યા હતા? બેકાર માણસ જેમ નોકરી શોધે તેમ ઋષિ તો શ્રુતવર્મા નામના રાજાને ત્યાં પહોંચી ગયા અને “પત્નીને રાજી કરવા માટે ધનવૈભવની જરૂર છે માટે મને ધનવૈભવ આપો” તેવી માગણી કરી.

બિચારા ઋષિ. એક સમય હતો જ્યારે રાજા-મહારાજા તેમની પાછળ-પાછળ આંટા મારતા હતા, પણ હવે તે પોતે યાચક થઈને રાજાને ત્યાં આંટા મારવા લાગ્યા છે. યાચના અને તે પણ ધનવૈભવની અને તે પણ પત્નીના શોખ પૂરા કરવા માટે!!! રાજાએ નમ્રતાથી પોતાની અશક્તિ બતાવી, મુનિને ખાલી હાથે વિદાય કરી દીધા.

અગસ્ત્ય-ઋષિ ફરી પાછા બ્રધ્નશ્વ નામના રાજાની પાસે ગયા. ત્યાં પણ નિરાશા જ હાથમાં આવી. શાણી વ્યક્તિએ લગ્ન પહેલાં કેટલીક સ્પષ્ટતા કરી લેવી હિતાવહ છે—ખાસ કરીને જ્યારે વિસંગત લગ્ન થતાં હોય ત્યારે તો સ્પષ્ટતા બહુ જ જરૂરી હોય છે.

અગસ્ત્ય-ઋષિ ફરી પાછા ત્રસદસ્યુ રાજાને ત્યાં ગયા. ત્યાં પણ નિરાશા જ મળી. હવે શું કરવું? પત્ની રિસાઈને બેઠી છે. પત્નીને સંતાનની તાલાવેલી નથી, તેને તો ધનવૈભવની તાલાવેલી છે. પત્નીઓના ત્રણ પ્રકાર છે:

1. ધનભૂખી, 2. વાસનાભૂખી, 3. પ્રેમભૂખી.

1. ધનભૂખી પત્ની ધનવૈભવમાં જ રચીપચી રહેતી હોય છે. તેની માગણીઓ કદી પૂરી કરી શકાતી નથી. પુરુષની આવક કરતાં તેના ખર્ચા વધારે હોવાથી તે પુરુષને હંમેશાં દેવાદાર બનાવી રાખે છે. પુરુષ બિચારો ત્રાહિત્રાહિ થઈ જાય છે.

2. વાસનાભૂખી પત્ની મહાભયંકર હોય છે. તેની વાસના કદી તૃપ્ત થતી નથી. તે પુરુષને નિચોવી નાખે છે. કેટલીક વાર તો બીજા પુરુષો પાસે પણ વાસના હોલવવા દોડતી રહે છે. આવી પત્નીથી ગમે તેવો પુરુષ પણ હારી-થાકી જતો હોય છે. આ બલામાંથી છૂટવા તે તરફડિયાં મારે છે. આવા પુરુષને જલદી વૃદ્ધાવસ્થા આવી જતી હોય છે.

3. પ્રેમભૂખી પત્ની સંસારનું રત્ન છે, અમૃત છે. જેને મળે તે ધન્ય છે. તે અમર છે. ઝવેરાતનાં હજારો રત્નો કરતાં પણ તે દુર્લભ છે. આવું રત્ન મળે તેને ભાગ્ય જ કહેવાય, કારણ કે આવું રત્ન પુરુષાર્થથી કે ધનથી મળતું નથી, ભાગ્યથી જ મળે છે.

ગરજવાન પતિ રિસાયેલી પત્નીને મનાવવા માટે આકાશપાતાળ એક કરી મૂકતો હોય છે. ગરજ વિનાના પતિની પત્ની મોટા ભાગે રિસાતી નથી અને કદાચ રિસાય તો પોતાની મેળે જ મનાઈ જાય છે. જો પોતાની મેળે ન મનાય તો પોતાનું અને પતિનું જીવન બરબાદ કરી દેતી હોય છે. રિસાયેલાં પતિ-પત્નીને મનાવી આપવામાં જે સહાયભૂત થાય છે તે પુણ્ય કમાય છે. બે જીવોને મેળવવામાં પુણ્ય છે, વિખૂટા પાડવામાં નહિ. ચાડી-ચુગલી કરીને વિખૂટા પાડનાર પાપી છે.

અગસ્ત્ય-ઋષિ વિચારે છે કે હવે ક્યાં જઉં અને કેવી રીતે ધન મેળવું? ત્યાં તો રાજાઓએ જ રસ્તો બતાવ્યો, “અહીં એક ઇલ્વલ નામનો ભયંકર દૈત્ય રહે છે. તેની પાસે અઢળક ધન છે. તેની પાસેથી ધન મેળવી શકાય છે.”

અગસ્ત્ય-ઋષિને આ ઉપાય ગમ્યો. ઇલ્વલની કથા વિચિત્ર છે. તે પહેલાં તો ઋષિમુનિઓનું સ્વાગત કરે છે, ખૂબ સત્કાર કરે છે, પછી પોતાના ભાઈને બકરો બનાવીને તેની રસોઈ કરીને જમાડે છે. પછી તે વાતાપીનું આવાહન કરે છે, એટલે પેટ ફાડીને તે બહાર નીકળે છે. આવી રીતે અનેક લોકોને તેણે ભોજન દ્વારા મારી નાખ્યા છે. જ્યારે અગસ્ત્યઋષિને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે કહ્યું કે “ચિંતા ન કરો. બધી વ્યવસ્થા થઈ જશે.”

ઇલ્વલે નિયમ પ્રમાણે વાતાપીને બકરો બનાવીને તેનું માંસ રાંધ્યું અને પછી અગસ્ત્ય-ઋષિને જમાડ્યા. પછી જોરજોરથી “વાતાપી… વાતાપી…” એમ આવાહન કરવા લાગ્યો, પણ અગસ્ત્ય-ઋષિએ જોરથી અપાનવાયુ મુક્ત કર્યો અને હસ્યા. તેમણે ઇલ્વલને કહ્યું કે “વાતાપીને મેં પચાવી દીધો છે. હવે તે કદી પણ પેટ ફાડીને બહાર નહિ નીકળે.”

ઋષિનું પરાક્રમ જોઈને ઇલ્વલ ડઘાઈ ગયો, તે ડરી ગયો, આધીન થઈ ગયો. ઋષિએ તેની પાસેથી પર્યાપ્ત ધન અને તીવ્ર ગતિવાળો રથ વગેરે લીધાં. સાથે આવેલા રાજાઓને પણ ધન અપાવ્યું. પછી આશ્રમ તરફ વિદાય થઈ ગયા. ઇલ્વલને પાછળથી ગુસ્સો ચઢ્યો, તે પાછળ પડ્યો, પણ ઋષિએ તેને પણ બાળીને ખાખ કરી નાખ્યો. દૈત્યોના ત્રાસથી વનને નિષ્કલંક બનાવ્યું.

ધનની પ્રાપ્તિ પાંચ રીતે થતી હોય છે.

1. મહેનત-મજૂરી-શ્રમ કરવાથી, જેનાથી પેટ ભરાય.

2. વ્યાપાર-ઉદ્યોગ-ધંધો કરવાથી, જેનાથી વૈભવ મળી શકે.

3. અનીતિ-અત્યાચાર-દગાફટકા, ગુંડાગીરી કે લુચ્ચાઈ કરીને, જેનાથી ધનવાન તો થવાય, પણ સુખ-શાંતિ ન મળે. કોઈની હાયથી પડાવેલું ધન વૈભવ તો આપે, પણ સુખ-શાંતિ ન આપે.

4. પરાક્રમથી. પરાક્રમનો અર્થ છે લુચ્ચા, ગુંડા, ચોર-લૂંટારા, ઠગ વગેરેને જેર કરીને પરાક્રમથી તેમની પાસેથી મેળવેલું ધન.

5. ભિક્ષાવૃત્તિથી. આ વૃત્તિથી કદાચ પેટ ભરાય, પણ કોઈ વાર કોઈ મહાદાની મળી જાય તો ધનવાન પણ બનાવી દે. પણ તેવું ભાગ્યે જ બને.

અગસ્ત્ય-ઋષિ રથ ભરીને ધન લઈ આવ્યા અને લોપામુદ્રાને અર્પણ કર્યું. લોપામુદ્રા રાજીરાજી થઈ ગઈ. હવે તે અનુકૂળ થઈ અને ઋષિએ તેને પૂછ્યું કે "તારે હજાર પુત્ર જોઈએ છે કે હજારને ચઢી જાય તેવો એક જોઈએ છે?"

લોપામુદ્રાએ કહ્યું કે "કુરકુરિયાં જેવા હજાર પુત્રો નથી જોઈતા, મારે તો સિંહ જેવો એક જ પુત્ર જોઈએ છે જે વિશ્વ ઉપર રાજ કરે."

ઋષિએ કહ્યું, "લોપામુદ્રા, તું ભૂલ કરે છે. પહેલાં સિંહો રાજ કરતા, હવે વોટનો જમાનો છે. હવે તો પરાક્રમહીન કુરકુરિયાં રાજ કરતાં થયાં છે. તેમના વોટથી રાજા થવાય છે. ફરીથી વિચાર કર શું જોઈએ: કુરકુરિયાં કે સિંહ?"

લોપામુદ્રાએ મક્કમતાથી કહ્યું કે "સિંહ, સિંહ ને સિંહ. આજે ભલે વોટના જોરે કુરકુરિયાં ગાદી ઉપર ચઢી બેઠાં હોય, પણ ભીષણ આપત્તિ આવતાં જ તે બધાં ભાગી છૂટવાનાં છે. તે વખતે સિંહ જ શાસનની લગામ સંભાળી શકશે."

ઋષિ પ્રસન્ન થયા અને લાંબા સમયે લોપામુદ્રાએ "દૃઢસ્યુક" નામના મહાન પુત્રને જન્મ આપ્યો. તેનું બીજું નામ "ઇધ્મવાહ" પણ પડ્યું.

ઋષિને સંતાન થતાં જ ઊંધા લટકતા પેલા પૂર્વજોની સદ્ગતિ થઈ ગઈ. તે ઉત્તમ લોકમાં ગયા.

આ બાજુ અનેક તીર્થ કરતાં-કરતાં પાંડવો ભૃગુકચ્છ (ભરૂચ) પહોંચ્યા. અહીં પરશુરામજીએ ખોયેલું પોતાનું તેજ ફરીથી પ્રાપ્ત કર્યું હતું. જનકરાજાને ત્યાં સીતાસ્વયંવર વખતે શ્રીરામે ધનુષ્યભંગ કર્યો હતો. આ વખતે રામને નહિ ઓળખી શકનાર પરશુરામે મોટી બવાળ મચાવી હતી, પણ પછી મોડેથી તેમને જ્ઞાન-ભાન પડ્યું હતું. શ્રીરામને વંદન કરીને તે ચાલ્યા તો ગયા, પણ તેમનું તેજ હરાઈ ગયું. તે નિસ્તેજ થઈ ગયા હતા. તેજસ્વીની સામે ખોટી રીતે ટકરાવાથી વ્યક્તિ તેજોહીન થઈ જાય છે. તેજ વિનાના પરશુરામ અહીં આવીને આ પવિત્ર તીર્થમાં નાહ્યા હતા અને તેમનું તેજ તેમને પાછું મળી ગયું હતું.

યુધિષ્ઠિરે પણ સૌની સાથે અહીં સ્નાનાદિ કર્યું, જેથી ભવિષ્યના યુદ્ધ માટે તેજ પ્રાપ્ત થાય. યુદ્ધની તૈયારી વર્ષો પહેલાંથી કરાતી હોય છે. ઓચિંતાનું તૈયારી વિનાનું યુદ્ધ પરાજય અને વિનાશને નોતરી શકે છે.

8-7-10

*

52. વૃત્રાસુરવધ

ઋષિ એટલે સ્ત્રીત્યાગી—ગૃહત્યાગી સાધુ નહિ. ઋષિ એટલે પત્નીધારી, આશ્રમધારી, વિદ્યાર્થીધારી, શસ્ત્રધારી, રાષ્ટ્રધારી સર્વોચ્ચ વિભૂતિ. તે હંમેશાં સમાજ અને રાષ્ટ્રના હિતમાં કર્તવ્ય-રત રહે છે. ત્યારે અસુરોનો ભારે ત્રાસ હતો. અસુરો દેવતા અને ઋષિમુનિઓને ભયંકર ત્રાસ આપતા હતા. તેમનામાં એક વૃત્રાસુર નામનો મહા અસુર હતો તેને મારવા અને તેના ત્રાસથી છૂટવા દેવોએ ઘણા પ્રયત્નો કર્યા હતા, પણ અસુર એટલો બળવાન હતો કે કોઈ પ્રયત્ન સફળ રહ્યો ન હતો. બધા દેવો અને ઋષિઓ અગસ્ત્ય-ઋષિ પાસે ગયા. અગસ્ત્ય-ઋષિ મહાન અને સર્વવિદ્યાના જ્ઞાતા છે, જેમાં શસ્ત્રવિદ્યા પણ ખરી. અગસ્ત્ય-ઋષિએ ઉપાય બતાવ્યો કે વૃત્રાસુરને તમે કોઈ પણ શસ્ત્ર દ્વારા મારી શકશો નહિ. તેનું મૃત્યુ એકમાત્ર દધીચિ-ઋષિના હાડકાથી જ થશે, એટલે તમે બધા દધીચિ ઋષિ પાસે જાઓ, તે તમને પોતાનું હાડકું આપશે. તેમાંથી શસ્ત્ર બનાવો. તેનાથી વૃત્રાસુરનું મરણ થશે.

બધા દેવો દધીચિ-ઋષિ પાસે ગયા અને વૃત્રાસુરના ત્રાસની વાત કરી, સાથે એ પણ કહ્યું કે એનો નાશ માત્ર ને માત્ર તમારા હાડકાથી જ થશે, એટલે અમે તમારાં અસ્થિ લેવા આવ્યા છીએ. અસ્થિ આપવાનો સીધો અર્થ તો પોતાનું મૃત્યુ જ થાય.

દધીચિએ થોડી વાર ધ્યાન કરીને દેહત્યાગ કરી દીધો: “જો લોકો સુખી થતા હોય તો લઈ જાઓ મારાં અસ્થિ. હું જાતે જ પ્રાણત્યાગ કરું છું.” આ સર્વોચ્ચ ત્યાગ કહેવાય.

દેવોએ દધીચિ-ઋષિના હાડકામાંથી ભયંકર વજ્ર બનાવ્યું. તે વજ્ર લઈને દેવો વૃત્રાસુર ઉપર ચઢી ગયા. બન્ને તરફના યોદ્ધાઓએ ભયંકર યુદ્ધ કર્યું, પણ કોઈ રીતે વૃત્રાસુર મરતો ન હતો, તેથી અંતમાં ઋષિ દધીચિના અસ્થિમાંથી બનાવેલા વજ્રનો પ્રહાર કર્યો. અસ્થિ-વજ્રના પ્રહારથી વૃત્રાસુર મરાયો. ચારે તરફ દેવલોકો રાજીરાજી થઈ ગયા. દધીચિ-ઋષિનો જયજયકાર થવા લાગ્યો. દૈત્યોના ત્રાસમાંથી છૂટવું અને છોડાવવું એ પરમ હર્ષનો વિષય કહી શકાય.

બાકી બચેલા અસુરો ચારે તરફ ભાગી ગયા, પણ થોડા જ સમયમાં એકત્રિત થઈને વિચારવા લાગ્યા કે સૌએ મળીને ઇન્દ્રનો અને દેવોનો નાશ કરવો જોઈએ.

અસુરો અને દૈત્યોને રક્તબીજવર્ધક માન્યા છે, અર્થાત્ તેમનો કદી નાશ નથી થતો. જેમ માંકણ-ચાંચડ-મચ્છરનો નાશ નથી થતો, જરાક હવા મળતાં જ બધા ઉત્પન્ન થઈ જાય છે, તેમ દૈત્યો અને અસુરો પણ જરાક અનુકૂળતા મળતાં જ ફરીફરીને ઉત્પન્ન થતા રહે છે. એટલે એક વાર કોઈ અવતાર તેમનો નાશ કરે, તો કાયમી નાશ નથી થઈ જતો. તેમનો વિનાશ એ સતત પ્રક્રિયા છે. ખેતરોમાં સતત નિંદામણ થયા જ કરતું હોય છે. તેનો નાશ પણ સતત પ્રક્રિયા છે. જે લોકો એક વારનો નાશ થઈ જવાથી નિશ્ચિંત થઈ જાય છે તે પોતાનો વિનાશ નોતરી બેસે છે. અગસ્ત્ય-ઋષિ ફરીફરીને ઋષિઓ અને દેવોને જાગૃત કરતા રહે છે. જાગો! અસુરો હજી પણ નાકમાં બેઠા છે! જાગો!

8-7-10

*

53. અગસ્ત્ય-ઋષિ દક્ષિણમાં

કેટલાક લોકો આધ્યાત્મિક સાધના ગુફાઓમાં વર્ષો સુધી પુરાઈને કરતા રહે છે. ગુફામાં પુરાઈ રહેવું એ જ મોટી સાધના બની જાય છે. કેટલાક ધ્યાન કરે છે. કેટલાક ભજનકીર્તન કરે છે. કેટલાક હોમહવન કરે છે. કેટલાક વ્રત-ઉપવાસ કરે છે. આમ અનેક પ્રકારથી સાધકો સાધના કરતા રહે છે. પોતપોતાની જગ્યાએ બધી ઠીક હશે, પણ લોકજીવન અને રાષ્ટ્રજીવનના પ્રશ્નોને ઉકેલવાની સાધના ખાસ કરતા નથી. કેટલાક તો તેને સાધના પણ માનતા નથી. સાધના માટે તેમાંથી છૂટવું જરૂરી માને છે. આ રીતે સાધકવર્ગ લોકવિમુખ કે રાષ્ટ્રવિમુખ થઈ જાય છે. પણ ઋષિમાર્ગમાં ઋષિઓ નથી તો લોકવિમુખ થતા કે નથી રાષ્ટ્રવિમુખ થતા.

'મહાભારત'માં એક વિચિત્ર પણ ઉપયોગી કથા આવી છે. સૂર્ય અને ચંદ્ર મેરુપર્વતની ચારે તરફ ફરવા લાગ્યા. એવી ધારણા પ્રાચીનકાળમાં હતી કે મેરુ પર્વતની પાછળ સૂર્ય જાય ત્યારે રાત્રી થાય છે અને આગળ આવે ત્યારે દિવસ થાય છે. પૃથ્વી સૂર્યની ચારે તરફ ફરે છે એ ધારણા ઘણાં વર્ષો પછી સ્થાપિત થઈ.

સૂર્યચંદ્રને મેરુપર્વતની ચારે તરફ ચક્કર મારતા જોઈને વિંધ્યાચલ પર્તવને ગુસ્સો આવ્યો: મારી પ્રદક્ષિણા કેમ નહિ? માન માટેના ઝઘડા પ્રાચીનકાળથી ચાલ્યા આવે છે. માન-અપમાનની અસર સૌને થતી હોય છે. કોઈને ઓછી થાય તો કોઈને વધારે થાય. કોઈ દબાવી જાણે તો કોઈ પ્રકટ કરી દે, પણ અસર તો સૌને થાય જ.

માન ના આપવું એ પણ અપમાનનો પ્રકાર છે. ચંદ્ર-સૂર્ય સુમેરુની પ્રદક્ષિણા કરે અને વિંધ્યાચલની પ્રદક્ષિણા ન કરે, એ પણ વિંધ્યાચલ માટે અપમાન જ ગણાય, તેથી તે ક્રોધે ભરાયો. તેણે નક્કી કર્યું કે હવે હું એટલો ઊંચો વધીશ કે રાત્રી-દિવસ જ થઈ શકશે નહિ. માણસ કામ-ક્રોધ-લોભ વગેરે આવેશોના વેગોથી પણ પ્રવૃત્તિ કરતો હોય છે. જો આવેગો અને લાગણીઓ જ ન હોત તો પ્રવૃત્તિઓ પણ ન હોત.

વિંધ્યાચલને આકાશ તરફ વધતો જોઈને સૂર્ય ચિંતિત થયો. તેણે પ્રાર્થના કરી કે "બસ, હવે વધશો નહિ. રાત્રિ-દિવસ બંધ થઈ જશે." પણ વિંધ્યાચલ માન્યો નહિ. તેણે કહ્યું કે "તું મેરુની પ્રદક્ષિણા કેમ કરે છે? મારી કેમ નથી કરતો?"

સૂર્યે જવાબ આપ્યો કે "સૃષ્ટિકર્તા પરમેશ્વરે મારા માટે જે માર્ગ નક્કી કર્યો છે તે માર્ગે જ મારાથી પ્રદક્ષિણા કરાય. તેનાથી જરા પણ આઘાપાછા થવાય નહિ."

ખરેખર વિચાર કરતાં સ્પષ્ટ લાગે છે કે સૂર્યચંદ્ર, નક્ષત્રો-ગ્રહો વગેરે સૌસૌની નિર્ધારિત ગતિ કોઈએ નિર્ધારિત કરેલી છે. તેથી વ્યવસ્થા સર્જાઈ છે. જેમ રેલવેના પાટા હોય છે અને તે પાટા ઉપર ટ્રેનો ચાલે છે તો એક વ્યવસ્થા રહે છે, તેમ બધા તારા વગેરેના પણ પાટા નિર્ધારિત થયેલા છે. તેમાં જરા જેટલો ફેર થાય છે તો અકસ્માત થાય છે. પૂરું ભૂમંડળ અને ખમંડળ, અરે, બ્રહ્માંડ વ્યવસ્થિત છે. કણેકણ યથાયોગ્ય ગોઠવાયેલા છે. આ કુદરતી વ્યવસ્થાથી વિશ્વ ચાલે છે. સૂર્યે વિંધ્યાચલને વાત સમજાવી, પણ વિંધ્યાચલે માની નહિ. તેને ભયંકર ક્રોધ ચઢ્યો. અપમાન ક્રોધ ચઢાવે છે. અપમાન થવા છતાં પણ જેને ક્રોધ નથી ચઢતો તે કાં તો નમાલો માણસ છે અથવા કોઈ સંયમી મહાપુરુષ છે.

ઘણા પ્રયત્નો કર્યા પણ વિંધ્યાચલ વધતો અટક્યો નહિ. પછી તો બધા દેવો અગસ્ત્ય-ઋષિની પાસે ગયા, વિનંતી કરી, "વિંધ્યાચલને રોકો, નહિ તો હાહાકાર થઈ જશે." અગસ્ત્યે હા પાડી અને નીકળી પડ્યા. અગસ્ત્યનું બહુમાન બધા રાખે. કેટલાક લોકો માનભર્યું જીવન જીવતા હોય છે. બધાને માન મળતું નથી. કેટલાક માનભૂખ્યા લોકો માન મેળવવા ઢોંગ-પાખંડ પણ કરતા રહે છે. સાચું માન સાચા માણસો જ આપતા હોય છે. મૂર્ખાઓના માન કરતાં જ્ઞાનીઓનું અપમાન સારું.

અગસ્ત્યને આવતા જોઈને વિંધ્યાચલે દંડવત્ પ્રણામ કર્યા. અગસ્ત્ય- ઋષિએ કહ્યું કે "પર્વતરાજ, હું દક્ષિણદિશા તરફ ધર્મપ્રચાર માટે જાઉં છું. જ્યાં સુધી પાછો ન આવું ત્યાં સુધી આવી જ રીતે રહો. પછી વધવું હોય તો વધજો."

કહેવાય છે કે અગસ્ત્ય-ઋષિ દક્ષિણમાંથી પાછા જ ન આવ્યા અને પર્વત એવો ને એવો રહી ગયો, વધતો અટકી ગયો. આ લોકકાર્ય હતું.

અગસ્ત્ય-ઋષિનું ખરું કાર્ય તો દ્રવિડદેશમાં જવાનું હતું. આર્યો ઉત્તરમાં વસતા હતા અને દ્રવિડો દક્ષિણમાં વસતા હતા. બન્નેને જુદા કરનારો વિંધ્યાચલ પર્વત હતો. તે અનુલ્લંઘ્ય હતો, તેથી બન્ને પ્રજાઓ એકબીજીના સંપર્કથી રહિત હતી. આર્યો પોતાને શ્રેષ્ઠ માનતા, તેથી દ્રવિડો સાથે સમાનતાનો વ્યવહાર કરતા નહિ. બન્નેની સંસ્કૃતિ અલગઅલગ હતી. અગસ્ત્ય એવા પહેલા ઋષિ હતા જે વિંધ્યાચલ લાંઘીને દક્ષિણદેશમાં ગયા અને ત્યાં જ રહી ગયા. ત્યાં આર્યસંસ્કૃતિનો પ્રચાર કર્યો. આજે દક્ષિણમાં જે કાંઈ આર્યસંસ્કૃતિ દેખાય છે તેમાં અગસ્ત્ય-ઋષિ મુખ્ય કારણ છે. દ્રવિડો પણ મહાન હતા. તેમનાં સ્થાપત્યો-શિલ્પો વગેરે આજે પણ તેમની ગૌરવગાથા પ્રકટાવે છે. આર્ય અને દ્રવિડ સંસ્કૃતિનું મિલન કરાવનાર અગસ્ત્ય-ઋષિ છે. પછી બ્રાહ્મણો દક્ષિણ દેશ તરફ જવા લાગ્યા અને સંસ્કૃતિનો પ્રચાર કરવા લાગ્યા. જો આ પ્રવૃત્તિ વધુ વિસ્તૃત થઈ હોત તો દૂરદૂર સુધી જયજયકાર થયો હોત. પણ દક્ષિણના બ્રાહ્મણો આ કામ કરી શક્યા નહિ, અટકી ગયા. જે અટકી જાય છે તે સમાપ્ત થઈ જાય છે.

9-7-10



54. નર્મદાતટે પહોંચવું

પાંડવોનો વનવાસ ચાલી રહ્યો છે અને સમયનો સદુપયોગ પાંડવો તીર્થયાત્રામાં કરી રહ્યા છે. છેક દ્રવિડદેશના છેડા સુધી ફરતા-ફરતા અને અનેક કથાઓ લોમશ-ઋષિ દ્વારા સાંભળતા-સાંભળતા પાંડવો પાછા ફર્યા અને ગોદાવરી, નર્મદા વગેરે નદીઓમાં સ્નાન કરીને સૌરાષ્ટ્રના પ્રભાસક્ષેત્રમાં પહોંચી ગયા. આજે પણ લોકો કેટલાંય સ્થળોને પાંડવોની યાત્રા સાથે જોડી દે છે. કદાચ પાંડવો ત્યાં-ત્યાં આવ્યા હોય.

પ્રભાસક્ષેત્ર પ્રાચીન તીર્થ છે, પણ પાંડવો જ્યારે પ્રભાસક્ષેત્ર પહોંચ્યા ત્યારે સોમનાથ મહાદેવનું મંદિર હતું તેવો ઉલ્લેખ નથી મળતો, તેથી એવું લાગે છે કે પાછળથી શૈવ ધર્મ પ્રચલિત થયો હોય અને પછી સોમનાથ મંદિરની રચના થઈ હોય. જે હોય તે.

પ્રભાસથી દ્વારકા નજીક જ થાય. શ્રીકૃષ્ણને સમાચાર મળ્યા કે પાંડવો પ્રભાસ આવી ગયા છે. તે તો સમૂહ સાથે પ્રભાસ પહોંચી ગયા. જે દોડીને મળવા આવે તેને સ્વજન કહેવાય. નજીક ગયા પછી પણ જે આંખથી પણ આવકાર નથી આપતો તેને સ્વજન માની લેવાની ભૂલ કરનારને પસ્તાવું પડતું હોય છે. ત્યાગી હોય અને અહંકારી હોય તો યોગ્ય આવકાર ન આપે. "મારે ક્યાં જરૂર છે?" એવી મૂઢ વૃત્તિથી તે પીડાતો હોય છે. ત્યાગી હોય પણ અહંકારી ન હોય તો પોતાનાથી નાના માણસને પણ આવકાર આપે. આંગણે આવેલાને આવકાર આપવો એ સજ્જનનું લક્ષણ છે. એ સંસ્કૃતિ અને સંસ્કાર છે.

વનવાસથી કૃશ થઈ ગયેલા પાંડવોને જોઈને શ્રીકૃષ્ણ-બલરામ દુઃખી થયા. ભ્રમણ કરનાર કૃશ થઈ જતો હોય છે, કારણ કે ચાલ-ચાલ કરવાનું હોય છે. બીજું, સૂર્યના તાપથી ચામડીનો રંગ પણ બદલાઈ જતો હોય છે. સુખદુઃખની ઘણી વાતો કર્યા પછી પયોષ્ણી-નદીના તટ ઉપર પાંડવોએ નિવાસ કર્યો. થોડા દિવસ પયોષ્ણી-નદીના તટ ઉપર રહીને પાંડવો ફરી પાછા નીકળી ગયા. વૈદુર્ય-પર્વત પાર કરીને ફરતા-ફરતા છેક નર્મદાતટે પહોંચી ગયા.

લગભગ પ્રત્યેક નદીને ભારતમાં તીર્થનું મહત્ત્વ પ્રાપ્ત થયું છે. તેનાં બે કારણો છે. એક તો હિન્દુ ધર્મ દેહશુદ્ધિને પ્રથમ સ્થાન આપે છે. સ્નાન કરવું જ જોઈએ. સ્નાન કર્યા વિના કોઈ ધાર્મિક વિધિ થઈ શકે નહિ. જળ વિના દેહશુદ્ધિ થઈ શકે નહિ. માત્ર હિન્દુ ધર્મ જ સ્નાન કરવાથી પુણ્ય માને છે. જે લોકો શરીરથી ગંદા-ગોબરા રહે છે તેઓ હિન્દુ ધર્મ સ્વીકારી શકતા નથી. શરીરનાં છિદ્રોમાંથી સતત મળ-મૂત્ર, પ્રસ્વેદ, લીંટ વગેરે દુર્ગંધ મારતાં તત્ત્વો નીકળ્યા કરે છે. તેમને સ્વચ્છ ન રાખવાથી શરીર ગંધાઈ ઊઠે છે. સ્નાનાદિ કરવાથી તે શુદ્ધ-સ્વચ્છ થાય છે, સ્ફૂર્તિ વધે છે. સ્નાન પછી મન ઉપર પણ સારી અસર થાય છે. વારંવાર સ્નાન કરવાથી કામ-ક્રોધના આવેગો ઓછા થઈ જાય છે. તે જમાનામાં સ્નાન માટે સૌથી ઉત્તમ સાધન નદી હતું. તેથી તેને પવિત્ર માની છે.

બીજું કારણ નદીકિનારે ઋષિમુનિઓના આશ્રમો રહેતા. તપસ્વીઓ તપ કરતા, વિદ્યાર્થીઓ વેદાધ્યયન કરતા, ચિંતકો ચિંતન-મનન કરતા. મોટા ભાગનાં શાસ્ત્રો કે મહાન ગ્રંથો કોઈ ને કોઈ નદીકિનારે લખાયાં છે, તેથી ત્યાં પવિત્ર પુરુષો રહેતા હોવાથી તેમનાં દર્શન અને સત્સંગનો લાભ મળવાથી લોકકલ્યાણ થતું રહેતું. તેથી પણ નદીને પવિત્ર માનવામાં આવી છે.

કલકલ વહેતી નદી સ્વયં શુદ્ધ જળ આપીને જળની આવશ્યકતા પૂરી કરે છે. તેથી પાંડવો

ફરતા-ફરતા નર્મદાતટે આવી પહોંચ્યા.

9-7-10

*

55. ચ્યવન-ઋષિની કથા

પ્રત્યેક ધર્મમાં કોઈ ને કોઈ પ્રકારનું તપ હોય જ છે. તપ કષ્ટ વિનાનું ન હોય. સુખ-સાહ્યબી ભોગવતાં-ભોગવતાં તપ કરાય નહિ. તેથી મોટા ભાગે ઋષિમુનિઓ તપ કરવા વનમાં જતા, જ્યાં ઘણી અગવડો વચ્ચે તપ તપતા. જો સાચું તપ હોય તો તેની સિદ્ધિ મળે. જે તપ લોકો માટે હોય તેને પરમાર્થ તપ કહેવાય. રાષ્ટ્ર માટે હોય તો રાષ્ટ્રીય તપ કહેવાય. સમાજ માટે હોય તો સામાજિક તપ કહેવાય. માત્ર પરલોક સુધારવા કે આત્મકલ્યાણ કરવા જે તપ કરાય તે સ્વલક્ષી તપ કહેવાય. સ્વલક્ષી તપ કરતાં સર્વલક્ષી તપ ઘણું મહાન છે. જે તપનું કશું જ સ્વ-પર પરિણામ ન હોય તેને વાંઝિયું તપ કહેવાય. આવા વાંઝિયા તપથી દેહપીડા સિવાય કશું મળતું નથી.

ચ્યવન નામના એક ઋષિ છે. તે વનમાં ઘોર તપ તપી રહ્યા છે. ઘણો સમય એક જ આસને બેસી રહેવાથી તેમના શરીર ઉપર ઊધઈએ પોતાનો રાફડો કરી લીધો. માત્ર બે આંખો જ તગતગી રહી હતી. તે ચેષ્ટારહિત તપ તપી રહ્યા હતા.

એક દિવસ શર્યાતિ નામનો રાજા ત્યાં વિહાર કરવા આવ્યો. તેની સાથે ચાર હજાર રાણીઓ હતી. આટલીબધી રાણીઓ હોવા છતાં તેને સંતાનમાં માત્ર એક પુત્રી જ હતી. તેનું નામ સુકન્યા હતું. ઘણી પત્નીઓ પછી પણ બાળક ન થાય તો પુરુષના બીજમાં કાંઈક ખામી હોવી જોઈએ. ઘણી સ્ત્રીઓથી ઘણું સુખ મળતું નથી. તે ભ્રમણા છે. ઘણી સ્ત્રીઓને સંતાપીને કોઈ સુખી ન થઈ શકે. જેનું કામશમન નથી થતું તે સંતાપ ભોગવે છે. સંતાપ તન-મન બન્નેને મલિન બનાવી દે છે. જો ખરું સુખ જોઈતું હોય તો પુરુષે એક જ સ્ત્રી અને સ્ત્રીએ એક જ પુરુષ કરવો જોઈએ. હા, મરણ પછી બીજું પાત્ર કરી શકે છે.

મહેલોમાં અવરોધાયેલી સ્ત્રીઓને બાગ-બગીચા કે નદીકિનારે હરવાફરવાનું મળે છે ત્યારે તે તબેલામાં બાંધી રાખેલી ઘોડીને છૂટી મૂકવાથી જેમ દોડાદોડી કરે તેમ સ્ત્રીઓ પણ દોડાદોડી કરી મૂકતી હોય છે. તેમની ચંચળતા વધુ ચંચળ થઈ જતી હોય છે. રાજાની બધી સ્ત્રીઓ આનંદ-પ્રમોદ કરતી હતી. તેવામાં પેલી કન્યા ફરતી-ફરતી ચ્યવન-ઋષિના ઊધઈના રાફડા પાસે પહોંચી ગઈ. ઋષિની તગતગતી આંખો જોઈને તેને નવાઈ લાગી. “આ શું હશે?” તેવું કુતૂહલ થવાથી એક લાંબો કાંટો લઈને ઋષિની આંખમાં નાખ્યો. ઋષિની આંખ ફૂટી ગઈ. ઋષિ ક્રુદ્ધ થઈ ઊઠ્યા. તપસ્વીઓ મહાક્રોધી હોય છે. તપસ્વીઓ સંત નથી હોતા. પંડિતો મહા ઈર્ષ્યાળુ હોય છે. પંડિતો સંત નથી હોતા. સંતને ઈર્ષ્યા ન હોય, ક્રોધ ન હોય. હોય તો ક્ષણિક હોય. સંત સૌથી અલગ છે, દુર્લભ છે.

ચ્યવન-ઋષિ ઊભા થઈ ગયા. તેમણે પોતાના તપના પ્રભાવથી શર્યાતિ રાજાની સેનાનાં મળમૂત્ર બંધ કરી દીધાં. બધાં બહુ દુ:ખી થયાં. રાજા ચ્યવન-ઋષિના શરણે ગયો અને ક્ષમા માગી. ચ્યવન-ઋષિએ રાજા પાસે કન્યાનો હાથ માગ્યો. રાજાએ કન્યાદાન કરી દીધું. ત્યારે કન્યાનો પોતાનો કોઈ આવાજ ન હતો. કજોડું જ થઈ ગયું. એવામાં એક દિવસ અશ્વિનીકુમારો આવી પહોંચ્યા. તેમણે આ કજોડું જોઈને સુકન્યાને વૃદ્ધ ચ્યવનનો ત્યાગ કરી પોતાની સાથે લગ્ન કરી લેવા લલચાવી. વૃદ્ધ પતિની યુવાન પત્ની ઉપર ઘણાનો ડોળો રહેતો હોય છે. ઘણાં આકર્ષણો વચ્ચે પણ અડગ રહીને ટકી જનારી અમર થઈ જતી હોય છે. સુકન્યા મક્કમ રહી. પોતાના પતિથી તેને પૂર્ણ સંતોષ હતો. વાસના-સંતોષ તો કરવાથી થતો હોય છે. ના કરનારને

અસંતોષ ભડકે બાળતો હોય છે. પછી અશ્વિનીકુમારોએ એક શરત મૂકી કે "ચ્યવન-ઋષિને લઈ આવો. અમે વૈદ્ય છીએ. દવા કરીને તેમને જુવાન અને રૂપાળા બનાવી દઈશું. પછી અમારા ત્રણમાંથી તને જે પસંદ પડે તેની સાથે લગ્ન કરજે." સુકન્યાએ પોતાના પતિ ચ્યવનને વાત કરી. ચ્યવને પ્રસ્તાવ સ્વીકાર કર્યો. એક સરોવરમાં ચ્યવને સ્નાન કર્યું અને જ્યારે બહાર નીકળ્યા ત્યારે રૂપ અને યુવાવસ્થા લઈને નીકળ્યા. સુકન્યાએ ઋષિને જ પસંદ કર્યા. પતિ બદલાય નહિ. પત્ની પણ બદલાય નહિ. એકમાં જ સુખ મળે, અનેકમાં નહિ.

અશ્વિનીકુમારોએ ચ્યવનઋષિને જુવાની આપી તેથી પ્રસન્ન થઈને ઋષિએ તેમને ઇન્દ્રની સમક્ષ સોમપાનના અધિકારી બનાવી દીધા. ત્યારે ઋષિઓ સોમરસનું પીણું પીતા હતા.

જ્યારે યજ્ઞમાં ઇન્દ્રની સાથે સોમપાનનો પ્રસંગ આવ્યો ત્યારે ઇન્દ્રે વિરોધ કર્યો, "આ તો વૈદ્ય છે. તે મારી સાથે સોમપાન ન કરી શકે." ત્યારે વૈદ્યોની કક્ષા હલકી ગણાતી હશે. ઇન્દ્રની સાથે સોમરસ પીવા બાબતમાં ઝઘડો થઈ ગયો. અંતે ઇન્દ્ર હાર્યો અને ચ્યવન-ઋષિની ઇચ્છા પ્રમાણે અશ્વિનીકુમારોના સોમપાનના અધિકારનો સ્વીકાર કર્યો. યજ્ઞ સારી રીતે પૂરો થયો.

લોમશ-ઋષિ યુધિષ્ઠિરને કહે છે કે આ સ્થાન ચ્યવન-ઋષિનું જ છે. અહીં જ પોતાની પત્ની સુકન્યા સાથે મુનિ વિચરતા રહેતા હતા. યુધિષ્ઠિરે પ્રણામ કર્યા અને ત્યાંથી વિદાય થયા.

9-7-10



56. માંધાતાની કથા

પૌરાણિક કથાઓ તર્કસંગત નથી હોતી તોપણ તેની બોધપ્રદાયિની ક્ષમતા ગજબની હોય છે. જીવનમાં બધું જ તર્કસંગત નથી હોતું. જે લોકો બધી વસ્તુઓને તર્કસંગત બનાવવા માગે છે તે જીવન ખોઈ બેસે છે. શ્રદ્ધા અને પ્રેમ તર્કાતીત હોય છે. તેમાં તાર્કિકતા ચાલતી નથી. આનો અર્થ એવો કોઈ ન સમજે કે જીવનમાં તર્કનું સ્થાન જ નથી. તર્કનું પૂરેપૂરું સ્થાન છે જ, પણ તેની પણ મર્યાદા છે, સીમા છે, તેવું ભાન હોવું જરૂરી છે.

મહારાજા માંધાતાની કથા આવી છે. યુવનાશ્વ નામનો રાજા હતો. તેણે આખો દિવસ ઉપવાસ કરીને યજ્ઞ કર્યો. રાત્રે તેને બહુ જ તરસ લાગી. તેનાથી રહેવાય નહિ એવી તરસ લાગી. કુદરતી આવેગોનું દમન એક સીમા સુધી જ કરી શકાય છે, પછી કરી શકાતું નથી. જે સીમા છે ત્યાં સુધી જ દમન ચાલે, પછી ન ચાલે. પછી આવેગો દમન કરનારનું દમન કરી નાખે. એટલે શાસ્ત્રોમાં દમન અને શમન એમ બે શબ્દો આવે છે. દમનની મર્યાદા પૂરી થયા પહેલાં તેનું શમન કરી શકો તો આવેગો શાંતિ આપે, નહિ તો દમન કરનારનો વિનાશ કરી નાખે. માનો કે તમને તીવ્ર તરસ લાગી છે. હવે છેક સીમાએ પહોંચી ગયા છો. હવે પાણી પી લો, શાંતિ થઈ જશે. પણ સીમા પાર કર્યા પછી પણ પાણી નહિ પીઓ તો તરસ તમને મારી નાખશે. આવું જ ભૂખનું પણ છે. તરસ કરતાં ભૂખની સીમા ઘણી લાંબી છે. પણ તેનીયે સીમા તો છે જ. સીમા આવતાં પહેલાં થોડું જમી લો, તો આહાર અમૃત થઈ જશે. પણ સીમા પાર કર્યા પછી પણ નહિ જમો તો ભૂખ તમને મારી નાખશે. લોકો કહે છે. “ભૂખે મરી ગયો.” પહેલાં આરોગ્યથી મારશે અને પછી પ્રાણથી મારશે. હદ પારના ઉપવાસ કરનારા આરોગ્ય ખોઈ બેસે છે (ફળાહાર વિનાના.) શરીરને હીમોગ્લોબીન વગેરે તત્ત્વો જોઈએ તે હદપારના ઉપવાસીને મળતાં નથી તેથી તેને અનેક પ્રકારના રોગો થાય છે. ફિક્કાશ અને દુર્બળતા તો તેનો કાયમી રોગ થઈ જતા હોય છે.

સૌથી પ્રબળ ઉપવાસ કામવાસનાનો છે. હદપારના ઉપવાસને નિગ્રહ કહેવાય છે. હદમાં જ રહેનારને સંયમી કહેવાય છે. સંયમ સારી વસ્તુ છે. નિગ્રહ રાક્ષસથી પણ વધુ વિકરાળ છે. હદપાર થતાં જ કામ નિગ્રહી માણસ ઉપર તૂટી પડે છે, તેનો કચ્ચરઘાણ કાઢી નાખે છે. નિગ્રહીનું કશું ચાલતું નથી. તે રોતો-કકળતો રહી જાય છે. ક્રૂરતાપૂર્વક કામ તેને ચૂંથી નાખે છે. બીજા ઉપવાસોમાં માણસનું મનોબળ કે આત્મબળ અમુક હદ સુધી કામ કરે છે. સૌ-સૌની હદ જુદીજુદી હોય છે. પણ કામવાસનામાં મનોબળ ચાલતું નથી. તેનું નામ જ “મન્મથ” છે, અર્થાત્ મનને મથી નાખનાર. નિગ્રહી વ્યક્તિની દુર્દશા ઘૃણાને પાત્ર નથી, દયાને પાત્ર છે, કારણ કે તેની મૂળમાંથી જ ગેરસમજે તેને કુમાર્ગે વાળી દીધો છે. કુમાર્ગ એટલે કામશમન માટેના અયોગ્ય—અકુદરતી માર્ગો. આ તેની લાચારી છે, મજબૂરી છે. આવશ્યકતા તેને દંડ દેવાની નહિ, સાચી સમજણ સાથે ખરા માર્ગે વાળવાની છે. હદ પછી શમન હોવું જ જોઈએ. શમન જ શાંતિ આપે.

યુવનાશ્વને તીવ્ર તરસ લાગી છે. તે તરસની હદ વટાવી ચૂક્યો છે, તેથી પાણી-પાણી કરતો આકુળવ્યાકુળ થઈ ગયો છે. રાત ક્યારનીયે પડી ગઈ છે. બધા ઋષિઓ થાકીને સૂઈ ગયા છે. પાણી-પાણી કરતો તે ચ્યવન-ઋષિના આશ્રમે પહોંચી ગયો. બધાં સૂઈ ગયાં હતાં, એટલે કોઈએ તેની વાત સાંભળી નહિ. નજીકમાં જ એક કળશમાં પાણી ભર્યું હતું તે યુવનાશ્વે

ઉપાડીને ઘટક-ઘટક પી લીધું. જે વધ્યું તે છોડી દીધું. હાશ! હવે શાંતિ થઈ! આવેગોને અવરોધવાથી નહિ તેનું શમન કરવાથી શાંતિ મળતી હોય છે. શમનનો માર્ગ ત્યાગીને માત્ર દમનનો માર્ગ પકડનારા કુમાર્ગી થઈ જતા હોય છે, અર્થાત્ પ્રત્યક્ષ નહિ તો ખાનગીમાં છીંડાં પાડી દેતા હોય છે. હદબહારનું દમન શક્ય જ નથી.

સવાર થયું. ચ્યવન-ઋષિએ ઊઠીને જોયું તો કળશ ખાલી હતો. તેમને ફાળ પડી: હવે શું થશે?

વાત એમ બની હતી કે યુવનાશ્વની રાણીને મહાન પુત્ર થાય તે માટે ઋષિએ અનુષ્ઠાન કરીને અભિમંત્રિત કરેલું આ જળ હતું. તે જળ જે પીએ તેને મહાન પુત્ર પેદા થાય.

તપાસ કરતાં ખબર પડી કે તે જળ તો તીવ્ર તરસ્યો યુવનાશ્વ જ રાત્રે પી ગયો હતો. હવે તેને ગર્ભ રહી ગયો હતો. સો વર્ષ સુધી પેટમાં ગર્ભ રહ્યો. પછી પેટ ચીરીને પ્રસૂતિ કરાવી. એક મહાન તેજસ્વી બાળક થયો. ઇન્દ્રે તરત જ પોતાની તર્જની આંગળી તેના મોઢામાં મૂકી દીધી, તે ચૂસવા લાગ્યો. તેનું નામ ‘માંધાતા’ પાડવામાં આવ્યું. તેની વ્યુત્પત્તિ આવી રીતે થાય છે: “મામ્ અયં ધાતા”—અને મને ધાવનારો.

જોતજોતાંમાં માંધાતા મોટો થઈ ગયો. તેણે ચારે તરફ દિગ્વિજય કરી રાજ્યનો વિસ્તાર કર્યો. તેના સમયમાં સતત બાર વર્ષ સુધી વરસાદ જ ના થયો. ભયંકર દુષ્કાળ પડ્યો. પણ માંધાતાએ અનેક ઉપાયોથી જળનો પ્રબંધ કરીને અન્નાદિ ઉત્પન્ન કરતો રહ્યો. પ્રજાને મરવા ન દીધી.

લોમશ-ઋષિ કહે છે કે “યુધિષ્ઠિર, આ તીર્થ તેનું છે. વંદન કરો અને માંધાતાની માફક દુષ્કાળ વગેરે કુદરતી આપત્તિઓથી પાર ઊતરવા નદીઓ ઉપર બંધ, નહેરો, ચેકડેમો વગેરેની વ્યવસ્થા કરો, જેથી પ્રજા ભૂખે ન મરે.” યુધિષ્ઠિરે તીર્થને વંદન કર્યાં.

9-7-10



57. સોમક-રાજાની કથા

એક મહત્ત્વનો મુદ્દો આજે વિચારણીય થઈ રહ્યો છે તે પ્રાચીનકાળમાં 'મહાભારત'માં પણ આવ્યો છે. મુદ્દો છે કે માણસને કેટલાં સંતાન હોવાં જોઈએ? એક મત એવો છે કે કુદરતને કુદરતનું કામ કરવા દેવું જોઈએ, અર્થાત્ જેટલાં સંતાન થાય તેટલાં થવા દેવાં જોઈએ. પણ તો-તો પછી ધરતી ઉપર પગ મૂકવાની જગ્યા નહિ રહે. ચારે તરફ માણસો જ માણસો દેખાશે. તેમના માટે અન્ન-પાણી-વાહન-શિક્ષણ વગેરેની વ્યવસ્થા થઈ શકશે નહિ. ખરેખર તો જ્યારે આપણે કુદરતની વાત કરીએ છીએ ત્યારે સંપૂર્ણ કુદરતની વાત કરવાની, અડધી નહિ. માનવેતર પ્રાણીઓમાં આજે પણ વસતીવધારાનો પ્રશ્ન હેરાન કરતો નથી, કારણ કે કુદરત જ તેનું નિયમન કરી લે છે. માનો કે એક કૂતરીને પાંચ કુરકુરિયાં જન્મે છે, પણ હોળી આવતાં-આવતાં ભાગ્યે જ એકાદ બચે છે, બાકીનાં બધાં મરી જાય છે. લગભગ બધાં જ પ્રાણીઓમાં આવી કોઈ ને કોઈ પ્રકારની પ્રક્રિયા કામ કરે છે જેથી તેમની વસ્તીનું સંતુલન રહે છે.

માણસોમાં પણ પહેલાં આવું જ હતું. જન્મેલાં બધાં બાળકો જીવતાં નહિ. માંડ ત્રીસેક ટકા બાળકો જીવતાં, બાકીનાં મરી જતાં. આપણે વિકાસ કર્યો. કુદરતમાં દખલ કરી. નર્સિંગહોમ, પ્રસૂતિની સુવિધા, દવાઓ વગેરે શોધ્યું. બાળક-મરણ-પ્રમાણ ઘટી ગયું. હવે માંડ પાંચથી દશ ટકા જ બાળકો મરે છે. એંશીથી નેવું ટકા બાળકો જીવતાં રહે છે. બીજી તરફ માણસોનું આયુષ્ય વધ્યું. આ રીતે વૃદ્ધો વધ્યાં, બાળકો વધ્યાં, વસ્તી વધી, કારણ કે કુદરતી પ્રક્રિયામાં દખલ દીધી. હવે કાં તો પૂરેપૂરી કુદરતી પ્રક્રિયા અપનાવો અથવા વિકાસ અને વિજ્ઞાનનો આધાર લઈને માનવીય પ્રક્રિયા અપનાવો. સૌથી મોટો પ્રશ્ન બાવળો વધારીને આંબા ઘટાડવાનો ન થવો જોઈએ. નહિ તો આ આંબાવાડિયું બાવળવાડિયું થઈ જશે.

કથા જોઈએ:

સોમક-રાજાને સો રાણીઓ હતી. વૃદ્ધાવસ્થા આવી પણ સંતાન ન થયું. બધાં બહુ દુ:ખી થવા લાગ્યાં. છેક પાછલી જિંદગીમાં એક રાણીને એક પુત્ર થયો, જેનું નામ જન્તુ રાખવામાં આવ્યું. પાછલી જિંદગીમાં એકનો એક પુત્ર હોવાથી બધી રાણીઓ તેને વીંટળાઈને રહેતી હતી. એક દિવસ કુંવર જન્તુને કમરમાં એક કીડીએ ચટકો ભર્યો. જન્તુ તો ચીસાચીસ કરવા લાગ્યો. રાણીઓએ ઘણો છાનો રાખવા માંડ્યો પણ તે શાંત ન થયો. તેની ચીસો તેના પિતા રાજા સોમકને બાજુના સભા-હોલમાં સંભળાઈ. તે મંત્રીઓ સાથે મંત્રણા કરતો હતો. મંત્રણા પડતી મૂકીને તે અંત:પુરમાં દોડી આવ્યો. પુત્ર જન્તુને શાંત કરીને પાછો મંત્રણા માટે ચાલ્યો ગયો. તેણે કહ્યું કે "એક જ પુત્ર હોય તો તે સુખદાયી નથી હોતો. અકસ્માતમાં કે બીમારીથી તેનું અકાળ મૃત્યુ થઈ જાય તો ફરી પાછા વાંઝિયા થઈ જવું પડે. તેના કરતાં ઘણા પુત્રો સારા જેથી એકનું મૃત્યુ થાય તો બીજો તો હાજર હોય. વારસાની અવ્યવસ્થા ન થાય."

જેની પાસે ઘણો મોટો વારસો હોય, ઘણી પેઢીઓ હોય તેણે તો હંમેશાં ઘણા પુત્રો પેદા કરવા જોઈએ, જેથી બધું સંભાળી શકાય.

ઋત્વિકે આ દુ:ખ દૂર કરવા એક યજ્ઞ કરવાની સલાહ આપી. રાજાએ તેવો યજ્ઞ કર્યો, જેમાં જન્તુનું બલિદાન અપાયું. રાજાની રાણીઓને સો પુત્રો થયા. જન્તુ પણ ફરીથી માતાના પેટે અવતર્યો. હવે રાજાને એક નહિ, સો પુત્રો થયા હતા. તેની ખુશીનો પાર ન હતો. થોડા દિવસ

પછી પુરોહિતનું મૃત્યુ થયું તે પછી રાજાનું પણ મૃત્યુ થઈ ગયું. પરલોક જતી વખતે રાજાએ જોયું કે પુરોહિત તો ઘોર નર્કમાં ધગધગતા અગ્નિમાં શેકાઈ રહ્યા છે. રાજા સોમકથી પોતાના પુરોહિતનું દુ:ખ જોયું ન ગયું. તેણે યમરાજને કારણ પૂછ્યું તો યમરાજે કહ્યું કે આ પુરોહિતે બાળબલિદાનવાળો યજ્ઞ કર્યો હોવાથી તેને નર્કની સજા મળી છે. આવો યજ્ઞ કરાય નહિ, બલિદાન અપાય નહિ. આવા યજ્ઞ કરનારને અમે નર્કની જ સજા આપીએ છીએ.

રાજાએ પુરોહિતની જગ્યાએ પોતાને નર્કમાં નાખવાની વાત કહી, તો યમરાજે કહ્યું કે સૌએ પોતપોતાનાં કર્મો ભોગવવાનાં હોય છે. બદલો ન થઈ શકે.

રાજા સોમકે હઠ પકડી કે મને પણ મારા પુરોહિત સાથે નરકમાં નાખો, કારણ કે તેણે મારા માટે યજ્ઞ કર્યો હતો. યમરાજે બન્નેને નર્કનાં દુ:ખો ભોગવાવ્યાં અને પછી છૂટા કર્યા, અર્થાત્ આવો યજ્ઞ કરાય નહિ. કોઈ કરે તો નર્ક જ ભોગવવું પડે.

મોટા વારસદારે ઘણા પુત્રો પેદા કરવા જોઈએ, જેથી આપત્તિમાં પણ એક નહિ તો બીજો લગામ સંભાળી શકે.

લોમશ-ઋષિએ યુધિષ્ઠિરને સોમક આશ્રમ બતાવ્યો. અહીં છ દિવસ રોકાઈને તપ કરવાનો મહિમા છે. પાંડવો રોકાઈ ગયા અને તપ કરવા લાગ્યા.

9-7-10

*

58. ઉશીનરની કથા

જીવનની ઊંચાઇ કેટલી? નીચાઈ કેટલી? બધા માણસો એકસરખી ઊંચાઈએ જીવન જીવતા નથી. આવી જ રીતે બધાના જીવનની નીચાઈ પણ એકસરખી નથી હોતી. આથી પણ વધારે એક માણસ પોતાના પૂરા જીવનમાં એકસરખી ઊંચાઈ કે એકસરખી નીચાઈએ જીવન જીવતો નથી. સૌ-સૌની અલગઅલગ સ્થિતિ હોય છે.

કથાઓ ઊંચાઈની હોય છે. હા, ઊંચાઇને માપવા બાજુમાં કોઈની નીચાઈ પણ કથાનું અંગ થઈ શકે છે. જે લોકો માત્ર વ્યાવહારિક જ જીવન જીવતા હોય છે તેમની કથામાં રસ નથી હોતો. રસ તો અદ્ભુત કથાઓમાં જ હોય છે. અદ્ભુત કથાઓ વાસ્તવિકતાથી પર હોય છે. આવી જ એક કથા અહીં આલેખાય છે.

યમુનાપ્રદેશમાં ઉશીનર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે મહાન હતો. તેનો યશ ચારે તરફ ફેલાયેલો હતો. મહત્તા અને યશસ્વિતા વિરોધ અને ઈર્ષ્યા વિનાની નથી હોતી. ઉશીનરના યજ્ઞોથી ઇન્દ્રને ઈર્ષ્યા થઈ. તેની કસોટી કરીને તેને હલકો પાડવા તેણે એક ષડ્યંત્ર રચ્યું. તેણે અગ્નિને સાધ્યો. ઇન્દ્રે બાજપક્ષીનું રૂપ ધારણ કર્યું અને અગ્નિએ કબૂતરનું રૂપ ધારણ કર્યું. બાજપક્ષી પોતાના શિકાર કબૂતરની પાછળ પડ્યું છે. કબૂતર બાજથી બચવા માટે ઉશીનર રાજાના ખોળામાં આવીને લપાઈ ગયું. બાજે કહ્યું, “મારો શિકાર મને આપી દો.” કબૂતર ભયથી ફફડી રહ્યું હતું. તે ઉશીનરના ખોળામાં વધુ લપાયું. ઉશીનરે કહ્યું કે “આ પક્ષી મારે શરણે આવ્યું છે. મારો ધર્મ શરણાગતની રક્ષા કરવાનો છે, એટલે હવે મારાથી આ પક્ષી તને અપાય નહિ.”

“પણ કબૂતર મારો આહાર છે. કુદરતે મારા માટે તેને આહારના રૂપમાં નિયુક્ત કર્યું છે. હું તેનો શિકાર કરું તેમાં મને કશું પાપ ન લાગે. તે તો મારું કર્તવ્ય છે, ધર્મ છે. તમે મારો આહાર પડાવીને અધર્મ કરી રહ્યા છો.”

રાજાએ કહ્યું, “ના-ના, તમારા માટે હું બીજા કોઈ પણ પશુની વ્યવસ્થા કરી શકું છું. તમને જે પશુ પસંદ હોય તેનું માંસ હમણાં આવી જશે. તમે પેટ ભરીને જમી શકો છો.” પણ બાજપક્ષી ન માન્યું. રાજાએ ઘણા વિકલ્પો આપ્યા, પણ બાજપક્ષી ન જ માન્યું. છેવટે કબૂતરના વજન બરાબર રાજા પોતાનું માંસ બાજપક્ષીને આપે તેવું સમાધાન થયું.

રાજાએ ત્રાજવાં મંગાવ્યાં. એક તરફ કબૂતરને બેસાડ્યું અને બીજી તરફ પોતાનું માંસ કાપીકાપીને મૂકવા માંડ્યું. પણ કબૂતરનું પલ્લું નીચું જ રહ્યું. છેવટમાં રાજા પોતે ત્રાજવામાં બેસી ગયો અને બાજને કહ્યું કે ““લો, હવે મને જ પૂરેપૂરો ખાઈ જાઓ.” રાજાની કસોટી પૂરી થઈ. ઇન્દ્ર અને અગ્નિ પ્રગટ થયા. ઉશીનરને ખૂબખૂબ ધન્યવાદ આપ્યા.

અહીં વિચારવાનું એ છે કે શરણાગત કબૂતરની રક્ષા માટે રાજા ધારે તો બાજપક્ષીને મારી શકતો હતો, તેને ઉડાડી મૂકી શકતો હતો. તે રાજા હતો, ધારે તે કરી શકતો હતો, પણ તેણે ધર્મને મહત્ત્વ આપ્યું અને પોતાની સત્તાનો દુરુપયોગ કર્યા વિના જ પોતાના દેહને અર્પણ કરી દીધો. આ જીવનની સર્વોચ્ચ ઊંચાઈ હતી. આવી ઊંચાઈ પ્રેરક હોય છે અને તેની કથાઓ હોય છે.

યુધિષ્ઠિરે ઉશીનરના આશ્રમનાં દર્શન કર્યાં અને ધન્યધન્ય થઈ ગયો.

9-7-10

*

59. માર્કંડેયની કથા

પાંડવો વનવાસ ભોગવી રહ્યા છે અને તેનો સદુપયોગ તીર્થયાત્રામાં કરી રહ્યા છે. લોમશ-ઋષિ સાથે છે. એક જ્ઞાની અને અનુભવી જાણકાર માણસ સાથે હોય તો તીર્થયાત્રા સારી રહે.

ફરતા-ફરતા પાંડવો ઉત્તરાખંડ આવ્યા છે. બધી યાત્રાઓમાં ઉત્તરાખંડની યાત્રા વધુ કઠિન છે, કારણ કે અહીં હિમાલયનાં શિખરો છે. ઉશીરબીજ, મૈનાક, શ્વેત અને કાલશૈલ નામનાં શિખરો વળોટીને પાંડવો આગળ વધી રહ્યા છે. અહીં ગાંધર્વો અને યક્ષો રહે છે. કિન્નરો પણ અહીં જ રહે છે. ભારતના વિશાળ ભાગમાં જુદીજુદી જાતિઓ નિવાસ કરે છે. બધીના આકાર-પ્રકાર તથા ગુણધર્મો પણ અલગઅલગ છે. અહીં જ ધનનો દેવ કુબેર પણ રહે છે. અહીંથી થોડે જ દૂર કૈલાસપર્વત છે, જ્યાં ભગવાન શિવનો વાસ છે. આ બાજુ બદરીકાશ્રમ છે. યાત્રા ઘણી કઠિન છે, એટલે યુધિષ્ઠિરે કેટલાક લોકોને પાછા વળી જવાની સલાહ આપી, “તમે બધા પાછા હરિદ્વાર જઈને, હું પાછો આવું ત્યાં સુધી, રહો. આ પ્રદેશ વિકટ છે. દ્રૌપદીની રક્ષા કરજો.”

યુધિષ્ઠિરની આવી સલાહને બાકીના લોકોએ માની નહિ. સૌએ હિંમતપૂર્વક સાથે રહેવાની મક્કમતા બતાવી. મક્કમ મનવાળા યાત્રીઓ જ આવી યાત્રા પાર કરી શકતા હોય છે.

રસ્તામાં કુન્દરાજનું રાજ્ય આવ્યું. ત્યાં રાત રહ્યા. વધારાનો સામાન ત્યાં મૂકીને બીજા દિવસે બધા આગળ ચાલ્યા. દ્રૌપદીને અર્જુનને મળવાની તીવ્ર ઉત્કંઠા છે. બધાં તીવ્ર ઉત્કંઠાથી અર્જુનને મળવા આગળ જઈ રહ્યાં છે. ઉત્કંઠાથી ઉતાવળ આવે છે. બધાં અર્જુનને મળવા ઉતાવળાં થયાં છે. પણ હજી સુધી અર્જુન ના મળવાથી બધાં ચિંતાતુર થયાં છે. ઉત્કટ પ્રેમમાં આપોઆપ ઉત્કંઠા રહેતી હોય છે. ઉત્કંઠા પૂરી ન થવાથી સંતાપ થતો હોય છે. બધાં સંતાપ અનુભવી રહ્યાં છે. એવામાં એક હાડકાંનો ઢગલો જોવા મળ્યો. તે નરકાસુરનાં હાડકાં પડ્યાં હતાં. લોમશ-ઋષિ વચ્ચેવચ્ચે બધી કથાઓ સંભળાવે છે. એક વાર પૃથ્વી ઉપર માણસોની સંખ્યા ઘણી વધી ગઈ. જ્યાં જુઓ ત્યાં માણસો જ માણસો થઈ ગયાં. તેથી ભાર વધી જવાથી પૃથ્વી સો યોજન નીચે ચાલી ગઈ. જ્યારે-જ્યારે પૃથ્વી ઉપર ભાર વધી જાય છે, ત્યારે હળવી થવા માટે પૃથ્વી વિષ્ણુ ભગવાન પાસે જાય છે. વિષ્ણુએ ભાર હળવો કરવા વચન આપ્યું અને તેમણે વરાહરૂપ ધારણ કરીને પૃથ્વીને હતી ત્યાં ને ત્યાં સ્થાપિત કરી દીધી. યુધિષ્ઠિર કથા સાંભળી રહ્યા છે.

હવે બધાં ગંધમાદન-પર્વત નજીક પહોંચી ગયાં છે. અહીં ભયંકર આંધી આવી. અહીં બરફની આંધીમાં લોકો ભાન ભૂલીને મરણશરણ થઈ જતાં હોય છે. હિમવર્ષા એટલી પ્રબળ હતી કે એકબીજાનાં મોઢાં પણ જોઈ શકાતાં ન હતાં. બધાં જ્યાં જગ્યા મળી ત્યાં છુપાઈ ગયાં. આ તોફાનમાં દ્રૌપદી મૂર્છિત થઈ ગઈ. એવું લાગ્યું કે હવે તેના પ્રાણ નીકળી જશે. વિકટ યાત્રામાં ક્યારે કોનું શું થઈ જાય તે કહેવાય નહિ.

ભીમસેને પોતાના પુત્ર ઘટોત્કચનું સ્મરણ કર્યું એટલે તે પ્રગટ થઈ ગયો. ઘટોત્કચે બધાંને મદદ કરી અને પછી બધાં ગન્ધમાદન-પર્વત પહોંચી ગયાં. નર-નારાયણ આશ્રમનાં દર્શન કર્યાં. નજીકમાં જ ગંગાજી વહેતાં હતાં. તેમનાં પણ દર્શન કર્યાં. પાંડવો થોડા દિવસો માટે ત્યાં રહેવા લાગ્યા.

એક દિવસ દ્રૌપદી સુગંધભર્યું પુષ્પ લઈને ભીમસેન પાસે આવી અને અર્પણ કર્યું. ભગવાને પુષ્પોની રચના પ્રેમીઓ માટે કરી હશે તેવું લાગે છે. બીજું કોઈ કારણ દેખાતું નથી. પ્રેમીઓ જ્યારે પુષ્પને એકબીજાને અર્પણ કરે છે તો તેમાં ત્રણ સંદેશા હોય છે.

1. પ્રેમ સદા સુંદર, રૂપાળો હોય છે. તે કદી કદરૂપો નથી હોતો.

2. પ્રેમ હંમેશાં સુગંધભર્યો હોય છે. વ્યક્તિ કદરૂપી હોય, પ્રેમ કદરૂપો ન હોય. વ્યક્તિના શરીરમાંથી દુર્ગંધ આવતી હોય, પણ પ્રેમમાં દુર્ગંધ ન હોય. પ્રેમ તો મઘમઘતી સુગંધથી ભરપૂર હોય છે:

3. પ્રેમ સુંવાળો હોય છે, કઠોર નથી હોતો, ખરબચડો નથી હોતો.

આ ત્રણ તત્ત્વો પ્રાપ્ત કરીને પ્રેમી યુગલો જીવનને સુખથી તરબોળ કરી મૂકતાં હોય છે. જેને સાચો પ્રેમ મળ્યો તેને ભગવાન મળ્યા. પ્રેમ વિનાનું જીવન એ જીવન જ નથી.

દ્રૌપદીનું અર્પણ કરેલું પુષ્પ ભીમે સ્વીકાર કર્યું અને દ્રૌપદીએ કહ્યું કે “જાઓ, આવાં પુષ્પો લઈ આવો. મારે આપણા કામ્યકવનના આશ્રમમાં લઈ જવાં છે.” દૂર જઈને પણ સ્ત્રીઓ ઘરને ભૂલી શકતી નથી. સ્ત્રીઓની અપેક્ષાઓ નાની-નાની હોય છે. ઘણી વાર તુચ્છ અપેક્ષા પૂરી કરવા માટે પણ તેઓ પુરુષોને જોતરી દેતી હોય છે. બિચારો ભીમ! જુઓ તો ખરા! પુષ્પ લેવા કેટકેટલી કઠિન જગ્યાએ ચઢ-ઊતર કરીને માંડ સરોવરે પહોંચ્યો! રસ્તામાં વૃદ્ધ થઈ ગયેલા હનુમાનજી મળી ગયા. તે વૃદ્ધાવસ્થાના કારણે માર્ગમાં સૂતા હતા. ભીમ અને હનુમાનનો સંવાદ થયો. ભીમ હનુમાનને ઓળખી ન શક્યા. બન્ને વાયુપુત્ર છે. ભીમનો ગર્વ ઉતારવા માટે હનુમાનજીએ પોતાનું પૂંછડું ઊંચકીને એક તરફ મૂકવાનું કહ્યું. ઘણું બળ કરવા છતાં પૂંછડું ઊંચકાયું નહિ. ભીમનો અહંકાર ઊતર્યો અને ક્ષમા માગી. પછી ઓળખાણ પડી. હનુમાનજીએ ભીમને ‘રામાયણ’ સંભળાવી, પછી પોતાનું વિરાટ રૂપ બતાવી અંતર્ધાન થઈ ગયા.

અંતે ભીમ સૌગંધિકવનમાં પહોંચી ગયો. પેલાં ફૂલો અહીં મહેકી રહ્યાં હતાં. પણ અહીં તો રાક્ષસોનો પહેરો હતો. ભીમ અને રાક્ષસો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. રાક્ષસોને હરાવીને ભીમે પુષ્પો ભેગાં કર્યાં.

ફરીથી આંધી આવી. ચારે તરફ હિમવર્ષા થવા લાગી. યુધિષ્ઠિરે દ્રૌપદીને પૂછ્યું કે “ભીમ ક્યાં છે?” હવે દ્રૌપદીને ભાન થયું કે સામાન્ય વસ્તુ માટે મેં ભીમને કેવા સાહસ માટે મોકલ્યો છે. દ્રૌપદીએ સંકોચપૂર્વક કહ્યું કે “મેં ફૂલ લેવા મોકલ્યા છે.” બધાને ચિંતા થઈ અને સૌ ભીમને શોધવા નીકળી પડ્યા. જેમતેમ કરીને ભીમને શોધી કાઢ્યો. હાશ! હવે શાંતિ થઈ!

રસ્તામાં જટાસુર મળી ગયો. ભીમસેને માંડ બધાંને બચાવ્યા. ફરી પાછાં નર-નારાયણ આશ્રમમાં વૃષપર્વાનાં મહેમાન થયાં અને પછી રાજર્ષિ આષ્ટિર્ષેણના આશ્રમમાં પહોંચી ગયાં. અહીં પણ ભીમે રાક્ષસો સાથે યુદ્ધ કર્યાં. ભીમ હોય ત્યાં યુદ્ધ હોય જ. મોટા ભાગે ભીમ પોતાના માટે લડતો નથી, બીજા માટે લડે છે. જે બીજા માટે લડે છે તે પણ તપ જ કરે છે. ભીમે મણિમાન રાક્ષસનો વધ કર્યો.

ગન્ધમાદન-પર્વત ઉપર બધાં કુબેરને મળ્યાં અને તેમનો ભવ્ય મહેલ જોયો. કુબેરના ઘણા રાક્ષસો ભીમે મારી નાખ્યા હતા. ત્યાં યક્ષ, રક્ષ, કિન્નર, ગંધર્વ નામની જાતિઓ રહેતી હતી. કુબેર પાંડવોને મળીને વિદાય થયા.

અનેક સ્થળોએ ફરતાં-ફરતાં ગન્ધમાદન-પર્વત ઉપર એક દિવસ અર્જુન આવી પહોંચ્યો. બધા ભાઈઓ મળ્યા. આનંદઆનંદ થઈ ગયો. અર્જુન પોતાની સાથે દ્રૌપદી માટે આભૂષણો લાવ્યો હતો તે ભેટ આપ્યાં. સ્ત્રીઓ આભૂષણપ્રેમી હોય છે. તેમને શૃંગારની વસ્તુઓ અને આભૂષણો લાવી આપનાર પ્રત્યે તેમની લાગણી વધી જતી હોય છે.

સમાચાર સાંભળીને ઇન્દ્ર પણ પાંડવોને મળવા આવ્યો અને પછી સ્વર્ગમાં ચાલ્યો ગયો. પછી તો આટલાં વર્ષો અર્જુને કેવી રીતે વિતાવ્યાં તે બધી કથા પાંડવોને કહી. તેમાં તેને ઇન્દ્ર દ્વારા મળેલા દિવ્યાસ્ત્રની વાત પણ કરી, તેથી યુધિષ્ઠિરને તે દિવ્યાસ્ત્ર જોવાની ઇચ્છા થઈ. અર્જુન પણ પોતાને મળેલાં બધાં દિવ્યાસ્ત્રો બતાવવા તૈયાર થઈ ગયો.

અર્જુન દિવ્યાસ્ત્રનો પ્રયોગ બતાવવાની તૈયારી કરી રહ્યો હતો ત્યાં નારદજી આવી ગયા. તેમણે દિવ્યાસ્ત્રોના મિથ્યા પ્રયોગને રોક્યો. સિદ્ધિઓનું પ્રદર્શન ન હોય. જ્યારે અતિ આવશ્યકતા ઊભી થાય ત્યારે જ આ શસ્ત્રોનો પ્રયોગ કરી શકાય, નહિ તો નહિ.

અર્જુન નારદજીની વાત સમજી ગયો. ધન, રૂપ અને સિદ્ધિઓ સંતાડેલાં સારાં, તેનાં પ્રદર્શન ન હોય. કોઈ કરે તો ખોઈ નાખવા જ કરે.

હવે પાંડવો પાંચે થઈ ગયા. ગંધમાદન-પર્વતથી વિદાય થઈને સરસ્વતી-તટ ઉપરના દ્વૈતવનમાં પહોંચ્યા. અહીં રહેવા લાગ્યા. પણ એક દિવસ એક ભયંકર અજગરે ભીમને પકડી લીધો. મહાબળવાન ભીમ પણ અજગરની પકડમાંથી છૂટી શક્યો નહિ. તે મૂર્છિત થઈ ગયો. પછી જ્યારે ભાનમાં આવ્યો ત્યારે સર્પને પૂછ્યું કે “તું કોણ છે?”

સર્પે જવાબ આપ્યો કે “હું તમારો પૂર્વજ રાજા નહૂષ છું. અગસ્ત્ય-ઋષિના શાપથી અજગર થયો છું” વગેરે. તેણે ભીમને જોરથી ભરડો લીધો હતો.

ભીમ વનમાંથી પાછો ન આવ્યો તેથી યુધિષ્ઠિરને ચિંતા થઈ. તે પગલે- પગલે વનમાં ગયો અને જોયું તો એક ભયંકર અજગર ભીમને જકડીને પડ્યો છે. ભીમની સાથે વાત થઈ. અજગરે પણ વાત કરી. પ્રશ્નો પૂછ્યા. યુધિષ્ઠિરે પ્રશ્નોના ઉત્તર આપ્યા. બ્રાહ્મણ કોણ, શૂદ્ર કોણ, વગેરે. તે સાંભળીને અજગરનું સમાધાન થયું અને તેણે ભીમને છોડી દીધો. યુધિષ્ઠિરના પ્રયત્નથી અજગરની પણ મુક્તિ થઈ.

હવે દ્વૈતવન છોડીને પાંડવો ફરી પાછા કામ્યકવનમાં આવીને રહેવા લાગ્યા.

એક દિવસ શ્રીકૃષ્ણ સત્યભામાની સાથે પાંડવોની પાસે પહોંચી ગયા. જો પત્ની આજ્ઞાકારી, સુશીલ અને પ્રેમાળ હોય તો પુરુષે તેને હંમેશાં પ્રવાસમાં સાથે રાખવી. પણ જો ઘણી પત્નીઓ હોય તો વારાફરતી એક પછી એક સૌને સાથે લઈ જવી, નહિ તો વિખવાદ થશે. ઘણી પત્નીઓ હોય ત્યાં વિખવાદ તો હોય જ. ના હોય તો નવાઈ. સૌને સંતોષ આપવો અતિ કઠિન કામ છે.

પાંડવો અને શ્રીકૃષ્ણ-સત્યભામાનો સંવાદ ચાલતો હતો ત્યાં મહામુનિ માર્કંડેય તથા નારદજી આવી પહોંચ્યા. જ્યાં મહાપુરુષો ભેગા થાય ત્યાં સત્સંગ તો થાય જ.

માર્કંડેયમુનિએ વિસ્તારથી અનેક કથાઓ સંભળાવી. કર્મનું જ્ઞાન, કર્મનું ફળ, બ્રાહ્મણોનો મહિમા, તાર્ક્ષ્યમુનિ અને સરસ્વતીનો સંવાદ, મત્સ્યાવતાર વગેરે અવતારોની કથા, શ્રીકૃષ્ણની કથા, કલિયુગનું વર્ણન, છેવટે કલ્કિ-અવતારનું પ્રાકટ્ય, વામદેવની કથા, શિબિરાજાની કથા,

દાનની મહત્તા અને પ્રકાર, ધુંધુમારની કથા, મધુ-કૈટભની કથા, પતિવ્રતા સ્ત્રીના ધર્મો, માતા-પિતાની સેવાના ધર્મો, ધર્મવ્યાધ દ્વારા હિંસા-અહિંસાનું વર્ણન, અતિશય વિષય-સેવન કરવાથી થનારી હાનિ, ત્રણે ગુણોનું વર્ણન, સ્કંદની ઉત્પત્તિ તથા સંસ્કાર, તેમની કથા.

માર્કંડેય-ઋષિ જ્ઞાન અને માહિતીનો ભંડાર છે. તેમણે એક પછી એક અઢારે પુરાણોની કથાઓ કહી સંભળાવી.

હવે દ્રૌપદીનો વારો આવ્યો. દ્રૌપદીએ સત્યભામાને પતિવ્રતા સ્ત્રીના ધર્મો બતાવ્યા.

દ્રૌપદી-સત્યભામાના સંવાદની ઉત્થાનિકા બહુ મહત્ત્વની છે. સત્યભામા પૂછે છે કે “જેવી રીતે તમારા પતિઓ તમારે આધીન રહે છે તે યુક્તિ મને બતાવો. કોઈ વ્રત, કોઈ દોરો, તાવીજ કે કઈ ક્રિયા કરવાથી પતિ વશમાં થઈ જાય છે અને આપણી ઇચ્છા પ્રમાણે વર્તે છે તે બધું મને કહો.”

દ્રૌપદીનો જવાબ બહુ મહત્ત્વનો છે. “પતિને વશ કરવાનો એક જ સાચો ઉપાય છે કે સ્વયં પોતે પતિને વશ થઈ જવું, તેની ઇચ્છા પ્રમાણે જીવન જીવવું. તેની આજ્ઞાનું પાલન કરવું, અઢળક પ્રેમ કરવો, કદી દ્રોહ કરવો નહિ. આટલું કરવાથી પતિ વશ થઈ જાય છે. કદી પણ પતિને વશ કરવા સીધો પ્રયત્ન કરવો નહિ. તેમ કરવાથી સ્ત્રી પતિને ખોઈ બેસે છે. પતિને વશ થવાથી તે વશ થાય છે તે મહાન સૂત્ર યાદ રાખવું. હું હમેશાં દાસીભાવથી પતિની સેવા કરું છું. મારા પતિ એ જ મારા પરમેશ્વર છે તેવી ભાવના રાખું છું.

દ્રૌપદીએ સત્યભામાને પતિને વશ કરવા માટે બે અધ્યાય ભરીને ઉપદેશ—ઉપાયો બતાવ્યા છે, જે પ્રત્યેક સ્ત્રીએ ગાંઠે બાંધવા જેવા છે. જો આ અધ્યાય જીવનમાં ઉતારવામાં આવે તો કોઈ સ્ત્રી દુ:ખી ન થાય, કોઈના છૂટાછેડા ન થાય.

શ્રીકૃષ્ણ અને સત્યભામા દ્વારકા જવા વિદાય થયાં.

10-7-10

*

60. ગાંધર્વવિજય

ડંખીલી શત્રુતા શાંતિ નથી પામવા દેતી. અન્યાયનો માર્ગ લેનાર પ્રબળ શત્રુથી હંમેશાં ભયભીત રહ્યા કરતો હોય છે. ન્યાયના માટે જે ફના થઈ જાય છે તેમને પણ શત્રુતા દુ:ખદાયી થઈ જતી હોય છે. પણ ન્યાય અને સત્ય જેના પક્ષમાં હોય છે તેને પ્રબળ આત્મબળ પણ મળતું હોય છે. તેને ષડ્યંત્રો કરવાં નથી પડતાં, હા, ષડ્યંત્રોથી બચવું જરૂર પડે છે. ષડ્યંત્રોથી બચવું એ મુત્સદ્દીગીરી છે, રાજનીતિ છે. ષડ્યંત્રો વિનાની રાજસત્તા હોતી નથી. પાંડવો ષડ્યંત્રો રચતા નથી, પણ કૌરવોનાં ષડ્યંત્રોનો શિકાર થતા રહે છે.

કૌરવો પાંડવોના બધા સમાચારો મેળવતા રહે છે, કારણ કે તેમને ભય લાગે છે. અસત્ય અને અન્યાય ગમે તેટલાં બળવાન હોય તોપણ તે ભય વિનાનાં નથી હોતાં.

પાંડવો કામ્યકવનમાં સરોવરના કિનારે રહેવા લાગ્યા છે. ત્યાં અવારનવાર બ્રાહ્મણો આવતા-જતા રહે છે. જ્યાં આદરસત્કાર થાય ત્યાં અતિથિઓ આવતા રહે છે. એક વાર એક વિદ્વાન બ્રાહ્મણ પાંડવોની પાસે આવ્યો. તેણે કથાવાર્તા સંભળાવી, પછી તે સીધો ધૃતરાષ્ટ્ર પાસે પહોંચી ગયો.

બધા કથાકારો સંત નથી હોતા. કેટલાક ખટપટિયા પણ હોય છે. લાકડાં લડાવે તેને ખટપટિયા કહેવાય. કથાવાર્તાના નિમિત્તે તમારે ત્યાં આવે, પછી તમારાં છિદ્ર શોધે. તેમનો સ્વભાવ જ છિદ્રો શોધવાનો હોય છે. પછી સીધા તમારા વિરોધીઓ પાસે જાય અને મરચું-મીઠું ભભરાવીને તમારી વાત કરે. વિરોધીઓને વિરોધીની વાત સાંભળવી ગમે, બહુ ગમે, રસ પડી જાય, ફરી-ફરીને સાંભળવાનું મન થાય. તેથી આવા ખટપટિયા માણસોનો ખૂબ આદર- સત્કાર કરે.

ધૃતરાષ્ટ્રે પેલા બ્રાહ્મણનો સારો આદર કર્યો. પછી પાંડવોના બધા સમાચાર આપ્યા. “તે બધા બહુ જ દુ:ખ ભોગવે છે, બધા સુકાઈ ગયા છે, પણ બદલો લેવા યુદ્ધની પણ તૈયારી કરી રહ્યા છે” વગેરે સમાચારો આપ્યા.

ધૃતરાષ્ટ્રને ભારે ચિંતા થઈ. કૌરવોનો કાળ નજીક આવી રહ્યો છે, તેવું તેની આંધળી આંખોને પણ સ્પષ્ટ દેખાવા લાગ્યું. તેણે બધી ચિંતા શકુનિ, કર્ણ વગેરેને કહી સંભળાવી.

રાજકારણમાં બે પ્રકારના રાજનેતાઓ હોય છે: (1) સમાધાનવાદી અને (2) વિગ્રહવાદી. સમાધાન કરવાથી શાંતિ મળતી હોય તો સમાધાન કરી લેવું તેવી તેમની ધારણા હોય છે. બીજો પક્ષ માત્ર વિગ્રહ જ ઇચ્છતો હોય છે. બન્ને પક્ષોમાં ગુણદોષ રહેતા હોય છે. અન્યાય—અત્યાચાર સહન કરીને સમાધાન કરી લેવું તે દોષ છે. આવી જ રીતે અન્યાય—અત્યાચાર કરીને વિગ્રહ કરતા રહેવું અને સમાધાન કરવું જ નહિ એ પણ દોષ છે. કૌરવો બીજા પક્ષના છે. કર્ણ, શકુનિ વગેરે બધા જ યુદ્ધોન્માદી છે. તે દુર્યોધન અને ધૃતરાષ્ટ્રને જ્યારે જુઓ ત્યારે ઉશ્કેરતા રહે છે.

બ્રાહ્મણની વાત સાંભળીને બધાએ નક્કી કર્યું કે શત્રુપક્ષ અત્યારે સેના વિનાનો દુર્બળ છે. અત્યારે આપણે તેનો લાભ લઈને તેમનો નાશ કરી દેવો જોઈએ. આવી સલાહ કરીને તે બધા રજા લેવા માટે ધૃતરાષ્ટ્ર પાસે ગયા. પણ કોઈ નિમિત્ત તો બનાવવું જોઈએ. એક ગોવાળને

આગળ કરીને બધા ધૃતરાષ્ટ્રને કહેવા લાગ્યા કે "આપણી ગાયોની ખબર લેવા તથા હિંસક પ્રાણીઓથી બચાવવા અમને વનમાં જવાની રજા આપો."

ધૃતરાષ્ટ્રને દાળમાં કાળું દેખાઈ આવ્યું. તેણે કહ્યું કે "ના-ના, ત્યાં નજીકમાં જ પાંડવો આવી ગયા છે. તમારા જવાથી ઘર્ષણ થવાની સંભાવના છે, એટલે હું જવાની રજા નથી આપતો."

ધૃતરાષ્ટ્રની વાતથી શકુનિ નિરાશ ન થયો. તેની પાસે પોતાના પક્ષને સમજાવવાની ગજબની શક્તિ છે. આવી શક્તિ હોય તે જ સફળ રાજનેતા થઈ શકે. તેણે ફરીથી ધૃતરાષ્ટ્રને યુક્તિ-પ્રયુક્તિથી સમજાવવા પ્રયત્ન કર્યો. અંતે ધૃતરાષ્ટ્રે ગાયો પાસે વનમાં જવાની મંજૂરી આપી દીધી.

ઘણું મોટું લાવલશ્કર લઈને દુર્યોધન કામ્યકવન જવા નીકળી પડ્યો. અનેક પડાવો નાખતો-નાખતો દુર્યોધન અંતે ગાયોની સમીપમાં પહોંચી ગયો. ત્યાં તેણે છાવણી નાખી દીધી. ગાયોની ગણતરી વગેરેનું કામ કરવા લાગ્યા. પછી વનમાં ઘણાં પશુઓનો શિકાર કર્યો.

જે સરોવરના કિનારે પાંડવો પર્ણકુટિઓ બનાવીને રહેતા હતા તે સરોવરના બીજા કિનારે ગાંધર્વો પણ આનંદપ્રમોદ કરવા લાગ્યા હતા. તેમનો સરદાર ચિત્રસેન હતો.

કૌરવો પણ ત્યાં જ પહોંચી ગયા. નિયમ એવો છે કે એક સેના જ્યારે યુદ્ધાભ્યાસ કરતી હોય ત્યારે બીજી સેનાએ નજીક જવાય નહિ. ઘર્ષણ થવાની પૂરેપૂરી સંભાવના રહે છે. આ તો ત્રણ શક્તિઓ એક જ સરોવરના કિનારે ભેગી થઈ ગઈ: પાંડવો, ગાંધર્વો અને કૌરવો.

દુર્યોધને પોતાની સેનાને આદેશ આપ્યો કે "સર્વપ્રથમ ગાંધર્વોને અહીંથી મારી હઠાવો, પછી પાંડવોનો વારો." દુર્યોધનની આજ્ઞા પ્રાપ્ત કરીને કૌરવોની સેના બળપૂર્વક દ્વૈતવનમાં ઘૂસી ગઈ. ચિત્રરથે તેમને સમજાવવા અને પાછા વળી જવા ઘણો પ્રયત્ન કર્યો. પણ કૌરવો માન્યા નહિ તેથી ક્રુદ્ધ થઈને ચિત્રસેને પોતાના ગાંધર્વોને પણ યુદ્ધ કરી લેવાની છૂટ આપી. શાંતિના પ્રયત્નો પછી પણ સમાધાન ન થાય તો યુદ્ધ અનિવાર્ય થઈ જાય છે. પછી યુદ્ધ ન કરાય તો પોતાનો વિનાશ નિશ્ચિત થઈ જાય છે.

બન્ને સેનાઓ પુરજોરથી લડવા લાગી. કૌરવોની સેનાનું નેતૃત્વ કર્ણ કરી રહ્યો છે. ભયંકર યુદ્ધ પછી કૌરવોની સેના હારી ગઈ અને ભાગી ગઈ. ચિત્રસેને દુર્યોધનને બંદી બનાવી લીધો. પછી તો દુઃશાસન પણ પકડાઈ ગયો. કૌરવોની સ્ત્રીઓ પણ પકડાઈ ગઈ.

બચેલા મંત્રીઓ તથા સૈનિકો પાંડવોના શરણે ગયા. કૌરવોનો પરાજય તથા દુર્દશા જોઈને ભીમ બહુ જ રાજી થયો. પણ આવા સમયે યુધિષ્ઠિરે દુર્યોધનનો પક્ષ લીધો: ગમે તેવો તોય મારો ભાઈ છે. અમે ભલે પરસ્પર લડીએ, પણ આપત્તિમાં તો અમે એકબીજાના સાથીદાર જ છીએ.

પારિવારિક ખાનદાની અંતે તો સાથે આવીને ઊભી રહેતી હોય છે. યુધિષ્ઠિરે પાંડવોને ગાંધર્વો સાથે યુદ્ધ કરીને પણ કૌરવોને છોડાવી લાવવાનો આદેશ આપ્યો.

પાંડવોએ ગાંધર્વોને ઘણા સમજાવ્યા, પણ ચિત્રસેન માન્યો નહિ. અંતે ભયંકર યુદ્ધ થયું અને ચિત્રસેન હાર્યો અને શરણે આવ્યો. અર્જુને દુર્યોધન તથા કૌરવો વગેરેને છોડાવ્યા. યુધિષ્ઠિરે દુર્યોધન વગેરેનું સન્માન કરી વિદાય કર્યા. કેવી કુઇચ્છાથી આવ્યા હતા અને કેવો પરાજય પામીને જઈ રહ્યા છે! પાંડવો ડગલે ને પગલે કૌરવોની નીચતાનો જવાબ ઉચ્ચતાથી આપી રહ્યા છે.

10-7-10

*

61. દુર્યોધનની આત્મહત્યાની તૈયારી

પરાજય કોઈને પણ ગમતો નથી. સૌને વિજય ગમે છે. પરાજય પણ જ્યારે અત્યંત અપમાનપૂર્વકનો હોય છે ત્યારે વ્યક્તિને ભારે આઘાત લાગતો હોય છે. ધનહરણ કે ધરતીકંપ વગેરેથી સંપત્તિનાશનું દુ:ખ થતું હોય છે, પણ અપમાનપૂર્વકનો પરાજય તો બધાં દુ:ખોથી વધુ અસહ્ય થઈ જતો હોય છે. દુર્યોધન ગાંધર્વોથી હાર્યો તેનું દુ:ખ તો ખરું જ, પણ જેને તે કટ્ટર શત્રુ માનતો હતો, જેનો નાશ કરવા તે અહીં સુધી ચઢી આવ્યો હતો તે પાંડવોની સહાયતાથી તે ગાંધર્વોની કેદમાંથી મુક્ત થઈ શક્યો તે પીડાની કોઈ કલ્પના ન કરી શકાય. હા, જો તેનામાં ઉચ્ચ કુલીનતા હોત તો તે યુદ્ધિષ્ઠિરને પગે પડ્યો હોત અને બધું વેરઝેર છોડીને દાસ થઈ ગયો હોત. પણ કુલીનતા લાવવી ક્યાંથી? કુલીનતા વેચાતી નથી મળતી, ઉપદેશોથી પણ નથી આવતી. તે જન્મજાત હોય છે, જેવી પાંડવોની. પાંડવો માટે અત્યારે સારામાં સારો મોકો હતો. તે ધારત તો કૌરવોનો જડમૂળથી નાશ કરી શક્યા હોત. પણ યુધિષ્ઠિરે તેમ ન થવા દીધું. ઉપરથી કેદમુક્તિ અપાવીને માનપાન સાથે વિદાય કર્યો. કોઈ શરત ન કરી: જાઓ, રાજ્ય ભોગવો.

આ ઘટનાએ દુર્યોધન ઉપર બહુ અસર કરી. તે આમરણ અનશન ઉપર બેસી ગયો: "હવે જીવવું નથી. મરી જવું છે." કોઈ-કોઈ વાર વ્યક્તિને આવી સ્થિતિ પ્રાપ્ત થઈ જતી હોય છે.

દુર્યોધને પોતાની જગ્યાએ દુ:શાસનને ગાદીએ બેસાડવાની વ્યવસ્થા કરી, પણ દુ:શાસને આ વ્યવસ્થાનો સ્વીકાર ન કર્યો, "દુર્યોધન જ રાજા રહે. હું કદાપિ નહિ!" તેવી તેની દૃઢ ધારણા છેક સુધી રહી.

પછી તો કર્ણે આવીને દુર્યોધનને બહુ સમજાવ્યો કે આત્મહત્યા કરવી સારી નહિ, પણ દુર્યોધન ન માન્યો. તેનું પ્રાયોપવેશન-વ્રત (આત્મહત્યા સુધી અનશન) ચાલુ જ રહ્યું.

છેવટે શકુનિએ સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ દુર્યોધન વિચલિત ન થયો. અનશન ઉપર ઊતરવું સરળ કામ છે, પણ તેને પાર પાડવું અત્યંત કઠિન કામ હોય છે. ભલભલાનાં મનોબળ વિચલિત થઈ જતાં હોય છે.

અંતમાં અસુરો અને દૈત્યોએ મળીને કૃત્યાનું આવાહન કર્યું. કૃત્યાનું કામ મગજ ફેરવવાનું હોય છે. તેણે દુર્યોધનનું મગજ ફેરવ્યું અને તેણે અનશનનો ત્યાગ કરી દીધો. સૌને આનંદ થયો.

વિશાળ સેના લઈને દુર્યોધન પાછો હસ્તિનાપુર ચાલ્યો ગયો.

પરાજિત લોકો અંદરોઅંદર લડતા હોય છે. પરાજયનો દોષ કોને દેવો? કોણ સ્વીકારે? ધૃતરાષ્ટ્રે કર્ણ અને શકુનિને ખોટી સલાહ આપવા માટે અને લડાવી મારવા માટે ખખડાવ્યા. પણ અંતે સમય જતાં બધું શાંત થઈ ગયું.

10-7-10

*

62. વ્યાસજીનું આગમન

પારિવારિક ક્લેશમાં બે પક્ષ પડી જતા હોય છે. અન્યાયના પક્ષમાં પણ થોડાક સારા માણસો હોય છે, જે કલહ નથી ઇચ્છતા, પણ લાચારીવશ તેમને અન્યાય-પક્ષમાં ઊભા રહેવું પડતું હોય છે. વ્યાવહારિક જગતની પણ એક લાચારી હોય છે. કૌરવોના પક્ષમાં રહ્યા છતાં પણ ભીષ્મ, દ્રોણ, વિદુર વગેરે અંતરથી પાંડવોની સત્યતા અને કૌરવોની કુટિલતા જાણે છે. એટલે અવારનવાર તે સાચી સલાહ આપે છે, જે દુર્યોધનને ગમતી નથી. ભીષ્મે કર્ણને ખખડાવી નાખ્યો, કારણ કે જ્યારે જુઓ ત્યારે તે દુર્યોધનને યુદ્ધ માટે ઉશ્કેરતો રહે છે. ભીષ્મથી નારાજ થઈને કર્ણ દુર્યોધન પાસે ગયો અને કહેવા લાગ્યો કે: “આ ભીષ્મ જ્યારે જુઓ ત્યારે આપણી નિંદા કરે છે અને પાંડવોની પ્રશંસા કરે છે.” આ રીતે દુર્યોધન પાસે ભીષ્મની વિરુદ્ધમાં ઘણી વાતો કરી. પછી તે પોતાનું પરાક્રમ બતાવવા દિગ્વિજય કરવા નીકળી પડ્યો. દિગ્વિજય કરીને તે પાછો હસ્તિનાપુરમાં આવી ગયો. દુર્યોધને તેનો જયજયકાર કર્યો.

પાંડવોએ જેવો રાજસૂયયજ્ઞ કર્યો હતો તેવો દેખાદેખી કૌરવોએ પણ કર્યો. તેમાં આવવા માટે દુર્યોધને એક દૂત પાંડવો પાસે પણ મોકલ્યો. પણ પાંડવો વનમાં હોવાથી તથા આમંત્રણ ભાવ વિનાનું હોવાથી પાંડવો આવ્યા નહિ. સાચા ભાવ વિનાનું દેખાવ-માત્ર આમંત્રણ હોય ત્યાં સ્વમાની વ્યક્તિએ જવું નહિ. ખરેખર તો દૂત દ્વારા નહિ, પોતે આવીને આમંત્રણ આપવું જોઈતું હતું. પણ દુર્યોધને માત્ર દેખાવ પૂરતું જ આમંત્રણ મોકલ્યું હતું. પછી પાંડવો કામ્યકવનમાં પાછા પ્રવેશ કરી ગયા.

એક વાર વ્યાસજી યુધિષ્ઠિર પાસે આવ્યા અને દાનધર્મ ઉપર ચર્ચા કરવા લાગ્યા. સૌથી ઉત્તમ દાનધર્મ છે. તપ વગેરેનું ફળ વ્યક્તિ પોતે જ મેળવે છે. પણ દાનનું ફળ તો સામેની વ્યક્તિને તરત જ મળે છે. વ્યાસજીએ આ બાબતમાં મુદ્ગલ-ઋષિનું ઉદાહરણ આપ્યું.

કુરુક્ષેત્રમાં મુદ્ગલ નામના ઋષિ રહેતા હતા. તે ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવતા હતા. જીવનમાં સૌથી મોટો પ્રશ્ન આજીવિકા ચલાવવાનો રહે છે. જેની આજીવિકા સારી રીતે ચાલે છે તે સુખી છે. આજીવિકા વિનાનો ગૃહસ્થ કદી સુખી ન હોય. એટલે આજીવિકા જીવન માટે કરોડરજ્જુનું કામ કરે છે.

આજીવિકાનાં અનેક પ્રકાર છે. જેમાં પાપ ન થતું હોય તે આજીવિકા શ્રેષ્ઠ છે. મોટા ભાગની આજીવિકાઓમાં અનેક પ્રકારના પાપ-દોષો રહેતા હોય છે. પણ ઋષિઓએ એક દોષરહિત આજીવિકા સ્વીકારી હોય છે, જેને ‘ઉંછવૃત્તિ’ કહેવાય છે. ઉંછ એટલે અનાજનું બજાર ઊઠી જાય પછી જે અનાજના દાણા પડ્યા રહે તેને વીણી લઈને જીવવું તે અથવા ખેતરમાંથી અનાજ લેવાઈ જાય પછી જે કણસલાં પડ્યાં રહે તેને વીણી લેવાં અને તેમાંથી આજીવિકા ચલાવવી તેને ઉંછવૃત્તિ કહેવાય છે. આ રીતે મુદ્ગલ-ઋષિ પત્ની અને બાળકો વગેરે માટે ઉંછવૃત્તિથી આજીવિકા ચલાવતા હતા. લગભગ પંદર દિવસ સુધી ઉંછ કરવાથી દ્રોણ (પાલી) જેટલું અનાજ ભેગું થતું. તેમાંથી રસોઈ બનાવીને બધાં જમતાં અર્થાત્ પંદર દિવસના ઉપવાસ થતા. આટલું અન્ન પ્રાપ્ત કરીને તે યજ્ઞ કરતા, અતિથિઓને જમાડતા, પછી જે વધતું તે જ જમતા. આ રીતે તેમની પ્રસિદ્ધિ ઘણી વધી ગઈ હતી. સાચું દાન પ્રસિદ્ધિ વિનાનું નથી હોતું. તેમાં પણ રસોડાની ઉદારતા વ્યક્તિને જલદી પ્રસિદ્ધિ અપાવે છે.

એક વાર દુર્વાસા ઋષિ તેમને ત્યાં આવી ગયા. દુર્વાસા તપસ્વી છે, પણ ક્રોધી પણ છે. કેટલીક ગાયો ઘણું દૂધ આપે પણ લાત પણ મારે. બધી ગાયો સુંવાળી ન હોય. દુર્વાસા પણ આવી ગાય જેવા ક્રોધી છે. તેમણે મુદ્ગલને ત્યાં રાંધેલી બધી રસોઈ જમી લીધી. ઘણા મહેમાનો વિવેક વિનાના હોય છે. મોડા, જમવાના સમયે આવે અને એટલું જમે કે પાછળવાળાં માટે કશું રહે જ નહિ. આ યોગ્ય ન કહેવાય. માણસે હંમેશાં પાછળવાળાંની ચિંતા કરવી જોઈએ. પાછળવાળાંના પ્રતાપે કોઈ આગળ ચાલતું હોય છે.

દુર્વાસાનો આવો વ્યવહાર હોવા છતાં મુદ્ગલ-ઋષિને જરા પણ ઉદ્વેગ ન થયો. ઘરનાં બધાં ઉપવાસી રહી ગયાં. ભૂખ્યા રહી જવું બહુ કઠિન કામ છે. પેટની બળતરા મહાદુ:ખદાયી હોય છે. "પેટનો બળ્યો ગામ બાળે" કહેવત એટલે જ પડી હશે. પણ મુદ્ગલ તો શાંત રહ્યા. આ જ ખરું તપ કહેવાય, ભૂખ્યા રહેવું એ તપ નથી, પણ કોઈને ખવડાવી દઈને ભૂખ્યા રહી જવું એ તપ છે.

આવી રીતે દુર્વાસા છ વાર આવ્યા. મુદ્ગલ અનાજ વીણીને ભેગું કરે, યજ્ઞ કરે અને જમવાનું કરે. બરાબર તે જ સમયે દુર્વાસા આવી જાય અને બધું જમી લે. ઋષિપરિવાર ભૂખ્યો જ રહી જાય. દુર્વાસા પ્રસન્ન થઈ ગયા. તેમની પ્રસન્નતાથી વિમાન આવ્યું; સૌને સ્વર્ગલોક લઈ જવા દેવદૂત આવ્યા હતા. "આવો! પધારો! સ્વર્ગમાં નિવાસ કરો!" તેવું કહેવા લાગ્યા.

મુદ્ગલની જિજ્ઞાસાથી દેવદૂતે સ્વર્ગના ગુણદોષ બતાવ્યા. સંસારનાં બધાં જ સર્વોચ્ચ સુખો ત્યાં પ્રાપ્ત થાય છે, ત્યાં કોઈ દુ:ખી જ નથી હોતું, વગેરે ઘણા ગુણો બતાવ્યા, પણ આ બધું પુણ્યકર્મ હોય ત્યાં સુધી જ ચાલતું રહે છે. પુણ્ય પૂરાં થતાં જ સ્વર્ગથી પતન થઈ જાય છે અને જીવાત્મા જુદીજુદી યોનિઓમાં જન્મ ધારણ કરતો થઈ જાય છે."

દેવદૂતની વાત સાંભળીને મુદ્ગલ-ઋષિએ વિમાનમાં બેસવાની ના પાડી દીધી. પછી દેવદૂતે સ્વર્ગથી પણ ઉપર વિષ્ણુલોકની વાત કરી. જેમાંથી કદી પતન જ નથી થતું, તે શાશ્વત ધામ છે. મુદ્ગલ-ઋષિ એ ધામમાં જવા તૈયાર થયા. એમણે ફરીથી તપસ્યા કરી અને અંતે વિષ્ણુલોકને પ્રાપ્ત કર્યો.

વ્યાસજી યુધિષ્ઠિરને કહે છે કે તમે ઘણાં દુ:ખો ભોગવ્યાં છે. વનવાસનાં બાર વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. હવે તેરમું વર્ષ ભોગવીને પછી તમને તમારાં બધાં સુખો પ્રાપ્ત થઈ જશે. જીવનમાં ચઢતીપડતી આવતી રહે છે. પડતી વિનાની ચઢતી નથી હોતી. દુ:ખ વિનાનું સુખ નથી હોતું. જે દુ:ખો સહન કરી શકે છે તે જ જીવન જીવી જાણે છે. જે દુ:ખોથી દૂર ભાગે છે, દુ:ખો તેમનો પીછો પકડે છે. દુ:ખોને સ્વીકારવાં અને હસતાં-હસતાં તેમને ભોગવી લેવાં એ જ દુ:ખોને હળવાં કરવાનો સાચો ઉપાય છે. વ્યાસજી ઉપદેશ આપીને પોતાના આશ્રમે ચાલ્યા ગયા. પાંડવોને નવો ઓક્સિજન આપી ગયા. દુ:ખી માણસો માટે સત્સંગ-આશ્વાસન ઓક્સિજનનું કામ કરે છે.

11-7-10

*

63. દ્રૌપદીની લાજ રાખી

સત્કર્મોમાં પણ સારા માણસોને પરસ્પરની સ્પર્ધા અને ઈર્ષ્યા થઈ જતી હોય છે. માત્ર દુષ્ટો કે દુર્જનોમાં જ દોષો હોય છે તેવું માની લેવું યોગ્ય નથી. અમુક દોષો તો સજ્જનોમાં અને સત્કાર્ય કરનારાઓમાં પણ હોય છે. દુષ્ટોના દુર્ગુણો જોઈને કોઈને આઘાત નથી લાગતો, કારણ કે તે તો તેવા છે જ તેવી પ્રતીતિ પહેલેથી હોય છે. પણ જ્યારે સજ્જનોમાં પણ દુર્ગુણો દેખાય છે ત્યારે આઘાત લાગતો હોય છે, કારણ કે એવી ધારણા જ નથી હોતી. લોકો જાણે કે ના જાણે, સજ્જનોમાં પણ એકબીજાને નીચા પાડવાની, નીચા બનાવવાની વૃત્તિ રહેતી હોય છે. સમર્થ વ્યક્તિ તેને દબાવીને રાખે છે, જ્યારે પામર વ્યક્તિ તેને બકી દે છે. એટલે કોઈ પણ મહાપુરુષનો સ્વીકાર દોષો સાથે કરવામાં આવ્યો હોય તો આઘાત લાગતો નથી અથવા ઓછો લાગે છે. એક મહાસૂત્ર હમેશાં યાદ રાખવું જોઈએ, "સંપૂર્ણ દોષમુક્ત કોઈ જ નથી. સંપૂર્ણ દોષમુક્ત માત્ર પરમેશ્વર જ છે. માણસ એ માણસ જ છે, પરમેશ્વર નથી, નથી અને નથી. માણસને માણસ સમજીને સેવવો જોઈએ, ભગવાન સમજીને નહિ."

એક વાર દશ હજાર શિષ્યો સાથે દુર્વાસા ઋષિ દુર્યોધનને ત્યાં આવી પહોંચ્યા. કેટલાંક પાત્રો અમર છે, પાત્ર તરીકે, વ્યક્તિ તરીકે નહિ. જેમ કે દુર્વાસા, નારદ, વિશ્વામિત્ર વગેરે. આ બધાં પાત્રો બધાં પુરાણોમાં, 'રામાયણ'-'મહાભારત'માં બધે જ જોવા મળશે. વાતને ચલાવવા પાત્રો જોઈએ. બધાં પાત્રો ઐતિહાસિક જ હોય તેવું માની લેવું નહિ. પાત્ર તો ઘટના ઘટાવવા અને તેના દ્વારા ઉપદેશ આપવા માટે હોય છે. દુર્વાસા આવું જ પાત્ર છે. મહાક્રોધ અને મહાતપ બન્નેનો મેળ એક જ પાત્રમાં થયો છે. બધા જ સમર્થ લોકો ઠંડા નથી હોતા. કેટલાક ધગધગતા અંગારા જેવા પણ હોય છે. દુર્વાસા આવું પાત્ર છે.

પશ્ચિમની જીવનપદ્ધતિમાં ઓચિંતું કોઈને ત્યાં જવાય નહિ. પહેલેથી બધું ગોઠવવું પડે. સ્વીકૃતિ મળ્યા પછી જ સમયસર કોઈને ત્યાં જવાય અને સમયસર પાછા આવી જવાય.

આપણે ત્યાં આવું નથી. કશા જ સમાચાર આપ્યા વિના ગમે ત્યારે ગમે તેને ત્યાં પહોંચી જવાય, ધામા નાખીને રહેવાય, જમાય અને પછી પાછા ફરવાનું કાંઈ નક્કી નહિ. સારું લાગે તો પડ્યા પણ રહેવાય. એક જીવન-પદ્ધતિમાં વ્યવસ્થા છે, બીજીમાં અવ્યવસ્થા છે. અવ્યવસ્થા દુ:ખદાયી થઈ જતી હોય છે.

દશ હજાર શિષ્યોની સાથે દુર્વાસા દુર્યોધનને ત્યાં પહોંચી ગયા. દુર્યોધને આદરસત્કાર કર્યો, બધાને જમાડ્યા અને રાખ્યા. પછી ઋષિ પ્રસન્ન થયા. વરદાન માગવા કહ્યું. પ્રસન્નતામાંથી આપોઆપ પ્રદાનતા પ્રકટે છે.

દુર્યોધન-કર્ણ વગેરે મળીને વિચારવા લાગ્યા કે શું માગવું? બધાએ મળીને નક્કી કર્યું કે એવું માગો કે જેથી પાંડવોને શાપ મળે. પોતાનું ભલું થાય તે મહત્ત્વની વસ્તુ નથી, પાંડવોનું બૂરું થાય તે જ મહત્ત્વની વસ્તુ છે, કારણ કે દ્વેષમાં બધા આંધળા થઈ ગયા છે. દુર્યોધને દુર્વાસા પાસે જઈને માગ્યું કે "તમે આટલા શિષ્યો લઈને પાંડવોના અતિથિ બનો એ જ યાચના છે." દુર્વાસાએ 'તથાસ્તુ' કહી વિદાય લીધી. બધા કૌરવો મનોમન હસવા લાગ્યા: "હવે મજા આવશે. દુર્વાસાનું આતિથ્ય પાંડવો કરી શકશે નહિ, તેથી ક્રુદ્ધ થઈને દુર્વાસા જરૂર શાપ આપશે. બસ આટલું જ જોઈએ છે." કોઈને શાપ અપાવવા માટે કોઈ જીવે છે, કોઈને

આશીર્વાદ અપાવવા કોઈ જીવે છે. બે જીવન વચ્ચે આ ફરક છે. એક “તારું નખ્ખોદ જાય” કહેતો-કહેતો જીવે છે અને બીજો “તારું ભલું થાય” એવું કહેતો-કહેતો જીવે છે. બન્ને માણસો છે, પણ બન્ને વચ્ચે અંતર આકાશ-પાતાળનું છે.

દુર્વાસા તો દશ હજાર શિષ્યો સાથે કસમયે પાંડવોને ત્યાં પહોંચી ગયા. કસમય એટલે અતિથિઓએ જમી લીધું, પાંડવોએ જમી લીધું અને છેવટે દ્રૌપદીએ પણ જમી લીધું. હવે કોઈ બાકી ન રહ્યું. ત્યારે પાંડવો કોઈ રાજગાદી ભોગવતા ન હતા કે ઝટ દઈને રસોઈ બનાવડાવી દે. પાંડવોની પૂરી યોગક્ષમતા અક્ષયપાત્ર ઉપર હતી. અક્ષયપાત્રનો નિયમ એવો હતો કે દિવસમાં એક જ વાર તે અન્ન આપે. દ્રૌપદીના જમી લીધા પછી તે બંધ થઈ જાય. આપણે ત્યાં સૌથી છેલ્લે પત્ની જમતી હોય છે, સૌથી પહેલી કદાપિ નહિ. સૌથી છેલ્લી, સૌને જમાડીને જમે તેને અન્નપૂર્ણા કહેવાય. સૌથી પહેલાં જમી લે (નોકરી-ધંધા સિવાય) તેને બલિભક્ષી કહેવાય. પશ્ચિમમાં પત્ની પાછળથી નથી જમતી, સાથે જ જમે છે, કારણ કે ત્યાં અતિથિઓ નથી હોતા, એટલે બરાબર છે. આપણે ત્યાં પણ આવું થવા લાગ્યું છે તે ઠીક જ કહેવાય. શરત એટલી કે બધાં એક જ ટેબલ ઉપર પ્રેમથી જમતાં-જમાડતાં હોય તો.

હવે આજનું અક્ષયપાત્ર તો પૂરું થઈ ગયું હતું. હવે આજે તો તે કશું આપે નહિ. અને આ બધા અતિથિઓ... અધ...ધ...ધ... શું કરવું? દ્રૌપદી ચિંતામાં પડી ગઈ. રસોડાની જવાબદારી પત્નીની હોય છે. ખાનદાન પત્ની ગમે ત્યાંથી ઉછીનું-પાછીનું લાવીને પણ રસોડાની આબરૂ રાખતી હોય છે. રસોડાની આબરૂ એ જ ઘરની આબરૂ... રસોડાની આબરૂ રોટલેથી રહે, પુરુષની આબરૂ ઓટલેથી રહે. અર્થાત્ તેના ઓટલે બેસવા કેવાં-કેવાં માણસો આવે છે. જે ઓટલે હલકાં માણસો બેસતાં હોય તે ઘરની આબરૂ સારી ન હોય.

દ્રૌપદી ચિંતામાં પડી ગઈ. તેણે ભગવાન શ્રીકૃષ્ણને મનથી આર્તભાવથી યાદ કર્યા. શ્રીકૃષ્ણ ત્યારે રુક્મિણી સાથે પ્રેમાલાપ કરી રહ્યા હતા. રસિક પતિએ પત્નીને સમય આપવો જોઈએ. તે પ્રેમાલાપની ભૂખી હોય છે, પછી પૈસાની. કદાચ પૈસા વિના ચલાવી લે, પણ પ્રેમાલાપ વિના તેને ભારે પીડા થાય. જે પતિઓ પત્નીઓને પ્રેમાલાપ માટે પૂરતો સમય નથી આપતા તે પત્નીને ખોઈ બેસે છે. શ્રીકૃષ્ણ પ્રેમાલાપમાં તરબોળ હતા ત્યાં દ્રૌપદીનો આર્તનાદ ટેલીપથીથી પહોંચ્યો. ઝટ દઈને રુક્મિણીને ધકેલીને શ્રીકૃષ્ણ વન તરફ દોડ્યા. રુક્મિણી તો વિચાર કરતી જ રહી ગઈ. પોતાના પ્રેમાલાપમાં ભંગ પડાવનાર સાસુ-નણંદ કે દેરાણી-જેઠાણી વગેરેને સ્ત્રી સહન નથી કરી શકતી. આમાંથી ઘરકંકાસ થવા લાગે છે.

શ્રીકૃષ્ણ તો દોડ્યા-દોડ્યા તે છેક દ્રૌપદીના ઝૂંપડે આવીને શ્વાસ લીધો. બોલ્યા, “બોલ, શું થયું છે?” દ્રૌપદીએ બધી હકીકત કહી. શ્રીકૃષ્ણે કહ્યું કે “હું પોતે ભૂખ્યો છું. જલદી પેલું અક્ષયપાત્ર લઈ આવ.”

શું લઈ આવે? અક્ષયપાત્ર તો પૂરું થઈ ગયું છે. બૅટરીનો ચાર્જ ઊતરી જાય પછી બૅટરી શા કામની? પણ કૃષ્ણે પાત્ર માગ્યું. દ્રૌપદી લઈ આવી. શ્રીકૃષ્ણે જોયું તો પાત્રમાં એક નાનો સરખો અન્નકણ રહી ગયો હતો. શ્રીકૃષ્ણે તે અન્નકણ ખાઈ લીધો અને સહદેવને કહ્યું કે “જાઓ, દુર્વાસા અને દશ હજાર મુનિઓને બોલાવી લાવો.” સહદેવ બોલાવવા ગયા. મુનિઓ જળમાં અર્ઘ્ય આપી રહ્યા હતા. બધા બહાર નીકળ્યા અને ઓડકાર ખાવા લાગ્યા. તેમણે દુર્વાસાને કહ્યું કે “હવે તો અમારાથી એક દાણો પણ ખવાશે નહિ! એટલી તૃપ્તિ થઈ ગઈ છે!” બધા મુનિઓ નદીમાંથી જ ગમે ત્યાં ભાગી ગયા. કોઈ જમવા ન આવ્યું.

“હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે...”

દ્રૌપદી ગદ્ગદ થઈ ગઈ. ચમત્કારક ઘટનાથી શ્રદ્ધા દૃઢ થાય છે અને વધે છે. શ્રીકૃષ્ણ દ્વારિકા ચાલ્યા ગયા. પાંડવો બીજા વનમાં ચાલ્યા ગયા. આપત્તિના સમયે દોડીને તમારી મદદે આવે તેવો એક માણસ હોય તો આપત્તિથી રક્ષણ થાય.

11-7-10

*

64. જયદ્રથ-પરાજય

સ્ત્રીને સાચવવી સૌથી અઘરું કાર્ય છે. સ્ત્રી યુવાન અને રૂપાળી હોય, વળી પાછો પતિ દરિદ્ર હોય તેવી સ્ત્રીને સાચવવી તો અત્યંત કઠિન કામ કહેવાય. સ્ત્રી પોતે સચવાવા માગે તોપણ લફંગાઓ તેને સચવાવા ન દે. સચવાયેલી સ્ત્રી જ સુખ આપતી હોય છે અને પોતે પણ સુખી થતી હોય છે. જે સ્ત્રી પોતે સચવાવા માગતી હોય છે તેને જ સાચવી શકાય છે. જે પોતે જ શાકમાર્કેટમાં હરાજ થવા આતુર હોય તેને બ્રહ્મા પણ સાચવી ન શકે. કેટલીક વાર સ્ત્રી સચવાવા માગતી હોય, પણ નાદાનીથી લક્ષ્મણરેખા ઓળંગવાની આદત પડી ગઈ હોય તો તેની નાદાની તેને આપત્તિમાં નાખી શકે છે.

પાંડવો કામ્યકવનમાં રહેતા હતા. વનમાં ચારે તરફ પશુઓનું પ્રમાણ વધી જવાથી ત્રાસ થતો હતો. એક વાર પાંચે ભાઈઓ શિકાર કરવા સવારના પહોરમાં નીકળી પડ્યા. દ્રૌપદી પર્ણકુટિમાં એકલી જ રહી ગઈ હતી. ઘરમાં રહેવું સ્ત્રીઓને ગમતું નથી હોતું, એટલે બીજું કાંઈ નહિ તો બારણાં વચ્ચે કે બહાર ચોકમાં ઊભી રહીને આજુબાજુ જોયા કરતી હોય છે. દ્રૌપદી પણ બારણાં વચ્ચે ઊભીઊભી શૃંગાર કરી રહી હતી. બરાબર એ જ સમયે સિંધુ-દેશનો રાજા જયદ્રથ ત્યાંથી નીકળ્યો. તેની દૃષ્ટિ દ્રૌપદી ઉપર પડી. તે જોતો જ રહી ગયો. રૂપ કાંઈ રૂપ! તેણે રથ ઊભો કરી દીધો અને મંત્રી કોટિકાસ્યને દ્રૌપદીનો પરિચય લેવા મોકલ્યો. જયદ્રથની દાનત બગડી છે. માણસનું મૂલ્ય તેની દાનત ઉપરથી પણ આંકી શકાય. પારકું ધન અને પરાઈ સ્ત્રી જોઈને જેની દાનત વારંવાર બગડતી હોય તે સોનું નહિ કથીર કહેવાય—ભલે ને તે રાજા-મહારાજા કેમ ન હોય.

પરિચય મેળવીને કોટિકાસ્ય પાછો આવ્યો. હવે જયદ્રથ સ્વયં ગયો. તેણે દ્રૌપદીને બહુ સમજાવી, પોતાના વૈભવની વાત કરી. સામાન્ય સ્ત્રીઓ વૈભવપ્રિય હોય છે, પણ કેટલીક વૈભવને લાત મારનારી પણ હોય છે. પાંડવો અને દ્રૌપદીનો અત્યારે દરિદ્રકાળ ચાલી રહ્યો છે. પણ દ્રૌપદી તેવા કાળમાં પણ પતિવ્રતા છે, મક્કમ છે. મક્કમતા શરતોની સાથે નથી હોતી, સ્વયંભૂ હોય છે. શરતોની સાથે આવેલી મક્કમતા વિશ્વાસપાત્ર નથી હોતી.

ઘણું સમજાવવા-લલચાવવા છતાં પણ જ્યારે દ્રૌપદી માની નહિ ત્યારે જયદ્રથે તેનું અપહરણ કર્યું. સ્ત્રીનું અપહરણ કરી શકાય છે. પુરુષનું પણ અપહરણ કરી તો શકાય, પણ તે છૂટીને પાછો આવે તો તેના મૂલ્યમાં વાંધો આવતો નથી, કારણ કે પુરુષને ભ્રષ્ટ કરાતો નથી, પણ સ્ત્રીને ભ્રષ્ટ કરી શકાય છે. તે પાછી આવે તો તેનું મૂલ્ય પહેલાં જેવું રહેતું નથી, તેથી તેણે સુરક્ષિત જીવન જીવવું જોઈએ. લક્ષ્મણરેખામાં રહેવું એ તેની સુરક્ષાની પ્રથમ શરત છે.

દ્રૌપદીને રથમાં નાખીને જયદ્રથે રથ ભગાડી મૂક્યો. થોડી વારમાં પાંડવો આવી ગયા. દ્રૌપદીને ના જોઈ. ફાળ પડી. પાડોશણ ધાત્રેયિકાએ જયદ્રથની બધી વાત કરી. પતિમાં બે ગુણ તો જરૂર હોવા જોઈએ. એક તો તે પૌરુષવાન હોવો જોઈએ. પૌરુષ ઉપરથી તે પુરુષ કહેવાય છે. અને બીજો તે પરાક્રમી હોવો જોઈએ. એટલે તો વરરાજાને પરાક્રમનું પ્રતીક તલવાર ભેટે બંધાય છે. જો આ બન્ને ગુણો ના હોય તો પતિ પતિ નથી રહેતો. પાંડવોએ તરત જ જયદ્રથનો પીછો પકડ્યો. જોતજોતાંમાં તે નિકટ પહોંચી ગયા. તુમુલ યુદ્ધ થયું. જયદ્રથ હારી ગયો. તેને જીવતો પકડી લીધો. તેની સેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો. ભીમ તેને મારી નાખવા માગતો હતો, પણ યુધિષ્ઠિરે તેને રોક્યો. દુ:શલા બહેન અને ગાંધારી માતાનો સગો થતો હોવાથી તેનો

પ્રાણવધ ન કરતાં જીવતો બાંધીને લઈ આવ્યા. તેણે હાથ જોડીને દ્રૌપદી તથા પાંડવોની ક્ષમા માગી. પછી તેને છોડી મૂક્યો. કયું મોઢું લઈને હવે તે સિંધુદેશ જાય? તે હરદ્વાર ચાલ્યો ગયો અને શિવજીને પ્રસન્ન કરવા તપ કરવા લાગ્યો. શિવ પ્રસન્ન થયા. જયદ્રથે વરદાન માગ્યું, “પાંચે પાંડવોને હું જીતી શકું તેવું વરદાન આપો!” શિવજીએ ના કહી, એ શક્ય નથી. તું માત્ર એક દિવસ અર્જુન સામે ટકી શકીશ. જયદ્રથ પાછો સિંધુદેશ આવી ગયો.

11-7-10



65. સત્યવાન-સાવિત્રી

માણસ દુ:ખી કેમ થાય છે? ઘણી વાર સારા, નિર્દોષ, નિષ્પાપ માણસો પણ દુ:ખી થતા હોય છે. ઘણી વાર લોકોની ઈશ્વર ઉપરથી શ્રદ્ધા ઊઠી જતી હોય છે. શું બધાં દુ:ખો ભાગ્યથી આવતાં હોય છે? શું બધાં દુ:ખો પૂર્વનાં કર્મોથી આવતાં હોય છે? શું દુ:ખોનું કારણ ગ્રહદશા હોય છે? શું દુ:ખોનું કારણ પૂર્વજોનું નડતર હોય છે? શું દુ:ખોનું કારણ કલિયુગનો પ્રભાવ હોય છે? શું દુ:ખોનું કારણ કોઈ દેવી-દેવતાની નારાજગીથી હોય છે? શું દુ:ખો કોઈ શત્રુ દ્વારા તાંત્રિક વિધિ કરવાથી આવતાં હોય છે? શું કારણ છે?—આવો પ્રશ્ન યુધિષ્ઠિર માર્કંડેયજીને પૂછે છે.

જુઓ, દ્રૌપદીએ કશાં પાપ કર્યાં ન હતાં, તોપણ તેનાં લગ્નમાં વિઘ્નો આવ્યાં. તેને પાંચ પતિઓની પત્ની થવું પડ્યું. ભરીસભામાં તેનું ઘોર અપમાન થયું. પતિઓની સામે જ તેની આબરૂ લૂંટવાનો પ્રયત્ન થયો. તે મારી-મારી વનમાં રખડી રહી છે. અહીં પણ અનેક વાર તેને ઘોર કષ્ટો ભોગવવાં પડ્યાં. હમણાં જ જયદ્રથે તેનું અપહરણ કર્યું. તેને માંડ છોડાવી લાવ્યા છીએ. હજી ક્યાંય સુખ દેખાતું નથી. શું કારણ છે આવાં દુ:ખો પડવાનું? એક દુ:ખમાંથી છૂટીએ છીએ ત્યાં સામે પાંચ આવી જાય છે. પહેલાં કોઈ અમારા જેવાં દુ:ખી થયાં હતાં ખરાં?

યુધિષ્ઠિરનો પ્રશ્ન સાંભળીને માર્કંડેયજીએ પૂરી 'રામાયણ' સંભળાવી દીધી. રામ અને સીતા ઉપર કેટકેટલું વીત્યું હતું તે બધું સંભળાવ્યું. કથા દુ:ખોની હોય છે, સુખોની નથી હોતી. કથા અત્યાચારોની હોય છે, સદાચારોની નથી હોતી. સમાચારો કુકર્મોના, બળાત્કારોના હોય છે, સત્કર્મોના નથી હોતા. લોકોને સુખકથા, સદાચાર-કથા કે સુકર્મકથામાં રસ નથી આવતો. સુખાંત નાટકો કરતાં દુ:ખાંત નાટકોની વધુ અસર થતી હોય છે. હા, લોકોને આશાવાદી થવા માટે અંતે બધું સારુંસારું થયું બતાવાય છે, સત્ય અને ધર્મનો વિજય બતાવાય છે, પણ ખરી વાસ્તવિકતા તો કરુણાંત નાટકોની જ હોય છે. એમાંથી નિરાશા પ્રગટે છે. પણ સીતા અને દ્રૌપદી જેવી સ્ત્રીઓની કથા જાણ્યા પછી જીવન નિરાશામય જ લાગે છે. છતાં લોકો આશાના તાંતણે જીવન જીવે છે. આશા બંધાવવી જ લોકહિત છે. સાંભળો એક કથા સંભળાવું:

મદ્રદેશમાં અશ્વપતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સંતાન ન હતું. સંતાન ન હોવું પ્રથમ દુ:ખ છે. વ્યક્તિ સંતાન માટે તડપતી હોય છે. તેણે અઢાર વર્ષ સુધી સાવિત્રી-ગાયત્રીની ઉપાસના કરી. અંતે સાવિત્રી પ્રસન્ન થઈ. તેને એક કન્યા થશે તેવું વરદાન આપ્યું. કન્યાનું નામ પણ સાવિત્રી જ રાખ્યું. જેની કૃપાથી સંતાન થયું હોય તેનું નામ સંતાન સાથે જોડીને લોકો આભાર વ્યક્ત કરતા હોય છે. જેમકે બાવાભાઈ, ફકીરભાઈ, સાધુરામ વગેરે. જોતજોતાંમાં સાવિત્રી જુવાન થઈ ગઈ, પણ તેને કોઈ પતિ ન મળ્યો. કોઈ તેનું માગું જ ન કરે. રાજાને ચિંતા થઈ. કારણ જાણવા મળ્યું કે સાવિત્રી એટલી બધી તેજસ્વી અને જ્ઞાની છે કે કોઈ પુરુષ તેના તેજને સહન કરી શકતો નથી. પત્ની હંમેશાં પોતાનાથી થોડી ઊતરતી હોવી જોઈએ. ચઢિયાતી પત્ની રુઆબ જમાવે, જે સ્વાભિમાની પતિને ન ગમે. ચઢિયાતી પત્ની છ પ્રકારે હોય છે. 1. આકારમાં: પુરુષ કરતાં તે ઊંચી અને વધુ મજબૂત બાંધાની હોય. 2. રૂપમાં: પુરુષ કરતાં તે વધુ રૂપાળી, દેખાવડી હોય. 3. કુળમાં: પુરુષના કુળ કરતાં ઊંચા કુળની હોય. 4. ધનમાં: પુરુષ કરતાં તે વધુ કમાતી, ધનવાન પિતાની હોય. 5. જ્ઞાનમાં: પુરુષ કરતાં તેની ડીગ્રી ઊંચી હોય, જ્ઞાન વધારે હોય. 6. પ્રભાવમાં: પુરુષની તુલનામાં તેનો પ્રભાવ ઘણો પડતો હોય. આ

રીતે છ પ્રકારથી ચઢિયાતી સ્ત્રીને જે પુરુષ પરણે તે હંમેશાં દબાઈને જ રહે. હા, દબાઈને રહેવામાં વાંધો ન હોય તો ખાસ વાંધો ન આવે.

સાવિત્રીના કુંવારાપણાથી અશ્વપતિ ચિંતિત થયો. એક દિવસ તેને બોલાવીને કહ્યું કે “બેટા, ઘણી શોધ પછી પણ તારે યોગ્ય વર મળતો નથી એટલે હવે તું તારી મેળે તારો પતિ શોધી લે.” ડાહ્યાં મા-બાપ જ્યારે હારીથાકી જાય અને વરને ન શોધી શકે ત્યારે કન્યાને સ્વયંવર કરવાની છૂટ આપી દેતાં હોય છે.

સાવિત્રી વરની શોધમાં તીર્થયાત્રાના નિમિત્તે નીકળી પડી. ઘણું રખડ્યા-ભટક્યા પછી તેણે એક વર પસંદ કર્યો. તે હતો ‘સત્યવાન.’ સત્યવાન શાલ્વદેશનો અંધ થયેલા અને વનમાં કાઢી મૂકેલા રાજાનો પુત્ર હતો. તેની કફોડી દશા હતી, તોપણ સાવિત્રીએ સત્યવાનને પસંદ કર્યો. પણ અશ્વપતિને આવો દરિદ્ર, રાજપાટ વિનાનો વર ગમ્યો નહિ, તોપણ નારદજીની સલાહથી આ વિવાહ સ્વીકૃત થયો. વચ્ચેના મધ્યસ્થી માણસો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. સંબંધો જોડવામાં અને સંબંધો તોડવામાં કોને કેવા મધ્યસ્થી માણસો મળ્યા છે તે મહત્ત્વનું છે.

નારદજીએ વરના અનેક ગુણો બતાવ્યા, પણ એક દોષ પણ બતાવ્યો: તે અલ્પાયુ છે. લાંબુ જીવવાનો નથી. ઈશ્વરે કૃપા કરીને મૃત્યુને ગુપ્ત રાખ્યું. જો પ્રત્યેક વ્યક્તિને જન્મતાં જ મૃત્યુની તિથિ જણાઈ આવતી હોત તો જીવન જ ન હોત. જેમ પ્રત્યેક દવાની બોતલ ઉપર સમાપ્તિ-દિવસ લખ્યો હોય છે તેમ માણસના શરીર ઉપર પણ સમાપ્તિ-તારીખ લખી હોત તો શું થાત? કુદરતે ઘણું બધું ગુપ્ત રાખ્યું છે તે જ યોગ્ય છે. તેથી જ જીવન છે.

અંતે સત્યવાન-સાવિત્રીનાં લગ્ન થઈ ગયાં. લગ્ન કરાવીને અશ્વપતિ પરિવાર સાથે પાછો પોતાની રાજધાની શાલ્વદેશ પહોંચી ગયો. કન્યાના પરિવારે બને ત્યાં સુધી કન્યાને સાસરે રહેવું નહિ. અળખાં થતાં વાર નહિ લાગે. તેમાં પણ જ્યાં નવીનવી કન્યા સાસરે આવી હોય, હજી તેનો પગ પણ જામ્યો ન હોય તેવામાં પિયરિયાંનાં ધાડાં આવીને વસે તો તે દુ:ખદાયી થઈ શકે છે.

સાવિત્રીની બે દૃષ્ટિ હતી. એક તો પતિના પગલેપગલે ચાલવાની અને બીજી દૃષ્ટિ તેના અકાળ મૃત્યુની તિથિની. તેને હંમેશાં નારદે આપેલી તિથિ યાદ રહેતી. અકાળ મૃત્યુને જીતવા તેણે વ્રતો રાખવા માંડ્યાં. સ્ત્રી શ્રદ્ધારૂપક હોય છે. શ્રદ્ધા કઠોર વ્રતો કરાવી શકે છે.

અંતે પેલી અંતિમ તિથિ આવી ગઈ. સાવિત્રીએ નક્કી કર્યું કે આજે પતિનો સાથ નહિ છોડું. સાથે ને સાથે રહીશ. તે વનમાં પણ સાથે જ ગઈ. નારદની ભવિષ્યવાણી પૂરી થઈ. સત્યવાનને હૃદયમાં દર્દ ઊપડ્યું અને જોતજોતાંમાં તેના પ્રાણ નીકળી પડ્યા. સત્યવતી ઉપર વજ્ર તૂટી પડ્યું. જેણે કદી વજ્રાઘાત સહ્યો જ નથી તેણે જીવન જીવ્યું જ નથી. એવામાં યમરાજ પ્રગટ થયા. તે સત્યવાનના આત્માને લઈ જવા આવ્યા હતા. સાવિત્રીએ યમરાજ સાથે ઘણો સંવાદ કર્યો. સાવિત્રી યમરાજની પાછળપાછળ ચાલવા મંડી. આગળ યમરાજની મુઠ્ઠીમાં સત્યવાનનો આત્મા હતો. ઘણું સમજાવીને પાછી વાળવા છતાં તે પાછી ન વળી, તેનું સૂત્ર હતું. “જ્યાં પતિ ત્યાં પત્ની. હું પાછી નહિ વળું. મને પણ સાથે લઈ જાઓ.”

અંતે યમરાજ સાવિત્રીની મક્કમતા આગળ હાર્યા અને સત્યવાનને જીવતો કરી દીધો, એટલું જ નહિ, તેના સસરાને દેખતા કર્યા. તેમનું રાજ્ય પાછું મળ્યું. તેણે એક વરદાન માગ્યું છે તે આજના પલટીબાજો માટે પ્રેરણારૂપ છે.

“જહ્યાત્ સ્વધર્મં ન ચ મે।”

(વનપર્વ, 297-32)

અર્થાત્ અમે કદી પણ અમારો ધર્મ ન બદલીએ. ધર્મ બદલનારા પલટીબાજો ના તો કદી સત્યવાન થઈ શકે, ન કદી સાવિત્રી થઈ શકે. તે તો શીરો ચાટનારા થઈ શકે.

આ રીતે પતિવ્રતા-ધર્મમાં મક્કમ સાવિત્રી પતિને લઈને આશ્રમ તરફ ચાલી નીકળી. યમરાજ પણ પાછા ફરી ગયા.

યમરાજાનાં બધાં વચનો પૂરાં થયાં. સસરા દેખતા થયા. તેમને તેમનું રાજ્ય પાછું મળ્યું. સાવિત્રીને સો પુત્રો અને સો ભાઈઓ મળ્યા. આનંદ-આનંદ થઈ ગયો. આ ઉપાખ્યાનથી આજ સુધી હજારો સ્ત્રીઓને સાવિત્રી થવાની પ્રેરણા મળી હશે અને કોઈ સાવિત્રી કદાચ પતિને યમરાજના (મૃત્યુના) મુખમાંથી પાછી પણ લઈ આવી હશે. આવી એક સાવિત્રી અમારે આશ્રમમાં પોતાના સત્યવાન સાથે આવી હતી. તેની રોમાંચકારી કથા સાંભળીને ધન્યતા અનુભવી હતી.

હા, આજે પણ સત્યવાન-સાવિત્રી હોઈ શકે છે.

નાટક સુખાંત થઈ ગયું. બધું સારું થઈ ગયું. યુધિષ્ઠિરને શાંતિ થઈ.

11-7-10

*

66. કર્ણનાં કવચ-કુંડળ

ઘણી વાર ગુપ્ત પિતા અને ગુપ્ત માતાના સંતાનને જીવનમાં અપ્રગટ રૂપે માતા અથવા પિતાનાં સાથ અને પ્રેરણા મળી રહે છે. ધર્મ કે સમાજના ભયથી કેટલીક વાર આવાં ગુપ્ત માતા અથવા ગુપ્ત પિતા પોતાના સંતાન સાથે પ્રત્યક્ષ સંબંધ ભલે ન રાખી શકે, પણ તેથી તેમનો હાર્દિક સંબંધ બંધ થઈ જતો નથી. ઉચ્ચ ખાનદાનીનાં અનેક જમાપાસાં છે જ, પણ તેમાં કેટલાંક ઉચ્ચ ઉધારપાસાં પણ હોય જ છે. અને તેમાંનું એક છે તે નિખાલસ નથી થઈ શકતી. ખાનદાની અને ખાનદાનની આબરૂ—પ્રતિષ્ઠા હમેશાં કોઈ ને કોઈ રૂપાળા પડદાથી ઢાંકેલી હોય છે. તે પડદો ખસી ન જાય તેનો ભય સતત ડરાવતો રહે છે. ઘણી વાર તે પડદાને ખસતો અટકાવવા ન કરવાનું પણ કરી દેવાતું હોય છે. કર્ણ એની સચોટ નિશાની છે.

કુમારાવસ્થામાં કુન્તીએ કર્ણને જન્મ આપ્યો હતો. તેમાં તે એકલી જ જવાબદાર ન હતી. સૂર્ય પણ તેટલો જ જવાબદાર હતો. પણ જે સમાજમાન્ય કે ધર્મમાન્ય કામાચાર નથી હોતો તેને અને તેના પરિણામને છુપાવવું પડતું હોય છે, કારણ કે ખાનદાની નિખાલસ થઈ શકતી નથી. જો નિખાલસ થાય તો કોડીની થઈ જાય. કોઈ કરોડપતિને કોડીપતિ થવું ગમે નહિ. ઘણાં પાપો સામાજિક પાપો હોય છે, ઈશ્વરીય પાપો નથી હોતાં. ઈશ્વરી પાપોથી ડરવા કરતાં લોકો સામાજિક પાપોથી વધુ ડરતા હોય છે. સમાજ રૂઢિઓથી ચાલતો હોય છે. ઘણી વાર રૂઢિઓ આંધળી થઈ જતી હોય છે. આંધળી રૂઢિઓ પૂરા સમાજને આંધળો બનાવી દેતી હોય છે. કોઈ ભડવીર આવા સમાજના રૂઢિ-મોતિયાને ઉતારતો હોય છે.

ત્યજાયેલો કર્ણ રખડતો-કુટાતો રાધા-દાસીના ખોળે ઊછર્યો, તેથી રાધેય થયો. તેને શૂદ્રતાની હલકી છાપ લાગી ગઈ. લોકોએ લગાવેલી છાપ જલદી ભૂંસાતી નથી. લોકો વ્યક્તિને તેની છાપથી ઓળખતા હોય છે. પાંડવો અને દ્રૌપદીએ આ છાપના આધારે તેનો તિરસ્કાર અને અપમાન કર્યાં, પણ દુર્યોધને તેનો ઉદ્ધાર કર્યો. તે અંગદેશનો રાજા થયો તેમાં પોતાના પૌરુષની સાથે દુર્યોધનની ઉદારતા પણ કારણરૂપ ગણાય. બદલામાં કર્ણ જીવનભરનો દુર્યોધનનો થઈ ગયો.

આ કર્ણ ઘસઘસાટ ઊંઘી રહ્યો છે અને તેને સ્વપ્ન આવ્યું. બધાં સ્વપ્નો મિથ્યા નથી હોતાં, કેટલાંક સાચાં પણ હોય છે. સ્વપ્નમાં તેનો સાચો પિતા સૂર્ય આવ્યો અને તેને સાવધાન કરવા લાગ્યો કે "જો, બેટા, તારી પાસે ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવશે અને તારાં કવચ-કુંડળ માગશે. પણ તું આપીશ નહિ, કારણ કે આ કવચકુંડળ મારાં આપેલાં છે. જ્યાં સુધી તે તારી પાસે હશે ત્યાં સુધી કદી પણ તારું યુદ્ધમાં મૃત્યુ થશે નહિ."

સૂર્ય અને કર્ણ વચ્ચે ઘણો સંવાદ થયો, પણ કર્ણ ન માન્યો. તેણે કહ્યું કે "મારા દાન દેવાના વ્રતનો ભંગ ન કરાવો." છેવટે સૂર્યે તેને સમજાવ્યો કે "જો તારે કવચ-કુંડળ આપવાં જ હોય તો આપજે, પણ બદલામાં ઇન્દ્રની પાસેથી 'શક્તિ' ગ્રહણ કરી લેજે. આ શક્તિ યુદ્ધમાં શત્રુઓનો મહાવિનાશ કરનારી છે." સૂર્ય ચાલ્યા ગયા. કર્ણ જાગી ગયો. વિચાર કરે છે કે કેવું સ્વપ્ન આવ્યું! ત્યાં તો એક દિવસ એક બ્રાહ્મણ આવી જ પહોંચ્યો. વ્યક્તિએ કદી પણ પ્રસિદ્ધ દાનેશ્વરી થવું નહિ, ગુપ્ત દાનેશ્વરી થવું. પ્રસિદ્ધ દાનેશ્વરીના આંગણે સાચા કરતાં ખોટા લોકો વધુ આવતા હોય છે. પ્રત્યેકને ઓળખવું શક્ય નથી હોતું.

કર્ણ સમજી ગયો કે આ સ્વપ્નવાળો જ બ્રાહ્મણ છે. બ્રાહ્મણે કવચ-કુંડળ માગ્યાં અને કર્ણે આપી પણ દીધાં. બદલામાં શક્તિ માગી જે બ્રાહ્મણરૂપી ઇન્દ્રે આપી. આ રીતે જન્મજાત પ્રાપ્ત કવચકુંડળ કર્ણે ખોઈ દીધાં, કહો કે આપી દીધાં. વ્યક્તિને કેટલીક શક્તિઓ જન્મજાત મળેલી હોય છે, પુરુષાર્થથી કે કોઈની આપેલી નથી હોતી. આવી જન્મજાત પ્રાપ્તિને સિદ્ધિ કહેવાય છે.

પ્રશ્ન એ છે કે ઇન્દ્રે શા માટે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને કવચ-કુંડળ માગી લીધાં? કારણ કે ભવિષ્યમાં થનારા મહાયુદ્ધમાં અર્જુન જ મુખ્ય યોદ્ધો થવાનો છે. અર્જુન ઇન્દ્રનો પુત્ર છે. કર્ણ અને અર્જુનનું ભયંકર યુદ્ધ થવાનું છે. જ્યાં સુધી કર્ણ પાસે કવચકુંડળ હશે ત્યાં સુધી અર્જુન તેને જીતી શકવાનો નથી. તેથી ઇન્દ્રને ચિંતા થાય તે સ્વાભાવિક છે, કારણ કે ઇન્દ્ર તેનો બાપ છે—ગુપ્ત બાપ. ખરેખર તો બે ગુપ્ત બાપ વચ્ચે સંઘર્ષ શરૂ થઈ ગયો છે. બન્ને બાપ પોતપોતાના પુત્રોને બચાવવા પ્રયત્નો કરી રહ્યા છે. આ મોહ નથી, પુત્રપ્રેમ છે, જે પ્રત્યેક બાપને હોવો જોઈએ. પુત્રત્યાગ કે ગૃહત્યાગ કરીને મોક્ષ મેળવવો તેના કરતાં પુત્રપ્રેમમાં તેનું ભવિષ્ય સુધારવું વધુ આવકાર્ય ગણાવું જોઈએ.

12-7-10



67. યક્ષકથા

વિશ્વ એટલે આપણી પૃથ્વી. બાકીના વિશ્વમાં ક્યાં કેટલું પરિવર્તન થયું છે તે ભગવાન જાણે, પણ આપણી પૃથ્વી કરોડો વર્ષ પહેલાં જેવી હતી તેવી આજે નથી. તેમાં કલ્પનાતીત પરિવર્તન આવ્યું છે અને આવી રહ્યું છે. આ બધું ક્રમેક્રમે થઈ રહ્યું છે. માત્ર મોક્ષવાદીઓએ પૃથ્વીના વિકાસને ભારે નુકસાન પહોંચાડ્યું છે. જ્યાં જેટલી મોક્ષની પ્રબળતા હોય છે ત્યાં તેટલું જ પછાતપણું હોય છે. કોરો મોક્ષવાદ ભૌતિકવિજ્ઞાનની ઉપેક્ષા જ નહિ વિરોધ પણ કરે છે. તેથી પ્રજાનું 'ક્રીમ' વિજ્ઞાન તરફ બુદ્ધિ લગાવતું નથી. આવી જ રીતે ત્યાગ-વૈરાગ્યની તીવ્ર વાતો કરનારા પણ સુખદ્રોહી થઈ જવાથી વિકાસના વિરોધી થઈ જતા હોય છે. વિકાસનું મૂળ સુખેચ્છા છે. સુખેચ્છા જ મારી નાખવામાં આવે તો વિકાસ થઈ ન શકે.

વિજ્ઞાનનો સૌથી પ્રથમ આવિષ્કાર અગ્નિનું પ્રાગટ્ય હતો. અગ્નિ હાથમાં આવ્યો તેના પહેલાં માણસ અને પશુમાં બહુ ફરક ન હતો. બધાં જ કાચું ખાતાં. પણ જે દિવસે ચકમક દ્વારા માણસે અગ્નિને હાથમાં લીધો તે દિવસથી વિકાસની ગતિ વધવા લાગી. અગ્નિ પેદા કરવા માટે તે સમયમાં અનેક સાધનો વપરાતાં. તેમાં એક અરણિ અને મન્થનકાષ્ઠ હતાં. ખાસ કરીને અગ્નિદેવને રીઝવવા બ્રાહ્મણો નાની-મોટી વિધિઓ કરતા. તેમાંની એક વિધિ "અગ્નિહોત્ર"ની હતી. અગ્નિહોત્ર રોજની વિધિ છે.

આવો એક અગ્નિહોત્રી બ્રાહ્મણ પોતાની અરણિ અને કાષ્ઠ લઈને, તેને દોરડામાં બાંધીને દ્વૈતવનમાં વિચરણ કરતો હતો. તેને થાક લાગવાથી તેણે અરણિ-કાષ્ઠને એક વૃક્ષના થડમાં બાંધી દીધું. થોડી જ વારમાં એક મૃગ આવ્યો. તેને શરીર ઉપર બહુ ખંજવાળ આવતી હતી. જંગલી પશુઓની પૂરી સફાઈ ન થતી હોવાથી તેમના શરીરે નાની જીવાતો પડી જતી હોય છે. સિંહથી માંડીને નાના સસલા સુધી સૌને જીવાત પજવતી હોય છે. તેમાંથી છુટકારો મેળવવા હરણાં વગેરે વૃક્ષોનાં ઠૂંઠાં સાથે પોતાનું શરીર ઘસતાં હોય છે. ઘોડાં-ગધેડાં ધૂળમાં, ખાસ કરીને ગરમ ધૂળમાં આળોટતાં હોય છે. ભેંસો વગેરે પાણીમાં ડૂબીને પછી કાદવમાં આળોટતી હોય છે, જેથી પેલી જીવાત કાં તો મરી જાય, કાં પછી દબાઈ જાય. હાથીનું પણ આવું જ છે. વાંદરા વગેરે પ્રાણીઓ એકબીજાની જૂ વીણતાં હોય છે અને વીણેલી જૂ મોઢામાં મૂકી દેતાં હોય છે જેથી તેનો વંશ ન ચાલે. કેટલાંક પક્ષીઓ પણ પશુઓની જીવાત વીણી આપતાં હોય છે. નાની જીવાતોનો ત્રાસ નાનાં-મોટાં બધાં પશુઓને રહે છે.

પેલા મૃગે તો શરીર ઘસવા માંડ્યું. તેમાં તેના શીંગડામાં પેલી અરણિ અને કાષ્ઠ ભરાઈ ગયાં. મૃગ તો ભાગ્યો, બ્રાહ્મણ તો "મારી અરણિ... મારી અરણિ..." કહેતો-કહેતો તેની પાછળ ભાગ્યો પણ મૃગ તો ક્યાંય ઓઝલ થઈ ગયો. નિરાશ થઈને તે પાંડવોની પાસે આવ્યો અને અરણિ લાવી આપવા પ્રાર્થના કરી. બધા ભાઈઓ ધનુષ્યબાણ લઈને મૃગને શોધવા નીકળ્યા. શીંગડામાં કે પગ વગેરેમાં કાંઈક વસ્તુ ફસાઈ હોય તો પશુ ઊભું નથી રહેતું, દોડાદોડ કરે છે. મૃગની પાછળ દોડતાં-દોડતાં મૃગ તો ન મળ્યો પણ પાંડવો થાકી ગયા. તરસ પણ બહુ લાગી હતી. બધા એક વૃક્ષની છાયામાં બેસી ગયા. સૌકોઈ પાણી...પાણી કરી રહ્યા છે. નકુલે વૃક્ષ ઉપર ચઢીને જોયું તો થોડે દૂર સરોવરકિનારાનાં વૃક્ષો દેખાયાં. તે તો પાત્ર લઈને પાણી લેવા ગયો, પણ પાછો ન આવ્યો. તે પછી સહદેવ ગયો, પણ તે પણ પાછો ન આવ્યો. પછી અર્જુન અને ભીમ ગયા, પણ કોઈ પાછું ન આવ્યું. છેવટે યુધિષ્ઠિર ગયા. જોયું તો ચારે ભાઈઓનાં

શબો સરોવરકિનારે પડ્યાં છે. પાણી પીવાનો પ્રયત્ન કર્યો તો આકાશવાણી થઈ, “ખબરદાર! જો પાણીને હાથ અડાડ્યો તો તારા ભાઈઓ જેવી દશા થશે. પહેલાં મારા પ્રશ્નોના ઉત્તર આપ, પછી પાણીની વાત કર.”

ખરેખર તો સરોવરકિનારે એક યક્ષ રહેતો હતો. તે કોઈને પણ પાણી પીવા દેતો ન હતો. જે કોઈ પાણી પીવા આવતું તેને મડદું બનાવી દેતો. પાણી હોય અને પીવા ન દે તેને યક્ષ કહેવાય. ધન હોય અને વાપરે નહિ તેને ભોરિંગ કહેવાય. વિદ્યા હોય અને કોઈને ભણાવે નહિ તેને બ્રહ્મરાક્ષસ કહેવાય.

રસોઈ વધી હોય પણ કોઈને ખવડાવે નહિ તેને ભૈરવ કહેવાય.

મકાન ખાલી પડ્યું હોય પણ કોઈ અતિથિને આશરો ન આપે તેને જિન્નાત કહેવાય.

યક્ષે પડકાર કર્યો, “ખબરદાર! પહેલાં મારા પ્રશ્નોના ઉત્તર આપ, પછી પાણી પી.” પછી તો યક્ષે એક પછી એક પ્રશ્નો પૂછ્યા, જે ઉપયોગી લાગવાથી અહીં આપું છું.

1. યક્ષ: સૂર્યોદય કોણ કરે છે? તેની ચારે તરફ કોણ ચાલે છે? તેને અસ્ત કોણ કરે છે અને તે શામાં પ્રતિષ્ઠિત છે?
   યુધિષ્ઠિરનો ઉત્તર: બ્રહ્મ સૂર્યોદય કરે છે. તેની ચારે તરફ ગ્રહ-નક્ષત્રો ફરે છે. ધર્મરાજ (કાળ) તેને અસ્ત કરે છે અને તે સત્યમાં પ્રતિષ્ઠિત છે.

2. યક્ષ: મનુષ્ય શ્રોત્રિય કોના દ્વારા થાય છે?
   ઉત્તર: વેદાધ્યયનથી.

3. પ્રશ્ન: મહાન કેવી રીતે થવાય છે?
   ઉત્તર: તપસ્યા કરવાથી.

4. પ્રશ્ન: દ્વિતીયવાન કેવી રીતે થવાય છે?
   ઉત્તર: ધૈર્યથી દ્વિતીય થવાય છે.

5. પ્રશ્ન: બુદ્ધિમાન કેવી રીતે થવાય છે?
   ઉત્તર: વૃદ્ધ અને વિદ્વાનોની સેવાથી.

6. પ્રશ્ન: બ્રાહ્મણોમાં દેવત્વ શું છે?
   ઉત્તર: સ્વાધ્યાય.

7. પ્રશ્ન: સત્પુરુષોનો ધર્મ શું છે?
   ઉત્તર: સત્પુરુષોનું અનુશરણ.

8. પ્રશ્ન: મનુષ્ય-ભાવ શું છે?
   ઉત્તર: મૃત્યુ જ મનુષ્યભાવ છે.

9. પ્રશ્ન: અસત્પુરુષોનું પ્રથમ લક્ષણ શું છે?
   ઉત્તર: નિંદા.

10. પ્રશ્ન: ક્ષત્રિયોનું દૈવત શું છે?
    ઉત્તર: શસ્ત્રવિદ્યા.

11. પ્રશ્ન: સત્પુરુષોનો ધર્મ શું છે?
ઉત્તર: યજ્ઞ.

12. પ્રશ્ન: તેમનો મનુષ્યભાવ શું છે?
ઉત્તર: ભય.

13. પ્રશ્ન: અસદ્ભાવ શું છે?
ઉત્તર: શરણાગતનો તિરસ્કાર.

14. પ્રશ્ન: યજ્ઞનો સામ શું છે?
ઉત્તર: પ્રાણ.

15. પ્રશ્ન: યજ્ઞીય પશુ શું છે?
ઉત્તર: મન.

16. પ્રશ્ન: યજ્ઞનું વરણ શું છે?
ઉત્તર: ઋચા.

17. પ્રશ્ન: યજ્ઞ કોનું અતિક્રમણ નથી કરતો?
ઉત્તર: ઋચાનો ત્યાગ—અતિક્રમણ નથી કરતો.

18. પ્રશ્ન: ખેતી માટે શ્રેષ્ઠ શું છે?
ઉત્તર: વર્ષા.

19. પ્રશ્ન: વાવવા જેવી ઉત્તમ વસ્તુ શું છે?
ઉત્તર: બીજ.

20. પ્રશ્ન: પ્રતિષ્ઠિત ધનવાનો માટે શ્રેષ્ઠ શું છે?
ઉત્તર: ગાયો.

21. પ્રશ્ન: સંતાનોત્પાદકો માટે શ્રેષ્ઠ શું છે?
ઉત્તર: પુત્ર.

22. પ્રશ્ન: જીવતો છતાં મરેલો કોણ છે?
ઉત્તર: જે દેવતા, અતિથિ, પરિવાર, પિતૃઓ અને આત્માનું પોષણ નથી કરતો.

23. પ્રશ્ન: પૃથ્વીથી ભારે શું છે?
ઉત્તર: માતાનું ગૌરવ.

24. પ્રશ્ન: આકાશથી ઊંચું શું છે?
ઉત્તર: પિતા.

25. પ્રશ્ન: વાયુથી તેજ શું છે?
ઉત્તર: મન.

26. પ્રશ્ન: તણખલા કરતાં પણ વધારે શું છે?
ઉત્તર: ચિંતા.

27. પ્રશ્ન: સૂતી વખતે કોણ આંખ મીંચતું નથી?
ઉત્તર: માછલી.

28. પ્રશ્ન: ઉત્પન્ન થવા છતાં પણ કોણ ચેષ્ટા નથી કરતું?
ઉત્તર: ઈંડું.

29. પ્રશ્ન: શામાં હૃદય નથી હોતું?
ઉત્તર: પથ્થરમાં.

30. પ્રશ્ન: કોણ વેગથી વધે છે?
ઉત્તર: નદી.

31. પ્રશ્ન: પ્રવાસીનો મિત્ર કોણ છે?
ઉત્તર: સહપ્રવાસી.

32. પ્રશ્ન: રોગીનો મિત્ર કોણ છે?
ઉત્તર: વૈદ્ય.

33. પ્રશ્ન: ગૃહવાસીનો મિત્ર કોણ છે?
ઉત્તર: પત્ની.

34. પ્રશ્ન: મૃત્યુપથારીએ પડેલાનો મિત્ર કોણ છે?
ઉત્તર: દાન.

35. પ્રશ્ન: અતિથિ કોણ છે?
ઉત્તર: અગ્નિ.

36. પ્રશ્ન: સનાતન ધર્મ શું છે?
ઉત્તર: નિત્યધર્મ (સંપ્રદાય નહિ).

37. પ્રશ્ન: સંપૂર્ણ જગત શું છે?
ઉત્તર: વાયુ.

38. પ્રશ્ન: એકલો કોણ ફરે છે?
ઉત્તર: સૂર્ય.

39. પ્રશ્ન: એક વાર જન્મીને ફરી કોણ જન્મે છે?
ઉત્તર: ચંદ્રમા.

40. પ્રશ્ન: શીતની ઔષધિ શું છે?
ઉત્તર: અગ્નિ.

41. પ્રશ્ન: મોટું આવપન (ક્ષેત્રફળ) શું છે?
ઉત્તર: ભૂમિ.

42. પ્રશ્ન: ધર્મનું મુખ્યસ્થાન શું છે?
ઉત્તર: દક્ષતા.

43. પ્રશ્ન: સ્વર્ગનું મુખ્ય સ્થાન શું છે?
ઉત્તર: સત્ય.

44. પ્રશ્ન: યશનું મુખ્ય સ્થાન શું છે?
ઉત્તર: દાન.

45. પ્રશ્ન: સુખનું મુખ્ય સ્થાન શું છે?
ઉત્તર: શીલ.

46. પ્રશ્ન: મનુષ્યનો આત્મા શું છે?
ઉત્તર: પુત્ર.

47. પ્રશ્ન: મનુષ્યની સખા કોણ છે?
ઉત્તર: ભાર્યા.

48. પ્રશ્ન: મનુષ્યનો જીવનસહારો શું છે?
ઉત્તર: વરસાદ—રોજી.

49. પ્રશ્ન: મનુષ્યનો આશ્રય શું છે?
ઉત્તર: દાન.

50. પ્રશ્ન: ધન્યવાદને યોગ્ય શું છે?
ઉત્તર: દક્ષતા.

51. પ્રશ્ન: ઉત્તમ ધન કયું છે?
ઉત્તર: વિદ્યા.

52. પ્રશ્ન: પ્રધાન લાભ શું છે?
ઉત્તર: આરોગ્ય.

53. સુખોમાં ઉત્તમ સુખ શું છે?
ઉત્તર: સંતોષ.

54. પ્રશ્ન: શ્રેષ્ઠ ધર્મ કયો છે?
ઉત્તર: દયા.

55. પ્રશ્ન: નિત્ય ફળ આપનારો ધર્મ કયો છે?
ઉત્તર: વેદોક્ત ધર્મ.

56. પ્રશ્ન: કોને વશમાં રાખવાથી મનુષ્ય શોકમુક્ત થાય છે?
ઉત્તર: મનને.

57. પ્રશ્ન: કોની મિત્રતા નષ્ટ થતી નથી?
ઉત્તર: સત્પુરુષોની.

58. પ્રશ્ન: કોના ત્યાગથી મનુષ્ય પ્રિય થાય છે?
ઉત્તર: માન-અભિમાનના ત્યાગથી.

59. પ્રશ્ન: કોને ત્યજવાથી શોક નથી થતો?
ઉત્તર: ક્રોધ.

60. પ્રશ્ન: કોને ત્યાગવાથી મનુષ્ય અર્થવાન થાય છે?
ઉત્તર: કામ.

61. પ્રશ્ન: કોને ત્યાગીને માણસ સુખી થાય છે?
ઉત્તર: લોભ.

62. પ્રશ્ન: બ્રાહ્મણને દાન કેમ અપાય છે?
ઉત્તર: ધર્મ માટે.

63. પ્રશ્ન: નટ-નર્તકીને દાન કેમ અપાય છે?
ઉત્તર: યશ માટે.

64. પ્રશ્ન: સેવકોને દાન કેમ અપાય છે?
ઉત્તર: ભરણપોષણ માટે.

65. પ્રશ્ન: રાજાઓને દાન કેમ અપાય છે?
ઉત્તર: ભયથી કર માટે.

66. પ્રશ્ન: જગત શાથી ઢંકાયું છે?
ઉત્તર: અજ્ઞાનથી.

67. પ્રશ્ન: કેમ પ્રકાશિત નથી થતું?
ઉત્તર: તમોગુણના કારણે.

68. પ્રશ્ન: મિત્રોને કેમ છોડી દેવાય છે?
ઉત્તર: લોભના કારણે.

69. પ્રશ્ન: સ્વર્ગમાં કેમ જવાતું નથી?
ઉત્તર: આસક્તિના કારણે.

70. પ્રશ્ન: કયો પુરુષ મડદા જેવો છે?
ઉત્તર: દરિદ્ર પુરુષ.

71. પ્રશ્ન: રાષ્ટ્ર કેમ મરી જાય છે?
ઉત્તર: રાજા વિના.

72. પ્રશ્ન: શ્રાદ્ધ કેમ નિષ્ફળ થાય છે?
ઉત્તર: ક્ષત્રિય બ્રાહ્મણ વગર.

73. પ્રશ્ન: યજ્ઞ કેમ નિષ્ફળ થાય છે?
ઉત્તર: દક્ષિણા વિના.

74. પ્રશ્ન: દિશા શું છે?
ઉત્તર: સત્પુરુષ દિશા છે.

75. પ્રશ્ન: જળ શું છે?
ઉત્તર: આકાશ જળ છે.

76. પ્રશ્ન: અન્ન શું છે?
ઉત્તર: પૃથ્વી અન્ન છે.

77. પ્રશ્ન: શ્રાદ્ધનો સમય શું છે?
ઉત્તર: બ્રાહ્મણ

78. પ્રશ્ન: વિષ શું છે?
ઉત્તર: યાચના.

79. પ્રશ્ન: તપ શું છે?
ઉત્તર: સ્વધર્મમાં દૃઢતા તપ છે.

80. પ્રશ્ન: દમ કોને કહેવાય?
ઉત્તર: મનને દુરિચ્છાથી રોકવું એ દમ છે.

81. પ્રશ્ન: ક્ષમા કોને કહેવાય?
ઉત્તર: દ્વંદ્વોને સહવા તે ક્ષમા છે.

82. પ્રશ્ન: લજ્જા કોને કહેવાય?
ઉત્તર: કુકર્મ કરતાં શરમાવું તે લજ્જા છે.

83. પ્રશ્ન: જ્ઞાન શું છે?
ઉત્તર: પરમાત્માનું જ્ઞાન એ જ્ઞાન છે.

84. પ્રશ્ન: શમ શું છે?
ઉત્તર: ચિત્તની શાંતિ શમ છે.

85. પ્રશ્ન: ઉત્તમ દયા કઈ છે?
ઉત્તર: સૌનું ભલું ઇચ્છવું એ દયા છે.

86. પ્રશ્ન: સરળતા કેવી હોવી જોઈએ?
ઉત્તર: સમચિત્ત થવું તે સરળતા છે.

87. પ્રશ્ન: દુર્જય શત્રુ કોણ છે?
ઉત્તર: ક્રોધ.

88. પ્રશ્ન: અનંત વ્યાધિ કોણ છે?
ઉત્તર: લોભ.

89. પ્રશ્ન: સાધુ કોને કહેવાય?
ઉત્તર: સૌનું હિત ઇચ્છનાર.

90. પ્રશ્ન: અસાધુ કોને કહેવાય?
ઉત્તર: નિર્દય પુરુષ.

91. પ્રશ્ન: મોહ કોને કહેવાય?
ઉત્તર: ધર્મમૂઢતા.

92. પ્રશ્ન: માન કોને કહેવાય?
ઉત્તર: સ્વમાન

93. પ્રશ્ન: આળસ કોને કહેવાય?
ઉત્તર: ધર્મત્યાગ.

94. પ્રશ્ન: શોક કોને કહેવાય?
ઉત્તર: અજ્ઞાન.

95. પ્રશ્ન: સ્થિરતા શું છે?
ઉત્તર: સ્વધર્મમાં સ્થિતિ.

96. પ્રશ્ન: ધૈર્ય કોને કહેવાય?
ઉત્તર: ઇન્દ્રિયનિગ્રહ.

97. પ્રશ્ન: પરમસ્નાન કયું છે?
ઉત્તર: મનના વિકારો છોડવા.

98. પ્રશ્ન: દાન કોને કહેવાય?
ઉત્તર: પ્રાણીઓની રક્ષા

99. પ્રશ્ન: પંડિત કોણ છે?
ઉત્તર: ધર્મ.

100. પ્રશ્ન: નાસ્તિક કોણ છે?
ઉત્તર: મૂર્ખ.

101. પ્રશ્ન: મૂર્ખ કોણ છે?
ઉત્તર: નાસ્તિક.

102. પ્રશ્ન: કામ શું છે?
ઉત્તર: વાસના.

103. પ્રશ્ન: મત્સર શું છે?
ઉત્તર: હૃદયનો દાહ.

104. પ્રશ્ન: અહંકાર શું છે?
ઉત્તર: અજ્ઞાન.

105. પ્રશ્ન: દમ્ભ શું છે?
ઉત્તર: ધાર્મિક હોવાનો દેખાવ.

106. પ્રશ્ન: પરમ દૈવ શું છે?
ઉત્તર: દાનનું ફળ.

107. પ્રશ્ન: પૈશુન્ય શું છે?
ઉત્તર: ચાડી-ચુગલી કરવી તે.

108. પ્રશ્ન: ધર્મ, અર્થ અને કામ પરસ્પર વિરોધી છે?
ઉત્તર: જ્યારે ધર્મ અને ભાર્યા પરસ્પર સુમેળ કરે છે ત્યારે ધર્મ અર્થ અને કામનો સુમેળ થાય છે. આ ત્રણે એકસાથે રહી શકે છે.

109. પ્રશ્ન: અક્ષય નરક કોને મળે છે?
ઉત્તર: જે યોગ્ય બ્રાહ્મણને બોલાવીને પછી દાન નથી આપતો તેને. જે માણસ વેદ, ધર્મશાસ્ત્ર, બ્રાહ્મણ, દેવતા અને પિતરોમાં મિથ્યાબુદ્ધિ રાખે છે તે અક્ષય નરકમાં જાય છે.

110. પ્રશ્ન: બ્રાહ્મણત્વની સિદ્ધિ કયા ગુણોથી થાય છે?
ઉત્તર: સ્વાધ્યાય વગેરે નહિ, માત્ર આચારથી બ્રાહ્મણત્વ પ્રાપ્ત થાય છે.

111. પ્રશ્ન: મધુર વચનનું ફળ શું?
ઉત્તર: સૌનો પ્રિય થાય.

112. પ્રશ્ન: વિચારપૂર્વક કામ કરે તેનું ફળ શું?
ઉત્તર: સફળતા મળે છે.

113. પ્રશ્ન: ઘણા મિત્રોવાળાને શું લાભ?
ઉત્તર: સુખપૂર્વક રહે છે.

114. પ્રશ્ન: ધર્મનિષ્ઠને કયો લાભ?
ઉત્તર: સદ્ગતિ મળે છે.

115. પ્રશ્ન: આનંદિત કોણ હોય?
ઉત્તર: જે માણસ દેવાદાર નથી, વિદેશમાં નથી રહેતો, તે ભલે શાકભાજી ખાય તોપણ તે આનંદથી રહે છે.

116. પ્રશ્ન: આશ્ચર્ય શું છે?
ઉત્તર: પ્રતિદિન હજારોનાં મૃત્યુ થાય છે, તેને જુએ છે તોપણ પોતે અમર છે તેવું માને છે તે આશ્ચર્ય છે.

117. પ્રશ્ન: કયો માર્ગ છે?
ઉત્તર: જે મહાપુરુષના પગલેપગલે ચાલે છે તે જ માર્ગ છે.

118. પ્રશ્ન: કયા સમાચાર છે?
ઉત્તર: પૃથ્વીરૂપી કડાઈમાં ગગનરૂપી ઢાંકણ ઢાંકીને, બધાં પ્રાણીઓને માસ-ઋતુ-દિન-રાત દ્વારા યમરાજ શેક્યા કરે છે તે જ વાર્તા-સમાચાર છે.

આ રીતે યક્ષે યુધિષ્ઠિરને ઘણા પ્રશ્નો પૂછ્યા અને યુધિષ્ઠિરે બધાના ટૂંકા પણ સચોટ જવાબ આપ્યા. પછી નકુલભાઈ જીવિત થયો.

પોતાના સહોદર ભાઈઓની જગ્યાએ સાવકી માતાના પુત્રને જીવિત કરવાની યાચનાથી યક્ષ

પ્રસન્ન થયો અને ચારે ભાઈઓને જીવતા કરી દીધા.

પછી ખબર પડી કે યક્ષ બીજું કોઈ નહિ યમરાજ પોતે જ હતા. પોતાના પુત્ર યુધિષ્ઠિરનાં દર્શન માટે તેમણે આ બધું નાટક રચ્યું હતું.

પછી તો યક્ષે યુધિષ્ઠિરને વરદાન માગવા કહ્યું. યુધિષ્ઠિરે અરણિ-કાષ્ઠ પાછાં માગ્યાં. તેરમું વર્ષ ગુપ્ત રહેવાનું છે એટલે કોઈ ઓળખી ન જાય તે માગ્યું. ત્રીજા વરદાનમાં પોતાનામાં ધર્માદિ ગુણો સદાય રહે તે માગ્યું. પછી તો યક્ષ-યમરાજ અંતર્ધાન થઈ ગયા.

પાંડવો પણ પોતાના આશ્રમે પાછા આવ્યા અને પેલા બ્રાહ્મણને તેનાં અરણિ અને કાષ્ઠ આપ્યાં.

આ રીતે આ યક્ષકથા પૂરી થઈ.

12-7-10

(વનપર્વની સમાપ્તિ)

*

વિરાટપર્વ

68. પાંડવોનો વનવાસ

સંસાર શરતોથી ચાલે છે. શરત વિનાનું કશું નથી હોતું. સૂર્ય, ચંદ્ર, નવગ્રહો, તારાઓ અને પૂરું બ્રહ્માંડ કોઈ અલિખિત શરત પ્રમાણે પોત-પોતાના માર્ગ ઉપર ચાલી રહ્યાં છે. કોઈને પણ માર્ગ બદલવાની જરા ય છૂટ નથી હોતી, કદાચ કોઈ જરાક આઘાપાછા પણ થાય તો પ્રલયકારી વિસ્ફોટ થઈ જાય છે. બધાંના પૂર્વ પ્રોગ્રામ કરેલા છે.

આપણા શરીરનો કણેકણ નિર્ધારિત શરત પ્રમાણે જ કામ કરે છે. ટાઈમીંગ બેલ્ટની માફક બધું વ્યવસ્થિત છે. હૃદયને કેટલા ધબકારા કરવા, રક્તનું પ્રેશર કેટલું રહેવું, ફેફસાંએ વાયુપ્રક્રિયા કેમ કરવી, પક્વાશય, મળાશય, આંતરડાં, મૂત્રાશય, વીર્યાશય, અસ્થિ, મજ્જા, રુધિર, રુધિરકણો, નસો, ચામડી, વાળ, આંખ, કાન, નાક, જીભ, દાંત, દાંતોની રચના, તેની ગોઠવણી, મગજ, તેની પ્રક્રિયા, તેની જટિલતા, નખો, વાળ અરે કણેકણ નિશ્ચિત શરતો સાથે પ્રોગ્રામ કરેલાં છે. એક જ વિચાર કરો કે બત્રીસ દાંત એકસરખા હોય તો? છેક છેવાડે ઉપર નીચે ગોઠવેલી દાઢોને આગળ મૂકી જુઓ અને આગળના દાંતને દાઢોની જગ્યાએ આગળ મૂકી જુઓ. મૂકી તો જુઓ. ખબર પડશે કે ના ના કશો ફેરફાર કરી શકાય તેમ નથી. બધું જ તેની જગ્યાએ નિશ્ચિત શરતો સાથે ગોઠવાયેલું છે. આ શરતોમાં જરાક ભંગ થાય છે કે તરત જ કુપરિણામ આવે છે. માણસ એમને એમ બીમાર નથી થતો. શરતભંગ કરવાના કારણે જ બીમાર થાય છે. માણસ એમને એમ મરી જતો નથી. પ્રોગ્રામ જ એવો કરેલો છે કે તેણે મરી જ જવું પડે. પ્રોગ્રામની શરતોનું પાલન કરવું એ જ શાસ્ત્રપાલન કહેવાય. કુદરતી શાસ્ત્ર.

આ તો વાત થઈ કુદરતી શરતોની. માનવીય સંસારનો મૂળગત સંબંધ છે. સંબંધો શરતો વિનાના નથી હોતા. સંબંધો જ જીવનની કરોડરજ્જુ છે. તેના આધારે જીવન ઊભું છે. સંબંધહીન ચેતના હોતી નથી. હોય તો તેનો કશો અર્થ નથી. જો આત્મા અસંગ હોય તો તેને જીવન જ ના હોય. સંગથી જ જીવન જન્મે છે. ટકે છે, વધે છે, ઘટે છે અને સમાપ્ત થાય છે.

બધા સંબંધોને દસ પ્રકારમાં ગોઠવી શકાય. (1) ધાર્મિક (2) સામાજિક (3) રાજકીય (4) મોહ-પ્રેમ વગેરે લાગણીના (5) શારીરિક (6) વ્યાવહારિક (7) વ્યાપારિક (8) પારિવારિક (9) મૈત્રી (10) વિદ્યા વગેરે.

1 ધાર્મિક સંબંધોનું મુખ્ય તત્ત્વ શ્રદ્ધા છે. શ્રદ્ધા શરતો વિનાની નથી હોતી. નિર્ધારિત અને અપેક્ષિત શરતો પૂરી થાય ત્યાં સુધી જ શ્રદ્ધા ટકતી હોય છે. એ શરતોમાં ભંગ દેખાય તો શ્રદ્ધા ડગી શકે છે. તૂટી શકે છે. શરતો શાસ્ત્રોથી, લોકાચારથી, પરંપરાથી નિર્ધારિત થતી હોય છે. શાસ્ત્રે કહ્યું કે સાધુથી જોડાં પહેરાય નહિ અને છતાં કોઈ જોડાં પહેરે તો શ્રદ્ધા હચમચી ઊઠે. શ્રદ્ધા હચમચી ઊઠે એટલે ધાર્મિક સંબંધ કે સંબંધો પૂરતા ના પોષાતા હોય તો જોડાં પહેરવાની જરૂર ઊભી થાય કે ઇચ્છા થાય તોપણ વ્યક્તિ કે સમૂહ જોડાં ના પહેરે પણ કદાચ જોડાં પહેર્યાં વિના રહેવાય જ નહિ તો પછી છાનાછપના પહેરે. લોકદૃષ્ટિથી બચે. લોકો ના હોય ત્યાં પહેરે અને હોય ત્યાં કાઢી નાંખે. અથવા પછી જોડાંની વ્યાખ્યા બદલી નાખે. આ તો એક નમૂનો થયો. આહાર, વિહાર, વગેરે બધામાં શરતો હોય છે. તે પાળો તો જ પ્રતિષ્ઠા કે માન્યતા મળે. જીવનમાં પ્રતિષ્ઠા અને માન્યતા બહુ જ મહત્ત્વની વસ્તુ છે. વ્યક્તિ તેને જતી કરી શકતી નથી. તેને મેળવવા, ટકાવવા, વધારવા, વ્યક્તિ સાચું-ખોટું બધું કરી છૂટે છે. જો પ્રતિષ્ઠા જેવી વસ્તુ જ ના હોત તો સત્યનું પાલન કરવાના ઉપદેશની જરૂર જ ના હોત. પ્રતિષ્ઠા માટે જેટલું

અસત્ય બોલાય છે. અસત્ય કરાય છે તેટલું બીજી કોઈ વસ્તુ માટે નથી બોલાતું એટલે પશુ-પક્ષીઓ અસત્ય નથી બોલતાં કારણ કે તેમને પ્રતિષ્ઠા સાચવવાની નથી હોતી. પોતે જેવાં છે તેવાં જ બતાવી શકે છે.

પૂર્વ કહ્યું તેમ ધાર્મિક સંબંધો, શ્રદ્ધાને આધીન હોય છે. શ્રદ્ધાને પૂરેપૂરી બૌદ્ધિક બનાવી શકાતી નથી. પૂરેપૂરી બૌદ્ધિકતા માત્ર પ્રયોગશાળાના યંત્રોમાં હોય છે. તેથી તે કદાચ નિર્ણયો તો સાચા કરે છે. પણ તેનાં સુખ-દુ:ખ પોતે ભોગવતા નથી. કારણ કે ભોગવવાની ક્ષમતા જ નથી. ચેતના વિના ભોગવવાની ક્ષમતા જ ન હોય. માણસ મશીન જેવો જડ નથી. તેથી પૂરેપૂરી બૌદ્ધિકતા એ જડતાની બીજી બહેન થઈ શકે છે. ચેતનાથી જડતાનું નિવારણ થતું હોય છે. ચેતનાનું પ્રથમ ફરજંદ લાગણી છે. શ્રદ્ધા તેનો જ એક પ્રકાર છે. જે શરતોને આધીન હોય છે. "તમે આવા હોવ તો હું શ્રદ્ધા કરું" આવી શરત પછી માણસ એવા થવાનો પ્રયત્ન કરે. ડોળ કરે, દંભ કરે, પાખંડ કરે. બધું કરે. કારણ કે એવા થવાનું નથી પણ એવા દેખાવું છે. અહીંથી પ્રદર્શન શરૂ થાય છે. જેમજેમ પ્રદર્શનનું પ્રમાણ વધવા માંડે છે તેમતેમ દર્શનનું પ્રમાણ ઘટવા માંડે છે. અંતે દર્શન સમાપ્ત થઈને માત્ર પ્રદર્શન જ રહી જાય છે. પ્રદર્શન, સત્ય પરિણામ નથી આપતાં, માત્ર મનોરંજન પૂરું પાડે છે. જે લોકોને ગમે છે. આ રીતે ધર્મ જીવનનું પરિબળ થવાની જગ્યાએ રમકડું બની જાય છે. પછી સાચો માણસ શોધ્યોય જડતો નથી. કદાચ જડે તો ઓળખાતો નથી કે પછી સ્વીકારતો નથી.

સૌથી વધુ સાવધાની કે વધુ ભય તીવ્ર શ્રદ્ધાળુથી રાખવાનો હોય છે. તેની શરતો ઘણી હોય છે. જો તેમાં જરાક ઊણા ઊતરો તો શ્રદ્ધા ડગી જાય, સંબંધ તૂટી જાય "તમને આવા ધાર્યા ન હતા" જેવા ધાર્યા હતા તેવા બતાવવા ઘણા પ્રયત્નો કર્યા, પણ બે ચહેરા કેટલા દિવસ ચાલે? લોક-પ્રસિદ્ધ દારૂડિયાથી લોકોને આઘાત નથી લાગતો, બહુ બહુ તો દુ:ખ થાય. દુ:ખ કરતાં આઘાત વધુ સતાવે છે. દુ:ખમાં પણ માણસને ઊંઘ આવે. આઘાતમાં ના આવે. દુનિયા જુગાર રમી તો રમે. રમે જ છે ને! પણ યુધિષ્ઠિર ના રમી શકે. કારણ કે તે ધર્મરાજ છે. સત્યવાદી છે. તેમ છતાં જો રમે તો આઘાત લાગે. એટલે કદી પણ યુધિષ્ઠિરપણાનો દાવો કરીને જીવન ના જીવવું. પ્રથમ પ્રતિષ્ઠા તો મળશે પણ પછી ભારે બેઆબરૂ થશો. બધા દાવા પૂરા નથી થતા. જે નથી થતા તે પછી પોતાને જ માટે ત્રાસદાયી થઈ જતા હોય છે.

"હું કદી જુઠ્ઠું બોલતો જ નથી, સત્ય જ બોલું છું" તેવો દાવો ના કરો. "હું યથાસંભવ સત્ય બોલવાનો પ્રયત્ન કરું છું. પણ કોઈ વાર ચૂકી પણ જવાય છે." આવું બોલો. તમે જ તમારી શરતો બતાવી દીધી. ગમે તો સંબંધ રાખો, બાંધો કે તોડો. હું જેવો છું તેવો જ છું. તમને છેતરીશ નહિ. પણ તમે અતિરેકભરી ધારણાઓ રાખીને છેતરાવ તો દોષ તમારો જીવનની સ્પષ્ટતા બહુ મોટી હિંમતનું કામ છે.

"સત્ય અને અહિંસા"નો દાવો કર્યા કરો અને પછી અપવાદો ઊભા કરો તેના કરતાં યથાસંભવ સત્ય અને યથાસંભવ અહિંસાની વાત નમ્રતાપૂર્વક કરો તો વાંધો ન આવે.

વ્યભિચારીઓ એટલા બદનામ નથી થતા જેટલા બ્રહ્મચારીઓ બદનામ થાય છે. ખરેખર તો આખા સંસારમાં કોઈ ને કોઈ રીતે આ દૂષણ છે જ. પણ બ્રહ્મચારીઓ દયાપૂર્વકનું જીવન જીવે છે. આ જ દોષ છે. "હા, પળાય તેટલું પાળું છું પણ સંપૂર્ણ રીતે પાળી શકાતું નથી." આટલું જાહેરમાં બોલી શકો તો બદનામી હળવી થઈ જાય. ઘટી જાય. તો તમે વધુ સત્યની નજીક પહોંચી જાવ. રજનીશ સાવ બ્રહ્મચર્યના વિપરીત જીવન જીવ્યા. ઉપદેશ પણ તેવો જ આપ્યો.

તેથી ચરિત્રહીનતાની બદનામીથી બચી ગયા. હજારોની શ્રદ્ધાનું કેન્દ્ર બન્યા. પ્રેરક બન્યા. પૂજ્ય બન્યા. જો તેમણે ચીલાચાલુ બ્રહ્મચર્યનો દાવો કર્યે રાખ્યો હોત તો કદાચ કોડીના થઈ ગયા હોત. કારણ કે સંબંધની શરતો જ એવી હોત. કરોડના થઈને જીવવું હોય તો શરતો પૂરી કરો. શરતો વિનાની પ્રતિષ્ઠા નથી હોતી. શરતો સાચીએ હોય અને ખોટીએ હોય. ખોટી શરતો માણસને, ધર્મને ખોટો બનાવે છે. આપણે ખોટી શરતોનો ભારો ઉપાડીને જીવીએ છીએ. પણ ભારો ફેંકી દેવાની શક્તિ પણ નથી. હળવા થઈને જીવવું હોય તો બહુ ઊંચા દાવા ના કરો. પણ તો પછી મહાન નહિ થઈ શકો. મહાન થવાનો રોગ કે મહાન હોવાની ધારણાનો રોગ માણસને સત્યથી વેગળો કરતો રહે છે. હળવા થવાથી હલકા થવાનું હોય તો ખુશીથી થાવ. હલકું લાકડું જ તરે છે. ભારે લોખંડ ડૂબે છે. સંતો હલકા થઈને જીવે છે. તેથી તરે છે. જુઓ સુરદાસ શું કહે છે,

"મો સમ કોન કુટિલ ખલ કામી,
ભરી ભરી ઉદરી વિષયકો ધાયો
શુકર કૂકર ગામી... મો સમ."

કોની તાકાત છે આટલા હલકા થવાની. કશો જ દાવો નહિ અને નરસિંહ મહેતાએ તો હદ વાળી દીધી.

"કાંઈક જાણે પેલો નરસૈંયો ભોગી" પોતાની જાતને જાતે જ ભોગી કહેવડાવનાર એક તરફ છે અને બીજી તરફ શ્રીશ્રી અનના વિભૂષિત 1108 જેવાં ટાઈટલો લગાડનારા છે. બન્નેનો ભેદ જે નથી સમજી શકતા તે છતી આંખે આંધળા છે.

2. બધા માણસો કદાચ ધાર્મિક ના પણ હોય કારણ કે શ્રદ્ધા ના હોય. પણ બધા માણસો સામાજિક તો હોય જ. અરે, નાસ્તિકોનો પણ એક સમાજ બની જતો હોય છે. માણસ સામાજિક પ્રાણી છે. એકાકી રહી શકતો નથી.

સામાજિક સંબંધોનો મૂલાધાર 'આત્મીયતા' છે. પોતાના સમાજના અજાણ્યા માણસને જોતાં જ એક પ્રકારની આવશ્યકતા જાગે છે. તેના માટેની અનિવાર્ય શરત હોય છે. રૂઢિઓ, રિવાજોનું પાલન, તેનું અતિક્રમણ કરે તો સમાજથી ફેંકાઈ જાય. હડધૂત થાય. તેના ઘણા સામાજિક સંબંધો બગડી જાય. સમાજમાં રહેવું હોય તો શરતો પાળવી જ પડે. રૂઢિઓ અને રિવાજો દેશકાળ પ્રમાણે બદલાતા રહે છે. પણ બદલાવનારાને ઘણું સહન કરવું પડતું હોય છે. રૂઢિવાદી અને સુધારાવાદી વચ્ચે કાયમી સંઘર્ષ રહેતો હોય છે. જે લોકોની પૂરી જીવનપદ્ધતિ ધર્મને આધીન હોય છે અને ધર્મમાં જરાપણ સુધારો શક્ય નથી હોતો. આવા લોકો આપોઆપ દેશકાળથી પછાત થઈ જતા હોય છે. તાજગી વિનાની જીવનપદ્ધતિ સુખદાયી નથી હોતી.

3. રાજકીય સંબંધોની શરત 'વફાદારી' છે. પ્રજા રાજા પ્રત્યે અને રાજા પ્રજા પ્રત્યે વફાદાર રહે. માત્ર પ્રજા જ વફાદારીના સોગંદ ના ગ્રહણ કરે. રાજા પણ આવા સોગંદ ગ્રહણ કરે અને પાળે. બન્ને એકબીજાની શરતો પૂરી કરે. જે રાજા અત્યાચારી થશે, શરતો તોડશે તેને પ્રજા ફૂંકી દેશે. ચૂંટણીમાં હટાવી દેશે. પ્રજા કાયદા તોડતી થશે તો રાજા જેલમાં પૂરી દેશે. બન્ને એકબીજાની વ્યવસ્થા પાળે તો જ રાજકીય સંબંધો ચાલુ રહે.

4. સૌથી મહત્ત્વના સંબંધો લાગણીઓના છે. લાગણીઓનો મૂલાધાર મોહ છે. મોહમાંથી સારી-ખોટી બન્ને પ્રકારની લાગણીઓ પેદા થતી હોય છે. મોહને રીફાઈન કરી કરીને શુદ્ધ કરવામાં આવે તો પ્રેમ બને છે. પ્રેમની શરત વફાદારી છે. બેવફાઈ આઘાતજનક થઈ જાય છે.

શરતભંગ થયો. પણ પ્રેમ જ્યારે પૂરી પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે તે જ દિવ્યપ્રેમ છે. દિવ્યપ્રેમને કશી શરત નથી હોતી. માનો શિશુ પ્રત્યેનો પ્રેમ શરત વિનાનો છે. તે કહેતી નથી કે રૂડો હોય તો હું પ્રેમ કરું, તે કહેતી નથી કે તું મારા ખોળામાં ગંદકી ના કરે તો હું પ્રેમ કરું, તે કહેતી નથી કે તું રોકકળ ના કરે તો હું પ્રેમ કરું. તેની કોઈ શરત નથી. તું કાળો-કલૂટો, ગંધાતો કે રોકકળ કરી મૂકનારો હોય તોપણ તું મારો છે. કોઈ શરત વિના તું મારો છે. આ દિવ્યપ્રેમ છે. હા, આ શૈશવાવસ્થા સુધી જ રહે છે. પછી અપેક્ષાઓ જાગે છે. રળતોકમાતો થા, રળીને મને આપ, તારી પત્નીને મારા કાબૂમાં રાખ, વગેરે વગેરે...

માણસ-માણસ વચ્ચે પણ આવો શરતો વિનાનો દિવ્યપ્રેમ હોઈ શકે છે. દુર્લભ જ કહેવાય. આખી દુનિયા મને રાક્ષસ કહીને તરછોડી દે તોપણ જેનો સંબંધ ફિક્કો ના પડે. ઊલટાનો વધુ દૃઢ બને તે દિવ્યપ્રેમ છે. આ ઈશ્વરનું અવતરણ જ કહેવાય.

માણસનો ઈશ્વર પ્રત્યે પણ આવો જ દિવ્યપ્રેમ હોઈ શકે છે. ગમે તેટલાં દુ:ખો પડે પણ ઉફ ના કરે. “જેવી તારી મરજી” એ જ મહામંત્ર જપતો રહે તો જ ઈશ્વરીય દિવ્યપ્રેમ છે. શરતો વિનાનો.

5. શારીરિક સંબંધનો મૂલાધાર કામવાસના છે. જો કામવાસના હોય જ નહિ તો આવો સંબંધ પણ ના હોય. પણ કામવાસના વિનાનું કોઈ પ્રાણી હોય જ નહિ. ભૂખ્યો કૂતરો કૂતરી પાછળ દોડ્યા કરે છે તે પ્રેમ નથી, વાસના છે. તે તેની મજબૂરી છે. કુદરતે મૂકી છે. જેથી વંશ ચાલતો રહે. વાસનામાં સ્થાયિત્વ ના હોય. કામ પત્યું કે પછી તું કોણ ને હું કોણ.

6. સાંસારિક સંબંધો, વ્યાવહારિક હોય છે. જેનો મૂલાધાર વિવેક છે. જીવન વિવેકથી જિવાય છે. વિવેક બગડે એટલે વ્યવહાર બગડે. અભિમાન વ્યવહાર બગાડે છે. એ જરૂરી નથી કે બધો વ્યવહાર હૃદયથી જ થતો હોય. દેખાવ પૂરતો પણ આવકાર અપાતો હોય છે. પણ એ આપવો જ જોઈએ. ના આપો તો વ્યવહાર બગડે. તો દુશ્મનો ઊભા થાય. તો અશાંતિ વધે. એટલે દેખાવ પૂરતું પણ માનસન્માન જમણવાર વગેરે કરવું પડતું હોય છે. હા, જે વ્યવહારમાં હાર્દિકતા આવે તે દૈવી વ્યવહાર બની જતો હોય છે.

7. વ્યાપારિક સંબંધનો મૂલાધાર સ્વાર્થ છે. “મારું શું?” “મને કેટલું મળશે?” આવી ગણતરી તેની મુખ્ય શરત છે. શરત પૂરી ના થાય તો વ્યાપાર બંધ થઈ જાય. પણ વ્યાપારીનું તેજ તેની પ્રામાણિકતા છે. સ્વાર્થ અને પ્રામાણિકતા બન્ને સાથે રહી શકે છે. “હું કમાઉ પણ દગોફટકો કર્યા વિના” આવું ધોરણ વ્યાપારીને શેઠ કે શાહ બનાવે છે. તે ખોટું નથી. તે ધર્મ છે.

8. પરિવાર વિનાનો માણસ અનાથ છે. એકાકી છે. પરિવારની શરત છે. ‘મમત્વ’ મારાપણું— જીવનમાં મારાપણું પણ જરૂરી છે. મારો પતિ, મારી પત્ની, મારી માતા, મારા પિતા, મારાં ભાઈ-બહેન વગેરે આવું મમત્વ સતત માનસિક સામીપ્ય આપે છે. પણ હા, આ બધું ઠારનારું હોય તો, બાળનારું હોય તો વ્યક્તિ દૂર ભાગે છે. બળતા માણસો જ દૂર ભાગતા હોય છે. ભલે તે વૈરાગી, વીતરાગી કે ત્યાગી કેમ ના હોય. જો તે બળતા ના હોય તો નાદાન તો હોય જ. ઠારનારું મમત્વ છૂટતું નથી. છોડવું પણ ના જોઈએ. આખરે ક્યાં જઈને ઠરશો? ડરવું એ જ શાંતિ છે.

9. મિત્રતા સૌથી મોંઘી વસ્તુ છે. સૌને નથી મળતી. ભાગ્યશાળીને જ મળે છે. તેની શરત છે. એકમાં એક થઈ જવું. સુખમાં-દુ:ખમાં એકત્વનો અનુભવ તેનો મૂલાધાર ‘પૂર્ણ વફાદારી’ છે. જે

દિવસે વફાદારી વિશ્વાસઘાતમાં બદલાઈ જાય તે દિવસે મૈત્રી મરી જાય.

10. વિધાપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ કરતાં પણ દુર્લભ છે. તેની શરત છે. સમર્પણ-પ્રત્યાર્પણ. શિષ્ય સમર્પિત થઈ જાય છે. ગુરુ પ્રત્યાર્પિત થઈને પોતાનું સર્વસ્વ શિષ્યને સોંપી દે છે. તેનો મૂલાધાર છે, અહોભાવ, સેવા, નમ્રતા, આધીનતા આ બધું ના હોય તો જ્ઞાન પણ ના હોય.

અહીં વાત પૂરી થતી નથી. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં શરતો જ શરતો છે. શરતો પૂરી કરો અને જીવન જીવો. જે દિવસે શરતો પૂરી નહિ કરી શકાય તે જ દિવસે તણખલાની માફક ફેંકાઈ જશો.

મહાભારતમાં પણ શરતો જ શરતો છે. શરતો વિનાનો જુગાર ના હોય, હાર-જીત વિનાનો જુગાર ના હોય. કાંઈક શરત હોય તો હાર-જીત થાય. પાંડવો હાર્યા છે. જુગાર સારી વસ્તુ નથી પણ આખી દુનિયા રમે છે. પણ અહીં આઘાતજનક શું છે? ધર્મરાજ જુગાર રમે છે. પત્નીને દાવમાં મૂકે છે. આ અસહ્ય આઘાત છે. હવે શરતો પૂરી કરી રહ્યા છે. બાર વર્ષનો વનવાસ પૂરો કર્યો. તેથી પણ દુ:ખદાયી અને અઘરી શરત એક વર્ષના ગુપ્તવાસની છે. તે શરત હવે કેવી રીતે પૂરી કરવી. કદાચ પકડાઈ જવાય તો? ફરી પાછા બાર વર્ષનો વનવાસ? કેવી કુટિલ શરતો કરી છે.

પાંડવો વિચાર કરે છે, હવે જવું ક્યાં? જેને કદી વનવાસ નથી ભોગવ્યો તેને વનવાસનાં દુ:ખોની શી ખબર હોય? વનવાસ અસલી સમાજથી, સ્વજનોથી ફેંકાઈ જવું. ફેંકાઈ ગયેલો માણસ નગરમાં રહે તોપણ વનમાં જ રહે છે. આવી જ રીતે જેને કદી ગુપ્તવાસ નથી કરવો પડ્યો તે ગુપ્તવાસના ભયોને શું સમજે? કોઈ સુખી માણસ ગુપ્તવાસ ના કરે. કાંઈ દુ:ખ હોય તો જ માણસને સંતાતા રહેવું પડે. પોલીસનો ભય હોય, બદમાશો પાછળ પડ્યા હોય કે પછી પ્રેમીયુગલો પોતાના પરિવારોથી ભયભીત થઈને સંતાતા ફરતા હોય. ક્યાં જવું? ક્યાં રહેવું? કોણ શરણ આપશે? એકલો પુરુષ ગમે ત્યાં સંતાઈને જીવી શકે, પણ જો સાથે સ્ત્રી હોય તો તેને સંતાડવી અને સાચવવી બહુ જ અઘરી તેમાં પણ એ રૂપાળી અને યુવાન સ્ત્રી હોય તો તો આવી જ બન્યું. ચારે તરફ સ્ત્રીના શિકારી બેઠા જ હોય. પાંડવોની પાસે દ્રૌપદી જેવી રૂપાળી સ્ત્રી પણ છે.

બધા ભેગા થઈને વિચાર કરવા લાગ્યા. પૂરા એક વર્ષ માટે સંતાવાનું છે. ક્યાં જઈશું? યુધિષ્ઠિરના પૂછવાથી અર્જુને કેટલાંક સ્થળો બતાવ્યાં એમાં પાંચાલ, ચેદી, મત્સ્ય, શૂરસેન, પટચ્ચર, દશાર્ણ, નવરાષ્ટ્ર, મલ્લ, શાલ્વ, યુગન્ધર, વિશાલ, કુન્તિરાષ્ટ્ર, સૌરાષ્ટ્ર તથા અવન્તી વગેરે. આમાંથી જે દેશ વધુ પ્રિય લાગે ત્યાં આપણે ગુપ્તવાસ કરીએ.

અર્જુનની વાત સાંભળીને યુધિષ્ઠિરે પસંદગી બતાવી. આમ તો બધાં રાષ્ટ્રો સારાં જ કહેવાય, પણ મને વધુ સુરક્ષિત જગ્યા મત્સ્ય દેશમાં વિરાટનગરી વધુ ઠીક લાગે છે. વિરાટરાજા વૃદ્ધ થયા છે અને તેમને સારા સજ્જનોની જરૂર છે. આપણે કોઈ ને કોઈ રીતે તેમના સહાયક થઈએ. માણસે પોતાનાં સુખ-સુવિધાનો વિચાર કરતાં પહેલાં સામા પક્ષની સુખ-સુવિધાનો વિચાર કરવો જોઈએ. આવો વિચાર કરનારા બધી જગ્યાએ જગ્યા મેળવી લેતા હોય છે.

બધા પાંડવોએ ગુપ્તવાસમાં પોત-પોતાનાં કાર્યક્ષેત્રો નક્કી કરવા માંડ્યાં. સર્વ પ્રથમ યુધિષ્ઠિરે કહ્યું, “હું બ્રાહ્મણ બનીશ. મારું નામ કંક રાખીશ. મને જુગાર રમવાનો અનુભવ છે. એટલે હું વિરાટરાજનું મનોરંજન કરીશ વગેરે...” હવે ભીમનો વારો આવ્યો. ભીમે કહ્યું કે “હું રસોઈઓ

થઈશ. મને બધી રસોઈ આવડે છે. મારું નામ બલ્લવ રાખીશ અને પાકશાળા સંભાળીશ."

અર્જુને પોતાની પસંદગી આવી રીતે બતાવી "હું અપ્સરાના શ્રાપથી અત્યારે કિન્નર છું. તેથી મારું ગુપ્ત રહેવું સરળ થશે. શાપ પણ મારા માટે આશીર્વાદ જેવો થઈ જશે. કંગન વગેરે સ્ત્રીનાં આભૂષણો ધારણ કરીને હું મારું નામ "બૃહન્નલા" રાખીશ. રાજા તથા રાજ પરિવારને સંગીત શિખવાડીશ. મને સંગીત આવડે છે. કદાચ વિરાટરાજા મને પૂછશે કે પહેલાં તું શું કરતી હતી? તો કહીશ કે હું મહારાજા યુધિષ્ઠિર વગેરેના રાજમહેલમાં દ્રૌપદીની દાસી હતી, વગેરે.

નકુલે પોતાને અશ્વપાળ બનાવ્યો. કારણ કે તેમને અશ્વોની સારી જાણકારી હતી. સહદેવે પોતાને ગૌશાળાનો અધ્યક્ષ થવાનું જણાવ્યું. મને ગાયોનો સારો અનુભવ છે.

હવે દ્રૌપદીનો વારો હતો. ખરી ચિંતા દ્રૌપદીની હતી. કારણ કે એને મહેનતનું કોઈ કામ આવડતું નથી. દ્રૌપદીએ કહ્યું કે હું રાણીઓની દાસી થઈને રહીશ. મારું નામ 'સૈરંધ્રી' રાખીશ. અને રાણીઓ તથા રાજકુમારીઓની સેવા કરીશ."

બધી યથાયોગ્ય ગોઠવણ કરીને પાંડવોએ સાથે આવેલા બ્રાહ્મણો વગેરે બધા માણસોને પાછા મોકલી દીધા. અને પાંડવો ક્યાં ગયા તેની ખબર નથી તેમ કહેવા જણાવ્યું. પછી તો પુરોહિત ધૌમ્યઋષિને મળ્યા અને બધી વાત કરી. આ વખતે ધૌમ્યઋષિએ પાંડવોને જે ઉપદેશ આપ્યો છે તે પ્રત્યેક રાજા-મહારાજા તરીકે મોટા નેતાની પાસે રહેનારે યાદ રાખવા જેવો છે. વિસ્તારભયથી અહીં લખતો નથી પણ જિજ્ઞાસુએ વિરાટ પર્વનો ચોથો અધ્યાય જરૂર વાંચવો. રોજ રોજ વાંચવો. અથાગ જ્ઞાન ભર્યું છે. મને તો લાગે છે કે મોટા રાજનેતા પાસે નોકરી કરનારા માણસોને આ અધ્યાય છપાવીને વહેંચવો જોઈએ.

પાંડવો વિરાટનગર તરફ ચાલવા લાગ્યા. પણ હવે મોટો પ્રશ્ન આયુધોને છુપાવવાનો હતો. આયુધોને ફેંકી ના દેવાય. તે તો પ્રાણ કહેવાય, વીરપુરુષો આયુધજીવી હોય છે. પણ હવે જે કામધંધો કરવાનો છે તેમાં આ આયુધોનું પ્રદર્શન ભ્રમ ઊભો કરી શકે છે. વ્યક્તિએ કામને અનુરૂપ વેશ રાખવો જોઈએ. આખરે તેઓ સ્મશાનમાં પહોંચી ગયા. સ્મશાન સંપત્તિ છુપાવવાની તથા વ્યક્તિને છુપાવવાની ઉત્તમ જગ્યા કહેવાય. તેમણે એક વિશાળ શમીવૃક્ષ જોયું. તેની શાખાઓમાં શસ્ત્રોને સંતાડ્યાં હોય તો વધુ સુરક્ષિત રહે એવી ધારણાથી બધા શમીવૃક્ષ પાસે ગયા. અને તેની એક ઊંડી બખોલમાં બધાએ પોતપોતાનાં શસ્ત્રો છુપાવી દીધાં. પછી વૃક્ષને પ્રણામ કરીને નગર તરફ વિદાય થયા.

18-7-10

*

69. પાંડવો વિરાટ રાજાને ત્યાં

પ્રત્યેક વ્યક્તિનાં ત્રણ વ્યક્તિત્વ હોય છે. (1) શારીરિક (૨) બૌદ્ધિક, અને (3) ચારિત્રિક. આ ત્રણમાં પાછળનાં બે અનુભવો પછી સમજાતાં હોય છે. એટલે વ્યક્તિની ખરી ઓળખ તો નીવડે સમજાતી હોય છે. પણ પ્રથમ વ્યક્તિત્વ જે શારીરિક છે. તે તો તરત જ દેખાતું હોય છે. તેની છાપ પ્રભાવશાળી હોય છે. કેટલાક લોકો કદરૂપા પ્રભાવહીન આકૃતિ ધરાવતા હોય છે. કેટલાક સામાન્ય મધ્યમ પ્રકારની આકૃતિવાળા હોય છે. તો કેટલાક ભવ્ય આકૃતિ ધરાવતા હોય છે. જે લોકો સામાન્ય આકૃતિવાળા હોય છે તે સરળતાથી લોકોમાં સમાઈ જતા હોય છે. પણ જે ભવ્યાતિભવ્ય આકૃતિ ધરાવતા હોય છે તે સરળતાથી લોકોમાં ભળી શકતા નથી. જુદા જ પડી જાય છે. તેમની શારીરિક ભવ્યતા આવી ક્યાંથી? જોકે મોટે ભાગે તો શારીરિક વ્યક્તિત્વ આનુવંશિક હોય છે. માતા-પિતાની પરંપરા પ્રમાણે ચહેરો અને આકૃતિ મળતાં હોય છે. જે ચાડી ખાય છે કે તમે કયા કુળ-વંશમાંથી આવો છો. બુદ્ધ સાધુ થાય તોપણ તેમનો શારીરિક પ્રભાવ એટલો કે તેમને જોવા અને ભિક્ષા આપવા સ્ત્રીઓ તત્પર રહેતી. બીજી તરફ અષ્ટાવક્ર જેવા મહાજ્ઞાનીની તરફ કોઈ જોવા પણ તૈયાર ના થતું. કારણ કે બૌદ્ધિક વ્યક્તિત્વ તો અનુભવોથી સમજાતું હોય છે. ચારિત્ર્યિક વ્યક્તિત્વ તો સમજતાં વર્ષો લાગી જતાં હોય છે. ચારિત્ર્યની કસોટી રોજ રોજ થતી હોતી નથી. એટલે માણસને યથાર્થ સમજવામાં ઉતાવળ ના કરવી જોઈએ. ત્રણે દૃષ્ટિએ સમજાયેલો, પરખાયેલો માણસ જ યોગ્ય અયોગ્ય ઠરવો જોઈએ.

પાંડવોનું શારીરિક વ્યક્તિત્વ ભવ્ય છે. કારણ કે રાજકુમારો છે. રાજા કે રાજકુમારો કે પછી રાજનેતાઓ દર્શનીય - પ્રભાવશાળી હોવા જોઈએ. હા, તેમના સલાહકાર ભલે ગમે તેવા શારીરિક વ્યક્તિત્વવાળા હોય. તે પડદા પાછળ રહેનારા છે. પણ લોક પ્રત્યક્ષ રહેનારા રાજનેતાઓ દેહવ્યક્તિત્વ વિનાના ના હોવા જોઈએ.

પાંડવોએ વેશ બદલી લીધો. વેશ બદલવાથી વ્યક્તિ બદલાઈ જતો નથી. તોપણ તેનો ઉપરી પ્રભાવ તો બદલાયેલ છે. કંક નામનો બ્રાહ્મણ થઈને યુધિષ્ઠિર વિરાટરાજા પાસે ગયા. તે જુગાર રમવામાં નિપુણ છે. ત્યારે રાજા-મહારાજાઓ જુગાર રમવામાં સમય પસાર કરતા, એક નીતિકારે જુગારને વ્યસન માન્યું છે. જુગારના રવાડે ચઢી ગયેલો રાજા પછી રાજકારોબારમાં પૂરું ધ્યાન આપી શકતો નથી. તેના કારણે રાજ્યમાં નોકરશાહી વધી જાય છે. રાજાએ તો આવાં સમય બગાડનારાં અને કેટલીક વાર તો બુદ્ધિ પણ બગાડનારાં વ્યસનોથી સર્વથા મુક્ત રહેવું જોઈએ. પણ આદર્શો અને વાસ્તવિકતામાં ફરક રહેતો હોય છે.

રાજસભામાં આવતા યુધિષ્ઠિરને જોતાં જ રાજા અને સભા ચકિત રહી ગઈ. સૌ જોતાં જ રહી ગયાં. આ કેવો પ્રભાવશાળી માણસ છે? ઇન્ટરવ્યૂમાં તમારું શરીર પણ પ્રભાવ નાખતું હોય છે. વિરાટરાજાએ પરિચય પૂછ્યો તો કહ્યું કે “હું વૈયાઘ્રપાદ ગોત્રનો બ્રાહ્મણ છું. નોકરી-ધંધા માટે આવ્યો છું.” એક પ્રશ્ન એવો પણ થાય કે શું યુધિષ્ઠિર જૂઠું બોલ્યા? તે તો બ્રાહ્મણ નથી છતાં પોતાને બ્રાહ્મણ બતાવે છે. વિચારણીય છે. સામાન્ય લોકો માટે તો આવા પ્રસંગે અસત્યવાણી પણ આત્મરક્ષા માટે ચલાવી શકાય. પણ સત્યવાદી યુધિષ્ઠિર પણ આવું પ્રત્યક્ષ અસત્ય બોલે તો આઘાત લાગે. ખરેખર તો કોઈ પણ વ્યક્તિએ પોતે “સત્યવાદી” “ચુસ્ત અહિંસાવાદી” વગેરે લૌકિક છાપો ઊભી કરવી ના જોઈએ. સામાન્ય છાપ જ સારી. કયા સમયે કેવો વ્યવહાર કરવો પડે તે કહી શકાય નહિ—ખાસ કરીને રાજકારણમાં.

યુધિષ્ઠિરથી પ્રભાવિત થયેલા વિરાટરાજાએ બહુમાન સાથે યુધિષ્ઠિરને નોકરીમાં રાખી લીધા. આમ જુઓ તો વિરાટરાજાને પણ જુગાર ખેલવાનો શોખ હતો. એટલે સારી જોડી મળી તેવું તેમને લાગવા માંડ્યું હતું.

પછી ભીમીસેનનો સભામાં પ્રવેશ થયો. તેની પડછંદ કાયા અને પ્રભાવશાળી વ્યક્તિત્વથી સૌ અંજાઈ ગયા. તેને પણ પાકશાળામાં નોકરી મળી ગઈ. તેણે પોતાનું નામ બલ્લવ બતાવ્યું.

હવે દ્રૌપદી દાસીનાં વસ્ત્રોમાં આવી. તેણે પોતાનું નામ સૈરંધ્રી બતાવ્યું અને રાણીવાસમાં દાસીસમૂહની અધ્યક્ષ થઈ ગઈ. વિરાટરાજાની રાણીનું નામ સુદેષ્ણા છે. તે બહુ ચતુર અને વ્યક્તિપારખુ છે. તેણે જે વાત કરી તે સૌએ યાદ રાખવા જેવી છે. ઘરમાં કદી પણ અતિરૂપાળી સ્ત્રીને દાસી તરીકે રાખવી નહિ. તે ક્યારે પુરુષનું આકર્ષણ કરશે તે કહી શકાય નહિ. જો રાણીનો પતિ રાજા કે શેઠાણીનો પતિ શેઠ દાસી પ્રત્યે ખેંચાય તો તે રાણી માટે આત્મહત્યા જેવું થઈ જાય. પતિને જાણી કરીને ખોઈ નાખવાનું થાય. એટલે દાસ-દાસીઓ તો સામાન્ય દેખાવનાં જ સારાં પણ દ્રૌપદીએ રાણીની શંકાનું નિર્મૂલન કર્યું. “હું ખાનદાની સ્ત્રી છું. કદી પણ કોઈ પણ પુરુષને ચલિત કરવા મારા રૂપનો પ્રયોગ કરીશ નહિ, આપ ચિંતા ના કરો” વગેરે. આમ ઘણું આશ્વાસન આપ્યા પછી રાણી સુદેષ્ણાએ દ્રૌપદીને દાસી તરીકે રાણીવાસમાં રાખી લીધી.

કિન્નર વેશમાં આવેલા અર્જુનને રાજકન્યાઓને સંગીત તથા નૃત્યની શિક્ષા આપવા રાખી લીધો. ઉચ્ચવર્ગના લોકોએ પણ પોતાની કન્યાઓને સંગીત સાહિત્ય, કલાની શિક્ષા યથાસંભવ આપવી જરૂરી છે. પતિગૃહમાં તેનો પ્રવેશમાત્ર રૂપાળા શરીર સાથે જ નહિ પણ અનેક વિદ્યાઓ અને અનેક ગુણો સાથે થાય તો તેનો પ્રભાવ પડે. કન્યા બહુ રૂપાળી હોય પણ તેને કશું જ આવડતું ના હોય તો પછી થોડા જ સમયમાં તે પ્રભાવહીન થઈ જતી હોય છે. જો તેને સ્વાદિષ્ટ રસોઈ બનાવતાં આવડતું નહિ હોય તો રોજ લારીએ જમવા જવાનો આગ્રહ કરશે. પણ જો તેને અનેક વાનગીઓ બનાવતાં આવડતી હશે તો તેના પતિને લારીએ જમવા જવાની ટેવ હશે તોપણ ભૂલવાડી દેશે. આવું જ સંગીત વગેરેનું પણ સમજવું. એટલે કન્યા માત્ર રૂપવાન જ નહિ, ગુણવાન પણ હોવી જોઈએ. ગુણ વિનાની માત્ર રૂપાળી કન્યા, સોને મઢેલા મડદા જેવી કહેવાય. જેમ રૂપ માતા-પિતામાંથી આવે છે તેમ ગુણો અને આવડત પણ માતાના સંસ્કારોમાંથી આવે છે. માત્ર છાત્રાલયમાં ભણીને જુવાન થનારી કન્યામાં કદાચ એ કચાશ રહી જાય છે. જોકે કેટલાંક છાત્રાલયો પણ માતા જેવા સંસ્કારો આપતાં હોય છે. અર્જુન કિન્નર વેશમાં “બૃહન્નલા” નામ ધારણ કરીને સંગીતશાળામાં ગોઠવાઈ ગયો.

હવે સહદેવ રબારી - ભરવાડના વેશમાં ડચકારા કરતો આવ્યો અને ગૌશાળાના ગોવાળ તરીકે ગોઠવાઈ ગયો અને નકુલ અશ્વશાળામાં ગોઠવાઈ ગયો.

જે લોકો વૈભવશાળી જીવન જીવતા હોય છે. તે ઘણાં લોકોને રોજીઓ પણ આપતા હોય છે. તેમનો વૈભવ ઘણી આવશ્યકતાઓની અપેક્ષા રાખે છે. ઘણી આવશ્યકતાઓ ઘણી રોજીઓ ઊભી કરે છે.

જે લોકો સામર્થ્ય હોવા છતાં અત્યંત સાદું જીવન જીવે છે. તે રોજીઓ પેદા નથી કરતા. કારણ કે તેમની આવશ્યકતા થોડી હોય છે.

આ રીતે પાંડવો અને દ્રૌપદી ગુપ્તવાસ કરવા માટે વિરાટરાજ્યના મહેલમાં ગોઠવાઈ ગયાં.

*

70. કીચકવધ

સંસ્કૃતમાં એક સૂક્તિ છે. "શક્તિ: કાર્યગમ્યા" અર્થાત્ કાર્યના દ્વારા શક્તિને જાણી શકાય છે. માણસને જોવા માત્રથી તેની શક્તિનો ખ્યાલ આવી જતો નથી જ્યારે તે કોઈ કાર્ય કરી બતાવે છે ત્યારે તેની શક્તિનો ખ્યાલ આવે છે. બીજું શક્તિને લાંબો સમય દબાવી શકાતી નથી. ઇચ્છા ના હોય તોપણ પ્રસંગ આવ્યે તે પ્રગટ થઈ જતી હોય છે. ભીમ માટે આવો પ્રસંગ વિરાટ રાજાના ત્યાં આવી ગયો.

વિરાટ રાજાને ત્યાં રહેતાં રહેતાં ત્રણ મહિના પૂરા થયા, હવે ચોથો મહિનો શરૂ થયો હતો. ત્યાં એક પ્રસંગ આવ્યો. એક મહાન ધાર્મિક ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. જેમાં રાજપોષિત મલ્લો કુસ્તી કરવાના હતા. રાજાએ બધી વિદ્યાઓ અને કલાનું પોષણ કરવું જોઈએ. રાજ્યાશ્રય વિના ઘણી વિદ્યા અને ઘણી કલા નષ્ટ થઈ જતી હોય છે. અથવા દુર્બળ થઈ જતી હોય છે. મલ્લવિદ્યા પણ રાજ્યાશ્રયની અપેક્ષા રાખે છે. રાજ્યાશ્રિત મલ્લોમાં એક જીમૂત નામનો મલ્લ હતો. જે સૌને હરાવતો હોવાથી અભિમાની થઈ ગયો હતો. અભિમાન તુચ્છકાર વિનાનું નથી હોતું. અભિમાની વ્યક્તિ પ્રતિસ્પર્ધીને તુચ્છકારતો રહે છે. રાજા તેનું અભિમાન ઉતારવા માગતો હતો તેથી આ વખતના અખાડામાં જીમૂતની સાથે તેણે ભીમની કુસ્તી નિર્ધારિત કરી. પ્રથમ તો ભીમે આનાકાની કરી. પણ પછી રાજાનું માન રાખવા માટે તે અખાડામાં ઊતરી પડ્યો. તે જ્યારે આનાકાની કરતો હતો ત્યારે જીમૂત જોર જોરથી તાલ ઠોકતો હતો. તે માનવા લાગ્યો કે આ બલ્લવ મારાથી ગભરાઈ ગયો છે. રાજાને પણ એવી જ ચિંતા થઈ. પણ ભીમે જ્યારે અખાડામાં ઊતરીને જીમૂતને ઉપાડીને પછાડ્યો ત્યારે લોકોને ખ્યાલ આવી ગયો કે આ રસોઇયો માત્ર ભોજન ભટ્ટ જ નથી. જીમૂત અને ભીમ વચ્ચે ખૂબ મલ્લયુદ્ધ ચાલ્યું. લોકો અધ્ધરશ્વાસે જોઈ રહ્યા હતા. પછી ભીમે જીમૂતને ઉપાડીને ચકર ચકર ફેરવીને ધડામ દઈને પછાડ્યો જેથી તેનું મૃત્યુ થઈ ગયું. ચારે તરફ બલ્લવનો જય જય કાર થઈ ગયો. રાજાએ ઇનામ આપ્યું. વિશિષ્ટ કાર્યની હંમેશાં કદર થવી જોઈએ.

પાંચ પાંડવો અને દ્રૌપદી વેશ બદલીને એક જ નગરીમાં અલગ-અલગ રહેતા હતા. બધા એકબીજાને દૂરથી જોતા પણ કશી વાત ના કરતા. દ્રૌપદીને પતિઓની દશા જોઈને બહુ દુ:ખ થતું. પત્ની વિનાનો પુરુષ અઘોરી બાવા જેવો થઈ જાય. કોણ સેવા કરે, કોણ સાફ-સફાઈ કરે! બધું અવ્યવસ્થિત અને ધૂળધાણી થઈ જાય. પણ શું કરે? ઘણી વાર લાગણીઓને કચડી નાખીને પણ જીવવું પડતું હોય છે. જે માણસ સમય આવ્યે લાગણીઓને દબાવી કે કચડી શકતો નથી તે કદી યોદ્ધો કે સેનાપતિ થઈ શકતો નથી. યોદ્ધાને માત્ર રણભૂમિમાં શત્રુઓ સાથે જ યુદ્ધ કરવાનું નથી હોતું. તેણે હૃદયમાં લાગણીઓ સાથે પણ યુદ્ધ કરવાનું હોય છે. પેલા યુદ્ધ કરતાં આ યુદ્ધ વધુ કઠિન અને વધુ ભયંકર છે. જો લાગણીઓને કચડી કે દબાવી ના શકાય તો યોદ્ધા રણભૂમિને છોડીને ઘર તરફ દોટ મૂકે. "મારી પત્ની મારાં બાળકો" ખલાસ, તે બન્ને મોરચે હારી જાય એટલે પતિની સેવા કરવાના અભરખા થતા હોવા છતાં પણ દ્રૌપદી લાગણીઓને કઠોરતાથી કચડી નાખે છે. તો જ ગુપ્તવાસમાં રહી શકાય. બધાં છ એ છ પોત-પોતાની જગ્યાએ સારી રીતે ગોઠવાઈ ગયાં હતાં અને કાર્ય બરાબર ચાલતું હતું. ત્યાં એક નવો વળાંક આવ્યો.

વિરાટ રાજાની રાણી સુદેષ્ણા અને તેનો ભાઈ કીચક. કીચક રાજાનો સાળો થાય. તેને મોટા

ઊંચા હોદ્દા ઉપર રાખવો પડેલો, કેટલીક ટૂંકી બુદ્ધિની સ્ત્રીઓ પતિને વશ કરીને પોતાના ભાઈ તથા સગાઓને ઊંચી જગ્યા ઉપર ગોઠવાવી દેતી હોય છે. ખરેખર તો તે પતિની શત્રુ જ કહેવાય. કારણ કે મહત્ત્વના સ્થાને પોતાના અયોગ્ય ભાઈને ગોઠવાવી દેવાથી કામ ઉપર અસર પડવાની જ. જેનું પરિણામ રાજાએ ભોગવવાનું થતું હોય છે. બીજું રાણીનો સગો હોવાથી લોકો ઉપર ખોટી ધોંસ જમાવવા લાગશે. લોકો તેનાથી ડરશે. સત્ય કહી નહિ શકે. તેથી અનર્થ થશે. રાજાએ તથા સાધુઓએ સગાંઓને દખલગીરી કરવા દેવી નહિ, બને તો તેમને દૂર રાખવા.

કીચકની દૃષ્ટિ દ્રૌપદી ઉપર પડી. તે વિકારી થઈ ઊઠ્યો. તેણે પોતાની બહેન સુદેષ્ણાને વાત કરી. આ દાસી મારે જોઈએ. ગમે તેમ કરીને પણ મારે આ સૈરંધ્રી તો જઈએ જ "સુદેષ્ણાએ ભાઈને સાથ આપવા વચન આપ્યું. કીચક દ્રૌપદીની પાછળ પડી ગયો. પ્રેમી પાછળ પડે અને કામવિકારી પાછળ પડે તેમાં આકાશપાતાળનું અંતર હોય છે. જોકે સાચા પ્રેમમાં પુરુષ, સ્ત્રીની પાછળ નહિ, સ્ત્રી, પુરુષની પાછળ પડતી હોય છે. નદી સમુદ્રની પાછળ પડે છે. સમુદ્ર નદીની પાછળ નથી પડતો. સ્ત્રી, પુરુષનું વરણ કરે છે. પુરુષ વર થઈને તેનો સ્વીકાર કરે છે. પુરુષ કે પુરુષો જ્યારે સ્ત્રીની પાછળ પડે છે ત્યારે તે મોટા ભાગે લફંગા હોય છે. સ્ત્રી તેનાથી બચવા ભાગતી રહે છે પણ પેલો પીછો નથી છોડતો. અંતે મુગ્ધા કન્યા હારી જતી હોય છે. તે પેલાના વિકારને પ્રેમ સમજવાની ભૂલ કરી લૂંટાઈ જવા તૈયાર થઈ જતી હોય છે. સ્ત્રીઓ પાછળ પડેલા માણસની સામે લાંબો સમય ટક્કર ઝીલી શકતી નથી. એ એની કમજોરી છે. એટલે તેને વડીલોના કવચની જરૂર રહે છે. જે સ્ત્રીઓ લાંબો સમય ટક્કર ઝીલીને પણ અડગ રહે છે. તે પ્રાત: વંદનીય છે. તે મહાન સતીઓ છે.

કીચક ઘણો પાછળ પડ્યો પણ સૈરંધ્રીએ જરાયે મચક ના આપી. એક બે વાર તો તેને ધુતકારી પણ દીધો. પણ કીચકનો મોહ ઓછો ના થયો. કામીને અપમાન નથી હોતું. બલ્કે અપમાન પણ તેને માન જેવું લાગે છે. તેણે જોયું કે સૈરંધ્રી કોઈ રીતે હાથમાં આવે તેમ નથી. પછી તેણે એક ષડ્યંત્ર રચ્યું.

કીચકે પોતાની બહેન સુદેષ્ણાને હાથો બનાવવા માગી પણ સુદેષ્ણાએ કીચકને સમજાવ્યો કે આ સ્ત્રી બહુ પવિત્ર છે. તેની પાછળ ના પડીશ. પણ કીચક માન્યો નહિ. સૌથી ઊંચી પવિત્રતા કામાચારની છે. જે સ્ત્રી પુરુષો એકબીજામાં સંતુષ્ટ રહીને બીજા કોઈની ઇચ્છા નથી કરતાં અથવા દૃષ્ટિ પણ નથી કરતાં તે વગરસ્નાને પણ પવિત્ર છે. તે અભણ હોય, દરિદ્ર હોય, ચીંથરેહાલ હોય, ને લસણ-ડુંગળી વગેરે ખાતાં હોય તોપણ પવિત્ર છે. જે લોકો દિવસમાં દશવાર ન્હાતાં હોય, અરે ગંગાજળથી ન્હાતાં હોય. વારંવાર ધોયેલાં રેશમી કે ઊની વસ્ત્રો પહેરતાં હોય, તીર્થોમાં કે પવિત્ર સ્થાનોમાં રહેતાં હોય, પણ એ કામાચારમાં એકબીજાને દગો દેતાં હોય તો પવિત્ર ના કહેવાય. આહારની શુદ્ધિ કરતાં પણ યૌનાચારની શુદ્ધિ ઘણી મહાન છે. આનો અર્થ કોઈ કામાચાર માત્રનો ત્યાગ ના સમજી લે. પતિ-પત્નીનો કામાચાર અશુદ્ધ નથી. પતિ-પત્નીના કામાચારને પણ અશુદ્ધ માનનાર અને ત્યજનાર ધર્મને સમજ્યા જ નથી. તે ધર્મના નામે અધર્મ કરે છે. બહેનની સલાહને કીચકે માન્ય ના કરી. અંતે બહેન સુદેષ્ણાને દયા આવી. તેણે એક રસ્તો બતાવ્યો. તું કોઈ વસ્તુ મંગાવજે, એ નિમિત્તે હું સૈરંધ્રીને તારે ત્યાં મોકલીશ પછી તને જે ઠીક લાગે તે કરજે. સ્ત્રીના પતનમાં અને ઉત્થાનમાં પણ કોઈ ને કોઈ સ્ત્રી મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે.

નિર્ધારિત કર્યા પ્રમાણે કીચકે બહેન સુદેષ્ણાના ત્યાંથી અમુક ઉપયોગી વસ્તુ મંગાવી.

સુદેષ્ણાએ એ વસ્તુને કીચકના મહેલે જઈને આપી આવવાની આજ્ઞા સૈરંધ્રીને કરી. સૈરંધ્રીએ કહ્યું કે "ના હું કીચકના ત્યાં નહિ જાઉં. મને મારી સલામતી દેખાતી નથી" પણ સુદેષ્ણાએ ઘણું આશ્વાસન આપી જેમ તેમ તેને વિદાય કરી. જેને સ્ત્રીના શિયળની સલામતી સર્વોચ્ચ મૂલ્યવાન હોય તેણે કદી પણ શીલહીન ઘરમાં નોકરી કરવા મોકલવી નહિ. કદાચ મોકલવી જ હોય તો કોઈની સાથે મોકલવી. એકલી નહિ. સૈરંધ્રીને જોતાં જ કામાંધ કીચક વધુ કામાંધ થયો. તેણે પ્રથમ તેનો પાલવ પકડ્યો, પછી હાથ પકડ્યો પણ સૈરંધ્રીએ બળ કરીને હાથ છોડાવીને અસ્તવ્યસ્ત વસ્ત્રોમાં નજીકમાં જ રાજા વિરાટની સભા ભરાઈ હતી ત્યાં દોડી ગઈ. પાછળ-પાછળ કીચક પણ દોડતો આવ્યો અને સભાવચ્ચે તેણે સૈરંધ્રીને લાત મારી પાડી દીધી. રાજા જોતા જ રહી ગયા. નમાલા રાજા વેદાન્તીના જેવા દ્રષ્ટા થઈ જતા હોય છે. ત્યાં યુધિષ્ઠિર અને ભીમ પણ બેઠા હતા. તે પણ જોતાં જ રહી ગયા. ભીમ ઊભો થવાનો હતો ત્યાં યુધિષ્ઠિરે તેને સમજાવીને બેસાડી દીધો. આપણે "ગુપ્તવાસમાં છીએ. પ્રગટ થઈ જઈશું" બન્ને ભાઈઓ મનમારીને ચૂપચાપ પણ ધુંઆપુંઆં થતા બેસી રહ્યા.

દ્રૌપદીએ રોતાં-કકળતાં રાજાને બધી વાત કરી અને પોતાની રક્ષા કરવા વિનંતી કરી, પણ રાજા ચૂપ રહ્યા. સાળા આગળ કશું બોલી શકાય નહિ. બધાંમાં શાસન કરવાનો ધર્મ નથી હોતો. શાસન ધાકથી થતું હોય છે. અને ધાક પરાક્રમથી જામતી હોય છે.

દ્રૌપદી માટે સભા વચ્ચે અપમાનિત થવાનો આ બીજો પ્રસંગ હતો. પહેલાં તેને દુ:શાસન ઘસેટી લાવ્યો હતો અને હવે આજે કીચકના ત્રાસથી રક્ષણ માગવા તે સભામાં દોડી આવી છે.

યુધિષ્ઠિરે ધીરે રહીને સૈરંધ્રીને કહ્યું કે હવે તું અહીંથી રાણીના મહેલમાં ચાલી જા. અહીં કશું થવાનું નથી. કંકની આજ્ઞા માનીને સૈરંધ્રી રાણી સુદેષ્ણાના મહેલ ચાલી ગઈ.

બળાત્કારની ભોગ બનેલી અથવા ભયંકર છેડતીનો ભોગ બનેલી સ્ત્રીને રાજાનું કે પ્રજાનું ધર્મનું કે સમાજનું આશ્વાસન ના મળે તો તેની ભારે દુર્દશા થાય છે. આવી દુર્દશામાં એકલા કીચકો જ કારણ નથી હોતા. રક્ષણ અને આશ્વાસન નહિ આપનારા પેલા ચારે પણ કારણ બને છે.

સૈરંધ્રીની દશા જોઈને સુદેષ્ણા તદ્દન અજાણી થઈને પૂછવા લાગી કે "અરે શું થયું?" સૈરંધ્રીએ બધી વાત કરી પણ તે અજાણી જ બની રહી. સુદેષ્ણાના વ્યવહારથી સૈરંધ્રીને ભારે આઘાત લાગ્યો. આ સ્ત્રી બધું જાણે છે. એણે જ મને કીચકના ત્યાં મોકલી હતી પણ પોતાના ભાઈનાં કુકર્મો આગળ તે મૌન અને અજાણી થઈ ગઈ છે. તે ભારે આવેશમાં આવી ગઈ અને ઊંચા હાથ કરીને તેણે પ્રણ લીધું કે "કીચકનો વધ કરીને જંપીશ" પાણીદાર સ્ત્રી અપમાનનો બદલો લીધા વિના નથી રહેતી. બધાં ગભરાયાં હવે શું થશે? પાણીદાર સ્ત્રીની પ્રતિજ્ઞા કોઈ પાણીદાર પતિ જ પૂરી કરી શકતો હોય છે. ગજવેલની સાથે ગજવેલનો મેળ હોય. ગજવેલ અને મોળા લોઢાનો મેળ ના હોય, દ્રૌપદીએ ન્હાવું-ધોવું ખાવું -પીવું બધું છોડી દીધું. રાણીએ તેને ઘણી સમજાવી પણ તેણે અન્નનો કોળિયો પણ ગ્રહણ ના કર્યો.

બીજી તરફ ભીમ-બલ્લવ-ની પણ આવી જ દશા છે. તેને ઊંઘ આવતી નથી. પડખાં ફર્યા કરે છે. અને લાંબા શ્વાસો લઈ રહ્યો છે. ત્યાં તો રાત્રે દ્રૌપદી પાકશાળામાં આવી પહોંચી અને તેની છાતી ઉપર માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. સ્ત્રીને જ નહિ પુરુષને પણ એક લાગણીશીલ રડવાની જગ્યા જોઈએ જ્યાં તે પોતાનો ઊભરો ઠાલવી શકે.

ભીમે સમજાવીને પકડાઈ જવાની બીકે નિશ્ચિત યોજના સમજાવીને દ્રૌપદીને રાણીના મહેલમાં

મોકલી. યોજના એટલે વ્યૂહ. વ્યૂહ જો કામ કરે તો આંધળું સાહસ કામ ના કરે. ખરેખર તો વ્યૂહ અને સાહસનો મેળ થવો જોઈએ.

ભીમે પણ પ્રતિજ્ઞા કરી "જેણે મારી પત્ની ઉપર હાથ નાખ્યો છે તેને આજે જીવતો રહેવા નહિ દઉં."

ભીમનો વ્યૂહ હતો કે સૈરંધ્રી કીચકને રાજાની નૃત્યશાળામાં મોડી રાત્રે મળવા બોલાવે. દ્રૌપદીની જગ્યાએ પોતે પલંગ ઉપર સૂઈ જશે. કીચક મળવા આવશે અને પછી હું તેને પૂરો કરી દઈશ. આ વ્યૂહ હતો.

ગુંડાઓ દ્વારા જે લોકોની સ્ત્રીઓ બહેન-દીકરીઓની છેડતી થાય છે. અને પછી આવેશમાં બધા ગુંડાઓને સમજાવવા દોડી જાય છે તે માર ખાઈને કે મારીને પણ આવતા હોય છે. કારણ કે તેમણે વ્યૂહ બનાવ્યો નથી હોતો. વ્યૂહ મહત્ત્વની વસ્તુ છે. વીરતા પણ વ્યૂહની અપેક્ષા તો રાખશે. રાજપૂતો વ્યૂહ વિના લડતા જ્યારે અંગ્રેજો અને શિવાજી મહારાજ પણ વ્યૂહપૂર્વક પરાક્રમ બતાવતા.

વ્યૂહ પ્રમાણે નૃત્યશાળામાં રાત્રે જ્યારે બધાં ચાલ્યાં ગયાં ત્યારે ભીમ ચૂપચાપ પહોંચી ગયો. અને કીચકની રાહ જોવા લાગ્યો. તે નિર્ધારિત મજબૂત પલંગ ઉપર ઓઢીને સૂઈ ગયો. શિકારી પણ વ્યૂહપૂર્વક છુપાઈને શિકાર કરતો હોય છે. તેમ તે શિકારની રાહ જોવા લાગ્યો.

થોડી વારમાં કામાતુર કીચક, સૈરંધ્રીના વાયદા પ્રમાણે મળવા આવી પહોંચ્યો. પાટ ઉપર તે સૂતેલી સૈરંધ્રી ઉપર હાથ ફેરવવા લાગ્યો. તેને ખબર ન હતી કે આ સૈરંધ્રી નહિ પણ સૈરંધ્રો હતો. હાથ ફેરવતાં તે ચોંક્યો કે આતો કોઈ હટ્ટોકટ્ટો પુરુષ જ લાગે છે, સ્ત્રી નહિ. ઓચિંતાનો ભીમ કૂધો અને કીચકને પકડી-જકડી લીધો. બે સાંઢ કે બે પાડા લડે તેમ બન્ને મલ્લયુદ્ધ કરવા લાગ્યા. અંતે ભીમે કીચકને એટલા જોરથી દબાવ્યો કે તેના પ્રાણ નીકળી ગયા. ભીમે પ્રતિજ્ઞા પૂરી કરી. તેણે રાત્રે દ્રૌપદીને જગાડીને કીચકની લાશ બતાવી. "હાશ, હવે સ્નાન કરીશ" દ્રૌપદી બોલી.

બન્ને પોત-પોતાની જગ્યાએ ચાલ્યાં ગયાં. સવારે હાહાકાર થઈ ગયો. કીચકવધના સમાચાર વાયુ વેગે પ્રસરી ગયા. સૌ રાજી થયાં. ઘણી સ્ત્રીઓ રાજી થઈ. મીઠાઈ વહેંચી. શીલહર્તાની હત્યા, હત્યા નહિ યજ્ઞ જ કહેવાય. સૌએ નક્કી કર્યું કે ગાંધર્વોનું જ આ કામ છે. એ સિવાય બીજા કોઈ કીચકને મારી ના શકે. આ પણ વ્યૂહ જ કહેવાય કે કામ કરીને અદૃશ્ય થઈ જવાય.

કીચકની લાશ આગળ પરિવાર રડવા લાગ્યો. કીચકને સો ભાઈઓ હતા. તેમણે બધી દાઝ સૈરંધ્રી ઉપર ઠાલવી. કીચકો એમ માનીને જીવન જીવતા હતા કે કોઈ પણ સ્ત્રીને ભોગવવાનો અમને હક્ક છે. અમને કોઈ રોકી ના શકે. કોઈ રોકે તો અમે તેની પૂરેપૂરી ખબર લઈ નાખીએ. કેટલાક સાહેબજાદાઓ આજે પણ ઘણી જગાએ આવું વલણ ધરાવી આવો વર્તાવ કરતા હોય છે. તે બધા કીચકો જ કહેવાય. કીચકો આજે પણ જીવે છે. કારણ કે ભીમ નથી. ભીમ વિના સ્ત્રીઓ સુરક્ષિત ના રહી શકે.

બધા કીચકોએ નક્કી કર્યું કે મોટાભાઈ કીચકની લાશ સાથે દ્રૌપદીને બાંધીને સ્મશાનમાં લઈ જાવ અને તેનો પણ અગ્નિદાહ કરી દો. ભીમસેનને કાંઈક ગંધ આવી ગઈ. તે કિલ્લો કૂદીને સ્મશાનમાં એક વૃક્ષ હતું તેના ઉપર ચઢીને સંતાઈ બેઠો. કીચકના શબની રાહ જોવા લાગ્યો.

થોડી વારમાં શબયાત્રા આવી પહોંચી. સો કીચકો પોતાના ભાઈની લાશ સાથે દ્રૌપદીને બાંધીને ચિતા ઉપર ચઢાવવાની તૈયારી કરવા લાગ્યા. દ્રૌપદી વિલાપ કરી રહી હતી ત્યાં ભીમ વૃક્ષ ઉપરથી નીચે કૂધો. અને એક એક નાના કીચકોને પકડી પકડીને તેમને યમલોક પહોંચાડવા લાગ્યો. જ્યારે 100 કીચકો માર્યા ગયા. ત્યારે તે બધાના શબો પેલા મોટા કીચક પાસે લાવીને ઢગલો કર્યો. અને દ્રૌપદીને બતાવ્યો. "લે તારી પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ" પાણીદાર પત્નીની સાચી પ્રતિજ્ઞા પૂરી કરનાર પતિને પત્ની રીઝવવા સોનાના હાર પહેરાવવાની જરૂર નથી રહેતી. તેની પ્રતિજ્ઞા પૂરી કરાવવી તે હજાર હાર કરતાં પણ મૂલ્યવાન છે. આવા પતિથી ધન્યતા અનુભવતી હોય છે. ભલે દાગીનાથી બૂચી કેમ ના રહે. હા, દાગીનાભૂખ્યા કેટલાક પતિઓ સામે ચાલીને પોતાની પત્નીને કીચકના ત્યાં મોકલવામાં પોતાને ચતુર માનતા હોય છે. આપણે શું? દાગીના તો મળ્યા.

દ્રૌપદી છૂટીને પાછી રાજમહેલમાં ચાલી ગઈ. ભીમ પણ અદૃશ્ય થઈ ગયો. લોકોનું ટોળું ભેગું થઈ ગયું. સૌ માનવા લાગ્યા કે નક્કી આ ગાંધર્વોનું કામ લાગે છે. પછી તો સૈરંધ્રીની એવી ધાક જામી ગઈ કે કોઈ તેની સામે ઊંચી નજર ના કરે. બધા ભયના માર્યા નીચું જોઈ લે. પતિની ધાકથી પત્ની સુરક્ષા અનુભવતી હોય છે.

પછી તો રાણીએ ભાઈઓના વધથી દુ:ખી થઈને સૈરંધ્રીને નોકરીમાંથી છૂટી કરી દીધી અને કહ્યું કે "હવે તારે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. પરાક્રમની પાછળ પણ પરિણામભય તો રહેતો હોય છે. પરાક્રમ કરવાથી વાત પૂરી થઈ જતી નથી. તેની પાછળ-પાછળ પરિણામભય આવતો જ હોય છે. દ્રૌપદીએ રાણીને વિનંતી કરી કે હવે મને માત્ર તેર દિવસ જ અહીં રહેવા દો. પછી હું ચાલી જઈશ. પાંડવોના ગુપ્તવાસના હવે તેર જ દિવસ બાકી હતા. રાણીએ હા પાડી.

19-7-10

*

71. પાંડવોનો ગુપ્તવાસ

શત્રુતાના ત્રણ ભેદ છે. (1) સજ્જન-સજ્જનોની (૨) દુર્જન-દુર્જનોની અને (3) સજ્જન-દુર્જનોની. બે સજ્જનો પણ પરસ્પરમાં શત્રુ હોઈ શકે છે. પણ તેમની શત્રુતાનો સ્તર હંમેશાં ઊંચો રહે છે. તે પરસ્પરની સ્ત્રીઓની મર્યાદા રાખે છે, પરસ્પરનાં બાળકો, વૃદ્ધો વગેરેને અવધ્ય માને છે. પરસ્પરની ગાયો કે બીજાં પશુઓને પણ સુરક્ષિત રહેવા દે છે. તે કદી હલકાં ષડ્યંત્રો નથી કરતા, તે કદી એકબીજાના હલકા પ્રવાદ નથી ફેલાવતા. તેમની શત્રુતા મર્દાનગીભરી અને જરૂર પડે તો પરસ્પરને સહાયક થવાની પણ હોય છે. પણ આવી શત્રુતા દુર્લભ છે.

દુર્જન-દુર્જન વચ્ચેની શત્રુતા છેક અધમ કક્ષાની હોય છે. તે પરસ્પરની સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો વગેરેને પણ છોડતા નથી. તે દુરાચારી હોય છે. ગાયો બ્રાહ્મણો, સાધુ-સન્તો, મંદિરો વગેરેને પણ છોડતા નથી. દગાબાજી, વિશ્વાસઘાત અને માત્ર ક્રૂરતાભર્યાં ષડ્યંત્રો કરતા રહે છે. તે લોકો પરસ્પરમાં પ્રવાદો, નિંદા, કલંકો, આક્ષેપો લગાડતા ફરે છે. બે દુર્જનોની લડાઈમાં આદર્શ રૂપ કશું નથી રહેતું.

દુર્જન-સજ્જનનું યુદ્ધ ઉપરના બન્ને પ્રકારભર્યું હોય છે. અર્થાત્ સજ્જનો બધા સદ્ગુણો અને સદાચારથી વર્તે છે. જ્યારે દુર્જનો બધા દુર્ગુણો અને દુરાચારથી વર્તે છે. કૌરવો અને પાંડવોની શત્રુતામાં પરસ્પરમાં વિરોધી એવા સદ્ગુણો અને દુર્ગુણોનાં દર્શન જોવા મળે છે.

બાર વર્ષ વન ભોગવીને હવે તેરમું વર્ષ પાંડવો જ્યારે ગુપ્તવાસ સેવી રહ્યા છે. ત્યારે કૌરવો તેમની પાછળ પડી ગયા છે. કેમ કરીને તેમને પકડી પાડવા અને ફરીથી બાર વર્ષનું વન ભોગવતા કરવા તેની પેરવી રચી રહ્યા છે. જો તે સજ્જન હોત તો એવું વિચારે કે હવે ભલે તેરમું વર્ષ ભોગવીને પાછા આવી જાય. બિચારાઓએ બહુ દુઃખ ભોગવ્યું, હવે પાછલી જંદિગીમાં ભલે સુખથી પોતાની રાજધાનીમાં રહે. આવો વિચાર કરતા હોત. પણ ના, તેમને તો એક જ વિચાર આવે છે કે કેમ કરીને તેમનું નિકંદન કાઢી નખાય ને પાછા ના આવે. પાછું રાજ્ય ના માગે અને બહાર જ નષ્ટ થઈ જાય. આવી હલકી મનોવૃત્તિથી પીડાય છે. હલકી મનોવૃત્તિ પણ એક પ્રકારની પીડા છે. જે ધારણ કરનારને દુઃખી કરતી હોય છે.

કૌરવોએ ચારેતરફ ગુપ્તચરો મોકલ્યા. ગમે ત્યાંથી પાંડવોને શોધી કાઢો. ગુપ્તચરોએ દેશના દેશ ફેંદી નાખ્યા પણ ક્યાંય પાંડવો ના મળ્યા. હારી-થાકીને ગુપ્તચરો પાછા આવ્યા. હવે શું કરવું?

કૌરવોના પક્ષમાં એક સુશર્મા નામનો મહારથિ, તેણે દુર્યોધનને સમજાવ્યો કે આપણે વિરાટરાજા ઉપર આક્રમણ કરીએ. તેને ખબર ન હતી કે વિરાટનગરીમાં પાંડવો છુપાયેલા છે. પણ વિરાટ રાજ્ય અતિસમૃદ્ધ હતું. તેની પાસે લાખ્ખો ગાયો હતી. ત્યારે ગાયો એ ધન મનાતું. બસ ગાયો લૂંટી લેવાની મંછા હતી. પ્રસિદ્ધ સમૃદ્ધિ, કદી શત્રુ વિનાની નથી હોતી. ગુપ્ત સમૃદ્ધિને શત્રુ નથી હોતા. પણ ગાયોને તો ગુપ્ત રાખી જ શકાય નહિ. એટલે મત્સ્ય દેશ પાસે પ્રસિદ્ધ સમૃદ્ધિ હતી. કેટલાક લોકો સમૃદ્ધ લોકોને લૂંટી ખાવામાં જ જીવનગુજારો કરતા રહે છે. તેમની કૂડી આંખ હંમેશાં પારકી સમૃદ્ધિ અને પારકી સ્ત્રીને શોધ્યા કરતી હોય છે. તેમનો ગુજારો જ આ રીતે થતો હોય છે. તેમાં પણ જો શક્તિ વિનાની સમૃદ્ધિ હોય તો તો પછી તેના હજાર શત્રુઓ થઈ જતા હોય છે.

વિરાટ રાજ્ય અતિ સમૃદ્ધ હતું પણ બહુ શક્તિશાળી ન હતું. શસ્ત્રો, સેનાપતિઓ અને

યોદ્ધાઓની બાબતમાં તે પૂરતું ધ્યાન આપતું ન હતું. પ્રાચીનકાળમાં ભારત પણ સોનાની ચીડિયા જ કહેવાતું પણ સોનાની ઉપેક્ષા કરવાથી બહારથી ધાડાંનાં ધાડાં આ સોનાની ચીડિયાની પાંખો લૂંટવા ઊતરી પડતાં. અને લૂંટીને ચાલ્યાં જતાં. આદર્શોના નામે સૈનિક-દુર્લભતા રાષ્ટ્રને પાયમાલ કરી નાખતી હોય છે. જે સમૃદ્ધિમાંથી દશમો ભાગ પણ સેના પાછળ ના ખર્ચાય તે પૂરેપૂરી સમૃદ્ધિ ક્રૂરતાથી લૂંટાઇ જતી હોય છે.

બધા કૌરવો, ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય વગેરેએ એકમત થઈને વિરાટ ઉપર આક્રમણ કરી દીધું. આક્રમણથી રાષ્ટ્રને બચાવવાનો સચોટ ઉપાય પૂર્વ આક્રમણ છે. અર્થાત્ જ્યાંથી આક્રમણ થવાનું હોય ત્યાં તે આક્રમણ કરે તેના પહેલાં જ પોતે જોરદાર આક્રમણ કરી દેવું, એવો ફટકો મારવો કે પેલા ફરી આક્રમણ કરવાનો વિચાર જ ના કરે. યાદ રહે આક્રમણને સૌથી મોટું પ્રોત્સાહન સામાપક્ષની દુર્બળતા હોય છે. વિરાટ રાજ્યની આવી જ દશા હતી.

કૌરવોની પ્રચંડ સેના ધસમસતી વિરાટ દેશ આવી ગઈ. સેનાનો નાયક હતો ત્રિગર્તનો યુદ્ધોન્માદી રાજા સુશર્મા, સેનાનાયક ઠંડો ના હોવો જોઈએ. પણ સાથે સાથે યુદ્ધોન્માદી પણ ના હોવો જોઈએ. પ્રકૃતિથી અને વિચારોથી ઠંડો સેનાનાયક પ્રચંડ યુદ્ધ કરી શકે નહિ. પહેલા દિવસથી જ તે સમાધાન શોધ્યા કરશે. સમાધાનના ફાયદા વિજયી સેનાને મળતા હોય છે. ઠંડી સેનાને નહિ. આ દોષ કહેવાય તો બીજી તરફ યુદ્ધોન્માદી સેનાનાયક કુવિચારી પગલાં ભરી બેસતા હોય છે. ખરેખર તો સેનાનાયક ધીર-વીર, ગંભીર અને દીર્ઘદ્રષ્ટા હોવો જોઈએ. સુશર્મા તેવો ન હતો. એ યુદ્ધોન્માદી હતો.

કૌરવોની પ્રચંડ સેના વિરાટનગરીની ભાગોળે આવી પહોંચી તે જાણીને રાજા ચિંતિત થયો. જેનો પ્રભાવ પોતાના સાળા કીચક ઉપર ન હતો તેનો પ્રભાવ સેના ઉપર કેવો હોય? પ્રભાવ, પરાક્રમથી પેદા થતો હોય છે. પરાક્રમ વિનાના નમાલા રાજનેતા પ્રભાવહીન થઈ જતા હોય છે. વિરાટરાજાએ સેના તો તૈયાર કરી પણ કૌરવોની પ્રચંડ સેના આગળ તે ટકી શકશે કે કેમ તેની ચિંતા પણ થવા લાગી, બૃહન્નલા સિવાયના ચારે પાંડવો તો યુદ્ધમાં જોડાયા. યુદ્ધ રોજ રોજ થતું હોતું નથી, જે યોદ્ધા નથી હોતા તેમના જીવનમાં પણ કોઈ કોઈ વાર યુદ્ધના પ્રસંગો આવે જ છે. એવા સમયે થોડા સમય માટે પણ જેને યોદ્ધા થતાં આવડે છે તે જ જીવે છે. જેને નથી આવડતું તે દબાઈને જીવે છે. ખોટી રીતે ખોટાં માણસોથી દબાઈને જીવવું એ મૃત્યુ જ કહેવાય.

બન્ને સેનાઓ વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. ભારતના રાજા-મહારાજાઓ સ્વયં યુદ્ધ કરવા જાય છે. તેમની હાજરી ના હોય તો સેના મનમૂકીને લડતી નથી. જ્યારે પશ્ચિમના રાજા-મહારાજા સ્વયં યુદ્ધ કરવા જતા નથી. તેમના સેનાપતિઓ યુદ્ધ કરતા હોય છે. આપણી પદ્ધતિમાં બધો આધાર રાજાઓ ઉપર છે. જો તે મરી જાય કે પકડાઈ જાય તો સેના ભાગી જાય. કૌરવોની ત્રિગર્ત સેનાના રાજા સુશર્માએ યુક્તિ કરીને વિરાટરાજાને પકડી લીધા. અને પોતાના ખેમામાં લઈ ગયા. હાહાકાર મચી ગયો. હવે શું કરવું? પણ પાંડવોએ ખાસ કરીને ભીમે પ્રચંડ પરાક્રમ બતાવીને ત્રિગર્ત સેનાને ઘેરીને જ્યાં વિરાટરાજાને કેદમાં રાખ્યા હતા ત્યાંથી છોડાવી લાવ્યા. હાહાકારની જગ્યાએ જયજયકાર થવા લાગ્યો.

કૌરવો વિરાટની લાખો ગાયો હરીને લઈ જવા લાગ્યા. પણ પાંડવોના પ્રબળ શૌર્યથી બધી ગાયો પાછી વાળી. ઉપરથી ભીમ સુશર્માને પકડી લાવ્યો. બોચીમાંથી પકડીને યુધિષ્ઠિર પાસે લઈ ગયો. યુધિષ્ઠિરે સુશર્માને શિખામણ આપી, ક્ષમા આપી અને ભીમને કહ્યું કે "આને છોડી

મૂકો" ભીમને વાત ના ગમી. જે શત્રુ છેક હસ્તિનાપુરથી અહીં ચઢી આવ્યો છે તેને જીવતો ના જવા દેવાય. પણ મોટા ભાઈનું માન રાખવા ભીમે સુશર્માને છોડી મૂક્યો. કૌરવોની સેના પાછી ચાલી ગઈ. વિરાટની સેના પણ પાછી આવી ગઈ. યુદ્ધ પૂરું થયું. વીરપુરુષોનું હંમેશાં સન્માન થવું જોઈએ. વીરગાથાઓથી પ્રજા વીર બનતી હોય છે. વિરાટરાજાએ બધા પાંડવોનું માન-સન્માન કર્યું. તેમનું સ્થાન ઊંચું આવી ગયું. કામની કદર થવી જ જોઈએ.

હવે એવું બન્યું કે ત્રિગર્તસેના હારીને પાછી જઈ રહી હતી. બરાબર એ જ સમયે કૌરવસેનાએ વિરાટ દેશ ઉપર આક્રમણ કરી દીધું. તેમની ઇચ્છા પણ વિરાટરાજાની ગાયોને હરી જવાની હતી.

બધા ગોવાળોએ આવીને રાજકુમાર ભૂમિંજયને ગાયોને બચાવી લેવા વિનવવા લાગ્યા. ત્યારે રાજકુમાર અંત:પુરમાં બેઠો હતો. ભૂમિંજયનું બીજું નામ ઉત્તર પણ છે. ઉત્તર ગાયોને બચાવવા તૈયાર થઈ ગયો. પણ સારથિ હાજર ન હતો તેથી અર્જુન-બૃહન્નલાને સારથિ બનાવીને યુદ્ધે ચઢ્યો. કિન્નર યુદ્ધ ના કરે તો રથ તો હાંકે. બૃહન્નલાએ પ્રથમ તો આનાકાની કરી પણ પછી તૈયાર થઈ ગઈ. બૃહન્નલાએ સારથિ થઈને રથ ચલાવ્યો અને જોત-જોતામાં કૌરવોની સેના પાસે પહોંચી ગયો. યુદ્ધમાં વાહનોની ગતિ જય-પરાજયમાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. ઓછી ગતિવાળાં પછાત વાહનો ઉત્તમ સેનાને પણ પરાજય આપતાં હોય છે.

કૌરવોની વિશાળ મજબૂત સેનાને જોઈને ઉત્તર ભયભીત થઈ ગયો. હવે તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે બૃહન્નલાને કહ્યું કે "સેનાને પાછી વાળો, આપણે યુદ્ધ કરી શકીશું નહિ. મને તો મહારાજાએ નગરની રક્ષા કરવા નગરમાં નિયુક્ત કર્યો હતો. અત્યારે નગર સૂનું છે. હજી મહારાજા પાછા આવ્યા નથી, માટે રથ પાછો વાળો" બૃહન્નલાએ હિમ્મત હારી ગયેલા ઉત્તરને હિમ્મત આપી. યુદ્ધમાં હિમ્મત મહત્ત્વની વસ્તુ છે. હિમ્મત વિનાની મોટી સેના પણ નાની પણ હિમ્મતવાળી સેનાથી હારી જતી હોય છે. મધ્યકાળમાં રાજપૂતો પાનો ચઢાવવા માટે ખાસ બારોટોને યુદ્ધના મેદાનમાં લઈ જતી. તેમનું કામ સૈનિકોને જુસ્સો ચઢાવવાનું રહેતું.

બૃહન્નલાએ ઉત્તરને બહુ સમજાવ્યો પણ તે એટલો બધો ભયભીત થઈ ગયો હતો કે છેવટે ધનુષ્યબાણ છોડીને રથમાંથી નીચે કૂદી પડ્યો અને નગર તરફ ભાગી ગયો. યુદ્ધ વીરતાથી લડાતું હોય છે. નીડરતાથી પરાક્રમ ઉત્પન્ન થતું હોય છે. જો વીરતા ના હોય તો, પરાક્રમ ના હોય તો યુદ્ધમાં વ્યક્તિ ટકી ના શકે. ઉત્તર ભાગ્યો. બધા યોદ્ધાઓ સામી છાતીએ લડવા યુદ્ધભૂમિ ઉપર આવ્યા નથી હોતા. કેટલાક ખરા સમયે ભાગી છૂટવા પણ આવ્યા હોય છે.

ઉત્તરના ભાગી જવાથી બૃહન્નલા પણ રથથી કૂદીને પાછળ દોડી. અને જોત-જોતામાં ઉત્તરને સમજાવીને પાછી લઈ આવી. હવે શરત એ હતી કે યુદ્ધ કરશે બૃહન્નલા અને રથ ચલાવશે ઉત્તર. બૃહન્નલાએ પેલા શમીવૃક્ષ પાસે જઈ પોતાનું ગાંડીવ પ્રાપ્ત કર્યું.

રાજકુમાર ઉત્તરને શંકા થઈ. આ સ્ત્રી કોણ છે? અર્જુને પોતાનો સાચો પરિચય આપ્યો અને બધી વાત કરી. આજે ગુપ્તવાસનો છેલ્લો દિવસ હતો જેથી હવે તેને પ્રગટ થવાની ચિંતા ન હતી. પછી તો બન્ને પાછા યુદ્ધભૂમિમાં આવ્યા અને અર્જુન પૂરા પરાક્રમથી યુદ્ધ કરવા લાગ્યો. કૌરવોને શંકા થઈ કે જરૂર આ અર્જુન હોવો જોઈએ. આવું પરાક્રમ બીજાનું ના હોય. પણ આ તો સ્ત્રીવેશમાં છે. બધા અસમંજસમાં પડી ગયા.

એક પછી એક બધા કૌરવોના મહારથીઓને હરાવીને ગાયો પાછી વાળીને અર્જુન રથ લઈને

પાછો વળ્યો. કૌરવસેના તો ક્યારની યે ભાગી ગઈ હતી.

બીજી તરફ વિરાટરાજા જ્યારે પાછા નગરમાં આવ્યા અને ઉત્તરને ના જોયો તો ભારે ચિંતા થઈ. પણ થોડી જ વારમાં ગાયો સહિત ઉત્તર નગરમાં આવતાં શાન્તિ થઈ. સૌએ ઉત્તરનું સ્વાગત કર્યું. બૃહન્નલાનો વિજય ઉત્તરને નામે ચઢી ગયો. કેટલીક વાર આવું જ થતું હોય છે. લડે કોઈ, મરે કોઈ અને ઇનામ બીજો લઈ જાય.

રાજા વિરાટ પોતાના પુત્ર ઉત્તરના વિજયથી ફુલાઈ રહ્યો હતો પણ કંક બૃહન્નલાની પ્રશંસા કરતો હતો. રાજાથી તે સહન ના થયું. ક્રોધમાં તેણે પાસા કંકને માર્યા અને કંકના નાકમાંથી રક્તધારા વહેવા લાગી. પછી તો ઉત્તરે જે સાચી વાત હતી તે જણાવી દીધી. અને અર્જુન-યુધિષ્ઠિર વગેરેનો પરિચય પણ આપ્યો. રાજાને ભારે પશ્ચાત્તાપ થયો. અરેરે, મેં શું કર્યું? આજે ગુપ્તવાસ પૂરો થયો હતો તેથી હવે સાચો પરિચય આપવામાં વાંધો ન હતો. વિરાટરાજાએ યુધિષ્ઠિરને સિંહાસન ઉપર બેસાડ્યા. અને હાથજોડીને ઊભા રહ્યા. આનું નામ તો સંસાર છે. ચડતી-પડતી થયા જ કરે.

જે કંકને વિરાટે ધુતકારી દીધો હતો તે કંક તો હવે મહારાજા યુધિષ્ઠિર નીકળ્યા. વિરાટે તેમને પોતાનું રાજ્ય સમર્પિત કરી દેવાની ઇચ્છા બતાવી પણ યુધિષ્ઠિરે તે પ્રસ્તાવ અસ્વીકાર કરી દીધો.

વિરાટરાજાનો બીજો પ્રસ્તાવ હતો કે પોતાની કન્યા ઉત્તરાનાં લગ્ન અર્જુન સાથે થાય. પણ અર્જુને આ પ્રસ્તાવ અસ્વીકાર કરી દીધો. કારણ કે એકવર્ષ સુધી તેને પુત્રીભાવે જોઈને તેનું અધ્યાપન કાર્ય કર્યું હતું. ઉત્તરાએ પણ અર્જુન પ્રત્યે પિતૃભાવ રાખ્યો હતો એથી હવે તેની સાથે લગ્ન કરવાં યોગ્ય ના કહેવાય. પણ અર્જુને બીજી રીતે રાજાનો પ્રસ્તાવ સ્વીકાર કર્યો. ઉત્તરા મારા પુત્ર અભિમન્યુની પત્ની થાય. અર્થાત્ પુત્રવધૂ તરીકે સ્વીકાર કર્યો. બધાંને વાત ગમી. શ્રીકૃષ્ણને પૂછીને સંબંધ નક્કી થઇ ગયો. જીવનમાં મહત્ત્વના નિર્ણયો મહાપુરુષને પૂછીને કરનારાને ઓછું પસ્તાવું પડતું હોય છે.

પાંડવો ઉપપ્લવ નગરમાં જઈને વસ્યા. હવે તેર વર્ષ પૂરાં થઈ ચૂક્યાં હતાં. લગ્નની તૈયારી થવા લાગી. પોતાનાં બધાં સગાંઓ સ્નેહીઓને બોલાવ્યાં. પ્રસંગ ભવ્ય ભોજન અને ભવ્ય મંડપથી નહિ પણ સગા-સ્નેહીઓથી શોભતો હોય છે. શ્રીકૃષ્ણ પણ આવી ગયા. પ્રસંગ સાચવે તે સગાં કહેવાય, પ્રસંગ બગાડે તે જ સગાં નહિ દુશ્મન કહેવાય. વિપત્તિ વેળા અડીખમ થઈને પડખે ઊભો રહે તેને મિત્ર કહેવાય. અને ભજિયાં ખાવા માટે દોડ્યો આવે તે મિત્ર ના કહેવાય.

સૌની હાજરીમાં વાજતે-ગાજતે અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્ન થઈ ગયાં. પાંડવો અને વિરાટરાજા ધન્ય થઈ ગયા. હાશ, તેર વર્ષની શરત પણ પૂરી થઈ ગઈ. હવે દુ:ખના દિવસ પૂરા થશે અને સુખના દિવસો આવશે.

20-7-10

*

ઉદ્યોગપર્વ

72. મંત્રણાની નિષ્ફળતા

અધિકારની પ્રાપ્તિ બે રીતે થતી હોય છે. એક તો વંશ પરંપરાના વારસદાર તરીકે અને બીજા પુરુષાર્થથી. રાજાનો દીકરો રાજા થાય, શેઠનો દીકરો શેઠ થાય તેમાં કશી નવાઈ નથી હોતી, તે તો લગભગ નિર્ધારિત જ હોય છે. પણ રસ્તે ભટકતો માણસ રાજા થાય કે વળી કોઈ ભિખારી શેઠ થાય તો તે કાં તો પુરુષાર્થ છે કે પછી પ્રારબ્ધ છે. પ્રારબ્ધથી પણ કેટલીક વાર આવું થઈ શકતું હોય છે. ખેડૂતનો દીકરો વડોદરાના મહારાજા બને તે પુરુષાર્થ કે વારસદારીથી નહિ પણ પ્રારબ્ધથી જ કહેવાય. જીવનમાં ઘણી વસ્તુઓ કશા પુરુષાર્થ વિના પણ પ્રાપ્ત થતી હોય છે. જેને આપણે પ્રારબ્ધ કહી શકીએ. પણ ઘણી વસ્તુઓ પુરુષાર્થથી પ્રાપ્ત થઈ હોય છે. તમે કાળી મજૂરી કરી હોય, ભૂખતરસ વેઠીને તપ કર્યું હોય, ઘણી રખડપટ્ટી કરીને કાંઈક મેળવ્યું હોય તેને પુરુષાર્થ કહેવાય. માનો કે વાસ્કોડીગામા, કોલંબસ, જેમ્સકૂક જેવા સાગરખેડુઓએ જે કાંઈ પ્રાપ્ત કર્યું તે વારસામાં કે પ્રારબ્ધથી નહિ પણ પુરુષાર્થથી પ્રાપ્ત કર્યું કહેવાય. અંગ્રેજોએ વિશ્વ ઉપર રાજ્ય કર્યું તે પણ માત્ર ને માત્ર પુરુષાર્થ જ કહેવાય. વિશ્વરાજ વારસામાં કે પ્રારબ્ધથી મળ્યું ન હતું. પણ બધા જ પુરુષાર્થો પરિણામશૂન્ય પણ હોય છે. પુરુષાર્થથી પરિણામશૂન્યતા તમારી કસોટી છે. તમારી ધીરજ અને સાધનાની કસોટી છે. જે કસોટીમાં પાર નથી થઈ શકતા તે થાકી જતા હોય છે. અને પછી હારી જતા હોય છે. આવા લોકો પોતે જ પોતાના દ્વારા હારેલા હોય છે. લોકો તેમને નથી હરાવતા, તે પોતે જ પોતાને હરાવે છે. પોતાની જાતે જ હારેલા લોકો ફરી જલદી જીતી શકતા નથી. જીવન તો હાર-જીતનો ખેલ છે. કાં તો હારો કાં તો જીતો. નહિ તો કોઈ ગુફામાં જઈને બેસી જાવ અને પરલોકની વાતો કરો. જોકે ગુફામાં પણ હારજીત તો ચાલુ જ હોય છે. ઘણા લોકો બે દિવસ પણ ગુફામાં બેસી શકતા નથી. દોડીને બહાર નીકળી જાય છે. ગુફામાં લાંબો સમય બેસી શકેલા માણસો પરલોક ના સુધારી શકે તોપણ આ લોક તો સુધારી શકતા હોય છે. કારણ કે ભારતમાં ગુફા પૂજાય છે. તેની ચારેતરફ લોકટોળાં ભેગાં થવા લાગશે. જયજયકાર થશે. લ્યો આ લોક તો સુધરી ગયો.

અહીં તો અધિકાર પ્રાપ્ત થયા પછી ખોઈ નાખવાની કથા છે. અધિકારની પ્રાપ્તિ પછી પણ તેને સંભાળવો બહુ કઠિન કાર્ય હોય છે. મોટો અધિકાર મોટા માણસો જ સંભાળી શકતા હોય છે. પાંડવોને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય મળ્યું. સંપન્ન કર્યું. લીલાલહેર થઈ ગઈ. ભવ્ય ઇમારતો રચાણી અને મહાલવા લાગ્યા. પણ જુગારના રવાડે ચડી ગયા. યુધિષ્ઠિરનો બચાવ કરવા ભલે લોકો શકુનિને નિમિત્ત બનાવે. હંમેશાં લોકો પોતાના પતનમાં બીજાને દોષ દેતા હોય છે. આ કામ સરળ છે. પણ પોતે ક્યાં ભૂલ કરી તે સ્વીકારતા નથી. માનો કે દુર્યોધન અને શકુનિ કપટી હતા. તેમની દાનત સારી ન હતી તો તમારે ચેતી થવું જોઈએ ને! ચેતાવ્યા છતાં પણ તમે ચેતો નહિ અને કૂવામાં પડો તો દોષ કોનો? કવિ જેનો પક્ષ લે છે તેનો દોષ જોતો નથી. દોષોને ઢાંકે છે. અને ગુણોનો વિસ્તાર કરતો રહે છે. કેટલાંક મહાન પાત્રો સ્વરચિત નહિ કવિરચિત, મીડિયારચિત હોય છે.

હદ બહારની જુગારરમતે ક્ષણ વારમાં યુધિષ્ઠિરને અધિકારશૂન્ય કરી દીધા. આ પ્રારબ્ધ કે પુરુષાર્થ ન હતો, આ ભૂલ હતી. મોટી ભૂલ. જેના પરિણામે તે અધિકારશૂન્ય થઈને વનવનના થઈ ગયા. વધુ સામર્થ્ય હોવા છતાં પણ બધાં વિકટ દુ:ખો ભોગવ્યાં. ગુપ્તવાસ ભોગવ્યો અને હવે પોતાનો અધિકાર પાછો મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. આ પર્વને ઉદ્યોગપર્વ કહ્યું છે; કારણ કે આ પર્વમાં ઉદ્યોગ કરવો પડ્યો છે. હારેલો માણસ પણ જો થાક્યા વિના કે થાક ઉતારીને

ઉદ્યોગ કરે તો ફરીથી અધિકાર મેળવી શકે છે તે આ પર્વનો સૂચિતાર્થ છે.

તેરવર્ષની શરત પૂરી થયા પછી હવે કરવું શું? માણસને સતત સતાવતો પ્રશ્ન રહે છે. "હવે કરવું શું? જેમની પાસે સ્થાયી લક્ષ્ય હોય છે અથવા જે લક્ષ્યહીન જીવન જીવતા હોય છે તેમને આવી સતામણી નથી થતી. પણ જે પૂર્ણ જીવન જીવવા માગે છે અને વારંવાર લક્ષ્ય બદલતા રહે છે તેમને આ પ્રશ્ન બહુ સતાવતો હોય છે. જીવનનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન આજીવિકા છે. રોજ સ્થાયી આજીવિકા મળી રહી હોય તેને આ પ્રશ્ન બહુ નથી હોતો. પણ ઈશ્વરીય રચના જ એવી છે કે તમને વધુ ને વધુ ઉન્નત આજીવિકાની ઇચ્છા થયા કરે. આ વિકાસનું મૂળ છે. જે અડધા રોટલામાં સંતોષ માની લે છે તે વિકાસ નથી કરી શકતો, પણ જેનું જીવન માત્ર ઉદરલક્ષી નથી હોતું તેમનાં નવાં-નવાં ક્ષેત્રોમાં ઝંપલાવવાનું થયા કરતું હોય છે. વ્યક્તિ ભલે અનેક ક્ષેત્રોમાં કામ કરે પણ તેની માસ્ટરી તો એકાદ ક્ષેત્રમાં જ રહેતી હોય છે.

પાંડવોની માસ્ટરી રાજકીય ક્ષેત્રની છે એટલે ફરી પાછા એ જ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માટે અને સફળ થવા માટે તેઓ ઉદ્યોગ કરવા લાગ્યા.

વિરાટ રાજાના ત્યાં આ માટે સભા થઈ. સૌએ પોત-પોતાના અભિપ્રાયો આપ્યા. સૌનો એક જ મત હતો કે રાજ્ય પાછું મેળવવું. પણ મેળવવું કેવી રીતે? મંત્રણા અને છેવટે યુદ્ધથી. શરૂઆત મંત્રણાથી કરવી જોઈએ. યુદ્ધ તો નાછૂટકાનો છેલ્લો ઉપાય છે. દ્રુપદે કહ્યું કે મારી પાસે એક વિદ્વાન પુરોહિત બ્રાહ્મણ છે જે મંત્રણામાં કુશળ છે. તેને આપણે ધૃતરાષ્ટ્રની પાસે મોકલીએ.

બધાએ એકમત થઈને પુરોહિતને હસ્તિનાપુર મોકલ્યો અને બીજી તરફ યુદ્ધની તૈયારી પણ કરવા લાગ્યા. યુદ્ધ શાન્તિકાળમાં લડાતું હોય છે. અર્થાત્ શાન્તિકાળમાં પૂરેપૂરી તૈયારી કરી હોય તો જ ખરા સમયે યુદ્ધ કરી શકાતું હોય છે. કુશળ રાજા શાન્તિકાળને તૈયારીકાળ બનાવતો હોય છે. જ્યારે અકુશળ રાજા શાન્તિકાળને આમોદ-પ્રમોદમાં વિતાવતો હોય છે. પછી ખરા સમયમાં હારી જતો હોય છે. પાંડવોએ એક તરફ યુદ્ધની તૈયારી કરવા માંડી તો બીજી તરફ દ્રુપદપુરોહિતને મંત્રણા માટે કૌરવોના ત્યાં હસ્તિનાપુર પણ મોકલ્યો તો મંત્રણાકાળ પણ તૈયારીકાળ જ થઈ જતો હોય છે.

પુરોહિતે આવીને કૌરવોને બધી રીતે ખૂબ સમજાવ્યા કે પાંડવોને અડધું રાજ્ય પાછું આપી દો અને સુલેહ કરી લ્યો. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ વગેરેને સંધિની વાત ગમી પણ દુર્યોધન-કર્ણ વગેરેને ના ગમી. બધાનો પરસ્પરમાં મતભેદ થઈ ગયો. રાજાનું સ્થાન હુકમના એક્કા જેવું હોવું જોઈએ. તે સલાહ બધાની લે. બધાને પૂછે ખરો પણ અંતિમ નિર્ણય તો તેનો જ હોય, એક્કા વિનાનાં રાજ્યો પરસ્પરના ઝઘડાના અખાડા બની જતા હોય છે. દુર્ભાગ્યવશ કૌરવો પાસે કોઈ એક્કો ન હતો. તેથી કશો નિર્ણય કર્યા વિના દ્રુપદપુરોહિતને માન-સન્માન સાથે પાછો મોકલી દીધો. મંત્રણા નિષ્ફળ ગઈ. મંત્રણા સફળ થાય તો શું કરવું અને મંત્રણા નિષ્ફળ જાય તો શું કરવું. આ બન્ને પક્ષોની તલસ્પર્શી વિચારણા પ્રથમથી જ કરી રાખવી જોઈએ. અને બન્ને તરફની તૈયારી પણ પૂરી કરી રાખવી જોઈએ.

પુરોહિત નિષ્ફળ થઈને જ યુધિષ્ઠિર પાસે પાછો આવી ગયો.

*

73. યુદ્ધની તૈયારી

કર્મઠતા જીવનનો સર્વોચ્ચ મહા ગુણ છે. જે નિષ્ક્રિય જીવન જીવે છે તે મડદાં છે. તેમાં પણ જે અધ્યયનના ઓઠા નીચે નિષ્ક્રિયતાને આદર્શ માનીને નિષ્ક્રિય જીવન જીવે છે અને તેનો પ્રચાર પણ કરે છે તે તો પ્રજાને પણ મડદાં બનાવવાનું પાપ કરે છે. કર્મઠતાનો પ્રચાર જ રાષ્ટ્ર ને પ્રજા માટે કલ્યાણકારી થઈ શકે છે. પાંડવો કર્મઠ છે. મોટું કામ કરવાનું. મોટું કામ જ વ્યક્તિને અને પૂરી પ્રજાને મોટાં બનાવે છે. જ્યાં નિષ્ક્રિયતા પ્રજાની હશે ત્યાં આપોઆપ વ્યક્તિ અને પ્રજા તુચ્છતા પ્રાપ્ત કરતાં થઈ જશે.

યુદ્ધ અને તેમાં પણ વિશ્વયુદ્ધ ઘણું મોટું કામ કહેવાય. તેને પાર પાડવા પાંડવો પોતાના પક્ષના રાજાઓને એકઠા કરવા લાગ્યા. જે લોકો આવું સંગઠન કર્યા વિના એકાકી તટસ્થનીતિ અપનાવતા હોય છે તે મિત્રવિહોણા થઈને નષ્ટ થઈ જતા હોય છે. તટસ્થનીતિ એટલે આત્મહત્યા. જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં તટસ્થ રહેવાય જ નહિ. હંમેશાં ન્યાયનો પક્ષ લેવો જ એટલે જે લોકો ન્યાય-અન્યાયના પક્ષોમાં તટસ્થ રહે છે તે અન્યાયને સહાયકર્તા થઈ જાય છે. ચોર અને શાહુકારમાં તટસ્થ ના રહેવાય. શાહુકારનો પક્ષ લેવો જ જોઈએ. જો ના લો તો શાહુકાર દુર્બળ થાય અને ચોર બળવાન થઈ જાય. તટસ્થ માણસ એક રીતે ચોરનો સહાયક થઈ જાય. તટસ્થ રહેવાનો અર્થ તો એ થયો કે ચોર-શાહુકાર બન્ને એકસરખા થયા. આ પાપ કહેવાય.

વ્યક્તિ અને પ્રજાને મહાન બનાવનારા ગુણોમાં “ન્યાયપ્રિયતા” અને “સત્યપ્રિયતા” મોટા ગુણો છે. જે વ્યક્તિ કે પ્રજામાં આ બે ગુણો નથી હોતા તે કદી મહાન ના થઈ શકે. તે અધમ જ થઈ જાય. એટલે જ્યાં સત્ય અને ન્યાય હોય ત્યાં તેનો પક્ષ લેવો જ જોઈએ.

પાંડવ અને કૌરવો પોત-પોતાનો પક્ષ બળવાન બનાવવા રાજા-મહારાજાઓને પોતાના પક્ષમાં ભેળવવા લાગ્યા.

શરૂઆત શ્રીકૃષ્ણથી જ કરીએ. દુર્યોધન અને અર્જુન બન્ને સાથે દ્વારકાપુરી પહોંચી ગયા. ભગવાન શ્રીકૃષ્ણ ત્યારે શયન કરતા હતા એટલે દુર્યોધન તેમના શિર આગળ સારા સિંહાસન ઉપર બેસી ગયો, અર્જુન થોડો પાછળથી આવ્યો. તે પગ આગળ હાથ જોડીને ઊભો રહી અને શ્રીકૃષ્ણની જાગવાની પ્રતીક્ષા કરવા લાગ્યો.

એક વિચાર આવે કે આવા મોટા માણસોનું મિલન થવાનું હોય તો પહેલાં સમય નિર્ધારિત હોય. કાંઈક પ્રોટોકોલ હોય. માણસ સીધો શયનખંડમાં ઘૂસી જાય તે કેવું લાગે? આ તો સારું હતું શ્રીકૃષ્ણ એકલા જ સૂતા હતા. જો સાથે..... હોત તો? સુરક્ષાની દૃષ્ટિએ પણ આવી રીતે છેક શયનખંડ સુધી વગર રોકટોક માણસ ચાલ્યો જાય તે યોગ્ય ના ગણાય. વ્યક્તિની પ્રાયવેસી સચવાવી જોઈએ. કદાચ આવા જ કારણસર આજે પણ આપણે વગર સમયે ગમે ત્યારે ગમેતેમ છેક તેના શયનખંડ સુધી પહોંચી જતા હોઈશું.

શ્રીકૃષ્ણની નીંદ ખૂલી. તેમણે અર્જુનને જોયો. પછી દુર્યોધનને જોયો. બન્નેને આવકાર આપ્યો. ઊંઘમાંથી ઊઠેલો માણસ વસ્ત્રોથી તથા મનથી પણ થોડો અસ્તવ્યસ્ત હોય. કદાચ એટલે જ વેઈટિંગરૂમ કે સીટિંગરૂમ બનાવતા હશે. ઊંઘવાના સમયે, જમવાના સમયે કે પ્રાર્થનાના સમયે કોઈને મળવા ના જવાય. કદાચ પહોંચી ગયા હોવ તો થોડી વાર પ્રતીક્ષા કરાય.

શ્રીકૃષ્ણે બન્નેને આવકાર આપ્યો. કદાચ આવનારો ભૂલ કરે તોપણ ગૃહસ્થે ભૂલ ના કરવી જોઈએ. બન્નેનો હેતુ પૂછ્યો. બન્નેની ઉપસ્થિતિનો ભેદ જુઓ. એક સિંહાસન ઉપર માથા આગળ બેઠો છે. બીજો પગ આગળ હાથ જોડીને ઊભો છે. તમે જ્યારે કોઈ મોટા માણસને મળવા જાવ ત્યારે સર્વપ્રથમ પોતાની ઓકાત સમજવી જોઈએ. ઓકાત પ્રમાણે જ બેસવું જોઈએ. એટલું યાદ રહે, તમે તમારી ગરજે ગયા છો. આવા સમયે રુઆબ કે મોટાઈ ના ચાલે. આને વ્યાવહારિક કુશળતા કહેવાય છે. વ્યાવહારિક કુશળતા મંત્રણામાં સફળતા અપાવનારી પહેલી કૂંચી છે.

શ્રીકૃષ્ણના પ્રશ્નમાં અર્જુને થનારા સંગ્રામમાં પોતાના પક્ષે સહાયક થવાની યાચના કરી, પણ ત્યાં તો દુર્યોધને પોતે પહેલો આવ્યો હોવાથી પોતાને સહાયતા આપવાની દલીલ કરી. રાજપુરુષને ડગલે ને પગલે મુત્સદ્દી બતાવવાનાં કારણો ઊભાં થતાં હોય છે. જો તે ના આવડે તો તેને ભોટ કહેવાય.

શ્રીકૃષ્ણે દુર્યોધનને કહ્યું કે “તમારી વાત સાચી છે. સર્વપ્રથમ તમે જ આવ્યા છો પણ સર્વપ્રથમ મારી દૃષ્ટિ અર્જુન ઉપર પડી છે. એટલે પહેલી વાત કરવાનો અધિકાર અર્જુનનો છે.” આ થઈ મુત્સદ્દીગીરી. શ્રીકૃષ્ણે યુક્તિપૂર્વક વાત રાખીને અર્જુનને પ્રાથમિકતા આપી. મહાપુરુષે પોતે પક્ષપાતી છે તેવી પરિસ્થિતિથી બચવું જોઈએ. શ્રીકૃષ્ણે બીજી દલીલ આપી તે પણ સમજવા જેવી છે. “તમારા બન્નેમાં અર્જુન નાનો છે, શાસ્ત્રમર્યાદા એવી છે કે નાનાને પ્રથમ તક આપવી જોઈએ.”

હવે જે નિર્ણય સંભાળાવે છે તે જુઓ “એકતરફ મારી પૂરી યાદવસેના રહેશે અને બીજી તરફ એકલો હું રહીશ. હું ના તો યુદ્ધ કરીશ ના શસ્ત્ર ધારણ કરીશ. બોલો કોને શું જોઈએ છે?”

પહેલો અધિકાર અર્જુનને હતો તેથી તેણે માગ્યું કે “મારે તો આપ એકલા જ જોઈએ, બીજું કાંઈ નહિ” દુર્યોધન રાજી થયો. એકલો માણસ શું કરવાનો હતો તેના કરતાં પૂરી યાદવી સેના પોતાના પક્ષે આવે એ જ શ્રેષ્ઠ કહેવાય. તેણે હરખાતાં-હરખાતાં યાદવી સેના માગી લીધી. બન્ને પોત-પોતાની રીતે રાજી થયા.

ખરેખર તો યુદ્ધ સેનાથી જિતાતું નથી. વ્યૂહથી જિતાય છે. અને વ્યૂહ સેનાપતિ રચે છે. શ્રીકૃષ્ણ કુશળ વ્યૂહબાજ છે. તેથી લાભ તો અર્જુનને થયો કહેવાય.

શ્રીકૃષ્ણે અર્જુનને પૂછ્યું કે “મને એકલાને તેં શા માટે ચૂંટ્યો?”

અર્જુને જવાબ આપ્યો: “ખરેખર તો આપ જ્યાં હશો ત્યાં જ વિજય હશે અને યશ પણ હશે. એટલે મારે તો આપ જ જોઈએ. આપ સારથિ બનો. મારો જીવનરથ આપ જ ચલાવો. હું તો આપનો દાસ છું.” આ થઈ શરણાગતિ. કુશળ પુરુષે મહાપુરુષની શરણાગતિ સ્વીકારવી જોઈએ. જેથી કામ સરળ થઈ જાય.

રાજા દુર્યોધન કૃતવર્માની પાસે ગયો. તેણે એક અક્ષૌહિણી સેના આપી. પછી શલ્યને પોતાના પક્ષમાં ભેળવ્યો. શલ્ય પાસે ઘણી વિશાળ સેના હતી. શલ્યને તો સેનાપતિપદ પણ આપ્યું. શલ્ય દુર્યોધન પાસેથી યુધિષ્ઠિર પાસે ગયો. યુધિષ્ઠિરે સ્વાગત-સત્કાર કર્યો અને કહ્યું કે “તમે દુર્યોધનને સહાયતા કરીને સારું કર્યું, પણ મને પણ એક વચન આપો. તમે યુદ્ધમાં કર્ણના સારથિ થવાના છો. તમારું સારથિપણું વખણાય છે, એટલે કર્ણ જ તમને સારથિ બનાવશે. તમારે બસ એક જ કામ કરવાનું છે. કર્ણનો ઉત્સાહ અને હિમ્મત વારંવાર ભંગ કરતા રહેવાનું.

બસ આટલું કામ તમે કરજો" શલ્યે હા પાડી, યુદ્ધમાં ઉત્સાહ અને હિંમત જરૂરી છે. વિજયના સમાચારોથી ઉત્સાહ વધતો હોય છે. પરાજયના સમાચારથી ઉત્સાહ ઘટી જતો હોય છે. યુદ્ધમાં તો કાલ્પનિક વિજયના સમાચાર આપી આપીને પણ યોદ્ધાઓમાં તથા પ્રજામાં પણ ઉત્સાહ ભરતા રહેવું જોઈએ. શલ્ય વિદાય થયો.

21-7-10

*

74. વિચારમંથન

મહાભારત પરિવાર ગ્રંથ છે. જેમ પરિવારમાં ઘણા ફાંટા હોય છે તેમ મહાભારતમાં પણ ઘણા પેટા ગ્રંથો છે. ગીતા તેમાંનો એક છે. માત્ર ગીતા જ નહિ બીજા પણ કેટલાય પેટા ગ્રંથો આજે સ્વતંત્ર રીતે વંચાય છે. ઘણાને ખબર પણ નથી કે આ મહાભારતમાં આવેલો પેટા ગ્રંથ છે. આવો જ એક બીજો પેટાગ્રંથ છે, "વિદુરનીતિ". યુદ્ધ કરતાં પહેલાં ધૃતરાષ્ટ્રે ઘણા શાણા માણસો સાથે મંત્રણા કરી હતી. ડાહ્યા માણસનું પ્રથમ લક્ષણ એ છે કે તે મહત્ત્વના કાર્યમાં તજ્જ્ઞોની સલાહ લેતો હોય છે. મૂર્ખાઓ અને અભિમાનીઓ કદી કોઈની સલાહ લેતા નથી. કાર્યની સફળતા અને નિષ્ફળતામાં સલાહકાર મહત્ત્વની ભૂમિકા ભજવતો હોય છે. ધ્યાન એટલું રાખવાનું કે તે શકુનિ જેવો ના હોય, જો હશે તો ખેદાન-મેદાન કઢાવી નાખશે.

ધૃતરાષ્ટ્રે છેલ્લી વિદુરની સલાહ લીધી. વિદુર, ધૃતરાષ્ટ્રનો ભાઈ છે, પરમજ્ઞાની છે. પણ દાસીનો પુત્ર હોવાથી તેને હંમેશાં આત્મગ્લાનિ રહ્યા કરે છે. તેમ છતાં તે મંત્રી છે. તેનું વલણ પાંડવો તરફી છે. પણ નોકરી કૌરવોની કરતા હોવાથી કૌરવોની સાથે રહેવું પડે છે. વિચારોને કે સિદ્ધાંતોને દબાવીને જીવવું એ સ્વમાની જ્ઞાની પુરુષ માટે મૃત્યુથી પણ વધુ દુ:ખદાયી થઈ જાય છે. વિદુરની આવી જ દશા છે. વિદુરે યુદ્ધવિષયક સલાહના નિમિત્તે કેટલાય અધ્યાયો સુધી અણમોલ નીતિવાક્યો કહ્યાં છે. પ્રત્યેક રાજાઓ જ નહિ પણ પ્રત્યેક વ્યક્તિએ મનનપૂર્વક વાંચવા વિચારવા જેવાં છે. જે વ્યક્તિ પાસે ઊંડાણભર્યું મૌલિક ચંતિન, બહોળા અનુભવો, વિશાળ નિરીક્ષણ અને પ્રખર મેધા હોય તેનામાં આવું ચંતિન આવી શકે. લોકોએ વિદુરનીતિ જરૂર વાંચવી ઘટે.

ધૃતરાષ્ટ્રની પાસે મહાત્મા વિદુર જેવી જ એક બીજી વ્યક્તિ છે 'સંજય'. સંજય દૂરદર્શી છે. થનારા ભયંકર યુદ્ધથી તે બહુ દુ:ખી છે. તેણે પણ ધૃતરાષ્ટ્રને યુદ્ધ નહિ કરવા અને પાંડવો સાથે ન્યાય કરીને તેમનું રાજ્ય પાછું સોંપી દેવા બહુ સમજાવ્યા. ધૃતરાષ્ટ્રને પણ વિદુર અને સંજય જેવા તટસ્થ જ્ઞાનીઓની વાત ગમી. તેણે દુર્યોધનને બોલાવીને બહુ સમજાવ્યો પણ દુર્યોધન ના માન્યો. ધૃતરાષ્ટ્રની પાસે વેદવ્યાસજી આવ્યા. ગાંધારી આવી અને યુદ્ધ ના કરવાનું સમજાવવા લાગ્યાં. બીજી તરફ કર્ણ, શકુનિ વગેરે દુર્યોધનને યુદ્ધ કરવું જ જોઈએ તેવું સમજાવતા રહ્યા. આ રીતે કૌરવોમાં બે પક્ષો પડી ગયા. યુદ્ધ પહેલાં લગભગ બધે જ આવું થતું હોય છે. જો શાસક સર્વસત્તાધીશ, અધિનાયક હોય તો આવા પક્ષ નથી પડતા. કદાચ પડ્યા હોય તોપણ પ્રગટ નથી થતા તેથી ફાયદો એ થતો હોય છે કે બધી શક્તિ એકતરફ કામે લાગી જતી હોય છે. પણ જ્યાં વૈચારિક ઉદારતા હોય છે, ત્યાં મતભેદ રહેવાના જ. વૈચારિક ઉદારતા ડાહ્યા માણસો અને દાના માણસોમાં જ હોવી જોઈએ. મૂર્ખાઓ અને ચાલુ માણસો વૈચારિક ઉદારતાનો ભારે દુરુપયોગ કરી શકતા હોય છે.

21-7-10

*

75. શ્રીકૃષ્ણની વિચારગોષ્ઠી અને દ્રૌપદીની પીડા

યુદ્ધ મહા ક્રૂર કર્મ છે. તેને રોકી શકાય તો બધા પ્રયત્નો કરીને પણ રોકવું જોઈએ. યુદ્ધમાં અપાર જાનહાનિ, અપાર ધનહાનિ અને અપાર વસ્તુહાનિ થતી હોય છે. યુદ્ધથી લાખો-કરોડો સ્ત્રીઓ વિધવા, લાખ્ખો-કરોડો બાળકો અનાથ થઈ જતાં હોય છે. લાખ્ખો વીર પુરુષો વિકલાંગ થઈ જીવનભર રિબામણીભર્યું જીવન જીવતા હોય છે. યુદ્ધ પછી વસ્તુઓની ભયંકર અછત થઈ જવાથી કાળાબજાર તથા ત્રાસ થતો હોય છે. સૌથી વધુ કરુણ અને ઘૃણિત ફળ તો એ આવતું હોય છે કે લાખ્ખો સ્ત્રીઓ વિધવા થઈને કુમાર્ગે વળી જતી હોય છે. પાપાચાર-દુરાચાર વધી જતો હોય છે. પૂરી ધર્મવ્યવસ્થા, પૂરી સમાજવ્યવસ્થા, પૂરી રાજવ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જતી હોય છે જેથી ઘણા અનર્થો પેદા થાય છે. માટે મહાન પ્રયત્નો કરીને પણ યુદ્ધ રોકાતું હોય તો રોકવું જોઈએ.

યુદ્ધને રોકવાનો પ્રબળ ઉપાય મંત્રણા છે. કૌરવો તરફથી અનેક દૂતો આવી ગયા. પાંડવોએ પણ દ્રુપદપુરોહિતને મોકલી સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો. હજી પણ યુધિષ્ઠિરનું મન યુદ્ધ અટકાવવા તલસે છે. તેને થયું કે હવે તો આ કામ શ્રીકૃષ્ણ જ કરી શકે તેમ છે. યુધિષ્ઠિર પોતે સામે ચાલીને શ્રીકૃષ્ણ પાસે ગયા. અને લંબાણપૂર્વક વાતચીત કરી. યુધિષ્ઠિરે અડધું રાજ્ય માગવાની જગ્યાએ માત્ર પાંચ જ ગામ માગ્યાં હતાં જે આ પ્રમાણે છે. 1-અવિસ્થલ, ૨-વૃકસ્થલ, 3-માકન્દી, 4-વારણાવત અને પાંચમું ગમે તે એક એમ પાંચ જ ગામ માગીને ‘કજિયાનું મોઢું કાળું’ એ ન્યાયી સમાધાન કરી લેવા તૈયારી બતાવી હતી, પણ કૌરવો કશું જ આપવા તૈયાર ન થયા. હવે ફરી એક વાર પ્રયત્ન કરી જોઈએ. શ્રીકૃષ્ણ, આપ હસ્તિનાપુર પધારો અને મંત્રણા કરીને આ ભીષણ સર્વનાશી યુદ્ધને અટકાવો તેવી પ્રાર્થના યુધિષ્ઠિરે કરી.

ભીમ, અર્જુન, નકુલ, સહદેવ વગેરેએ પણ ગમેતેમ કરીને યુદ્ધ અટકાવવાની પ્રાર્થના શ્રીકૃષ્ણને કરી. ક્યાંય કોઈમાં યુદ્ધોન્માદ નથી. બધા ધીર-વીર-પ્રશાન્ત છે.

આ સન્ધિપ્રવૃત્તિ દ્રૌપદીને ના ગમી. હજી તેર વર્ષથી તેણે પોતાના કેશમાં તેલ નાખ્યું ન હતું તથા ઓળીને પાંથી પાડી ન હતી. સુગરીના માળા જેવા તેના કેશ આજે પણ વેરવિખેર હતા. સભા વચ્ચે જ્યારે તેને ઘસેટીને લાવવામાં આવી હતી અને તેનાં ચીર ખેંચાતાં હતાં ત્યારે તેણે દુઃશાસનના ઊકળતા લોહીમાં વાળ ધોવાની પ્રતિજ્ઞા કરી હતી, તે હજી ભુલાઈ ન હતી. રક્તના આધારે માણસોને બે ભાગમાં વહેંચી શકાય. 1. રોયલબ્લડ અને ૨. લોઅરબ્લડ. જે ટેક માટે, પ્રતિજ્ઞા માટે જીવે અને મરે તે રોયલબ્લડ કહેવાય. તેમનો ઇતિહાસ હોય, પણ જે વારંવાર પ્રતિજ્ઞાભંગ કરે, વારંવાર પક્ષપલટો કરે, ધર્મ બદલે તે ધનવાન હોય તોપણ નીચ કહેવાય. નીચોનો ઇતિહાસ ના હોય, પ્રતિજ્ઞા કરવી સહેલી છે પણ તેને નિભાવવી અત્યંત કઠિન છે. રોયલબ્લડની કસોટીઓ ત્રણ સ્થળે થતી હોય છે. 1. પ્રેમગાથા, ૨. ભક્તિગાથા અને 3. શૌર્યગાથા ત્રણનાં અંતિમ પરિણામ તો બલિદાન જ હોય છે. ટેક વિનાના માણસો લગ્ન તો કરી શકે છે. છોકરાં પણ પેદા કરે છે. પણ આ બધું સમાજમાર્ગથી સમાજવ્યવસ્થા પ્રમાણે જે થતું હોય તે કરે, ના થતું હોય તે ના કરે. આ સુરક્ષિત માર્ગ કહેવાય. લગ્ન પણ પ્રેમ થાય કે ના થાય છોકરાં થાય એટલે બસ, આમનો ઇતિહાસ ના હોય. ઇતિહાસ શેણી-વિજાણંદ જેવાનો હોય. ઝૂરી-ઝૂરીને જીવે અને ઝૂરી-ઝૂરીને મરે. જે પ્રેમ સમાજમાન્ય નથી હોતો તે જ્વાળામુખીની માફક પ્રેમીઓને ભરખી જતો હોય છે. સમાજ જ્વાળામુખી પણ છે.

પ્રેમગાથાઓ આ જ્વાળામુખીના લાવારસની હોય છે.

આવી જ શૌર્યગાથા પણ બલિદાનની હોય છે. અધમ લોકો શૌર્યવિનાના હોય છે. એટલે તે કૂતરાંના મોતે તો મરી શકે છે, પણ ઘીંગાણામાં કે યુદ્ધમાં સામી છાતીએ એકે હજારાં થઈને શહીદ થઈ શકતા નથી. શહીદોના પાળિયા હોય. પલટીબાજો કે ઝૂકી પડનારાના પાળિયા ના હોય.

ભક્તિગાથા પણ આવી જ છે. ટીલાં-ટપકાં કરીને સાધુડાં થવું સરળ છે. પણ મીરાંબાઈ, નરસિંહ થવું કઠિન છે. સમાજનો જ્વાળામુખી સાધુડાંને તો લાડવા જમાડતો રહે છે. કારણ કે સમાજ પ્રદર્શનપ્રેમી હોય છે. ઢોંગી અને પાખંડી જીતે છે. પણ સાચા મરે છે. સાચા, ઢોંગ-પાખંડ નથી કરનારા તે સત્યને લોકો પચાવી નથી શકતા. પરિણામે સતીઓ અને સાચા સન્તો દુભાતા હોય છે.

મૂળ મુદ્દો ટેકનો છે. પલટીબાજોને ટેક હોતી નથી. “જિસકે તડમે લડ્ડુ ઉસકે તડમે હમ” જેવી તેમની નીતિ હોય છે. દ્રૌપદી મહાન સતી છે કારણ કે ટેકધારી છે. હજી વાળ ઓળ્યા નથી. હજી લોહી ઠંડું થયું નથી. તે કૃષ્ણની આડે ફરી વળી અને પોતાના વાળ આગળ ધરીને કહેવા લાગી.

“ભગવાન તમે સન્ધિ કરવા તો જાઓ છો પણ મારા આ કેશને ભૂલી ના જતા. જીવનભર મારે આવા ને આવા સુગરીના માળા જેવા રાખવા ના પડે.” શ્રીકૃષ્ણ દ્રૌપદીની પીડા જાણે છે. સભા વચ્ચેના અપમાનના સોયા હજી તેના કાળજામાંથી નીકળ્યા નથી. અપમાન ભૂલી જવું જોઈએ પણ અપમાન કરનારને પશ્ચાત્તાપ થાય અને તે સુધરી જાય તો. જો તે વધુ ને વધુ નીચ થતો જાય અને તમે અપમાનને ભૂલી જાવ તો પેલાની નીચતાને વધારવાના ભાગીદાર બનો ને નમાલા કહેવાય.

શ્રીકૃષ્ણે દ્રૌપદીને આશ્વાસન આપ્યું: “બહેન તું ચિંતા ના કર, તારી પીડા એ મારી પીડા છે. હું તને પીડામુક્ત કરીશ.”

આ વખતે દ્રૌપદીએ જે કહ્યું છે એ સૌએ યાદ રાખવા જેવું છે.

યથાવધ્ય વધ્યમાને ભવેદ્દોષો જનાર્દન।
સવધ્યસ્માવધ્યે દૃષ્ટ ઈતી ધર્મવિદો વિદુઃ॥

(ઉદ્યોગપર્વ 82/18)

અર્થાત્ જેમ અવધ્યનો વધ કરવાથી દોષ લાગે છે તેમ જ વધ્યનો વધ ન કરવાથી પણ દોષ લાગે છે. કૌરવો વધ્ય છે તેમને જીવતા રહેવા દેવા એ દોષ - પાપ જ કહેવાય. ઘણી વાર હિંસાને રોકવા માટે હિંસા જ કામમાં આવતી હોય છે. જો ખરા સમયે હિંસાવિરોધી હિંસા ના કરાય તો હિંસા વધી જાય.

દ્રૌપદીએ રડમસ સ્વરથી કહ્યું, “કૃષ્ણ, તમે સભા વચ્ચે મારી લાજ રાખી હતી ત્યારે મને તમે વચન માગવા કહ્યું હતું. હું માગું છું કે દુ:શાસનની તે ભુજાને કપાયેલી ધૂળમાં રગદોળાતી હું જોઉં. આ ઘડીની રાહ જોતાં-જોતાં મેં તેર વર્ષ વિતાવી દીધાં છે.” દ્રૌપદી રડી પડી.

શ્રીકૃષ્ણે તેનાં આંસુ લૂછ્યાં અને કહ્યું કે તું જોજે થોડા જ દિવસોમાં તારી લાજ લૂંટનારા ધૂળમાં રગદોળાશે અને તેમની લાશોને કૂતરાં શિયાળ અને ગીધ ખાશે” કૃષ્ણ વિદાય થયા. પાણીદાર

સ્ત્રીઓ વીરપતિ અને વીરભાઈઓના દ્વારા માથું ઊંચું રાખીને જીવતી હોય છે.

21-7-10

*

76. શ્રીકૃષ્ણની વિષ્ટિ

રાજકારણનાં આઠ મહત્વનાં અંગો છે. 1. રાજા, ૨. મંત્રીઓ, 3. રાજદૂતો, 4. સેનાપતિઓ, ૫. સેના, 6. પ્રજા, 7. અધિકારીઓ અને 8. ગુપ્તચરો.

આ આઠેઆઠ ઘટકો યોગ્ય અને વ્યવસ્થિત હોય તો જ રાજસત્તા પૂરેપૂરી સક્ષમ થઈ શકે. આ આઠમાંથી માત્ર રાજદૂતોની જ ચર્ચા કરીશું.

રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રના સંબંધોનો પ્રભાવ રાજ્ય ઉપર પડતો જ હોય છે. પક્ષ અને વિપક્ષ રહેતા જ હોય છે. પક્ષ કે વિપક્ષ અને વિપક્ષને પક્ષ બનાવી દેનારા રાજનો નાશ થઈ જતો હોય છે, આ સંબંધોને બાંધવા, સુધારવા અને નિભાવવાના કાર્યમાં રાજદૂતો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. એક એવી માન્યતા છે કે રાજા કરતાં પણ રાજદૂતની યોગ્યતા ઘણી હોવી જોઈએ. રાજ્યનો ભાવ, રાષ્ટ્રહિત, પરિસ્થિતિ તત્કાળ નિર્ણય, વાતની રજૂઆત, બગડેલા સંબંધોને સુધારવાની ક્ષમતા વગેરે કેટલાયે ગુણો રાજદૂતમાં હોવા જરૂરી છે.

શ્રીકૃષ્ણ રાજા પણ છે અને રાજદૂત પણ છે. તે યોદ્ધા છે, સેનાપતિ પણ છે, વ્યૂહરચનામાં તો તેમની જોડી નથી. આધ્યાત્મિકતા વાંઝણી ના હોવી જોઈએ. અર્થાત્ આધ્યાત્મિક પુરુષ નિષ્ક્રિય, રાષ્ટ્રહિત વિનાનો, માનવતા વિનાનો, જવાબદારી વિનાનો ના હોય, તે પૂર્ણ હોય. અર્થાત્ તેને બધું આવડતું હોય. તે સક્રિય પુરુષાર્થી હોય અને લોકોને પુરુષાર્થમાં જોતરનારો હોય. જ્યારે રાષ્ટ્ર ઘોર વિપત્તિમાં ફસાયું હોય, પ્રજા ત્રાહિત્રાહિ પોકારતી હોય, ભયંકર દુષ્કાળ, ધરતીકંપ કે બીજી કુદરતી આપત્તિઓમાં પ્રજા ભૂખે-તરસે મરતી હોય. ગુંડાઓ અને રાક્ષસો હાહાકાર મચાવતા હોય, કોઈ સતી સ્ત્રી સુરક્ષિત ના હોય આવા સમયે કોઈ આધ્યાત્મિકતાના નામે નિષ્ક્રિય થઈને વીતરાગ થઈ જાય તો તેવી આધ્યાત્મિકતા પ્રશ્નો ઉકેલનારી નહિ પણ પ્રશ્નોથી ભગાડનારી, પલાયનવાદી થઈ જાય. ભારતને વર્ષોથી આ જ અધ્યાત્મરોગ લાગુ પડ્યો છે. અહીં નિષ્ક્રિયતા અને બેજવાબદારીતા પૂજાય છે તેને ત્યાગીજીવન મનાય છે. પરિણામે પ્રજાનું પતન થાય છે. પ્રજા રાજકીય દૃષ્ટિએ જ નહિ, આર્થિક, સામાજિક, સાંસારિક એમ બધાં ક્ષેત્રોમાં બેજવાબદાર અને પલાયનવૃત્તિ ધરાવતી થઈ જાય છે. તેનું પાછું ગૌરવ લે છે, આવા આધ્યાત્મિક ભગવાનો આવો જ ઉપદેશ આપે છે. આવા ઉપદેશમાં ટાળેટોળાં જોડાય છે. બોલો હવે રાષ્ટ્ર અને પ્રજાનું શું થાય?

શ્રીકૃષ્ણ આવા નથી. તે બેજવાબદાર કે પલાયનવાદી નથી. કર્મઠ છે. કર્તવ્યનિષ્ઠ છે, કુશળ છે. પ્રત્યેક ક્ષેત્રની તેમની માસ્ટરી છે. તે કુશળ રાજદૂત પણ થઈ શકે છે.

પાંડવોએ વિચાર કર્યો કે હજી એક છેલ્લો પ્રયત્ન કરી લેવો સારો. જો યુદ્ધ ટળતું હોય તો હજી પણ તેને ટાળવું જોઈએ. શ્રીકૃષ્ણને હસ્તિનાપુર મંત્રણા કરવા મોકલ્યા. શ્રીકૃષ્ણ વિદાય થયા.

વ્યક્તિની સૌથી મોટી મૂડી ‘લોકચાહના’ હોય છે. લોકોમાં તેની ચાહના તેનાં સત્કર્મો, ઉદારતા, પરાક્રમો, પરદુઃખભંજનતા વગેરે સદ્ગુણોથી થતી હોય છે. તમે લોકોનાં કેટલાં અને કેવાં કામ કર્યાં હોય છે, તેના આધારે લોકચાહના થતી હોય છે. જેણે અડધી રાત્રે લોકોની ભીડ ભાગી હોય તેની લોકચાહના થતી હોય છે. જે કાંટાની માફક લોકોને ભોંક્યા કર્યા હોય તેની લોકચાહના ના હોય. જે લોકો સામર્થ્ય હોવા છતાં કોઈના કામમાં આવતા ના હોય તેમની લોકચાહના ના હોય.

જે જે રસ્તે શ્રીકૃષ્ણનો રથ નીકળે છે તે જ રસ્તે લોકો દર્શન માટે ભેગા થાય છે. જાત-જાતની ભેટો ધરે છે. જય જયકાર કરે છે. લોકો તો ઠીક ઋષિઓ પણ શ્રીકૃષ્ણનાં દર્શન કરવા દોડતા આવે છે. મહાન વિભૂતિનાં દર્શન કરવા સામે ચાલીને જવું જઈએ. ન જનારા અભિમાની જ હોય. અધ્યાત્મનું પણ અભિમાન હોય. સૌને મળતા, સૌનું અભિવાદન સ્વીકારતા, ઋષિમુનિઓને વંદન કરતા શ્રીકૃષ્ણ વૃકસ્થળ પહોંચ્યા. ત્યાં રાત રહ્યા. વ્યક્તિએ પ્રાણીઓનો પણ ખ્યાલ રાખવો જોઈએ. અશ્વ વગેરે પ્રાણીઓ થાક્યાં હોય તેમનો થાક ઉતારવા, દાણો-પાણી ખવડાવવા પણ વિશ્રાન્તિ કરવી જરૂરી છે.

બીજી તરફ શ્રીકૃષ્ણ હસ્તિનાપુર આવી રહ્યા છે તેવું જાણીને નગરવાસીઓમાં આનંદ છવાઈ ગયો છે. ખુદ ધૃતરાષ્ટ્ર અને કૌરવો તેમના સ્વાગત માટે અધીરા થયા છે. ધૃતરાષ્ટ્ર અને કૌરવો છેક ભાગોળથી પણ આગળ વધીને તેમનું સ્વાગત કરવા પહોંચી ગયા. કોઈ મહાન વિભૂતિ આવતી હોય અને જે વ્યક્તિ પોતાના ઘરમાં બેસી રહે કે આસન ઉપર બેસી રહે. ઊઠીને સામો ના જાય તે અભિમાની અને અવિવેકી જ હોય. સૌ મળ્યા. આનંદ થયો. ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણનો ઉતારો દુ:શાસનના મહેલમાં રાખવાની યોજના બનાવી હતી. અતિથિને ભૌતિક સગવડોવાળા આવાસમાં ઉતારવો જોઈએ. પણ સાથે સાથે વૈચારિક કે સ્વભાવગત અનુકૂળતાનો પણ વિચાર કરવો જોઈએ. જે સ્વભાવથી જ વિરોધી હોય તેના ત્યાં ઉતારો ના હોય. તેના કરતાં વૃક્ષ નીચે રહેવું સારું. સ્વમાની માણસ ભૌતિક સગવડો સહન કરી શકે પણ વૈચારિક કે સ્વભાવભેદ ના સહન કરી શકે. ધૃતરાષ્ટ્રના પ્રસ્તાવને શ્રીકૃષ્ણે અમાન્ય કરી દીધો. ઉતારા બાબત રાજદૂતે સુરક્ષાનો પણ વિચાર કરવો જોઈએ.

શ્રીકૃષ્ણે વિદુરજીના ત્યાં ઊતરવાનું નક્કી કર્યું. કશી પૂર્વતૈયારી ના હોવા છતાં સામે ચાલીને વિદુરજીના ત્યાં પહોંચી ગયા. શ્રીકૃષ્ણને આવ્યા જાણીને વિદુરાણી તો ગાંડી ગાંડી થઈ ગઈ છે. જેના ઘરે ઊતરવાનું હોય તેની ઘરવાળીનું વલણ પણ જાણી લેવું હિતાવહ હોય છે. જો ઘરવાળી પ્રતિકૂળ હોય, ભલેને ઘરવાળો ભક્ત હોય તોપણ તેના ત્યાં ઊતરવું નહિ. માણસ ભૌતિક અગવડો વેઠી શકે પણ ઉપેક્ષા ના વેઠી શકે, જો ઘરવાળીને તમારી કશી પડી જ ના હોય. તે સતત ઉપેક્ષા કરતી હોય તો તેવા ઘરમાં સુખ-શાન્તિ ના મળે. કદાચ તમારી ઉપેક્ષા કરવાના કારણે પતિ-પત્નીમાં કલહ પણ થઈ શકે. તમે તો બે દિવસ રહીને ચાલતા થાવ પણ કલહ મૂકતા જાવ તો તેમનું દામ્પત્ય બગડે. એટલે માત્ર ઘરવાળાનો જ ભાવ નહિ જોવાનો. ઘરવાળીનો પણ ભાવ જોવાનો. માણસનું માણસ પ્રત્યેનું સર્વોચ્ચ સુખ લાગણીનું હોય છે. લાગણી જ જીવન છે. લાગણીહીનતાવાળો મોક્ષ મેળવવા કરતાં લાગણીભર્યું નરક સારું. જે ધર્મ કે અધ્યાત્મમાં લાગણીને સ્થાન જ ના હોય તેને ચૂલામાં નાખી દેવો જોઈએ.

વિદુરાણીના ભાવથી ભગવાન શ્રીકૃષ્ણ આપ્લાવિત થઈ રહ્યા છે. આથી વધારે બીજું કોઈ સુખ નથી.

ઘણાને નવાઈ લાગશે પણ આ તેર વર્ષ સુધી માતા કુંતી ધૃતરાષ્ટ્રના ભવનમાં ગાંધારી સાથે રહેતાં હતાં. દ્રૌપદીની લાજ લૂંટનારા અને પાંડવોને વન મોકલનારા કૌરવો સાથે તેમને કેમ ફાવ્યું. એ પ્રશ્ન જ કહેવાય. કેટલાંક પરિવારોમાં કલહનું ક્ષેત્ર પુરુષ વર્ગ સુધી જ સીમિત રહેતું હોય છે. સ્ત્રીવર્ગ સાથે નહિ. કદાચ આવું કારણ પણ હોય.

શ્રીકૃષ્ણ કુંતીજીને મળ્યા. પાંડવોની વાતો તથા સમાચાર આપ્યા. કુન્તીએ પણ બધાના વિગતવાર સમાચાર જાણ્યા. કુન્તીને મળીને શ્રીકૃષ્ણ દુર્યોધનના મહેલે ગયા. તેનો આગ્રહ હોવા

છતાં ને સમય થયો હોવાથી ભોજન કરવા વિદુરજીના ત્યાં ચાલ્યા ગયા. વ્યક્તિએ ભાવતાં ભોજન કરતાં ભાવભર્યાં ભોજનને મહત્ત્વ આપવું જોઈએ.

શ્રીકૃષ્ણ વિદુરજીના ત્યાં ભાવતાં અને ભાવભર્યાં એમ બન્ને પ્રકારનાં ભોજન જમ્યા. પછી તો વાતે ચઢ્યા. વિદુરજીએ કૌરવોની દાનત વિશે જણાવ્યું. તેમની દાનત સારી નથી. મંત્રણાનું કશું પરિણામ આવવાનું નથી. કૌરવો સંધિ કરવા માગતા જ નથી. યુદ્ધ જ ઇચ્છે છે. એટલે સંધિ કરવા સભામાં ના જાવ તો સારું એવું વિદુરજીએ કહ્યું પણ શ્રીકૃષ્ણ કૌરવસભામાં જવા મક્કમ રહ્યા.

શ્રીકૃષ્ણે કૌરવસભામાં પ્રવેશ કર્યો ત્યારે સૌએ સ્વાગત કર્યું. યોગ્ય આસન ઉપર બેઠા પછી યુદ્ધ નહિ કરવા અને પાંડવોને તેમનું રાજ્ય પાછું સોંપી દેવા જોરદાર પ્રભાવશાળી પ્રવચન કર્યું. શ્રીકૃષ્ણના પ્રવચનથી સૌ પ્રસન્ન થયા. સૌએ તાળીઓના ગડગડાટથી પ્રવચનને વધાવી લીધું. રાજનેતા સારો વક્તા પણ હોવો જોઈએ.

શ્રીકૃષ્ણના પ્રવચનથી પ્રભાવિત ધૃતરાષ્ટ્રે શ્રીકૃષ્ણને કહ્યું કે “આ જ વાતો તમે દુર્યોધનને સમજાવો, તે મારું માનતો નથી” વૃદ્ધાવસ્થામાં સૌથી મોટું સુખ પિતાને આજ્ઞાપાલક પુત્રોનું હોય છે. અને સૌથી મોટું દુ:ખ આજ્ઞાનું ઉથાપન કરનારનું હોય છે. હવે ધૃતરાષ્ટ્રનું કશું જ ચાલતું નથી. ધૃતરાષ્ટ્રના કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણે દુર્યોધનને યુદ્ધ નહિ કરવા બહુ સમજાવ્યો.

શ્રીકૃષ્ણના સમર્થનમાં ભીષ્મ, દ્રોણ, વિદુર અને સ્વયં ધૃતરાષ્ટ્રે પણ દુર્યોધનને યુદ્ધ નહિ કરવા તથા પાંડવોનું રાજ્ય પાછું આપી દેવા સમજાવ્યો. પણ દુર્યોધન જરા પણ ઢીલો ના થયો. તે મક્કમ જ રહ્યો. એટલું જ નહિ તેણે સભાનો બહિષ્કાર કરીને ચાલવા માંડ્યું. ધૃતરાષ્ટ્રે સભામાં ગાંધારીને બોલાવી અને તેણે દુર્યોધનને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ દુર્યોધન માન્યો નહિ.

મંત્રણા નિષ્ફળ થવાથી શ્રીકૃષ્ણ ઊઠીને ચાલવા લાગ્યા. ત્યારે દુર્યોધને તેમને પકડી લેવા સેવકોને આજ્ઞા કરી. પણ શ્રીકૃષ્ણે પોતાનું પ્રતાપી વિશ્વરૂપ બતાવ્યું તેથી કોઈ નજીક જઈ શક્યું નહિ. શ્રીકૃષ્ણે બહાર ઊભેલા પોતાના રથ ઉપર બેસીને રથ હંકારી મૂક્યો. શ્રીકૃષ્ણ પાછા ઉપપ્લવ નગર આવી ગયા. જ્યાં યુધિષ્ઠિર તેમની રાહ જોતા હતા.

22-7-10

*

77. શ્રીકૃષ્ણની ભેદનીતિ

રાજનીતિ યુદ્ધના સમયે કૂટનીતિ થઈ જતી હોય છે. કૂટનીતિમાં સામ-દામ-દંડ અને ભેદ એમ ચારે ઉપાયોનો સહારો લેવાય છે. જેને કૂટનીતિ આવડે તે જ યુદ્ધ જીતી શકે. શ્રીકૃષ્ણને કૂટનીતિનાં ચારે ઘટકો આવડે છે. તેમણે વિચાર્યું કે શત્રુપક્ષમાં ભેદ નાખવો જોઈએ. સૌથી મોટું બળ ફૂટ છે. શત્રુપક્ષ ગમે તેવો બળવાન હોય પણ જો તેને ફોડી શકાય તો તે દૂર્બળ થઈને હારી જતો હોય છે. અંગ્રેજોએ આ કૂટનીતિના પ્રભાવે ઘણાં યુદ્ધોમાં વિજય મેળવ્યો હતો.

પ્રત્યેક પક્ષમાં થોડાક તો ઢીલા-પોચા માણસો હોય જ છે. ઢીલા-પોચા એટલે વફાદારીમાં ઢીલા. બધા સોએ સો ટકા પૂરેપૂરા વફાદાર નથી હોતા. ખાસ કરીને જે ધન કે બીજી લાલચથી પક્ષમાં ભળ્યા હોય છે તે બહુ મક્કમ નથી હોતા. જે લોકોની પોતાની સાથે પક્ષપાત કે અન્યાય થયાનો અનુભવ થયો હોય, જેમની અપેક્ષાઓ પૂરી ના થઈ હોય. જે વધુ પડતા લાલચુ હોય. આવા લોકોને ફોડી શકાય છે. પૂરી વફાદારી ગમે તેવાં કારણો હોય તોપણ પલટાતી નથી. તે એટલે સુધી કે કદાચ કોઈ કારણસર સાચા કે ખોટા ક્રોધથી માલિક કાઢી મૂકે તોપણ વફાદારી મંદ પડતી નથી. મક્કમતા એટલે મક્કમતા. આવા લોકોનો જ પાછળથી જય જયકાર થતો હોય છે.

શ્રીકૃષ્ણે કૌરવપક્ષ ઉપર નજર દોડાવી. કર્ણ ઉપર અટકી. કર્ણને જો આપણા પક્ષમાં લઈ લેવાય તો કૌરવો પાંખ વિનાના પક્ષી જેવા થઈ જાય, શ્રીકૃષ્ણે કર્ણને પાંડવોના પક્ષમાં આવી જવા બહુ સમજાવ્યો. પણ કર્ણ ડગ્યો નહિ. કેટલાક લોકો સ્ટીલમાંથી બનેલા હોય છે. તો કેટલાક મીણમાંથી બનેલા હોય છે. જેમ મીણનાં પૂતળાં બહુ સરસ લાગે. પણ જરાક ગરમી લાગતાં તે પીગળવા લાગે. તે ગરમી સહન ના કરી શકે. આવી જ રીતે જે મીણના માણસો હોય છે તે તાપ સહન કરી શકતા નથી, લોભ-લાલચ પણ સહન કરી શકતા નથી. કદી પણ આવા મીણિયા માણસોને રાષ્ટ્રની મહત્ત્વની ખુરશી ઉપર બેસાડવા ના જોઈએ. મીણિયા માણસોની મૈત્રી ના કરાય. મીણિયા માણસો વારંવાર ધર્મ બદલે. તે પલટીખોર હોય છે. તેમનો ભરોસો ના થાય.

વ્યક્તિની ઉચ્ચ ખાનદાની તેના જન્મથી નહિ પણ ઉપકાર કરનાર માણસોના અહેસાન ભાવથી અંકાતી હોય છે. દુર્યોધને ભરી સભામાં દ્રૌપદીના અપમાન પછી કર્ણને અંગદેશનો રાજા બનાવ્યો હતો જે કર્ણ કદી ભૂલતો નથી. કર્ણ પક્ષપલટો કરીને દગાબાજ ના થઈ શકે. કર્ણ જાણે છે કે પાંડવોનો વિજય નક્કી છે અને કૌરવોનો પરાજય પણ નક્કી છે. પણ તેથી કાંઈ પક્ષ ના બદલાય. પરાજયમાં પણ જે સાથ ના છોડે તે જ સાચો મિત્ર. કેટલાય લોકો તમારી ચઢતીમાં સાથે થઈ જાય. રોકો તોપણ ના રોકાય પણ જરાક પડતી શરૂ થાય તો દૂર ભાગવા લાગે. બીજા કેટલાક વલણપારખું હોય છે. તમારી પાછળ સારી વાતો બોલનારા સાથે સારું બોલે, પણ ખરાબ બોલનારા સાથે ખરાબ બોલવા લાગે. લોક વલણ પ્રમાણે જ અભિપ્રાયો આપતા હોય છે.

કર્ણ બધી રીતે સાચો મિત્ર છે. જે રીતે મૂલવો તે બધી રીતે તે પૂરેપૂરો મિત્ર છે. તેને ખબર છે કે આ યુદ્ધમાં પાંડવો જીતવાના છે અને કૌરવોનું નિકંદન નીકળી જવાનું છે. તોપણ તે કૌરવોના જ પક્ષમાં રહ્યો. જરાય ડગ્યો નહિ.

બધા પ્રયત્નો નિષ્ફળ ગયા પછી શ્રીકૃષ્ણે, વિદુરના દ્વારા કુન્તીને કર્ણ પાસે મોકલી. કુન્તીએ પહેલી વાર કર્ણની પાસે રહસ્યોદ્ઘાટન કર્યું કે “તું મારો પુત્ર છે.” કુંવારી અવસ્થામાં જન્મેલા તને કેવી રીતે જળપ્રવાહમાં વહાવી દીધો હતો તે બધી વાત કરી, પછી સૂત સારથિના હાથમાં આવીને રાધાના ખોળામાં ઊછરીને મોટો થયો તે બધી વાત કરી. પુત્ર આગળ કુંતી પ્રગટ થઈ ગઈ તેના મૂળ રૂપમાં. વ્યક્તિને મૂળરૂપમાં જોવી અને સ્વીકારવી બહુ કઠિન અને જટિલ કામ હોય છે. સામાજિક પ્રતિષ્ઠા અને અપ્રતિષ્ઠા વ્યક્તિને ચહેરા ઉપર ચહેરો લગાવવા બાધ્ય કરે છે. કુન્તીએ કર્ણને પાંડવોના પક્ષે આવી જવા બહુ સમજાવ્યો, પણ કર્ણ ના માન્યો. આ વખતે તેણે પોતાની પાલક માતા રાધાની જે વાત કરી છે તે સૌએ યાદ રાખવા જેવી છે, ‘તમે મને જન્મતાં જ પાણીમાં ફેંકી દીધો હતો, પણ રાધાએ મારાં બાળોતિયાં ધોઈ ધોઈને મને કેટલાંય કષ્ટ સહીને મોટો કર્યો. મારા માટે તો સાચી માતા રાધા જ છે. તું નહિ. તેમ છતાં કર્ણના આંગણેથી કોઈ ખાલી હાથ નથી જતું. હું તને વચન આપું છું કે અર્જુન સિવાય બીજા ચાર ઉપર હું હાથ નહિ ઉપાડું. જો અર્જુન મરી જશે તોપણ તારે પાંચ પુત્રો રહેશે. અને કદાચ હું મરી જઈશ તોપણ તારે પાંચ જ પુત્રો રહેશે. પાંચમાં કશો ફરક પડશે નહિ.

શ્રીકૃષ્ણના ફૂટ પાડવાના પ્રયત્નો નિષ્ફળ ગયા.

22-7-10

*

78. યુદ્ધની તૈયારી

બધા શાન્તિપ્રયત્નો નિષ્ફળ થઈ જાય પછી યુદ્ધ જ અંતિમ પ્રયત્ન બાકી રહેતો હોય છે. શાન્તિપ્રયત્નો પણ તેના જ સફળ થતા હોય છે જે શક્તિશાળી હોય છે. શક્તિના અસ્તિત્વ માત્રથી તેનાં પરિણામ મળતાં હોય છે. શક્તિનું અસ્તિત્વ જ ના હોય તો શાન્તિમંત્રણા પણ ના હોય તો ભીખમંત્રણા હોય. જેના હાથમાં પિસ્તોલ હોય તેને જોઈને જ સામો પક્ષ ઢીલો થઈ જાય. ભલે પિસ્તોલ વાપરવી ના પડે. તેની હાજરી જ પર્યાપ્ત થઈ જાય. આવી રીતે જે રાષ્ટ્ર પાસે પ્રચંડ સૈન્યશક્તિ હોય તે જ શાન્તિમંત્રણા કરી શકે. શક્તિહીનો ના કરી શકે. સેના કામમાં આવે કે ના આવે. તેની હાજરી જરૂરી હોય છે.

પાંડવોની પાસે સાત અક્ષૌહિણી સેના છે અને કૌરવોની પાસે અગિયાર અક્ષૌહિણી સેના છે, કૌરવોનું પલડું ભારે લાગે છે. યુદ્ધ કરતાં પહેલાં સેનાનું વિભાજન જરૂરી હોય છે. ત્યારે સેનાને ચતુરંગિણી કહેવાતી, અર્થાત્ (1) ગજસેના, (૨) રથસેના, (3) અશ્વસેના અને (4) પેદલસેના. અત્યારે સ્થલસેના, જળસેના અને વાયુસેનાના ત્રણ મુખ્ય વિભાગ છે. મહાભારત યુદ્ધમાં જળ અને નભ સેનાનો ઉલ્લેખ નથી. તે વપરાઈ નથી. માત્ર સ્થલસેના જ વપરાઈ છે.

સર્વપ્રથમ તો એક સર્વોચ્ચ સેનાપતિ હોવો જોઈએ જે પૂરી સેના ઉપર નિયંત્રણ કરતો હોય પછી ક્રમેક્રમે અધિકારીઓ નાના થતા વિભાગોને સંભાળતા હોય. જેમકે થોડાક સૈનિકોની ટુકડીનો એક નાયક હોય. આવી થોડીક ટુકડીઓ ભેગી કરો તો એક કેપ્ટન હોય, પછી કર્નલ હોય, પછી મેજર જનરલ હોય, પછી લેફ. જનરલ હોય અને છેવટે સર્વોચ્ચ સેનાપતિ યાને સરસેનાપતિ હોય. સેનાપતિ પોતે હવે લડતો નથી. તે સૈન્યસંચાલન કરે છે. વ્યૂહ બનાવવો અને સૈન્યસંચાલન કરવું એ જ વિજય-પરાજયમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

પાંડવોએ સાત અક્ષોહિણીના સાત સેનાપતિઓ નક્કી કરી લીધા. તેમનાં નામ આ પ્રમાણે છે. (1) દ્રુપદ, (૨) વિરાટ, (3) ધૃષ્ટદ્યુમ્ન, (4) શિખંડી, (૫) સાત્યકી, (6) ચેકિતાન અને (7) ભીમસેન. ખરેખર તો સેનાપતિ જ યુદ્ધ કરતો હોય છે.

પાંડવસેના કુરુક્ષેત્રમાં પહોંચી ગઈ અને તંબુઓ લગાવવા લાગી, યુદ્ધના ક્ષેત્રમાં પોતાના શિબિર માટે યોગ્ય ભૂમિની પસંદગી કરવી એ સેનાપતિની પ્રથમ કુશળતા કહેવાય. જે ઊંચા ટેકરા ઉપર હોય, જ્યાં જળની અનુકૂળતા હોય, જ્યાં રસદની અનુકૂળતા હોય એવી જગ્યા પસંદ કરાય તો યુદ્ધ સરળ થાય.

કૌરવોએ પણ પોતાની સેના કુરુક્ષેત્રમાં દાખલ કરી દીધી. તેમની પાસે પાંડવો કરતાં દોઢી કરતાં પણ વધારે સેના છે. તેમણે પણ સેનાપતિઓ નક્કી કર્યા, અને શિબિરો લગાવી દીધાં, સેનાની તૈયારીમાં વપરાયેલી વસ્તુઓનું લાંબું લિસ્ટ નવાઈ ઉપજાવે તેવું છે. કેટલી બધી વસ્તુઓનું કામ પડતું હશે!

એ વખતે સેનાની રચના આ રીતે થતી. એક રથની પાછળ દસ હાથી, એક-એક હાથીની પાછળ દશ દશ ઘોડા, એક એક ઘોડા પાછળ દશ-દશ પેદલ સૈનિક, આ એક યુનિટ થયું. આવાં અનેક યુનિટ મળીને એક પૃતના થાય, દસ પૃતના મળીને એક વાહિની થાય. જો અનુશાસન અને વ્યવસ્થા ના હોય તો ટોળું થઈ જાય. ટોળામાં શક્તિ ના હોય, સ્વચ્છંદતા હોય, કૌરવપક્ષે ભીષ્મને સેનાપતિ બનાવ્યા. પાંડવોએ સરસેનાપતિ પદ ઉપર ધૃષ્ટદ્યુમ્નની

નિયુક્તિ કરી દીધી. અને અર્જુનને સર્વોચ્ચ સેનાપતિ બનાવી દેવાયો.

આ વખતે બલરામ આવ્યા. પણ સૌનાં દર્શન કરીને યાત્રાએ જવા ચાલી નીકળ્યા. આવી જ રીતે રુક્મી પણ આવ્યો પણ તે પણ કોઈ જગ્યાએ ગોઠવાઈ ન શકવાથી પાછો ચાલ્યો ગયો. પહેલાં તે એક અક્ષોહિણી સેના સાથે પાંડવો પાસે આવ્યો પણ પાંડવોએ તેનો સ્વીકાર ના કર્યો એટલે કૌરવો પાસે ગયો. ત્યાં પણ તેનો સ્વીકાર ના થયો એટલે પાછો ચાલ્યો ગયો.

કૌરવોએ ઉલૂક નામના એક રાજદૂતને પાંડવોને યુદ્ધનો સંદેશો આપવા મોકલ્યો. જેનો પાંડવોએ મક્કમતાથી જવાબ આપ્યો. ગરમ યુદ્ધ થતાં પહેલાં શીતયુદ્ધ થતું હોય છે. અર્થાત્ બન્ને પક્ષો વાક્યુદ્ધ કરતા રહે છે. અહંકાર અને ધમકીભર્યા સ્ટેટમેન્ટની આપ લે કરવાને શીતયુદ્ધ કહેવાય છે. કૌરવ-પાંડવોમાં આવું શીતયુદ્ધ ખૂબ ચાલ્યું.

બન્ને પક્ષે પોત-પોતાના રથી-અતિરથી મહારથીઓના પરિચય નક્કી કર્યા. બન્ને પક્ષની સેનાએ પોતપોતાના મોરચા સંભાળી લીધા.

અહીં ભીષ્મે એક પ્રતિજ્ઞા કરી કે "હું પાંડવોનો વધ નહિ કરું, તથા શિખંડીનો વધ પણ નહિ કરું."

શિખંડીનો વધ નહિ કરવાનું કારણ જાણવા મહાભારતની જૂની વાત ઉપર ભીષ્મ ચાલ્યા ગયા. પોતાના ભાઈ ચિત્રાંગદના મૃત્યુ પછી બીજા ભાઈ વિચિત્રવીર્યને ગાદીએ સ્થાપિત કરી. તેમને પરણાવવા માટે ભીષ્મ કાશીનરેશની ત્રણ કન્યાઓનું અપહરણ કરી લાવ્યા હતા. પણ મોટી કન્યા અંબા મનથી શાલ્વને વરી ચૂકી હોવાથી તેને શાલ્વના ત્યાં મૂકી દીધી હતી. પણ શાલ્વે અંબાનો સ્વીકાર ન કર્યો. તેને પાછી ભીષ્મને ત્યાં મોકલી દીધી. ભીષ્મે પણ અંબાનો સ્વીકાર ના કર્યો. તેથી આ કન્યા વચ્ચે જ લટકી ગઈ. પ્રેમીના દ્વારા કે વરના દ્વારા ઠુકરાયેલી સ્ત્રીની ભારે દુર્દશા થતી હોય છે. તેનો સ્વીકાર કરવા કોઈ તૈયાર થતું નથી, તે તરછોડાયેલી મૂલ્યહીન થઈ વ્યથાપૂર્ણ જીવન જીવતી હોય છે. પોતાની આવી દુર્દશા કરનાર ભીષ્મ જ છે તેવું માનીને તેણે ભીષ્મ પ્રત્યે ઘોર ઘૃણા કરી લીધી. પ્રેમ અને ઘૃણા એક સિક્કાની બે બાજુઓ છે. પ્રેમમાં ગદ્દારી થાય તો તેમાંથી ઘૃણા થાય. ભયંકર ઘૃણા. બન્ને તરફથી તિરસ્કૃત થયેલી અંબા ઋષિઓના આશ્રમમાં જઈને રાત રહી.

ત્યક્ત કે પોતાની મેળે પિતૃગૃહ, પતિગૃહ છોડીને ભાગેલી સ્ત્રી માટે રાત રહેવાની કોઈ જગ્યા સમાજે જરૂર બનાવવી જોઈએ. સ્ત્રીઓ, તેમાં પણ ખાસ કરીને મુગ્ધાવસ્થાની સ્ત્રીઓ લાગણીપ્રધાન હોય છે, ઘણી વાર તીવ્ર લાગણીઓમાં તે ન કરવાનું પણ કરી બેસતી હોય છે. આવા સમયે તેનો ઊભરો બેસે ત્યાં સુધી તેને આશ્રય આપનારું કોઈ સ્થાન જરૂર હોવું જોઈએ. જો આવું સ્થાન ના હોય તો તે આત્મહત્યા કરી શકે છે અથવા લુચ્ચા-લફંગાઓના હાથમાં પડીને બરબાદ થઈ શકે છે. રાજકુમારી અંબાને ના તો ભીષ્મે સ્વીકારી ના શાલ્વરાજાએ સ્વીકારી. હવે જવું ક્યાં? નજીકમાં જ મહાત્માઓના આશ્રમો હતા. ત્યાં જઈને તેણે રાત વિતાવી. એકાકી નિરાધાર સ્ત્રીને સૌથી કઠિન કામ રાત વિતાવવાનું થઈ જાય છે. આશ્રમો આશરો આપવા માટે હોય છે. નિરાધાર સ્ત્રીને આશરો આપવો આશ્રમો માટે બહુ કઠિન કામ થઈ જતું હોય છે. સ્ત્રીત્યાગી વાતાવરણમાં કોઈ સ્ત્રીને કોઈ મહાત્મા આશરો આપે તો લોકો જાત-જાતની વાતો કરવા લાગે છે. કાગડિયા લોકોને જ કાંઈક કાળું દેખાવા લાગે છે. તે બધાનું કામ રજનું ગજ કરવાનું તથા વાતો ઉડાડવાનું હોય છે. સજ્જનો સૌથી વધુ પ્રતિષ્ઠાથી ડરતા હોય છે. આ તેમની કાયરતા સાબિત થાય છે. બહુ ઊંચી આબરૂવાળા હિમ્મત વિનાના હોય

છે. તે કશું કરી શકતા નથી. લોકભય તેમને સતાવતો રહે છે.

શૈખાવત્ય નામના એક તપસ્વીએ હિમ્મત કરીને અંબાને આશરો આપ્યો. અંબા રાત રહી. તેને થયું કે સંસારમાં કશો સાર નથી. કોઈ કોઈનું નથી. હવે હું આ મહાત્માઓ સાથે રહીને દીક્ષા ગ્રહણ કરી આવું જ જીવન જીવું. સવારે તેણે સૌ મહાત્માઓની આગળ પોતાની ઇચ્છા પ્રગટ કરી. કોઈ કહે કે ના ના તું પિતાના ઘરે ચાલી જા, કોઈ કહે કે અમે શાલ્વ ઉપર દબાણ લાવીને અંબાનો સ્વીકાર કરાવીએ. કોઈ કહે કે ના ના આ તો ભીષ્મનું જ કામ છે. તેને જ પરણાવી દઈએ. પણ આને દીક્ષા તો ના જ અપાય. સૌના જુદા-જુદા મત થવા લાગ્યા.

અંબાનું કહેવું હતું કે “હવે મારાથી પાછા કાશી તો ના જ જવાય, ત્યાં મારું માન નહિ રહે. આવી ગડમથલ ચાલતી હતી ત્યાં ઋષિ હોત્રવાહન આવી પહોંચ્યા. ઋષિ કન્યાના દાદા પણ થતા હતા. તેમણે કન્યાને પરશુરામજી પાસે જવાની સલાહ આપી. દુઃખની વાત તો જુઓ કે આબરૂદાર માણસો કન્યાને સંઘરવા તૈયાર ન હતા અને લુચ્ચા માણસો કન્યાને છોડવા તૈયાર ન હતા. કન્યા ક્યાં જાય?

અંતે અકૃતવર્ણ નામના પરશુરામજીના શિષ્ય આવ્યા. તે અંબાને પરશુરામજી પાસે લઈ ગયા. પરશુરામે અંબાને ઇચ્છા પૂછી કે હવે તારે શું કરવું છે? અંબાએ કહ્યું કે “જેણે મારું જીવન બરબાદ કરી નાખ્યું છે એ ભીષ્મ સાથે બદલો લેવો છે. મારે ભીષ્મનો વધ કરવો છે.”

પરશુરામજી અંબાને લઈને કુરુક્ષેત્રમાં ભીષ્મની પાસે આવ્યા અને તેને ગ્રહણ કરવા સમજાવવા લાગ્યા. ભીષ્મ પરશુરામજીના શિષ્ય છે. ધનુર્વિધા તેમણે પરશુરામજીની પાસેથી ગ્રહણ કરી હતી. ભીષ્મ સમજાવવા છતાં પણ ના સમજ્યા. તેમણે કન્યાનું ગ્રહણ ના કર્યું. અંતે બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. રખડી ગયેલી કન્યાને કોઈ સ્વીકારતું નથી તેના કારણે યુદ્ધો થતાં હોય છે. એટલે કન્યાએ એક જ જગ્યાએ સ્થિર થવું. વિકલ્પો ન કરવા.

ભીષ્મ અને પરશુરામ ઘણો સમય લડતા રહ્યા. આપણે સૌથી વધુ સ્ત્રીઓ માટે લડ્યા છીએ. અંતે ગંગાજી તથા નારદજી વગેરે દેવતાઓ વચ્ચે પડ્યા અને યુદ્ધ સમાપ્ત કરાવ્યું.

યુદ્ધ પછી પણ અંબાનું તો ઠેકાણું ના પડ્યું. અંતે હારીને થાકીને તે તપસ્યા કરવા બેસી ગઈ. સાંસારિક જીવનમાં નિષ્ફળતા મળ્યા પછી પણ જો વ્યક્તિ તપસ્યામાં લાગે તો એનું કલ્યાણ થાય. અંબાનો નવો જન્મ વાસ્યદેશમાં થયો. હજી ભીષ્મ પ્રત્યેનો વૈરાગ્નિ ધગધગી રહ્યો હતો. તેને પોતાની સ્ત્રી જાત પ્રત્યે જ ગ્લાનિ થઈ ગઈ. હું સ્ત્રી હતી એટલે મારે આ બધું ભોગવવું પડ્યું. મારે હવે સ્ત્રી નથી થવું. પુરુષ થઈને ભીષ્મથી બદલો લઈશ. તેણે ફરી મહાદેવજીની તપસ્યા કરી અને ભીષ્મનો વધ કરવાનું વરદાન માગ્યું. વરદાન પ્રમાણે તે દ્રુપદરાજાના ત્યાં કન્યારૂપમાં જન્મી પણ પછી પુરુષ થઈ ગઈ. તેનું નામ શિખંડી પાડવામાં આવ્યું. કદાચ તે સમયમાં પણ લંગિ પરિવર્તન થતું હશે. અંબા તેનું ઉદાહરણ કહી શકાય.

પોતે અંબા સાથે અન્યાય કર્યો હતો તેનું ભાન થતાં જ અને તે જ અંબા હવે પાંડવોના પક્ષે શિખંડી નામનો સેનાપતિ છે તેવું જાણવાથી ભીષ્મે પ્રતિજ્ઞા કરી હતી કે હું શિખંડીનો વધ નહિ કરું.

કૌરવ અને પાંડવોની વચ્ચે સેનાઓ કુરુક્ષેત્રમાં આમને સામને વ્યૂહ બનાવીને ઊભી રહી.

*

ભીષ્મપર્વ

79. યુદ્ધનો વિરોધ અને સમાધાન

ખાબોચિયામાં લહેરો નથી હોતી. તળાવમાં લહેરો હોય છે, પણ પ્રવાહ નથી હોતો. નદીમાં પ્રવાહ હોય છે, પણ એકતરફી હોય છે. સમુદ્રમાં લહેરો અને પ્રવાહ બન્ને હોય છે. પ્રવાહ સર્વ તરફ હોય છે. આવું જ સંસારનું છે. સંસારમાં ક્રિયા-પ્રક્રિયાની લહેરો ઊઠ્યા કરતી હોય છે. કેટલીક વાર સમુદ્રની માફક ખળભળાવી મૂકનારી લહેરો ઊઠે છે અને ભલભલાને તાણી જાય એવા પ્રવાહો વહેવા લાગે છે. યુદ્ધનો પણ એક પ્રવાહ છે. નાની-મોટી ઘટનાઓથી લહેરો ભેગી થતી થતી હવે પ્રચંડ પ્રવાહનું રૂપ ધારણ કરી ચૂકી છે. પ્રવાહને કદાચ રોકી તો શકાય પણ પાછો ના વાળી શકાય. આ પ્રવાહ તો હવે એટલી હદે પહોંચ્યો છે કે તે રોકી પણ ના શકાય અને પાછો વાળી પણ ના શકાય. પાણીમાં તણાતું તણખલું પૂછે કે “કર્મ કરવામાં હું સ્વતંત્ર છું કે પરતંત્ર?” તેનો શો જવાબ હોય? લે જોર કરીને બહાર નીકળી જા ને! પ્રચંડ પ્રવાહમાં સૌ કોઈ લાચાર થઈ તણાતા હોય છે.

શ્રીકૃષ્ણે યુદ્ધને રોકવા માટે બધા પ્રયત્નો કર્યા, પણ ના રોકાયું. યુદ્ધ અનિવાર્ય થઈ ગયું. જે વસ્તુ અનિવાર્ય હોય તેમાં મન મૂકીને પૂરી શક્તિથી લાગી જવું જોઈએ. જે અનિવાર્યમાં પણ ઢીલા-પોચા થઈને લાગતા હોય છે. તે મરતા હોય છે. પહેલા ઠંડા રહો, ખૂબ ઠંડા રહો, પણ પછી ગરમ થયા પછી ઠંડા ના થાવ. પછી તો આ પાર કે પેલે પાર લાગી જાય.

આપણે મહાભારતના મધ્યમાં ભીષ્મપર્વમાં પહોંચી ગયા છીએ. આ પર્વ સર્વાધિક મહત્ત્વનું છે. આ પર્વથી યુદ્ધ શરૂ થાય છે. આ પર્વમાં જ વિશ્વપ્રસિદ્ધ ભગવદ્ગીતાનો બોધ અપાયો છે. આ પર્વ યુદ્ધ અને જ્ઞાન બન્નેનો ભંડાર છે. આ મહાભારતનું હૃદય અને મસ્તિષ્ક બન્ને છે.

યુદ્ધના પણ લિખિત-અલિખિત નિયમો હોય છે. નિયમોનું પાલન નૈતિકતા કહેવાય છે અને તેનો ભંગ કરવો એ અનૈતિક કહેવાય છે. સર્વ પ્રથમ કૌરવ-પાંડવોએ નિયમ નક્કી કર્યા. જરા નિયમો જોવા જેવા છે.

1. સંધ્યાસમયે યુદ્ધ બંધ થઈ જશે તે પછી કોઈ એકબીજા ઉપર હુમલો નહિ કરે. સૌ પરસ્પરમાં પ્રેમનો વર્તાવ કરશે.

2. જે યોદ્ધા સેનામાંથી બહાર નીકળી જાય એનો વધ નહિ કરાય.
રથ-રથ સાથે ગજ-ગજ સાથે, અશ્વ-અશ્વ સાથે અને પૈદલ-પૈદલ સાથે યુદ્ધ કરશે.

3. યોદ્ધાને સાવધાન કરીને જ પ્રહાર કરી શકાય. ગફલતમાં નહિ.

4. જે શરણમાં આવે, જે ભાગી જાય, જેનાં શસ્ત્રો છૂટી જાય એવા યોદ્ધાઓનો વધ ના થાય.

૫. ઘોડાની સેવા કરનારા, વજન ઉપાડનારા, શસ્ત્રસામગ્રી પહોંચાડનારા, તથા ભેરી-શંખ વગેરે વગાડનારા ઉપર પ્રહાર ના કરાય. ઘાયલો ઉપર પણ પ્રહાર ના કરાય. આવાબધા અનેક માનવતાવાદી નિયમો બનાવ્યા.

યુદ્ધ કુરુક્ષેત્રમાં થવાનું છે. ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરમાં છે, તેને તીવ્ર ઉત્કંઠા છે. શું થયું - શું થયું? માણસોને સૌથી વધુ આકર્ષણ ઝઘડાના સમાચાર જાણવાનું હોય છે. તેમાં પણ જ્યારે પોતાના જ સ્વજનો બાખડી રહ્યા હોય ત્યારે તો આવી ઉત્કંઠા અનેકગણી વધી જતી હોય છે. ભારત-

પાકિસ્તાનના યુદ્ધ વખતે લોકો રેડિયો ઉપર કાન લગાવીને આખો દિવસ બેસી રહે તો આવા યુદ્ધ વખતે બન્ને પક્ષોને જ સરખા માનવાનો ઉપદેશ ના અપાય. કદાચ કોઈ આપે તો તે અપ્રસ્તુત કહેવાય. ક્રિકેટ જેવી રમતમાં પણ હાર-જીતનો પ્રભાવ પડતો હોય છે. તો પછી યુદ્ધ જેવી ગંભીર ઘટનાના પ્રભાવથી મુક્ત રહેવાય નહિ. સ્વદેશ પ્રત્યે રાગ હોવો જ જોઈએ. અને શત્રુ પ્રત્યે દ્વેષ હોવો જ જોઈએ. આ કલ્યાણકારી છે. જો આવા સમયે પણ કોઈ વીતરાગ થઈ જાય તો તે રાષ્ટ્રદ્રોહ જ કહેવાય.

ધૃતરાષ્ટ્રનું હૃદય ધડક-ધડક થઈ રહ્યું છે. "શું થયું હશે?" સમાચાર જાણવાની તીવ્રતા છે. તેવામાં ત્યાં વેદવ્યાસજી આવી ગયા. તેમણે ધૃતરાષ્ટ્રને કહ્યું કે જો તમારી ઇચ્છા હોય તો હું તમને દિવ્યદૃષ્ટિ આપું જેથી અહીં બેઠા બેઠા યુદ્ધનું નિરીક્ષણ કરી શકો. પણ ધૃતરાષ્ટ્રે ઘસીને ના પાડી. "હું મારા વંશજોનો વિનાશ જોવા નથી માગતો." તેને ખબર પડી ગઈ હતી કે અમારો જ વિનાશ થવાનો. આપણે માનીએ કે ના માનીએ કેટલીક બાબતોનો અણસાર આગળથી આવી જતો હોય છે. ધૃતરાષ્ટ્રના પક્ષે પાંડવો કરતા દોઢી સેના છે. સૌથી મોટો લાભ તો તેમને સત્તા ઉપર હોવાનો છે તેમ છતાં ધૃતરાષ્ટ્રને શંકા થઈ રહી છે. જાણે વિનાશના ભણકારા વાગી રહ્યા છે. અન્યાય અને અત્યાચારીનો પક્ષ ગમે તેટલો બળવાન હોય તોપણ તેને ફફડાટ તો રહેતો જ હોય છે.

ધૃતરાષ્ટ્રે વ્યાસજીનો પ્રસ્તાવ અમાન્ય કરી દીધો કે અહીં હસ્તિનાપુરમાં બેઠાં બેઠાં તે બધું યુદ્ધ જોયા કરે. તેણે કહ્યું કે, "હું મારી આંખે મારા કુળનો વિનાશ જોવા નથી માગતો."

વ્યાસજી પાછા ફરી રહ્યા હતા ત્યાં સંજય મળી ગયો. વ્યાસજીએ દૂરદર્શનની સિદ્ધિ સંજયને આપી દીધી. હવે સંજયને દૂર-દૂરનું દેખાવા લાગ્યું. પછી તો ધૃતરાષ્ટ્રે સંજય પાસેથી પૃથ્વી ઉપરના બધા દ્વિપો-ભૂમિઓ, પર્વતો, સમુદ્રો વગેરેનું વર્ણન સાંભળ્યું. આંધળા વ્યક્તિને જોવાની, બહેરાને સાંભળવાની અને કામભોગમાં અક્ષમ વ્યક્તિને કામભોગની વધુ જિજ્ઞાસા રહે છે. શક્તિથી જ સંતોષ થતો હોય છે. શક્તિહીનતાથી ક્રિયાહીનતા તો થઈ શકે. પણ સંતોષ ના થઈ શકે. નિગ્રહવાદી (સદંતર ભોગોને ત્યજી દેનારા) કોઈ આંધળા કે બહેરા માણસને પૂછી જુએ કે તેમની કેવી સ્થિતિ છે?

એમ માનો કે ધૃતરાષ્ટ્રના ઘરમાં સંજય નામનું ટેલિવીઝન આવી ગયું છે. જે ઘેર બેઠાં બેઠાં બધું બતાવી રહ્યું છે. ધૃતરાષ્ટ્રને તીવ્ર જિજ્ઞાસા છે. "કુરુક્ષેત્રમાં શું થયું? " સંજય તેની જિજ્ઞાસા પૂરી કરે છે. કુરુક્ષેત્રના મેદાનમાં માનવ-યુદ્ધ શરૂ થતાં પહેલાં એક ચિરસ્મરણીય વિચારયુદ્ધ શરૂ થયું છે. વિચારોમાંથી આચારો પ્રગટતા હોય છે. કુરુક્ષેત્રના મેદાનમાં જે વિચારયુદ્ધ પ્રગટ્યું તે જ "ગીતા" બની ગઈ. માનવયુદ્ધ સમજતાં પહેલાં આપણે વિચારયુદ્ધને સમજીએ. પૌરાણિક દૃષ્ટિએ ગીતા બુદ્ધ-મહાવીરના પહેલાં રચાઈ ચૂકી હતી પણ ઐતિહાસિક રીતે આ વિચારો બુદ્ધ પછીના છે. ત્યારે હિંસાવાદ અને અહિંસાવાદની બે મુખ્ય ધારાઓ શરૂ થઈ ચૂકી હતી. બન્નેનો પ્રભાવ હતો. શ્રમણોનો વધુ પડતો ભાર અહિંસા ઉપર હતો. જ્યારે વૈદિક ઋષિઓ અહિંસાને માનતા હોવા છતાં આતતાયીઓની હિંસાને કર્તવ્ય સમજતા હતા. યુદ્ધ પણ ન ગમતું એક કર્તવ્ય જ છે. જો પ્રજાને યુદ્ધવિમુખ કરવામાં આવે તો પ્રજા યુદ્ધખોરો આગળ ટકી ના શકે. હારી જાય, ગુલામ થઈ જાય. એટલે કર્તવ્ય સમજીને પણ યુદ્ધ તો કરવું જ જોઈએ. આ ગીતાનો પક્ષ છે. નવાઈ તો જુઓ કે આ બે પક્ષો શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે પડેલા છે. ઘોર હિંસા થવાના કારણે યુદ્ધ નહિ કરવાની અર્જુનની મક્કમતા છે. શ્રીકૃષ્ણ જુદા-જુદા દૃષ્ટિકોણોથી સમજાવે છે કે યુદ્ધ કરવું જ જોઈએ. હિંસાના દ્વારા હિંસાને રોકી શકાય છે. આ વીરતા પૂર્ણ

કર્તવ્ય છે. અંતે શ્રીકૃષ્ણ વૈચારિક યુદ્ધ જીતી જાય છે. અર્જુન યુદ્ધ માટે તૈયાર થઈ જાય છે. અને ગાંડીવ વગેરે શસ્ત્રોનો ત્યાગ એણે કર્યો હતો તે ગાંડીવ ફરી પાછું ધારણ કરે છે અને અઢાર દિવસ સુધી ભયંકર યુદ્ધ થાય છે.

એક વિકલ્પ તરીકે માની લો કે અર્જુનનો પક્ષ યુદ્ધ નહિ કરવાનો જીતી ગયો હોત તો શું થાત? તો અર્જુનનો રથ પાછો ફર્યો હોત. તો કૌરવોએ તેનો હુરિયો બોલાવ્યો હોત. દ્રૌપદીના વાળ કાયમ માટે છૂટા જ રહી જાત. દુ:શાસનોને ફરી ફરીને દ્રૌપદીઓના વાળ ખેંચવાનો વધુ મોકો મળી જાત. પાંડવો રાજ્ય વિનાના રખડતા રહી જાત. કૌરવો તેમને શાન્તિથી જીવવા ના દેત. અન્યાય, અત્યાચાર અને અધર્મને ખુલ્લું મેદાન મળી જાત. તો પ્રજા સુખશાન્તિથી જીવી ના શકત.

એવું નથી કે શ્રીકૃષ્ણ અને પાંડવોએ શાન્તિના પ્રયત્નો કર્યા જ ન હતા. તેમણે ભરચક પ્રયત્નો કર્યા જ હતા. પણ જ્યારે બધા પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે છેવટનો અનિવાર્ય પ્રયત્ન યુદ્ધ જ રહી ગયો હતો.

24-7-10

*

80. યુદ્ધનો પ્રારંભ - પ્રથમ દિવસ

વ્યક્તિના જીવનમાં સર્વોચ્ચ ગુણ 'વિવેક' છે. વિવેક જ જીવન છે. વિવેક ચૂકનાર જીવન ચૂકી જાય છે. કામ-ક્રોધ વગેરે જ્યારે પરાકાષ્ઠાએ હોય છે ત્યારે વિવેક રહેતો નથી. એટલે તેમને જીવનના શત્રુ માન્યા છે. સંસારમાં રાજકીય, સામાજિક, પારિવારિક કલહો થતા જ રહ્યા છે અને થતા જ રહેવાના છે. કલહનું મૂળ જ ના રહે તે શક્ય નથી. કલહ તો થોડા ઘણા અંશે મહાપુરુષોમાં અને સંત મહાત્માઓમાં પણ રહેતો જ હોય છે. પણ કલહમાં પણ જો વ્યક્તિઓ વિવેક સાચવી શકે તો ઘણાં દુષ્પરિણામોથી બચી શકે. દ્રૌપદી (અને પાંડવો પણ) ખુશીના પ્રસંગે વિવેક ના સાચવી શક્યાં. દ્રૌપદીએ પોતાના માન્ય અતિથિ દુર્યોધનને "આંધળાનો છોકરો પણ આંધળો જ હોય" એમ કહીને દુ:શ્મન બનાવી દીધો. મત્સ્યવેધ પ્રસંગે કર્ણને "દાસીપુત્ર" કહીને ધુતકારી દીધો. આ વિવેકચૂક કહેવાય. કર્ણ પણ દુશ્મન થઈ ગયો અને મહા અનિષ્ટનાં પરિણામ ભોગવવાં પડ્યાં. સ્ત્રીઓ લાગણીશીલ હોય છે. નિયંત્રણ વિનાની લાગણી અનર્થ કરી શકે છે. એટલે કદાચ ત્યારે અને આજે પણ અમુક પરિવારોમાં સ્ત્રીઓ ઓછું અને ધીમું બોલે છે. કદાચ બોલતી પણ નથી. આ પ્રથાને એકદમ તો સારી ના કહેવાય, પણ તેમ છતાં દ્રૌપદી જેવી છૂટ હોય તો ઘણા અનર્થો ઉત્પન્ન કરવાથી બચાવનારી પણ કહેવાય. ઉચ્ચ ખાનદાન પરિવારોમાં માત્ર સ્ત્રીઓ જ નહિ, જુનિયર પુરુષોને પણ મર્યાદામાં રહીને જ બોલવાની પદ્ધતિ હોય છે. જેથી પરિવાર સચવાતો હોય છે. વિવેક વિનાનું બેફામ બોલવું એ વાણીની સ્વતંત્રતા ના કહેવાય. જો વાણી મહાન શક્તિ હોય અને તેનાં ગંભીર પરિણામો આવતાં હોય તો તેના ઉપર વિવેકની લગામ હોવી જ જોઈએ. જો વ્યક્તિ લગામ ના રાખી શકે તો વડીલોની લગામ હોવી જોઈએ. જીવનમાં કદી બેફામ ના થવાય. બેફામ થનાર બરબાદ થઈ જતો હોય છે.

હવે પાંડવોનો વિવેક જુઓ. યુદ્ધ માટે શંખ વાગી ચૂક્યા છે. શસ્ત્રો ખખડી રહ્યાં છે. ચારે તરફ જોમ અને જુસ્સો છવાઈ ગયાં છે. પ્રહારો થવાની તૈયારી છે. ત્યાં યુધિષ્ઠિર અને પાંડવો ભીષ્મજીની પાસે ગયા અને પગે લાગ્યા. હૃદયથી નમસ્કાર કર્યા અને કહ્યું કે "આજ્ઞા આપો, આશીર્વાદ આપો તો અમે યુદ્ધ કરીએ." કેવી વિચિત્ર વાત છે કે જેનો વધ કરવાનો છે તેની જ પાસે આજ્ઞા અને આશીર્વાદ મગાય છે. આપણે મહત્ત્વનું કાર્ય કરતાં પહેલાં ઇષ્ટદેવને ગુરુજનોને અને વડીલોને પગે લાગીને આશીર્વાદ માગીએ છીએ. પાંડવો આવી કપરી સ્થિતિમાં પણ વિવેક ચૂક્યા નથી.

પાંચે પાંડવો ભીષ્મના રથ સામે હાથ જોડીને ઊભા છે. દોરીસંચાર તો શ્રીકૃષ્ણનો જ છે. ભીષ્મ કહે છે કે "યુદ્ધ તો મારે કૌરવોની તરફથી જ કરવાનું છે. પણ હું તમારું શું હિત કરી શકું?"

યુધિષ્ઠિરે કહ્યું કે "એ તો યોગ્ય જ છે. આપ આપનું કર્તવ્ય બજાવજો. પણ આપને જીતી શકે તેવો કોઈ યોદ્ધો નથી. અમારામાં તો નહિ પણ પૂરા વિશ્વમાં નથી. એટલે અમે તો કોઈ પણ આપને જીતી શકવાના નથી તેની અમને ખાતરી છે. એટલે આપ જ અમને રસ્તો બતાવો કે અમે આપને કઈ રીતે જીતી શકીએ." કેવી વિચિત્ર વાત કહેવાય.

ભીષ્મે કહ્યું કે આનો ઉત્તર હું પછી આપીશ. હજી હમણાં મારે જીવવાનું છે.

પાંડવો દ્રોણાચાર્ય પાસે ગયા. નમન કર્યું અને આશીર્વાદ માગ્યા. નમસ્કારમાં મહાશક્તિ છે.

શત્રુને મિત્ર બનાવી શકે છે. દ્રોણ પ્રસન્ન થયા અને કહ્યું કે, “હું અર્થદાસ છું. અર્થાત્ કૌરવોનો પગાર ખાઉં છું. એટલે યુદ્ધ તો મારે કૌરવોના પક્ષમાં રહીને જ કરવાનું છે. પણ તમે ન્યાયના પક્ષમાં છો એટલે આશીર્વાદ આપું છું કે “જાવ તમારો વિજય થશે.”

આટલું જ નહિ દ્રોણે તો યુધિષ્ઠિરને એ પણ બતાવી દીધું કે પોતાનો વધ કેવી રીતે કરી શકાશે. અર્થાત્ એ ખરા સમયે કોઈ મને તીવ્ર આઘાતમાં નાખી દે તો મારી યુદ્ધશક્તિ સમાપ્ત થઈ જશે. ત્યારે મારો વધ કરી શકાશે.” યુધિષ્ઠિરે ફરીથી દ્રોણને વંદન કર્યા.

હવે પાંડવો કૃપાચાર્ય પાસે ગયા. તેમની પરિક્રમા કરી વંદન કર્યા. પાંડવોએ કૃપાચાર્યની પણ આજ્ઞા અને આશીર્વાદ લીધા અને હવે મદ્રદેશના શલ્યરાજા પાસે ગયા. નમ્રતાપૂર્વક શલ્યને વંદન કર્યા. શલ્યે પણ આશીર્વાદ આપ્યા. “જાવ વિજયી થાવ.” શલ્ય, પાંડવોના મામા થાય છે. તેની પાસેથી એક વરદાન લેવાનું બાકી છે. તે યુધિષ્ઠિરે માગ્યું. “ તમે કર્ણના સારથિ થવાના છો. જ્યારે યુદ્ધ પુરજોશમાં લડાતું હોય ત્યારે તમે કર્ણનો વારંવાર ઉત્સાહભંગ કરજો.” શલ્યે વચન આપ્યું કે “તેવું જ કરીશ.”

પાંડવો પાછા ફર્યા. યુદ્ધની પૂર્વભૂમિકા તૈયાર થઈ ગઈ છે. ભીષ્મ દ્રોણ વગેરે કૌરવોના પક્ષમાં યુદ્ધ કરવાના છે. પણ હજી દુર્યોધન પગે લાગવા કે આશીર્વાદ લેવા આવ્યો નથી. આ બન્નેનો સંસ્કારભેદ છે. એકમાં વડીલવિવેક છે. બીજામાં નથી.

યુદ્ધ શરૂ કરતાં પહેલાં યુધિષ્ઠિરે વચ્ચે જઈને ઘોષણા કરી કે “હજી પણ કોઈને મારા પક્ષમાં આવવું હોય તો હું સ્વીકાર કરીશ.” યુધિષ્ઠિરની ઘોષણા સાંભળીને યુયુત્સુ પાંડવો તરફી થઈ ગયો. પાંડવોએ તેનો સ્વીકાર કરી લીધો. શત્રુ પક્ષના જેટલા કાંગરા ખરે તેટલા ખેરવી લેવા એ પણ યુદ્ધનીતિ જ કહેવાય. કુશળ અને વિવેકી વ્યક્તિ શત્રુઓને પણ મિત્ર બનાવી શકે છે. જ્યારે અકુશળ અને અવિવેકી વ્યક્તિ મિત્રને પણ શત્રુ બનાવી બેસે છે.

ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે “પ્રથમ હુમલો કોણે કર્યો?” બહુ મહત્ત્વનો પ્રશ્ન હતો કારણ કે યુદ્ધ કરવાને થનગનતો હોય તે પ્રથમ હુમલો કરે. જે ધીર-ગંભીર હોય તે જવાબ આપે. કૌરવોએ ભીષ્મને આગળ કરીને પ્રથમ હુમલો કરી દીધો. બીજી તરફ ભીમસેનને આગળ કરીને પાંડવોએ પણ સખ્ત જવાબ આપ્યો. બન્ને તરફથી હુંકારા દેકારા થવા લાગ્યા. બન્ને પક્ષના એક એકથી ચઢિયાતા સેનાપતિઓ પોત-પોતાની સેના સાથે ભયંકર યુદ્ધ કરવા લાગ્યા. પ્રથમ દિવસે સેના તાજી હોય થાકેલી ના હોય તેથી યુદ્ધ વધું ઘમાસાણ થાય.

આ યુદ્ધમાં અભિમન્યુ પણ સેનાપતિ તરીકે સૌથી આગળ છે. વીર માતા-પિતાઓએ પોતાના પુત્રને બાળવયથી યુદ્ધમાં પળોટવા જોઈએ. ઘરકૂકડી બનાવી રાખનારા સંહિ ના બનાવી શકે. અભિમન્યુએ જોયું કે પ્રપિતામહ ભીષ્મ હાહાકાર મચાવી રહ્યા છે. એટલે બહુ સ્ફૂર્તિથી તેણે પોતાનો રથ ભીષ્મની સામે ઊભો કરી દીધો. અભિમન્યુને જોઈને જ ભીષ્મની છાતી ગજગજ ફુલાઈ રહી છે. હજી તો પૂરો મૂછનો દોરો પણ ફૂટ્યો નથી, ત્યાં તો આ પ્રચંડ યુદ્ધમાં કિશોર સામે આવીને અડીખમ ઊભો છે. તેણે સ્ફૂર્તિથી બાણો ચલાવવા માંડ્યાં. એવું લાગ્યું કે હમણાં અભિમન્યુ હતો ન હતો થઈ જશે. તરત જ થોડાક વિશિષ્ટ સેનાપતિઓ તેની રક્ષા માટે દોડી આવ્યા. અભિમન્યુએ ભીષ્મના રથની ધ્વજા જ તોડી નાખી. તો ભીષ્મે, અભિમન્યુના સારથિને મારી નાખ્યો. આ તો દૂર દૂર સુધી ફેલાયેલી સેનાના એક ભાગનું ચિત્ર થયું. બીજી તરફ—

શ્વેત નામનો પાંડવ મહારથી શલ્યની સામે પહોંચી ગયો અને ભયંકર યુદ્ધ કરવા લાગ્યો. બન્ને

તરફ ભયંકર બાણવર્ષા થવા લાગી. રણભૂમિ ચારે તરફ મડદાંથી છવાઈ ગઈ. શ્વેતે શલ્ય માટે ખતરો ઊભો કરી દીધો. એટલે કેટલાય મહારથીઓ પોત-પોતાના રથો લઈને તેમની રક્ષા કરવા પહોંચી ગયા. અને શ્વેતનો વધ શલ્યના બાણથી થઈ ગયો.

શ્વેત પછી શંખનો વારો આવ્યો. શંખ પણ મહારથી હતો, યુદ્ધમાં તેનો પણ વધ થઈ ગયો. પાંડવોના પક્ષમાં હાહાકાર થઈ ગયો.

સૂર્યાસ્ત થઈ રહ્યો હોવાથી નિયમ પ્રમાણે બન્ને સેનાઓ પોત-પોતાના શિબિરમાં આશ્રય લેવા ચાલી ગઈ. યુદ્ધવિરામનો જે અત્યારે નિયમ છે તે પ્રાચીન કાળમાં મહાભારત યુદ્ધમાં રોજ જોવા મળે છે. યુદ્ધ વિરમિત થઈ ગયું. હવે ઘાયલોની સેવા શુશ્રૂષા કરો, મૃતકોને પોત-પોતાના ક્ષેત્રમાં લઈ જાવ અને વિધિ કરો. સ્નાનસંધ્યા કરો. વાતચીત કરો અને આરામ કરો. ફરી પાછા કાલે સૂર્યોદય સમયે યુદ્ધ શરૂ થઈ જશે.

26-7-10

*

81. બીજા દિવસનું યુદ્ધ

યુદ્ધની શરૂઆત વ્યૂહથી થતી હોય છે. જેમ ભવનનિર્માણ પહેલાં નકશો બનાવાય છે. પછી નકશા પ્રમાણે ભવન બનતું હોય છે તેમ વ્યૂહ પ્રમાણે સેના ગોઠવાતી હોય છે. વ્યૂહ સેનાપતિ રચતો હોય છે. સેનાનું સંચાલન પણ સેનાપતિ જ કરતો હોય છે. વ્યૂહ સ્થાયી નથી હોતો. પરિસ્થિતિ પ્રમાણે ઝડપથી તેમાં ફેરફાર કરવા જરૂરી હોય છે. યુદ્ધમાં સ્ફૂર્તિ મહત્ત્વની વસ્તુ છે. સ્ફૂર્તિલી સેના જીતી જતી હોય છે. ઢીલી અને દીર્ઘસૂત્રી હારી જતી હોય છે.

આજે બીજા દિવસે જ્યારે યુદ્ધ શરૂ થયું ત્યારે ભીષ્મની સામે અર્જુન હતો. બન્નેએ ભયંકર યુદ્ધ કર્યું. દ્રોણાચાર્યની સામે ધૃષ્ટદ્યુમ્ન હતો તેમણે પણ એવું જ ઘોર યુદ્ધ કર્યું. ભીમસેન, કલિંગો અને નિષાદોની સામે હતો તેણે શક્રદેવ, ભાનુમાન અને કેતુમાન જેવા અનેક સેનાપતિઓનો વધ કરી નાખ્યો.

સાંજ પડતાં-પડતાં અર્જુન અને અભિમન્યુએ મહાપરાક્રમ કરીને કૌરવ સેનામાં હાહાકાર મચાવી દીધો. બીજા દિવસનું યુદ્ધ પૂરું થયું.

ત્રીજા દિવસે ફરી પાછું યુદ્ધ શરૂ થયું. આજના દિવસે પાંડવસેનાએ શરૂથી જ મોટું પરાક્રમ બતાવ્યું. કૌરવ સેનાને પાછી ધકેલી દીધી. ભીમનો પુત્ર ઘટોત્કચ પણ આવી પહોંચ્યો. બાપ-દીકરાએ બન્નેએ મળીને કૌરવસેનામાં હાહાકાર મચાવી દીધો. જેણે યુદ્ધ કરવાં હોય તેણે ઘણા દીકરા ઉત્પન્ન કરવા. એક મરે તો બીજો કામમાં આવે. જેને યુદ્ધ જ કરવાં હોય અને જેને માથે ઘણા દુશ્મનો હોય તેણે એક જ દીકરો નહિ ઘણા દીકરા જોઈએ અને વીરપુરુષોએ તો ઘણાં સંતાનો કરવાં જોઈએ. નહિ તો નમાલી પ્રજા વધી જશે. વીરત્વ દુર્લભ છે. પ્રત્યેક પુરુષ વીર નથી હોતો. "વીર-ભોગ્યા વસુંધરા"ની કહેવત હંમેશાં સાચી જ રહેવાની છે.

ધૃતરાષ્ટ્ર વારંવાર સંજય પાસેથી યુદ્ધના સમાચાર ગ્રહણ કર્યા કરે છે. ભીષ્મે બપોર પછી જોરદાર આક્રમણ કરી દીધું. આ વખતે તેમનો જુસ્સો બહુ પ્રબળ હતો. પાંડવસેના તેમના પ્રહારોથી ત્રાહી-ત્રાહી પોકારવા લાગી હતી. પાંડવસેનાની આવી દુર્દશા શ્રીકૃષ્ણથી જોઈ ના શકાઈ. તેમણે તરત જ પોતાનું સુદર્શન ચક્ર ધારણ કર્યું. ઘોડાની લગામ છોડી દીધી અને રથ ઉપરથી કૂદકો મારીને નીચે ઊતર્યા. બળબળતા સૂર્યની માફક તેઓ ચક્ર લઈને ભીષ્મની તરફ દોડ્યા. ચારે તરફ હાહાકાર થઈ ગયો. હવે શું થશે? સૌ કોઈ સ્તબ્ધ થઈ જોવા લાગ્યા. બીજી તરફ ભીષ્મ પણ જરાપણ વિચલિત ના થયા. યોદ્ધો હંમેશાં અવિચળ હોવો જોઈએ. ભીષ્મ તો સેનાપતિના પણ સેનાપતિ છે. જો તેઓ વિચલિત થઈ જાય તો સેના ભાગી જાય. તે દૃઢ રહ્યા. પણ આ શું? અર્જુન પણ શ્રીકૃષ્ણની પાછળ કૂદ્યો. અને દસ કદમ ચાલતાં-ચાલતાં શ્રીકૃષ્ણના ચરણ પકડી લીધા. વિનંતી કરીને જેમ તેમ સમજાવીને પાછા રથ ઉપર લઈ આવ્યો. આજે ઘોર સંગ્રામ થયો. રાત્રિ પડી ગઈ. અને સૌએ વિશ્રામ કર્યો.

26-7-10

*

82. ભીષ્મનું મહાયુદ્ધ અને શરશય્યા

યુદ્ધનું દૃશ્ય બગીચા જોવા જેવું નથી હોતું. સામાન્ય પુરુષ તે જોઈ પણ ના શકે. ચારે તરફ લોહીનાં ખાબોચિયાં ભર્યાં હોય, ગીધ અને શિયાળો મડદાં ખાતાં હોય, શરીરનાં અંગો વેર-વિખેર પડ્યાં હોય. ઘાયલો પાણી-પાણી પોકારતા હોય. આવી સ્થિતિમાં જેનું કાળજું મજબૂત હોય તે જ યુદ્ધભૂમિમાં ઊભા રહી શકે. અને લડાઈ તો કોઈ મહાવીર હોય તે જ કરી શકે. જે ચુસ્ત અહિંસાવાદી હોય, જે લોહીનું ટીપું પણ જોઈ શકતો ના હોય, જે કપાયેલાં મસ્તકો જોઈને કાંપી ઊઠતો હોય, મૂર્છિત થઈ જતો હોય તે યુદ્ધ ના કરી શકે, ના જોઈ શકે. તે જરૂર પડે ત્યારે બીજાની પાસે યુદ્ધ કરાવીને પોતાનું રક્ષણ કરી લે અથવા ઉચાળા ભરીને દેશાન્તર ભાગી જાય. તે આક્રમક નહિ રક્ષિત જીવન જીવતા હોય છે. લોકોએ આવાં દૃશ્યો જોવાની પણ ટેવ પાડવી જોઈએ જેથી યુદ્ધમાં ટકી શકે.

આજે ચોથા દિવસે પાંડવોએ પ્રચંડ ધસારો કરી દીધો. ભીમ અને અર્જુન પૂરી શક્તિથી કૌરવો ઉપર તૂટી પડ્યા હતા. અભિમન્યુ પણ આવી ગયો હતો, દ્રુપદ પુત્રો પણ આવીને યુદ્ધ લડી રહ્યા હતા. ભીમે તો આજે કૌરવોની ગજસેનાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો. સાત્યકિ અને ભૂરિશ્રવા પણ યુદ્ધમાં લાગી ગયા હતા. સાત્યકિએ અપ્રતિમ પરાક્રમ બતાવ્યું. ભીમ અને ઘટોત્કચ તો હાહાકાર મચાવતા રહ્યા.

જેણે પ્રજાને પરાક્રમી બનાવવી હોય તેણે પોતે પરાક્રમી થવું અને પરાક્રમનાં દૃશ્ય-શ્રાવ્ય નાટકો રજૂ કરવાં, ગદ્ય-પદ્યના દ્વારા વીરરસને લોકોમાં ફેલાવવો. શૌર્ય અને શૌર્યભરી રમતોનું આયોજન કરવું. પ્રાચીનરોમનાં હયાત કોર્લસિયમમાં યોદ્ધાઓને સંહિ અને હિંસક ખૂંખાર પ્રાણીઓ સાથે કુસ્તી કરાવાતી. રોડીઓ સવારી કરાવાતી. સાંઢો સાથે કુસ્તી કરાવાતી. આ બધું પ્રજાને શૂરવીર બનાવે છે. ઓછામાં ઓછું આવી રમતો જોનારા દૃઢ મનોબળ- વાળા બને છે. ઘરકૂકડીઓ ઢીલી ઘેસ જેવા નમાલા થઈને સંતાઈ જવાની રમતો રમતા હોય છે. પ્રજાનું ઘડતર શૌર્ય દ્વારા જ થતું હોય છે. અનુભવ કરી જોજો. મોટા ભાગના લુચ્ચા માણસો વીરત્વ વિનાના નમાલા હોય છે. વીરપુરુષ ભાગ્યે જ લુચ્ચો હોય.

સાંજ પડી ગઈ અને યુદ્ધવિરામ થઈ ગયો.

આજે પાંચમે દિવસે કૌરવોએ મકરવ્યૂહ અને પાંડવોએ શ્યેનવ્યૂહ રચ્યો હતો. બન્ને સેનાએ ભારે યુદ્ધ કર્યું. ભીષ્મ અને ભીમસેન આમને સામને આવી ગયા. અર્જુન વગેરે યોદ્ધાઓ પણ પ્રતિપક્ષ ઉપર તૂટી પડ્યા. ભૂરિશ્રવાએ સાત્યકિના દશ પુત્રોનો વધ કરી નાખ્યો.

સાંજ પડી ગઈ અને યુદ્ધ અટકી ગયું.

છઠ્ઠા દિવસે ધૃષ્ટદ્યુમ્ને પાંડવોની સેનાનો મકરવ્યૂહ બનાવ્યો. કૌરવોએ ક્રૌંચવ્યૂહ રચ્યો. બન્ને પક્ષો ઘમાસાણ યુદ્ધ કરી રહ્યા છે. ધૃતરાષ્ટ્રને ચિંતા થાય છે. શું થશે? ભીમ-દુર્યોધનનું યુદ્ધ થયું. અભિમન્યુ અને દ્રૌપદીના પાંચે પુત્રો મેદાનમાં આવી ગયા. ભયંકર યુદ્ધ પછી છઠ્ઠા દિવસનું યુદ્ધ પૂરું થયું.

સાતમા દિવસે ફરી પાછું યુદ્ધ શરૂ થયું. આજે દુર્યોધન નિરાશ થઈ રહ્યો છે. કારણ કે કૌરવ પક્ષના ઘણા યોદ્ધાઓ મરી ચૂક્યા છે. પાંડવોની સેના થોડી હોવા છતાં ભારે પડી રહી છે.

એટલે ભીષ્મે એને આશ્વાસન આપ્યું. આશ્વાસન મળવાથી દુર્યોધનનો ઉત્સાહ વધી ગયો અને તે પૂરી શક્તિથી યુદ્ધ કરવા લાગ્યો. ભીષ્મને ઘણા ઘા લાગેલા તેની ઔષધિ લગાડી અને યુદ્ધમાં તાકાતબળ અને શૌર્ય ચઢાવનારી ઔષધિ-વિશલ્યકરણી આવી. ત્યાં તો શ્રીકૃષ્ણ અર્જુનનો રથ લઈને આવી પહોંચ્યા. અર્જુનને જોતાં જ કૌરવસેનામાં ભગદોડ મચી ગઈ. તેવી તેની છાપ હતી. વિરાટના પુત્ર શંખનો વધ થઈ ગયો. અનેક મહાયોદ્ધાઓ પરસ્પરમાં ભયંકર યુદ્ધ કરવા લાગ્યા.

અર્જુનપુત્ર ઈરાવાન અને વિન્દ-અનુવિન્દની લડાઈ થઈ જેમાં ઈરાવાન જીતી ગયો. ઘટોત્કચે ભગદત્તને હરાવી દીધો. નકુલ અને સહદેવે મદ્રરાજને હરાવી દીધો. અભિમન્યુએ ચિત્રસેનને હરાવી દીધો. અને અર્જુનનું સુશર્માથી યુદ્ધ થવા લાગ્યું.

આ રીતે અનેક મહારથીઓનાં ભયંકર યુદ્ધ થયા પછી સાંજ પડી જવાથી યુદ્ધ બંધ થયું.

આઠમા દિવસે પણ કૌરવ-પાંડવ સેનાએ વ્યૂહ બનાવીને ભયંકર યુદ્ધ કર્યુંર. આજે ભીમે ધૃતરાષ્ટ્રના અષ્ઠપુત્રોનો વધ કરી નાંખ્યો. ઈરાવાને શકુનિના ભાઈઓનો વધ કરી નાખ્યો. પણ કૌરવ-પક્ષના અલંબુષે ઈરાવાનનો વધ કરી નાખ્યો. બીજી તરફ ઘટોત્કચ દુર્યોધન સાથે ભીડી ગયો. જ્યારે ઘણા કૌરવો ઘટોત્કચ ઉપર તૂટી પડ્યા ત્યારે ભીમ મદદે આવી પહોંચ્યો. ઘટોત્કચ માયાવીવિદ્યા પણ જાણતો હતો. તેથી તેણે એવી માયા રચી કે કૌરવસેના ઊભી પૂંછડીએ ભાગવા માંડી. ઘટોત્કચનો પ્રભાવ જોઈને ભીષ્મ સ્વયં તેની સાથે યુદ્ધ કરવા આવી ગયા.

પોતાના પુત્ર ઈરાવાનની હત્યાથી અર્જુન વ્યથિત થઈ ગયો અને બદલો લેવા તે યુદ્ધમાં બમણા જોરથી લાગી ગયો. ભીમે નવ કૌરવ પુત્રોનો વધ કરી નાખ્યો. ચારે તરફ હાહાકાર થઈ રહ્યો હતો. યુદ્ધભૂમિમાં ચારે તરફ લાશોના ઢગલા થઈ ગયા હતા. દિવસ આથમ્યો અને યુદ્ધ પુરું થયું.

રાત્રે દુર્યોધને ભીષ્મ દ્રોણ વગેરે સાથે ગુપ્તમંત્રણા કરી, પાંડવોને કેમ કરીને જીતી શકાય તે વિષય રહ્યો. ફરી ભીષ્મે દુર્યોધનને આશ્વાસન આપ્યું. નવમો દિવસ શરૂ થતાં જ યુદ્ધ શરૂ થઈ ગયું. અભિમન્યુ અને દ્રૌપદીના પાંચ પુત્રોએ અલંબુષની સાથે યુદ્ધ કર્યુ અને કૌરવ સેનાને ભગાડી મૂકી. અર્જુન અને ભીષ્મ સામસામા આવી ગયા. બધા યોદ્ધાઓ એટલું લડ્યા કે રક્તની નદી વહેવા લાગી.

ભીષ્મે એટલાં બાણ ચલાવ્યાં કે પાંડવસેના ટકી શકી નહિ. શ્રીકૃષ્ણ આ પરાક્રમ જોઈને ભીષ્મનો વધ કરવા તૈયાર થઈ ગયા પણ અર્જુને તેમના પગ પકડીને રોકી લીધા.

સૂર્યાસ્ત થયો અને યુદ્ધ અટકી ગયું. રાત્રે પાંડવોની ગુપ્ત સભા થઈ. શ્રીકૃષ્ણ અને અર્જુન ભીષ્મને મળવા ગયા અને તેમનો વધ કેવી રીતે થાય તે ઉપાય પૂછવા લાગ્યા. ભીષ્મ કેટલા મહાન કહેવાય કે તેમણે પોતાના વધનો ઉપાય બતાવી દીધો. તે પણ ઇચ્છતા હતા કે કૌરવોનો પરાજય થાય. “શિખંડીને મારી સામે યુદ્ધ કરવા લઈ આવજો. તેના દ્વારા મારો વધ થશે” આવો ઉપાય બતાવ્યો. પાંડવો પ્રણામ કરીને પોતાના શિબિરમાં પાછા આવી ગયા.

શિખંડી મહાન સેનાપતિ છે. પૂર્વજન્મમાં તે અંબા નામની કાશીરાજની કન્યા હતી. ભીષ્મે તેનું હરણ કર્યું હતું પછી વિચિત્રવીર્ય, ભીષ્મ કે શાલ્વ કોઈ પણ તેને પરણવા તૈયાર ન થવાથી તેણે પ્રાણ છોડી દીધા હતા અને વેરભાવથી નવો જન્મ લઈને ભીષ્મે જ મારી આવી દશા કરી છે તેવું ધારીને તેનો બદલો લેવા શિખંડીનું રૂપ ધારણ કર્યું હતું. અર્જુન, શિખંડીને મળ્યો અને

ભીષ્મનો વધ કરવા તેને તૈયાર કર્યો.

દસમા દિવસે યુદ્ધ શરૂ થઈ ગયું. ભીષ્મ પાંડવસેનાનો કચ્ચરઘાણ કાઢી રહ્યા હતા ત્યાં તો શિખંડીનો રથ તેમની સામે આવી ગયો. આજે ભીષ્મ મરણિયા બન્યા હતા. યુદ્ધની પરાકાષ્ઠા યોદ્ધો જ્યારે મરણિયો થતો હોય છે ત્યારે જ આવતી હોય છે. ભીષ્મે પાંડવ સેનાનો ભીષણ સંહાર કરી નાખ્યો. પણ શિખંડી સામે હોવાથી ભીષ્મ ઠંડા પડતા ગયા. આ તકનો લાભ લઈને અર્જુને જોરદાર પ્રહાર કર્યો અને ભીષ્મને રથ ઉપરથી નીચે પાડી દીધા. હવે ખેલ ખતમ થવાનો હતો પણ દક્ષિણાયન ચાલતો હોવાથી ભીષ્મે પ્રાણ ત્યાગ્યા નહિ. અર્જુને પોતાના ખોળામાં ભીષ્મનું માથું રાખીને તેમને સન્માન આપ્યું. હવે ભીષ્મ ઉત્તરાયણની પ્રતીક્ષા કરતા બાણશય્યા ઉપર લેટ્યા હતા. બન્ને તરફથી યુદ્ધ બંધ થયું. દુર્યોધન પણ આવી ગયો. હજી પણ સંધિ કરી લેવા ભીષ્મે દુર્યોધનને સમજાવ્યો. પણ દુર્યોધન માન્યો નહિ.

આ એક વિડંબના જ કહેવાય કે મનથી પાંડવોના પક્ષ તરફ હોવા છતાં ભીષ્મને દુર્યોધનના પક્ષે રહીને તેનાં કુકર્મો સહન કરવાં પડ્યાં અને યુદ્ધ પણ કરવું પડ્યું. કેટલીક વાર કોઈ કોઈ પુરુષની પણ આવી જ સ્થિતિ થતી હોય છે.

27-7-10

*

દ્રોણપર્વ

83. દ્રોણનું યુદ્ધ, અભિમન્યુનો વધ

યુદ્ધ એ મૃત્યુનું જીવંત તાંડવનૃત્ય છે. આપણે ત્યાં નૃત્યના અનેક પ્રકાર છે. કેટલાંક નૃત્યો પ્રકૃતિ (શક્તિ) કરતી હોય છે. જ્યારે ધરતીકંપ, જ્વાળામુખી, ત્સુનામી, મહામારી જેવા અનેક કુદરતી પ્રકોપો આવતા હોય છે ત્યારે મડદાંના ઢગલા થઈ જતા હોય છે. બધું તહસ-નહસ થઈ જતું હોય છે અને તે પણ ક્ષણ વારમાં. કોઈનું કશું ચાલતું નથી. મનુષ્ય પામર થઈને જોતો જ રહી જાય છે.

ભગવાન શિવનાં અનેક નામોમાં એક નામ રુદ્ર પણ છે. કોઈ કોઈ વાર રુદ્ર પોતાનું રૌદ્રરૂપ ધારણ કરે છે. જે રડાવે તે રુદ્ર, રુદ્રનું રૌદ્રરૂપ એ જ તાંડવનૃત્ય છે. આ નૃત્યમાં પણ મડદાંનો ઢગલો થઈ જતો હોય છે. મહાભારતનું વિશ્વયુદ્ધ, યુરોપનાં બે વિશ્વયુદ્ધો અને આવાં જ ભયંકર મોટાં યુદ્ધો ટાળવા છતાં પણ ટાળી શકાતાં નથી. અવશ્યંભાવિ થઈ જતાં હોય છે.

મહાભારતના યુદ્ધને અટકાવવા શ્રીકૃષ્ણે ભારે પ્રયત્નો કર્યા પણ ના અટક્યું. જેનામાં યુદ્ધને જીતવાની ક્ષમતા હોય તે જ યુદ્ધ અટકાવી શકે. જેનામાં આવી ક્ષમતા જ ના હોય તે આખી જિન્દગી "અહિંસા પરમો ધર્મ"ની રટ રટ્યા કરે પણ કશું ના વળે. બધો પ્રભાવ શક્તિથી પ્રગટતો હોય છે. માત્ર કોરા ઉપદેશોથી નહિ એટલે પહેલાં શક્તિ અને પછી ઉપદેશ. અથવા શક્તિ અને ઉપદેશ બન્ને સાથે સાથે ચાલે. શક્તિ વિનાનો ઉપદેશ બાયલાપણું જ કહેવાય.

દસ દિવસ સુધી ભીષ્મે ઘોર યુદ્ધ કરી પાંડવોને બરાબર હંફાવ્યા. પછી પોતે જ પોતાના વધનો ઉપાય બતાવી ઢળી પડ્યા. શિખંડીને ધન્ય કરી દીધો. ક્યાં ભીષ્મ અને ક્યાં શિખંડી, પણ યશ શિખંડીને આપ્યો. એક મુદ્દા તરફ સૌએ ધ્યાન આપવાનું છે. યુધિષ્ઠિર વગેરે ભીષ્મના વધનું કારણ પૂછવા ગયા હતા અને ભીષ્મે બતાવ્યું પણ ખરું. પણ યુધિષ્ઠિરે એમ ના કહ્યું કે તમે ખોટું-ખોટું લડજો. અથવા ભીષ્મે એમ ના કહ્યું કે હું ખોટું-ખોટું યુદ્ધ કરીશ જેથી તમારી સેના જીતી જશે. આ ગદ્દારી કહેવાય. યુદ્ધરૂપી કર્તવ્ય તો પૂરેપૂરી વફાદારીથી કરવાનું. તેમાં કશી ચૂક પડવા દેવાની નહિ. દસ દિવસ તેમણે પોતાનું કર્તવ્ય બરાબર બજાવ્યું.

ભીષ્મની છેલ્લી શુશ્રૂષા અર્જુને કરી. પાણી પીવડાવ્યું. ઘા ધોયા, દવા લગાવી. વગેરે વગેરે. ઘણી વાર એવું બને કે વ્યક્તિના વિરોધીઓ જ છેલ્લી સેવા કરે. રોજના સગા દૂર રહી જાય.

ભીષ્મ પોતાની ખાલી પડેલા સ્થાને કર્ણની નિયુક્તિ ઇચ્છે છે પણ કર્ણે જ દ્રોણનો આગ્રહ કર્યો. "આ પદ માટે દ્રોણ જ વધુ યોગ્ય છે" એવું કર્ણે કહ્યું. આ કર્ણની મહાનતા જ કહેવાય કે સામે ચાલીને આવેલું મોટું પદ ન સ્વીકારે. વધુ યોગ્ય અને વધુ સીનિયર એવા દ્રોણને એ પદ આપી દીધું. બહુ થોડા લોકો આવી ઉદારતા બતાવી શકતા હોય છે.

હવે દ્રોણ કૌરવ સેનાના સેનાપતિ છે. રાજાની કુશળતા એમાં છે કે તે કુશળ સેનાપતિની નિયુક્તિ કરે. દ્રોણ કુશળ છે. તેમનો લાંબો ઇતિહાસ છે. તે નીવડેલા ગુરુ છે. નીવડેલો માણસ જ પૂર્ણ વિશ્વાસપાત્ર હોઈ શકે.

યુદ્ધ શરૂ થઈ ગયું. પ્રથમ દિવસે જ દ્રોણે મહાપરાક્રમ બતાવવા માંડ્યું. પાંડવોની સેના વેર-વિખેર થવા લાગી. દ્રોણ વૃદ્ધ હોવા છતાં પણ યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી લડી રહ્યા છે. દુર્યોધનની ઇચ્છા તો હતી કે દ્રોણ યુધિષ્ઠિરને જીવતા પકડી લાવે અને આપે. દ્રોણે કહ્યું કે,

"જીવિત કેમ? તું કહે તો યુધિષ્ઠિરને હું મારી જ નાખું." પણ દુર્યોધને કહ્યું કે "જો એનો વધ થઈ જાય તો તો પાંડવો અમને જીવતા જ ના રહેવા દે. તેના કરતાં જીવતા પકડવા સારા જેથી ધાર્યું કામ થઈ શકે."

દ્રોણનું કહેવું છે કે એ શક્ય નથી. અર્જુન એક ક્ષણ પણ યુધિષ્ઠિરથી દૂર થતો નથી. તેની હાજરીમાં યુધિષ્ઠિરને પકડવા શક્ય નથી." જેમનું જીવિત રહેવું મૂલ્યવાન અને મૂલ્યવાન હોય તેનું હંમેશાં રક્ષણ કરવું જ જોઈએ. એટલે જીવતા તો પકડાશે નહિ."

ભયંકર યુદ્ધ ચાલતું રહ્યું. બન્ને પક્ષના અનેક વીરોએ સામસામા આવીને પ્રચંડ યુદ્ધ કર્યું. દ્રોણાચાર્ય મહાક્રુદ્ધ થઈ ગયા છે. તેમણે દુર્યોધનની આગળ પ્રતિજ્ઞા કરી કે "આજે હું પાંડવપક્ષના કોઈ સર્વોચ્ચ સેનાપતિનો વધ કરી નાખીશ." હિંસક પશુઓ શિકાર કરતાં પહેલાં ઝુંડમાંથી કોઈ એક ઘાસખાઉ પશુને પસંદ કરે છે. પછી તેની જ પાછળ દોડીને તેનો શિકાર કરે છે તેવી રીતે દ્રોણાચાર્યે અર્જુનપુત્ર અભિમન્યુની પસંદગી કરી ગમે તેમ કરીને પણ આજે અભિમન્યુનો વધ કરી નાખીશ. પણ જ્યાં સુધી યુદ્ધભૂમિ ઉપર અર્જુન વિદ્યમાન હોય ત્યાં સુધી અભિમન્યુનો કોઈ વાળ વાંકો કરી શકે નહિ. કોઈ પણ યુક્તિ-પ્રયુક્તિથી અર્જુનને અહીંથી વિદાય કરવો જોઈએ. દ્રોણાચાર્યે બે વ્યૂહ રચ્યા, એક તો અર્જુનને બીજે ક્યાંક મોકલી દેવો, અને પછી ચક્રવ્યૂહ-કોઠાવ્યૂહ-એવો રચ્યો કે અર્જુન સિવાય કોઈ જીતી ના શકે. ચક્રવ્યૂહમાં યોદ્ધો પ્રવેશી તો શકે પણ બહાર નીકળી ના શકે. હવે ગમે તેમ કરીને આ ચક્રવ્યૂહમાં અભિમન્યુને ખેંચી લાવવાનો અને તેનો વધ કરી નાખવાનો. આવો વ્યૂહ રચાયો.

ચક્રવ્યૂહ જોઈને તથા અર્જુનની અનુપસ્થિતિ જોઈને પાંડવો ગભરાયા, હવે શું થશે? આપણને કોઈને ચક્રવ્યૂહનું જ્ઞાન નથી, આવા સમયે અભિમન્યુ આગળ આવ્યો અને હિમ્મતપૂર્વક તેણે કહ્યું કે, "વ્યર્થ ચિંતા ના કરો, આ કામ તો હું કરીશ." યુધિષ્ઠિરે આજની જવાબદારી અભિમન્યુને સોંપી દીધી. યોદ્ધાઓ લઈને અભિમન્યુ કૌરવોની સેના ઉપર તૂટી પડ્યો. દ્રોણાચાર્યના વ્યૂહને તે ભેદવા લાગ્યો. તેનો રથ છેક દ્રોણની સામે પહોંચી ગયો. ભયંકર યુદ્ધ થયું. હજી તો અભિમન્યુને મૂછનો દોરો પણ ફૂટ્યો નથી તેવી કિશોરાવસ્થામાં તેણે કૌરવસેનાનો કચ્ચરઘાણ કાઢવા માંડ્યો. પરાક્રમની ઉમ્મર નથી હોતી તે કિશોરવસ્થામાં પણ પ્રગટી શકે છે અને વૃદ્ધાવસ્થામાં પણ પ્રગટી શકે છે. પરાક્રમી પુરુષ કોઈ મોકો જતો ના કરે. મોકો મળતાં જ તેની અંદરનું ઝનૂન ખળભળી ઊઠે. અને જ્વાળામુખીની માફક ફૂટી નીકળે. મહાભારતમાં અભિમન્યુ અને રામાયણમાં લવ-કુશ કિશોર જ છે. પણ પરાક્રમમાં કોઈથી ગાંજ્યા જાય તેવા નથી. જેનામાં પરાક્રમ હોતું નથી તેની સામે તેની બહેન-દીકરી-પત્નીની આબરૂ લૂંટાતી હોય તોપણ તે ઠંડોગાર બની જોયા કરે. તે જ વિચારે કે જો હું જીવતો રહીશ તો આ બધું તો ફરીએ મળી રહેશે. તેનામાં ઝનૂન નથી. તેથી મોકો મળે તોપણ પરાક્રમ કરી શકતો નથી. આવા માણસને નમાલો કહેવાય છે.

અભિમન્યુએ અશ્મક પુત્રનો વધ કરી નાખ્યો અને શલ્યને મૂર્છિત કરી દીધા. કૌરવસેના તેના પરાક્રમનો માર સહન ના કરી શકી. એટલે ભાગવા માંડી.

અભિમન્યુએ ફરીથી સપાટો બોલાવ્યો અને શલ્યના ભાઈનો પણ વધ કરી નાખ્યો. અને દ્રોણાચાર્યની સેના ઊભી પૂંછડીએ ભાગવા માંડી. સ્વયં દ્રોણાચાર્ય અભિમન્યુના પરાક્રમથી પ્રસન્ન થઈ ગયા. વીર જ વીરની કદર કરી શકે. પરિસ્થિતિ બહુ વિકટ થઈ જતાં દુર્યોધને દુ:શાસનને આજ્ઞા કરી કે અભિમન્યુ ઉપર તૂટી પડો. માત્ર એકલો દુ:શાસન જ નહિ સાથે કર્ણ

પણ ખરો. બન્ને જણા અભિમન્યુ ઉપર તૂટી પડ્યા. પણ અભિમન્યુએ મચક ના આપી. બન્નેની સંયુક્ત સેનાને તેણે પરાજય આપી દીધો. એટલું જ નહિ, તેણે કર્ણના ભાઈની પણ હત્યા કરી નાખી. કૌરવસેના ભાગવા માંડી.

હવે કૌરવપક્ષના મહારથી જયદ્રથનો વારો આવ્યો. જયદ્રથને ભગવાન શંકરે વરદાન આપ્યું હતું. તું એકલો પાંડવ સેનાને રોકી શકીશ. પણ અર્જુન સિવાય અને એક જ દિવસ સુધી પરાક્રમ બતાવી શકીશ. આ વરદાનના પ્રતાપે શલ્યે પાંડવસેનાને રોકી દીધી. પાંડવસેનાનો પુરવઠો ના આવવાથી હવે એકલો અભિમન્યુ જ યુદ્ધ કરતો હતો. યુદ્ધમાં પુરવઠો અત્યંત મહત્ત્વની વસ્તુ છે. કુશળ સેનાપતિ પુરવઠો કાપી નાખે તો આપોઆપ યુદ્ધ જીતી જવાય. કારણ કે પુરવઠા વિના લાંબો સમય યુદ્ધ કરી શકાય નહિ.

અભિમન્યુએ સત્યશ્રવા, રુક્મરથ વગેરે અનેક યોદ્ધાઓનો સંહાર કરી નાખ્યો. તેણે લક્ષ્મણ, ક્રાથપુત્ર અને બીજા મહારથીઓનો પણ વધ કરી નાખ્યો. તેણે અશ્વકેતુ, ભોજ, કર્ણનો મંત્રી વગેરે અનેકનો વધ કરી નાખ્યો. અભિમન્યુના હાહાકારથી કૌરવોના મહારથીઓ ચિંતામાં પડી ગયા. હવે કોઈ ગુપ્ત ઉપાય જ કરવો પડશે. બધાએ મળીને તેનો રથ તોડી નાખ્યો, ધનુષ્ય તોડી નાખ્યું, ઘોડા મારી નાખ્યા, તેની ઢાલ અને તલવાર પણ તોડી નાખ્યા, હવે અભિમન્યુ શ્રીકૃષ્ણની માફક ચક્ર લઈને જ દ્રોણની સામે દોડ્યો. તે મરણિયો બન્યો હતો. કોઈ મરણિયો યોદ્ધો એકલે હાથે અનેક યોદ્ધાઓ ઉપર તૂટી પડે છે ત્યારે તેને જોવા માટે થોડી વાર સૂર્ય પણ થંભી જાય છે. જોવાનાં બે જ દૃશ્યો હોય છે. એક તો સાચા પ્રેમી યુગલને પ્રેમ તરબોળ થતું જોવું અને બીજું એકલે હાથે અનેકની સામે યુદ્ધ કરનાર પરાક્રમી પુરુષને જોવો.

દુ:શાસનનો પુત્ર હાથમાં ગદા લઈને અભિમન્યુ તરફ દોડ્યો અને શસ્ત્ર વિનાના અભિમન્યુ ઉપર પ્રહાર કર્યો. જેથી અભિમન્યુ નીચે પડી ગયો. સારો મોકો છે તેવું માનીને દુ:શાસન પુત્રે જોરથી માથા ઉપર ગદાનો પ્રહાર કર્યો એથી અભિમન્યુ બેભાન થઈ ગયો. બેભાનાવસ્થામાં તે પડ્યો હતો ત્યાં મરેલા સંહિને મારવા જેમ કાયર શિકારીઓ તૂટી પડે તેમ અનેક કૌરવયોદ્ધાઓ તૂટી પડ્યા. કૌરવોમાં આનંદ છવાઈ ગયો પણ પાંડવો ઘોર શોકમાં ડૂબી ગયા. શસ્ત્ર વિનાના એક કિશોરને છ-છ મોટા મહારથીઓ આ રીતે મારી નાખી તે અધર્મ જ કહેવાય.

ધર્મયુદ્ધમાં પણ કેટલીક વાર આવું થતું હોય છે. સૂર્યાસ્ત થઈ રહ્યો છે એટલે યુદ્ધ બંધ થયું. આજે તેરમો દિવસ હતો.

*

84. જયદ્રથવધ

જીવનમાં અનિવાર્ય રીતે એક તત્ત્વ કોઈ કોઈ વાર આવતું હોય છે અને તે છે “શોક”. શોક ઉપરથી અંગ્રેજીમાં શોક (shock) શબ્દ બન્યો હતો. જ્યાં હર્ષ હોય ત્યાં શોક હોય જ. હર્ષ દુર્લભ વસ્તુની પ્રાપ્તિથી થતો હોય છે. જેમ કે ધનપ્રાપ્તિ, પુત્રપ્રાપ્તિ, રાજ્યપ્રાપ્તિ વગેરે. આવી પ્રાપ્તિઓ સંસારમાં અવાર-નવાર થતી હોય છે. જેને જેટલી પ્રાપ્તિ મોટી તેમ શોક પણ તેટલો જ મોટો. શોક વ્યક્તિને અને પરિવારને હચમચાવી નાંખતો હોય છે. ઘણી વાર તેના કારણે વ્યક્તિ ડિપ્રેશનનો શિકાર થઈ જતો હોય છે. હતાશ-નિરાશ થઈને તે મડદાલ જીવન જીવતો થઈ જતો હોય છે.

પાંડવોની પાસે જે દુર્લભ તત્ત્વો હતાં તેમાંનું એક તત્ત્વ અભિમન્યુ હતો. આવો દુર્લભ પુત્ર પ્રાપ્ત કરીને અર્જુન અને સુભદ્રા ધન્ય ધન્ય થઈ ગયાં હતાં. મોટા ભાગે દુર્લભ વસ્તુઓ દીર્ઘજીવી નથી હોતી. અભિમન્યુનાં લગ્ન ઉત્તરા સાથે થયાં હતાં. આ કોડભરી કન્યાએ તો પૂરો સંસાર પણ જોયો નથી. ત્યાં તો તેને વૈધવ્યની પીડા આવી ગઈ. વીરવધૂઓ મોટા ભાગે અખંડ સૌભાગ્યવતી નથી હોતી. વીરપુરુષો યુદ્ધમાં કે ધીંગાણામાં શહીદ થઈ જતા હોય છે. પાછળ રોકકળ કરતી પત્ની અને બાળકોને મૂકી જતા હોય છે. વીર તો યુદ્ધમાં લડીને શહીદ થઈ ગયો. પણ તેની પત્નીને હવે જીવનભર યુદ્ધ કરવું પડતું હોય છે. હા, સામાજિક યુદ્ધ, રુઢિ અને રિવાજોનું યુદ્ધ કરવું પડે છે. વીર શહીદની વિધવાની દશા જોવા કોઈ જતું નથી. પતિવિયોગ, ધનની દરિદ્રતા, બાળકોની ચિંતા, લોફરોની સતામણી આવાંબધાં અનેક યુદ્ધો તેને જીવનભર લડવાં પડતાં હોય છે. તેની પીડાને કોણ જાણે?

અભિમન્યુના વધથી યુધિષ્ઠિર અને પૂરો પરિવાર શોકથી સંતપ્ત થઈ રહ્યો છે. આવા સમયે કોઈ સંત પુરુષ આવે અને જ્ઞાન-વૈરાગ્યની કથા સંભળાવે તો થોડી ટાઢક થાય. બીજો કોઈ ઉપાય નહિ. આવા સમયે વેદવ્યાસજી સામે ચાલીને યુધિષ્ઠિરના ત્યાં આવી ગયા. શોકપ્રસંગનું આમંત્રણ ના હોય. વગર આમંત્રણે જે આવે તેને સ્નેહી કહેવાય. શોકપ્રસંગે સ્વજનોની હાજરીથી શોક ઓછો થઈ જતો હોય છે. મહર્ષિ વ્યાસજી યુધિષ્ઠિર પાસે આવ્યા. આશ્વાસનનાં બે વાક્યો કહ્યાં, શોક ઓછો થયો અને શાન્તિ થઈ.

બીજી તરફ સંશપ્ત લોકો સાથે યુદ્ધ કરવા ગયેલો અર્જુન જ્યારે શિબિરમાં પાછો ફર્યો ત્યારે અભિમન્યુના અવસાનના સમાચાર જાણીને ભારે આઘાતમાં પડી ગયો. તેણે અભિમન્યુના મૃતદેહને રક્તથી લથબથ જોયો. યુધિષ્ઠિરે બધી વાત કહી સંભળાવી. તેથી અર્જુન ક્રુદ્ધ અને વ્યાકુળ થઈ ગયો. તેણે પ્રતિજ્ઞા કરી કે આવતીકાલે હું જયદ્રથનો વધ જરૂર કરી નાખીશ. તેણે આવેશમાં ને આવેશમાં પ્રતિજ્ઞા કરી નાખી કે “જો સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ નહિ કરું તો હું જાતે જ અગ્નિમાં બળી મરીશ.”

મુત્સદ્દી પુરુષ કદી આવેશમાં આવતા નથી. તેમજ કદી પણ કઠોર પ્રતિજ્ઞાઓ પણ કરતા નથી. મુત્સદ્દી પુરુષ બોલીને પણ કામ કરતા નથી. પણ તેમનું કામ જ બોલતું હોય છે. જીવનમાં અનાવશ્યક પ્રતિજ્ઞાઓ અને કઠોર નિયમો ના લેવા જોઈએ. જે કોઈ શક્ય હોય તે રીતે સહજ જીવન જીવવું જોઈએ.

અર્જુનની પ્રતિજ્ઞાથી જયદ્રથ અને કૌરવો ગભરાવા લાગ્યા. સૌએ મળીને જયદ્રથને સંતાડી

દીધો. બીજી તરફ પોતાના પુત્રના વધથી સુભદ્રા મહાવિલાપ કરવા લાગ્યાં. શ્રીકૃષ્ણે તેમને સાન્ત્વના આપી.

હવે મહત્ત્વનો પ્રશ્ન અર્જુનની પ્રતિજ્ઞા પૂરી કરવાનો હતો. બીજા દિવસે ઘનઘોર યુદ્ધ થઈ રહ્યું હતું. ધીરેધીરે સૂર્ય અસ્તાચળ તરફ જઈ રહ્યો હતો. જયદ્રથવધની પ્રતિજ્ઞા હજી પૂરી થઈ ન હતી. જયદ્રથનો કોઈ પત્તો ન હતો. સૂર્ય તો તીવ્ર ગતિથી અસ્તાચળ તરફ દોડી રહ્યા હતા. આવા સમયે શ્રીકૃષ્ણે વિચાર્યું કે હમણાં સૂર્યાસ્ત થઈ જશે અને અર્જુનને પ્રતિજ્ઞા પ્રમાણે જાતે જ પોતાનો અગ્નિદાહ કરી દેવો પડશે. જયદ્રથ બચી જશે. આવી ચિંતામાં તેમણે પૃથ્વી ઉપર માયાવી અંધકાર ફેલાવી દીધો. સર્વેએ જાણ્યું કે સૂર્યાસ્ત થઈ ચૂક્યો છે. કૌરવો આનંદિત થઈ ઊઠ્યા. પ્રતિજ્ઞા પ્રમાણે અર્જુનને હવે ચિતા સજાવીને પોતાની જાતને બાળી મૂકવાની હતી. તેણે ચિતા સજાવી અને મૃત્યુ માટે ચિતા ઉપર બેસી ગયો. શ્રીકૃષ્ણે સાથે ગાંડીવ પણ મૂક્યું. કૌરવો તો રાજીરાજી થઈ ગયા. હવે અર્જુન પોતે જ પોતાની મેળે બળી મરશે. તેનો અગ્નિદાહ જોવા માટે કિકિયારીઓ કરતા કૌરવો ભેગા થઈ ગયા. સાથે જયદ્રથ પણ હતો. શ્રીકૃષ્ણે તક સાધી માયાવી અંધકાર સમેટી લીધો. તરત જ આકાશમાં સૂર્ય ચમકવા લાગ્યો. હજી સૂર્યાસ્ત થયો ન હતો. શ્રીકૃષ્ણે સૂર્ય બતાવીને અર્જુનને કહ્યું કે હજી સૂર્યાસ્ત થયો નથી. આ રહ્યો જયદ્રથ. અર્જુને તરત જ ગાંડીવ લીધું અને જયદ્રથ ઉપર બાણવર્ષા કરવા લાગ્યો. જયદ્રથનું માથું કપાઈ ગયું અને દૂર તેના પિતા જ્યાં ધ્યાન કરતા હતા તેમના ખોળામાં જઈને પડ્યું. પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ. શ્રીકૃષ્ણે અર્જુનને સમજાવ્યો કે હવે ફરી કદી ઉતાવળમાં કે આવેશમાં આવી પ્રતિજ્ઞા કરતો નહિ. મુત્સદ્દી પુરુષ એવું બોલે કે તેમાં છટકબારી રહે. તેમાં ‘જો’ અને ‘તો’ આવવો જોઈએ.

27-7-10

*

85. દ્રોણવધ

સત્યના પાંચ પ્રકાર છે. (1) વિશુદ્ધ સત્ય (૨) ભાવસત્ય (3) વ્યાવહારિક સત્ય (4) સાપેક્ષસત્ય અને (૫) વૈકલ્પિક સત્ય.

સત્ય કહેવાથી સત્યની પૂરી વ્યાખ્યા થઈ જતી નથી. ઉપર જણાવ્યા પ્રમાણે તેના પાંચ ભેદ છે.

1. વિશુદ્ધ સત્ય તે છે તે જે દેશ-કાળ-પરિસ્થિતિ બદલાવા છતાં પણ બદલાતું નથી. આજે જે છે તે જ લાખ વર્ષ પહેલાં પણ હતું અને આજે જે છે તે લાખ વર્ષ પછી પણ રહેશે. આવી જ રીતે અહીં ભારતમાં જે છે તે અમેરિકા કે કોઈ બીજા દેશમાં પણ રહેશે. દેશ બદલાઈ જવાથી સત્ય બદલાતું નથી. જેમ કે 'ઈશ્વર'. હા, સાંપ્રદાયિક ઈશ્વર વિશુદ્ધ સત્ય નથી હોતો. સંપ્રદાયમાં જેને ઈશ્વર મનાય છે તે સો-બસો વર્ષ પહેલાં ન હતો. કદાચ આગળ પણ ના રહે. જે સાંપ્રદાયિક ઈશ્વર ગુજરાતમાં ધૂમ મચાવે છે તેને અન્ય દેશોમાં કોઈ ઓળખતું પણ ના હોય. આને વિશુદ્ધ સત્ય ના કહેવાય. આવા સત્ય માટે એક ખાસ શબ્દ પ્રયોજાય છે. "ઋત" "ઋતં ચ સત્યં ચાભિદ્ધાત" આ વેદમંત્રમાં ઋત અને સત્યને અલગ અલગ કહ્યાં છે.

૨. ભાવસત્ય તે છે જે શબ્દોથી હટીને બોલનારાના ભાવને કહેતું હોય છે. જેમ કે કોઈ કહે કે "ત્યાંથી મારું ઘર બે ડગલાં જ છે." અહીં ડગલાં એટલે નજીક છે એવો ભાવ છે.

3. કેટલાંક વાક્યો વ્યવહાર પૂરતાં બોલાતાં હોય છે. જેમ કે કોઈને કહીએ કે "આવજો" આ ખરેખર આવવા માટે નથી બોલાતું પણ વિવેક બતાવવા પૂરતું જ બોલાય છે. આવાં ઘણાં વાક્યો આપણે વ્યવહાર પૂરતાં બોલીએ છીએ.

4. સાપેક્ષ સત્ય તે છે જે એકની અપેક્ષાએ બીજું સત્ય હોય છે. જેમ કે કોઈ કહે કે "મુંબઈ દક્ષિણમાં છે." તે અમદાવાદ-સુરત જેવી અપેક્ષાથી દક્ષિણમાં છે, પણ પૂના-નાસિકની અપેક્ષાથી ઉત્તરમાં છે. એટલે "મુંબઈ દક્ષિણમાં છે." તે સત્ય તો છે પણ સાપેક્ષ સત્ય છે. આવી જ રીતે "આ માણસ બહુ પૈસાદાર છે, આ માણસ મોટો વિદ્વાન છે." વગેરે વાક્યો પણ કોઈની અપેક્ષાથી બોલાતાં હોય છે.

૫. વૈકલ્પિક સત્ય તે છે જે, બેમાંથી કોઈ એકને સત્ય બતાવે છે. જેમ કે, "નરો વા કુંજરો વા" કદાચ માણસ હોય કદાચ હાથી પણ હોય. અહીં 'જ' નથી આવતો. નર જ છે. હાથી જ છે તેવું નથી. આવાં વાક્યો વૈકલ્પિક સત્ય બતાવતાં હોય છે.

સત્યનાં ક્ષેત્રો એકસરખાં નથી હોતાં. ધાર્મિક ક્ષેત્ર, વ્યાપારિક ક્ષેત્ર, સમાચાર ક્ષેત્ર, રાજકીય ક્ષેત્ર, યુદ્ધ ક્ષેત્ર વગેરે અનેક ક્ષેત્રોમાં એકસરખું સત્ય બોલી શકાય નહિ. કદાચ કોઈ બોલવાનો દુરાગ્રહ રાખે તો તે પોતાના પક્ષને હાનિ કરતો થઈ શકે છે. ખાસ કરીને રાજકીય અને યુદ્ધના ક્ષેત્રમાં મુત્સદ્દી પુરુષે એવું બોલવું જોઈએ જેથી તેની પ્રામાણિકતાની છાપ પડી શકે. પણ એવું ના બોલવું જોઈએ કે તે વેદિયો છે. મૂર્ખ કે ભોટ છે તેવી છાપ ના પડવી જોઈએ. નિખાલસ વ્યક્તિ સારો રાજનેતા ના થઈ શકે, તેના ઊંડાણને જલદી પામી ના શકાય તેવો હોવો જોઈએ . એકદમ નિખાલસ રાજનેતા, છીછરાપણાની છાપ પાડી શકે છે. હા, મૈત્રીના ક્ષેત્રમાં નિખાલસતા જ મોટો ગુણ થઈ શકે છે. પ્રેમ અને મૈત્રીમાં ઊંડાણ ના શોભે.

કુરુક્ષેત્રમાં અભિમન્યુવધ થયા પછી જયદ્રથવધ થઈ ચૂક્યો છે. હજી વૃદ્ધ દ્રોણ કોઈને મચક

આપતા નથી. તે ફરીથી યુદ્ધે ચઢ્યા છે. યુદ્ધકાળમાં રોજે રોજની મંત્રણા જરૂરી થઈ જતી હોય છે. મંત્રણા કરનારા મંત્રીઓ અને સેનાપતિઓ જ યુદ્ધની દિશા નક્કી કરતા હોય છે.

દુર્યોધને દ્રોણ અને કર્ણની સાથે મંત્રણા કરી. દુર્યોધન, યુધિષ્ઠિર સાથે ભીડી ગયો. યુધિષ્ઠિરે, દુર્યોધનને પાછો હટાવી દીધો.

સામાન્ય રીતે યુદ્ધના નિયમ પ્રમાણે રાત્રે યુદ્ધ ના કરાય પણ પાંડવસેનાએ રાત્રે પણ હુમલો કરી દીધો. જેને દ્રોણે મારી હટાવ્યો. યુદ્ધકાળમાં પૂરેપૂરા નિયમોનું પાલન થતું નથી તેથી બધી રીતે સાવધાન રહેવાની જરૂર રહે છે.

દ્રોણાચાર્યે શિબિરાજાનો વધ કરી નાખ્યો, તો ભીમસેને કલિંગ રાજકુમારને મારી નાખ્યો. આ ભયંકર યુદ્ધમાં એક અક્ષોહિણી સેનાનો નાશ થઈ ગયો.

એક સમય તો એવો પણ આવ્યો કે કૃપાચાર્ય અને કર્ણ પરસ્પરમાં બાખડી પડ્યા. કેટલીક વાર ગેરસમજથી અથવા અહંને ઠેસ પહોંચાડવાથી એક જ પક્ષના માણસો અંદરોઅંદર લડી પડતા હોય છે. આવી સ્થિતિમાં સમાધાન કરાવનાર કોઈ ડાહ્યા વડીલની જરૂર રહેતી હોય છે. જે બન્નેને ઠંડા પાડીને સમાધાન કરાવે. જો આવા વડીલ ના હોય તો તણખો ભડકો થઈ શકે છે.

હવે તો યુદ્ધમાં દ્રોણપુત્ર અશ્વત્થામા પણ કૂદી પડ્યા છે. તે હાહાકાર મચાવે છે.

હવે તો દ્રોણ બરાબર વિફર્યા છે. જોત-જોતામાં તેમણે પાંડવસેનાનો નાશ કરવા માંડ્યો. દ્રોણના વિકરાળરૂપથી પાંડવો ગભરાયા. આજે શું થશે? એવામાં એક જોરદાર અફવા આંધીની માફક ફેલાવા લાગી. “અશ્વત્થામા માર્યા ગયા છે” આ વાત જ્યારે દ્રોણે જાણી તો તેઓ ભારે નિરાશ થઈ ગયા. યુદ્ધકાળમાં જ નહિ, સામાન્ય કાળમાં પણ અફવાઓ ભયંકર પરિણામ લાવતી હોય છે. કેટલાક લોકોનો અફવા ફેલાવવાનો ધંધો જ થઈ જતો હોય છે. આવા લોકો બહુ ખતરનાક પરિણામ લાવતા હોય છે.

પુત્રવધના સમાચારથી દ્રોણનો જુસ્સો મંદ પડી ગયો. પણ આ વાત સાચી જ છે તેવું માનવા તેઓ તૈયાર ન હતા. એક માત્ર વિશ્વાસપાત્ર વ્યક્તિ, યુધિષ્ઠિર હતા. તેમણે યુધિષ્ઠિરને પૂછ્યું કે “ખરેખર જે સાચું હોય તે મને જણાવો.”

ભીમે પરાક્રમ કરીને અશ્વત્થામા નામના એક હાથીને મારી નાખ્યો હતો. શ્રીકૃષ્ણ અને ભીમ વગેરેના સમજાવવાથી યુધિષ્ઠિર “અશ્વત્થામા માર્યો ગયો છે” તેવું બોલવા તૈયાર થઈ ગયા. પણ પછી ધીરેથી કહ્યું કે, ‘હાથી.... હાથી માર્યો ગયો છે.’ પાછળના શબ્દો દ્રોણે સાંભળ્યા નહિ. કેટલાક મીડિયા બહુ પ્રામાણિક હોય છે. તેમની સત્યતા ઉપર લોકો વિશ્વાસ કરતા હોય છે. યુધિષ્ઠિરનો રથ જમીનને સ્પર્શતો થઈ ગયો. પહેલાં ચાર આંગળ ઊંચો ચાલતો હતો. આ વૈકલ્પિક સત્ય હતું.

ભયંકર યુદ્ધમાં હવે દ્રોણને યુદ્ધ કરવાનો ઉત્સાહ રહ્યો ન હતો. તેમણે ધીરે ધીરે પોતાના પ્રાણોને સંકોરી લીધા. તેમણે અસ્ત્ર-શસ્ત્રનો ત્યાગ કરી દીધો અને રથના પાછલા ભાગમાં જઈને બેસી ગયા. યોગધ્યાનમાં જ તેમણે પોતાના દેહને ત્યાગી દીધો. ધૃષ્ટધુમ્ને તલવારથી તેમનું મસ્તક કાપી લીધું. મહાભારતમાં લખ્યું છે કે આ વખતે દ્રોણની ઉમ્મર ચારસો વર્ષની હતી.

અર્જુન વગેરે અનેક સેનાપતિઓએ ધૃષ્ટધુમ્નને મસ્તક કાપતાં રોક્યો હતો પણ તે ના માન્યો.

દ્રોણાચાર્યનું કપાયેલું મસ્તક ધૃષ્ટધુમ્ને તેમના પુત્ર આગળ ફેંકી દીધું. જેથી ગભરાઈને કૌરવસેના ભાગી ગઈ.

ભાગતા કૌરવ સૈનિકોએ અશ્વત્થામાને દ્રોણવધના સમાચાર આપ્યા. પિતાના મૃત્યુથી પુત્ર વિચલિત થાય તે સ્વાભાવિક છે. તે દુર્યોધન પાસે ગયો. સૌ કોઈ દ્રોણવધના સમાચારથી સ્તબ્ધ થઈ ગયા હતા. દ્રોણાચાર્યનું જ માત્ર અવસાન થયું ન હતું. તેમની સાથે ધનુર્વેદની અનેક ગુપ્તવિદ્યાઓ પણ મરી ગઈ હતી. પોતાની વિદ્યા પુત્ર અશ્વત્થામાને આપવાનો સમય જ ના મળ્યો. વિદ્વાન મરે અને વિદ્યા પણ મરી જાય જો તેને કોઈ ગ્રહણ કરનાર ઉત્તરાધિકારી ના મળે તો.

અત્યંત કુપિત થયેલા અશ્વત્થામા હવે બદલો લેવા ઉતાવળા થયા. પિતાનું છળકપટથી મૃત્યુ અને પછી તેમનું મસ્તક કાપવું આ બધું કોઈ પણ પાણીદાર પુત્ર માટે અસહ્ય જ થઈ જાય. તેમણે તરત જ પોતાનું નારાયણાસ્ત્ર પ્રગટ કર્યું.

અત્યંત ક્રોધમાં નારાયણાસ્ત્ર ભીમ ઉપર પડ્યું. શ્રીકૃષ્ણ વચ્ચે આવી ગયા. તેમણે નારાયણાસ્ત્રને ઠંડું કરી દીધું. હવે ફરીથી નારાયણાસ્ત્ર ચાલી શકે નહિ. એટલે અશ્વત્થામા ચૂપ રહ્યા પણ તેમણે બીજાં અસ્ત્રોના દ્વારા પાંડવસેનાનો કચ્ચરઘાણ કાઢવા માંડ્યો. તેમણે આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કરીને પાંડવોની એક અક્ષૌહિણી સેનાનો ધ્વંસ કરી દીધો. પણ શ્રીકૃષ્ણ અને અર્જુન ઉપર તેની કશી અસર ના થઈ. અશ્વત્થામા ચિંતિત થયા. તેવામાં વ્યાસજી આવી ગયા. તેમણે અશ્વત્થામાને શાન્ત કર્યા.

વ્યાસજીએ અર્જુનને પણ શાન્ત કર્યો, અને ભગવાન શિવનો મહિમા સંભળાવ્યો. તથા શિવજીની કૃપાથી જ અશ્વત્થામાના આગ્નેયસ્ત્રથી રક્ષણ થયું હતું તેવું સમજાવ્યું.

વ્યાસજી પોતાના આશ્રમે ચાલ્યા ગયા.

28-7-10



કર્ણપર્વ

86. કર્ણ સાથે યુદ્ધ

જીવનને સમજવું અત્યંત કઠિન છે. જો બે ને બે ચાર જેવું સરળ ગણિત હોત તો જીવન કોઈ ગાંઠ ના બન્યું હોત. પણ અહીં ઘણી વાર બધાં ગણિત ફેલ થઈ જાય છે. બધી ગણતરીઓ ખોટી પડી જાય છે. ધાર્યા કરતાં ઊલટાં જ પરિણામ આવે છે ને એક જ નહિ, સખત ઊલટાં પરિણામોની શૃંખલા લાગી જાય છે. કૌરવોની દશા બેઠી છે કે શું? રોજ ઊંધું ઊંધું જ થયા કરે છે. પુરુષાર્થમાં જરાય કચાશ રાખતા નથી છતાં પરિણામ તો વિપરિત જ આવે છે. કૌરવો પાસે સેના દોઢી છે. સેનાપતિઓ પણ મહાન છે. અસ્ત્ર શસ્ત્રો પણ ઉત્તમ છે તેમ છતાં પરાજય થયા કરે છે. પરાજયનું દુઃખ સ્વમાની માણસો માટે સર્વાધિક હોય છે તેમાં પણ પોતાના સ્વજનોના હાથે પરાજિત થવું એ તો મહાત્રાસ થઈ જાય, કોર્ટ-કચેરીમાં કે પછી રમતમાં હારવાથી પણ આઘાત લાગતો હોય છે. તો પછી સાચા યુદ્ધમાં પરાજિત થવું તો બહુ જ આઘાતજનક થઈ જાય છે.

કૌરવો સતત હારી રહ્યા છે. શું કારણ હશે? તેમનામાં તો કોઈ કમી દેખાતી નથી, પુરુષાર્થ પણ ઓછો નથી, બુદ્ધિ પણ ઓછી નથી. છતાં પરાજય થાય છે. કેટલીક બાબતો સમજથી પર હોય છે. વિવેચક તો ગમે તેમ વિવેચના કરી શકે છે. પણ તેમ છતાં કશુંક ના સમજી શકાય તેવું પણ છે.

મહાભારત યુદ્ધને પંદર દિવસ થઈ ચૂક્યા છે. બે મહાન સેનાપતિઓ ભીષ્મ અને દ્રોણ હારી ચૂક્યા છે. હવે કોણ સેનાપતિ થશે? અશ્વત્થામાનો આગ્રહ છે કે હવે કર્ણને જ સેનાપતિ બનાવો. દુર્યોધને તેમનો પ્રસ્તાવ માન્ય રાખ્યો.

કર્ણે મકરવ્યૂહ રચ્યો, પાંડવોએ અર્ધચંદ્રાકાર વ્યૂહ રચ્યો. બન્ને સેના વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. કેટલીક વાર નેતા કે સેનાપતિ બદલાવાથી લોકોમાં ભારે ઉત્સાહ પેદા થતો હોય છે.

યુદ્ધમાં ભીમસેને ક્ષેમધૂર્તિનો વધ કરી નાખ્યો. યુદ્ધ તો મડદાંનો મેળો થઈ જતો હોય છે. કાચો માણસ તો યુદ્ધ કરી ના શકે. જોઈ પણ ના શકે. આ કામ તો માત્ર વીર પુરુષોથી જ થઈ શકે. જે આ કામ કરી શકે તે જ રાજ્ય કરી શકે. મચ્છર-માખી કે ચાંચડ-માંકડ મરી જવાથી જેને અરેરાટી થાય તે રાજ્ય ના કરી શકે. હા, વ્યાપાર કરી શકે, પણ કોઈની સુરક્ષા મળે તો જ.

સાત્યકિએ વિન્દ અને અનુવિન્દનો વધ કરી નાખ્યો. દ્રૌપદી પુત્ર શ્રુતકર્મા અને પ્રતિવિન્ધ્યે મળીને ચિત્રસેન તથા ચિત્રનો વધ કરી નાખ્યો. કૌરવસેના પલાયન થવા લાગી. આવા સમયે અશ્વત્થામાએ ભીમ ઉપર હુમલો કરી દીધો. બન્નેનું યુદ્ધ એટલું પ્રચંડ થયું કે બન્ને મૂર્છિત થઈ ગયા. બન્નેને રણક્ષેત્રમાંથી પોત-પોતાના શિબિર તરફ લઈ જવામાં આવ્યા.

હવે અર્જુનનો વારો હતો. તેણે સંશપ્તકો ઉપર પ્રચંડ આક્રમણ કરી દીધું. એવામાં તો મૂર્છામાંથી જાગૃત થઈને અશ્વત્થામા ચઢી આવ્યા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અર્જુને અશ્વત્થામાને ભગાડી મૂક્યા. ચારે તરફ યુદ્ધ જ યુદ્ધ ઘમાસાણ મચી ગયું છે.

ભાગેલા અશ્વત્થામા ફરી પાછા ફર્યા અને તેમણે પાંડ્યનરેશનો વધ કરી નાખ્યો. યુદ્ધમાં બાણોની પૂર્તિ કરવા માટે રથોની પાછળ બળદગાડાં ચાલતાં હતાં. તેવાં આઠ ગાડાં અશ્વત્થામાએ હણી નાખ્યાં. આજે તો અશ્વત્થામાએ હાહાકાર મચાવી દીધો હતો તેથી દુર્યોધન

પ્રસન્ન થઈ ગયો.

યુદ્ધ એટલું ભયંકર હતું કે પાંડવો એકબીજાને જોઈ પણ શકતા ન હતા. યોદ્ધાઓ રક્તથી લથબથ થઈ જવાથી ઘૃણિત થઈ ગયા હતા. એવામાં કૌરવોની ગજસેના પાંડવો ઉપર તૂટી પડી. ત્યારે હાથીને ટેન્ક જેવું સાધન ગણતા હતા. હાથીઓના પ્રબળ આક્રમણથી વિચલિત થયા વિના પાંડવોએ પ્રચંડ સામનો કરી હાથીઓને ચારે તરફ ભગાડી મૂક્યા અને કર્ણ ઉપર હુમલો કરી દીધો. સહદેવે દુ:શાસન ઉપર હુમલો કરી તેને હરાવી દીધો.

બીજી તરફ કર્ણે નકુલ ઉપર હુમલો કરીને તેને હરાવી દીધો અને પાંચાલસેનાનો ઘોર સંહાર કરવા માંડ્યો. શકુનિ પણ પાંડવસેના ઉપર તૂટી પડ્યો. કૃપાચાર્યે ધૃષ્ટદ્યુમ્નને ભયભીત કરી દીધો. કૃતવર્માએ શિખંડીને પરાજય આપી હાંકી કાઢ્યો. અર્જુને ચિત્રસેનનો શિરચ્છેદ કરી નાખ્યો. યુધિષ્ઠિર પણ દુર્યોધન સાથે લડી પડ્યા. અને તેને હરાવી દીધો.

રાત્રે કૌરવોની સેના મળી. ધૃતરાષ્ટ્રને સમજાયું કે આ બધું દૈવયોગે થઈ રહ્યું છે. દૈવ પોતાના પક્ષે નથી તેથી આટલો બધો વિનાશ થઈ રહ્યો છે.

ફરી સવારે યુદ્ધ કરતાં પહેલાં દુર્યોધને શલ્યને કર્ણના સારથિ થવાનો આગ્રહ કર્યો. આનાકાની પછી તેણે દુર્યોધનનો પ્રસ્તાવ માની લીધો. અંતે શલ્ય સારથિ થઈને કર્ણને યુદ્ધભૂમિમાં લઈ ગયો.

પહેલાં આપેલા વચન પ્રમાણે શલ્ય વારંવાર કર્ણની ઠેકડી ઉડાવતો રહ્યો તથા પાંડવોમાં અર્જુનની પ્રશંસા કરતો રહ્યો તેથી કર્ણનો ઉત્સાહ ઘટતો રહ્યો. યુદ્ધ વખતે ઉત્સાહ જરૂરી હોય છે. શાન્તિકાળમાં આત્મમંથન જરૂરી હોય છે જેથી પોતાના પક્ષની ક્ષતિઓનું ભાન થાય.

યુદ્ધ એક વિશાળ મેદાનમાં થતું હતું તેથી અર્જુન ક્યાં છે તે જણાતું ન હતું. કર્ણે યોદ્ધાઓને લાલચ આપીને અર્જુનનું સ્થળ શોધી કાઢ્યું. બીજી તરફ કર્ણ અને શલ્ય રથ ઉપર જ બાખડી પડ્યા. કર્ણે શલ્ય તથા તેના દેશવાસીઓની નિંદા કરી. તેથી શલ્યને લાગી આવ્યું. આ વખતે કર્ણે શલ્યના દેશના પુરુષો તથા સ્ત્રીઓની જે નિંદા કરી છે તે જાણવા જેવી છે.

પંજાબની પાંચ નદીઓ તથા સિન્ધુ નદીની વચ્ચે આવેલો પ્રદેશ બાહિક કહેવાય છે. આ પ્રદેશમાં કર્ણ પહેલાં રહી આવેલો તેથી ત્યાંની સંસ્કૃતિ તથા રીતરિવાજ સારી રીતે જાણતો હતો.. ત્યાં શાકલ નામનું નગર અને આપગા નામની નદી છે. ત્યાં જતિર્ક નામના બાહિક લોકો નિવાસ કરે છે. (આ પ્રદેશ અત્યારે પાકિસ્તાનની સીમા ઉપર છે) ત્યાંના માણસો શેકેલા જવ તથા લસણની સાથે ગૌમાંસ ખાય છે. ગોળનો બનાવેલો દારૂ પીવે છે. તેમના આચાર શીલ વિનાનો હોય છે. ત્યાંની સ્ત્રી અર્ધનગ્ન દશામાં ઘર બહાર નાચતી-ગાતી ફરતી હોય છે. તે લાંબી લાંબી હોય છે અને ગધેડા જેવો અવાજ કરીને પુરુષોને આકર્ષે છે, અને લોકલજ્જા છોડીને મૈથુન પણ ખુલ્લેઆમ કરાવે છે. તે બધી સ્વચ્છંદી અને સ્વેચ્છાચારિણી થઈ ગઈ છે. જ્યારે કોઈ પર્વ કે તહેવાર આવે છે ત્યારે તો તેમનો સંયમનો બંધ તૂટી જાય છે અને પુરુષોને ઘાયલ કરવા નાચતી ફરે છે. જે દેશની સ્ત્રીઓ સ્વેચ્છાચારિણી થઈ જાય ત્યાંની સંસ્કૃતિ રસાતળમાં ચાલી જાય.

શાકલનગરમાં એક એવી જ સ્વચ્છંદી સ્ત્રી મેં જોઈ હતી જે રાત્રે ગૌમાંસ ખાઈને દારૂ પીને નગરમાં ભાન ભૂલીને રખડતી રહેતી હતી. આ લોકો માને છે કે જે લોકો ભૂંડ, મરઘી, ગાય, ગધેડા, ઊંટ અને ઘેટાંનું માંસ નથી ખાતા તેમનો જન્મ વ્યર્થ છે. આ લોકો કૂતરાના એંઠા

વાસણમાં જમે છે. તેમને ઘૃણા નથી થતી. તેમની સંતાન 'જારજ' હોય છે. આરટ્ટ નામના આ પ્રદેશમાં બાહિક પ્રજા રહે છે. ત્યાં એક દિવસ પણ રહેવાય નહિ. તે લોકોની સ્ત્રીઓ પોતાના ગુલામ દાસ લોકો સાથે સમાગમ કરીને સંતાન પેદા કરે છે. આવા આ દેશ પ્રસ્થલ, મદ્ર, (માદ્રી અહીંની હતી), ગાન્ધાર (આજનો કિંન્નોર) અથવા કંદહાર, આરટ્ટ, ખસ, વસાતિ, સંધિુ તથા સૌવીર આ બધા દેશો નિંદિત છે. (કર્ણપર્વ 44 મો અધ્યાય)

કર્ણ તો હજી પણ શલ્યને કડવી વાતો સંભળાવે છે. બાહિક પુરુષ પહેલાં બ્રાહ્મણ હોય છે, પછી ક્ષત્રિય, પછી વૈશ્ય પછી શૂદ્ર થઈ જાય છે. પછી નાઈ થઈ જાય છે. અને ફરી પાછો બ્રાહ્મણ થઈ જાય છે. આ બધા બુદ્ધિથી મંદ હોય છે. એક વાર એવું બન્યું કે કેટલાક લફંગા માણસોએ એક કન્યાનું અપહરણ કરી લીધું અને પછી તેની સાથે સામૂહિક બળાત્કાર કર્યો તેથી દુ:ખી થઈને પેલી બાલિકાએ શાપ આપ્યો કે, "હું હજી બાલિકા છું, મારા ભાઈ-બન્ધુઓની હાજરીમાં તમે મારું શિયળ લૂંટ્યું તેથી હું તમને શાપ આપું છું કે હવેથી તમારા કુળની બધી સ્ત્રીઓ શિયળભ્રષ્ટ થઈ જશે."

આપણે માનીએ કે ના માનીએ પણ ભારતમાં શિયળનું મૂલ્ય કોમવાર જુદાં-જુદાં હોય છે. જોકે બધી કોમોમાં અપવાદ તો હોય જ છે. સારામાં ખોટું અને ખોટામાં સારું એમ અપવાદ જરૂર હોય છે તોપણ કોઈ વાર મથરાવટી જુદી-જુદી હોય છે. કેટલીક કોમો એવી પણ હોય છે. જેમને શિયળ હોતું જ નથી. સગો ભાઈ કે સગો બાપ દલાલી કરતો હોય છે. તો કેટલીક કોમો એવી પણ હોય છે કે શિયળ સાચવવા માટે જીવતી બળી મરતી હોય છે. સૌ સૌની જુદી-જુદી છાપો છે.

કર્ણ, શલ્યને ફટકારી રહ્યો છે. મદ્ર અને પંચનદ દેશનો રાજા હોવાથી પ્રજાના પાપનો છઠ્ઠો ભાગ તારે પણ ભોગવવો પડશે. એક વિચિત્ર શ્લોક મહાભારતમાં આવ્યો છે.

ક્ષત્રિયસ્યમલં ભૈક્ષ્યં, બ્રાહ્મણસ્યાશ્રુતંમલમ્
મલં પૃથિવ્યાં બાહિકા: સ્ત્રીણાં મદ્રસ્તિયોમલમ્।।

(કર્ણપર્વ ૪૫-૨૩)

અર્થાત્ ક્ષત્રિયનો મલ ભિક્ષાવૃત્તિ છે, બ્રાહ્મણનો મલ છે વેદોનું અજ્ઞાન, પૃથ્વીનો મલ બાહિક લોકો છે અને સ્ત્રીઓનો મલ મદ્ર દેશની સ્ત્રીઓ છે.

કર્ણે તો આગળ જતાં ગજબ કરી નાખ્યો છે.

સ્તેના બાહિકા: સંકરા વૈ સુરાષ્ટ્રા:।।

અર્થાત્ બાહિક લોકો ચોર હોય છે અને સૌરાષ્ટ્રના લોકો વર્ણશંકર હોય છે.

કર્ણ શલ્ય ઉપર એટલો બધો નારાજ થઈ ગયો કે તેણે કહ્યું કે, "અર્જુન તથા કૃષ્ણને તો હું પછી મારીશ, પણ પહેલાં તને જ મારી નાખીશ."

હવે શલ્યનો વારો આવ્યો. તેણે કહ્યું કે, "બેસ બેસ હવે અંગ દેશના (કર્ણનો દેશ અંગ છે) લોકો તો સરેબાજાર પોતાની સ્ત્રીઓને વેચતા ફરે છે. બાકી તેં જે બાહિક દેશના દોષો બતાવ્યા તે બધા દેશોમાં જોવા મળે છે. બધા જ દેશોમાં સારા અને ખોટા એમ બન્ને પ્રકારના માણસો વસતા હોય છે.

કર્ણ અને શલ્યના ઝઘડામાં રાજા દુર્યોધન વચ્ચે પડ્યો અને બન્નેને હાથ જોડીને સમજાવીને

માંડ શાન્ત કર્યા.

28-7-10

*

87. કર્ણવધ

યુદ્ધ વિકરાળ હોય છે. જેમાં હજારો અને લાખો યોદ્ધાઓ હોમાઈ જતા હોય, જેના કારણે લાખો સ્ત્રીઓ વિધવા થતી હોય, કરોડો બાળકો અનાથ થઈ જતાં હોય, અબજોની સંપત્તિ બળીને ખાખ થઈ જતી હોય, જેના કારણે વિશ્વ સ્મશાન બની જતું હોય, લાખો લોકો વિકલાંગ થઈ જતા હોય તેવા યુદ્ધને કોણ ઉત્તમ કહી શકે? પણ સામે પ્રશ્ન પણ એ જ થાય કે તેનો વિકલ્પ શું? યુદ્ધ ના કરવાથી શું ખરેખર યુદ્ધ ટાળી શકાય છે? યુદ્ધ ટાળવાના તો શ્રીકૃષ્ણે ભરપૂર પ્રયત્નો કર્યા. નમી શકાય તેટલું નમી બતાવ્યું તેમ છતાં પણ સામો પક્ષ યુદ્ધ કરવા જ હઠીલો થયો હોય તો શું કરવું? શરણાગતિ સ્વીકારવી કે યુદ્ધ આપવું? માનો કે શરણાગતિ સ્વીકારી લીધી તેથી યુદ્ધ તો અટકી ગયું હોત પણ અત્યાચારો ના અટકત. અત્યાચારીઓની આગળ ઝૂકી જવાથી અત્યાચારો અટકતા નથી. બેફામ થઈને જ વધી જાય છે. એટલે ન ગમતું હોય તોપણ યુદ્ધ કર્યે જ છૂટકો થતો હોય છે. યુદ્ધ માત્ર વિચારોથી નથી થતું. પૂરી તૈયારીથી થતું હોય છે. પૂરી તૈયારી કરવામાં સેનાને વર્ષો લાગી જતાં હોય છે. ખરેખર તો હમણાં સેના તૈયાર જ રહેવી જોઈએ. તૈયાર સેના જ જડબાતોડ જવાબ આપી શકતી હોય છે. જડબાતોડ જવાબથી પ્રતિપક્ષ ઠંડો થતો હોય છે, પછી શાન્તિ થતી હોય છે. જેની પૂરી તૈયારી નથી હોતી તે જડબાતોડ જવાબ આપી શકતો નથી તેથી તે શાન્તિ સ્થાપિત કરી શકતો નથી. હજાર વાતની એક વાત શાન્તિ પરાક્રમથી સ્થાપિત થતી હોય છે. પરાક્રમી રાજા કે પરાક્રમી નેતાઓ આ કામ કરી શકતા હોય છે. પરાક્રમ વિનાના ઢીલા-પોચા ઠંડા નેતાઓ હાથ જોડીને શાન્તિ સ્થાપિત ના કરી શકે.

શ્રીકૃષ્ણ અને પાંડવો પરાક્રમી છે. ધર્મયુક્ત પરાક્રમ પૂજાવું જોઈએ. કોરો ત્યાગ નહિ. જે ત્યાગ પ્રજાનું પરાક્રમ છોડાવે તે ત્યાગ અંતે તો ગુલામીને જ લઈ આવે. ભારતમાં આવું જ થયું લાગે છે. જેનું પરિણામ સદીઓ સુધી પ્રજા ભોગવતી રહી છે.

કર્ણ આજે બરાબર વિફર્યો છે. એક પછી એક અનેક મહારથીઓનો સંહાર કરી રહ્યો છે. કર્ણનું ચરિત્ર ઉજ્જ્વળ છે, પણ તે કૌરવોના પક્ષમાં જોડાયો છે. તેને જોડાવું પડ્યું છે. દ્રૌપદી અને પાંડવોએ ઊભી કરેલી પરિસ્થિતિવશ તેને કુપક્ષનો સાથ લેવો પડ્યો છે. તે પૂર્ણ વફાદાર છે. તેને ફોડવાના ઘણા પ્રયત્નો થયા, પણ તેણે પોતાની વફાદારીને આંચ આવવા દીધી નથી. લાભ હોય ત્યાં સુધી જ વફાદારી બતાવનારા અને લાભ ઘટતાં કે સામા પક્ષે ઘણો લાભ મળતાં જ જે લોકો વફાદારીમાં પલટો ખાય છે તે ગદ્દાર કહેવાય છે. કર્ણ ગદ્દાર નથી. વીર છે. મહાવીર છે. આજે તે હાહાકાર મચાવી રહ્યો છે. પાંડવોના રચેલા વ્યૂહને તેણે ભેદી નાખ્યો.

યુદ્ધ પૂરા જુસ્સાથી જ નહિ, પૂરી મક્કમતાથી અને છેવટના શસ્ત્રોથી લડાવું જોઈએ. જે લોકો બીતાં બીતાં યુદ્ધ લડે છે તે પૂરાં સાધનો હોવા છતાં પણ હારી જતા હોય છે. યાહોમ કરીને કૂદી પડે તે જ પેલી પાર પહોંચતાં હોય છે. કર્ણનું પરાક્રમ ભીમથી સહન થયું નહિ. તે ગદા લઈને કૂદી પડ્યો અને કર્ણના પુત્ર ભાનુસેનનો વધ કરી નાખ્યો. ખિજાયેલા કર્ણે રાજા યુધિષ્ઠિર ઉપર આક્રમણ કરી દીધું. પણ યુધિષ્ઠિર પણ ગાંજ્યા જાય તેવા ન હતા. ભલે તે ભગત હોય પણ ભગતડું નથી. પરાક્રમી છે. તેમણે કર્ણ ઉપર વળતો પ્રહાર એવો કર્યો કે કર્ણ મૂર્છિત થઈ ગયો. મૂર્છામાંથી જાગૃત થતાં જ કર્ણ પાછો યુધિષ્ઠિર ઉપર તૂટી પડ્યો અને જોતજોતામાં યુધિષ્ઠિરને હરાવી દીધા. પાંડવોની સેનાને ભગાડી મૂકી. ત્યાં તો ભીમસેન આવી ગયો. ભીમે

એવું પરાક્રમ બતાવ્યું કે કર્ણને ભાગવું પડ્યું. ભીમે ધૃતરાષ્ટ્રના છ પુત્રોનો વધ કરી નાખ્યો. ધૃતરાષ્ટ્રને સો પુત્રો છે. ઘણા પુત્રો હોય તેને વારસદારની ખોટ ના પડે. જેણે શત્રુઓ સાથે યુદ્ધો જ કરવાં હોય તેણે ઘણા પુત્રો પેદા કરવા જોઈએ. “બે બસ કરીને બેસી જાય તે યોદ્ધાઓ ના હોય તે વ્યાપારીઓ હોય. યોદ્ધાઓ તો મરવા માટે જ જન્મતા હોય છે. ટૂંકું જીવન જીવીને તે શહીદ પણ થતા હોય છે. વ્યાપારીઓ, શહીદ ના થાય, તેમની ખાંભીઓ ના હોય, ખાંભીઓ શહીદોની હોય. ભીમે એવો સપાટો બોલાવ્યો કે કૌરવસેના ઊભી પૂંછડીએ ભાગવા માંડી.

હવે અર્જુનનો વારો આવ્યો. જોત-જોતામાં તેણે પણ કૌરવસેનામાં પ્રલય મચાવી દીધો. કૌરવ પક્ષના કૃપાચાર્ય પણ ઊતરી પડ્યા. તેમણે ભીષ્મહન્તા શિખંડીને હરાવી દીધો. અશ્વત્થામા પણ શું કામ પાછો રહે? તેમણે સાત્યકિના સારથિનો વધ કરી નાખ્યો. અને યુધિષ્ઠિરને ભગાડી મૂક્યા.

નકુલ-સહદેવે દુર્યોધન સામે યુદ્ધ કર્યું. ધૃષ્ટદ્યુમ્ને દુર્યોધનને હરાવી દીધો. શ્રીકૃષ્ણે અર્જુનને વધુ ને વધુ ઉશ્કેર્યો અને હવે વાર ના કરતાં જલદીથી કર્ણનો વધ કરવાની આજ્ઞા આપી. કર્ણ હાહાકાર મચાવતો હતો. તેણે યુધિષ્ઠિર ઉપર એટલો પ્રચંડ હુમલો કર્યો કે યુધિષ્ઠિરને પોતાની છાવણીમાં ચાલ્યા જવું પડ્યું.

કર્ણે ભાર્ગવાસ્ત્રનો પ્રયોગ કરીને પાંચાલોનો નાશ કરી નાખ્યો. યુધિષ્ઠિર આરામ કરવા છાવણીમાં ગયા હતા ત્યાં શ્રીકૃષ્ણ અને અર્જુન ચાલ્યા ગયા. યુદ્ધની લગામ ભીમને સોંપી દીધી હતી. ત્યાં તો યુધિષ્ઠિર અને અર્જુન પરસ્પરમાં બાખડી પડ્યા તે એટલી હદે કે અર્જુન યુધિષ્ઠિરનો વધ કરવા તૈયાર થઈ ગયો. યુદ્ધભૂમિનું વાતાવરણ વ્યક્તિના મૂડને પ્રભાવિત કરતું હોય છે. ક્યારે કોણ પોતાના જ સાથી ઉપર ગોળી ચલાવી દે તે કહેવાય નહિ. શ્રીકૃષ્ણ વચ્ચે પડ્યા અને માંડ છોડાવ્યા. એક વચ્ચે પડનારો માણસ જોઈએ. જે બગડેલા મૂડ વખતે વાતને સમાવી શકે. શ્રીકૃષ્ણના સુપ્રયત્નોથી બન્ને ભાઈઓમાં સુમેળ થઈ ગયો.

આ બાજુ ભીમ અને દુ:શાસન ઘોર યુદ્ધ કરવા લાગ્યા હતા. બન્ને બળવાન હતા. પણ દુ:શાસન ઘમંડમાં દ્રૌપદીના ચીરહરણની વાત સંભળાવીને ભીમને ધિક્કારવા લાગ્યો. પોતે કેવી બહાદુરી કરી હતી તે વાત કડવાશથી કહેવા લાગ્યો. ભીમસેનથી દુ:શાસનનાં કડવાં અને ધિક્કારયુક્ત વાક્યો સહન ના થયાં. તેણે જોરથી ઘુમાવીને ગદા મારી તો દુ:શાસન જમીન ઉપર ઢળી પડ્યો. તરત જ ભીમે તલવાર વડે તેનું મસ્તક કાપી નાખ્યું. તેમાંથી રક્તની પ્રચંડ ધારા વહેવા લાગી. ઉન્મત થયેલો ભીમ ખોબે ને ખોબે તે રક્ત પીવા લાગ્યો અને બૂમો પાડવા લાગ્યો. “દ્રૌપદી, દ્રૌપદી, દોડ-દોડ જો મેં આ દુ:શાસનને ઢાળી દીધો છે. તેના ઊના-ઊના ખળખળતા લોહીમાં તારા વાળ ધોઈ લે. હે જોગણી, મેં તારી પ્રતિજ્ઞા પૂરી કરી છે. જે હાથોએ તારી સાડી ખેંચી હતી તે હાથ મેં કાપી નાખ્યા છે. દોડ … દોડ… જલદી આવ.” આવી ચીસો પાડીને ભીમે કહ્યું કે—

“માતાનું દૂધ, મધ, ઘી, માખણ વગેરે અનેક રસોનો રસાસ્વાદ લીધો છે. પણ આવું સ્વાદિષ્ટ પેય આજ સુધી પીધું નથી. આ દુ:શાસનના લોહીનો સ્વાદ સૌથી અધિક છે.” પાણીદાર પતિ જ પાણીદાર પત્નીની પ્રતિજ્ઞા પૂરી કરી શકતો હોય છે. તેર વર્ષથી દ્રૌપદીએ વાળ ઓળ્યા નથી. તેની પ્રતિજ્ઞા હતી કે જ્યાં સુધી દુ:શાસનના લોહીમાં વાળ નહિ ધોઉં ત્યાં સુધી વાળ ઓળીશ નહિ. આજે હવે તેની પ્રતિજ્ઞા ભીમ પૂરી કરાવી રહ્યો છે. વીર સ્ત્રીઓ પરાક્રમપ્રેમી હોય છે.

અશ્વત્થામાએ દુર્યોધનને સમજાવ્યો કે કૌરવોનો ભયંકર વિનાશ થઈ રહ્યો છે. હવે તો સંધિ

કરવી જોઈએ. યુદ્ધવિરામ કરાવો અને સંધિ કરો પણ દુર્યોધન માન્યો નહિ.

આ બાજુ કર્ણ અને અર્જુન વચ્ચે ઘમાસાણ યુદ્ધ જામ્યું હતું. ત્યાં તો કર્ણના રથનું પૈડું કાદવમાં ખૂંચી ગયું. ઘણા પ્રયત્નો છતાં પૈડું બહાર નીકળતું ન હતું. તેથી રથની નીચે ઊતરીને કર્ણ પૈડું બહાર કાઢવા લાગ્યો. આ વખતે તેણે અર્જુનને કહ્યું કે, “ધર્મ કહે છે કે શસ્ત્રહીન ઉપર પ્રહાર કરાય નહિ. હું અત્યારે શસ્ત્ર વિનાનો છું એટલે તું પ્રહાર કરતો નહિ.”

આ સમયે શ્રીકૃષ્ણે કર્ણને જે ઉત્તર આપ્યો તે યાદ રાખવા જેવો છે. “જરૂર પડે ત્યારે શેતાન પણ બાઈબલનું ઉદાહરણ આપતો હોય છે તેમ તું પણ હવે ધર્મની વાતો કરવા માંડ્યો છે. હું તને પૂછું છું કે જ્યારે સભા વચ્ચે રજસ્વલા દ્રૌપદીનાં ચીરહરણ કરવા તેને ઢસેડીને લાવવામાં આવી હતી ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?”

જ્યારે યુધિષ્ઠિરને છળકપટથી શકુનિએ જુગારમાં હરાવ્યો હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?

તેર વર્ષ પૂરા કરવા છતાં પણ જ્યારે પાંડવોનું રાજ્ય પાછું આપ્યું ન હતું ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?

જ્યારે તારી સલાહથી દુર્યોધને ભીમસેનને ઝેર આપી નદીમાં ફેંકી દીધો હતો અને સર્પોથી ડંખ દેવડાવ્યા હતા ત્યારે તારો ધર્મ ક્યાં હતો?

જ્યારે પાંડવો લાક્ષાભવનમાં ભરનિદ્રામાં હતા ત્યારે તમે આગ લગાડી હતી ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?

ભરી સભામાં જ્યારે દુ:શાસન દ્રૌપદીનાં ચીર ખેંચતો હતો ત્યારે તેં જે મશ્કરી કરી હતી ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?

યાદ છે જ્યારે દ્રૌપદીને તેં કહ્યું હતું કે પાંડવો તો હવે મરી ચૂક્યા છે. તે તો બધા નરકમાં ગયા છે. હવે કોઈ નવો પતિ ચૂંટી લે. આવું કહીને તું બૂરી નજરથી જોતો હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?

જ્યારે અર્જુનને અન્યત્ર મોકલીને બાળક અભિમન્યુને તમે બધાએ મળીને મારી નાખ્યો હતો ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?”

આ રીતે શ્રીકૃષ્ણે કર્ણના ઉપર પ્રશ્નોની ઝડી લગાવી દીધી. કર્ણે માથું નીચું કરી લીધું. તે કાંઈ જવાબ આપી શક્યો નહિ. તે ફરીથી યુદ્ધ કરવા લાગ્યો. તેના એક ભયંકર બાણથી અર્જુનને ચક્કર આવી ગયા. આવા સમયે તેણે રથ ઉપરથી નીચે ઊતરીને પૈડાને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો પણ તે નીકળ્યું નહિ.

અર્જુને અતિ ભયંકર આંજલિક નામનું બાણ ચઢાવીને કર્ણને માર્યું. જેનાથી કર્ણ વીંધાઈ ગયો. તેનું માથું ધડથી જુદું થઈ ગયું. પાંડવોમાં જયજયકાર થઈ ગયો. અને કૌરવોમાં હાહાકાર થઈ ગયો. સૌ પોતપોતાના શિબિરમાં ચાલ્યા ગયા.

29-7-10

*

શલ્યપર્વ

88. શલ્યવધ અને ભીમ-દુર્યોધન ગદાયુદ્ધ

યુદ્ધનાં ત્રણ પાસાં છે. (1) શાંતિ માટે પ્રાથમિક મંત્રણા (2) મંત્રણા નિષ્ફળ જાય તો અનિવાર્ય યુદ્ધ અને (3) યુદ્ધમાં સ્પષ્ટ પરાજય દેખાય તો સંધિ કરી જે બચે તેવું હોય તેને બચાવી લેવું.

કૌરવો-પાંડવો પહેલાં બે ઘટકોથી પાર થઈ ગયા છે. શાંતિ મંત્રણા કૌરવોએ જ નિષ્ફળ બનાવી. પછી યુદ્ધ પણ તેમણે જ ઊભું કર્યું. પણ યુદ્ધમાં સતત પરાજય પામવાથી હવે બીજી કક્ષાએ સૌ પહોંચી ગયા હતા. હજી પણ યુદ્ધ કરીને સર્વનાશ થઈ જવા દેવું કે પછી જે બચ્યું છે તેનું રક્ષણ થાય તેવી સંધિ કરી યુદ્ધને શાંત કરવું. અંગ્રેજો પાસેથી યુદ્ધકળા શીખવા જેવી છે. તે વિનાશ માટે યુદ્ધ નથી કરતા, સંધિ માટે યુદ્ધ કરે છે. પ્રતિપક્ષ પરાજયની સ્થિતિમાં આવી જાય કે તરત જ સંધિવાર્તા ચાલુ થઈ જાય અને અંતે સંધિ થઈ જાય. રાજપૂતો સંધિ નથી કરી શકતા. તે આ પાર કે પેલી પારની લડાઈ લડે છે. મુસ્લિમો સર્વનાશની લડાઈ લડે છે. અને કદાચ સંધિ કરે તોપણ પરાજિત પક્ષની માનહાનિ થાય તેવી સંધિ કરે છે. જેથી સ્થાયી શાંતિ થઈ શકતી નથી.

એક પ્રશ્ન છે કે યુદ્ધ શા માટે કરવું જોઈએ? સર્વનાશ માટે, શત્રુનાશ માટે, શત્રુને વશ કરવા માટે કે પછી શત્રુને મિત્ર બનાવી લેવા માટે. છેલ્લો વિકલ્પ અંગ્રેજોનો છે. શત્રુને પણ મિત્ર બનાવીને તેની પાસેથી પોતાના હિતનું કામ લઈ શકાય છે. આ અંગ્રેજનીતિ રહી છે.

કૌરવોને સ્પષ્ટ દેખાયું કે હવે અમારી હાર નિશ્ચિત જ છે. જીતવાની કોઈ જ શક્યતા નથી. પછી યુદ્ધ ચાલુ રાખવાનો શો અર્થ છે?

પ્રત્યેક પક્ષમાં થોડાક તો ડાહ્યા લોકો હોતા જ હોય છે. કૌરવોના પક્ષમાં પણ કૃપાચાર્ય હજી બચ્યા છે. તે ડાહ્યા છે. શાણા છે. તેમને ભવિષ્ય સ્પષ્ટ દેખાવા લાગ્યું છે. તેમણે દુર્યોધનને ખૂબ સમજાવ્યો કે હવે સંધિ કરી લે. જેટલું બચે તેટલું બચાવી લે, પણ દુર્યોધન ના માન્યો. હજી પણ તેની હઠ ચાલુ જ રહી.

દુર્યોધને અશ્વત્થામાની સલાહ લીધી કે હવે કોને સેનાપતિ બનાવીશું. અશ્વત્થામાએ સલાહ આપી કે હવે યુદ્ધ કરવું જ હોય તો શલ્યને સેનાપતિ બનાવો. દુર્યોધને હવે શલ્યને સેનાપતિ બનાવ્યો.

શલ્ય પોતાની બચેલી સેના લઈને રણમેદાનમાં પહોંચી ગયો. શ્રીકૃષ્ણે આજે શલ્યને હણી નાખવા અર્જુનને સમજાવ્યો. બંને સેના વચ્ચે ઘમાસાણ યુદ્ધ થયું. પાંડવોના પ્રબળ આક્રમણ આગળ કૌરવસેના ટકી શકી નહિ. તે ભાગી ગઈ. નકુલે કર્ણના ત્રણ પુત્રોનો વધ કરી નાખ્યો.

શલ્યે ભયંકર પરાક્રમ બતાવ્યું. ભીમની સાથે તેની બરાબર જામી ગઈ. યુધિષ્ઠિર પણ શલ્ય સાથે યુદ્ધ કરવા આવી પહોંચ્યા. શલ્ય પરાજિત થઈ ગયો. યુધિષ્ઠિરે તેનો વધ કરી નાખ્યો. શલ્યની સેનાનો પણ વધ થઈ ગયો. બાકી જે બચ્યા તે ભાગ્યા. શાલ્વનો વધ સાત્યકિ દ્વારા થઈ ગયો. ભીમે એકવીસ હજાર યોદ્ધાઓનો સંહાર કરી નાખ્યો. કૌરવોના સાતસો રથોનો કચ્ચરઘાણ નીકળી ગયો. સાત્યકિએ સંજયને પકડી લીધા. ભીમે ધૃતરાષ્ટ્રના અગિયારપુત્રોનો વધ કરી નાખ્યો અને સેનામાં ભારે સંહાર કરી નાખ્યો. શ્રીકૃષ્ણ અર્જુનને રથમાં બેસાડીને

સમરાંગણમાં ફરી રહ્યા છે. ભીમે ધૃતરાષ્ટ્રના પુત્ર સુદર્શનનો અંત કરી નાખ્યો. સહદેવે બધા ઝઘડાનું મૂળ શકુનિનો વધ કરી નાખ્યો. પ્રત્યક્ષ યુદ્ધ કરનાર કરતાં પાછળ રહીને સલાહ આપીને યુદ્ધ કરાવનારનો અંત કરવો સર્વોચ્ચ પ્રાથમિક હિત કહેવાય.

પાંડવો આજે બરાબર વિફર્યા હતા. તેમણે પૂરી કૌરવસેનાનો વધ કરી નાખ્યો. આ ઘમાસણમાં સંજય કેદમાંથી છૂટી ગયો અને સમાચાર આપવા સીધો ધૃતરાષ્ટ્રની પાસે પહોંચી ગયો.

હવે દુર્યોધન ભયભીત થઈ ગયો. તે એક સરોવરમાં પેસી ગયો. વનના શિકારીઓ દ્વારા સમાચાર મળતાં યુધિષ્ઠિર સરોવર કિનારે પહોંચી ગયા. ત્યાં આવેલા કૃપાચાર્ય વગેરે યુધિષ્ઠિરને જોઈને દૂર ચાલ્યા ગયા. શ્રીકૃષ્ણ પણ અહીં દ્વૈપાયન સરોવર પહોંચી ગયા. અંતે દુર્યોધન તળાવમાંથી બહાર નીકળ્યો અને કોઈ પણ એક પાંડવ સાથે ગદાયુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. યુધિષ્ઠિરે દુર્યોધનની શરત માન્ય કરી લીધી, પણ શ્રીકૃષ્ણે તેમને બરાબર સમજાવવા પ્રયાસ કર્યો કે ભીમ સિવાય ગદાયુદ્ધમાં દુર્યોધનને કોઈ જીતી શકે તેમ નથી. પછી ગમે તે પાંડવની શરત કેમ માન્ય રાખી? યુધિષ્ઠિર કુશળ રાજનેતા નથી. તે સારો ભલો માણસ છે. ધર્માત્મા પણ છે. પણ મુત્સદ્દી કુશળ સેનાપતિ નથી. તેથી ભૂલ કરી બેઠા. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું કે “એક વાર જુગાર રમીને તમે મોટી ભૂલ કરી હતી. હવે આજે તેનાથી પણ બહુ મોટી ભૂલ કરી બેઠા છો. દુર્યોધન ગદાયુદ્ધમાં ભીમ કરતાં પણ વધુ નિપુણ છે. તમારી તો કોઈ હસ્તિ જ નથી. ભીમ બળવાન છે. પણ દુર્યોધન અભ્યાસી છે. બળવાન કરતાં અભ્યાસી વધુ શ્રેષ્ઠ કહેવાય. મોટું અને બળવાન સૈન્ય બેઠું બેઠું પગાર ખાય તેના કરતાં નાનું પણ અભ્યાસમાં રત રહેનારું સૈન્ય ખરા સમયે જીતી જતું હોય છે. સૈનિકોને કદી નવરા બેસાડી ના રખાય. જેમ સંગીતકાર રોજ કલાક સુધી રિયાઝ કરે છે. તેમ સેનાએ પણ રોજ નવા નવા અભ્યાસ કરતા રહેવું જોઈએ. મીઠો મધુર કંઠ હોય પણ રિયાઝ ના હોય તો ખરા સમયે ઉધરસ ખાવા લાગે. સંગીત જામે નહિ તેમજ સેના પણ અભ્યાસ વિનાની ખરા સમયે હારી જતી હોય છે.

પછી તો ભીમ અને દુર્યોધનનું ગદાયુદ્ધ થવાનું નક્કી થયું. ઘણી જીભાજોડી કર્યા પછી બંને ગદાઓ લઈને કૂદી પડ્યા અને એકબીજાને ફટકારવા લાગ્યા. ઘણા સમય સુધી ગદાયુદ્ધ થવા છતાં પણ ન તો કોઈ જીતતું હતું ના કોઈ હારતું હતું. અંતે અર્જુને જાંઘ ઉપર તાલ ઠોકીને ભીમને ઇશારો કર્યો કે જાંઘમાં ગદા માર. ભીમ સમજી ગયો. તેણે જોર કરીને બંને હાથોથી દુર્યોધનની જાંઘ ઉપર ભયંકર પ્રહાર કર્યો? ભીમને વારંવાર ધિક્કાર કરવા લાગ્યા.

છેવટે બધા કૌરવ શિબિરમાં ગયા. કબજો લીધો. કારણ કે શિબિર ખાલી પડ્યું હતું. બધા મરી ચૂક્યા હતા. ત્યાં માત્ર સ્ત્રીઓ અને વૃદ્ધ મંત્રીઓ જ રહી ગયા હતા. બધા શરણે આવ્યા. અર્જુનના રથ ઉપરથી શ્રીકૃષ્ણ નીચે ઊતર્યા કે તરત જ તે બળીને ખાખ થઈ ગયો.

શ્રીકૃષ્ણ હસ્તિનાપુર ગયા. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને આશ્વાસન આપ્યું. પછી પાછા પોતાના શિબિરમાં યુધિષ્ઠિર પાસે આવી ગયા.

દુર્યોધન હજી મર્યો ન હતો. તે તડપતો હતો. તેની જાંઘ તૂટી જવાથી ઊભો થઈ શકતો ન હતો. ત્યાં અશ્વત્થામા આવી પહોંચ્યા. તેમણે બદલો લેવાની પ્રતિજ્ઞા કરી અને પોતે સેનાપતિ થઈ ગયા.

29-7-10

*

89. અશ્વત્થામા અને પાંડવસેનાનો સંહાર

જીવનમાં સત્તા ભોગવ્યા પછી સત્તાનો અનિચ્છાએ ત્યાગ કરવો પડે તો તે મહાદુ:ખદાયી થઈ જાય છે. સંસારનું સર્વોચ્ચ સુખ 'સત્તા' છે. વ્યક્તિ જ્યાં કોઈ જગ્યાએ હશે ત્યાં સત્તા પોતાના હાથમાં રહે તેવું ઇચ્છતો. પરિવારમાં પતિના હાથમાં સત્તા હશે અને પત્ની આજ્ઞાપાલન કરતી હશે તો જ પતિ સુખી હશે. બાપની સત્તા બાળકો ઉપર ચાલતી હશે તો જ બાપ સુખી હશે. સાસુની સત્તા વહુ ઉપર હશે તો જ સાસુ સુખી હશે. રાજાની સત્તા પ્રજા ઉપર ચાલતી હશે તો જ રાજા સુખી હશે. સત્તા વિનાનો માણસ પરાધીન હશે. પરાધીનતા સુખદાયી ના હોય.

કૌરવોની સત્તા ચાલી ગઈ. ધૃતરાષ્ટ્રને પુત્રોના મરણ કરતાં પણ વધુ આઘાત હવે પાંડવોને આધીન રહેવું પડશે તેનો લાગી રહ્યો છે. જે પાંડવો સાથે તેણે ઘણો અન્યાય-અધર્મ કર્યો છે તેમનો આપેલો ટુકડો હવે ખાવો પડશે તેનું મહાદુ:ખ થઈ રહ્યું છે. સત્તા અને સંપત્તિમાં છકી ગયેલો માણસ બેફામ બોલે તો આગળ જતાં તેનું જ બોલેલું તેને આડું આવતું હોય છે. દિવસો બદલાતાં વાર નથી લાગતી. બધા ચોસોમાં સત્તાનો ચોસ સર્વાધિક પ્રબળ હોય છે. ખુરશીનો સ્વાદ ચાખ્યા પછી ખુરશી છોડવી ગમતી નથી. જે સર્પની કાંચળીની માફક સત્તાની કાંચળી ઉતારી ફેંકી શકે છે તે જ્ઞાની જ નહિ મહાજ્ઞાની જ કહેવાય. તે ખોટો દુ:ખી નથી થતો.

ધૃતરાષ્ટ્રે, સંજયની આંખે પૂરું યુદ્ધ જોયું, બધું ખેદાન-મેદાન થઈ ગયું. હવે માત્ર ધૃતરાષ્ટ્ર અને ગાંધારી બે જ રહી ગયાં. સોએ સો પુત્રો મરી ચૂક્યા છે. કોઈ શ્રાદ્ધ નાખનારું પણ રહ્યું નથી. હવે પાંડવોનું ઓશિયાળું જીવન જીવવું પડશે તેનો સંતાપ થઈ રહ્યો છે.

શલ્ય અને દુર્યોધનના વધ પછી બધા જ યોદ્ધાઓ સમાપ્ત થઈ ગયા. દુર્યોધનની ઇચ્છા પ્રમાણે હવે અશ્વત્થામાને સેનાપતિ પદ અપાયું છે. તે સેના વિનાનો સેનાપતિ થયો કહેવાય. હવે માત્ર ત્રણ જ યોદ્ધાઓ બચ્યા હતા. 1. અશ્વત્થામા 2. કૃપાચાર્ય અને 3. કૃતવર્મા. ત્રણે જીવ બચાવીને યુદ્ધભૂમિમાંથી ભાગ્યા. ક્યાં જવું? મોટો પ્રશ્ન. તેઓ ત્રણે વનના ગહનભાગમાં જઈને એક ઘટાટોપ વડની નીચે રાતવાસો કરવાનું નક્કી કર્યું. થોડી જ વારમાં ઘોર અંધકાર ભરી રાત્રી આવી પહોંચી.

અશ્વત્થામાએ જોયું તો વડ ઉપર ઘણા કાગડા રાત્રીવિશ્રામ કરી રહ્યા હતા. તેવામાં એક ઘુવડ ત્યાં આવી પહોંચ્યું. તેણે ચૂપચાપ સૂતેલા કાગડાઓને મારી નાખ્યા. આ ભયંકર દૃશ્ય જોઈને અશ્વત્થામાએ તેમાંથી પ્રેરણા લીધી. શત્રુઓ ભલે મોટી સંખ્યામાં હોય પણ જો તે સૂતા હોય ત્યારે ઓચિંતાનો હુમલો કરવામાં આવે તો એકલો માણસ પણ ઘણી હાનિ પહોંચાડી શકે છે. મેં મરતા દુર્યોધન આગળ પાંડવોના વધની પ્રતિજ્ઞા કરી પણ હવે પૂરી કેવી રીતે થાય છે? જો હું ઘુવડની માફક સૂતેલા ઉપર હુમલો કરું તો જ પ્રતિજ્ઞા પૂરી થાય. આવું વિચારીને તેણે કૃપાચાર્ય તથા કૃતવર્માને જગાડીને પોતાના વિચાર જણાવ્યા. હતાશ-પરાજિત વ્યક્તિ બદલો લેવા ગમેતેવા હલકા ઉપાયો પણ કરતો હોય છે.

ત્રણેએ ભારે વિચાર-વિમર્શ કર્યો. બદલો તો લેવો જ છે. બધી આગોમાં બદલાની આગ સૌથી પ્રબળ હોય છે. ત્રણે પાંડવોના શિબિર તરફ પ્રસ્થાન કર્યું. જોકે કૃપાચાર્યે સૂતેલા માણસોને મરાય નહિ તેવી વિવેકભરી વાત અશ્વત્થામાને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ અશ્વત્થામા પોતાના નિર્ધાર ઉપર મક્કમ રહ્યો. તે એકલો જ પાંડવોના શિબિર તરફ ચાલી નીકળ્યો. પેલા બંને પણ

"આ જરૂર આજે કંઈક કરશે" એમ ધારીને પાછળ-પાછળ ચાલતા થયા. પણ બંનેને દરવાજે રોકીને અશ્વત્થામાએ તેમને સમજાવ્યું કે જે યોદ્ધાઓ આ દ્વારેથી ભાગે તેમને તમે પતાવી દેજો. હું એકલો જ અંદર જાઉં છું. સૌથી પહેલાં તે પાંચાલોના શિબિરમાં ગયો. ત્યાં ધૃષ્ટધુમ્ન સૂતો હતો. તેને ઠોકર મારીને જગાડ્યો, ધૃષ્ટધુમ્ન જાગતાં અશ્વત્થામાને ઓળખી ગયો. તેણે ધૃષ્ટધુમ્નને પટકી પટકીને મારી નાખ્યો. તે પછી તે બીજી શિબિરમાં ગયો ત્યાં ઉત્તમૌજા સૂતો હતો તેને પણ મારી નાખ્યો. ત્યાં યુધામન્યુ પહોંચી ગયો. અશ્વત્થામાએ તેને પણ મારી નાખ્યો પછી તો જે જે મહારાથીઓ હાથમાં આવ્યા તે બધાનો વધ કરતો ગયો. દ્રૌપદીના પાંચે પુત્રોને ઊંઘમાં જ યમલોક મોકલી આપ્યા. શિબિરમાં મોટો ખળભળાટ થવા લાગ્યો. લોકો ભાગવા લાગ્યા. દરવાજા ઉપર ઊભેલા કૃપાચાર્ય અને કૃતવર્મા એ બધાને યમસદન પહોંચાડતા રહ્યા. લોકો સમજાવતા રહ્યા કે આ કોઈ રાક્ષસ અથવા ભૂત છે.

પૂરા શિબિરનો સંહાર કરીને અશ્વત્થામા શાંત થયો અને પછી દરવાજેથી બહાર નીકળ્યો. ત્રણે દુષ્ટો મળ્યા અને ખુશ થયા. તે ત્રણેય દુર્યોધન પાસે ગયા. દુર્યોધન હજી જીવતો હતો તેને બધા સમાચાર સંભળાવ્યા. પાંડવ શિબિરમાં સૂતેલા બધા વીરોની હત્યા થઈ ગઈ છે તે જાણી દુર્યોધનને આનંદ અને શાંતિ થઈ. હવે તેણે શાંતિથી પ્રાણ છોડ્યા. બદલાની આગ શાંત થઈ.

સવાર થયું અને યુધિષ્ઠિરને બધા સમાચાર મળ્યા. સૌ ભારે વ્યથિત થઈ ગયાં. વિજયનો આનંદ શોકમાં બદલાઈ ગયો. શિબિરમાં થોડીક પણ અસાવધાનીથી કેટલી ભયંકર હાનિ થઈ શકે છે. તેનું આ જીવંત ઉદાહરણ હતું. ચારે તરફ રોકકળ મચી ગઈ. દ્રૌપદી પોતાના પાંચ પુત્રોનાં શબ જોઈને આકુળ-વ્યાકુળ થઈ ગઈ. યુધિષ્ઠિરને એટલો બધો શોક લાગ્યો કે તે ધરતી ઉપર ઢળી પડ્યા. તે બોલ્યા, "અરે, અમે જીતીને પણ હારી ગયા."

દ્રૌપદીના વિલાપથી વ્યથિત થઈને ભીમ ઊભો થયો અને અશ્વત્થામાને મારી નાખવા ચાલી નીકળ્યો. શ્રીકૃષ્ણ પરિસ્થિતિને સમજી ગયા. તેમણે ભીમની રક્ષા કરવાના પ્રયત્ન કર્યાર્. કારણ કે અશ્વત્થામા પાસે હજી ઘણાં દિવ્યાસ્ત્ર છે. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર અને અર્જુન ભીમની પાછળ-પાછળ ગયા. શ્રીકૃષ્ણના કહેવાથી અર્જુને પોતાનું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામા ઉપર છોડ્યું. તો અશ્વત્થામાએ પણ પોતાનું ભયંકર અસ્ત્ર પાંડવો ઉપર છોડ્યું. આ વખતે મહર્ષિ વ્યાસજી બંને ભયંકર અસ્ત્રો વચ્ચે આવીને ઊભા થઈ ગયા. બંને અસ્ત્રો અટકી ગયાં. વ્યાસજીના કહેવાથી અર્જુને પોતાનું બ્રહ્માસ્ત્ર નિષ્ફળ બનાવી દીધું. પણ અશ્વત્થામાએ પોતાનું દિવ્યાસ્ત્ર પાછું ના વાળ્યું. તેણે તે અસ્ત્ર પાંડવોના ગર્ભ ઉપર ચલાવી દીધું. પાંડવોના વંશમાં હવે માત્ર અભિમન્યુની પત્ની ઉત્તરાનો ગર્ભ જ બચ્યો હતો. આ ગર્ભનો સંહાર થઈ જાય તો પાંડવોનો વંશ સમાપ્ત થઈ જાય. આવી ધારણાથી અશ્વત્થામાએ ઉત્તરાના ગર્ભ ઉપર અસ્ત્રનો પ્રહાર કર્યો હતો. અશ્વત્થામાના આ હીનકાર્યથી શ્રીકૃષ્ણ કુપિત થઈ ઊઠ્યા અને શાપ આપ્યો કે "ત્રણ હજાર વર્ષ સુધી એકલો જ ભટકતો ફરીશ. તને કોઈ આશરો નહિ આપે" લોકો માને છે કે હજી આજે પણ અશ્વત્થામા એકલા જ ભટકી રહ્યા છે.

શ્રીકૃષ્ણે ઉત્તરાના ગર્ભનું રક્ષણ કર્યું. અને અશ્વત્થામાના દિવ્યાસ્ત્રને નિષ્ફળ બનાવી દીધું. સૌએ અશ્વત્થામાને ફિટકાર આપ્યો, ધિક્કાર છે. બ્રાહ્મણ થઈને સૂતેલાને માર્યા અને છેવટે ગર્ભ ઉપર પ્રહાર કર્યો. ધિક્કાર છે. ધિક્કાર છે.

અશ્વત્થામા નિરાશ થઈને વનમાં ચાલ્યો ગયો. અશ્વત્થામા પાસે મણિ હતો તે પડાવીને દ્રૌપદીને આપી દીધો. દ્રૌપદીએ શ્રીકૃષ્ણને તે પાછો આપ્યો. શ્રીકૃષ્ણે તેને મુકુટમાં ધારણ કર્યો. મણિ

માગવાનું કારણ પૂછતાં દ્રૌપદીએ કહ્યું કે "મારા માટે ગુરુપુત્ર પણ ગુરુતુલ્ય જ કહેવાય એટલે મારા પુત્રોની હત્યાનો બદલો હું હત્યાથી લેવા માગતી ન હતી. હું તો તેનો મણિ લઈને બદલો લીધો માની લઈશ."

શ્રીકૃષ્ણે, ઉત્તરાના ગર્ભનું રક્ષણ કર્યું, તે જ પરીક્ષિત થયો. પરીક્ષિતનો જનમેજય થયો. જનમેજયને સંભળાવવા માટે વૈશંપાયન ઋષિએ આ મહાભારતની રચના કરી. આ રીતે પાંચ પાંડવોમાં માત્ર અર્જુનનો જ વંશ આગળ ચાલ્યો.

30-7-10

*

શ્રીપર્વ

90. વિલાપ

ધર્મશાસ્ત્રમાં આવનારાં બધાં વાક્યો એકસરખાં નથી હોતાં, તેના સંદર્ભો હોય છે. સંદર્ભની દૃષ્ટિએ ધર્મગ્રંથોમાં ખાસ કરીને કથા ગ્રંથોમાં આવનારાં વાક્યો ચાર પ્રકારનાં હોય છે. (1) વ્યાવહારિક વાક્ય, (2) પ્રેરણા વાક્ય, (3) આશ્વાસન વાક્ય અને (4) સિદ્ધાંત વાક્ય. બધાં જ વાક્યો સિદ્ધાંત વાક્યો નથી હોતાં એટલે ફલાણા ગ્રંથમાં આમ લખ્યું છે તેમ કહીને તેનું પ્રમાણ ના આપી શકાય.

1. જીવન વ્યવહારથી ચાલે છે. માત્ર સત્યને આધારે જ વ્યવહાર નથી ચાલતો. આદ્યશંકરાચાર્યે બ્રહ્મસૂત્રની ભૂમિકામાં લખ્યું છે કે સત્યાનૃતે ચમિમુનીકૃત્ય ભવતિ લોકવ્યવહાર અર્થાત્ સત્ય અને અસત્યનું મિશ્રણ કરીને લોકવ્યવહાર ચાલતો હોય છે. માનો કે એક નોકરની વફાદારી પ્રત્યે તમને શંકા થઈ છે. પણ તમે તેને સ્પષ્ટ ના કહી શકો કે "તું લુચ્ચો છે" જો એવું કહો તો પેલો તમારો વિરોધી થઈને હાનિ પહોંચાડી શકે. બીજું બધી લુચ્ચાઈ સાબિત ના પણ કરી શકાય તો તમે ઝાંખા પડી જાવ. આવી સ્થિતિમાં તમે પેલા નોકરનાં વખાણ કરીને કહો કે જો ભાઈ હમણાં મારે કામ ઓછું છે તેથી માણસની જરૂર નથી. તું હમણાં જા, પછી જરૂર પડશે તો તને જરૂર બોલાવીશ. આમ કહીને તમે નોકરને રાજી કરીને વિદાય કરો તે વ્યાવહારિક વાક્ય છે. જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં આવું કરવું પડતું હોય છે. માનો કે એક મિત્ર છે કે સંબંધી છે. તે તમારી આગળ તમારાં વખાણ કરે છે. પણ પીઠ પાછળ નિંદા કરે છે. તમને નુકસાન કરે છે. આવા બનાવટી મિત્ર કે બનાવટી સંબંધીને ઝઘડો કરીને સંબંધ કાપી નાખો તો દુશ્મન બને. એટલે તેની અસલિયત સમજવા છતાં પણ એને અમુક સમય સુધી નિભાવવો પડે પછી ધીરેધીરે તેની સાથેના સંબંધો ઘટાડતાં-ઘટાડતાં ઓછા કરી નાખો કે કાપી નાખો તે વ્યાવહારિકતા કહેવાય. આવું કરવું પડે.

2. પ્રેરણા વાક્ય તે છે. જેમાં વ્યક્તિને પ્રજાને અમુક કાર્ય કરવા પ્રેરિત કરવી હોય તો તેનાં વધારીને વખાણ કરવાં જોઈએ. જેને 'મહાત્મ્ય' પણ કહેવાય છે. આરતી ગાયા પછી છેલ્લી લીટીમાં આવે છે કે "ભણે શિવાનંદ સ્વામી મોક્ષગતિ જાશે" આ પ્રેરક વાક્ય છે. આરતી ગાવા માત્રથી મોક્ષ ના થાય પણ આરતી ગાવાની પ્રેરણા મળે તેથી વખાણ કર્યાં છે. આને સિદ્ધાંત વાક્ય ના કહેવાય પ્રેરણા વાક્ય કહેવાય.

3. એક આશ્વાસન વાક્ય હોય છે. માનો કે કોઈનો જુવાનજોધ દીકરો મરી ગયો છે. અકસ્માત થયો છે. તમે મળવા ગયા છો. આ વખતે તમે જે વાક્યો કહો છો. જેમકે "ભાઈ! તેની દોરી તૂટી ગઈ હતી. કોણ રોકી શકે. એ ભૂમિ પોકારતી હતી, પ્રારબ્ધ એવું હતું. પૂર્વનાં કર્મનું ફળ મળ્યું." વગેરે વગેરે તે આશ્વાસન વાક્ય કહેવાય. સિદ્ધાંત વાક્ય ના કહેવાય જ્યારે લોકો ઘોર વિલાપ કરતાં હોય ત્યારે સિદ્ધાંતની વાતો ના કરાય. આશ્વાસનની જ વાતો કરાય.

પુરુષોની તુલનામાં સ્ત્રીઓ વધુ વિલાપ કરતી હોય છે. તેથી મરણું થયું હોય તો સ્ત્રીઓ રડતી હોય છે. તે રડતી-રડતી ગામ બહાર નીકળીને છાતી પણ કૂટતી હોય છે. લાંબી લાજનો છેડો કાઢીને ધ્રુસકે ને ધ્રુસકે વિલાપ કરતી હોય છે. આવો વિલાપ પુરુષો ભાગ્યે જ કરતા જોવા મળે છે. આવું થવાનું મુખ્ય કારણ લાગણીશીલતા છે. લાગણીશીલતાથી સ્ત્રીઓ હસે છે વધારે અને રડે છે પણ વધારે. સ્ત્રીઓની દુનિયા જ જુદી છે. સ્ત્રીપુરુષોની એકસરખી જ દુનિયા છે તેવું સમજનારા જીવનને સમજી શક્યા નથી. સ્ત્રીઓની દુનિયા તદ્દન જુદી છે. તેમાં લાગણી જ

લાગણી છે. પછી તે રાગાત્મક હોય કે દ્વેષાત્મક હોય. લાગણી જ લાગણી જોવા મળશે. તેથી કથાઓ બધી સ્ત્રીઓની જ હોય છે. પુરુષોની કથાઓ નથી હોતી, પુરુષો તો કથાઓનાં પાત્ર હોય છે. પણ કેન્દ્રમાં તો કોઈ સ્ત્રી જ હોય છે. સ્ત્રી વિનાની કથા હોય જ નહિ. કદાચ હોય તો રસપ્રદ ના હોય. ફિક્કી હોય. જેમ વાંઢા પુરુષનાં મેલાં વસ્ત્રો કે ગંદુગોબરું ઘર.

મહાભારતકાર હવેના પર્વને સ્ત્રીપર્વ કહે છે. કારણ કે યુદ્ધના ઘોર વિનાશ પછી બંને પક્ષની સ્ત્રીઓ જે હૃદયદ્રાવક વિલાપ કરે છે તેનું મુખ્ય વર્ણન છે. મહાભારતકારમાં ગજબની વર્ણનશક્તિ છે. નાની વાતને પણ તે એટલી વિસ્તૃત અને પછી રસપ્રદ વર્ણનથી પ્રસ્તુત કરે છે કે વાંચનાર સુજ્ઞ આફરીન થઈ જાય છે.

મને લાગે છે કે જ્યારે જ્યારે પણ આવાં યુદ્ધો થાય ત્યારે ત્યારે સ્ત્રીઓને જ આવી યુદ્ધભૂમિ બતાવવી જોઈએ. કારણ કે મોટા ભાગે યુદ્ધ કરાવનારી તે જ સ્ત્રીઓ હોય છે. યુદ્ધભૂમિને જોઈને જ ભાન થાય કે શું કરાવી દીધું? સર્વનાશ, સર્વનાશ, સર્વનાશ. યુદ્ધમાં જે મરી ગયાં હોય છે તેના કરતાં જે જીવતાં રહી ગયાં હોય છે તેમને ઘણાં માઠાં પરિણામો ભોગવવાં પડતાં હોય છે. ખાસ કરીને સ્ત્રીઓને મોટી સંખ્યામાં યોદ્ધાઓ માર્યા જવાથી સ્ત્રીઓ વિધવા થતી હોય છે. લાખો વિધવાઓ હૈયું ફાટી જાય તેવું રુદન કરતી હોય છે. તે અને તેમનાં બાળકો અનાથ થઈ જાય છે. સરકાર બહુ બહુ તો તેમને પેન્શન બાંધી આપે. પણ જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ શોકમાંથી કળ વળતી જાય છે. આજીવિકા તો સરકારે બાંધી આપી પણ કામવાસનાનું શું? તે રોકી રોકાતી નથી. લાખ પ્રયત્નો કરો કામવાસનાને લાંબો સમય રોકી કે દબાવી શકાતી નથી. પણ લાખો વિધવાઓ માટે લાખો પુરુષો લાવવા ક્યાંથી? સમાજે તેના બે રસ્તા કાઢ્યા. 1. સતી પ્રથા, 2. બહુપત્નીત્વ પ્રથા. સતી પ્રથા માનવીય ઉપાય ના કહેવાય. તે ક્રૂર અને ઘૃણિત જ કહેવાય. બીજો ઉપાય બહુપત્નીત્વ પ્રથા થોડો વ્યવહારિક છે. થોડા પુરુષો છે અને ઘણીબધી સ્ત્રીઓ છે. ક્યાં નાખશો? આવા જ કારણસર ઇસ્લામે ચાર પત્નીઓની વ્યવસ્થા કરી હશે. જે આ સંદર્ભે ઠીક કહેવાય. સ્ત્રીઓને ઠેકાણે પાડીને જ તેમને સાચવી શકાય. કેટલાક લોકોએ આજન્મ વૈધવ્ય પળાવ્યું. કઠોરથી કઠોર નિયમો ઘડ્યા. પણ વ્યર્થ, આ લોકો કુદરતને સમજી શક્યા ન હતા. માનવજીવનને સમજી શક્યા ન હતા. જુવાન તો ઠીક ઘણી વાર પ્રૌઢ કે વૃદ્ધ ઉંમરની સ્ત્રીઓને જ પણ સાચવવી કઠિન થઈ જતી હોય છે. એકાદ રડ્યું-ખડ્યું દૃષ્ટાંત મળે પણ તેથી પૂરા સમાજની વ્યવસ્થા ન થઈ શકે.

મારે આંદામાન-નિકોબાર જવાનું થયેલું. ત્યારે જાણવા મળેલું કે અંગ્રેજોના સમયમાં એવો કાયદો હતો કે જેલ ભોગવીને બહાર નીકળેલી સ્ત્રીએ લગ્ન કરી જ લેવું જોઈએ. અપરિણીત સ્ત્રી રહી ના શકે. કારણ કે અનુભવોથી સિદ્ધ થયેલું કે એકાકી સ્ત્રી નિયંત્રણ વિનાની હોય તો ઘણા અનર્થો કરે છે. જે વાત આંદામાન માટે સાચી છે. તે બધે જ સાચી છે. જો તમારે ચારિત્ર્યવાન સમાજ બનાવવો હોય તો પરણ્યા વિનાનાં સ્ત્રી-પુરુષોને સાવ ઓછાં કરી નાખો. સ્ત્રીઓને તો ખાસ જેટલી વિધવાઓ, વ્યક્તાઓ અને પ્રૌઢ કુમારીઓ વધારે હશે. તેટલો જ સમાજ વધુ વિકૃત થઈ જશે. પુરુષો માટે પણ આજ નિયમ કરી શકાય.

મહાભારતના યુદ્ધ પછી સૌથી મોટો પ્રશ્ન લાખો વિધવાઓનો હતો. તેમનું કરવું શું? આટલા બધા પુરુષો લાવવા ક્યાંથી? પ્રાચીનકાળની વાત જવા દો. વર્તમાનમાં રશિયા અને જર્મની જેવા દેશોને જોઈ આવો. પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધમાં કરોડો યોદ્ધાઓ મરી જવાથી કરોડો સ્ત્રીઓ વિધવા થઈ ગઈ હતી. રશિયામાં તો હજી પણ તેની માઠી અને વિકૃત અસર છે જ. યુદ્ધ પોતાની પાછળ જ અનેક ભયંકર પ્રશ્નો મૂકતું જાય છે. તેમાંનો એક પ્રશ્ન વિધવા સ્ત્રીઓનો

તથા અનાથ બાળકોનો પણ છે. રશિયાના પ્રવાસમાં મોસ્કોમાં મને જાણવા મળ્યું હતું કે અહીં દશલાખ અનાથ બાળકો છે. જેને કોઈ સંઘરતું નથી. ભીખ માગે છે. મેં નજરે અનુભવ કર્યો હતો.

કદાચ એટલે જ મહાભારતકાર આ પર્વને “સ્ત્રીપર્વ” કહે છે.

દુ:ખ આશ્વાસનભૂખ્યું હોય છે. જો તેને યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિનું આશ્વાસન મળે તો જ હલકું થઈ જાય છે.

કૌરવોમાં હવે માત્ર એક જ ડાહ્યો માણસ બચ્યો છે. અને તે છે ‘વિદુર.’ વિદુરે વિલાપ કરતા ધૃતરાષ્ટ્રને અનેક દૃષ્ટાન્તો આપીને ખૂબ સમજાવ્યા. આ વિદુરે ઘણી વાર સાચી સલાહ આપી હતી પણ કોઈએ માની ન હતી. હવે પશ્ચાત્તાપ થઈ રહ્યો છે. પ્રસંગને અનુકૂળ વિદુરજીએ શરીરની અનિત્યતા બતાવી, બધાં જ શરીરો નાશવન્ત છે. અને સંસાર દુ:ખમય છે તેવું પણ સમજાવ્યું. આમાંથી છૂટવાના પ્રયત્નો કરવા જોઈએ. એવામાં મહર્ષિ વ્યાસજી ત્યાં આવી પહોંચ્યા. તેમણે પણ જ્ઞાનની વાતો કરીને ધૃતરાષ્ટ્રને સમજાવવા પ્રયત્નો કર્યો.

સ્વજનોના સમૂહમૃત્યુનો પ્રસંગ ભારે દુ:ખદાયી હોય છે. સ્વજન છેલ્લા મિલન માટે આતુર હોય છે. છેલ્લું મિલન ના થાય તો મૃતકનું મોઢું તો જોવાની પ્રબળ ઇચ્છા થાય છે. એ જ કારણસર લોકો લાશને બે-ચાર દિવસ રાખી મૂકે છે. જેથી તેનાં સ્વજનો મોઢું તો જોઈ શકે. કૌરવપક્ષની હજારો સ્ત્રીઓ પોત-પોતાના પતિ તથા સ્વજનોનાં મોઢાં જોવા માટે યુદ્ધભૂમિ તરફ નીકળી પડી. રસ્તામાં પેલી ચાંડાલ ત્રિપુટી મળી ગઈ, અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા. તેમણે બધા પૂરા સમાચાર આપ્યા અને પોતે પાંડવપક્ષનો સર્વનાશ કરી દીધો એ પણ કહ્યું. તેમને ભય હતો કે અમારું પગેરું જોતા જોતા પાંડવો હમણાં અહીં આવી પહોંચશે. અપરાધ ભય અને ચિંતા વિનાનો નથી હોતો. ભલે કોઈને થોડી ચિંતા થાય તો કોઈ વધુ ફફડી ઊઠે. રીઢો અપરાધી પણ નિશ્ચિંત નથી હોતો.

જ્યારે યુધિષ્ઠિરને ખબર પડી કે ધૃતરાષ્ટ્ર યુદ્ધભૂમિનાં મૃતકોની અંતિમવિધિ કરવા જઈ રહ્યા છે. ત્યારે તે સામા ચાલીને મળવા આવ્યા. શાસ્ત્રમાં કહ્યું છે કે “મરણાન્તાનિહિ વૈરાણિ” અર્થાત્ મૃત્યુ સુધી જ વૈર હોય. મર્યા પછી મૃતક સાથે વેર ના હોય. શત્રુની પણ સ્મશાનયાત્રામાં જરૂર જવું જોઈએ. યુધિષ્ઠિર વગેરે જ્યારે ધૃતરાષ્ટ્રને મળ્યા ત્યારે ધૃતરાષ્ટ્ર ભીમને શોધવા લાગ્યા. ચતુર કૃષ્ણ તેમનો હેતુ સમજી ગયા. પુત્ર દુર્યોધનને મારનાર ભીમનો બદલો લેવાની હજી પણ તેમની તીવ્ર ઇચ્છા હતી. તેમનું વેર શાન્ત થયું ન હતું. એક પછી એક જ્યારે પાંડવો પગે લાગવા આવ્યા અને ધૃતરાષ્ટ્ર આશીર્વાદ આપવા લાગ્યા ત્યારે ભીમ પણ આવ્યો. ભીમનું નામ સાંભળતાં જ ધૃતરાષ્ટ્રનો વૈરાગ્નિ ધગધગી ઊઠ્યો. તેમણે ભીમને જોરથી એવો દબાવ્યો કે તેના ભુક્કા નીકળી ગયા. બન્યું એવું હતું કે શ્રીકૃષ્ણે પાછળથી ભીમને ખેંચીને તેની જગ્યાએ લોઢાની મૂર્તિ આગળ કરી દીધી હતી, ધૃતરાષ્ટ્રે મૂર્તિના ભુક્કા બોલાવી દીધા હતા. હવે સમજાયું કે જો સાચો ભીમ આગળ થયો હોત તો શું થાત? વૈરાગ્નિ આવો હોય છે. સૌએ ધૃતરાષ્ટ્રને ધિક્કાર ધિક્કાર કહ્યું.

ગાંધારીના વિલાપનું કહેવું જ શું? મા એ મા જ છે. ગાંધારીને કૌરવોના દુર્ગુણો દેખાતા નથી. અથવા કહો કે દેખાતા હોય તો જોવા માગતી નથી. માતૃત્વ મોહવિનાનું હોતું નથી. આ મોહ જ દુ:ખો સહીને પણ બાળકના ઉછેર કરાવે છે. ગાંધારીને પોતાના પુત્રો પ્રત્યે તીવ્રમોહ છે. તેથી તેણે પાંડવોને શાપ આપવા નિશ્ચય કર્યો. પણ વ્યાસજી વચ્ચે પડ્યા અને માંડ સમજાવી, ભીમે

ક્ષમા માગી. સાચી ક્ષમા વૈરાગ્નિ ઉપર પાણીનો છંટકાવ થઈ જતો હોય છે. કટુશબ્દો પેટ્રોલ થઈને ભડકો વધારનારા હોય છે. સૌએ ક્ષમા માગી. સૌ જાણે છે કે દોષ તો કૌરવોનો જ હતો પણ દોષ ના હોવા છતાં પણ ક્ષમા માગી લેવી એ મહાનતા જ કહેવાય. કારણ કે દુ:ખીને આશ્વાસન આપવાનું છે. બળતાને ઠારવાનું છે. વધુ બાળવાનું નથી. પ્રસંગ જોવો જોઈએ. ગાંધારીએ આંખો ઉપરથી પટ્ટી ખસેડી તો યુધિષ્ઠિરના નખ કાળા થઈ ગયા. અર્જુન શ્રીકૃષ્ણની પાછળ છુપાઈ ગયો. આટલો પ્રચંડ પ્રકોપ ગાંધારીનો હતો.

ઘણાને કદાચ ખબર નહિ હોય પણ આ સમયગાળામાં કુંતીમાતા કૌરવોને ત્યાં જ રહેતાં હતાં. પાંડવો માતાને મળ્યા. દ્રૌપદી તો પોકે ને પોકે રડવા લાગી. તેના પાંચે પુત્રો માર્યા ગયા હતા.

બધાં યુદ્ધભૂમિ ઉપર ગયાં. અને સૌ પોત-પોતાનાં સ્વજનોનાં શબો શોધવા લાગ્યાં અને જેને જેને પોત-પોતાનું સ્વજનનું શબ મળ્યું તે ચિત્કાર કરી ઊઠ્યાં. અનેક ઘા વાગવાથી તે ક્ષતવિક્ષત તો હતાં જ, પણ દિવસો વીતી જવાથી ગંધાઈ પણ ઊઠ્યાં હતાં. બધું જોવું સારું પણ મડદાં જોવાં બહુ કપરું કામ કહેવાય. જેને ના થતો હોય તેને પણ વૈરાગ્ય થઈ જાય.

ગાંધારીએ દુર્યોધનનું શબ જોયું. તેની રાણીઓ તો ચિત્કાર કરી કરીને વિલાપ કરવા લાગી. કઠણ કાળજાનો માણસ પણ કંપી ઊઠે તેવી પરિસ્થિતિ સર્જાઈ “અરેરે, આ શું થઈ ગયું” શ્રીકૃષ્ણે બધાંને સમજાવ્યાં.

ગાંધારીએ દુ:શાસન અને બીજા પુત્રોનાં શબો જોયાં, તેમની રાણીઓએ પણ જોયાં. સૌ કોઈ પોકે ને પોકે રડવા લાગ્યાં. દૃશ્ય એટલું બધું કરુણ થઈ ગયું કે શ્રીકૃષ્ણની આંખમાં પણ આંસુ આવી ગયાં. સ્ત્રીઓ જ્યારે ઘોર ક્રંદન કરતી હોય છે. ત્યારે સ્વયં: સ્ફૂર્ત તેમનામાં કવિત્વ પ્રગટ થતું હોય છે. તે રોતી જાય છે. અને ગાતી જાય છે. આવાં ગીતોને મરશિયાં કહેવાય છે.

અને આ જુઓ કર્ણની પત્ની કર્ણની લાશ આગળ ચિત્કાર કરી રહી છે. પતિવ્રતા સ્ત્રીનું પતિ માટેનું સર્વોચ્ચ સંબોધન ‘પ્રાણનાથ” છે. અર્થાત્ મારા પ્રાણોના નાથ મારા પતિ છે. પતિ છે ત્યાં સુધી જ પ્રાણ છે. તેવો ભાવ છે. પતિ વિના પ્રાણને શું કરવાના છે.

કોની કોની વાત કરાય. ચારે તરફ પોત-પોતાના પતિઓનાં શબો જોઈને તેમની પત્નીઓ ઘોર હૃદયફાટ વિલાપ કરી રહી છે. વીર પુરુષ પરાક્રમ આગળ તો ટકી શકે, પણ આવાં કરુણ દૃશ્યો આગળ ટકી ના શકે. વીરતા ક્રૂર નથી હોતી તેને કરુણાનો સથવારો હોય છે.

લ્યો જુઓ ત્યારે બધા વિનાશનું મૂળ આ રહ્યો શકુનિ. જુઠ્ઠા જુગાર રમનારાના હાથ ભીમે કાપી નાખ્યા છે. લે રમ હવે જુગાર! તેની પત્ની ચોધાર આંસુએ રડી રહી હતી.

આવાં અનેક દૃશ્યો જોઈને ગાંધારી વિચલિત થઈ ગઈ. તેણે શ્રીકૃષ્ણને શાપ આપ્યો કે આ તારો યદુવંશ નષ્ટ થઈ જશે. જેવો મારો વંશ નષ્ટ થયો.

શ્રીકૃષ્ણ મરક-મરક હસી રહ્યા છે. ગાંધારી આગળ બોલી આજથી છત્રીસ વર્ષ ઉપર તમારો યદુવંશ પરસ્પરમાં લડી મરશે. તમે વનમાં જશો અને એકલા મૃત્યુ પામશો. તમારી લાશ પણ જોવા કોઈ નહિ આવે.

શ્રીકૃષ્ણે કહ્યું કે તમારી વાત સાચી છે. મારા યાદવો અંદરોઅંદર લડીને જ મરવાના છે. તે હું જાણું છું. અને મારું મૃત્યુ પણ દૂર એકાંતમાં થવાનું છે તે પણ હું જાણું છું.

યુધિષ્ઠિરે બધાના સામૂહિક દાહ સંસ્કાર કરાવ્યા. પછી સૌએ મળીને બધાના સંસ્કાર કર્યા.

હવે પ્રશ્ન એ હતો કે કર્ણની વિધિ કોણ કરે? કારણ કે તેનું તો કોઈ હતું નહિ ત્યારે કુંતીએ રહસ્ય પ્રગટ કર્યું કે કર્ણ મારો પુત્ર હતો તેથી પાંડવોનો ભાઈ થાય. એટલે યુધિષ્ઠિર જ તેની વિધિ કરાવે.

યુધિષ્ઠિરે કર્ણની બધી વિધિ કરાવી. તેની બધી પત્નીઓને પોતાના ત્યાં આશ્રય આપ્યો. લોહીની સગાઈ બહુ પ્રબળ હોય છે. પણ ઠંડો યુધિષ્ઠિર પણ કુંતી ઉપર ક્રુદ્ધ થઈ ગયો. “આજ સુધી આ રહસ્ય છુપાવ્યું કેમ? જો અમે પ્રથમથી જાણતા હોત તો આ યુદ્ધ થાત જ નહિ. આવેશમાં ને આવેશમાં તેણે સમસ્ત સ્ત્રી જાતીને શાપ આપ્યો. જાવ આજથી હવે તમારા પેટમાં કોઈ ગુપ્ત વાત ટકશે નહિ. કદાચ આ શાપના કારણે સ્ત્રીઓ વાતને પચાવી નહિ શકતી હોય!

30-7-10

*

શાંતિપર્વ

91. યુધિષ્ઠિરનો વૈરાગ્ય

અશાન્તિ પછી શાન્તિ હોય. જેણે અશાન્તિ ભોગવી જ નથી તેને શાન્તિની કદર જ ના હોય. જરૂર પણ ના હોય. અશાન્તિ ના હોવા છતાં પણ જે શાન્તિ માટે સાધના કરે છે તે વગર જોઈતું પેટ ચોળીને પીડા ઊભી કરે છે. અશાન્તિ સકારણ હોય છે. શાન્તિ સકારણ નથી હોતી. અશાન્તિનો અભાવ જ શાન્તિ છે. અશાન્તિનાં મુખ્યત: પાંચ કારણો હોય છે. (1) અન્યાય (૨) અપમાન (3) સંબંધીઓની ગેરસમજ કે સાચી સમજ (4) ભૂલોનો કે અપરાધોનો પશ્ચાત્તાપ અને (પ) મહત્ત્વના સળગતા પ્રશ્નોનો ઉકેલ ના થયો હોત તો.

1. જીવન ન્યાય-અન્યાયના બે પાટા ઉપર ચાલતું હોય છે. જ્યાં શાસન અને પ્રજા ન્યાયપ્રેમી હોય છે ત્યાં ન્યાયની માત્રા વધુ હોય છે. જ્યાં આ બન્ને ન્યાયપ્રેમી નથી હોતાં ત્યાં અન્યાયની માત્રા વધી જતી હોય છે. પ્રજાનો પોતાનો ગુણ પણ હોય છે ન્યાયપ્રિયતા. જે પ્રજામાં આવો ગુણ હોય છે તે વીર અને સાચી ધાર્મિક હોય છે. આવી જ પ્રજા ન્યાયપ્રેમી અમલદાર અને શાસકો પેદા કરતી હોય છે. જો પ્રજામાં ન્યાયપ્રિયતા જ ના હોય તો તે પક્ષપાતી, પલટીબાજ અને આદર્શહીન પ્રજા થઈ જતી હોય છે. આવી પ્રજા મહાપુરુષો પેદા કરી શકતી નથી. જે પાણીએ મગ ચઢે તે પાણીએ મગ ચઢાવી લેવાની ધારણાવાળી પ્રજા કદી મહાન નથી હોતી. તે સ્વાર્થી અને તકવાદી હોય છે તેનો વિશ્વાસ કે ભરોસો ના કરાય.

ન્યાયપ્રિયતા આનુવંશિક ગુણ હોય છે જેને વધારી ઘટાડી શકાય છે. કેટલીક જન્મજાત લુચ્ચી પ્રજા હોય છે. તેમાં અપવાદ હોઈ શકે. પણ મોટા ભાગે તે જન્મજાત ગુણ હોય છે. કદાચ આ જ કારણસર કુળ શબ્દ પ્રચલિત થયો હશે. કુળવાન માણસને મળવું એ જીવનની દુર્લભ પ્રાપ્તિ કહેવાય.

જેને હળહળતો અન્યાય થયો હોય તેને શાન્તિ ના હોય. આ અન્યાય રાજકીય, ધાર્મિક, સામાજિક કે પારિવારિક કોઈ પણ પ્રકારનો હોય. અન્યાયથી અશાન્તિ થતી હોય છે. આવી અશાન્તિ હોમ-હવન કે યોગસાધનાથી દૂર ના કરી શકાય. ન્યાય મેળવીને જ દૂર કરી શકાય. ન્યાય મેળવવા માટે ઝઝૂમવું પડે. આ ઝઝૂમવું એ જ સાધના કહેવાય. એ ઝઝૂમવાનું પડતું મૂકીને ભાગી છૂટે છે તે ત્યાગી નહિ પણ પલાયનવાદી કહેવાય. પાંડવોને અન્યાય થયો છે અને હવે તે ન્યાય મેળવવા ઝઝૂમે તો તેને જીવનસાધના કહેવાય.

૨. અશાન્તિનું બીજું કારણ અપમાન પણ હોઈ શકે. જેમ જેમ માનનું ક્ષેત્ર મોટું થતું જાય તેમ તેમ અપમાનનું ક્ષેત્ર પણ મોટું થતું જાય. કોઈ સંભાવિત વ્યક્તિનું હળહળતું અપમાન કરે તો તેમાંથી અશાન્તિ પેદા થાય. વાણી અને વ્યવહાર બન્ને દ્વારા અપમાન થતું હોય છે. સભા વચ્ચે દ્રૌપદીનાં ચીર ખેંચવાં, તેને વેશ્યા કહેવી, દુર્યોધનની જાંઘ ઉપર બેસવાનું કહેવું આ બધું અસહ્ય અપમાન જ કહેવાય. કુળવાન સ્ત્રી માટે પતિની હાજરીમાં, સભા વચ્ચે જો આવો વ્યવહાર ઘોર અશાન્તિ પેદા કરે. આવા અપમાનને ભૂલી જવાનું કાર્ય કાંતો કોઈ સંત જ કરી શકે કાં પછી કોઈ નમાલો માણસ જ કરી શકે.

અપમાનને ભૂલવાથી ભુલાતું નથી. તે વધુ યાદ આવે છે. તેની અસહ્ય પીડા થાય છે. તેની શાન્તિ પણ હોમ-હવન કે ધ્યાન કરવાની નથી થતી. માત્ર ને માત્ર બદલો લેવાથી જ થાય છે. બદલો લેવો એ સરળ કામ નથી. તેમાં પણ અતિસમર્થની સામે બાખડવું એ બહુ કઠિન કામ

હોય છે. આ કઠિન કામનું નામ જ જીવનસાધના છે. આ સાધના દ્રૌપદીએ કરી, મહારાણા પ્રતાપ જેવા અનેક ભડવીરોએ કરી. જેમાંથી ઇતિહાસ રચાયો. માનો કે પોતાના ઘોર અપમાનથી દ્રૌપદીને કશી અશાન્તિ ના થઈ હોત. કદાચ વસ્ત્ર ખેંચાઈ ગયું હોત કે દુર્યોધનની જાંઘ ઉપર બેસવું પડ્યું હોત તોય શું? તેમાં શું બગડી જવાનું હતું? આવી ધારણા ધારી હોત તો અશાન્તિ ના થાત. તો પછી દ્રૌપદીનો ઇતિહાસ પણ ના હોત. રોજ કેટલીએ સ્ત્રીઓનાં ચીર આજે બળાત્કારીઓ દ્વારા ખેંચાતાં હશે. ડહાપણવાળી સ્ત્રીઓ ચૂપચાપ સ્વીકારી લે તો કશો ઝઘડો ના થાય. જેમ ચાલે તેમ ચાલવા દેવાનું, એમાં આપણું શું બગડી ગયું! હોય એ તો એમ જ ચાલે. આવી ધારણા કરી લેવામાં આવે તો અશાન્તિ ના થાય. મહાભારત ના થાય. આવી વ્યક્તિ કે આવી પ્રજા જીવનભર ચૂંથાતી જ રહેતી હોય છે. વેશ્યાને પણ સ્વમાન હોય છે. આ તો વેશ્યા કરતાં પણ છેલ્લી કક્ષાની પ્રજા કહેવાય.

3. જીવનની કરોડરજ્જુ "સંબંધો" છે. સંબંધો વિનાનું જીવન શક્ય જ નથી. સંબંધો એકધારા રહેતા નથી. તેમાં ચઢ-ઊતર થયા કરતી હોય છે. જ્યારે સંબંધો ગાઢ-પ્રગાઢ થઈ જાય છે અને પછી તેમાં સમજ કે ગેરસમજથી ભંગાણ પડે છે ત્યારે અશાન્તિ થાય છે. આવા સમયે કોઈ સાચો અને હિતકારી મધ્યસ્થી હોય તો બગડેલા સંબંધોને સુધરાવી આપતો હોય છે અને જો કોઈ ખોટો માણસ વચ્ચે આવી જાય તો બગડેલા સંબંધોને વધુ બગાડતો હોય છે. આથી અશાન્તિ થતી હોય છે.

4. વ્યક્તિના દ્વારા ગંભીર ભૂલો થઈ ગઈ હોય, અપરાધ થયા હોય અને વીંછીના ડંખની માફક વેદના થતી હોય ત્યારે વ્યક્તિને સાત્ત્વિક અશાન્તિ થતી હોય છે. આવી અશાન્તિ કલ્યાણકારી થઈ શકે છે. પ્રાયશ્ચિત્ત કરવાથી તેને શાન્તિ મળતી હોય છે.

૫. વ્યક્તિગત જીવનના, કે પછી અન્ય કોઈ જવાબદારીભર્યા ક્ષેત્રના સળગતા પ્રશ્નો ઉકેલી શકાયા ના હોય તો વ્યક્તિને અશાન્તિ રહેતી હોય છે. જ્યાં સુધી પ્રશ્નો ઉકેલાય નહિ ત્યાં સુધી આવી અશાન્તિ રહેતી હોય છે. તે રહેવી જ જોઈએ. તેથી પ્રશ્નો ઉકેલવાનો પુરુષાર્થ થતો હોય છે. સળગતા પ્રશ્નો હોય અને વ્યક્તિને અશાન્તિ ના થાય તો તે મડદું જ કહેવાય. બેજવાબદાર કહેવાય. આવા લોકો શાન્તિના નામે ભાગેડુ જીવન જીવતા હોય છે. ભલે તેના ઉપર આધ્યાત્મિકતાની ચાદર ઓઢી હોય.

મહાભારતમાં પાંડવો અને કૌરવોએ પણ ઘોર અશાન્તિ ભોગવી છે. સર્વનાશની હદે પહોંચીને હવે શાન્તિની ઝંખના થવા લાગી છે. પૂર્વે કહ્યું તેમ અશાન્તિ સકારણ હોય છે. શાન્તિ માટે કારણ નથી હોતાં. અશાન્તિનો અભાવ જ શાન્તિ છે. હા, હર્ષ, આનંદ વગેરે સકારણ હોય છે. પાંડવોની અશાન્તિનાં મુખ્ય કારણો હતાં અન્યાય, અપમાન અને મહત્ત્વના પ્રશ્નોનો વણઉકેલ. હવે આ કારણો દૂર થઈ ગયાં છે. રાજ્ય પડાવી લેવાનો અન્યાય દૂર થઈ ગયો છે. હળહળતા અપમાનનો બદલો લેવાઈ ગયો છે. રાજસત્તા પાછી મેળવવાનો પ્રશ્ન પણ ઊકલી ગયો છે. એટલે હવે અશાન્તિનું કોઈ કારણ બાકી રહેતું નથી. એટલે આ પર્વને "શાન્તિપર્વ" કહેવાયું હશે. પણ હજી એક વાત બાકી છે તે છે સ્વભાવની. જો તમારો અતિસાત્ત્વિક સ્વભાવ હોય તો તમે સુખ પણ સારી રીતે ભોગવી ના શકો. સુખમાં પણ તમને દોષ દેખાયા કરે. યુધિષ્ઠિરને આવું જ થયું.

યુધિષ્ઠિરનો અતિસાત્ત્વિક સ્વભાવ છે. હવે તેને જે કર્યું તેનો પશ્ચાત્તાપ થઈ રહ્યો છે. "અરેરે, મેં આ શું કર્યું?" આવી પીડા તેને કોતરી ખાય છે. જો ના કર્યું હોત તોપણ દુ:ખ થાત અને કર્યું છે

તોપણ દુ:ખ થાય છે. અતિસાત્ત્વિક સ્વભાવવાળી વ્યક્તિ પોતાના સ્વભાવથી દુ:ખી થતી હોય છે. તે ઉદાસીન અને ગમગીન રહેવા લાગ્યા. એવામાં તેમના ત્યાં મહર્ષિ વેદવ્યાસ, નારદ, દેવલ, કણ્વ વગેરે અનેક ઋષિઓ આવ્યા. ઋષિઓ અને સંતો જ્યાં જ્યાં પ્રશ્નો હોય ત્યાં પહોંચી જાય અને ઉપાય બતાવે. આ બધાની આગળ યુધિષ્ઠિરે પોતાની વેદના પ્રકટ કરી. "મેં મારા કુળનો વિનાશ કરાવી નાખ્યો, કૌરવોની સાથે મારું કુળ પણ આ યુદ્ધમાં નષ્ટ થઈ ગયું છે. એવું લાગે છે કે હું જીતીને પણ હારી ગયો છું. મને શાન્તિ નથી. મેં મારા સગાભાઈ કર્ણનો વધ કરાવી દીધો. મારે જાણવું છે કે કર્ણના રથનું પૈડું કેમ ખૂંપી ગયું અને કેમ તે યુદ્ધમાં હારી ગયો."

નારદજીએ પૂરી વાત કહેવા માંડી. કર્ણ દાસીપુત્ર હતો તેથી તેને બધે જ સહન કરવું પડતું હતું. તે ધનુર્વિધા શીખવા માટે પરશુરામથી પાસે ગયો અને "હું ભૃગુ ગોત્રીય બ્રાહ્મણ છું " તેવું જૂઠું બોલીને વિધા શીખ્યો. તે આશ્રમ આગળ ફરી રહ્યો હતો ત્યાં કોઈ બ્રાહ્મણની ગાય આવી ગઈ. આ કોઈ હિંસક પ્રાણી છે તેવું સમજીને તેણે ગાયની હત્યા કરી નાંખી. પછી ભૂલ સમજાઈ. તેણે બ્રાહ્મણની ક્ષમા માગી પણ ક્રુદ્ધ થયેલા બ્રાહ્મણે તેને શાપ આપ્યો કે "જા યુદ્ધમાં તારા રથનું પૈડું ધરતીમાં ફસાઈ જશે" આ શાપ તેને નડ્યો.

કર્ણે, પરશુરામજી પાસે રહીને બ્રહ્માસ્ત્ર વિધા પ્રાપ્ત કરી, પણ એક વાર એવું બન્યું કે પરશુરામજી શિષ્ય કર્ણના ખોળામાં માથું રાખીને સૂતા હતા બરાબર તે જ સમયે એક કીડો આવીને કર્ણની જાંઘમાં કરડવા લાગ્યો. અસહ્ય વેદના થવા છતાં, ગુરુજી જાગી જશે તેવી ભાવનાથી કર્ણ હાલ્યો પણ નહિ. કીડાએ બહુ ડંખ દીધા. લોહી વહેવા લાગ્યું. તેથી પરશુરામજી જાગી ગયા. પરશુરામજીની દૃષ્ટિ પડતાં જ કીડો મરી ગયો. પણ પરશુરામજીને શંકા થઈ કે આ છોકરો નક્કી બ્રાહ્મણ નથી. આટલું ધૈર્ય બ્રાહ્મણમાં ના હોય. નક્કી આ મારા શત્રુઓમાંનો ક્ષત્રિય છે. તેમણે ક્રોધથી સત્ય હકીકત પૂછી ત્યારે ડરતાં ડરતાં કર્ણે સત્ય વાત કરી દીધી. "હું બ્રાહ્મણ નથી અને ક્ષત્રિય પણ નથી, હું તો દાસીપુત્ર-રાધેય છું. બ્રહ્માસ્ત્ર વિધા પ્રાપ્ત કરવાના લોભથી હું અસત્ય બોલ્યો હતો. મને ક્ષમા કરો."

પરશુરામ આ જાણીને વધુ ક્રુદ્ધ થયા અને તેમણે શાપ આપ્યો કે "ખરા સમયે તું મારી બ્રહ્માસ્ત્ર વિધાને ભૂલી જઈશ." આ રીતે તેનું મૃત્યુ થયું. નારદજીએ કહ્યું.

પાંડવો હજી હસ્તિનાપુરની બહારના શિબિરમાં રહી રહ્યા છે. યુધિષ્ઠિરે તીવ્ર વિષાદમાં અર્જુનને કહ્યું કે "મારે આ રાજપાટ જોઈતું નથી. તમે રાજ્ય કરો, હું વનમાં ચાલ્યો જઈશ." ખરા સમયે યુધિષ્ઠિરને વૈરાગ્ય થયો. પણ અર્જુને તેમને સમજાવ્યા કે રાજ્ય કરવું જરૂરી છે. પહેલાં અર્જુનને યુદ્ધ વખતે વિષાદ થયો હતો. હવે યુધિષ્ઠિરને વિષાદ થયો છે. મારે રાજ્ય નથી જોઈતું, હું વનમાં જઈશ." આવું થવાનું કારણ સમજવા જેવું છે.

ભારતીય ધર્મોની મુખ્ય ત્રણ ધારાઓ છે. (1) હિન્દુ (૨) બૌદ્ધ અને (3) જૈન. ત્રણે ધારાઓ (અને પેટાધારાઓ પણ) મોક્ષ કે નિર્વાણના પરમ લક્ષ્યને લઈને ચાલે છે. આ ત્રણેનો મોક્ષ સંસારત્યાગ, રાજ્યત્યાગના દ્વારા જ મળે છે. હિન્દુઓ પચાસ વર્ષ પછી વાનપ્રસ્થ અને પછી સંન્યસ્ત ગ્રહણ કરીને જ મોક્ષ મેળવે છે. બૌદ્ધ અને જૈન તો પચાસ વર્ષની પણ રાહ જોતા નથી. ભરયુવાવસ્થામાં પત્નીઓને ઊંઘતી છોડીને નિર્વાણ કે મોક્ષ મેળવવા નીકળી પડે છે. માત્ર સંસારત્યાગ જ નહિ, રાજપાટનો ત્યાગ પણ તેમના ત્યાં મહાન આદર્શ ત્યાગ મનાયો છે.

ઇસ્લામમાં પત્નીત્યાગ કે સંસારત્યાગની વાત નથી. તેમના ત્યાં બ્રહ્મચર્યનો મહિમા પણ નથી. રાજપાટ છોડીને દીક્ષા લેવાની વાત પણ નથી. સંસાર, વિષયભોગ અને રાજસત્તા,

મોક્ષવિરોધી નથી બલકે સાધક છે. એટલે કોઈ બાદશાહ કે સુલતાન કે કોઈ શેઠ, પત્ની ત્યાગીને કે સંસાર ત્યાગીને દીક્ષા લેતો નથી. તેઓ રાજસત્તાને ધર્મપ્રચારનું પ્રબળ સાધન માને છે. ધર્મનો પ્રચાર-પ્રસાર કરવાથી મોટું કોઈ પુણ્ય નથી. તે મોક્ષમાર્ગ પણ છે. આ મુદ્દાના ભેદને સમજશે તે હિન્દુ ધર્મોની કમજોરીને પણ સમજી શકશે. કોઈ રાજપાટ ભોગવે છે તે તેના વ્યક્તિગત ભોગો છે અને તેનો ત્યાગ કરે છે તે પણ તેનો મહાન ત્યાગ છે. આવું મનાયું છે પણ રાજસત્તા અને તેનો ત્યાગ બન્નેનો પ્રભાવ પ્રજા ઉપર કેટલો પ્રબળ પડતો હોય છે તેનો વિચાર ખાસ થયો નથી. સો વર્ષમાં એકાદ કોઈ મહાન રાજા થતો હોય છે તે જો અકાળે દીક્ષા લઈ લે તો રાજ્ય અને પ્રજાજીવન ઉપર કેટલું દુષ્પરિણામ આવે તો વિચાર કર્યા કરતા આવાં કોઈ મહાન રાજા દીક્ષા લઈને કેવો વીતરાગ થઈ ગયો તેની જ મહત્તા બતાવાઈ લાગે છે. આમ કરવાથી સારા-ઉપયોગી માણસોને પણ આ દિશા તરફ જવાની પ્રેરણા મળતી હોય છે. યુધિષ્ઠિરને પણ આવું જ થયું. તેને વૈરાગ્ય-વિષાદ થયો. “મારે રાજપાટ નથી જોઈતું. હું આત્મકલ્યાણ માટે વનમાં ચાલ્યો જઈશ. તમે બધા રાજ્ય ભોગવો.” માનો કે રાજ્ય ભોગવવાની વસ્તુ છે. યુધિષ્ઠિરના આવા વિષાદને અર્જુને જે રીતે તુચ્છ માન્યો છે તે સમજવા જેવું છે. તે કહે છે કે દીક્ષા કોણ ગ્રહણ કરે?

“જેનાં કલ્યાણનાં સાધનો નષ્ટ થઈ ગયાં હોય, જે ઘોર દરિદ્ર હોય, જેની કશી ગણના નથી, જે સ્ત્રી-પુત્રાદિ વિનાનો છે, જે પરાક્રમ પુરુષાર્થ વિનાનો, કે આવો માણસ ભીખ માગીને જીવનનિર્વાહ કરવા દીક્ષા ગ્રહણ કરે તો કરે, તમે જ્યારે હાથમાં ખપ્પર-ભીક્ષાપાત્ર લઈને ઘરઘરની ભિક્ષા માગવા લાગશો ત્યારે લોકો શું કહેશે? કેટલાક લોકો તમારી દીક્ષાને આદર્શ માનીને પોતે પણ દીક્ષા લેવા લાગશે અને ભીખ માગતા થશે તો રાષ્ટ્ર ભિખારીઓનું થઈ જશે. દરિદ્ર ભિખારી કોઈની નજીક ઊભો રહે તોપણ તેને ગમતું નથી. તેને જ દૂર કરે છે કાં પછી પોતે જ દૂર થઈ જાય છે.”

જે લોકો ક્ષણિક આવેશમાં કે વિચારપૂર્વક ગૃહત્યાગ-સંસારત્યાગની દીક્ષા લે છે. તેમને સમય વીતતાં ઉદરના આવેગો અને કામના આવેગો સતાવવા લાગે છે. આવા આવેગોને શાન્ત કરવા તે ઉદરપૂર્તિ માટે ભિક્ષાનો આશરો લે છે. જેથી માણસ પરાન્નભોજન, પરોપજીવી થઈ જાય છે. બીજી તરફ કામવાસનાના આવેગનું શમન કેવી રીતે થશે? તેની તો ભિક્ષા ના હોય. કામ આવેગોને દબાવવાથી કે રોકવાથી લાંબો સમય રોકી શકાતા નથી. દમનકર્તાને તે દલિત કરી નાખતા હોય છે. ઉપરથી કામદમનનો દંભ કરનારા અંદરથી કામદલિત થઈને નિસ્તેજ અને નિંદિત જીવન જીવતા થઈ જતા હોય છે. તેના કરતાં ઘરમાં રહીને પોતાનું કર્તવ્ય બજાવતાં બજાવતાં હક્કનો રોટલો ખાવો સારો કહેવાય.

બીજું કામના આવેગો તો શારીરિક ભૂખ પેદા કરે છે. તે તો કુદરતી-અકુદરતી ગમે તે રીતે મિટાવી શકાય પણ લાગણીની ભૂખ કેવી રીતે સંતોષી શકાય? લાગણી એ જીવનનું સૌથી મોટું ટોનિક છે. જેને કોઈની લાગણી મળી જ નથી કે જેણે કોઈના ઉપર લાગણી ઢોળી જ નથી તે જીવનમાં ખાલીપણું અનુભવે છે. આ ખાલીપણું તન-મન બન્નેને મારી નાખતું હોય છે. આવા લોકો નિસ્તેજ, બીમાર, ઇચ્છાહીન થઈને અલ્પજીવી થઈ જતા હોય છે. એટલે ગૃહત્યાગ કરવાની દીક્ષા ના લેતાં ગૃહધર્મ નિભાવવાની દીક્ષા લે એ જ ઠીક લાગે છે.

અર્જુને અનેક રીતે યુધિષ્ઠિરના વિચારોનો વિરોધ કર્યો પણ યુધિષ્ઠિર પોતાના મન ઉપર મક્કમ રહ્યા. વૈરાગ્યનો પણ એક નશો હોય છે તે ઊતરે નહિ ત્યાં સુધી વ્યક્તિને સમજાવી ના શકાય.

હવે ભીમસેન, યુધિષ્ઠિરને સમજાવે છે. "જો તમારે આવી રીતે સંન્યાસ દીક્ષા જો લેવી હતી તો કૌરવોનો નાશ કેમ કરાવ્યો? આ તો એવું થયું કે માણસે શત્રુઓની હત્યા કરીને પછી આત્મહત્યા કરી નાખી. તમે આત્મહત્યા કરવા તૈયાર થયા છો. પહેલાં તમે હજારોને તારણ આપતા હતા, હજારોને જમાડતા હતા. હવે તમે પોતે જ કોઈની શરણમાં જીવતા થઈ જશો. અને કોઈના ટુકડા ખાઈને જીવનનિર્વાહ કરતા થઈ જશો.

સંન્યાસની વાત ધર્મ નથી પણ ધર્માભાસ છે. અર્થાત્ કોઈએ શાસ્ત્રનો ખોટો અર્થ કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા છે."

(મહાભારત—શાન્તિપર્વ 10-૨0)

જુઓ વનમાં એકલો રહીને મૃગ, ભૂંડ, પક્ષી વગેરે મોક્ષ મેળવતાં નથી. જો માણસને વનમાં એકલા રહેવાથી મોક્ષ મળતો હોય તો આ બધાં પણ મોક્ષે ગયાં હોત." ભીમે યુધિષ્ઠિરને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

હવે નકુલનો વારો આવ્યો.

"જે ગૃહસ્થાશ્રમના સુખોને ભોગવ્યા વિના જ સીધા દીક્ષા લઈ લે છે તે તાપસી ત્યાગી છે. તેમના ત્યાગથી પરિણામહીન દુ:ખો જ મળતાં હોય છે. જે તત્ત્વો ફસાવનારાં હોય તેનો ત્યાગ કરવાથી ત્યાગી થવાય, માત્ર ઘર છોડવાથી ત્યાગી ન થવાય."

હવે સહદેવ સમજાવે છે. બહુ મહત્ત્વની વાત કહે છે. "જે લોકો માત્ર બાહ્ય સુખોને ત્યાગી દે છે અથવા દેહસંબંધી સુખોને ત્યજી દે છે અને જાણી કરીને હઠપૂર્વક દુ:ખી થાય છે તે ત્યાગી નથી, મૂઢ કે ખરો ત્યાગ તો આસક્તિનો ત્યાગ છે. ઘરમાં રહીને આસક્તિનો ત્યાગ કરીને જે યથાયોગ્ય સુખો ભોગવે છે તે ખરાત્યાગી છે. દ્રવ્યત્યાગ નહિ, દ્રવ્ય પ્રત્યેની આસક્તિનો ત્યાગ જ ખરો ત્યાગ છે. જે રાજા ન્યાયનીતિપૂર્વકના મળેલા ભોગોને ભોગવતો નથી તે કાં તો નપુંસક છે કે પછી મૂઢ છે. ભોગોનો સર્વથા ત્યાગ શક્ય જ નથી. ભોગો તો ઔષધ છે, અમૃત છે. દીર્ઘજીવન પ્રદાતા છે. એ સંયમપૂર્વક ભોગવાય તો."

હવે દ્રૌપદીનો વારો આવ્યો.

"જે લોકો કાયર અને નપુંસક હોય છે તે ભોગો ભોગવી શકતા નથી. જેમ કાદવમાં પડેલી માછલી નથી હોતી તેમ નપુંસકના ઘરે પુત્ર નથી હોતો. પત્નીનું સુખ પતિને આધીન છે. પત્નીનો ત્યાગ કરીને પતિને દીક્ષા લેવાનો કોઈ અધિકાર ના હોય. પત્નીત્યાગ થવાથી પત્ની કુમાર્ગે વળી શકે છે. તેનું પાપ પતિને જ લાગે. જેમ ભૂખ્યો માણસ ચોરી કરે તેમ કામભૂખી સ્ત્રી પણ ચોરી કરે તો નવાઈ નહિ. હું કેટલી અભાગણી છું કે મારા પાંચ પુત્રો તો મેં ખોઈ દીધા. હવે પતિ પણ મને છોડીને ચાલતો થાય તો મારું શું થશે? કદી વિચાર કર્યો?" દ્રૌપદી બોલી.

ફરીથી અર્જુન, યુધિષ્ઠિરને રાજા જનકના ઉદાહરણ દ્વારા સમજાવે છે. એક વાર મહારાજા જનકે રાજ વ્યવહાર છોડીને સંન્યાસ લેવાનો રસ્તો ગ્રહણ કર્યો. થોડાક જવથી જ જીવિકા ચલાવવાનું નક્કી કર્યું ત્યારે રાજાની રાણી કુપિત થઈ અને તેણે રાજાને આ પ્રમાણે સંભળાવ્યું. "જે લોકોનું તમે ભરણપોષણ કરતા હતા, હવે એવા લોકોના ઘરોમાંથી ભિક્ષા માગીને જીવવા માગો છો તે શરમની વાત કહેવાય. આ બધું મોક્ષ માટે કરતા હોવ તો મોક્ષ તો સંશયાસ્પદ છે. કદાચ હોય, કદાચ ના પણ હોય. જે સંશયાસ્પદ છે તેવા કુણીના ગોળ જેવા મોક્ષ માટે હથેળીનો ગોળ ફેંકી દો છો તે યોગ્ય નથી. જે બીજાને અન્ન આપે છે તે પ્રાણ આપે છે. "અન્ન

દ: પ્રણદો ભવેત્" જે આસક્ત નથી થતો તે જ ખરો સંન્યાસી છે. જે લોકો માત્ર મુંડ મુંડાવીને સંન્યાસી થઈ જાય છે તે તો પેટ પાળવા માટે જ થાય છે. આ તો મથમુંડાઓની જીવિકા માત્ર છે. વગેરે રાણીએ જનકને કહ્યું તેથી રાજાના વિચાર બદલાઈ ગયા અને તેણે સંન્યાસ લેવાનું બંધ રાખી અનાસક્તિથી રાજ ચલાવવાનું નક્કી કર્યું. તમે પણ સંન્યાસની ઇચ્છા છોડીને યુદ્ધમાં જિતેલા રાજ્યને લોકહિત માટે સંચાલિત કરો.

એટલામાં મુનિવર દેવસ્વાન આવી પહોંચ્યા. તેમણે પણ યુધિષ્ઠિરને અનેક પ્રકારે સંન્યાસ નહિ લેવા સમજાવ્યા. ત્યાં તો વ્યાસજી પણ આવી ગયા. તેમણે પણ યુધિષ્ઠિરને અનેક રીતે સંન્યાસ નહિ લેવા સમજાવ્યા. બીજા ઘણા ઋષિ-મુનિઓ આવ્યા અને યુધિષ્ઠિરને ઘણું સમજાવ્યા. છેવટે યુધિષ્ઠિર પ્રાણત્યાગ માટે તૈયાર થઈ ગયા. પણ વ્યાસજીએ તેમને સંન્યાસ દીક્ષાથી અટકાવવા પ્રયત્ન કર્યો, પણ યુધિષ્ઠિર ના માન્યા. શ્રીકૃષ્ણ અને વ્યાસજી દ્વારા સમજાવવાથી અંતે યુધિષ્ઠિર માની ગયા. તેમણે સંન્યાસ દીક્ષાનો વિચાર છોડીને હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

2-8-10

*

92. યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક

ધાર્મિક કે રાજકીય વગેરે મહત્ત્વના પ્રસંગે નાની-મોટી શાસ્ત્રીયવિધિ થતી હોય છે. તેને કર્મકાંડ પણ કહેવાય છે. આવી વિધિઓનો એક હેતુ લોકસ્વીકૃતિ પણ હોય છે. માનો કે કોઈનાં લગ્ન થયાં. કશી જ વિધિ કર્યા વિના પતિ-પત્ની થઈ ગયાં. તો તેમાં જોઈએ તેવી લોકસ્વીકૃતિ ના મળી કહેવાય. પણ વાજતે-ગાજતે, વરઘોડો કાઢીને સગાં-સ્નેહીઓનો જમણવાર ગોઠવીને હોમ-હવન કરીને બધા રીત-રિવાજો પ્રમાણે લગ્ન કર્યું હોય તો તેને લોકસ્વીકૃતિ કહેવાય. આવી જ રીતે બીજા પ્રસંગો પણ નાના-મોટા જમણવાર અને શણગાર સાથે કરાય તો તેથી લોકપ્રસિદ્ધિ અને લોકસ્વીકૃતિ પ્રાપ્ત થાય. જીવનમાં જેણે લોકોમાં રહેવું હોય તેણે લોકસ્વીકૃતિનું મહત્ત્વ સ્વીકારવું જ જોઈએ. જે વસ્તુને લોકો માન્ય ના રાખે તેને કરવાથી લોકચાહના ના રહે અથવા ઓછી થઈ જાય. લોકચાહના એ પણ જીવનની એક મોટી મૂડી જ કહેવાય. પણ આનો અર્થ એવો પણ ના કરાય કે બધા રીતરિવાજો આંખ મીંચીને કરતા જ રહેવા. જે રિવાજો જે કર્મકાંડો કે જે વિધિઓથી વ્યક્તિ અને સમાજને અગવડો થતી હોય, હાનિ થતી હોય તેવા રિવાજો કે વિધિઓને લોકપરવાહ કર્યા વિના ત્યજી પણ દેવા જોઈએ. આને ધર્મસુધાર કે સમાજસુધાર કહેવાય છે. હિમ્મતવાળી વ્યક્તિ જ આ કામ કરી શકે.

બધાંએ મળીને યુધિષ્ઠિરના વૈરાગ્યને કહો કે વિષાદને ઉતારી દીધો. અને તેમને રાજગાદી સ્વીકારવા માટે મનાવી લીધા. વૈરાગ્યવાન વ્યક્તિને લગ્ન માટે, સત્તા માટે, સન્માન માટે મનાવવા પડતા હોય છે. સામાન્ય માણસ આવા બધા માટે તલપાપડ થયા કરતો હોય છે. લગ્ન, સત્તા અને માન-સન્માન માટે હંમેશાં તલપાપડ રહેતો માણસ યોગ્ય નથી હોતો. તે જવાબદારીઓ બરાબર સંભાળી શકતો નથી. તેનો અતિરાગ તેને આસક્ત બનાવે છે, જેમાંથી તેની દુર્બળતા વિકસે છે.

યુધિષ્ઠિર સહિત પાંડવો અને પરિવાર હસ્તિનાપુર આવ્યાં. રાજસત્તા ભરોસાપાત્ર નથી હોતી. ક્યારે આવે અને ક્યારે જાય તે કહેવાય નહિ. સૌથી મોટો નશો રાજસત્તાનો હોય છે. આ નશાનો સ્વાદ અને કેફ એક વાર જે ચાખી જાય તે તેને છોડી નથી શકતો. કદાચ છૂટી જાય તો ફરી ફરીને મેળવવા પ્રયત્નો કરતો રહે છે. કેટલીક વાર તો તેના પ્રયત્નો ફાંફાં થઈ જાય છે. પણ આમાં કોઈક ધીર-વીર-પુરુષ અપવાદરૂપ પણ હોય છે. તેને સત્તાનો નશો નથી ચઢતો, કારણ કે મોહ નથી હોતો. મોહ હોય તો જ નશો ચઢે. યુધિષ્ઠિર નિર્મોહી વ્યક્તિ છે. તેથી તેમને મનાવવા પડ્યા છે. લગ્ન અને માન-સન્માન માટે પણ આ જ નિયમ છે.

રાજાને બેસવાના આસનને સિંહાસન કહેવાય છે. બન્ને હાથા સંહિની આકૃતિવાળા હોવાથી તેને સિંહાસન નથી કહેવાતું પણ સંહિ જેવો પરાક્રમી અને ધીર-વીર હોય તે જ આ સિંહાસન ઉપર બેસી શકે. નમાલા માણસોને કદી પણ આ સિંહાસન ઉપર બેસાડાય નહિ. તે સિંહાસનને લજવી મારશે.

યુધિષ્ઠિરને સિંહાસન ઉપર બેસાડ્યા. આજ સુધી ખબર નહિ કેટલા લોકો આ સિંહાસન ઉપર બેઠા અને ઊતર્યા. કેટલાકને તો ફેંકી દેવાયા. કેટલાકે નામ અમર કર્યું તો કેટલાકે નામ બોળ્યું. આ સિંહાસન ધગધગતી ભઠ્ઠી જેવું છે. તે જીવનને ઉષ્ણતા આપે છે અને બાળી પણ મૂકે છે. દુર્યોધન અને કૌરવો બળીને ખાખ થઈ ગયા. હા, હજી સિંહાસન સલામત છે. હવે યુધિષ્ઠિર બેસવાના છે.

પ્રસંગ, મહેમાનોથી શોભતો હોય છે. મહેમાનો તેમની બુલંદીથી શોભતા હોય છે. મહેમાનો વિનાનો પ્રસંગ ફિક્કો લાગે. અને ઊંચાઈ વિનાના ઠીંગુજી જેવા મહેમાનો પ્રભાવહીન લાગે. સંબંધોની કસોટી પ્રસંગો છે. કોણ કોણ આવ્યું, કોણ ના આવ્યું, કોણે બહાના કરી છટકી જવા પ્રયત્ન કર્યા. અને કોણ ખરા સમયે રિસાઈને બેઠા. કોણે પ્રસંગ બગાડ્યો. આ બધું પ્રસંગોથી સમજાતું હોય છે. પ્રસંગ પાર પાડવો એટલે ઈડરિયો ગઢ જીતવો જ કહેવાય. યુધિષ્ઠિરના આંગણે રાજ્યાભિષેકનો મહાપ્રસંગ ઊજવાઈ રહ્યો છે. તેમાં સર્વ પ્રથમ તો શ્રીકૃષ્ણ પોતે જ હાજર છે. સાત્યકિ પણ છે. બાકીના ચાર ભાઈઓ, પત્નીઓ અને માતા કુન્તી પણ છે. આવા પ્રસંગે માંગલિક વસ્તુઓનો ઉપયોગ થતો હોય છે. શ્રીફળ, કંકુ, અબીલ, ગુલાલ, સુખડ, પુષ્પો, ગંગાજળ વગેરે માંગલિક વસ્તુઓ છે. જે રણ જેવા પ્રદેશોમાં આ વસ્તુઓ નથી થતી. ત્યાં માંગલિક વસ્તુઓ વિના જ પ્રસંગ ઊજવાય છે. કેટલાક લોકો આવા પ્રસંગે અમાંગલિક વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે. જેમ કે મદિરા, અખાદ્ય વસ્તુઓ, હલકી સ્ત્રીઓના નાચ-મુજરા વગેરે. ભયંકર મહા વિનાશ પછી આ પ્રસંગ ઊજવાઈ રહ્યો છે. એટલે શોકની સાથે હર્ષ છે. એકલો હર્ષ નથી. પ્રસંગને સાત્ત્વિક બનાવવા માટે તેને ધાર્મિક રૂપ અપાયું હોય છે. મંત્રોચ્ચાર અને સ્વસ્તિવાચનની સાત્ત્વિક અસર થતી હોય છે. આ પ્રસંગની સુખદતા એ પણ કહેવાય કે ધૃતરાષ્ટ્ર પોતે પણ તેમાં હાજર રહ્યા છે. પ્રસંગોયે વિવેક અને નમ્રતાથી આયોજિત કરાય તો શત્રુઓ પણ મિત્રો થઈ શકે છે અને એ પ્રસંગને અવિવેક અને અભિમાનપૂર્વક ઊજવાય તો મિત્રો પણ શત્રુઓ થઈ શકે છે.

શ્રીકૃષ્ણે પાંચજન્ય શંખના દ્વારા યુધિષ્ઠિરનો અભિષેક કર્યો. પુરોહિતો-બ્રાહ્મણો વગેરેને ખૂબ દક્ષિણા આપી. દક્ષિણા વિના કાર્ય પૂરું ના થાય. દક્ષિણાથી પ્રસન્ન થઈને પુરોહિતોએ મનથી આશીર્વાદ આપ્યા. આવનાર મહેમાનોએ યુધિષ્ઠિરને ભેટો આપી. યુધિષ્ઠિરે ઊભા થઈને બધા વડીલોને પગે લાગી આશીર્વાદ લીધા. માતા કુન્તીની આંખો હર્ષાશ્રુથી ભરાઈ ઊઠી, તેણે ગદ્ગદ કંઠે આશીર્વાદ આપ્યા. વડીલોને વંદન કર્યા વિના પ્રસંગ પૂરો ના કરાય.

આ વખતે યુધિષ્ઠિરે એક ગજબની ઘોષણા કરી. "રાજા તો કાકા ધૃતરાષ્ટ્ર જ છે. હું તો માત્ર વહીવટદાર જ રહીશ." ધૃતરાષ્ટ્રને થયું કે આવું માન તો કદી દુર્યોધને પણ આપ્યું ન હતું. ઘણી વાર પોતાના જણ્યા કરતાં પારકા જણ્યા વધુ માનસન્માન અને સુખ આપતા હોય છે.

યુધિષ્ઠિરે બાકીના ચારે ભાઈઓ તથા બીજી યોગ્ય વ્યક્તિઓને મહત્ત્વનો પદભાર સોંપ્યો. ખાસ કરીને યુદ્ધ જેવા પ્રસંગોએ જેમણે પૂરેપૂરો સાથ આપ્યો હતો તેમને ભુલાય નહિ. સુખ અને સત્તાની વહેંચણી જો યથાયોગ્ય કરતાં ના આવડે તો અસંતોષ થાય. અને આ અસંતોષ, કલહમાં પરિણમે. કલહ વિદ્રોહનું પણ રૂપ લઈ શકે છે. એટલે રાજગાદી ઉપર બેસતાં જ સૌથી મહત્ત્વનું કાર્ય સત્તાવહેંચણીનું હોય છે. બૅલેન્સ સાચવવું જરૂરી થઈ જતું હોય છે.

ભીમસેનને યુવરાજ બનાવ્યો. વિદુરજીને મંત્રી બનાવ્યા, સંજયને કાર્યનિરીક્ષક બનાવ્યા. સુરક્ષા મંત્રાલય નકુલને સોંપ્યું. યુદ્ધમંત્રી અર્જુનને બનાવ્યો. સહદેવને અંગરક્ષક સેનાનો અધિપતિ બનાવ્યો. આ રીતે બધાં મહત્ત્વનાં પદો ઉપર મહત્ત્વનાં માણસોની નિયુક્તિ કરી.

ધૃતરાષ્ટ્ર અને યુધિષ્ઠિરે બન્ને પક્ષના મૃતકોની શ્રાદ્ધવિધિ કરી. પછી રાજમહેલ સંકુલમાં સૌ સૌને યથાયોગ્ય મહેલો આપ્યા. વળી વળીને તેમણે શ્રીકૃષ્ણનો આભાર માન્યો. ખરેખર તો વિજયનું પૂરું શ્રેય શ્રીકૃષ્ણને જ હતું. શ્રીકૃષ્ણે ભીષ્મનો મહિમા બતાવી અને તેઓ જ્યાં બાણશય્યા ઉપર સૂતા હતા ત્યાં યુધિષ્ઠિર વગેરેને લઈ ગયા. આ વખતે ભીષ્મે શ્રીકૃષ્ણની ભવ્ય સ્તુતિ કરી

છે. જેણે 'ભીષ્મસ્તવરાજ' કહેવાય છે. ભીષ્મના મનમાં કાંઈ ડંખ નથી. યુદ્ધ કર્તવ્ય હતું તે કર્યું. હવે કૃષ્ણ શત્રુ નથી. ભગવાન છે. ભીષ્મે જે સ્તવન કર્યું તે અત્યંત મનોહર અને જ્ઞાનથી ભરપૂર છે.

શ્રીકૃષ્ણે, ભીષ્મજીને પ્રાર્થના કરી કે હવે આપ યુધિષ્ઠિરને જરૂરી ઉપદેશ આપો. કોઈ જ્ઞાની મરણપથારીએ હોય તો તેની પાસેથી બને તેટલું જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. ઘણી વાર જ્ઞાન આપ્યા વિના જ જ્ઞાની મરી જાય તો જ્ઞાન પણ મરી જાય.

શ્રીકૃષ્ણની પ્રાર્થનાને ભીષ્મે માન્ય ના કરી. કારણ કે અનેક ઘા વાગવાથી તેમનામાં શારીરિક તથા બૌદ્ધિક દુર્બળતા આવી ગઈ હતી. હવે તેમને વધુ કષ્ટ આપવું યોગ્ય નથી તેમ માનીને શ્રીકૃષ્ણ વગેરે વંદન કરીને પોત-પોતાના રથ ઉપર વિદાય થયા. ફરીથી આવીશું અને દર્શન-ઉપદેશ ગ્રહણ કરીશું તેવી શ્રદ્ધા સાથે હસ્તિનાપુર ચાલ્યા ગયા.

3-8-10

*

93. ભીષ્મસત્સંગ

મરણોપદેશ બધા આપી શકતા નથી. જેનું મસ્તિષ્ક પૂર્ણ સ્વસ્થ હોય તે જ સ્વસ્થતાપૂર્વક અંતિમ ઉપદેશ આપતા હોય છે. મોટા ભાગે તથાકથિત યોગીરાજોમાં મરણ આદર્શ નથી હોતો. કાં તો ભાનભૂલી જતા હોય છે. કાં પછી ગમે તેવું બોલતા હોય છે. તેનું એક કારણ કુદરત વિરોધી શારીરિક ક્રિયાઓ કરવાથી શરીરનું આરોગ્ય અસાધ્ય રોગોથી બગડેલું હોય છે, અને મનનું સતત ધ્યાન કરવાથી તથા લાગણીહીન જીવન જીવવાથી મન પણ છટકેલી સ્પ્રંગિ જેવું થઈ જતું હોય છે. અનુયાયીઓ સાચી વાત બહાર આવવા દેતા નથી. તેથી એક કાલ્પનિક હવા જમાવાય છે. ખરું મરણ તો સામાન્ય સંસારી ડોસા કે ડોસીનું થતું હોય છે. જે કુદરત સહજ નિર્દોષ અને નિષ્પાપ જીવન જીવતા હોય છે. પણ તેમની પ્રસિદ્ધિ નથી હોતી કે નથી થતી.

મહાપુરુષોના મરણ વખતે કદાચ શરીર સ્વસ્થ ના પણ હોય પણ જો મન સ્વસ્થ હોય અને સુપાત્ર શિષ્યો હોય તો અદ્ભુત મરણોપદેશ પ્રગટતો હોય છે. ભીષ્મનું પણ એવું જ છે. ભીષ્મ બાણશય્યા ઉપર પડ્યા છે. અસહ્યપીડા થઈ રહી છે. તોપણ પૂરી સ્વસ્થતાથી સમય વ્યતીત કરી રહ્યા છે. ઘણાને મૃત્યુની ખબર પડી જાય પણ સમય પસાર કરવાનો હોય. તે સમય સ્વસ્થ પ્રજ્ઞાથી પસાર કરી જાણે. જેના મહત્ત્વના પ્રશ્નો ઉકેલાઈ ગયા હોય તે જ પૂરી સ્વસ્થતા રાખી શકે. જેના ભડભડતા પ્રશ્નો બાકી રહી ગયા હોય તેને સ્વસ્થતા ના હોય. ભીષ્મના પ્રશ્નો બાકી નથી. તેથી સ્વસ્થ છે.

શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર વગેરેને લઈને કુરુના મેદાનમાં ગયા છે. યુદ્ધ પહેલાંની યુદ્ધભૂમિ અને યુદ્ધ પછીની યુદ્ધભૂમિમાં કેટલો બધો તફાવત થઈ ગયો છે. પહેલાં અહીં યોદ્ધાઓ યુદ્ધ કરવા થનગની રહ્યા હતા. હવે અહીં બધા ક્ષત-વિક્ષત થઈને સૂતા છે. જોઈ ના શકાય તેવાં દૃશ્યો છે. યુદ્ધભૂમિ ગંધાઈ ઊઠી છે.

શ્રીકૃષ્ણ ભીષ્મજી પાસે ગયા તેમના શરીર ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો. એક સ્પર્શ થેરાપી પણ છે. સ્પર્શથી રોગો દૂર થાય છે. સ્પર્શ દ્વારા લાગણીઓ સામેની વ્યક્તિમાં પ્રવાહિત થવા લાગે છે. લાગણીઓ પોતે જ ઔષધ છે. પ્રિયનો સ્પર્શ મહાઔષધ છે. જેને આવો સ્પર્શ મળ્યો જ નથી તેનું જીવન માખણ વિનાની છાસ જેવું છે. શ્રીકૃષ્ણના હાથ ફેરવવાથી ભીષ્મનાં બધાં શારીરિક દર્દોનું શમન થઈ ગયું. હવે પૂરી સ્વસ્થતાથી વાતો કરવા લાગ્યા. ભીષ્મે એક સરસ વાત ભૂમિકામાં જ કરી. “જે પ્રશ્નનો ઉત્તર જાણતો હોય તોપણ ઉત્તર ના આપે તો તેને દોષ લાગે” તેમણે યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછવાનો આદેશ આપ્યો.

યુધિષ્ઠિર ચરણસ્પર્શ કરીને ભીષ્મની પાસે બેસી ગયા. ભીષ્મે મરણ-ઉપદેશ શરૂ કર્યો.

1. પુરુષાર્થવાદી બનો, કદાપિ પ્રારબ્ધવાદી ના બનો.

૨. આરંભ કરેલા કાર્યને નિષ્ફળતા મળે તોપણ નીરસ થયા વિના ફરી ફરીને પુરુષાર્થ કરીને પાર પાડવું.

3. સત્યને જ સર્વોચ્ચ ધર્મ માનવો. વિવેકપૂર્વકનું સત્ય વિજય અપાવે છે.

4. સરળ થવું પણ પોતાનું છિદ્ર, મંત્રણા અને કાર્યકૌશલ આ ત્રણને હંમેશાં ગુપ્ત રાખવું.

૫. અતિ સરળ અને કોમળ માણસ સારો શાસક નથી થઈ શકતો અને માત્ર કઠોર વર્તણૂકવાળો માણસ લોકપ્રિય નથી થઈ શકતો. એટલે વિવેકપૂર્વક કોમલતા અને કઠોરતાનો મેળ કરવો.

6. સેવકોની સાથે વધારે ઠઠ્ઠા-મશ્કરી કરવી નહિ, ગંભીર રહેવું. મોઢે ચઢાવેલા સેવકો, આજ્ઞાનું પાલન બરાબર નથી કરતા. નોકરશાહી વધી જાય છે. રાજા નામમાત્રનો જ રહી જાય છે.

7. જે રાજા યુદ્ધ નથી કરતો તે સર્પના દ્વારા દરમાં છુપાયેલા ઊંદરની માફક નષ્ટ થઈ જાય છે.

8. જે રાષ્ટ્ર વિરોધી હોય, ગદ્દાર હોય તે ગુરુ હોય કે મિત્ર હોય તેનો વધ જ કરી દેવો જોઈએ.

9. રાજાએ કોઈના ઉપર અતિવિશ્વાસ કરવો નહિ, મિત્ર હોય તોપણ સાવધાન રહેવું. અતિવિશ્વાસ કરવો નહિ.

10. ગુપ્તચરોને પ્રબળ બનાવવા. શત્રુઓની રજેરજ વાતો જાણી લેવી.

11. ખજાનો હંમેશાં ભરપૂર રાખે.

12. જે નિરાધાર હોય તેનું ભરણ-પોષણ રાજા કરે.

13. રાજાએ કદી પણ લઘર-વઘર વસ્ત્રો પહેરવાં નહિ. બરાબર વ્યક્તિત્વ ઊપસી આવે તેવાં સુંદર વસ્ત્રો ધારણ કરવાં. જોતાં જ ખબર પડે કે આ રાજા છે. પોતાની વેશભૂષાની નકલ કરવા દેવી નહિ.

14. જે પૂરેપૂરા વફાદાર વિશ્વાસુ હોય તેમને સુખ-સગવડ આપવાં.

15. જે રાજા બધાના ઉપર સંદેહ કરે છે. તેને એક દિવસ તેના જ માણસો મારી નાખે છે.

16. પ્રજાવત્સલ રાજાનું કદાચ પતન થાય તોપણ થોડા જ સમયમાં તે પ્રજાના ટેકાથી ફરીથી રાજ્ય પ્રાપ્ત કરી લેતો હોય છે.

17. જે રાજાના રાજ્યમાં ચોરી-લૂંટ થતી જ નથી તે રાજા સફળ રાજા છે.

18. પહેલાં સારો રાજા હોવો જોઈએ. પછી પત્ની મેળવવી. પછી ધન મેળવવું. જો રાજા જ સારો નહિ હોય તો પત્ની અને ધનનું રક્ષણ થઈ શકશે નહિ. માટે સર્વપ્રથમ સુશાસનવાળું રાજ્ય જોઈએ.

19. આ છ વસ્તુઓને ત્યાગી દેવી. (1) છિદ્રવાળી નૌકા, (૨) ઉપદેશ વિનાનો આચાર્ય, (3) વેદમંત્રો વિનાનો ઋત્વિજ, (4) રક્ષા ન કરી શકનાર રાજા, (૫) કટુવાણી વાળી સ્ત્રી અને (6) ગામમાં રહેતો ભરવાડ અને જંગલમાં રહેતો વાળંદ.

હવે સૂર્યાસ્ત થવાથી સંધ્યાનો સમય થયો છે. બાકીનું કાલ.

3-8-10

*

94. ભીષ્મનો ઉપદેશ

ભીષ્મજી શય્યાપથારી પર સૂતા-સૂતા યુધિષ્ઠિરને રાજધર્મ શિખવાડી રહ્યા છે. મૂળહેતુ તો શાન્તિનો છે. શાન્તિ વ્યક્તિગત પ્રાપ્ત થાય તેના કરતાં પૂરી પ્રજા અને પૂરું રાષ્ટ્ર શાન્તિ ભોગવે તે વધુ મહત્ત્વનું છે. વ્યક્તિગત શાન્તિ પ્રાપ્ત કરવા માટે શ્રમણ લોકો યોગમાર્ગ તરફ લોકોને વાળે છે, ધ્યાન-ધારણા વગેરે સતત કરીને લોકોને શાન્તિ પ્રાપ્ત થતી હોય છે. જેમ જેમ લોકો વધુ ને વધુ ધ્યાન કરતા થાય તેમ તેમ અશાન્તિથી પ્રતિકારક્ષમતા ઓછી થતી જાય. પ્રતિકારક્ષમતા ઓછી કરીને જે શાન્તિ મળે તે સ્મશાનશાન્તિ જ કહેવાય. આવા લોકો અશાન્તિનાં નાનાં-નાનાં કારણોનો પણ પરિત્યાગ કરી શાન્તિ મેળવવા મથતા રહે છે. જેમ કે આજીવિકા રળવી તે અશાન્તિનું કારણ બને છે. ખેતી વરસાદને આધીન અને વરસાદ કુદરતને આધીન એટલે ખેતીથી આજીવિકા ચલાવનારને હંમેશાં દુષ્કાળ, રોગચાળો અતિવૃષ્ટિ વગેરેનો ડર રહે છે. તેથી અશાન્તિ થાય છે. આવી જ રીતે નોકરી કરવાથી ગુલામીપણું આવે છે. શેઠનો હુકમ ખોટો હોય તોપણ માનવો પડે. વ્યાપારમાં ઘાટાનો ભય રહે છે. ઘરાક ના મળવાનો ભય રહે છે. માલ બગડી જવાનો ભય છે. આમ જુઓ તો બધી આજીવિકાઓ ટૅન્શનભરી હોય છે. ટૅન્શન એ જ અશાન્તિ છે. માણસ દેવાદાર થઈ જાય, દેવું કાઢવું પડે વગેરે અનેક પ્રશ્નો સતાવતા હોય છે, તેના કરતાં આજીવિકાનો જ ત્યાગ કરો. જો, ધ્યાનમાં બેસી જાવ, ધ્યાનનો મહિમા વધારો, લોકોને ધ્યાન ચમત્કારોની વાત ફેલાવો, લોકોની ઇચ્છા વધારો. લોકો બધી સેવા કરશે. હવે આજીવિકાની શી જરૂર?

અશાન્તિનું કારણ ઘરકંકાસ છે. ઘરકંકાસનું કેન્દ્ર મોટા ભાગે પત્ની હોય છે. જ્યારે જુઓ ત્યારે પત્ની લડતી-ઝઘડતી રહે છે. તેની અપેક્ષાઓ કદી પૂરી કરી શકાતી નથી. જ્યારે જુઓ ત્યારે લાવો જ લાવો કર્યા કરે છે. ગમે તેટલું આપો તોપણ તેને સંતોષ નથી થતો. દ્રવ્યવાસના કરતાં પણ તેની કામવાસના અનેકગણી પ્રબળ હોય છે. તે પૂરી કરાવવા ભલભલા મર્દોને પણ નીચોવી નાખે છે. પૂરી ના કરી શકનાર પતિ, માનહીન થઈ જાય છે. આવી રીતે પત્ની પણ અશાન્તિનું મુખ્ય કારણ બને છે. એટલે સારું તો એ છે કે પત્નીનો પણ ત્યાગ કરી દેવો. આજીવિકા અને પત્ની બન્નેની જવાબદારીથી મુક્ત થયેલો વ્યક્તિ શાન્તિ જ શાન્તિ ભોગવે છે. હા લોકચાહના મેળવવા માટે ધ્યાન-સમાધિનો પ્રચાર કરતા રહેવું. પોતે મહાન યોગીરાજ છે તેવો વેશ અને દેખાવ કરવો જેથી લોકો બધી અપેક્ષાઓ પૂરી કરે. ભારતમાં કર્મ નથી પૂજાતું, જ્ઞાન પણ નથી પૂજાતું. રાષ્ટ્રભક્તિ પણ નથી પૂજાતી, વિદ્વત્તાની કિંમત નથી હોતી. જો પૂજાય છે તો ચમત્કાર પૂજાય છે. જેટલા ચમત્કારી પુરુષો અહીં થયા છે તેટલા ક્યાંય થયા નથી. ચમત્કારી પુરુષોની પાછળ પ્રજા ગાંડી બને છે. ટોળે-ટોળાં ઉભરાય છે. પ્રચારતંત્ર પ્રબળ હોય અને હવે તો મીડિયા ચેનલોનો પ્રભાવ વધ્યો છે. અસંખ્ય ચેનલ હાથમાં આવી જાય, મંત્રેલો રુદ્રાક્ષ વેચો, તાવીજ વેચો, માળા વેચો, યંત્રો વેચો. બસ વેચો જ વેચો. ધૂમ કમાણી કરી શકાય છે. હા પ્રચાર આવડવો જોઈએ. પ્રચારનો જમાનો છે. "શાન્તિશિબિરો ગોઠવો" "શાન્તિયજ્ઞો કરો અને અગ્નિમાં ઘી હોમો, પાટલે બેસનારા પોતે તૈયાર જ છે. વિશ્વશાન્તિ અને ગૃહશાન્તિના નામે જે કાંઈ કરવું હોય તે કરો. ધંધો ચાલશે. ખોટ નહિ આવે. હજી પણ હૈયાફૂટ્યા ઓછા થયા નથી. હા, આ બધું વ્યક્તિની શાન્તિ અને રાષ્ટ્રની શાન્તિ માટે વિશ્વશાન્તિ માટે કરતા રહો. લોકોને કશું કર્યા વિના જ શાન્તિ જોઈએ છે.

મહાભારત, શાન્તિપર્વમાં ભીષ્મજીના માધ્યમથી સાચી શાન્તિના ઉપાય બતાવે છે.

1. શાન્તિ પરાક્રમથી આવે છે અને સ્થાપિત થાય છે. હોમ-હવન કે ધ્યાન ધારણાથી નહિ.

2. પરાક્રમ રાજા કરે છે, પ્રજા પરાક્રમનો પડઘો ઝીલે છે. પૂરી પ્રજા પરાક્રમી બને તેવું ઘડતર ધર્મ અને રાજા કરે છે.

3. ધર્મ નિર્પેક્ષ પરાક્રમી પ્રજા જ શાન્તિની હક્કદાર છે. એટલે રાજા ધર્મ અને પરાક્રમનો સંસ્થાપક બને.

4. રાજા વિનાનો દેશ અરાજકતાનો શિકાર થઈ જાય છે. માટે તેની તલવાર અને લૂટે તેનું ઘર થઈ જાય છે. ગુંડાઓ વધી જાય છે. ગુંડાઓ પહેલાં પ્રજાને લૂટે છે અને પછી પોતે અંદર-અંદર લડે છે. પ્રજા ભાગવા માંડે છે.

5. અરાજકતામાં સર્વપ્રથમ સ્ત્રીઓ સલામત નથી રહેતી. જ્યાં સ્ત્રીઓની સલામતી ના હોય ત્યાં શાન્તિ ના હોય. સ્ત્રીઓની સલામતી ચારિત્ર્યવાન રાજા જ પરાક્રમથી કરતો હોય છે, એટલે શાન્તિનું મૂળ પરાક્રમી ધર્મનિષ્ઠ રાજા છે. ગૃહકલહ કે પત્નીકલહ બધે જ નથી હોતો. જ્યાં હોય છે ત્યાં તેનું સમાધાન પણ હોય છે. સમાધાનથી શાન્તિ મળે. ભાગવાથી નહિ, ભાગવાથી પણ અનેક પ્રશ્નો ઊભા થતા હોય છે. વ્યક્તિમાત્રને પૂરેપૂરી રોજી મળે તે રાજાનું કર્તવ્ય છે. અને પતિ-પત્નીમાં સુમેળ અને સંયમ રહે તે ધર્મ અને સમાજનું કર્તવ્ય છે. પાણીમાં દેડકાં અને માછલાં છે તેથી ન્હાવા જ ના ઊતરાય તેવી ધારણા યોગ્ય ના કહેવાય.

માટે ભીષ્મજી કહે છે કે યોગ્ય અને સમર્થ રાજાને ગાદીએ સ્થાપિત કરો, તે ઘણા પ્રશ્નો ઉકેલી આપશે. પલાયનવાદી ભિક્ષુકો ના વધારો, તે પરલોકની લલચાવનારી વાતો કરીને લોકોનો આલોક બગાડશે. કર્તવ્યમાં જોડનારા મહાન છે. કર્તવ્યોથી ભગાડનારા મહાન ના હોય.

શાન્તિપર્વમાં એટલું બધું કહેવાયું છે કે રાજા અને પ્રજા બન્નેએ તેનું તલસ્પર્શી અધ્યયન કરવું જોઈએ. ભીષ્મ કહે છે કે:-

રાજાએ સાત વસ્તુઓનું હંમેશાં રક્ષણ કરવું જોઈએ.

(1) સ્વયં પોતાનું. તેના કુશળ વફાદાર, અને બહાદુર અંગરક્ષકો સાથે ને સાથે રહે.

(૨) મંત્રીઓનું રક્ષણ કરે. કારણ કે તેની પાસે અમાપ ગુપ્ત યોજનાઓ અને વાતો હોય છે. તેનું રક્ષણ માત્ર રક્ષકોથી જ ના કરે, પણ વફાદારીથી પણ કરે, તેને લલચાવનારા, ફોડનારા ઊભા ના થાય, ખાસ કરીને યુદ્ધકાળમાં.

(3) કોશ એટલે કે ખજાનાનું રક્ષણ કરે. ખજાનો ભરચક રહે. પાઈએ પાઈનો હિસાબ રહે અને બધા પૈસા યોગ્ય જગ્યાએ જ વપરાય. ગમે ત્યાં લૂંટાવી ના દેવાય કે ફૂંકી ના મરાય.

(4) રાજા સેનાનું રક્ષણ કરે. સેના વિશાળ અને બળવાન રહે. આધુનિકતમ શસ્ત્રોથી યુક્ત રહે, પગારથી અસંતોષ ના રહે.

(૫) મિત્રરાષ્ટ્રોની રક્ષા કરે, મિત્રો વધારે ઘટાડે નહિ, તટસ્થનીતિ એ આત્મહત્યા જ કહેવાય. મિત્રો બનાવો અને મજબૂત બનો.

(6) રાષ્ટ્રનું રક્ષણ, ગદ્દારોથી સાવધ રહી કરે, ગદ્દારો બધે જ હોય છે. તેમને વીણી વીણીને એવી સજા કરે કે કોઈ ગદ્દાર થવાનું નામ ના લે.

(7) રાજધાનીનું રક્ષણ કરે, રાજધાની સર્વાધિક મહત્ત્વની જગ્યા હોય છે. બધા નિર્ણયો અહીંથી થતા હોય છે. તેની પૂરેપૂરી રક્ષા કરે.

ભીષ્મજી કહે છે, કે જે રાજા સારી રીતે રાષ્ટ્રરક્ષા કરે, પ્રજાનું રક્ષણ કરે, પ્રજાને સમૃદ્ધ બનાવે, સુખી કરે, જ્ઞાન-વિજ્ઞાન દ્વારા સગવડો વધારે તે કશી જ સાધના કર્યા વિના દીક્ષા લીધા વિના મોક્ષ પ્રાપ્ત કરે છે. આજ તેના માટે પરમ સાધના બની જાય છે. ભીષ્મ કહે છે કે:

સ્ત્રી પ્રધાનાનિ રાજ્યાન્ન વિદ્વદ્વિવર્જિતાનીય।

અર્થાત્: જ્યાં સ્ત્રીની પ્રધાનતાથી રાજ્ય ચાલતું હોય અને વિદ્વાનોએ ત્યજી દીધેલું રાજ્ય હોય તે જળબિન્દુની માફક સુકાઈ જાય છે. ત્યાં ના રહેવું.

ભીષ્મજીએ રાજાના 36 ગુણો બતાવ્યા છે જે આજે પણ પૂરેપૂરા પ્રસ્તુત છે.

ભીષ્મજીએ ઘણો લાંબો ઉપદેશ યુધિષ્ઠિરને આપ્યો, પણ પરિણામ વિપરીત આવ્યું. યુધિષ્ઠિરને વળી પાછો વૈરાગ્ય થયો અને તેણે આટલી મોટી જવાબદારી સ્વીકારવી તેના કરતાં દીક્ષા લઈને વનમાં ચાલ્યા જવું સારું તેવું મંતવ્ય રજૂ કર્યું.

ભીષ્મે કહ્યું કે આ તારી કાયરતા છે. સૌથી મોટી કાયરતા, કર્તવ્ય- કાયરતા છે. તને અત્યારે કર્તવ્યકાયરતાનો રોગ લાગુ થયો છે.

યુધિષ્ઠિરે પરલોક સુધારવાનો ઉપાય પૂછ્યો. જેના જવાબમાં ભીષ્મજીએ કહ્યું કે:

જે ભયભીત લોકોને નિર્ભયતા આપે છે તેનો પરલોક સુધરે છે.

જે સત્પુરુષોની રક્ષા કરે છે અને દુષ્ટોનો સંહાર કરે છે તેનો પરલોક સુધરે છે. આવા રાજાનો આશ્રય લઈને પ્રજા જીવન જીવતી હોય છે. મહાભારતમાં અઢાર પર્વો આવેલાં છે. તેમાં સૌથી મોટું શાન્તિપર્વ છે. શાન્તિપર્વમાં એટલી બધી કથાઓ આવેલી છે કે બસ વાંચ્યા જ કરો. જીવનને લગતા બધા પ્રશ્નો અને બધાના સચોટ ઉત્તરો આ પર્વમાં આવેલા છે. આ શાન્તિપર્વમાં ક્યાંય શાન્તિ માટે ગૃહત્યાગ કે પત્નીત્યાગની વાત નથી. રાજનીતિ માટે જ એટલી બધી સૂક્ષ્મ વાતો છે કે પ્રત્યેક રાજનેતાએ તેનો રોજ અર્થ સાથે પાઠ કરવો જોઈએ. 167મા અધ્યાયમાં યુધિષ્ઠિરે એક બહુ જ મહત્ત્વનો પ્રશ્ન ભીષ્મજીને પૂછ્યો છે. “ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેમાં સૌથી વધુ મહત્ત્વ કોનું?”

ભીષ્મ સમજાવે છે કે આ ચારેમાં ધર્મ જ સર્વોચ્ચ મહત્ત્વપૂર્ણ ગુણ છે. અહીં ધર્મ એટલે સંપ્રદાય નહિ, પ્રાય: લોકો ધર્મ અને સંપ્રદાયને એક સમજી બેસે છે. તે યોગ્ય નથી. રામાયણ - મહાભારત - પુરાણો - સ્મૃતિઓ વગેરેમાં ધર્મશબ્દ સંપ્રદાય અર્થમાં નથી. ધર્મની ઘણી વ્યાખ્યાઓ કરી છે. જેમકે ‘આ લોક સુધારીને પરલોક સુધારે તે ધર્મ’ “યતોડભ્યુદયનિ:-શ્રેયસ: સધર્મ:” બીજી વ્યાખ્યા એવી પણ કરી શકાય કે “ જે જીવનના પ્રશ્નો ઉકેલે તે ધર્મ” જીવનના મહત્ત્વના બે પ્રશ્નો છે. ધનપ્રશ્ન અને કામપ્રશ્ન (મની પ્રોબ્લેમ અને સેક્સ પ્રોબ્લેમ) આ બે પ્રશ્નો ધર્મથી જ ઉકેલાય તો વ્યક્તિ અને પ્રજા સુખી થાય. આ બન્ને પ્રશ્નોથી દૂર ભાગે તો વ્યક્તિ અને પ્રજા દુ:ખી થાય, આવાં ધનત્યાગી અને કામત્યાગીનાં ટોળે-ટોળાં ઊભાં કરીને તેવો જ પ્રચાર કરવામાં આવે તો પૂરી પ્રજાનું પતન થાય. ધન અને કામ વિના જીવનની કલ્પના કરી શકાય નહિ આ બન્નેથી અનર્થો થઈ શકે છે, પણ તેને રોકવામાં ધર્મની જરૂર પડે છે. જે ધન અને કામને નહિ પણ તેનાથી થતા અનર્થોને રોકે તેને ધર્મ કહેવાય. ધન વિનાનો માણસ બીજાના

ધનથી જીવન જીવશે. આ પરાશ્રિત જીવન કહેવાય. તે કદી સુખી કે સ્વમાની ના હોઈ શકે. સંપૂર્ણ કામત્યાગ શક્ય જ નથી. જો કોઈ સંપૂર્ણ કામત્યાગનો માર્ગ ગ્રહણ કરશે તો તે મહા અનર્થકારી થઈ જશે. કામત્યાગ નહિ, કામના દ્વારા થનારા અનર્થોનો ત્યાગ કરવાનો છે. કામના અનર્થોને રોકે તે ધર્મ. આ રીતે ભીષ્મજીએ સર્વોચ્ચ મહત્ત્વ ધર્મનું બતાવ્યું છે. પછી અર્થનું પણ મહત્ત્વ છે. અર્થથી સ્વાવલંબીતા અને ખુમારી આવે છે. અર્થહીન-દરિદ્ર વ્યક્તિ કદી સુખી ના થઈ શકે. તે પછી કામનું મહત્ત્વ છે. કામ જીવનની ઊર્જા છે. તેનાથી જીવનમાં ઉષ્ણતા રહે છે. પૌરુષભરી પ્રજા જ વિશ્વ ઉપર રાજ્ય કરતી હોય છે. પૌરુષ વિનાની કે પૌરુષને કચડનારી પ્રજા કદી રાજ્ય કરી શકે નહિ. તે નમાલી જ હોય. પૌરુષવિનાના પુરુષો પોતાની સ્ત્રીઓને ખોઈ બેસતા હોય છે. વિધર્મીઓ સાથે મોટા પ્રમાણમાં લગ્ન થવામાં પૌરુષહીનતા પણ કારણ હોઈ શકે. પૌરુષ અને મર્દાનગી એક જ વસ્તુ છે. જે ધર્મમાં મર્દને મર્દાનગી વિનાનું જીવન જીવવાની પ્રેરણા અપાતી હોય તે ધર્મ પ્રજાનો આ લોક તો જરૂર બગાડી મૂકે છે. પરલોક તો કુણીનો ગોળ છે. કદાચ હોય, કદાચ ના પણ હોય. પણ આ લોક તો હથેળીનો ગોળ છે. તેને ફેંકીને કુણીનો ગોળ ચાટવા જનાર ડાહ્યો માણસ ના કહેવાય.

બોયલરની ઊર્જા સ્ટીમ પેદા કરે છે. સ્ટીમથી જનરેટર ચાલે છે. જનરેટર ચાલવાથી વીજળી પેદા થાય છે. અને વીજળીથી પૂરું જગત ચાલે છે. અર્થાત્ ઊર્જાથી ઊર્જા ઉત્પન્ન થાય છે. ઊર્જાને ઉત્પન્ન થતી રોકવાનું નામ સંયમ નથી. તેમ કરવાથી તો સ્ટીમ જ પેદા નહિ થાય. પણ ઊર્જાને નિયંત્રિત કરીને તેની પિચકારી જનરેટરના પંખા ઉપર મારવાથી પંખા ફરે છે જેથી વીજળી ઉત્પન્ન થાય છે. જેનાથી જીવન મળે છે. આ સંયમ છે.

બોયલરની ઊર્જાને અનિયંત્રિત રીતે ફેલાવી દેવાય તો શક્તિનો ધોધ વ્યર્થ થઈ જાય. અને એ બોયલરનું મજબૂત લોખંડી કવચ દૂર કરી દેવાય તો એક તરફ સ્ટીમ પેદા ના થાય અને બીજી તરફ પેલો અગ્નિ દાવાનળ બની જાય. આમ બન્ને રીતે હાનિ થાય. ધર્મ આ બધી હાનિઓને અટકાવીને તેમાંથી નિર્માણ કરે છે. વિશ્વનિર્માણ. ભીષ્મજી યુધિષ્ઠિરને સમજાવે છે. જીવનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેનું સંતુલન હોવું જોઈએ. માત્ર એકલો અર્થ જ નહિ, માત્ર એકલો કામ જ નહિ, માત્ર એકલો મોક્ષ જ નહિ. ચારે યથાયોગ્ય માત્રામાં જીવનમાં હોય તો જીવન વ્યવસ્થિત થાય.

આ પ્રસંગમાં ચારે ભાઈઓએ પણ પોત-પોતાના અભિપ્રાય આપ્યા છે. અર્જુન, નકુળ અને સહદેવે ધનને મહત્ત્વ આપ્યું છે. ધન હોય તો જ ધર્મ થાય, ધન હોય તો જ કામ ભોગવાય. ધન વિના કશું ના થઈ શકે, પણ ભીમનું મંતવ્ય જરા જુદું પડ્યું છે. તેનું કહેવું છે કે કામ જ ખરી વસ્તુ છે.

ના કામઃ કામયત્યર્થં ના કામો ધર્મમિચ્છતિ,
ના કામઃ કામયાનોડસ્તિ તસ્માત્ કામો વિશિષ્યતે ।

(મ.ભા.શા.પર્વ. 167-29)

અર્થાત્ જો કામ જ ના હોય તો લોકોને ધનની પણ ઇચ્છા ના થાય. કામ ના હોય તો કામભોગ પણ ના હોય, ઋષિમુનિઓ પણ કોઈ કામના પૂરી કરવા તપસ્યા કરતા હોય છે. આખું વિશ્વ કામ-પ્રેરિત પ્રવૃત્તિ કરે છે. માટે કામ જ વિશિષ્ટતા ધરાવે છે.

"તસ્માત્ કામો વિશિષ્યતે"

જેમ દહીંનો સાર માખણ છે તેમ ધન અને ધર્મનો સાર પણ કામ જ છે. એટલે ધર્મ અને અર્થ

કરતાં કામ શ્રેષ્ઠ છે.

"કામો ધર્માર્થયો વેશ:"

ભીમે કામની શ્રેષ્ઠતાની બાબતમાં એટલાં બધાં પ્રમાણ આપ્યાં છે કે પૂરો અધ્યાય વાંચવા જેવો છે. ઘણી વાર વિચાર થાય કે પ્રજાને અર્થ અને કામની વિરોધી કોણે કેમ બનાવી હશે? આવી બનાવવાથી પ્રજાનું પતન થયું લાગે છે. વિકાસનું મૂળ જ 'સુખેચ્છા' છે. સુખ, સગવડોથી મળે અને સગવડો વિજ્ઞાનથી નિર્મિત થાય, વિજ્ઞાન પ્રયોગશાળાથી ઉત્પન્ન થાય અને પ્રયોગશાળા બુદ્ધિના અભિગમથી થાય. જે લોકો સુખમાર્ગી હતા ને વિકસિત થયા, જે લોકો સુખત્યાગી, સુખદ્રોહી થયા તે વિકાસ વિનાના પછાત થયા. પરિણામે દરિદ્ર અને ગુલામ થયા.

4-8-10

*

95. કેવો મિત્ર ના કરાય

જીવન સબંધો વિનાનું હોતું નથી. સંબંધો જ જીવન કહેવાય છે. બધા સંબંધોમાં સર્વશ્રેષ્ઠ સંબંધને હાર્દિક સંબંધ કહેવાય છે. અર્થાત્ હૃદયથી હૃદયનું મિલન, એકતા. બાકી દેહસંબંધ, ધનસંબંધ, વ્યવહારસંબંધ, રાજસંબંધ વગેરે અનેક પ્રકારના સંબંધો હોય છે. જે બંધાય છે અને સમય જતાં છૂટે કે તૂટે પણ છે. સંબંધના છૂટવા કરતાં તૂટવાનું દુઃખ ઘણું વધારે હોય છે. પણ સર્વોચ્ચ સંબંધ તો હૃદયનો હોય છે. બે હૃદય જ્યારે એકબીજામાં ઓતપ્રોત થઈ જાય છે. ત્યારે તેને હાર્દિક સંબંધ કહેવાય છે. આવો સંબંધ છૂટતો નથી. તૂટતો હોય છે. પણ હૃદયને તોડ્યે તૂટતો હોય છે. હૃદયનું તૂટવું એ સર્વાધિક અસહ્ય દુઃખ કહેવાય છે. આવા સંબંધવાળાને જિગરજાન મિત્ર કહેવાય છે. જેને આવો જિગરજાન મિત્ર મળ્યો તે ધન્ય થઈ ગયો. જેને આવો સંબંધ પાર પાડ્યો, પૂરેપૂરો નિભાવ્યો તે ધન્યાતિધન્ય થઈ ગયો. પણ આવા સંબંધમાં જેણે વિશ્વાસઘાત કર્યો તે મહાપાપી થયો. રાજાએ આવા થોડાક જિગરી મિત્રો પણ રાખવા જોઈએ તેવું ભીષ્મજી યુધિષ્ઠિરને સમજાવે છે. જેને આવો કોઈ જિગરજાન મિત્ર નથી તે દરિદ્રતા કરતાં મિત્રદરિદ્રતા વધુ દુઃખદાયી હોય છે. જીવનમાં આપત્તિઓ આવવાની જ છે. તેને મિત્રો વિના પાર પાડી શકાય નહિ. એટલે મિત્રો જરૂર કરવા જોઈએ. પણ વિશ્વાસઘાતી - કૃતઘ્ન મિત્ર થયો હોય તો તે મહા અનર્થકારી થઈ શકે છે. તેની કથા ભીષ્મજી યુધિષ્ઠિરને સંભળાવે છે.

એક ગૌતમ નામનો બ્રાહ્મણ ઉત્તરદિશામાં મ્લેચ્છોના દેશમાં રહેતો હતો. તે ભિક્ષાવૃત્તિ કરવા એક સુખી ગામના સુખી દેખાતા ઘરમાં ગયો. અહીં એક ડાકુ રહેતો હતો. ચોરી-લૂંટ તેનો ધંધો હતો. તેથી તે સંપન્ન થઈ ગયો હતો. તેના ધાર્મિક સંસ્કાર પણ હતા. ઘણી વાર પરસ્પરમાં વિરોધી ગુણો અને વિરોધી ક્રિયાઓનો પણ મેળ થતો હોય છે. તેણે ગૌતમને આવકાર આપ્યો અને એક ખાલી ઘર રહેવા માટે ખોલી આપ્યું. તેનું સીધું સામાન વગેરે ડાકુ આપતો. તેણે સેવા કરવા એક દાસી પણ આપી. આ રીતે ગૌતમ ઘણા સમય સુધી ત્યાં રહ્યો. તે ધનુષ્યબાણ ચલાવતાં શીખી ગયો, તે રોજ શિકાર કરવા પણ જવા લાગ્યો. તે પૂરેપૂરો ભીલ જેવો થઈ ગયો હતો.

એક દિવસ તેના જૂના ગામમાંથી એક પવિત્ર બ્રાહ્મણ ફરતો ફરતો આવી પહોંચ્યો. તે ગૌતમને ઓળખી ગયો. તેના હાલ જોઈને તેને ભારે આઘાત લાગ્યો. તેને સમજાવ્યો કે તું બ્રાહ્મણ થઈને આવા કુમાર્ગે ચઢી ગયો છે તે સારું નહિ. તે પાપી ગૌતમના ત્યાં જમ્યો પણ નહિ. પવિત્ર માણસે જ્યાં પવિત્રતા ના હોય ત્યાં જમવું ના જોઈએ. સવારે તો પેલો બ્રાહ્મણ ચાલતો થયો.

ગૌતમને લાગી આવ્યું તે ગામ છોડીને ચાલી નીકળ્યો. વનમાં એક ઘેઘૂરવૃક્ષ નીચે રાત રહ્યો. થોડી વારમાં ત્યાં એક પક્ષી આવ્યું. અહીં જ તેનું ઘર હતું. તે બગલાનો રાજા નાડીજંઘ હતો. તેણે ગૌતમનો અતિથિસત્કાર કર્યો. અને શાન્તિથી રાત્રિરોકાણ કરવા કહ્યું. બગરાજ પાસેની નદીમાંથી મોટી-મોટી માછલીઓ લઈ આવ્યો. ગૌતમે તેને પકાવીને પેટપૂજા કરી. હવે શાન્તિ થઈ. પૂછવાથી ગૌતમે પોતાની વાત કરી. પોતે બ્રાહ્મણ છે અને ધનપ્રાપ્તિ માટે નીકળ્યો છે વગેરે.

બગરાજે થોડે દૂર પોતાના મિત્ર વિરુપાક્ષના ત્યાં મોકલ્યો, વિરુપાક્ષે તેને માલામાલ કરી દીધો. સોનાની થેલી ભરીને ઘરતરફ પાછો ફર્યો. રસ્તામાં પેલા બગરાજનું ઘર આવ્યું ત્યાં રોકાયો. બગરાજે તેનું સ્વાગત કર્યું. ખૂબ પ્રેમથી જમાડ્યો પણ પછી ગૌતમ વિચારવા લાગ્યો કે હજી

મારે ઘણું દૂર જવાનું છે. રસ્તામાં ખાવાનું કાંઈ નથી. જો આ બગરાજને મારીને તેનું માંસ સાથે લઈ જાઉં તો ખાવાની ચિંતા ના રહે. આવો વિચાર કરીને તેણે બગરાજની હત્યા કરી નાખી. પછી તો સ્થાનિક રાક્ષસોને ખબર પડી ગઈ. તેમણે બધાએ મળીને ગૌતમની હત્યા કરી નાખી. આ મિત્રહત્યારો વિશ્વાસઘાતી છે એટલે તેનું માંસ પણ ના ખવાય તેવું માનીને રાક્ષસોએ પણ તેના માંસનો ત્યાગ કરી દીધો. આ રીતે જે કૃતઘ્ન, મિત્રદ્રોહી, વિશ્વાસઘાતી મિત્રો હોય તેનાથી રાજાએ હંમેશાં સાવધાન થઈને બચવું જોઈએ.

4-8-10

*

96. જીવાત્મા વિશે ચર્ચા

અધ્યાત્મનો મૂલાધાર આત્મા છે. આત્માને લોકો જીવ, જીવાત્મા રૂહ વગેરે જુદા-જુદા નામોથી ઓળખે છે. પણ શરીરથી ભિન્ન, શરીરનું સંચાલન કરનાર કોઈ ચેતના જ છે. જેના અસ્તિત્વથી શરીરમાં ચેતના આવે છે અને ના રહેવાથી શરીર ચેતના વિનાનું થઈ જાય છે. લગભગ બધા જ ધર્મો કોઈ ને કોઈ પ્રકારના જીવાત્માને માને છે. શરીરથી ભિન્ન જીવાત્માની સ્વીકૃતિની સાથે જ પરલોકની સ્વીકૃતિ પણ આવી જાય છે. કારણ કે શરીરનો નાશ થયા પછી પણ આવા જીવાત્માનું અસ્તિત્વ રહે છે. પછી આ જીવાત્મા શું કહે છે? જુદા-જુદા ધર્મોએ જુદાં-જુદાં સમાધાન કર્યાં છે. હિન્દુ-જૈન અને બૌદ્ધ ધર્મોએ આવા જીવાત્માનો પુનર્જન્મ માનીને 84 લાખ યોનિઓમાં ભ્રમણ કરતો બતાવ્યો છે. પુનર્જન્મની સાથે કર્મવાદ પણ આવી ગયો છે.

ઇસ્લામ - ખ્રિસ્તી અને યહૂદી જેવા ધર્મો પુનર્જન્મને નથી માનતા પણ રૂહ અથવા જીવાત્માને માને છે. મૃત્યુ પછી તે કયામતના દિવસ સુધી પોતાના મડદામાં બેસી રહે છે. કયામતના દિવસે અર્થાત્ મહાવિનાશના દિવસે બધાં મડદાં ઊભાં થશે અને તેમનો જીવાત્મા પોતાની કર્મપોથી પ્રમાણે ફેંસલો મેળવશે. ફેંસલો પણ છેલ્લો જ હશે. કાં તો સ્વર્ગ કાં પછી નરક. તે પણ કાયમ કાયમ માટે. સ્વર્ગમાં સંસારનાં જ બધાં સુખો તેને મળશે અને અનન્તકાળ સુધી તે સુખો ભોગવતો રહેશે. જો તે માન્ય ધર્મને નહિ માનતો હોય અર્થાત્ બેઈમાન હશે તો કાયમ કાયમ માટે નરકમાં જશે. અને અનંત કાળ સુધી ભયંકર દુ:ખો ભોગવશે. આ ધર્મોમાં મહાપ્રલય અર્થાત્ કયામત સુધી શરીરનું મહત્ત્વ રહેતું હોવાથી તેઓ મૃતદેહને મન-પાન આપીને શણગારે છે અને ભૂમિદાહ આપે છે. જેથી કયામતના દિવસે મડદાં બેઠાં થઈ ન્યાય મેળવી શકે.

હિન્દુ-જૈન-બૌદ્ધ જીવાત્મા વિનાના શરીરની કશી મહત્તા માનતા નથી તેમજ જીવાત્માનો ન્યાય શરીરથી નહિ સ્વયં જીવાત્માથી જ થાય છે. અને તે પણ તરત જ થાય છે. મહાપ્રલય સુધી તેની રાહ જોવી નથી પડતી. તેનો ન્યાય ધર્મની સ્વીકૃતિ - અસ્વીકૃતિના આધારે નહિ પણ કર્મોના આધારે થાય છે. અને કર્મોનો હિસાબ જીવાત્મા પાસે જ હોય છે. એટલે શરીરનું મહત્ત્વ રહેતું નથી. કદાચ આ કારણસર તેઓ મડદાને અગ્નિદાહ આપી દે છે. તેની રાખને જળપ્રવાહિત કરી દે છે. આમ કોઈ ને કોઈ રીતે શરીરથી ભિન્ન જીવાત્માના અસ્તિત્વને સ્વીકૃતિ મળે છે.

મહાભારતના શાન્તિપર્વમાં 186મા અધ્યાયમાં પક્ષ-વિપક્ષ બન્નેની ચર્ચા કરવામાં આવી છે. વિપક્ષમાં ભારદ્વાજ ઋષિ છે જ્યારે પક્ષમાં ભૃગુઋષિ છે. નવાઈ લાગે તેવી યુક્તિઓ ભારદ્વાજ ઋષિએ આપી છે. જરા જોઈએ—

1. જો વાયુથી શરીર જીવિત રહેતું હોય તો વાયુથી ભિન્ન કોઈ જીવાત્માની સત્તા રહેતી નથી. લોકો પણ કહે છે કે પ્રાણ નીકળી ગયા.

2. જો શરીરમાં ઉષ્ણતાનું નામ ચેતના હોય તો ઉષ્ણતા અગ્નિથી આવતી હોય છે. શરીરમાં જઠરાગ્નિથી ઉષ્ણતા રહેતી હોય છે. જઠરાગ્નિ મંદ પડતાં પડતાં શાન્તિ થઈ જાય છે. એટલે શરીર ઠંડું પડતાં શાન્ત થઈ જાય છે. 'મરી ગયો' તો હવે અગ્નિથી કોઈ જીવાત્મા માનવો ઠીક નથી.

3. મૃત્યુ પછી જીવાત્માનો કશો જ અનુભવ થતો નથી. અર્થાત્ તે દેખાતો નથી. સ્પર્શાતો નથી

કોઈ જ અનુભવ થતો નથી. પછી જીવાત્માને શરીરથી ભિન્ન માનવો ઠીક ના કહેવાય.

4. જીવમાં પાંચ ભૌતિક તત્ત્વ છે. શરીરમાં તે પ્રગટ્યું છે. તે પણ નિશ્ચિત મેળથી આપોઆપ પ્રગટ્યું છે. તેવી જ રીતે તે પાંચભૌતિક શરીરની સાથે મેળ તૂટી જવાથી વીખરી જાય છે, પછી કશું રહેતું નથી. બધાં ભૂતો પોત-પોતાના ભૂતમાં ભળી જાય છે. હવે જીવાત્મા ક્યાં રહ્યો?

5. કોઈ મૃતકનું જ્યારે પોષ્ટમોર્ટમ કરવામાં આવે છે ત્યારે ડોક્ટરો નિશ્ચિત કારણો આપે છે જેમકે હૃદય બંધ થઈ જવાથી, કિડની ફેલ થઈ જવાથી, રક્ત વહી જવાથી, ગૂંગળાઈ જવાથી, ઘા વાગવાથી વગેરે બધાં જ શારીરિક કારણો અપાય છે. કોઈ ડોક્ટર એમ નથી કહેતો કે આનું મૃત્યુ જીવાત્મા નીકળી જવાથી થયું છે. જો શરીરથી અલગ કોઈ જીવાત્માની સત્તા હોય તો કોઈ પણ શારીરિક કારણ ના હોવા છતાં પણ વ્યક્તિનું મૃત્યુ થવું જોઈએ. પહેલાં આરોગ્યશાસ્ત્રનો પૂરો વિકાસ થયો ન હતો એટલે ઘણાં મૃત્યુને કારણ વિનાનું માની લેવાતું પણ એવું નથી હોતું, પ્રત્યેક મૃત્યુનું નિશ્ચિત કારણ હોય જ છે. વૃદ્ધાવસ્થા પણ મહત્ત્વનું કારણ છે. એટલે શરીરથી અલગ કોઈ જીવાત્માનું અસ્તિત્વ નથી.

આવાં આવાં અનેક કારણો આપીને ભારદ્વાજ ઋષિએ ભૃગુઋષિ આગળ જીવાત્માના અસ્તિત્વનો અસ્વીકાર કર્યો.

હવે ભૃગુઋષિ શું જવાબ આવે છે એ જાણીએ.

1. ભૌતિક જગતથી ઉપરનું જગત શ્રદ્ધાને આધીન છે. કોરી યુક્તિથી એ માની શકાતું નથી. એટલે બધા ધર્મો સર્વ પ્રથમ શ્રદ્ધાને મહત્ત્વ આપે છે. શ્રદ્ધા વિનાનો માણસ આ ક્ષેત્રને યોગ્ય જ નથી તેવું માને છે. તેમ છતાં પણ યુક્તિનો જવાબ યુક્તિથી અપવાનો પ્રયત્ન થાય છે.

૨. જેમ ઈંધન બળી ગયા પછી પણ તેની ઉષ્ણતા રહે છે તેમ શરીર નષ્ટ થઈ ગયા પછી પણ જીવાત્મા રહે છે.

આ યુક્તિ બૌદ્ધ પક્ષના જીવાત્મા માટે છે, જેમ દીપકની સત્તા તેના ટીપેટીપા તેલથી છે. છેલ્લું ટીપું સમાપ્ત થતાં જ દીવો હોલવાઈ જાય છે તેમ.

આજ યુક્તિને ગ્રહણ કરીને ભારદ્વાજ ઋષિ યુક્તિને આગળ વધારે છે, આહારાદિના દ્વારા જે ઊર્જા (વીજળી) ઉત્પન્ન થાય છે. તેનું છેલ્લું ટીપું પૂરું થતાં જ શરીર ચેતનાહીન થઈ જાય છે. પછી જીવાત્મા જેવું કોઈ તત્ત્વ રહેતું નથી. મરણ પામેલા શરીરમાં પાંચ ભૌતિક તત્ત્વો વિધમાન છે. તેમ છતાં તેમાં ચેતના નથી. જો પાંચ ભૌતિક સંયોગ માત્રથી જ ચેતના આવતી હોય તો પાંચ ભૌતિક તત્ત્વો તો મડદામાં પણ છે જ એટલે - પાંચ ભૌતિક તત્ત્વોથી ભિન્ન કોઈ જીવાત્મા નામનું તત્ત્વ છે જે મૃત્યુ પછી ન રહેતું હોવાથી શરીર ચેતનાહીન મડદું થઈ જાય છે.

શરીરમાં એક તત્ત્વ એવું છે જે કર્તા ભોક્તા અને નિશ્ચય કરનારું છે. તે જીવાત્મા છે. તેનો અનુભવ આત્મવેત્તા લોકોને થતો હોય છે. આ જીવાત્મા જ કર્તાભોક્તા તથા સુખ-દુ:ખનો અનુભવ કરનારો પણ છે.

આ જીવાત્માના ઉપર પરમાત્મા સર્વોપરી સ્થાને બિરાજે છે. તે સૌનો નિયંતા છે. સર્વસમર્થ અને સર્વશક્તિમાન છે. તેનું ભજન પૂજન કરીને નામસ્મરણ કરીને જીવાત્મા આત્મકલ્યાણ કરી શકતો હોય છે.

4-8-10

*

97. સંસારીનો મોક્ષ

મોક્ષમાર્ગમાં એક બહુ મોટો વિવાદ ચાલ્યો આવે છે. મોક્ષનો અધિકારી કોણ? કેટલાક લોકો સર્વત્યાગીને જ મોક્ષ પ્રાપ્ત થાય તેવું માને છે. ત્યાગીની ત્રણ કક્ષાઓ (1) ત્યાગ, (૨) મહાત્યાગ અને (3) અભિત્યાગ.

1. ત્યાગનો સામાન્ય અર્થ સુખનો ત્યાગ સમજવાનો. સુખનાં બે મુખ્ય કેન્દ્રો છે. ધન અને સ્ત્રી. આ બન્નેનો ત્યાગ કરે તેને જ મોક્ષ મળે.

2. મહાત્યાગ એ છે જેમાં સુખત્યાગી સાથે સ્વૈચ્છિક દુ:ખસ્વીકૃતિ પણ હોય. જેમકે ધન-સ્ત્રીનો તો ત્યાગ કર્યો, પણ સાથે સાથે 'અનિકેત' ઘર વિનાનો થઈને વૃક્ષ નીચે રહેવાનું, આહાર-વિહાર એવા કે વ્યક્તિ વધુમાં વધુ દુ:ખ ભોગવે. જાણી કરીને દુ:ખ ભોગવવાં પડે જેવું જીવન જીવવાનું.

3. અતિત્યાગ તે છે. જેમાં સુખત્યાગની સાથે સાથે ઘોર દુ:ખો પણ ભોગવવાનાં. પ્રચુર દેહદમન કરવાનું. વસ્ત્રો નહિ પહેરવાનાં, જોડાં નહિ પહેરવાનાં, પાત્ર નહિ રાખવાનું ઠંડી - તાવ વગેરે સહન કરવાનું. આહાર નહિ કરવાનો અથવા નામ માત્રનો જ કરવાનો. કષ્ટદાયી ઘોર તપો કરવાનાં જેથી શરીર કાંટા જેવું થઈ જાય. આવો અતિ ત્યાગ કરે તેને જ મોક્ષ મળે. આવા ત્યાગીઓ સંસારની પ્રવૃત્તિઓથી તો સદંતર દૂર રહે જ, લોકહિતની કે માનવતાવાદી પ્રવૃત્તિઓથી પણ દૂર રહે. એમ કહો કે કશું જ ના કરે. માત્ર તપ કરે.

આવી જુદી-જુદી માન્યતાઓના કારણે ભારત ત્યાગીઓનો દેશ કહેવાતો હશે. તીવ્રત્યાગની હોડ લાગી દેખાશે. જેટલો ભાર ત્યાગી થવા ઉપર આપવામાં આવ્યો તેટલો વીર થવા કે યોદ્ધા થવા ઉપર અપાયો હોત તો કદાચ આ દેશ કદી ગુલામ ના થાત. દેશની રક્ષા વીરયોદ્ધાઓથી થતી હોય છે. કોરા ત્યાગીઓ, બિચારા પોતાની જ રક્ષા ના કરી શકે. તેમને ગમે ત્યારે ગમે તે મારી - ઝૂડી નાખે, પજવે અને પરેશાન કરી શકે. તેમનું રક્ષણ કરવું પડે, તે લોકોનું કે રાષ્ટ્રનું રક્ષણ ના કરે, આવી પરંપરાગત માન્યતાઓમાં મહાભારત એક દિશાસૂચક નિર્દેશ કરે છે.

શાન્તિ પર્વના ૨૨0મા અધ્યાયમાં યુધિષ્ઠિરે, ભીષ્મજીને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો છે.

અસ્તિ કશ્ચિદ્ યદિ વિભો, સહારો નિયતો ગૃહે।

અર્થાત્: હે પ્રભુ, એવો કોઈ માણસ કે જે પત્ની સહિત ઘરમાં સંસારમાં રહીને પૂરેપૂરું આત્મકલ્યાણ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરી શકતો હોય!

ભીષ્મજીએ આ પ્રશ્નના ઉત્તરમાં એક પૂરું આખ્યાન આપ્યું છે.

એક દેવલ નામના મહાન ઋષિ હતા. તેમને સુવર્ચલા નામની કન્યા હતી. લગ્નને યોગ્ય ઉંમર થવા છતાં તેનાં લગ્ન થઈ શક્યાં ન હતાં. કન્યાને બાળલગ્નથી તો બચાવવી જોઈએ. પ્રૌઢલગ્નથી પણ બચાવવી જોઈએ. ઘણી મોટી ઉંમર સુધી કુંવારી રહેનારી કન્યા, પછી લગ્નજીવનમાં યોગ્ય રીતે ગોઠવાઈ શકતી નથી. કામાવેગની પ્રચંડતાના પૂરમાં તે ગેરમાર્ગે દોરવાઈ જ શકે છે. તેથી તેને યોગ્ય ઉંમર થતાં જ પરણાવી દેવી જોઈએ. જ્યારે કન્યાએ વારંવાર લગ્નની ના પાડવા માંડી, તેનો એક જ ઉત્તર મળતો મને "વર પસંદ નથી" ત્યારે દેવલ ઋષિએ તેને પૂછ્યું કે "તારે

કેવો વર જોઈએ છે?" તેણે કહ્યું કે મારે એવો પતિ જોઈએ છે. જે આંધળો હોય અને આંખવાળો પણ હોય." પરસ્પર વિરોધી બે ગુણોવાળો પુરુષ લાવવો ક્યાંથી?

મહર્ષિ દેવલે તો ચારે તરફથી અનેક બ્રહ્મકુમારોને આમંત્રિત કરવા માંડ્યા, અને સુવર્ચલાને બતાવવા માંડ્યા. પણ સુવર્ચલાને એક પણ કુમાર પસંદ ના પડ્યો, બધા દેખતા તો હોય પણ આંધળો કોઈ ના હોય, કદાચ કોઈ આંધળો હોય તો આંખો ના હોય. જ્યારે એક પણ વર પસંદ ના થયો ત્યારે દેવલ થાકી ગયા. કેટલીક કન્યાઓ માતા-પિતાને થકવી દેનારી હોય છે. તો કેટલીક પત્નીઓ, પતિને થકવી દેનારી હોય છે. કન્યાથી થાકેલાં માતા-પિતા તેનાથી છૂટવા મથામણ કરવામાં જ વૃદ્ધ થઈ જતાં હોય છે. તો પત્નીથી થાકેલા પતિઓ પોકાર પાડી-પાડીને લોકોને કહેતા ફરે છે કે "જો જો હો, લગ્ન કરતા નહિ, વાંઢા રહેજો પણ સ્ત્રીરૂપી ચુડેલને ઘરમાં લાવશો નહિ" આવો ઉપદેશ આપતા રહે છે. લગ્નજીવન પછી સ્ત્રીત્યાગી થયેલામાં મોટા ભાગે પત્નીથી થાકી ગયેલા, કકળી ઊઠેલા લોકો જોવા મળશે. તેમના દૃષ્ટિકોણથી તે સાચા પણ છે. થાક ઉતારે તેને પત્ની કહેવાય. થાક ઉતારનારી પત્ની મૂર્તિમંત્ર 'વિશ્રાન્તિ' જ કહેવાય. આવી પત્નીનો કોઈ ત્યાગ ના કરે, કદાચ કરે તો તે હતભાગી કહેવાય.

દેવલ ઋષિ પુત્રી સુવર્ચલાથી થાકી ગયા. આંધળો અને દેખતો પુરુષ લાવવો ક્યાંથી? સુવર્ચલા બહુ જ રૂપાળી કન્યા હતી તેથી હજારો ઋષિકુમારો તેને પરણવા આતુર હતા, રૂપ વાંછિયું નથી હોતું. અર્થાત્ તેને પતિ નથી શોધવો પડતો. પતિઓ આપોઆપ શોધતા તેની પાસે આવે છે. પણ જ્યારે હજારો ઋષિકુમારો તેની નિંદા કરવા લાગ્યા. "એ એના મનમાં સમજે છે શું?" "શું એ એકલી જ રૂપાળી છે?" "બહુ ઘમંડી છે" વગેરે વગેરે પ્રવાદો કરવા લાગ્યા. જેની પાછળ બહુ પ્રવાદો લાગતા હોય તે લોકદૃષ્ટિથી ઊતરવા લાગે. સાચા કે ખોટા પ્રવાદોની અસર થતી જ હોય છે.

હારેલા-થાકેલા દેવલ ઋષિના ત્યાં એક દિવસ શ્વેતકેતુ નામના ઋષિકુમાર આવી પહોંચ્યા. તેમણે સુવર્ચલાને પોતે આંખોવાળો છે ને આંધળો હોવાની વાત કરી અને સિદ્ધ કરી બતાવ્યું. તેમણે સમજાવ્યું કે "આ જગત સંસારને દેખતો હોવા છતાં પણ હું સંબંધ નથી રાખતો, અપેક્ષા નથી કરતો તેથી હું આંધળો છું અને મને સતત પરમાત્મા જ દેખાતા હોવાથી હું દેખતો ચક્ષુવાળો પણ છું." યુક્તિ-પ્રયુક્તિથી તેમણે પોતાની વાત સુવર્ચલાને સમજાવી. સુવર્ચલાનું મન જીતી લીધું. સુવર્ચલા આવો જ પતિ શોધી રહી હતી.

દેવલ ઋષિએ સુવર્ચલાનાં લગન શ્વેતકેતુ સાથે કરી દીધાં. હાશ, થાક ઊતર્યો. અતિરૂપાળી કન્યા અને પ્રખર બુદ્ધિશાળી કન્યાની અપેક્ષાઓ ઘણી હોવાથી તે જલ્દી લગ્નજીવન સ્વીકારી શકતી નથી. તેથી તેમાં માતા-પિતા થાકી જતાં હોય છે. મોડે મોડે પણ વર મળ્યો. તેથી દેવલ ઋષિ ધન્ય થઈ ગયા.

કન્યાને પરણીને શ્વેતકેતુ પોતાના આશ્રમે ગયા. પ્રથમ દિવસે જ તેમણે કહ્યું કે "હવે તમે મારી સહધર્મચારિણી બનો" શબ્દ સમજવા જેવો છે. ધર્મનું પાલન કરવામાં સાથ આપે તે જ સહધર્મચારિણી કહેવાય. ધર્મમાં સાથ આપવાનો, અધર્મમાં નહિ. સંસાર ભોગવવો અને સંતાનોત્પત્તિ કરવી એ ધર્મ છે. તેને અધર્મ માનીને તેને છોડાવવાના પ્રયત્નો કરનારા પદભ્રષ્ટ થયેલા અને ધર્મના નામે અધર્મનો પ્રચાર કરનારા મિથ્યામાર્ગી છે.

શ્વેતકેતુનો ગૃહસ્થાશ્રમ ખૂબ જામ્યો. બન્ને એકબીજાથી પૂર્ણ સંતુષ્ટ હતાં. તેમને ઘણાં સંતાનો થયાં. ઋષિકુળ વધવું જોઈએ. રાક્ષસકુળ ઘટવું જોઈએ. જો ઋષિકુળનાં બાળકો અને

બાળકીઓ બ્રહ્મચારી થઈ જશે તો ઋષિકુળ ઘટી જશે. અને રાક્ષસકુળ છવાઈ જશે. આંબાવાડિયું વધારો નહિ તો બાવળવાડિયું છવાઈ જશે. પછી બિચારા આંબા કાંટા ખાતા થઈ જશે.

શ્વેતકેતુએ ઋષિકુળમાં વધારો કર્યો, બન્ને મહાવિદ્વાન અને જ્ઞાની હોવાથી જ્યારે જુઓ ત્યારે અધ્યાત્મચર્ચા કરતાં રહેતાં, તેમનું ગૃહસ્થજીવન આદર્શ, સુખી અને પ્રેરણાદાયી બની ગયું. પતિ વિદ્વાન હોય અને પત્ની વિદુષી હોય, બન્નેમાં સુમેળ હોય તો પછી કહેવું જ શું?

જે લોકો ચરિત્રને મોક્ષમાર્ગ માને છે તે ભૂલી જાય છે કે પત્ની, પતિને અને પતિ પત્નીને ચારિત્ર્ય આપતાં હોય છે. એકાકી પુરુષ કે એકાકી સ્ત્રી ચારિત્ર્ય પાળી શકતાં નથી. ચારિત્ર્યવ્રતમાં પતિ-પત્ની એકબીજાનાં સહાયક છે. વિરોધી નથી. હા, બન્નેમાં સુમેળ હોય તો સુમેળનું નામ જ દામ્પત્ય છે.

શ્વેતકેતુ અને સુવર્ચલાનું દામ્પત્ય બરાબર જામ્યું. બન્નેએ સંસાર ભોગવતાં ભોગવતાં (સંસારત્યાગીને નહિ) પરમાત્માભાવ પ્રાપ્ત કર્યો. અર્થાત્ બન્ને ભક્તિભાવ તરફ વળ્યાં. બન્ને ઈશ્વરમય થઈ ગયાં. તેમણે પરમપદની પ્રાપ્તિ કરી લીધી. છેક મોક્ષ સુધી બન્ને સાથે ને સાથે જ રહ્યાં. સાથ છૂટ્યો નહિ, છોડ્યો નહિ.

ભીષ્મજી યુધિષ્ઠિરને કહે છે કે “જો આવાં દંપતી સંસારમાં રહીને પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. સંસાર છોડવાની જરૂર નથી. સંસાર સુધારવાની જરૂર છે.

5-8-10



98. લક્ષ્મીની મહત્તા

જીવનમાર્ગ અને મોક્ષમાર્ગ એક જ છે કે ભિન્ન—ભિન્ન છે? ઋષિઓ બંનેને એક જ માને છે. જુદાં નથી. બીજા કેટલાક જુદાં માને છે. અર્થાત્ જીવનમાર્ગ જુદો છે, મોક્ષમાર્ગ જુદો છે. જુદો માનનારા જીવનત્યાગને મહત્ત્વ આપે છે. જીવનત્યાગી જ મોક્ષ મેળવે તેવું તેમનું કહેવું છે. જીવન મેળવીને મોક્ષ મેળવવાનો ઋષિમાર્ગ છે. જીવન મેળવવાનો મુખ્ય આધાર લક્ષ્મી છે. લક્ષ્મી મળી તો જીવન મળ્યું. લક્ષ્મી ગઈ તો જીવન ગયું. જીવનની કરોડરજ્જુ લક્ષ્મી છે. તેને લાત મારનારને લક્ષ્મી ઘોર દરિદ્રતાનું જીવન નરક અહીં જ આપી દેતી હોય છે. તેની પણ ચર્ચા મહાભારતના શાંતિ પર્વમાં છે.

સમુદ્રમંથન કરવાથી જે અનેક રત્નો નીકળ્યાં તેમાં લક્ષ્મીજી પણ નીકળ્યાં. દૈત્યોએ લક્ષ્મી ઉપર અધિકાર કરી લીધો. જે ધર્મ અને નીતિ-નિયમો ના માનીને પોતાના જ સ્વાર્થની પ્રવૃત્તિઓ કરે એ જ દૈત્ય કહેવાય. આવા દૈત્યો વિશ્વમાં હંમેશાં ચાલુ જ રહેતા હોય છે. જો વિશ્વમાં સુખ-શાંતિની સ્થાપના કરવી હોય તો ધર્મ અને ન્યાયનીતિનું પાલન કરનારી પ્રજા વધારવી જોઈએ. આ કામ રાજાનું છે. જો આવું કરવું હોય તો એકતરફ આવી સદ્ગુણી ધાર્મિક પ્રજા વધવી જોઈએ તો બીજી તરફ અધર્મ અને અનીતિ આચરનારી પ્રજા ઘટવી જોઈએ. એમ કહી શકાય કે નીતિ-નિયમો પાળનારી પ્રજા વધારવા કરતાં પણ અનીતિ-અધર્મ આચરનારી પ્રજા ઘટાડવાનું કામ વધુ મહત્ત્વનું છે. જે રાજા આ કામ ન કરી શકે તે રાષ્ટ્ર અને પ્રજાનો વિનાશ નોતરી બેસે છે. રાષ્ટ્ર અને પ્રજાની લૂંટફાટ કરનારા અધાર્મિકો માત્ર જ રાષ્ટ્રને લક્ષ્મીહીન બનાવતા નથી પણ તેનાં બીજાં પણ કારણો છે.

1. લક્ષ્મીને પાપ માનીને તેનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનારા ત્યાગીઓ આવા લોકો પોતે તો અનુત્પાદક જીવન જીવતા હોય છે. જે ઉત્પાદક હોય છે તેને પણ પોતાની તરફ વાળીને અનુત્પાદકતાને વધારતા હોય છે. આથી રાષ્ટ્ર દરિદ્ર બને છે.

2. વિકાસવિરોધી વિચારધારા વિકાસનું મૂળ સુખેચ્છા છે. જે લોકો સુખનો વિરોધ કરતા હોય છે. તે વિકાસનો પણ આપોઆપ વિરોધ કરતા થઈ જતા હોય છે. વિકાસ વિનાની પ્રજા આપોઆપ દરિદ્ર અને શોષિત થઈ જતી હોય છે. એટલે સુખદ્રોહી વિચારોનો પ્રભાવ વધવો ના જોઈએ.

3. સાદું જીવન ઓછામાં ઓછી તદ્દન ઓછી વસ્તુઓથી જીવન જીવી લેવાનું દર્શન, દરિદ્રતા વધારે છે. કારણ કે તમારી આવશ્યકતામાંથી રોજી ઉત્પન્ન થાય છે. આવશ્યકતા જ ના હોય તો આપોઆપ રોજીઓ સમાપ્ત થઈ જશે. લોકો બેકાર થઈને દરિદ્રતા ભોગવશે. એટલે પ્રજાના વૈભવને પ્રોત્સાહન આપવું જોઈએ. વૈભવમાંથી રોજીઓ ઉત્પન્ન થતી હોય છે. સાદાઈ જીવનધોરણની નહિ. વ્યવહારની હોવી જોઈએ.

4. મૂડીરોકાણને અવરોધનારી રાજ્યવ્યવસ્થા. આ વ્યવસ્થાથી મૂડીરોકાણ અટકી જાય છે કે પછી ઘટી જાય છે. મૂડીમાંથી મૂડી પેદા થતી હોય છે. મૂડીરોકાણ જ અટકી જાય તો પ્રજા અને રાષ્ટ્ર ગરીબ થઈ જાય.

5. મૂડીને અસુરક્ષિત કરનારા કાયદાથી મૂડીરોકાણને પ્રોત્સાહન મળતું નથી, જે રોકાણ થયું હોય છે. તે પણ અસુરક્ષિત હોવાથી નિષ્ક્રિય થઈ જાય છે. પરિણામે બેરોજગારી અને દરિદ્રતા

આવે છે. મૂડીને અસુરક્ષિત કરનારી વ્યવસ્થામાં મજૂરોની હડતાળો એક પક્ષીય કાયદા, અરાજકતા, શ્રમની ચોરી વગેરે અનેક કારણો હોય છે. જ્યાં આ બધાં કારણો હોય ત્યાં લક્ષ્મી વધી ના શકે. પ્રજા અને રાષ્ટ્ર દરિદ્ર બને.

6. વધુ પડતી સંતોષી પ્રજા, પ્રારબ્ધવાદી, અકર્મણ્ય પ્રજા આપોઆપ દરિદ્ર થઈ જતી હોય છે. બસ એ પ્રજાને દરિદ્ર બનાવવી હોય તો પારબ્ધવાદનો પ્રચાર કરો. પૂર્વનાં કર્મોની વાતો કર્યા કરો. પ્રજા અને રાષ્ટ્ર આપોઆપ દરિદ્ર થઈ જશે.

મહાભારત આવું નથી ઇચ્છતું. તે પ્રજા અને રાષ્ટ્રને ધનધાન્યથી ભરપૂર-વૈભવશાળી ઇચ્છે છે. તેથી તેણે લક્ષ્મીપ્રાપ્તિને પણ મહત્ત્વ આપ્યું કે લક્ષ્મીત્યાગી કરતાં લક્ષ્મીના ઉત્પાદક અને તેમ જ ભરપૂર સદુપયોગ કરનારા વધુ મહાન હોય છે. તે રાષ્ટ્રનિર્માણ, અને રોજીદાતા હોય છે. તેને દીક્ષા આપીને ભિક્ષાવૃત્તિમાં લગાવવાનો ના હોય. તેને હજારોનો અન્નદાતા બનાવવાનો હોય. તેનામાં તેવી ક્ષમતા છે. તેનો ઉપયોગ કરવાનો હોય. આ ધર્મ છે. જે લોકો અકર્મણ્ય હોય, ઉત્સાહહીન આળસુ હોય, સંસારભોગોની ક્ષમતા વિનાના હોય તેમને દીક્ષા અપાય તો ચાલે. ભલે તે પરાવલંબી જીવન જીવતા થાય. કશો ફરક પડવાનો નથી.

મહાભારતમાં લક્ષ્મી સંબંધી વિચારો ઘણા અધ્યાયોમાં આવ્યા છે તેમાંથી થોડાક જ લઈશું.

એક વાર નારદજી સવારે ગંગાસ્નાન કરવા ગંગાજીના તટ ઉપર ગયા. તે જ સમયે ઇન્દ્ર પણ ત્યાં આવ્યો. તે સ્નાન કરીને પાછા કિનારે આવ્યા ત્યાં આકાશમાંથી વિમાન દ્વારા લક્ષ્મીજી ત્યાં પધાર્યાં. તેમને જોઈને બંનેએ નમસ્કાર કર્યા. લક્ષ્મીજીએ પરિચય પૂછવાથી પરિચય આપ્યો. હું લક્ષ્મી છું. મને ભૂતિ, �ી, શ્રી, શ્રદ્ધા, મેધા, સંનતિ, વિજિતિ, સ્થિતિ, ધૃતિ, સિદ્ધિ, કાંતિ, સમૃદ્ધિ, સ્વાહા, સ્વધા, સ્તુતિ, નિયતિ અને સ્મૃતિ પણ કહે છે. પહેલાં હું અસુરોના ત્યાં રહેતી હતી પણ હવે હું તમારે ત્યાં રહેવા આવી છું.”

ઇન્દ્રે કારણ પૂછ્યું તો લક્ષ્મીએ જવાબ આપ્યો કે જે લોકો ધર્મનું પાલન કરતા હોય છે તેમના ત્યાં હું રહું છું. પહેલાં દૈત્યો ધર્મમય જીવન જીવતા હતા તેથી તેમને ત્યાં રહેતી હતી. તે પોતાનાં ઘર તથા આંગણાં ચોખ્ખાં રાખતા હતા. પોતાની પત્નીને પ્રેમથી જીતતા હતા, સંધ્યા-વંદન કરતા હતા, વિદ્વાનોની સેવા કરતા હતા, સત્યવાદી હતા, શ્રદ્ધાળુ હતા, અક્રોધી, દાની અને ઈર્ષ્યા વિનાના હતા, તે પરિવારપાલક હતા. સવારે વહેલા ઊઠી જતા હતા, તે રાતે દહીં ખાતા નહિ, દયાળુ હતા, દુ:ખીઓને આશ્વાસન આપતા હતા. પરસ્ત્રીથી દૂર રહેતા હતા, તે આકાશમાં, પશુઓમાં, વિપરીત યોનીમાં, તથા પવિત્ર દિવસોમાં વીર્યત્યાગ કરતા ન હતા. આવા અનેક ગુણોવાળા દૈત્યો હતા એટલે હું તેમની પાસે રહેતી હતી.

પણ સમય જતાં તે બદલાઈ ગયા. હવે તે અધર્મ, અનીતિ, વૃદ્ધો અને વિદ્વાનોની હસી-મજાક કરનારા, પોતે ઊંચા આસન ઉપર બેસીને આવનાર વડીલોને સત્કાર્યો વિના નીચે બેસાડતા થઈ ગયા છે. હવે તો પિતા જીવતા હોય અને પુત્ર સંપત્તિનો માલિક થઈ જાય છે. રાષ્ટ્રઘાતી, લાંચ-રુશવત લેનારા, વડીલો અને સ્ત્રીઓ પર અત્યાચાર કરનારા થઈ ગયા છે. તેઓ હવે સૌના પ્રથમ જ જમી લે છે. ભોજન ઢાંકતા નથી, ઉઘાડું જ પડ્યું હોય છે. દૂધ ઉઘાડું પડ્યું હોય છે, તેમાં માખીઓ પડે છે. અનાજના દાણા વિખરાયેલા પડ્યા હોય છે. ઘીને એઠા હાથે અડે છે. તેમનાં પશુઓ હંમેશાં બાંધેલાં જ રહે છે. કદી છૂટાં મૂકતા નથી. તેમને ઘાસ-ચારો-પાણી સમયસર આપતા નથી. ઘરમાં રાત-દિવસ કલહ-કંકાસ ચાલતો હોય છે. તેમની સ્ત્રીઓ અને સેવિકાઓ ધર્મભ્રષ્ટ થઈ ગઈ છે. કેટલીક સ્ત્રીઓ તો હવે પુરુષોના વેશ ધારણ કરવા લાગી છે.

અને કેટલાક પુરુષો સ્ત્રીવેશ ધારણ કરવા લાગ્યા છે. તે લોકો બ્રાહ્મણ તથા સાધુ-સંતોની સંપત્તિ પડાવી લેતા થયા છે. માતા-પિતાને ભૂખે મારે છે, વહુઓ, સાસુ-સસરાને અપમાનિત કરે છે અને પતિને તુચ્છ માનીને નોકર જેવો વ્યવહાર કરે છે. તે બધા હવે અખાદ્ય વસ્તુઓ ખાવા લાગ્યા છે. આવા ઘણાબધા દુર્ગુણો તેમનામાં સામૂહિક આવી ગયા છે. એટલા માટે તેમનો ત્યાગ કરીને હું તમારી પાસે રહેવા આવી છું. હું જ્યાં રહું છું ત્યાં મારી સાથે આઠ દેવીઓ પણ રહે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

1-આશા, 2-ધૃતિ, 3-શ્રદ્ધા, 4-શાંતિ, 5-વિજિતિ, 6-સંનતિ, 7-ક્ષમા અને 8-વૃત્તિ અથવા જયા. હવે અમે બધી દેવીઓ જ્યાં આવા દુર્ગુણો નહિ હોય અને સદ્ગુણો હશે ત્યાં રહીશું. ત્યારથી લક્ષ્મીજી ઇન્દ્ર અને દેવોના ત્યાં રહેવા લાગી છે.

(મહાભારત શાંતિ પર્વ-૨2મો અધ્યાય.)

આ રીતે દુર્ગુણોથી પ્રજા મુક્ત થાય અને સદ્ગુણોથી ભરપૂર થાય તો પ્રજા અને રાષ્ટ્ર સુખી-સમૃદ્ધ થાય. જે લોકો લક્ષ્મીત્યાગ ને શાંતિનું કારણ માને છે તે ભલે ત્યાગી થઈને પરાવલંબી જીવન જીવે પણ વાસ્તવદર્શી પુરુષોએ લક્ષ્મીનો સદુપયોગ કરીને લોકોને સુખી કરવાના પ્રયત્નો કરતા રહેવું જોઈએ. સ્ત્રીધનના ત્યાગી થવા કરતાં બંનેને જીવનની મહત્ત્વની સાધનાનાં સાધન માનવાં વધુ હિતાવહ છે.

5-8-10

*

99. ગૃહસ્થીનો તપમહિમા

પ્રત્યેક ધર્મમાં તપને નાનું મોટું સ્થાન હોય જ છે. તપ વિનાનું જીવન સ્વચ્છંદી થઈ જતું હોય છે. એટલે તપ તો હોવું જ જોઈએ. પણ તપ કોને કહેવાય. કેટલાક લોકો કઠોરતાથી દેહદમન કરવાને તપ માને છે. તેમની સાથે સાથે દેહસુખને ધિક્કારે પણ છે. દેહ દમનવાદીઓ દેહને જ શત્રુ માનીને ઇચ્છાપૂર્વક તેને કઠોર દુ:ખો આપીને પોતાની જાતને રિબાવે છે. પ્રદર્શિત રિબામણીથી લોકો પ્રભાવિત થઈને આવા તપસ્વીને પૂજવા લાગે છે. પૂજાનો લોભ, ધનના મોહ કરતાં પણ વધારે મોટો હોય છે. પૂજ્ય થવા માટે કેટલાક લોકો ધનનો પણ ત્યાગ કરી દેતા હોય છે. ભૂખ-તરસ સહન કરવી, ઠંડી-ગરમી સહન કરવી. વૃષ્ટિમાં પલળવું. કાંટા-કાંકરા સહન કરવા. એક પગે ઊભા રહેવું, કાંટા ઉપર સૂઈ જવું, ઊંઘવું જ નહિ, ખાવું જ નહિ, વગેરે વગેરે અનેક અસહ્ય-કષ્ટો ભોગવીને પણ લોક પૂજ્યતા પ્રાપ્ત કરવી એવો હેતુ આવા તપસ્વીઓમાં હોય છે. એક તરફ આવા દેહદમનવાદી કઠોર તપસ્વીનું તપ રાખો અને બીજી તરફ સંસારમાં ઘરમાં રહીને પત્ની અને બાળકોનું ભરણપોષણ કરનાર કુદરતસહજ જીવન જીવનાર એક સદ્‌ગૃહસ્થનું જીવન જુઓ. આ બંનેનું મહાભારતના શાંતિ પર્વમાં 261મા અધ્યાયમાં નિરુપણ કર્યું છે. કથા આ પ્રમાણે છે.

એક જાજલિ નામનો બ્રાહ્મણ હતો, તેને તપ કરવાની ધૂન લાગી. સમુદ્રકિનારે જઈને તેણે તપસ્યા શરૂ કરી, એક પગે ઊભા રહીને કઠોર તપ કરવાથી તેમના શરીર ઉપર મેલ-ધૂળ જામી ગયાં. આવા તપને કાષ્ઠમૌન પણ કહે છે. હાલવા-ચાલવાનું નહિ, ઠૂંઠાની માફક માત્ર ઊભા જ રહેવું. તેમની જટામાં પક્ષીએ માળો પણ નાખી દીધો. ઘોર અને કઠોર તપ કરવાથી તેને સિદ્ધિ પ્રાપ્ત થઈ. તેનો અહંકાર પણ થયો. પણ એક દિવસ આકાશવાણીએ કહ્યું કે તમે કાશીમાં તુલાધાર વૈશ્યને ત્યાં જાઓ. જાજલિ તો તુલાધારના ત્યાં પહોંચી ગયા. તે વ્યાપારમાં તન્મય હતો. તેને જોઈને જાજલિને ધિક્કાર થયો. “કેવા તુચ્છ માણસ છે, ભોગોમાં રચ્યોપચ્યો રહે છે.” તુલાધારે જાજલિનું સ્વાગત કરી તેમનો પરિચય આપી દીધો. સાગરકિનારે તપસ્યાની બધી વાત કરી દીધી. જાજલિને નવાઈ લાગી. આ માણસ કેવી રીતે બધું જાણી ગયો હશે? તેને જિજ્ઞાસા થતાં તુલાધારે કહ્યું કે હું ઘરમાં રહીને તપ કરું છું. વ્યાપાર કરવો, બાળબચ્ચાંનું પાલનપોષણ કરવું. અતિથિનો સત્કાર કરવો, બીમારોની સેવા કરવી. આ બધું મારું તપ છે, આ તપના પ્રભાવે હું તમારી વાતને જાણી શક્યો છું. હું કુદરતસહજ અને ધર્મસહજ જીવન જીવું છું. કશો આડંબર નહિ, કશું પ્રદર્શન નહિ, યોગી કે યોગીરાજનું લેબલ નહિ, હું તો સીધો-સાદો નીતિથી વ્યાપાર કરનારો માત્ર વ્યાપારી છું. પોતાની કમાણી ખાઉં છું. કોઈનું ખાતો નથી. હા, ગરીબોને ખવડાવું છું ખરો. બને તેટલું ઈશ્વરસ્મરણ કરું છું. પોતાની પત્નીમાં સંતુષ્ટ રહું છું. વગેરે વગેરે. તુલાધારનું પ્રવચન સાંભળીને જાજલિનો અહંકાર ઊતરી ગયો. તેને સમજાયું કે ખરી તપસ્યા તો ઘરમાં રહીને સાદું અને સાચું જીવન જીવવામાં છે. દેહદમન કરવાથી કે એક પગે ઊભા રહેવાથી કશું મળવાનું નથી. સીધા બનો, સાદા બનો, સાચા બનો. આથી મોટી કોઈ તપસ્યા નથી. ખોટું દેહદમન ના કરો.

6-8-10

*

અનુશાસનપર્વ

100. ભીષ્મની વિદાય

કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ પૂરું થયું અને મહાભારત પૂરું થયું કહેવાય. તે પછીનું મહાભારત કથામય ઓછું પણ ઉપદેશમય વધારે છે. શાંતિપર્વ તો પૂરું જુદી જુદી કથાઓ અને જુદા જુદા વિષયોથી ભરપૂર છે. આ એક જ પર્વમાં બધું જ આવી જાય છે. જિજ્ઞાસુઓએ તથા સાધકોએ ખાસ વાંચવા જેવું છે. હવે અનુશાસન પર્વની શરૂઆત થઈ રહી છે. આ પર્વમાં પણ ઘણી કથાઓ છે. જેમાંથી કેટલીકને મેં મારા બીજા પુસ્તકમાં સ્થાન આપ્યું છે. એટલે અહીં પુનરાવર્તન કરવું ઠીક નથી લાગતું. અનુશાસન પર્વમાં ઘણી કથાઓ છે. આપણે મૂળ કથાને પકડીને ચાલવાનું છે. સાંયોગિક કથાઓને સ્થાન આપવું નથી.

યુધિષ્ઠિર પરિવાર સાથે ભીષ્મજી પાસે બેસીને જ્ઞાનચર્ચા કરતા રહ્યા. પણ સારી વાતનો પણ અંત હોય છે. યુધિષ્ઠિરે ખૂબ ખૂબ વંદન કરીને હસ્તિનાપુર જવાની રજા માગી. ઉપદેશ સાંભળીને કર્તવ્યમુખી અને વ્યક્તિ કર્તવ્યપરાયણ બને તો ઉપદેશ સાચો અને વક્તાઓ પણ સાચા કહેવાય. ઉપદેશ સાંભળીને જો પોતે કર્તવ્યત્યાગી થઈ જાય તો ત્રણે ખોટા કહેવાય.

ઉપદેશ સાંભળીને યુધિષ્ઠિરને ઘણી શાંતિ થઈ છે. શંકા-કુશંકાઓનું નિવારણ થયું છે. માર્ગ સ્પષ્ટ થઈ ગયો છે. હવે સંન્યાસદીક્ષા લેવી નથી. રાજ્ય સંભાળવાની જવાબદારી સ્વીકારવી છે. આ બધું ભીષ્મજીના જ્ઞાનનું પરિણામ હતું.

યુધિષ્ઠિરે ભીષ્મજીને વારંવાર વંદન કરીને પોતાના પરિવાર સાથે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

હવે ઉત્તરાયણ શરૂ થઈ ગયું છે. ભીષ્મની બાણશય્યા પૂરી થાય છે. તેમને ઇચ્છામૃત્યુનું વરદાન હતું તેથી આટલો સમય દેહ ટકાવી રાખ્યો હતો. હવે મહાપ્રસ્થાન (મૃત્યુ)નો સમય આવી ગયો છે. સામાન્ય માણસો ઇચ્છા- મૃત્યુથી મરતા નથી. કદાચ પોતાની ઇચ્છાથી જ મરવાની વ્યવસ્થા થાય તો કોઈ મરશે નહિ. લોકો નાછૂટકે મરશે. જે લોકો આત્મહત્યા કરે છે તેને ઇચ્છામૃત્યુ કહેવાય કે કેમ? મારા ખ્યાલથી ના કહેવાય. કારણ કે તે તેની મજબૂરી હોય છે. જીવવાનો કોઈ આધાર જ ના રહ્યો હોય ત્યારે મજબૂરીથી લોકો આવું પગલું ભરતા હોય છે.

યુધિષ્ઠિરને ખ્યાલ આવ્યો કે હવે ઉત્તરાયણ આવી ગયો છે. હવે ભીષ્મજીનો સમય પૂરો થયો છે. એટલે જલદી જલદી સગાં-સંબંધી ઇષ્ટ-મિત્રોને લઈને તે કુરુક્ષેત્ર તરફ ગયા. વ્યક્તિની અંતિમ ઘડીએ જે હાજર રહે તેને સુહૃદ કહેવાય. હજાર કામ પડતાં મૂકીને પણ જે છેલ્લી ઘડીએ દોડી આવે તે પુત્ર કરતાં પણ વધારે સગો કહેવાય. હા, તે સંપત્તિની લાલચમાં ના આવ્યો હોય તો.

છેલ્લા શ્વાસ લઈ રહેલા ભીષ્મજીને સૌએ પ્રણામ કર્યા. ભીષ્મનું મન ભરાઈ આવ્યું. અંતિમક્ષણો બહુ જ લાગણીશીલ હોય છે. લોકોની હાજરીથી સંતોષ થાય છે. મરવાનું પણ મન થઈ જાય છે. મારું કોઈ નથી એવી સ્થિતિ કરતાં “અધધધ મારાં કેટલાં બધાં છે” તેવી પરિસ્થિતિ વધુ સુખદાયી હોય છે. આવા સમયે લોકોને શોક થાય તે પણ સારું કહેવાય. શોક થવો જ જોઈએ. માનો કે તમારું મૃત્યુ થયું હોય અને ઘરનાં માણસો મીઠાઈ ખાઈને આનંદ કરતાં હોય તો તમને કેવું લાગે? યોગ્ય વ્યક્તિ માટે યોગ્ય સમયે શોક કરવો પણ જરૂરી છે, એટલું જ નહિ કલ્યાણકારી પણ છે.

ભીષ્મની આંખો મીંચાયેલી છે. કદાચ તે પ્રભુસ્મરણ-ધ્યાન કરતા હશે. યુધિષ્ઠિરે તેમને આંખો ખોલવાની વિનંતી કરી. ધીરે રહીને ભીષ્મે આંખો ખોલી. સામે પૂરો પરિવાર હતો અને શ્રીકૃષ્ણ પણ અહોભાવ સાથે ઊભા હતા. ભીષ્મ રાજી થયા. મારું કોઈ નથી તેવો વહેમ માણસને મારી ખાય છે. મરતી વખતે ખાસ આવું ખાલીપણું બહુ સતાવે છે. બાણશય્યામાં આજે અઠ્ઠાવનમો દિવસ છે. બાણશય્યા એટલે બાણોના ભાલોડિયા ઉપર સૂઈ જવું એવું નહિ (જેવું ચિત્રમાં બતાવાય છે) પણ બાણશય્યા એટલે બાણોના અસંખ્ય ઘાની પીડામાં કણસતા કણસતા સૂતા રહેવું તે.

ભીષ્મે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને કપટ છોડીને યુધિષ્ઠિરના ત્યાં રહેવાનું સમજાવ્યું પછી શ્રીકૃષ્ણ તરફ જોઈને હાથ જોડ્યા. ગદ્ગદ થઈને બોલ્યા, મારો ઉદ્ધાર કરજો. પાંડવોનું રક્ષણ કરજો હવે મને વિદાય થવાની આજ્ઞા આપો.

મરતી વખતે જેની સંમુખ શ્રીકૃષ્ણ ઊભા હોય તેનાં કેટલાં મોટાં અહોભાગ્ય કહેવાય!

ધીરે ધીરે પૂર્ણ સ્વસ્થતાથી ભીષ્મજીએ પ્રાણોને ઉપર ઉઠાવ્યા અને ઉત્સર્જન કરી દીધું. હાય, ભીષ્મજી ચાલ્યા ગયા હવે માત્ર શરીર જ રહી ગયું હતું. અર્જુન ચમર ઢોળવા લાગ્યો. મૃતકનો પણ મહિમા થવો જોઈએ. તેમના શરીરને રેશમી વસ્ત્રો તથા ફૂલોથી આચ્છાદિત કર્યું. યુધિષ્ઠિર, વિદુર વગેરેએ મળીને ચિતા તૈયાર કરી. વેદમંત્રોના ઉચ્ચારણ સાથે અગ્નિદાહ અપાયો. થોડી જ વારમાં ભડભડ કરતો અગ્નિએ તે સમયના સર્વોચ્ચ યોદ્ધા સેનાપતિ અને મહાત્યાગી એકવચની મહાન વિભૂતિને પંચભૂતોમાં મેળવી દીધા. લોકો તેમના ગુણાનુવાદ કરવા લાગ્યા. વ્યક્તિ વિશે સાચો અભિપ્રાય તેના મૃત્યુ પછી જ અપાતો હોય છે. જીવતો અને હાજર વ્યક્તિ વિશે સાચું બોલી શકતા નથી. ઘણી વાર શોકસભાઓ પણ વ્યાવહારિક પ્રસંગ જેવી થઈ જતી હોય છે. સાચો શોકસભાની રાહ જોતો નથી. તે તો સાંભળતાં જ ફૂટી પડતો હોય છે. રોક્યો રોકાતો નથી. કવિએ સાચું જ કહ્યું છે કે,

> ધડ ધીંગાણે જેનાં માથાં મસાણે
> એવા પાળિયા થઈને પૂજાવું રે, ઘડવૈયા—
> નમતી સાંજે પેલી નમણી વિજોગણના
> બેટીમાં આંસુડે ન્હાવું રે, ઘડવૈયા—

કેટલાક લોકો પાળિયા થવા જ પેદા થયા હોય છે. માણસ મરે પાળિયા ના મરે.

6-8-10

*

101. અશ્વમેધ અશ્વનું ભ્રમણ

વિશ્વના બધા ધર્મોમાં એક બહુ જ મહત્ત્વપૂર્ણ કાર્ય હોય છે. જેને કરવાથી લોકો પોતાને ધન્ય ધન્ય અનુભવતા હોય છે. જેમ કે બૌદ્ધોનું મહત્ત્વપૂર્ણ કાર્ય સ્તૂપનું નિર્માણ છે. (મારી દૃષ્ટિએ) સમર્થ વ્યક્તિ પોતાના સામર્થ્ય પ્રમાણે એક બૌદ્ધસ્તૂપ બંધાવતો હોય છે. અસમર્થ વ્યક્તિ આવા સ્તૂપોની યાત્રા કરવાની ઇચ્છા રાખતો હોય છે. સ્તૂપોમાં બુદ્ધનું કોઈ અંગ કે મહત્ત્વની વસ્તુ રખાતી હોય છે જેને બહુ જ પવિત્ર માનવામાં આવે છે. જ્યાં જ્યાં બૌદ્ધ ધર્મ ગયો છે ત્યાં ત્યાં ભવ્યાતિભવ્ય સ્તૂપોનું નિર્માણ થયું છે. એમાંના કેટલાક તો ભવ્યાતિભવ્ય છે. વિશ્વમાં સૌથી મોટી અને ઊંચી પ્રતિમાઓ બૌદ્ધોએ બુદ્ધની બનાવી છે. જેમાંની કેટલીક આજે પણ લોકોને પ્રેરણા આપે છે. તેમનું નિર્માણ વ્યર્થ નથી ગયું. એક તરફ તે પ્રેરણા આપે છે. બીજી તરફ ઇતિહાસ પણ પૂરો પાડે છે.

જૈનોનું ભવ્ય નિર્માણ દેરાસરો, કોતરકામ અને છ'રીપાલિત સંઘોમાં થયું છે. કેટલાંક દેરાસરો આજે પણ પોતાના સ્થાપત્ય અને શિલ્પથી કોતરકામથી વિશ્વને ચકિત કરી મૂકે છે. જૈનો તેનું ગૌરવ લઈ શકે છે. જોકે મૂર્તિભંજક ઝનૂની ધર્મોએ આવાં સ્થાપત્ય અને શિલ્પોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. તોપણ જે કાંઈ બચ્યું છે. તે ભવ્ય છે.

મુસ્લિમોનો પૈસો મદીના, મક્કા અને મસ્જિદો તરફ વળ્યો છે. મુસ્લિમોનાં મોટા ભાગનાં ભવ્ય બાંધકામો બાદશાહો અને સુલતાનોએ કર્યાં છે. આમ પ્રજાએ કોઈ ભવ્ય સ્થાપત્ય રચ્યું હોય તેવું દેખાયું નથી. તેનું કારણ કદાચ મુસ્લિમોની ગરીબી હોઈ શકે. કદાચ મારી સમજ સત્ય ના પણ હોય. મસ્જિદો, મકબરા, મજારો અને કેટલાક કિલ્લાઓ આજે પણ બેનમૂન દર્શનીય સ્થાપત્યો તરીકે ઊભાં છે.

ખ્રિસ્તીઓએ ભવ્ય ચર્ચો બાંધ્યાં છે. યુરોપ અને બીજા દેશોની યાત્રા કરનારા જ્યારે આવાં ચર્ચો જુએ છે ત્યારે મોઢામાં આંગળાં નાખી જાય છે. આમાંનાં મોટા ભાગનાં ચર્ચો ધર્મસંસ્થાઓએ બાંધ્યાં છે. ખ્રિસ્તીઓ પાસે સેંકડો વર્ષોથી વ્યવસ્થિત ધર્મસંસ્થા છે. એવી બીજા કોઈ ધર્મ પાસે નથી. આ સંસ્થાના લોકો અને સરકારના સહકારથી આવાં સ્થાપત્યો બાંધતી હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેમનો પૈસો માનવસેવા તરફ પણ મોટા પ્રમાણમાં વળ્યો છે. વિશ્વભરમાં આરોગ્યકેન્દ્રો, શિક્ષણકેન્દ્રો, અનાથાલયો, રક્તપિત્તિયાંની જગ્યા, વૃદ્ધો, બહેનો વગેરે માટે અનેકાનેક સેવાકેન્દ્રો તરફ તેમનો પૈસો વળ્યો છે. જોકે તેનું વળતર તેઓ ધર્મપ્રચારમાં વાળી લે છે. તોપણ સર્વ પ્રથમ માનવસેવા, ખાસ કરીને દરિદ્રોની સેવા કરવાની પ્રત્યક્ષ શરૂઆત તેમણે કરી કહેવાય.

આપણા હિંદુઓના બે ભાગ પાડી શકાય. એક પ્રાચીન અને બીજો મધ્યકાળ. પ્રાચીનકાળમાં હિંદુઓનું સર્વોચ્ચ કાર્ય 'યજ્ઞ' હતું. રાજા-મહારાજાઓ વગેરે નાના મોટા પ્રસંગોએ બહુ જ ખર્ચીલા અને લાંબી-લાંબી વિધિઓવાળા યજ્ઞો કરતા. આપણી સાથે અગ્નિદેવ પ્રાચીનકાળથી જોડાયેલા છે. એટલે આપણે ઘણુંબધું અગ્નિ તરફ વાળી દેતા રહ્યા છીએ. જેના કારણે બૌદ્ધો જૈનો જેવાં ભવ્ય સ્થાપત્યો તરફ ધન વળ્યું લાગતું નથી. વળ્યું હોત તો તેવાં સ્થાપત્યો નહિ તો તેનાં ખંડેરો તો બચ્યાં હોત. અગ્નિદેવમાં પધરાવેલું કશું બચતું નથી. માત્ર રાખ બચે છે. એટલે કદાચ આપણે ભસ્મધારક બન્યા હોઈશું. બીજા કોઈ ધર્મવાળા ભસ્મ ધારણ કરતા નથી.

મધ્યકાળમાં ધને એક મહત્ત્વનો વળાંક લીધો. ધન ભગવાન તરફ વળ્યું. મધ્યકાળ સુધીમાં કર્મકાંડની જગ્યાએ ભક્તિની પ્રધાનતા થઈ. ભગવાનનાં ભવ્ય મંદિરો રચાયાં (દક્ષિણમાં) અને ભગવાન માટે જાત-જાતના ભોગો, રથો, વસ્ત્રો, આભૂષણો અને બીજું ઘણુંબધું થવા લાગ્યું. આ તરફ પૈસો વળી ગયો જોકે આ કાળમાં દક્ષિણભારતમાં ઘણાં ભવ્ય મંદિરો બંધાયાં જેનું ગૌરવ આજે પણ લેવાય છે. પણ બંને કાળોમાં પૈસો ગરીબ લોકો તરફ ના વળ્યો. મંદિરોની અમાપ સંપત્તિએ લૂંટારાને આકર્ષ્યા, દેશપારથી વિધર્મીઓનાં ધાડેધાડાં આવવા લાગ્યાં અને બહુ સરળતાથી મંદિરોનો પૈસો લૂંટી જવા લાગ્યાં. તેમણે મંદિરો અનેમૂર્તિઓ તોડી આનંદ લીધો. જો મંદિરો પાસે આટલું ધન ભેગું ના થયું હોત તો કદાચ આ વિદેશી ધર્મોનાં ધાડાં આવ્યાં ના હોત.

જ્યાં અગ્નિપૂજાનો યજ્ઞકાળ હતો ત્યારે ભલે બધું બાળી દેવાતું. પણ ધનનો સંચય ના હોવાથી કોઈ લૂંટવા ના આવતું. કારણ કે રાખની લૂંટ કોને ગમે. હવે ફરીથી કેટલાક લોકો ફરી પાછા યજ્ઞો તરફ વળ્યા છે. અશ્વ વિનાનો અશ્વમેધ અને રાજા વિનાનો રાજસૂયયજ્ઞ કરવા લાગ્યા છે. લાભદાયી યજમાનોને આકર્ષવા તેમણે હવે સેંકડો કુંડીઓ અને હજારો પાટલાવાળા યજ્ઞો શરૂ કર્યા છે. ફરી પાછી રાખસંસ્કૃતિનો જીર્ણોદ્ધાર થવા લાગ્યો છે. જોકે આધુનિક કાળમાં લોકોમાં જાગૃતિ આવવા લાગી છે. તેઓ માનવતા તરફ વળ્યા છે. હવે નવી પેઢી પણ ખ્રિસ્તીઓની માફક સેવાસંસ્થાઓ કરવા લાગી છે. હજારો શિક્ષણસંસ્થાઓ, હજારો આરોગ્યકેન્દ્રો, અનાથાલયો, વિધવા આશ્રમો, અન્નક્ષેત્રો, વગેરે અનેક માનવસેવાનાં કાર્યો થવા લાગ્યાં છે. તે ઉત્તમ લક્ષણ છે.

મહત્ત્વની વાત એ છે કે પ્રત્યેક ધર્મ પોતાનો પૈસો કયા મહત્ત્વના કાર્ય તરફ વાળે છે? આજે પણ આ પ્રશ્ન વિચારણીય છે.

હવે મૂળ વાત ઉપર આવીએ. યુધિષ્ઠિર ફરી પાછા હસ્તિનાપુર આવી ગયા. રાજવહીવટ સંભાળી લીધો. બધા મહેમાનો વગેરે સૌ સૌના દેશ ચાલ્યા ગયા. ભીષ્મના મરણનો તથા લાખો સ્વજનોના યુદ્ધમરણનો શોક હળવો થયો એટલે યુધિષ્ઠિરને ઇચ્છા થઈ કે કોઈ મહત્ત્વનું કાર્ય કરીએ. આવું કાર્ય યજ્ઞ જ હોઈ શકે. પણ યજ્ઞ માટે તો મબલક પૈસો જોઈએ. આટલો પૈસો લાવવો ક્યાંથી? રાષ્ટ્ર યુદ્ધમાં ઘસાઈ ગયું હતું. પણ જય જયકાર કરનારો યજ્ઞ તો કરવો જ હતો. છેવટે એક યુક્તિ સૂઝી. ઉત્તરમાં કુબેર જેવાં ધનાઢ્ય રાજ્યો તથા લોકો છે. તેમની પાસેથી પૈસો લઈ આવવા.

દિલ્લીના મુસ્લિમો જ્યારે જ્યારે સેનાના પગાર માટે પૈસાની જરૂર પડતી ત્યારે ત્યારે દક્ષિણ ઉપર હુમલા કરતા. ત્યાંનાં મંદિરો સોના-ચાંદી-હીરા-રત્નોથી ઊભરાતાં હતાં. તે બધું લૂંટી લાવતા. એમ કહી શકાય છે તેમની વિશાળ સેનાનો પગાર દક્ષિણનાં મંદિરો પૂરો પાડતાં. હાથીઓ અને ઊંટો ઉપર ભરીભરીને પહેલાં સોનું-ચાંદી ખૈબર બોલનને પાર જતું. પછી તો ખૈબર બોલન પારવાળા દિલ્લીમાં જ જામી ગયા. હવે ઉત્તર ભારત તો ખાલી થઈ ગયું હતું. પણ હજી દક્ષિણ ભારત સોનાચાંદીથી ઊભરાતું હતું. અહીંથી લૂંટી-લૂંટીને ઢગલેઢગલા દિલ્લી લઈ જવાતા. મંદિરોવાળાની આંખ ના ઊઘડી. જે પૈસો ભગવાન તરફ વાળ્યો છે તેને ગરીબો તરફ, નિર્માણ તરફ વાળો ને! તો કોઈ લૂંટવા જ ના આવે. આના કરતાં રાખમાર્ગ સારો હતો. કારણ કે કોઈ લૂંટવા તો ના આવતું. ભલેને બધું બળીને રાખ થઈ જાય. દુશ્મનોના હાથે લૂંટાઈ જવું તેના કરતાં બળી જવું કે બાળી મૂકવું સારું.

યુધિષ્ઠિરને પણ ઇચ્છા થઈ કે આપણે ભવ્યાતિભવ્ય યજ્ઞ કરીએ. પહેલાં મરુતે મોટો યજ્ઞ કર્યો હતો તેમાં વધેલું ધન હજી ત્યાં જ પડ્યું છે. તે લઈ આવીએ આવું વિચારીને બધા પાંડવોએ મરુતનું ધન લઈ આવવા પ્રસ્થાન કર્યું. બધા હિમાલય પહોંચી ગયા અને રાત્રીવાસો કર્યો. પછી ભગવાન શિવની ઉપાસના કરીને કિન્નરોથી રક્ષિત પેલા ધનને ખોદીને બહાર કાઢ્યું. તેમાંથી જે સુવર્ણ નીકળ્યું તે 160824000 ભાર હતું. ચાંદી વગેરે તો પાર વિનાનું. આ બધું હજારો હાથી-ઊંટ, ખચ્ચરો વગેરે ઉપર લદાવીને હસ્તિનાપુર તરફ પ્રયાણ કર્યું. હવે ધનની ચિંતા ના રહી. યજ્ઞની ધામધૂમથી તૈયારી થવા લાગી. બધી તૈયારી પૂરી થઈ ગઈ. હવે અશ્વમેધ યજ્ઞની પ્રથમ વિધિ અશ્વને છૂટો મૂકવાની હતી. એક પવિત્ર અશ્વ લાવવામાં આવ્યો. જેનાં બધાં શુભ લક્ષણો હતાં. આ ઘોડો છેક સમુદ્ર સુધી છૂટો ફરશે. તેનું રક્ષણ અર્જુન કરશે. રસ્તામાં જે કોઈ રાજા આ અશ્વને બાંધશે તેની સાથે યુદ્ધ થશે. નહિ બાંધશે તે ખંડિયારાજા થશે. આવી રીતે યુધિષ્ઠિર ચક્રવર્તી રાજા થશે. અર્જુન સેના સાથે જ્યારે અશ્વની પાછળ-પાછળ પ્રસ્થાન કરશે, ત્યારે હસ્તિનાપુરનું રક્ષણ ભીમ અને નકુલ કરશે. કારણ કે સેનાની ગેરહાજરીમાં કોઈ હસ્તિનાપુર ઉપર ચઢી આવે તો તેનું રક્ષણ થઈ શકે. અન્ય રાષ્ટ્ર ઉપર આક્રમણ કરતી વખતે પોતાનું ખાલી પડેલું રાષ્ટ્ર કોઈ હડપ ના કરી જાય તેની વ્યવસ્થા કરવી જરૂરી થઈ જતું હોય છે.

અશ્વની પૂરી વિધિ કરીને તેને છોડવામાં આવ્યો, તેની પાછળ-પાછળ અર્જુન વગેરે તેની રક્ષા માટે ચાલવા લાગ્યા. અશ્વ પહેલાં ઉત્તરદિશા તરફ ગયો. રસ્તામાં આવતાં નાનાં-મોટાં બધાં રાજ્યો આધીન થતાં ગયાં. પછી તે પૂર્વ તરફ વળી ગયો. પૂર્વમાં પણ બધાં રાજ્યો આધીન થઈ ગયાં ચાલતાં-ચાલતાં ત્રિગર્તોનું રાજ્ય આવ્યું. ત્રિગર્તોએ ભારે યુદ્ધ કર્યું. ત્રિગર્તોનો નાયક કેતુવર્મા યુદ્ધમાં માર્યો ગયો. તેનો બદલો લેવા ધૃતવર્મા ચઢી આવ્યો જોકે તે હજી બાળક જ હતો. તેનું પરાક્રમ જોઈએ અર્જુન પ્રસન્ન થયો. ધૃતવર્માએ ઘણું પરાક્રમ બતાવ્યું પણ અંતે અર્જુનના પરાક્રમ આગળ બધા આધીન થઈ ગયા.

ત્યાંથી નીકળીને અશ્વ પ્રાગ્ જ્યોતિષપુર પહોંચ્યો. અહીંનો રાજા વજ્રદત્ત હતો. તેની સાથે ઘોર યુદ્ધ થયું. અંતે વજ્રદત્ત યુદ્ધમાં હારી ગયો. સંધિ કરી અર્જુન આગળ સૈંધવોના રાજ્યમાં પહોંચ્યો અને સૈંધવો સાથે ભયંકર યુદ્ધ કર્યું. જ્યારે ઘોર સંગ્રામ ચાલી રહ્યો હતો અને સૈંધવો પરાજય પામી રહ્યા હતા ત્યારે ધૃતરાષ્ટ્રની પુત્રી દુ:શલા રથ ઉપર બેસીને અર્જુનની પાસે આવી. અને રોકકળ કરવા લાગી. પોતાની કાકાની દીકરી બહેનના આવવાથી અર્જુને યુદ્ધ અટકાવી દીધું. દુ:શલાએ પણ પોતાના પક્ષના યોદ્ધાઓને અટકાવીને પાછા વાળી દીધા. આ રીતે યુદ્ધવિરામ થઈ ગયો.

પછી તો યજ્ઞનો ઘોડો મણિપુર પહોંચ્યો. અહીં અર્જુનનો પુત્ર બભ્રુવાહન રહેતો હતો. તેને ખ્યાલ આવ્યો કે મારા પિતા આવ્યા છે. તે ઘણી ભેટો લઈને મળવા આવ્યો પણ અર્જુનને બભ્રુવાહનની શરણાગતિ ગમી નહિ. તેણે કહ્યું કે તારે યુદ્ધ કરવું જોઈએ. મારા પુત્રને શરણાગતિ શોભતી નથી. આવી રીતે બભ્રુવાહનને ઘણો ઠપકો આપ્યો. તેથી ગુસ્સામાં આવીને બભ્રુવાહને યજ્ઞનો ઘોડો પકડી લીધો હવે પિતા અને પુત્ર વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. બભ્રુવાહને બાણો મારીને અર્જુનને બેભાન બનાવી દીધા! બાપ દીકરો બંને સામસામે લડતાં લડતાં મૂર્છિત થઈ ગયા. અર્જુનની પત્ની ચિત્રાંગદા યુદ્ધભૂમિમાં આવી પહોંચી. તેણે જોયું કે અર્જુન તો મૃત્યુ પામી ચૂક્યો છે. તેણે ઘણો વિલાપ કરવા માંડ્યો તેવામાં અર્જુનની બીજી પત્ની ઉલુપીના દ્વારા સંજીવની લાવવાથી તે જીવિત થઈ ગયો. આ રીતે અર્જુન યુદ્ધ જીતીને બભ્રુવાહનને અશ્વમેધ યજ્ઞમાં આવવાનું આમંત્રણ આપીને આગળ ચાલ્યો.

હવે મગધરાજનો વારો હતો. સહદેવનો પુત્ર મેઘસન્ધિ અહીં રાજ કરતો હતો. તેણે ઘોડાનું અપહરણ કર્યું. અને પછી બંને વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. બંને તરફથી ખૂબ બાણવર્ષા થવા લાગી. અંતે મેઘસન્ધિ હારી ગયો. જોકે તેના પરાક્રમથી અર્જુન ઘણો પ્રસન્ન થયો. તેને યજ્ઞમાં આવવાનું આમંત્રણ આપીને ચાલતો થયો.

હવે અશ્વ પશ્ચિમમાં છેક દ્વારકા પહોંચ્યો. અહીં ભયંકર યુદ્ધ થયું પણ મહારાજ ઉગ્રસેને યુદ્ધ અટકાવી સમાધાન કરી દીધું. પછી વૃષ્ણીવંશી વસુદેવજીને મળીને ઘોડો ફરતો ફરતો છેક પંજાબ પહોંચી ગયો. ત્યાંથી ગાંધાર પહોંચ્યો. અહીં શકુનિપુત્ર રાજ્ય કરતો હતો તેણે ઘોર યુદ્ધ કર્યું. યુદ્ધમાં શકુનિપુત્ર હારી ગયો. આ રીતે પૂર્વ ભારતમાં ભ્રમણ કરીને અશ્વ હસ્તિનાપુર પાછો આવી ગયો.

6-8-10

*

102. યજ્ઞની સમાપ્તિ અને નોળિયા દ્વારા નિંદા

કાર્યની સફળતામાં અનેક કારણો મહત્ત્વનો ભાગ ભજવતાં હોય છે. પણ તેમાં સૌથી મહત્ત્વનું કારણ બને છે, આયોજનપૂર્વકની વ્યાવહારિકતા. વ્યાવહારિકતા એટલે જે મોટું કાર્ય કરવું છે તે કરવા માટે તમારી પાસે યથાયોગ્ય માણસો છે? આયોજન છે? સંકલન છે? જો આ બધું હોય તો જ મોટાં કાર્યો થઈ શકે. મહાપુરુષોનું મહત્ત્વનું લક્ષણ હોય છે. વ્યક્તિને ઓળખવાની ક્ષમતા અને તેને પોતાની સાથે જોડી રાખવાની શક્તિ. જો તમે માણસને ઓળખી જ ના શકો તો તમે તેનું ચયન કરી શકો નહિ. જો તમે સમર્થ વ્યક્તિને ઓળખીને પણ પોતાની સાથે જોડી ના શકો તોપણ તમે મોટાં કાર્યો કરી શકો નહિ, આ બંને કાર્યો સ્વભાવથી થતાં હોય છે. અને સ્વભાવથી બગડતાં હોય છે. જે લોકો પોતાના પુરુષાર્થથી મહાન બન્યા હોય છે. નક્કી તેમનામાં આ બે ગુણો હોય છે. પણ જે વારસાગત ગાદી દ્વારા મહાન બન્યા હોય છે. તેમાં આ ગુણો હોય પણ ખરા અને ના પણ હોય. જેમાં આ ગુણો હોય છે તે વારસો દીપાવે છે અને જેમનામાં આ ગુણો નથી હોતા તે વારસાનું ધનોત-પનોત કાઢી મૂકતા હોય છે. જીવનની સફળતામાં તમને કેટલા સારા માણસો મળ્યા તે કારણ હોય છે. સારા માણસોને સ્વીકારવા અને નિભાવવા એ તમારા સ્વભાવનું કામ છે.

પાંડવોને મોટો અશ્વમેધ યજ્ઞ કરવો છે. આ કોઈ નાનુંસૂનું કામ ના કહેવાય. તેનાં બે મુખ્ય ઘટકો છે. (1) અશ્વના દ્વારા વિશ્વવિજય કરવો અને (2) વિશ્વવિજય પછી વ્યવસ્થિત રીતે યજ્ઞ કરવો. પ્રથમ ઘટક પૂરું થયું છે. અર્જુન વિશ્વવિજય કરીને હસ્તિનાપુર પાછો આવી ગયો છે. હવે યુધિષ્ઠિર ચક્રવર્તીરાજા કહેવાશે. નાનાં-મોટાં રજવાડાંઓને એકકરીને એક વિશાળ રાષ્ટ્રની સ્થાપના કરવાનો આ હેતુ છે. વિશાળ અને મજબૂત રાષ્ટ્ર જ મહાન હોઈ શકે. આખું ભારત યુધિષ્ઠિરની આણ નીચે આવી ગયું. જો તમે યુદ્ધ જ ના કરો તો આ કામ ના થઈ શકે. જો તમે શક્તિશાળી ના હોવ તો યુદ્ધ ના કરી શકો. તો બીજાં રાષ્ટ્રો યુદ્ધ કરે અને તમને હરાવે એટલે શક્તિશાળી થવું અને હંમેશાં શક્તિશાળી રહેવું એ અતિમહત્ત્વનું ચંતિન છે. રાષ્ટ્રને શક્તિહીન, શસ્ત્રહીન, યોદ્ધાહીન, આક્રમણહીન બનાવનારું ચંતિન આત્મઘાતી નીવડતું હોય છે.

હવે વહીવટીક્ષેત્રનું કાર્ય શરૂ થયું. જ્યારે પણ મોટી સભા વગેરેનું આયોજન કરવું હોય ત્યારે પ્રસંગને સજાવટથી દીપાવવો જરૂરી હોય છે. સજાવટથી પ્રસંગ ભવ્ય બને છે. સાદા લોકો પ્રસંગને દીપાવી શકતા નથી. એટલે તેમના પ્રસંગમાં જવાનો મહાપુરુષોને જ ઉત્સાહ રહેતો નથી. હવે યજ્ઞને માત્ર એક જ મહિનો બાકી રહી ગયો હતો. ભીમસેન યજ્ઞભૂમિની સજાવટની જવાબદારી સંભાળે છે. તેણે ઉત્તમ કારીગરો દ્વારા યજ્ઞશાળાનું નિર્માણ કરાવ્યું. યજ્ઞના પુરોહિતોને જ બેસવાની જગ્યા, તથા યજ્ઞકુંડો તૈયાર કરાવ્યા. રાજા—મહારાજાઓ આવશે તેમને બેસવાની યથાયોગ્ય વ્યવસ્થા કરાવવામાં આવી. જ્યાં ઘણા મોટા પુરુષો એકસાથે બેસવાના હોય ત્યાં વિવેકપૂર્વક યથાયોગ્ય આસન લગાવવાં જોઈએ. નહિ તો અવ્યવસ્થા થઈ શકે છે.

સામૂહિક સભામાં મોટા પુરુષોનો ઇગો પરસ્પરમાં ટકરાતો હોય છે. મને માન ના મળે તેના કરતાં પેલાને વધારે કેમ મળે. અથવા તેના કરતાં મને ઓછું કેમ મળે. આવો ઇગો મોટા પુરુષોને પણ હોય છે. આ વ્યવસ્થા કરતાં આવડે તે જ સારી રીતે સભા કરી શકતા હોય છે.

ચારે તરફ આમંત્રણ પત્રિકાઓ મોકલી, સૌને ઊતરવાની વ્યવસ્થા કરવામાં આવી.

આ યજ્ઞમાં જેમ મોટા-મોટા રાજા-મહારાજાઓ આવ્યા હતા તેમ જ મોટા-મોટા ઋષિમુનિઓ પણ આવ્યા હતા. તેમના ઉતારાની તથા સભામાં આસનોની વ્યવસ્થા કરવામાં આવી.

જ્યાં આવાં મોટાં આયોજનમાં રાજવર્ગ અને ઋષિવર્ગ બંને ભેગો થયો હોય ત્યાં રાજવર્ગ કરતાં ઋષિવર્ગનું મહત્ત્વ જરા પણ ઓછું અંકાય નહિ.

આ યજ્ઞમાં રોજ એક લાખ તો માત્ર બ્રાહ્મણો જ ભોજન કરતા હતા. અનાજના ઢગલા પહાડ જેવા લાગ્યા હતા. દૂધ-દહીંની નદીઓ વહેતી હતી અને ઘીના તો કેટલાયે કુંડ ભરી દેવાયા હતા. કોઈ વસ્તુની કશી કમી રહેવા દીધી ન હતી.

બધા રાજાઓનો યથોચિત સત્કાર કર્યો. અર્જુનની પત્ની નાગકન્યા ઉલુપી અને મણિપુરની ચિત્રાંગદા પણ પોતાના પરિવાર સાથે આવી હતી.

યજ્ઞભૂમિમાં જુદા-જુદા કાષ્ટોમાંથી બનાવેલા એકવીશ યૂપો નિર્મિત કરાયા જેમાં પશુઓને સંયોજિત કરવાનાં હતાં.

> "તત્તો નિયુક્તા પશવો યથાશાસ્ત્ર મનિષિભિ:"

(મહાભારત આશ્વમેધિકપર્વ 28/33)

> "યૂપેષુ નિયતા ચાસીત્ પશૂનાં મિશતી તથા,
> અશ્વરત્નોતરા યજ્ઞે કૌન્તેયસ્ય મહાત્મન:"

28/35

અર્થાત્ જુદા-જુદા ત્રણસો પશુઓ બાંધ્યાં હતાં. જેમાં પેલો અશ્વ મુખ્ય હતો.

યજ્ઞ પૂરો થયો. બધા બ્રાહ્મણોને દક્ષિણા આપી અને રાજા-મહારાજાઓને ભેટ-સોગાત આપી કાર્યકર્તાઓને ઇનામ આપ્યાં. સૌને વિદાય કર્યા. દક્ષિણા શ્રદ્ધાથી અપાય. દક્ષિણાથી તૃપ્ત થયેલા પૂજ્યજનો આશીર્વાદ અર્પે અતૃપ્ત નિસાસા નાખે એટલે આવાં ધાર્મિક કાર્યો દક્ષિણા વિનાનાં ના હોવાં જોઈએ. દક્ષિણા કાર્યની સમાપ્તિ પછી અપાય. શ્રદ્ધાથી નમ્રતાપૂર્વક અપાય. દક્ષિણા લેનારે સંતોષ કરવાનો હોય. અસંતોષી હીન બ્રાહ્મણ કહેવાય.

આવી જ રીતે આવેલા વિશિષ્ટ અતિથિઓને યથોચિત ભેટો આપવી જોઈએ. લુખ્ખા માણસો કંજૂસાઈથી સૌને ખાલીહાથે પાછા કાઢે તો તેમની નિંદા થવા લાગે છે. કાર્ય નિષ્ફળ થઈ જાય છે. એટલે ઉદારતાથી મનમૂકીને દક્ષિણા અને ભેટો આપવી. પ્રથમથી જ નક્કી કર્યું હોય તેને દક્ષિણા ના કહેવાય. તેને ચાર્જ કહેવાય. ચાર્જેબલ માણસો પ્રથમથી જ યજમાનો પાસે પોતાનું મહેનતાણું નક્કી કરાવી લેતા હોય છે. એને ધાર્મિક પ્રસંગ ના કહેવાય. ભલે ધાર્મિક દેખાય પણ એ વ્યાપારિક પ્રસંગ જ થઈ જાય.

યજ્ઞની સમાપ્તિ વખતે એક નોળિયો આવ્યો. તેનું અડધું અંગ સોનાનું થઈ ગયેલું હતું. તેની રંતિદેવની કથા આવે છે. નોળિયો પોતાના અનુભવથી યુધિષ્ઠિરને સમજાવે છે કે ઘણાંવર્ષો પહેલાં જ્યારે સાત દુષ્કાળ પડ્યા હતા ત્યારે એક બ્રાહ્મણના ત્યાં એકશેર સત્તુના એઠવાડમાં આળોટવાથી મારું આ શરીર અડધું સોનાનું થઈ ગયું હતું. તે યજ્ઞ હતો. તે પછી ઘણા યજ્ઞોના એઠવાડમાં આળોટવા હું ગયો પણ ક્યાંય બાકીનું અંગ સોનાનું ના થયું. તારા (યુધિષ્ઠિરના) યજ્ઞમાં પણ ના થયું. તે યજ્ઞની નિંદા કરતો કરતો ચાલ્યો ગયો. યુધિષ્ઠિરને પોતાના યજ્ઞની સફળતામાં શંકા થઈ ત્યારે શ્રીકૃષ્ણે તેને કહ્યું કે, "યુધિષ્ઠિર, અન્નદાન ભેટ અર્થાત ગરીબોનું પેટ

ઠારવું એ જ ખરો યજ્ઞ છે. યજ્ઞ પછી શ્રીકૃષ્ણે, યુધિષ્ઠિરને માનવતા ધર્મ સમજાવ્યો. યુધિષ્ઠિરને હવે સમજાયું કે કરોડો રૂપિયા ખર્ચીને હજારો મણ સામગ્રી હોમીને જે યજ્ઞો કરવામાં આવે છે, તેના કરતાં ભૂખ્યાં ને જમાડનારો શેરસત્તુનો યજ્ઞ ઘણો મોટો હતો. જેનાથી નોળિયો અડધો સોનાનો થઈ ગયો.

યુધિષ્ઠિર ભલે ગમે એમ માનતા હોય પણ નોળિયાની દૃષ્ટિએ આ યજ્ઞ નિષ્ફળ હતો.

7-8-2010

*

આશ્રમવાસિકપર્વ

103. ધૃતરાષ્ટ્રનો વનપ્રવેશ

સંયુક્ત પરિવારમાં સાથે રહેવું તે પણ કળા જ કહેવાય અને જરૂર પડે ત્યારે જુદા થવું એ પણ એક કળા જ કહેવાય. ઘણા લોકોને નથી તો સાથે રહેતાં આવડતું અને નથી તો જુદા થતાં આવડતું. સાથે રહીને તે લડતાં-ઝઘડતાં રહે છે અને લડતાં-ઝઘડતાં જુદા થાય છે. પરિવારના કલહનું દુઃખ સર્વાધિક અશાંતિ પેદા કરે છે. પરિવારમાં ડાહ્યા માણસો હોય તો લડતા નથી. કદાચ લડે તો બહાર પડવા દેતા નથી, દબાવી રાખે છે. પણ એ પરિવારમાં અનાડી લોકો હોય તો તે કલહને ભરબજારમાં ઉપણે છે. પોતે જ પોતાની ફજેતી કરાવે છે. કરે છે. કોઈનો હાથો બની જાય છે. પરિવારને સાચવવો બહુ જ કઠિન કામ છે. સંપથી સચવાયેલો પરિવાર જ સુખ-શાંતિ ભોગવતો હોય છે. કોઈ પ્રભાવશાળી વડીલની મર્યાદામાં બધાં રહે તો જ પરિવાર સચવાય.

કૌરવો-પાંડવોનો એક જ પરિવાર હતો. પણ બચપણથી જ કૌરવો અને પાંડવોમાં વિખવાદ થઈ ગયો હતો. તેની ચરમસીમા દ્રૌપદીના ચીરહરણ સુધી પહોંચી. આ બધી ઘટનાઓમાં ધૃતરાષ્ટ્ર તટસ્થ ના રહી શક્યા. તે પોતાના પુત્રો તરફ ઝૂકી ગયા અને કલહ વધતો જ ગયો. છેવટે મહાવિનાશકારી યુદ્ધમાં પરિણમ્યો. યુદ્ધમાં સર્વનાશ થઈ ગયો. હવે ધૃતરાષ્ટ્ર અને ગાંધારીએ રહેવું ક્યાં? યુદ્ધિષ્ઠિર બહુ જ માનપૂર્વક તેમને રાજમહેલમાં લઈ ગયા. રાજ્યાભિષેક પોતાનો થયો હોવા છતાં તેમણે ધૃતરાષ્ટ્રને જ રાજા માન્યા જેથી તેમને સારું લાગે. આમ છતાં પણ ધૃતરાષ્ટ્રને આત્મગ્લાનિ રહ્યા કરતી હતી. જે પાંડવોનું નિકંદન કાઢવા મેં પ્રયત્નો કર્યા તે જ પાંડવોના આશ્રિત થઈને હવે રહેવું પડે છે. ધિક્કાર છે મને, આવો ભાવ થવા લાગ્યો.

એક દિવસ તેમણે ગાંધારી સાથે વનમાં જવાનો નિર્ણય કરીને યુધિષ્ઠિર વગેરે સૌને જણાવ્યો. ધૃતરાષ્ટ્રને પારાવાર પશ્ચાત્તાપ થઈ રહ્યો હતો. પણ હવે શું થાય! પાંડવોએ વનમાં જવાની રજા ના આપી. કેટલીક વાર પરિવારના વૃદ્ધ વડીલ જુદા થાય તો પુત્ર-પુત્રવધૂઓને ના ગમે. પણ કેટલીક વાર ગમે પણ ખરું. ગમતું હોય તોપણ સમાજની બીકે તેઓ તેમને ઉપર-ઉપરથી રોકવાનો પ્રયત્ન કરે. સમાજની બીક પણ સમાજવ્યવસ્થામાં ભાગ ભજવતી હોય છે. સમાજ તૂટવાનો થાય એટલે પ્રથમ સમાજની બીક જતી રહે. લોકો મનુષ્ય-સ્વચ્છ થઈ જાય. પાંડવો તો સાચા હૃદયથી ધૃતરાષ્ટ્રને રોકતા હતા.

એવામાં વ્યાસજી આવી ગયા. પરિવારે એક સાત્ત્વિક પુરુષની પોતાના ઘરમાં આવન-જાવન જરૂર રાખવી. વ્યાસજીએ યુધિષ્ઠિર વગેરેને સમજાવ્યા કે હવે ધૃતરાષ્ટ્રનું મન અહીંથી ઊઠી ગયું છે. એટલે દબાણ કરીને ના રાખો તેમની ઇચ્છા પ્રમાણે વનમાં જવા દો.

ધૃતરાષ્ટ્ર તો મહાજ્ઞાની છે. જતાં પહેલાં તેમણે વિસ્તારથી રાજનીતિનો ઉપદેશ યુધિષ્ઠિરને આપ્યો. યુધિષ્ઠિરે શ્રદ્ધાથી સાંભળ્યો. જતાં પહેલાં ધૃતરાષ્ટ્રે થોડું દાનપુણ્ય કરવાની ઇચ્છા વ્યક્ત કરી, હવે તેમની પાસે તો કશું હતું નહિ તેથી યુધિષ્ઠિરે તેમની ઇચ્છા પ્રમાણે બધું મોકલાવ્યું. માણસે વિદાય થતી વખતે કાંઈ ને કાંઈ આપીને વિદાય થવું. કોરા હાથે આવવું અને કોરા હાથે વિદાય થવું એ લુખ્ખા માણસનું કામ કહેવાય. સજ્જને તો કાંઈ ને કાંઈ આપીને જ જવું.

ધૃતરાષ્ટ્રની વિદાય વખતે પ્રજાજનો ભેગા થઈ ગયા. ગમે તેવો તો યે તે મોટો રાજા હતો. પ્રજાને રાજા પ્રત્યે ચાહના રહેતી હોય છે. તેમાં પણ જો તે સજ્જન હોય તો વર્ષો સુધી પ્રજા, રાજાને

ભૂલતી નથી. ધૃતરાષ્ટ્રે સૌની ક્ષમા માગી. વારંવાર ક્ષમા માગી. ક્ષમા માગવાથી અપરાધનો ભાર બંને તરફ હળવો થઈ જાય છે. સૌનાં હૃદય ભરાઈ આવ્યાં. જુઓ કુટિલતાનાં પરિણામ. કેવી દશા થઈ છે?'

ધૃતરાષ્ટ્રે વિદુરજીને કહ્યું કે મારે મારા પુત્રોનું શ્રાદ્ધ કરવું છે. યુધિષ્ઠિર પાસેથી થોડું ધન લાવી આપો, યુધિષ્ઠિર અને અર્જુન તૈયાર થઈ ગયા. પણ ભીમે વિરોધ કર્યો. પણ અંતે યુધિષ્ઠિરે, ધૃતરાષ્ટ્રને યથેચ્છ ધન આપ્યું. ધૃતરાષ્ટ્રે મૃતકો માટે શ્રાદ્ધ કર્યું. સૌના કલ્યાણ માટે દાન આપ્યું. મૃતક પૂર્વજો માટે યથાશક્તિ શ્રાદ્ધ-તર્પણ વગેરે જરૂર કરવાં જોઈએ. ચાલો ઇચ્છા પૂરી થઈ ગઈ.

હવે ગાંધારી સહિત વન તરફ પ્રયાણ કર્યું. તેમણે વલ્કલ અને મૃગચર્મ ધારણ કર્યાં. તેમની વિદાય વખતે બધી સ્ત્રીઓ રડી પડી. આવી જ રીતે બારવર્ષ માટે પાંડવો પણ એક દિવસ વનમાં ગયા હતા. હા, ધૃતરાષ્ટ્રની હાજરીમાં. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને વનમાં જતાં જોઈને કુંતી પણ વનમાં જવા તૈયાર થઈ ગઈ. પાંડવો જ્યારે તેર વર્ષ વનમાં હતા ત્યારે કુંતી ધૃતરાષ્ટ્રને ત્યાં જ રહી હતી, પાંડવોએ, પાંડવસ્ત્રીઓએ કુંતીને ઘણી સમજાવી પણ કુંતી રોકાઈ નહિ. ધૃતરાષ્ટ્ર સાથે ચાલતી જ રહી.

પુરુષ પુરુષાર્થ કરીને ધનસંપત્તિ મેળવે છે તે પત્નીને અને માતા-પિતાને બતાવવા માટે કરે છે. જેની સંપત્તિને જોનાર કોઈ સ્ત્રી નથી હોતી (માતા કે પત્ની) તેને ઉત્સાહ નથી રહેતો. એકલો પુરુષ કરોડો કમાઈને કે દશ બંગલા બાંધીને શું કરવાનો હતો? ભોગો ભોગવવા કરતાં ભોગાવવામાં ઘણો આનંદ મળતો હોય છે. એવી કોઈ સંપત્તિ ભોગવનારું નથી હોતું તેને પોતાને પણ સંપત્તિ ભોગવવામાં રસ નથી આવતો.

નિરાશ થઈને રોતાં કકળતાં બધાં પાંડવો અને પાંડવ સ્ત્રીઓ રોતી કકળતી પાછી વળી ગઈ. ને રાત્રીએ ધૃતરાષ્ટ્ર-ગાંધારી અને કુંતીએ ગંગાતટ ઉપર નિવાસ કર્યો. છત્રીપલંગ પરથી બધાં કુશાસન ઉપર આવી ગયાં હતાં.

7-8-2010

*

104. પાંડવોનું ધૃતરાષ્ટ્રથી મિલન

જે જીવતાં શિખવાડે તેને ધર્મ કહેવાય. અને મરતાં શિખવાડે તેને અધ્યાત્મ કહેવાય. જેને જીવતાં શીખવું હોય તેણે સર્વપ્રથમ દુઃખોનો સ્વીકાર કરીને જીવવાનું જાણી કરીને દુઃખ ખોળતા ફરવું નહિ પણ બધા પ્રયત્નો કર્યા પછી પણ જો દુઃખો આવી પડે તો તેને હસતાં-હસતાં સ્વીકારી સહન કરી લેવાં પણ જરૂરી છે. દુઃખવિનાનું જીવન કલ્પવું મુશ્કેલ છે. રાયથી માંડીને રંક સુધી અને પામરથી માંડીને પીર સુધી સૌ કોઈ કોઈ ને કોઈ રીતે દુઃખી હોય છે.

કેટલાક લોકો એવું માને છે કે દુઃખો સકારણ હોય છે અને સુખો દુઃખોના અભાવનું નામ. સકારણ દુઃખોનાં મુખ્ય કારણો છે.

1. ભૌતિક અને 2. માનસિક

માનો કે તમારી પાસે આહાર પાણી નથી તેથી તમે ભૂખ-તરસનું દુઃખ ભોગવવાના. અન્ન-પાણીની પ્રાપ્તિથી આ દુઃખ દૂર થઈ જશે. માનો કે તમારી પાસે અન્નપાણી તો છે પણ સ્વાદિષ્ટ નથી. તમે સ્વાદ માટે દુઃખી થવાના ભોજન મળતાં જ સુખી થશો. આનું નામ વિકાર કે સ્વાદ ઉપર પૂર્ણવિરામ નથી હોતું. રોજ નવા નવા સ્વાદ મળવાના વ્યંજનોની યાદી કદી પૂરી ના થાય તેટલી છે. અહીંથી બે માર્ગ નીકળે છે. 1. સ્વાદનો ત્યાગ કરવો, 2. જેવું મળે તેવું જમી લેવાની આદત પાડવી. બીજો માર્ગ છે. નાના રોજ રોજ નવાં-નવાં વ્યંજનો બનાવવાં અને પ્રેમથી જમવા. પ્રથમ માર્ગ ત્યાગનો છે. ત્યાં વિકાસ અટકી જાય છે. શાકાહારી અને માંસાહારી સદીઓથી એક જ પ્રકારનું ભોજન કરે છે. તેમને મસાલા વગેરે હોતા નથી. ન હોવાનું દુઃખ પણ નથી. સારું ઘાસ અને સારું માંસ મળે એટલે બસ. માણસ પણ આવો થઈ જાય તો સુખી તો થાય પણ વિકાસ ના થાય. પણ માણસ આવો થઈ શકતો નથી. કદાચ કોઈ અપવાદરૂપ કોઈ એકલદોકલ થાય તો થાય પણ પૂરો સમૂહ તો એવો થતો નથી. આહારની દૃષ્ટિએ માણસોની કથાનાં પગથિયાં હોય છે. નીચેના પગથિયે રહેલો માણસ ઉપરના પગથિયે રહેલા માણસ જેવો આહાર મળે તે માટે લાલાયિત રહેતો હોય છે. તેથી તો પુરુષાર્થ કરે છે. સૌને શ્રીમંત થવું છે. કોઈને ગરીબ રહેવું નથી. આદર્શપૂર્વકની સ્વૈચ્છિક ગરીબી પણ હોય છે પણ તે અપવાદરૂપ જૂજ હોય છે. સમૂહને તે સ્વીકાર્ય નથી હોતી. ઉપર-ઉપરના પગથિયે ચઢવાની ઇચ્છા જ વિકાસ કરાવે છે. જો તે ન્યાય નીતિ અને ધર્મથી થાય તો વ્યક્તિ અને પ્રજા સુખી થાય છે. અન્યાય—અનીતિથી ઉપરનાં પગથિયાં પરથી લેવાય તો પડાવી લેનારની પાસેથી પણ પાછો કોઈ પડાવી લેનારો નીકળશે તેથી વ્યક્તિ અને પ્રજા દુઃખી થશે. આ ધર્મ છે. મારાથી બીજાનું ના લેવાય એવી ધારણા એ ધર્મ છે. તેને રાજા ધારણ કરીને પ્રજા પાસે ધારણ કરાવે છે. રાજાવિના પ્રજા ઉપરનાં પગથિયે ચઢવાની અરાજકતા કરી મૂકતી હોય છે. તેમાંથી દુઃખ અને અશાન્તિ પેદા થતાં હોય છે.

જેવું આહાર-પાણીનું કહ્યું, તેવું જ મકાન, વાહન, વસ્ત્રો વગેરે તમામ ભૌતિક વસ્તુઓનું સમજવાનું. સૌને સારું મકાન, સારાં વાહનો, સારાં વસ્ત્રો વગેરે ગમતું જ હોય છે તેથી તો વિકાસ થાય છે. આને ભૌતિક વિકાસ કહેવાય છે. જે લોકો આવો વિકાસ નથી કરતા કે નથી કરી શકતા. પછાત થઈને દુઃખી થતા હોય છે. પછાતપણું કદી પણ શોષણ વિનાનું નથી હોતું. તેમનું શોષણ પણ થાય છે. ગરજ વિનાની ગરીબી હોતી નથી. ગરજ પૂરી કરવા તેને બધી

શરતો સ્વીકારવી પડે છે. પારકી શરતોને આધીન જીવન જીવનારો કદી સુખી ના હોય. જે લોકો ભૌતિક સુખોનો વિરોધ કરે છે તે આપોઆપ દરિદ્રતાનો સ્વીકાર કરે છે. સર્વ દરિદ્રતાને લાચારી નામની બહેન હોય છે તે સાથે આવે છે. આમાં કોઈ એકલદોકલ વ્યક્તિ અપવાદ રૂપ હોય પણ પૂરો સમૂહ નહિ. અર્થાત્ ભૌતિક સુખ-સગવડો સકારણ હોય છે. અને તેની સીડી છેક અંતરીક્ષ સુધી અનંત હોય છે. સંતોષ કરીને કોઈ જગ્યાએ અટકી જવું અને જ્યાં જવું છે તેમાં જ તૃપ્તિ-સંતોષ માનવો તે ધન્યતા છે. કદાચ તેને લોકો સાધુ-સંત કહેતા હશે.

2. ભૌતિક સુખ-સગવડોથી જ વ્યક્તિ પૂરેપૂરો સુખી થતો નથી. ભૌતિક સુખ-સગવડો સમય સમયની હોય છે. સેંકડો વર્ષ પહેલાં પંખો કે એસી ન હતાં, પણ ન હોવાથી લોકો દુ:ખી પણ ન હતા. કારણ કે દુ:ખ સકારણ હોય છે. કોઈની પાસે હોય અને મારી પાસે ના હોય તો દુ:ખ થાય પણ કોઈની પાસે હોય જ નહિ તો મને દુ:ખ ના થાય. જેમ જેમ સુખ-સગવડો વધતાં ગયાં તેમ તેમ તેના અભાવથી લોકો દુ:ખી થતાં ગયાં. આ સ્વભાવને દૂર કરવો એ જ જીવન-સાધનાનો એક ભાગ છે. સ્વર્ગમાં પણ બધાની પાસે બધી સગવડો નથી હોતી. ત્યાં પણ ચઢ-ઊતર હોય છે. જે લોકો ભૌતિક સુખ સગવડોનો વિરોધ કરનારું જીવનદર્શન લઈને જીવન જીવે છે. તે આપોઆપ વિકાસ વિરોધી થઈ જાય છે. તે સ્થગીત જીવન જીવતા થાય છે. ત્યાગ માર્ગ આવો જ છે. તેમાં વિકાસ નથી હોતો. સદીઓથી ભારતને આ રોગ લાગુ પડ્યો છે જેથી ભારત દરિદ્ર થયો છે. પૂર્ણ વિરામ વિનાનો વિકાસ ચાલતો રહેવો જોઈએ. તેમાં પ્રજાની બુદ્ધિ ખીલે છે. વિજ્ઞાન ખીલે છે.

પૂર્વ કહ્યું તેમ માત્ર ભૌતિક સુખ-સગવડોથી જ જીવન જિવાતું નથી. જીવનનું એક બીજું પણ મહત્ત્વનું ઘટક છે. તે છે મન. અર્થાત્ માનસિકતા. માણસ પાસે બધું જ છે. છતાં તે દુ:ખી છે. ભૌતિક વસ્તુઓથી નહિ પણ મનથી દુ:ખી છે. માનસિક દુ:ખો પણ સકારણ હોય છે. માનસિક દુ:ખોનો મૂલાધાર સંબંધો છે. સંબંધો વિના માણસ જીવી શકતો નથી અને સંબંધો અપેક્ષા વિનાના ભાગ્યે જ હોય છે. આપણે એકબીજા પાસે અપેક્ષા રાખીએ છીએ. અપેક્ષા તૂટે કે પૂરી ના થાય તો સંબંધોમાં ખળભળાટ મચી જાય છે. બધાની બધી અપેક્ષા પૂરી થતી નથી તેથી તે દુ:ખી થતો હોય છે. ગીતામાં ભક્તનું સૌથી પહેલું લક્ષણ અપેક્ષા ના રાખનારો એવું બતાવ્યું છે. પણ આ બહુ કઠિન કામ છે. શ્રીકૃષ્ણ પણ અર્જુન પાસે યુદ્ધ કરે તેવી અપેક્ષાઓ રાખે છે. અને તેને પૂરી કરાવવા માટે મથામણ કરી રહ્યા છે. અર્જુન પણ મારા સારથિ થાવ મને ના છોડો તેવી અપેક્ષાઓ રાખે જ છે. જો આ બન્નેની આ અપેક્ષાઓ પૂરી ના થાય તો સંબંધોમાં ભંગાણ પડી શકે છે. ગાઢ સંબંધોનું ભંગાણ બહુ દુ:ખદાયી થઈ જાય છે. આને માનસિક દુ:ખ કહેવાય.

આવી રીતે વ્યક્તિના જ્યાં-જ્યાં સંબંધો હશે ત્યાં-ત્યાં અપેક્ષાઓ પણ હશે જ. સંસારના સંબંધો સ્વાર્થી હોય છે. તેની વાત જવા દો પણ જે સંબંધો શ્રદ્ધા કે પ્રેમના હોય છે તેમાં પણ અપેક્ષાઓ હોય છે જ. માનો કે તમને એક સાધુ પ્રત્યે ખૂબ શ્રદ્ધા છે તેનો પડ્યો બોલ ઉપાડવા તૈયાર છે... પણ જો તેને દારૂ પીતો જોઈ જાવ કે બીજું કાંઈક અસ્વીકાર્ય જોઈ જશો તો તમારી શ્રદ્ધા તૂટી જશે કારણ કે તમારી આવી અપેક્ષા ન હતી. શ્રદ્ધા પણ સશરત હોય છે. શરતો પાળો તો જ શ્રદ્ધા. ના પાળો તો નહિ. માત્ર નહિ જ નહિ પણ શત્રુતા. હવે પેલો સાધુ પોતાની શ્રદ્ધા સંપત્તિને બચાવવા પેલા શ્રદ્ધાળુને ના ગમતું છુપાવશે. પશુઓ કશું છુપાવતાં નથી કારણ કે તેમનો શ્રદ્ધા સંબંધ નથી હોતો પણ માણસને તો આવો સંબંધ હોય છે. શ્રદ્ધા બહુ મોટું ધન છે. ધનત્યાગી પણ આવા ધનથી ધનવાન હોય છે. તેથી તો તે ધનત્યાગી થયો છે.

પશુ-પક્ષીઓ ધનત્યાગી નથી હોતાં. તેમને તેવી જરૂર જ નથી. આપણા ધનત્યાગીઓ શ્રદ્ધાધનથી માલામાલ હોય છે. તેના એક વાક્યથી કરોડો રૂપિયા ભેગા થઈ શકે છે. અને તેની ઇચ્છા પ્રમાણે વાપરી શકાય છે. નગ્ન ફરનારા પણ શ્રદ્ધાધનથી જીવતા હોય છે. એ તેમાં ઓટ આવે તો તે પણ દુ:ખી થતા હોય છે. જો માનવજીવનમાં શ્રદ્ધાને સ્થાન ના હોત તો કશું પાખંડ ના હોત. જેમ પશુઓમાં નથી. જે શ્રદ્ધાનો ગુલામ નથી તેને પાખંડ કરવાની જરૂર નથી રહેતી, પણ પછી તે લોકચાહના પણ મેળવી શકતો નથી. લોકચાહના લોકોને ગમતું કરવાથી મળતી હોય છે. આવો માણસ પ્રજાથી ફેંકાઈ જતો હોય છે. ફેંકાઈ જવાનું દુ:ખ હસતાં-હસતાં ભોગવી શકે તેને મસ્તરામ કહેવાય છે. પોતાની મસ્તીમાં પોતાની શરતોએ જીવન જીવનારો મસ્તરામ છે. પણ તે તો ભાગ્યે જ જોવા મળે. મસ્તરામ નામ તો ઘણા રાખી શકે પણ બધા જીવી ના શકે.

2. શ્રદ્ધાની માફક પ્રેમસંબંધ પણ અપેક્ષાવાળો હોય છે. શરતોવાળો પ્રેમ ભલે સ્વાર્થી હોય પણ તેને દૈવીપ્રેમ કહેવાય છે તે પણ અમુક અપેક્ષાઓ અને શરતો રાખતો હોય છે. જેમકે પત્નીને દૈવીપ્રેમ છે. તોપણ તેનો પતિ બીજી કોઈ સ્ત્રી સાથે સંબંધ ના રાખે તેવી અપેક્ષા તો હોય છે. પતિ દારૂ ના પીએ, જુગાર ના રમે એવી અપેક્ષા તો હોય છે. પતિ વસ્ત્ર વિનાનો થઈને ચોકમાં નાચે તેવું તો ન ચલાવી લે. સામાપક્ષે પતિને પત્ની ઉપર ગમે તેટલો શુદ્ધ પ્રેમ હોય તોપણ તે પૂરેપૂરી વફાદારીની અપેક્ષા તો રાખે લોકમર્યાદા અને કુળમર્યાદાની અપેક્ષા તો રાખે જ આવી જ. રીતે માતા વિના પુત્ર વગેરે સૌને પોતપોતાની અપેક્ષાઓ હોય છે અને અલિખિત શરતો પણ હોય છે. આ બધાનું પૂરેપૂરું પાલન થાય તો આ સંબંધો સારા રહે. જો તેમાં સતત ચૂક થવા માંડે તો સંબંધો બગાડવા માગે. આમાંથી માનસિક દુ:ખો પેદા થતાં હોય છે. તે એટલી હદે કે વ્યક્તિ આત્મહત્યા સુધ્ધાં કરી બેસે.

શ્રીમંતોના ત્યાં ખાવા-પીવાનાં ભૌતિક દુ:ખો નથી હોતાં પણ માનસિક દુ:ખો તો હોય છે જ. માનસિક દુ:ખો ઊંઘ હરામ કરે છે. જીવનનું સર્વોચ્ચ સુખ ઊંઘ છે તે જ જો હરામ થઈ જાય તો માણસ સુખી ના કહેવાય.

કૌરવોએ ઘણું રાજસુખ ભોગવ્યું પણ ન્યાય-નીતિ અને ધર્મનો ત્યાગ કરવાથી સર્વનાશ કરી બેઠા. આ બધું ધૃતરાષ્ટ્રના મોહના કારણે પણ થયું. જો ધારત તો ઘણું રોકી શક્યા હોત પણ પુત્રમોહમાં તે રોકી શક્યા નહિ. સગી આંખે કુળનો નાશ જોવો પડ્યો. હવે શ્રાદ્ધ નાખનાર પણ કોઈ બચ્યો ન હતો. અને વૃદ્ધાવસ્થામાં છેલ્લી દશા પાંડવોના આશ્રયે જીવવાનું થયું. લાચારી અને શરમિંદગીનો પાર ના રહ્યો. તેનાથી બચવા તેમણે હસ્તિનાપુર છોડીને વનમાં જવાનું નક્કી કર્યું. ગંગાકિનારે રાતવાસો રહીને હવે કુરુક્ષેત્ર જવાનું નક્કી કર્યું. માણસે આપત્કાળમાં જવા જેવી એક જગ્યા રાખવી જોઈએ. ક્યારે કોને કેવો આપત્કાળ આવે તે કહી ના શકાય.

વનવિચરણ કરતાં કરતાં બધા કુરુક્ષેત્રના મેદાનમાં પહોંચી ગયાં. અહીં શું જોવાનું હતું? સર્વનાશ, કુળનાશ, પ્રલય, મહાપ્રલય પોતાનો જ કરેલો કરાવેલો. બધાં ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યાં. થોડે દૂર રાજર્ષિ શતયૂપનો આશ્રમ હતો ત્યાં બધાં રહેવા લાગ્યાં, વિદુર અને સંજય પણ આવી ગયા. બધાંએ વલ્કલ ધારણ કરી જટા વધારીને તપ કરવા માંડ્યું.

બીજી બાજુ હસ્તિનાપુરથી યુધિષ્ઠિર વગેરે ફરીથી મળવા માટે શતયૂપજીના આશ્રમે આવી ગયાં. બધાંએ ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી વગેરેનાં દર્શન કર્યાં અને પાછા હસ્તિનાપુર આવવા આગ્રહ કર્યો. એક વાર ગૃહત્યાગ કર્યાં પછી સમજાવવાથી સમજીને જે પાછા આવતા હોય તે

થોડા જ સમયમાં માન-સન્માન ખોઈ બેસતા હોય છે. અને ધૃતરાષ્ટ્ર વગેરે પોતાના નિર્ણયમાં મક્કમ રહ્યા. વનવાસ ભોગવવાથી બધાનાં શરીર સુકાઈ ગયાં હતાં. અને નાડીઓ દેખાવા લાગી હતી. કુંતીએ કર્ણના જન્મનું રહસ્ય બતાવ્યું. લોકો કહે છે કે સ્ત્રીના પેટમાં વાત ટકે નહિ પણ સ્ત્રી પોતાની વાત હોય તો કદી કોઈના આગળ પ્રગટાવે નહિ, હા, બીજાની વાત ના ટકે. પોતાની તો ટકાવે. ઘણી વાર જીવનભર એ એકરાર ના કર્યો હોય તો મરણપથારીએ માણસ કરીને હળવો થતો હોય છે. જે યુદ્ધમાં લાખો ક્ષત્રિયો હોમાઈ ગયા હતા તેમની લાખો ક્ષત્રિયાણીઓએ ગંગાસ્નાન કર્યું. અને સદ્ગતિ માટે પ્રાર્થના કરી.

બધાંને મળીને પાંડવો પાછા હસ્તિનાપુર આવી ગયા. ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી વગેરે ત્યાં જ રહી ગયાં.

7-8-10

*

105. ધૃતરાષ્ટ્ર વગેરેનું મૃત્યુ

મૃત્યુ જીવનનું ધ્રુવસત્ય છે. મૃત્યુ પછી ફરી જન્મ થાય કે ના થાય, પણ જન્મ્યા પછી મૃત્યુ તો અવશ્ય આવે છે જ. પણ બધા સરખી રીતે મરતા નથી. કહો કે મરી શકતા નથી. કુદરતી ક્રમ પ્રમાણે વૃદ્ધાવસ્થા આવે, રોગો થાય અને પછી મૃત્યુ થાય. પણ આ ક્રમ બધાંને લાગુ પડતો નથી. જે લોકો યુદ્ધમાં કે અકસ્માતમાં મૃત્યુ પામે છે તે વૃદ્ધ નથી હોતા. જીવનજોધ પણ હોય. થનગનતું જીવન પણ હોય અને ઓચિંતાનું મૃત્યુ થઈ જાય. એવું પણ બને કોઈ લાંબું જીવે તો કોઈ ટૂંકું જીવે. બધા માટે સરખું આયુષ્ય ના હોય.

પાંડવો ધૃતરાષ્ટ્રથી વિદાય થઈને પાછા હસ્તિનાપુર આવી ગયા ને બે વર્ષ થઈ ગયાં પણ ધૃતરાષ્ટ્રના કશા સમાચાર ના મળ્યા. ત્યારે તાર-ટપાલ વગેરે સાધનો ન હતાં. એટલે સમાચારો પહોંચતાં મહિનાઓ અને વર્ષો લાગી જતા. સંદેશા વ્યવહાર જેટલો ધીમો હોય જીવન પણ તેટલું જ ધીમું થઈ જાય. લોકો ધીમે ધીમે જીવન જીવે. બહુ દોડધામ ના હોય. બે વર્ષ પછી હસ્તિનાપુરમાં નારદજી આવ્યા. નારદજી ત્યારે મીડિયાનું કામ કરતા, પૂરા બ્રહ્માંડના સમાચાર ભેગા કરતા અને જ્યાં ત્યાં પહોંચાડતા રહેતા. યુધિષ્ઠિરની જિજ્ઞાસાથી નારદજીએ ધૃતરાષ્ટ્ર વગેરેના સમાચાર આપ્યા.

ધૃતરાષ્ટ્ર વગેરે કુરુક્ષેત્રથી હરિદ્વાર ગયા હતા. ત્યાં તેમણે ભારે તપસ્યા કરી અને શરીરને સૂકવી નાખ્યું હતું. એક વાર એવું બન્યું કે ગંગાસ્નાન કરીને તેઓ વનમાં પોતાના આશ્રમે આવતા હતા ત્યાં વનમાં દાવાનળ ફાટી પડ્યો. ચારે તરફ ધાંય ધાંય કરતી અગ્નિની લપટો ફેલાવા લાગી. ધૃતરાષ્ટ્ર અને ગાંધારી નેત્ર ન હોવાથી ભાગી શકતાં ન હતાં અને કુન્તી પણ ભાગી શકતી ન હતી. બધાંએ પદ્માસન વાળીને ધ્યાનમાં બેસીને સંજયને આગ્રહ કરીને વિદાય કરી દીધો. ભડભડતા અગ્નિએ સમીપમાં આવીને બધાંને બાળીને રાખ કરી નાખ્યાં. સંજય હજી જીવે છે. તેણે જ આ સમાચાર હરિદ્વાર આવીને તપસ્વીઓને કહ્યા હતા.

સમાચાર જાણીને સૌને ભારે શોક થયો. ધૃતરાષ્ટ્ર-ગાંધારી અને કુન્તીનો આ રીતે અગ્નિદાહથી પ્રાણત્યાગ થયો.

રાજા યુધિષ્ઠિર ફરી પાછા પેલા વનમાં ગયા અને જ્યાં અગ્નિ લાગ્યો હતો ત્યાં તપાસ કરતાં બધાનાં અસ્થિ મળી આવ્યાં. અસ્થિઓને ગંગાના પ્રવાહમાં પધરાવ્યાં અને બધી વિધિ કરાવી.

7-8-10

*

મૌસલપર્વ

106. યાદવોનો વિનાશ

ચઢતી સદાકાલ નથી રહેતી. ખાસ કારણોથી વ્યક્તિ કે પ્રજાની ચઢતી થતી હોય છે. વ્યક્તિની ચઢતીમાં ઈશ્વરકૃપા કે પ્રારબ્ધ જેવાં કારણો હોઈ શકે પણ પૂરી પ્રજા જ્યારે ચઢતીનાં શિખર સર કરે છે ત્યારે તેનાં નિશ્ચિત કારણો હોય છે. મારી દૃષ્ટિએ તેનાં નીચે મુજબનાં કારણો છે. (1) તેને યોગ્ય નેતા મળે, (૨) પ્રજા અનુશાસિત બને, (3) પ્રજા પુરુષાર્થી બને, (4) પ્રજા વિકાસવાદી બને, (૫) પ્રજા સ્થળાંતર કરે (6) પ્રજા સંપીલી બને અને (7) પ્રજા પરાક્રમી બને.

સદીઓ પહેલાં જે માલધારીઓ મથુરાની આજુબાજુના પ્રદેશોમાં રહેતા હતા તેમને રાજાનો ભારે ત્રાસ હતો, સામૂહિક સુખોમાં અને સામૂહિક દુઃખોમાં રાજવ્યવસ્થા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. પ્રજા ત્યાં સુધી અત્યાચારો સહન કરતી હોય છે. જ્યાં સુધી તેને યોગ્ય નેતા ના મળે. નેતા વિનાની પ્રજા અત્યાચારોનો સામનો કરી શકતી નથી અને કદાચ કરે તો વધુ અત્યાચારો નોંતરીને દબાઈ જતી હોય છે. અથવા મરી જતી હોય છે. આ પ્રજાને નેતા મળ્યા શ્રીકૃષ્ણ, બચપણથી જ તેમનામાં ગજબની નેતૃત્વ શક્તિ હતી. તેમણે યદુવંશીઓને સંગઠિત કર્યા અને મથુરાના ક્રૂરરાજા કંસને ઉખેડી ફેંક્યો. તેમણે પૂરી પ્રજાને સંગઠિત કરી, અનુશાસિત કરી. રાષ્ટ્રનું ઘડતર એટલે પ્રજાનું ઘડતર, પ્રજાના ઘડતરમાં શિસ્તપણું પાયાનું ઘડતર બનતું હોય છે. શિસ્ત વિનાની પ્રજા સમૃદ્ધ થઈ શકતી નથી અને કદાચ સમૃદ્ધ થાય તોપણ સમૃદ્ધિ ભોગવી શકતી નથી. તેમણે યાદવોને પરાક્રમી બનાવ્યા. પરાક્રમ વિનાની પ્રજા પ્રભાવહીન થઈ જતી હોય છે. પ્રભાવહીનતા પ્રતિષ્ઠાહીનતા પેદા કરે છે. પ્રતિષ્ઠાહીન પ્રજા મહાન ના હોય. પરાક્રમો અન્યાય સામે ઝઝૂમવામાં દેખાતાં હોય છે. અન્યાય અને અત્યાચારોની સામે ના ઝઝૂમનારી પ્રજા કાયર હોય છે. કાયરોનો ઇતિહાસ ના હોય. કદાચ હોય તો ગુલામીનો હોય. શ્રીકૃષ્ણે પ્રજાને બાહોશ, ખડતલ અને પુરુષાર્થી બનાવી, અને જરૂર પડી ત્યારે મથુરાથી સ્થળાંતર કરી દ્વારકા પહોંચાડી. દ્વારકામાં પોતાનું રાજ્ય સ્થાપી રાજ્ય કરવા માંડ્યું. તે વિકાસવાદી હતા તેથી જોત-જોતામાં દ્વારકાને સોનાની બનાવી દીધી. ક્યાંય ગરીબી નહિ, ક્યાંય કશો ભૂખમરો નહિ. ચારે તરફ સમૃદ્ધિ જ સમૃદ્ધિ. રણ જેવી ખારી ભૂમિમાં નંદનવન બનાવી દીધું. તે બધા માલધારીઓ હતા તેથી ગોપાલન ને અર્થતંત્રની કરોડરજ્જુ બનાવી. વળી પાછા તે પ્રેમમાર્ગી હતા. ત્યાગ-વૈરાગ્ય માર્ગી ન હતા. તેમણે લોકોને દીક્ષા લઈ બાવા થવાનો માર્ગ ના બતાવ્યો પણ યોદ્ધા થવાનો માર્ગ બતાવ્યો. યાદવ યોદ્ધાઓથી બધા પરસ્પર કાંપતા. તેમને આઠ રાણીઓ હતી તે પ્રેમશાસ્ત્રમાં પણ પારંગત હતા. આવા મહાન નેતૃત્વની પ્રાપ્તિથી યાદવો સમૃદ્ધ થયા, ધન્ય ધન્ય થયા. આ તો થઈ ચઢતીની વાત.

પૂરી પ્રજાની જ્યારે પડતી થવાની હોય ત્યારે તેમાં ત્રણ ભયંકર દોષો આવે છે. (1) વડીલોનું અપમાન, (૨) દારૂનું વ્યસન અને (3) જુગાર.

યાદવો સમૃદ્ધિ જ પચાવી ના શક્યા. તે છકી ગયા. તેમણે વડીલોનું અપમાન કરવા માંડ્યું, જુગાર રમવા માંડ્યો અને દારૂના વ્યસનમાં ડૂબી ગયા. બસ પડતી શરૂ થઈ ગઈ.

એક વાર એવું બન્યું કે ઋષિ વિશ્વામિત્ર વગેરે દ્વારકા ગયા હતા અને યાદવો વ્યસનમાં ચકનાચૂર થઈને નાચતા હતા. વ્યસન તેને કહેવાય જે નશો ચઢાવે, નશો ભાન ભુલાવે. ભાન ભૂલેલો માણસ વિવેકભ્રષ્ટ થાય અને ન કરવાનું કરી બેસે.

યાદવોના ત્રણ મુખ્ય વંશો: વૃષ્ણી, અંધક અને ભોજ. ત્રણેએ મળીને સામ્બને સ્ત્રીવેશ ધારણ કરાવ્યો. તેના પેટ ઉપર કાંઈક બાંધ્યું અને તેવી સ્ત્રીને ઋષિ પાસે લઈ ગયા. અને પૂછ્યું કે "હે મહારાજ, આ સ્ત્રી બભ્રુની પત્ની છે. તેને પૂરા દિવસો થઈ ગયા છે. તેને પુત્રપ્રાપ્તિની તીવ્ર ઝંખના છે. હવે આપ બતાવો કે આ સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી?"

ત્રિકાળજ્ઞાની ઋષિઓ યાદવોની મશ્કરીને સમજી ગયા. તેમણે ક્રોધમાં આવીને કહ્યું કે "જાવ આ સ્ત્રીના ગર્ભથી જે થશે તે તમારા સંપૂર્ણ કુળનો નાશ કરી નાખશે" આવો શાપ આપીને ઋષિઓ દ્વારકામાં ગયા અને શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં. શ્રીકૃષ્ણ બધું જાણી ગયા હતા. પણ તે કાંઈ બોલ્યા નહીં. તે પોતાના યાદવોની અવળચંડાઈથી ઘણા સમયથી દુ:ખી હતા. મહાપુરુષો બહાર જીતતા હોય છે. પણ ઘરમાં હારી જતા હોય છે. શ્રીકૃષ્ણે અસંખ્ય યુદ્ધો જીત્યાં હજારોનાં જીવન સુધાર્યાં. પણ યાદવોને ના જીતી શક્યા કે ના સુધારી શક્યા. ઘરમાં હારી ગયા.

બીજા દિવસે પેલા સામ્બે (સામ્બ શ્રીકૃષ્ણનો પુત્ર હતો) સાંબેલાને જન્મ આપ્યો. હવે બધા ગભરાયા. મુશળ લઈને બધા રાજા ઉગ્રસેન પાસે ગયા. ઉગ્રસેન પણ ગભરાયો. તેણે મુશળને કટકા કરી, ઝીણો પાવડર કરીને સમુદ્રમાં ફેંકાવી દીધો. શ્રીકૃષ્ણે દ્વારકામાં સખ્ત દારૂબંધી ફરમાવી દીધી. હવે દારૂ જ કોઈ બનાવશે નહિ. પીશે નહિ. કઠોર દંડ થશે.

મહાભારત યુદ્ધને પૂરું થયે છત્રીસ વર્ષ વીતી ગયાં હતાં, યાદવોનું પતન જોઈને શ્રીકૃષ્ણે સૌને સલાહ આપી કે "થોડો સમય યાત્રા કરી આવો" બધા યાદવો સ્ત્રીઓ સહિત પ્રભાસક્ષેત્રમાં યાત્રા કરવા નીકળી પડ્યા. માણસે કોઈ કોઈ વાર આવી યાત્રા કરવી જોઈએ. જેથી જ્ઞાનવૃદ્ધિ થાય, પ્રેમ-વૃદ્ધિ થાય, અને જલવાયુના પરિવર્તનથી આરોગ્યવૃદ્ધિ પણ થઈ શકે.

સૌની રજા લઈને ઉદ્ધવ વિદાય થયા. શ્રીકૃષ્ણ કશું બોલ્યા નહિ. યાદવોએ મહાપાન કર્યું. પછી એકબીજાનું અપમાન કરવા લાગ્યા, તેમના હાથમાં પેલું ઘાસ આવી ગયું. જે મુશળનું ચૂર્ણ કરીને રાજાએ સમુદ્રમાં ફેંકાવી દીધું હતું. તે જ ચૂર્ણ તરતું તરતું અહીં આવીને ઘાસ થઈને ઊગ્યું હતું. તે ઘાસને શસ્ત્ર બનાવીને યાદવો પરસ્પર લડવા લાગ્યા. શ્રીકૃષ્ણનો પુત્ર સામ્બ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ અને અનિરુદ્ધ પણ માર્યા ગયા. જોત-જોતામાં પૂરા યાદવોનો વિનાશ થઈ ગયો. પહેલાં કૌરવોનો વિનાશ હવે યાદવોનો વિનાશ.

શ્રીકૃષ્ણ બલરામને શોધવા લાગ્યા. બલરામનાં પગલાં ઉપરથી તેઓ પગલે પગલે ચાલ્યા. જોયું તો એક વૃક્ષ નીચે બલરામ ધ્યાન કરી રહ્યા છે.

શ્રીકૃષ્ણે દારુકને કહ્યું કે "તું જલદી હસ્તિનાપુર જા અને યાદવોના વિનાશના સમાચાર અર્જુનને પહોંચાડ. અર્જુન જલદીથી દ્વારકા આવી જાય તેવી વ્યવસ્થા કર." દારુકને વિદાય કરીને શ્રીકૃષ્ણે બભ્રૂને કહ્યું કે "તું જલદીથી દ્વારકા જા અને સ્ત્રીઓની રક્ષાની વ્યવસ્થા કર. કાબા લોકો સોનાની દ્વારકા લૂંટવા જરૂર આવશે. તેમનાથી સ્ત્રીઓને બચાવો." હજી તો બભ્રૂ જવાની તૈયારી કરતો હતો ત્યાં તેના ઉપર એક મુશળ આવીને પડ્યું જેથી તેનું મૃત્યુ થઈ ગયું. હવે શ્રીકૃષ્ણ પોતે જ દ્વારકા જવા તૈયાર થયા. બલરામજીને ત્યાં જ રહેવાનું કહીને શ્રીકૃષ્ણ દ્વારકામાં રહેલી સ્ત્રીઓની રક્ષા માટે દોડ્યા. સ્ત્રીઓને કદી એકલી ના રાખવી જોઈએ. તેમનું રક્ષણ કરવું જોઈએ. તે રક્ષિત જીવન જીવતી હોય છે. ખાસ કરીને જ્યારે દેશ-કાળ પરિસ્થિતિ સારા ના હોય ત્યારે સ્ત્રીઓને એકલી રખાય નહિ. હજી તો શ્રીકૃષ્ણ જવાની તૈયારી જ કરતા હતા ત્યાં બલરામ ઊઠ્યા અને સીધા સમુદ્રમાં પ્રવિષ્ટ થઈ જળસમાધિ લઈ લીધી. શ્રીકૃષ્ણ

માટે આ પણ મોટો આઘાત હતો. માણસની મર્દાનગીનું માપ તે કેટલો આઘાત સહન કરી શકે છે તેના ઉપરથી કાઢી શકાય. જીવન તો આઘાત-પ્રત્યાઘાતોથી ભરપૂર હોય છે. મોટાને મોટા આઘાત હોય છે. મોટા ભાઈની જળસમાધિથી શ્રીકૃષ્ણને પણ આઘાત લાગ્યો. દ્વારકા જવાની જગ્યાએ તે ત્યાં જ સૂઈ ગયા. તે સમયે જરા નામનો એક શિકારી શિકારની શોધમાં ત્યાં આવી પહોંચ્યો. તેણે શ્રીકૃષ્ણને મૃગ સમજીને બાણ માર્યું. જ્યારે ઘાયલ મૃગને પકડવા નજીક આવ્યો ત્યારે તેણે શ્રીકૃષ્ણને જોયા. શ્રીકૃષ્ણે તેને આશ્વાસન આપ્યું. ક્ષમા આપી અને ઉત્ક્રમણ કરી ગયા. હવે માત્ર શરીર જ રહી ગયું હતું.

8-8-10

*

107. અર્જુન લૂંટાયો

શ્રીકૃષ્ણે જ્યારે મહાપ્રસ્થાન કર્યું ત્યારે તેમની પાસે કોઈ ન હતું. એકલા જ હતા. શ્રીકૃષ્ણનું પૂરું જીવન પ્રેરણા જ પ્રેરણાથી ભર્યું છે. વિશ્વનો સર્વોચ્ચ મહાપુરુષ એકલો જ પ્રાણ ત્યાગે છે. બાણ મારનારને ક્ષમા આપે છે. લોકો ઇચ્છતા હોય છે કે મારા મૃત્યુ સમયે ઘણાં સગાં-સ્નેહીઓ હાજર રહે. મારી ભવ્ય સ્મશાનયાત્રા નીકળે. મારો જય જયકાર થાય, મારું નામ અમર થાય વગેરે વગેરે. પણ અહીં જુઓ. શ્રીકૃષ્ણનું મૃતક એકલું પડ્યું છે. પાસે કોઈ નથી. ના હોવાનો ગમ નથી. હજી પણ ચહેરા ઉપર બ્રહ્મતેજ તપી રહ્યું છે. આ ખરો ત્યાગ છે. પોતાની ભવ્યાતિભવ્ય પાલખીઓ કઢાવવાની ઇચ્છા રાખવી, તેના માટે વ્યવસ્થા કરવી એ ખરો ત્યાગ ના કહેવાય. તેને ત્યાગનો ત્યાગ જ કહેવાય.

મરતો ભલો બિદેશકો, જહાં ન અપનો કોય,
માટી ખાય જનાવરાં મહાસુમંગ હોય.

આ બાજુ દારુક હસ્તિનાપુર પહોંચ્યો અને બધા સમાચાર અર્જુનને આપ્યા. સમાચાર સાંભળીને સૌ અવાક્ રહી ગયા. “શું યાદવોનો સર્વનાશ થઈ ગયો?”

અર્જુન તરત જ દ્વારકા જવા રવાના થયો. દ્વારકા પહોંચીને તેણે ભયંકરતા જોઈ. હવે દ્વારકામાં માત્ર સ્ત્રીઓ જ બચી હતી. સર્વનાશ થઈ ગયો હતો. અર્જુન ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. અરેરે, આ શું થઈ ગયું? સ્ત્રીઓ પણ પોકે ને પોકે રડવા લાગી. સામૂહિક વૈધવ્યની ભારે પીડા તેમના ઉપર આવી પડી હતી. શ્રીકૃષ્ણની પત્નીઓ રડી રહી હતી. હવે દ્વારકા સલામત જગ્યા રહી ન હતી.

અર્જુન વસુદેવજીને મળ્યા. વસુદેવજી હજી જીવતા હતા. બન્ને પુત્રો બલરામ અને શ્રીકૃષ્ણના દેહાવસાનથી શોકમગ્ન હતા. અર્જુનને જોઈને તેમને આશ્વાસન મળ્યું. વસુદેવજીને શ્રીકૃષ્ણે પ્રભાસક્ષેત્ર જતી વખતે જે ભલામણ કરી હતી તે પ્રમાણે દ્વારકાનું રાજ્ય, ખજાનો અને બધી સ્ત્રીઓ અર્જુનને સોંપી દીધી. હવે આ બધાની રક્ષા કરવી એ તમારી જવાબદારી છે. વાતવાતમાં વસુદેવજીએ પ્રાણ ત્યાગી દીધા. વસુદેવજીને ચાર પત્નીઓ હતી. દેવકી, ભદ્રા, રોહિણી અને મંદિરા, ચારેએ પતિની ચિતામાં સહગમન કર્યું.

પ્રભાસ ક્ષેત્રમાં જઈને અર્જુને બધા યાદવોની અંત્યેષ્ટિ કરી, શ્રીકૃષ્ણ અને બલરામના શરીરને શોધી કાઢી તેમનો પણ દાહસંસ્કાર કરવામાં આવ્યો.

દ્વારકામાં સાતદિવસ રહીને બધી સ્ત્રીઓને લઈને અર્જુન વિદાય થયો. ચાલતાં ચાલતાં તેઓ પંચનદ (પંજાબ) પહોંચ્યા. અહીં કાબા વંશીય લૂંટારા રહેતા હતા. તેમણે અર્જુન ઉપર હુમલો કરી દીધો. આ લોકો સ્ત્રીઓને લૂંટી જવા માગતા હતા. અર્જુને પૂરા સાહસથી સામનો કર્યો. ઘણા પ્રયત્ન પછી પણ અર્જુનને પોતાનાં શસ્ત્રનું સ્મરણ ના થયું. પાછલી અવસ્થામાં વિસ્મરણનો રોગ થતો હોય છે. પેલા લૂંટારાઓ ચારેતરફથી સ્ત્રીઓને ખેંચી-ખેંચીને લઈ જવા માંડ્યા, જેમ હિંસક પશુ પોતાના શિકારને લઈ જાય તેમ. કેટલીક સ્ત્રીઓ તો તેમના સ્પર્શથી ગભરાઈને આપોઆપ તેમની સાથે થઈ ગઈ. જોત-જોતામાં બધી સ્ત્રીઓ લૂંટાઈ ગઈ. અર્જુન જોતો જ રહી ગયો. એટલે આવી કહેવત પડી હશે.

સમય સમય બળવાન નહિ પુરુષ બળવાન,

કાબે અર્જુન લૂંટિયો વહી ધનુષ્ય વહી બાણ.

જે થોડાં ઘણાં રત્નો રહી ગયાં હતાં તે લઈને અર્જુન કુરુક્ષેત્ર પહોંચી ગયો. ને થોડી-ઘણી સ્ત્રીઓ બચી જવા પામી હતી તેમને એ પ્રદેશમાં જ્યાં ત્યાં વસાવી દીધી. ત્યાર પછી વૃદ્ધો અને બાળકોને લઈને ઇન્દ્રપ્રસ્થ આવ્યો અને તે બધાંને ત્યાં વસાવી દીધા.

રુકમણી, શૈબ્યા, હેમવતી અને જામ્બવતીએ અગ્નિસ્નાન કર્યું, અને સત્યભામા વગેરે દેવીઓ વનમાં ચાલી ગઈ. બીજાં બધાં જે નર-નારી હતાં તેમને યથાયોગ્ય વસાવી દીધાં. કદાચ આજના યાદવો તેમના વંશજો હોઈ શકે.

પોતાના શોકને હળવો કરવા અર્જુન વ્યાસજીના આશ્રમમાં ગયા. અર્જુનનો ચહેરો આભા વિનાનો તેજોહીન હતો તેથી વ્યાસજીએ કારણ પૂછ્યું. શું તે અશુદ્ધ જળથી સ્નાન કર્યું છે? શું તેં કોઈ રજસ્વલા સ્ત્રી સાથે સમાગમ કર્યો છે? શું તેં કોઈ બ્રાહ્મણનો વધ કર્યો છે? અથવા કોઈ યુદ્ધમાં હારીને તો નથી આવ્યો ને?

અર્જુને દ્વારકા અને પ્રભાસ ક્ષેત્રમાં ઘટેલી ઘટના કહી સંભળાવી. પાંચ લાખ યાદવો માર્યા ગયા. જેમાં શ્રીકૃષ્ણ-બલરામ પણ ખરા. મારી શસ્ત્રવિદ્યા ભુલાઈ ગઈ. હજારો યાદવસ્ત્રીઓને કાબા લોકો હરી ગયા. વ્યાસજીએ ઘણું આશ્વાસન આપ્યું. અર્જુન હસ્તિનાપુર ચાલ્યો ગયો.

8-8-10



108. મહાપ્રસ્થાન

એક પ્રસ્થાન હોય અને એક મહાપ્રસ્થાન હોય. પ્રસ્થાન એટલે વિદાય અને મહાપ્રસ્થાન એટલે મહાવિદાય. એવી વિદાય કે ફરીથી વિદાય થવું ના પડે. છેલ્લી વિદાય કૌરવોનું મહાપ્રસ્થાન કુરુક્ષેત્રના રણમેદાનમાં સામૂહિક રીતે થયું. પછી યાદવોનું મહાપ્રસ્થાન દ્વારકા અને પ્રભાસક્ષેત્રમાં થયું. તે પણ સામૂહિક થયું. બન્નેમાં મહત્ત્વનો ફરક એટલો કે કૌરવો યુદ્ધ કરતાં કરતાં વીરપુરુષને છાજે તે રીતે વિદાય થયા. જ્યારે યાદવો દારૂના નશામાં ઋષિ-મુનિઓના અપમાનના પરિણામ સ્વરૂપ શાપથી અંદરોઅંદર લડીને સમૂહમાં નાશ પામ્યા. આ કોઈ વીરોચિત મરણ ના કહેવાય. હવે પાંડવોનો વારો આવ્યો લાગે છે. સતત વિનાશથી અને સ્વજનોના વિનાશથી માણસ ભાંગી પડતો હોય છે. જીવન તો સમૂહોથી હોય છે. એકાકીપણામાં જીવન હોતું નથી. યુધિષ્ઠિર ભાંગી પડ્યા. નરવશ થઈ ગયા. તેમણે ભીમ, અર્જુન, નકુલ, સહદેવ વગેરેને બોલાવીને રાજપાટ છોડીને હિમાલય તરફ ચાલ્યા જવાની ઇચ્છા બતાવી. સૌને ગમી પણ ખરી. વીર પુરુષોને પકડતાં પણ આવડે અને છોડતાં પણ આવડે. સામાન્ય માણસો નથી તે પકડી શકતા કે નથી સમય આવ્યે છોડી શકતા.

છોડતાં આવડવાનો અર્થ સમજવા જેવો છે. અડધીરાત્રે પત્ની પુત્ર વગેરે ઊંઘતાં છોડીને કોઈ ભાગી જાય તે ભાગી જવું છે. તેને છોડતાં આવડ્યું ના કહેવાય. તમારે જતું રહેવું હોય તો ખુશીથી જાવ પણ પાછળની વ્યવસ્થા કરીને પછી જાવ. તમે કાર ચલાવો છો હવે નથી ચલાવવી તો ખુશીથી છોડી દો પણ સીટ ઉપર કોઈ બીજો ડ્રાઇવર ગોઠવીને પછી સીટનો ત્યાગ કરો. કશી વ્યવસ્થા કર્યા વિના ચાલુ કારે તમે ઊતરી જાવ તો કારમાં બેઠેલાનું શું થાય?

યુધિષ્ઠિરે પોતાની અનુપસ્થિતિમાં રાજ્યવ્યવસ્થા કરવા વૈશ્યપુત્ર યુયુત્સુને સંપૂર્ણ રાજ્યની વ્યવસ્થાનો ભાર સોંપી દીધો. યુયુત્સુ વૈશ્ય કન્યાનો પુત્ર હોવાથી તેને વૈશ્યપુત્ર કહેવાતો હશે. એમ કહી શકાય કે યુધિષ્ઠિર પછી વૈશ્ય વંશ ગાદીએ આવ્યો. ઓછામાં ઓછું અડધો તો ખરો. પછી પોતાના રાજ્ય ઉપર પરીક્ષિતને બેસાડ્યો. સુભદ્રાનો દીકરો અભિમન્યુ અને તેનો દીકરો પરીક્ષિત. હવે પાંડવોનો એ જ માત્ર એક વંશવારસ બચ્યો હતો. અશ્વત્થામા તેનો પણ નાશ કરવા માગતો હતો પણ શ્રીકૃષ્ણે ઉત્તરાના ગર્ભનું રક્ષણ કરીને તેને જીવનદાન આપ્યું હતું. આ રાજ્ય કૌરવ-પાંડવોનું સંયુક્ત હતું હસ્તિનાપુર.

યાદવોનો વંશ પણ મરી છૂટ્યો હતો. તેમાંથી બાકી બચેલા વજ્રને ઇન્દ્રપ્રસ્થનું રાજ્ય સોંપ્યું. (દ્વારકાનું શું થયું?)

યુધિષ્ઠિરે ઋષિ-મુનિઓને ભોજન કરાવ્યું અને શ્રીકૃષ્ણ-બલરામ વગેરેનું શ્રાદ્ધ કર્યું. ગુરુવર કૃપાચાર્યને પ્રણામ કર્યા. કૃપાચાર્ય હજી જીવતા હતા. યુધિષ્ઠિરે હસ્તિનાપુરના નગરવાસીઓની સભા કરી. સૌની વિદાય માગી. પ્રજાજનો વિદાય આપવા તૈયાર ન હતા. આવા ધર્મરાજા બીજા ક્યાં મળવાના હતા? પણ યુધિષ્ઠિર ના માન્યા. તેમણે પોતાના શરીર ઉપરથી બધાં આભૂષણો ઉતારી દીધાં. “આ રાષ્ટ્રની સંપત્તિ છે મારી નથી. મારાથી લઈ જઈ શકાય નહિ, લ્યો સંભાળો.”

ભીમ અર્જુન નકુળ સહદેવે પણ બધાં આભૂષણો છોડીને વલ્કલ ધારણ કર્યાં. દ્રૌપદીએ તેમ જ કર્યું. બધાં હવે વલ્કલધારી થઈ ગયાં. બધાંને છોડતાં આવડ્યું. ઘણી વાર એવું બને કે જનારાં

માણસો જતાં જતાં જેટલું લઈ જવાય તેટલું લઈ જાય, પાછળથી લોકો આક્ષેપ કરે. "બધું લઈ ગયાં" આવા લોકો પડાવી લેનારા નેતાઓનું નિર્માણ કરે. રાષ્ટ્રનું પતન કરે.

પાંચ પાંડવો છઠ્ઠી દ્રૌપદી અને એક તેમનો વફાદાર કૂતરો એમ સાત જણાં હાથેપગે થઈને વિદાય થયાં. નગરવાસીઓ તથા કૃપાચાર્ય યુયુત્સુ વગેરેને વિદાય કર્યા. આ વખતે અર્જુનની પત્ની ઉલુપી ગંગાજીમાં સમાઈ ગઈ. બીજી ચિત્રાંગદા મણિપુર ચાલી ગઈ. બાકીની પરીક્ષિતના ઘરે હસ્તિનાપુર પાછી ફરી.

સૌથી આગળ યુધિષ્ઠિર અને સૌથી પાછળ દ્રૌપદી ચાલતાં હતાં. ચાલતાં ચાલતાં બધાં લાલસાગર પહોંચ્યાં, અહીં અર્જુને પોતાના ગાંડીવ ધનુષ્યનો ત્યાગ કરી દીધો. કારણ કે આ ગાંડીવ તેણે વરુણદેવથી પ્રાપ્ત કર્યું હતું. તે વરુણને (સમુદ્રમાં) સોંપી દીધું.

બધાં મહાપ્રસ્થાન કરી રહ્યાં હતાં. એવામાં દ્રૌપદી લડખડાઈને પૃથ્વી ઉપર પડી ગઈ. તેનું મહાપ્રસ્થાન થઈ ચૂક્યું. ભીમે કારણ પૂછ્યું કે "આપણામાં સર્વ પ્રથમ દ્રૌપદીનું જ મહાપ્રસ્થાન કેમ થયું.?"

યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે તેને અર્જુન પ્રત્યે વિશેષરૂપથી પતિભાવ હતો. તે સમભાવ રાખી શકતી ન હતી. તેથી એનું સર્વ પ્રથમ મહાપ્રસ્થાન થયું. સામૂહિક જીવનમાં સમભાવ રાખવો બહુ જરૂરી છે. તો જ સમૂહ સંગઠિત રહેતો હોય છે. સમભાવ તૂટતાંની સાથે જ સમૂહ તૂટવા લાગે છે. સ્ત્રીઓ સમભાવ રાખી શકતી નથી. કારણ કે તેમના રાગદ્વેષ પ્રબળ હોય છે.

થોડુંક ચાલ્યા પછી નકુલનું પતન થયું કારણ એને પોતાના સ્વરૂપનું અભિમાન હતું.

વળી થોડુંક ચાલ્યા બાદ સહદેવનું મહાપ્રસ્થાન થઈ ગયું. યુધિષ્ઠિરે કારણમાં જણાવ્યું કે એને જ્ઞાનનું અભિમાન હતું.

હવે અર્જુનનું પતન થયું. તેનું કારણ બનાવતાં યુધિષ્ઠિરે ભીમને સમજાવ્યું કે તેને પોતાના શૌર્યનું ભારે અભિમાન હતું તેથી તેનું પતન થયું છે.

હવે યુધિષ્ઠિર, ભીમ અને કૂતરો ત્રણ જ રહી ગયાં. તે ચાલી રહ્યાં છે તેવામાં ધડામ દઈને ભીમ પડ્યો. તેણે યુધિષ્ઠિરને કહ્યું કે મારું કારણ તો બતાવો. ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે સાંભળ "તું બહુ ખા ખા કરતો હતો અને પોતાના બળની ડીંગ માર્યા કરતો હતો તેથી તારું પતન થયું છે."

હવે માત્ર યુધિષ્ઠિર અને કૂતરો જ રહી ગયા હતા. બન્ને પાછું જોયા વિના જ ચાલ્યા કરતા હતા. તેવામાં ઇન્દ્ર પોતે જાતે સ્વર્ગમાંથી રથ લઈને યુધિષ્ઠિરને લેવા આવ્યો અને કહ્યું કે "યુધિષ્ઠિર આ રથમાં બેસો, હું તમને લેવા આવ્યો છું." યુધિષ્ઠિરે જવાબ આપ્યો કે "ના ના સર્વ પ્રથમ મારા ભાઈઓ અને દ્રૌપદીને રથમાં બેસાડો તો જ હું રથમાં બેસીશ. મારે એકલા એકલા સ્વર્ગમાં આવવું નથી, જે ભાઈઓએ મને જીવનભર સાથ આપ્યો. જુગાર હું રમ્યો હતો અને હું હાર્યો હતો તેમ છતાં તેમણે તેર વર્ષ વન ભોગવ્યા તે માત્ર મારે કારણે જ ભોગવ્યાં. તેમણે કદી પણ મને કડવી વાત ના કહી, એવા ભાઈઓને છોડીને હું એકલો સ્વર્ગ આવી ના શકું."

હસીને ઇન્દ્રે કહ્યું કે "ચિંતા ના કરો તે તો ક્યારનાયે સ્વર્ગમાં આવી ગયા છે. તમારી રાહ જુએ છે."

યુધિષ્ઠિરે કહ્યું કે "ભલે પણ મારી પત્ની દ્રૌપદીને છોડીને હું સ્વર્ગમાં આવવા માગતો નથી.

ખરેખર તો મત્સ્યવેધ અર્જુને કર્યો હતો. સ્વયંવરમાં તે જ જીત્યો હતો. તેમ છતાં માત્ર માતાની આજ્ઞાથી તેણે અમને પતિ તરીકે સ્વીકાર્યા. આ તેની મહાનતા હતી. બીજી કોઈ સ્ત્રી આવી વાત સ્વીકારે નહિ. હું જુગારમાં હારી ચૂક્યો હતો તેમ છતાં મેં તેને દાવ ઉપર મૂકીને હારી ગયો અને મારા દેખતાં તેને ભરી સભામાં નગ્ન કરવાનો પ્રયત્ન થયો. દોષ તો બધા મારા જ હતા તેમ છતાં તે વનમાં સાથે ફરી, અમાપ દુ:ખો સહન કર્યાં. અને છેક સુધી સાથે રહી. એવી પત્નીને છોડીને હું સ્વર્ગમાં જઈ શકું નહિ. પહેલાં મારી પત્ની અને પછી હું.”

ઇન્દ્રે કહ્યું કે ચિંતા ના કરો દ્રૌપદી પણ સ્વર્ગમાં પહોંચી ગઈ છે.

જરા તુલના કરો પરલોક સુધારવા પત્નીનો ત્યાગ કરવો મહાન કે પત્નીને ખાતર પરલોક સ્વર્ગનો ત્યાગ કરવો, ઠોકર મારી દેવી મહાન? મહાભારતનો આ આદર્શ છે કે જીવશું તો સાથે અને મરીશું તોપણ સાથે અને મર્યા પછી પરલોકમાં જઈશું તોપણ સાથે. એકલા—એકલા પરલોક સુધારવો નથી. આતો મહાસ્વાર્થ જ કહેવાય. સ્ત્રી મહાન છે. પત્ની મહાન છે. તેનું સમર્પણ મહાન છે. તેનો ત્યાગ હોય જ નહિ. આ મહાભારત છે.

ઇન્દ્રે કહ્યું કે “ચાલો હવે તો રથમાં બેસો. પણ આ કૂતરો નહિ આવી શકે, સ્વર્ગમાં પશુઓ ના આવી શકે.”

યુધિષ્ઠિરે કહ્યું કે “જો એમ જ હોય તો તમારો રથ પાછો લઈ જાવ. આ જીવનભર મને વફાદાર રહ્યો છે. મારું રક્ષણ કર્યું છે. હું સૂતો ત્યારે આ સાવધાન થઈને મારી રક્ષા માટે જાગતો રહેતો. તેને કોઈ ટુકડો આપ્યો તોય શું અને ના આપ્યો તોય શું તેણે કદી વફાદારી ઓછી કરી નથી. કેટલાક લોકો એવા હોય છે કે આપો ત્યાં સુધી તમારા અને આપવાનું બંધ કરો કે ઓછું કરો તો બીજાના થઈ જતા હોય છે. આ કૂતરો તેવો નથી. આવા સાચા સાથીદાર ને છોડીને મારે સ્વર્ગમાં આવવું નથી.”

યુધિષ્ઠિર કૂતરાનો પણ ત્યાગ કરવા માગતા નથી. કોરા આત્મવાદીઓ પોતાના આત્માના કલ્યાણ માટે સૌનો ત્યાગ કરી દેતા હોય છે. બસ એક જ વાત મારા આત્માનું કલ્યાણ થાય.

અહીં મહાભારતમાં જુદો આદર્શ છે. મારું જે થવું હોય તે થાય મારાં સ્વજનો અને મારાં આશ્રિતોનું પ્રથમ કલ્યાણ થાય.

ઇન્દ્રે યુધિષ્ઠિરને કૂતરાને ત્યજી દેવા બહુ સમજાવ્યો. પણ યુધિષ્ઠિર મક્કમ રહ્યા. હું ત્યાં મારો કૂતરો, કૂતરા વિના મારે સ્વર્ગ નથી જોઈતું. અંતે યુધિષ્ઠિરની જીત થઈ. ખરેખર તો તે કૂતરો દેવરાજ હતો. તેણે પોતાનું દેવરાજનું રૂપ ધારણ કર્યું.

યુધિષ્ઠિર સ્વર્ગલોકમાં પહોંચી ગયા, પણ ત્યાં તેમણે પોતાના ભાઈઓને જોયા નહિ આથી તેમણે આગ્રહ કર્યો કે મારે મારા ભાઈઓને જોવા છે તે જ્યાં હોય ત્યાં મને લઈ જાવ.

દેવદૂત તેમને નરકમાં લઈ ગયો. ભયંકર નરક, મહાદુ:ખદાયી અને દુર્ગંધ મારતું નરક. ચારે તરફ હાહાકાર થઈ રહ્યો હતો ત્યાં કર્ણ, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ, દ્રૌપદી વગેરે બધાં જ હતાં અને બધાં ભારે પીડાથી રુદન કરી રહ્યાં હતાં. યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું: અરે મારા ભાઈઓ, દ્રૌપદી વગેરે તો અહીં નરકમાં બળી રહ્યા છે. તેણે દેવદૂતને કહ્યું કે “તમે પાછા સ્વર્ગમાં ચાલ્યા જાઓ. હું અહીં જ રહીશ. અહીં રહેવાથી આ મારા સ્વજનોને આશ્વાસન મળશે અને હું તેમના દુ:ખનો ભાગીદાર થઈશે.” એમ કહીને તેમણે દેવદૂતને વિદાય કરી દીધો. અને પોતે ભડભડતા

નરકમાં ભાઈઓની સાથે રહેવા લાગ્યા.

હજી બે ઘડીએ નહિ થઈ હોય ત્યાં તો ઇન્દ્ર વગેરે બધા દેવતા ત્યાં દોડી આવ્યા. તેમના આવતાં જ નરકનું પૂરું દૃશ્ય બદલાઈ ગયું. હવે તે સ્વર્ગ થઈ ગયું ઇન્દ્રે યુધિષ્ઠિરને કહ્યું કે અહીં જે કોઈ આવે છે તેણે કર્મો પ્રમાણે વારાફરતી નરક ભોગવવું પડે છે. જે લોકો પહેલાં સ્વર્ગ ભોગવી લે છે તેમને પાછળથી નરક ભોગવવું બહુ દુ:ખદાયી થઈ જાય છે. એટલે મેં તમને પ્રથમ થોડું નરક ભોગવાવી દીધું. યુધિષ્ઠિરની જિજ્ઞાસા થતાં ઇન્દ્રે કહ્યું કે "તમે નરો વા કુંજરો વા" એવું અડધું અસત્ય બોલેલા તેના પરિપાક રૂપે આ થોડી વારનું નરક ભોગવવું પડ્યું છે. હવે તમે સર્વોચ્ચ સ્વર્ગના અધિકારી થઈ ગયા છો. તમે જે ભીમ વગેરેને નરકમાં જોયા તે સાચું ન હતું. તે તો ઇન્દ્રની માયા હતી માત્ર માયા.

આવું કહીને દેવદૂત યુધિષ્ઠિરને દિવ્યલોકમાં લઈ ગયો, ત્યાં શ્રીકૃષ્ણ, અર્જુન વગેરે સૌ કોઈ હતા. દ્રૌપદી પણ ત્યાં જ હતી. ભીષ્મ વગેરે મહાન યોદ્ધાઓ પણ હતા. બધો પરિવાર સ્વર્ગમાં આવી ગયો હતો. યુધિષ્ઠિર સૌને મળ્યા અને સૌ ત્યાં જ રહી ગયા. કરુણાન્ત સુખાન્તમાં બદલાઈ ગયો. પાપ અને પુણ્ય વિનાના ધર્મની કલ્પના કરવી શક્ય નથી. જો પાપ અને પુણ્ય હોય તો તેનાં પરિણામ પણ હોય જ, પરિણામ વિનાના પાપ-પુણ્યનો અર્થ જ ના રહે. નરક અને સ્વર્ગ વિના આ બન્નેનાં પરિણામ ભોગવી ના શકાય. બધાનાં પરિણામ અહીં જ મળી ના શકે. એક ખૂન કરનારને પણ ફાંસી થાય અને હજાર ખૂન કરનારને પણ ફાંસી થાય. આ ન્યાય ના કહેવાય. આવી જ રીતે પુણ્યનું પણ કહી શકાય. વળી અહીં સજા થાયે ખરી અને ના પણ થાય. કાંઈ કહેવાય નહિ. લાંચ-રુશવત અને વકીલોના જોરે છૂટી પણ જવાય, એટલે અહીં જ બધી વ્યવસ્થા થઈ શકે નહિ. એટલા માટે સ્વર્ગ નરકની વ્યવસ્થા જરૂરી છે.

બીજું નરકયાતનાની ભયંકર બીકથી ઘણાં પાપો અટકી જતાં હોય છે. અને સ્વર્ગનાં સુખોની લાલચથી ઘણાં પુણ્યો પણ થતાં હોય છે. એટલે અપરાધો અટકાવવા તથા સત્કર્મો વધારવા માટે પણ સ્વર્ગનરકનો સારો ઉપયોગ થતો રહ્યો છે. થઈ રહ્યો છે.

મહાભારતનો ઉપસંહાર બહુ કરુણ છે. પણ પ્રેરણાદાયી પણ છે. પાંડવો રાજપાટ પાછું મેળવી શકે છે. અને પછી ઇચ્છાથી છોડી પણ શકે છે. હિમાલય જઈને એક પછી એક દેહવિસર્જન કરી શકે છે. યુધિષ્ઠિરનું અંતિમ જીવન ખૂબ જ ભવ્યતાથી ચમકી ઊઠે છે. તે કૂતરા વિના સ્વર્ગમાં જવા તૈયાર થતા નથી. ભાઈઓ વિના પણ તેમને સ્વર્ગ ખપતું નથી. ભાઈઓ સાથે નરકમાં પણ રહેવા તૈયાર છે, દ્રૌપદી તેમની પ્રિયપત્ની છે. આ પ્રિયતા છેવટ સુધી બની રહે છે. તેનો ત્યાગ કે તેના પ્રત્યે જરાય નફરત પેદા થતી નથી. અંતે તેમના આદર્શોનો વિજય થાય છે. તે માત્ર પોતાના માટે જ સ્વર્ગ નહિ પણ પૂરા પરિવાર માટે સ્વર્ગ બનાવીને પછી જ સ્વર્ગમાં જાય છે. આ રીતે મહાભારત પારિવારિક ગ્રંથ થઈ ગયો છે.

ઘણા લોકો માને છે કે મહાભારતના ભયંકર યુદ્ધ પછી ભારતનું પતન થયું. કારણ કે ભારત ફરી બેઠું ના થઈ શક્યું. મને લાગે છે કે આ માન્યતા યોગ્ય નથી. ખરેખર તો રાષ્ટ્રો યુદ્ધ પછી જ બમણાં બેઠાં થતાં હોય છે. જોઈ લો જર્મની - જાપાનને. જે રાષ્ટ્રો યુદ્ધો કરતાં જ નથી. (તે શક્ય જ નથી) તે ગુલામ થઈ જતાં હોય છે. જોઈ લો તિબેટને. અથવા ખંડિયા તો જરૂર થઈ જતાં હોય છે. યુદ્ધથી રાષ્ટ્ર ભંગાર થઈ જતું હોય છે. પણ ભંગારમાંથી જ નવનિર્માણ થતું હોય છે. આ વિશ્વ ઇતિહાસ છે. યુદ્ધ ના થાય તે માટેના બધા પ્રયત્નો કર્યા પછી પણ જો ન્યાય ના જ મળતો હોય. અત્યાચારો દૂર ના જ થતા હોય તો છેવટના ઉપાય તરીકે ભરપૂર યુદ્ધ કરી લેવું

જરૂરી થઈ જાય છે. ભલે ભંગાર થઈ જવાય. ભંગાર થવાથી ડરનારા ખેતી ના કરી શકે. નવા મકાન ના બાંધી શકે, વિકાસ ના કરી શકે, સ્થગીત થઈ જાય અને કમોતે મરી જાય. એટલે કે ગુલામ થઈ જાય.

મહાભારત અહિંસાવાદી ગ્રંથ નથી. તેમ જ હિંસાવાદી પણ નથી. તે વાસ્તવવાદી છે. જે સમયે જે જરૂરી હોય તે કરવું જ જોઈએ. તેમાં હિંસા-અહિંસા આડે ના આવે. આ ઋષિમાર્ગ છે. ભારતને અહિંસાવાદના નામે ઘણો ભટકાવી માર્યો છે. તેનાં ભયંકર પરિણામ દેશે ભોગવ્યાં છે અને આજે પણ ભોગવી રહ્યો છે. આવો આપણે રાષ્ટ્રને વાસ્તવવાદી બનાવીએ.

9-8-10

* * *